शिवमस्तु सर्वजगतः

# કલ્યાણ

શ્રદ્ધા, શિક્ષણ અને સંસ્કારનું સંદેશવાહક



માનદ સંપાદક
**કીરચંદ જે. શેઠ**

કલ્યાણ પ્રકાશન મંદિર.

વર્ષ : ૧૮
અંક : ૧૧
જાન્યુઆરી
૧૯૬૨

પોષ
૨૦૧૮
વીર સંવત
૨૪૮૮

## પૂ. આ. લબ્ધિ સૂરીશ્વરજી પુણ્ય સ્મૃતિ અંક

# પુણ્યસ્મૃતિ અને શુભાભિલાષા

## પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. પાદ પરમશાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીનાં અદ્‌ભુત વ્યકિતત્ત્વથી કોણ અજ્ઞાત છે? તેઓશ્રી અહિં પૂ. પાદ કવિકુલકિરીટ જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ૦ આચાર્યદેવશ્રી પ્રત્યે હૃદયના ભકિતભાવને તથા અનન્ય સદ્‌ભાવને પ્રગટ કરવા દ્વારા પૂ. પાદ સ્વ૦ સૂરિદેવશ્રીની પુણ્યસ્મૃતિને બિરદાવે છે, ને પૂ. સૂરીદેવશ્રીનાં ગુણાનુરાગી ભકતોનાં હૃદયની શુભાભિલાષાને વ્યકત કરે છે. પૂ. પાદ સ્વ. સૂરીશ્વરજીના પ્રત્યે ભકિતભાવ ધરાવનાર સેવકવર્ગનાં કર્તવ્યનું ઉદ્‌બોધન આ ટુંકા છતાં મનનીય લેખમાંથી આપણને પ્રાપ્ત થાય છે.

'કલ્યાણ' ના પુણ્યસ્મૃતિ અંક માટે ખાસ તૈયાર થયેલ તે મનનીય સંદેશ પૂ. પાદ આચાર્યદેવશ્રી પ્રત્યે કૃતજ્ઞભાવ વ્યકત કરવાપૂર્વક અહિં રજૂ થાય છે.

**સ્વર્ગત** આરાધ્યપાદ આચાર્ય ભગવન્ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની પુણ્યસ્મૃતિ અંતઃકરણમાં વારંવાર પ્રગટ્યા કરે છે અને જ્યારે જ્યારે એ પુણ્ય પુરૂષની યાદ તાજી થાય છે, ત્યારે ત્યારે તેઓશ્રીનું અસીમ વાત્સલ્ય યાદ આવે છે અને એ હૈયાને સ્વાભાવિક રીતિએજ દ્રવીભૂત બનાવી દે છે. તેઓશ્રીએ પોતાનાં ઉદાર અન્તઃકરણમાં આપેલા સ્થાનને 'અંગાગીભાવ' તરીકે ઓળખાવેલ અને ખરેખર એ અંગાગીભાવ આજીવન



સ્મૃતિપટ ઉપર રહ્યા જ કરે એવો સુદૃઢ બની ગયો હતો. આથી તેઓશ્રીના સંબંધમાં કાંઈક લખવાનો વિચાર આવે છે એની સાથે જ એ અંગાંગીભાવનો ખ્યાલ શું લખવું ને શું નહિ લખવું એવી મુંઝવણ પેદા કરે છે. અને એજ ભાવ પેદા થાય છે કે– એ પુણ્યપુરૂષ જ્યાં વિરાજતા હોય, ત્યાંથી એવી આશીષની અમીવૃષ્ટિ વરસાવશે, કે જે અનન્ત ઉપકારી જગદુદ્ધારક ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના પરમ તારક શાસનની આરાધનાની, રક્ષાની અને પ્રભાવનાની વૃત્તિને ઉત્તેજિત બનાવવા સાથે તદનુરૂપ પ્રવૃત્તિમાં સત્ત્વશીલતાનો સંભાર ભર્યા કરે! એવા અનેક ગુણો એ પુણ્યપુરૂષમાં વિકસિત થયેલા હતા કે– એ ગુણોના સુપ્રતાપે તેઓશ્રી પોતાનાં જીવનને ધન્ય બનાવી ગયા અને પોતાનાં મૃત્યુને ધન્ય બનાવતાં પૂર્વે અનેક જીવોના જીવનને ધન્ય બનાવી ગયા. એ પુણ્યપુરૂષ પ્રત્યે ભક્તિભાવ રાખનાર સૌ. એ ગુણોને યાદ કરીને એથી પણ અધિક ગુણસંપન્ન બનવા દ્વારા એ પુણ્યપુરૂષના સેવકપણાને ઉજાળે એજ એક – **શુભાભિલાષા**

જુનાગઢ, માગશર સુ. ૧૪ બુધવાર

# * * વિષયાનુક્રમ * *


લેખ — લેખક — પૃષ્ઠ

ઉઘડતે પાને : સંપાદક ૭૮૩
પ્રાસંગિક : પૂ પં શ્રી કનકવિજયજી ગ. ૭૮૬
વંદન હોજો કોટિ કોટિ :
શ્રી પન્નાલાલ જ. મસાલીઆ ૭૮૯
ગુરુ વિરહ ગીત :
પૂ. ઉ. શ્રી જયંતવિજયજી ગણિ ૭૯૦
જીવન માધુરી : વૈદ્ય શ્રી મોહનલાલ ધામી ૭૯૧
શ્રી સૂરિપુંગવને કોટિશઃ વંદન :
પૂ. આ. મ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. ૭૯૩
ગુઝર ગયા વો જમાના :
શ્રી પન્નાલાલ જ. મસાલીયા ૭૯૪
શાસન પ્રભાવક શ્રી સૂરીશ્વરજી :
પૂ આ. મ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. ૭૯૭
સૂરિસાર્વભૌમ ગુરુદેવની ગૌરવગાથા : પૂ. આ.મ.
શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ. ૭૯૯
કોટિ કોટિ વંદના :
પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગ. ૮૦૨
જૈન શાસનની અનુપમ આરાધના ! :
પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગ. ૮૦૩
પૂ. સૂરીશ્વરજીની જીવન સાધના :
પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગ. ૮૦૫
વાદિઘટમુદ્ગરસૂરીશ્વરજી :
પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગ. ૮૧૪
ગુણાનુરાગી યોગીપુરુષ :
પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગ. ૮૧૮
શાસન સુકાની સ્વર્ગીય સૂરિદેવ :
પૂ. મુ. શ્રી મિત્રાનંદવિજયજી મ. ૮૨૦
હસતા હસતા ચાલ્યા ગયા......
પૂ. મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ૮૨૧
સાધુતાની સુંદર મૂર્તિ :
પ. શ્રી ધીરજલાલ ટો. શાહ ૮૨૪
આરાધ્યપાદ પૂ. આચાર્યદેવશ્રી :
શ્રી સુંદરલાલ ચુ. કાપડીઆ ૮૨૭
એ મહાકવિ આજ પણ અમર છે :
વૈદરાજ શ્રી મોહનલાલ ધામી ૮૨૯

અંતરના બે બોલ : શ્રી મફતલાલ સંઘવી ૮૩૩
પ્રવચન પ્રભાવક : પૂ. સૂરિદેવશ્રી :
શ્રી વિક્રમશિશુ ૮૩૭
વાદિ વિજેતા સૂરિદેવશ્રી :
પૂ. પં. શ્રી રંજનવિજયજી ગ. ૮૪૦
ભુઝ ગયા : શ્રી સરેમલભાનમલજી મહેતા ૮૪૨
ગુરુ ગુણ ગુંજન : પૂ. આ. મ. શ્રી
વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. ૮૪૫
પૂ. પરમ ગુરુદેવ સૂરીશ્વરજીનાં ચરણોમાં :
શ્રી હીરાચંદ સરૂપચંદ ઝવેરી ૮૫૨
પૂ. પાદ પરમ ગુરુદેવની અંતિમકાલીન અપ્રતિમ
સમાધિ : પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગ. ૮૫૩
પૂ. સૂરિદેવનો મંગલ વારસો ! :
શ્રી પ્રકાશ જૈન ૮૫૭
પૂ. સૂરીશ્વરજીની શાસનસેવા :
ડૉ. શ્રી વલ્લભદાસ નેણશીભાઈ ૮૬૧
અજાત શત્રુ મહર્ષિ : પ્રા. શ્રી ઘનશ્યામ જોશી ૮૬૪
પૂ. સુરિદેવની અંતિમ વિદાય :
શ્રી ચંદ્રસેન મ. નાણાવટી ૮૬૭
સ્નેહ સંભારણું : વૈદ શ્રી કાંતિલાલ દે. શાહ ૮૬૯
છાણી સંઘ પર પૂ. શ્રીનો ઉપકાર :
શ્રી લબ્ધિશિશુ ૮૭૦
પૂ. સૂરીશ્વરજીની સાહિત્ય સાધના :
શ્રી ફતેહચંદ ઝવેરભાઈ ૮૭૨
અમૂલ્ય બે ભેટ : પૂ. મુ. શ્રી જિતેન્દ્ર વિ. મ. ૮૭૪
કદિયે ન ભુલાય તેવું ઋણ :
શ્રી ગુણવંતરાય આચાર્ય ૮૭૫
શ્રદ્ધાંજલિ કે સુગન્ધી પુષ્પ :
શ્રી રિખભદાસજી જૈન ૮૭૭
જ્ઞાનામૃતની પ્રપા :
પ્રા. શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી ૮૮૦
ઓ અશરણ શરણ દયાળુ ગુરુદેવ :
શ્રી લબ્ધિશિશુ ૮૮૧
પૂ. સૂરિદેવની સ્વર્ગની વિજયયાત્રા :
શ્રી લબ્ધિબાળ ૮૮૪

ભવ્ય મહોત્સવ : સૂચિત ૮૮૭
આરાધ્યપાદની અમૃતવાણી :
પૂ. મુ. શ્રી ગુણાકરવિજયજી મ. ૮૯૦
શ્રદ્ધાંજલિ સભા : સૂચિત ૮૯૩
અહિંસાના મહાન ઉપદેશક :
શ્રી મગનલાલ પી. દોશી ૮૯૭
નિઃસ્પૃહી ગુરુદેવ : શ્રી માણેકલાલ ચુ. શેઠ ૮૯૮
શ્રદ્ધાંજલિ પુષ્પો : શ્રી શિવાનંદ ૮૯૯
પૂ. સૂરિદેવનાં ચરણે અર્ઘ્ય : ૯૦૧
પૂ આ. પ્રવર : પૂ. મુ શ્રી નિત્યાનંદવિ. મ. ૯૦૬
પૂ. પાદ પરમ ગુરુદેવના સુવાસિત જીવન પુષ્પો :
પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગ. ૯૦૯
પૂ. સૂરિદેવનાં ચરણે શ્રધ્ધાંજલિ ....... ૯૧૫
સંગ્રામે ચઢેલો શૂર :
પૂ મુ. શ્રી ભદ્રાનંદવિજયજી મ. ૯૨૫
મહાન જ્યોતિર્ધર આચાર્ય દેવશ્રી :
શ્રી ચિખરચંદ્રજી કોચર ૯૨૮
સૂરિદેવકી સાહિત્ય સેવા :
શ્રી અગરચંદજી નાહટા ૯૨૯
અધ્યમ-કમલની પાંખડીઓમાં :
શ્રી શાંતિલાલ બી. શાહ ૯૩૦
પૂ. સૂરિદેવના સમાગમમાં :
પ્રા. શ્રી હીરાલાલ ર. કાપડીયા ૯૩૩
જૈન શાસનના દીપક :
અધ્યાપક શ્રી કનૈયાલાલ વલાણી ૯૪૧
એ સૂરિપુરંદરને કોટિ કોટિશઃ વંદન :
પૂ. ઉ. શ્રી ચારિત્રવિજયજી ગ. ૯૪૩
ભવ્ય મહોત્સવો : સૂચિત ૯૪૪
પૂ. સૂરિદેવશ્રીનો સદુપકાર : „ ૯૪૬
પૂ. આચાર્યદેવશ્રી અને બાળકો :
શ્રી રજનીકાંત એફ. વોર ૯૪૮
ગુરુ ગુણ ગીતાંજલિ : ૯૪૯
ભાગ્યવાન સાંભળો : શ્રી વિજયભદ્ર ૯૫૭
વાત્સલ્યનું વહેતું વહેણ : શ્રી શ્રીકાંત ૯૫૯
જય હો વાત્સલ્યમૂર્તિ પૂ. સૂરિદેવશ્રીનો :
પૂ. પં. શ્રી કનકવિજયજી ગ. ૯૬૫
પૂ. પાદ સૂરીશ્વરજીની જીવન ઝરમર :
મોદી જયંતિલાલ નાગરદાસ ૯૭૩
પૂ. પાદ આચાર્યદેવનો શિષ્ય પરિવાર : ૯૭૬
ચીરસ્મરણિય પૂ. સૂરિદેવ :
શેઠ મણીલાલ વનમાલીદાસ ૯૮૦
પંચમકાલામૃતમ્ : પૂ. પં. શ્રી
મુક્તિવિજયજી ગ. ૯૮૧
શ્રદ્ધાંજલિ : પ્રો. ધનશ્યામ જોષી ૯૮૨
સમર્થ ગ્રંથકાર સૂરિદેવો :
પંડિત શોભાકાન્ત શર્મા ૯૮૩
હૃદયવેદના : પંડિત શ્રી નારાયણાચાર્ય ૯૮૫
સદ્ગુરુ સ્તવનાષ્ટકમ્ :
પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી ૯૮૬
શ્રદ્ધાંજલિ : પં. પ્રવર શ્રી ભદ્રંકરવિજય ગ. ૯૮૬


# શ્રી શત્રુંજય તિર્થપટ

ધર્મ પ્રેમી જૈન જનતાના દિલમાં અનુપમ સ્થાન ધરાવતા તિર્થાધિરાજ શ્રી શત્રુંજય તિર્થના પ્રતિકસમા શ્રી શત્રુંજય પટ દરેક જૈન સંઘોમાં હોવો જ જોઇએ તેવો પૂ. આ. મુનિરાજોનો પણ આદેશ છે.

અમો ઉંચી જાતના સોફટ કેનવાસ ઉપર ઓઈલ એસેરાઇડ કલર્સથી પાણીથી ધોઈ શકાય તેવા, સાચા સોનાના વરખવાળા નયનરમ્ય, રચનાત્મક અને દર્શનિય પટો બનાવીએ છીએ.

આ શ્રી શત્રુંજય પટમાં પાલીતાણા સ્ટેશનથી ગામના દેરાસરો, ધર્મશાળાઓ, આગમ મંદિર, તલાટી, ડુંગર ઉપર જવાનો રસ્તો, વિસામા કુંડ, નવટુંક, દાદાનો દરબાર ઉપરાંત શેત્રુંજી નદી, ડેમ, ભાડવો ડુંગર, કદંબગિરી અને ગીરનારજી સુધીના દર્શન થાય છે.

સોફટ અને પ્લેઇન મકરાણાના આરસ પહાણ ઉપર કોતર કામ કરીને કોઈ પણ તિર્થના પટ બનાવી આપશું.

પટનો ઓર્ડર નોંધાવનારને
એક વર્ષ માટે "કલ્યાણ"
ફ્રી મોકલવામાં આવશે.

ભાવ અને સાઈઝ તેમજ વધુ વિગત માટે લખો :

**હરિભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

તલાવ, પાલીતાણા. (ગુજરાત)

# ઉ...ઘ...ડ...તે પા...ને

આજના અણુમોલ અવસરે અમારૂં હૃદય અતીવ આનંદ અનુભવે છે. આત્મા પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. ખરેખર આજનો દિવસ મંગલ છે. આજે 'કલ્યાણ' પોતાનાં કર્તવ્યને બજાવ્યાનો સગૌરવ આનંદ માણે છે. પૂ. પાદ શાસનસ્થંભ ધર્મધુરંધર જૈનરત્ન કવિકુલકિરીટ વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી પ્રત્યે 'કલ્યાણ' પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કરવા અને તેઓશ્રીના દીર્ઘ નિર્મલ ચારિત્રને, પ્રકાંડ વિદ્વત્તાને, અનુપમ-શાસન-ધર્મ સેવાને તથા તેઓશ્રીનાં અદ્‌ભુત વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ દર્શાવવા કાજે દળદાર, વિવિધ વિષયોથી સમૃદ્ધ, અને તેઓશ્રીનાં અપ્રતીમ જીવન-કવનની સાધનાને સાકારરૂપ આપતો સચિત્ર વિશેષાંક પ્રગટ કરી યત્કિંચિત્ કૃતકૃત્ય બન્યાનો સગર્વ આનંદ વ્યક્ત કરે છે.

આજે 'કલ્યાણ'નો જે રીતે વિકાસ થઈ રહ્યો છે, ને તે જે રીતે એક સંસ્થારૂપે પ્રગતિમાન બનેલ છે; તેના વિકાસમાં, ને તેના ઉત્કર્ષમાં પૂ. પાદ સરલહૃદયી વાત્સલ્યમૂર્તિ સ્વ. સૂરિદેવશ્રીના આશિર્વાદોનાં અમૃત વરસતા રહ્યા છે; 'કલ્યાણ' ની પ્રગતિના પાયામાં તેઓશ્રીની પ્રેમાળ હુંફ અને સક્રિય આત્મીયભાવ અવિરતપણે રહ્યા છે, એમ અમારે અવશ્ય કહેવું જોઈએ.

વિ. સં. ૧૯૯૯ના ચાતુર્માસ બાદ, જૈનસમાજમાં સંસ્કાર, શ્રદ્ધા, શિક્ષણ તથા સાહિત્યનો અવાજ રજૂ કરતું માસિક હોવું જરૂરી છે, તેમ પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીનાં હૃદયમાં એક ક્ષણે સદ્‌વિચાર સ્ફૂર્યો; ને ૨૦૦૦ની સાલમાં તેઓશ્રીએ તેને મૂર્તરૂપ આપવા પ્રયત્નો કર્યા, તેમાં તેઓશ્રીને પ્રથમ શુભ આશિર્વાદ પૂ. પાદ સ્વ. આચાર્યદેવશ્રીનાં હૃદયના પ્રેમાળભાવે આત્મીયતાપૂર્વક પ્રાપ્ત થયા, ને ક્રમશઃ 'કલ્યાણ'નો વિકાસ થતો ગયો.

તે વર્ષનું તેઓશ્રીનું, પૂ. પાદ પરમોપકારી સ્વ. આચાર્યદેવશ્રીનું ચાતુર્માસ સ્થંભનિતીર્થ-ખંભાત ખાતે હતું, ને પ્રારંભમાં ત્રિમાસિક રૂપે ફક્ત ૧૨૫ નકલોથી શરૂ થયેલ 'કલ્યાણ' પત્રની આપ્ત મંડળની યોજનામાં પૂ. પાદ પરમગુરુદેવશ્રીની પુણ્ય કૃપાથી સુંદર ફાળો, મહત્ત્વનો સહકાર ખંભાત ખાતેથી પ્રાપ્ત થયેલ. ને ઉત્તરોત્તર પૂ. પાદ સૂરિદેવશ્રીની કૃપાદષ્ટિ 'કલ્યાણ' પ્રત્યે વધતી જ ચાલી. જેના પરિણામરૂપે 'કલ્યાણ' માં વર્ષોથી પ્રસિદ્ધ થતાં 'શંકા-સમાધાન' વિભાગે જૈનસમાજમાં 'કલ્યાણ'ને વિશેષ રીતે પ્રસિદ્ધ કર્યું, એમ કહેવામાં અતિશયોક્તિ નથી, એમ અમારે જરૂર જણાવવું જોઈએ.

જો કે, 'કલ્યાણ'માં પ્રસિદ્ધ થતા લેખો, તેના વિવિધ વિષયસ્પર્શી વિભાગો તથા શ્રદ્ધાશીલ વિદ્વાન અભ્યાસકો દ્વારા 'કલ્યાણ'ના પ્રત્યેક લેખોનું થતું સંપાદન ઇત્યાદિ, 'કલ્યાણ'ની એકધારી આજે લગભગ અઢાર-અઢાર વર્ષથી ચાલી આવતી આગવી વિશિષ્ટ તથા નિષ્પક્ષ પદ્ધતિ 'કલ્યાણ'ને લોકપ્રિય તથા સર્વ જન ઉપયોગી બનાવવામાં પણ મહત્વનો ફાળો ધરાવે છે. એ હકીકત પણ એટલી જ સાચી જ છે. છતાં પૂ. પાદ ધર્મધુરંધર સુવિહિત આચાર્યદેવો, પૂ. પાદ પરમોપકારી ઉપાધ્યાય ભગવંતો તેમજ પૂ. પાદ પરમોપકારી પંન્યાસ પ્રવરો અને પૂ. ત્યાગી મુનિવરો આદિ ગુરુદેવોનો અને શ્રદ્ધાશીલ અભ્યાસરુચિ ઉદારદિલ સદ્‌ગૃહસ્થોનો, શ્રદ્ધાશીલ લેખકોનો, આત્મીય શુભેચ્છકોનો, 'કલ્યાણ' પ્રેમી પ્રચારકોનો-સર્વ કોઈનો 'કલ્યાણ'ના વિકાસમાં અવશ્ય અમૂલ્ય આપભોગ તેમજ સુંદર સહકાર રહ્યો છે. એ હકીકત અમારે આ અવસરે જરૂર જણાવવી જરૂરી છે.

પૂ. પાદ સ્વ. સૂરિદેવશ્રીનો અમારા પર ઉપકાર છે. છેલ્લા લગભગ ૧૨ વર્ષથી એકધારી

શ્રી આત્મીયતાપૂર્વક સહૃદયભાવે સમાજ-સંઘ તથા સર્વ કોઈ ધર્માત્માઓના ઉપકારાર્થે 'કલ્યાણ'ની વિનંતીથી 'શંકા-સમાધાન' વિભાગમાં 'કલ્યાણ' પર આવતા જિજ્ઞાસુ ધર્માત્માઓના પ્રશ્નોના શાસ્ત્રીય સમાધાનો સચોટ રીતે આપીને તેઓશ્રીએ સાહિત્યની, શાસનની તથા સિદ્ધાંત માર્ગની અવિરત સાધના કરી છે. તેમાં તેઓશ્રીએ નથી જોયો પરિશ્રમ, નથી જોઇ શારીરિક પ્રતિકૂલતા કે નથી જોઈ કોઇ અનુકૂલતા; બસ 'કલ્યાણ' પ્રત્યેના, તથા ધર્માત્મા આત્માઓના હિતની જ એક મંગલકામનાથી તેઓશ્રીએ પોતાની શક્તિ દ્વારા આ રીતે એકધારી ઉપકારોની સુરસરિતા વહાવી છે.

આવા અવિરત જ્ઞાન સાધનાના પરમ સાધક, નિરંતર સ્વાધ્યાયરત, અવિહડ સિદ્ધાંતનિષ્ઠ સરલહૃદયી સૌજન્યમૂર્તિ પરમ શાસનપ્રભાવક, પ્રકાંડ વિદ્વાન, દિગ્ગજ પંડિત, શાસનસ્થંભ ધર્મધુરંધર સ્વ. સૂરિદેવશ્રીને શ્રદ્ધાંજલિ આપવા કાજે 'કલ્યાણ' આજે જે દળદાર વિશેષાંક પ્રસિદ્ધ કરે છે તે તેની ફરજ છે; તેનું કર્તવ્ય છે, ને તે કર્તવ્યધર્મને બજાવવા માટે તેણે આ સુકૃત આચર્યું છે. તે પણ આર્થિક રીતે એક પણ પાઇ ઉપાર્જન કરવાની દષ્ટિ નહિ રાખતાં કેવલ પૂ. સ્વ. સૂરિદેવ પ્રત્યેની ભક્તિથી જ પ્રેરાઈને.

'કલ્યાણ' જૈન સમાજમાં કોઈ પક્ષ કે સમ્પ્રદાય યા સમુદાયનું નથી. જૈન શાસન તેનો પક્ષ છે, તેમજ શાસનના સનાતન શાસ્ત્રીય સત્યો તેનો સંપ્રદાય કે સમુદાય છે. આ હકીકત સર્વ કોઇ યાદ રાખે! 'કલ્યાણ' આ જ એક નીતિ તથા રીતિ મુજબ આગેકદમ ભરી રહ્યું છે, સહુ કોઈના સહકાર તથા સહચારની તે હંમેશા આશા રાખે છે, ને રાખશે. સર્વ ધર્મદિલ સંસ્કારશીલ સમાજ તેના આત્મીય સ્વજનો છે: તેમની શુભેચ્છાથી અમે આજ દિન સુધી આગળ વધી રહ્યા છીએ, ને વધુ ને વધુ આજ માર્ગે પ્રગતિ કરવાના મનોરથો સેવીએ છીએ. શાસનદેવ, અમને જરૂર સહાય કરતા રહો! એ અમારી તેઓ પ્રત્યે-શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે.

'કલ્યાણ'ના આ વિશેષાંકની પ્રસિદ્ધિમાં અમને અનેકોનો જે લાગણીભર્યો સહકાર મલ્યો છે, તે સર્વનો અમે કૃતજ્ઞભાવે અત્રે આભાર વ્યક્ત કરીએ છીએ. જેઓએ 'કલ્યાણ' પ્રત્યેની આત્મીયતાથી પ્રેરાઇને પૂ. પાદ સ્વ. સૂરિદેવશ્રી પ્રત્યેની ભક્તિભાવના, શ્રદ્ધા, સદ્ભાવ તથા અપ્રતીમ આત્મીયતાની લાગણીથી તેઓશ્રીના જૈન શાસન પરના સમાજ, સંઘ, દેશ તથા વિશ્વ પરના અનેકવિધ ઉપકારોના ઋણથી યત્કિંચિત્ કૃતજ્ઞભાવે મુક્ત થવા તથા તેઓશ્રીના નિર્મલ ચારિત્ર, સિદ્ધાંતનિષ્ઠા, ઉત્કર્ષ સ્વાધ્યાયપ્રેમ, પરમ પ્રભાવકતા, પ્રકાંડ પાંડિત્ય, ઈત્યાદિ ગુણગણને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા કાજે લેખો મોકલાવ્યા છે, તે પૂજ્યપાદ આચાર્યદેવાદિ મુનિવરો, ધર્મશીલ લેખકો ઈત્યાદિના, તેમજ 'કલ્યાણ'ના પ્રચારને વેગ આપવા જાહેરાતો મોકલનારા શુભેચ્છકોના એ સહકારને અમે કેમ ભૂલી શકીએ?

પૂ. પાદ સ્વ. સૂરીશ્વરજીના અંતેવાસી શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી જયંતવિજયજી ગણિવરની સર્વ પ્રથમ પ્રેરણા અમને આ વિશેષાંક માટે મલી, અને વિશેષાંકને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવા માટે ખૂબ પરિશ્રમપૂર્વક આત્મીય ભાવે દરેક રીતે સહાય કરનાર તેમજ વિશેષાંક માટે લેખો મેળવી આપવાથી માંડી દરેક રીતે અમને સાથ-સહાયક બનનાર પૂ. શતાવધાની પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રીનો અમે કૃતજ્ઞભાવે અહિં ઉલ્લેખ કર્યા સિવાય રહી શકીએ તેમ નથી. તદુપરાંત વિશેષાંક માટે સહૃદયભાવે જોઇતો સહકાર અને દોરવણી આપવામાં રસ ધરાવનાર પૂ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મહારાજશ્રીનો પણ આ વિશેષાંકને સમૃદ્ધ કરવામાં ફાળો છે.

એકંદરે વિશેષાંકને સુંદર, સમૃદ્ધ તથા વૈવિધ્યભર્યો બનાવવામાં પૂ. શતાવધાની પંન્યાસજી મહારાજશ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રીનો મહત્વનો ફાળો છે, ને તેઓનો તે ઉપકાર ભૂલી શકાય તેમ નથી. તે જ રીતે અન્યાન્ય પૂ. પાદ પરમોપકારી સૂરિદેવશ્રીના શિષ્ય-પ્રશિષ્યોનો અને અન્યાન્ય તેઓશ્રીના ગુણાનુરાગી ભક્ત સમુદાયનો જે ફાળો છે, તે બધાયની કૃતજ્ઞભાવે અમે અહિં નોંધ લેતાં આનંદ અનુભવીએ છીએ.

વિશેષાંકના જાહેરાત સિવાયના સમગ્ર લેખોનું અથથી ઇતિ સુધી સંપાદન પૂ. પ્રશાંતમૂર્તિ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરશ્રીએ કર્યું છે. પ્રત્યેક લેખનો ઝીણવટભર્યો અભ્યાસ કરી, તેની યોગ્ય નોંધ મૂકવી, તેના હેડીંગો કરવા તથા શુદ્ધિ કરવા જેવી કરવી, ઇત્યાદિ આ વિશેષાંક માટેની લેખ સામગ્રીનું સંપાદન તેઓશ્રીએ ખૂબ જ લાગણીપૂર્વક પરિશ્રમ લઈને કર્યું છે. તે માટે અમે તેઓશ્રીના અપૂર્વ સહકારને કૃતજ્ઞભાવે યાદ કરીએ છીએ.

તેમજ એક મહિનાના ટુંકા ગાળામાં ૨૭ ફર્મા જેટલા આ વિશેષાંકને સુંદર, તથા આકર્ષક રીતે છાપવામાં પ્રેસના મેનેજર, ફોરમેન તથા અન્યાન્ય પ્રેસના સ્ટાફે જે ધીરજ, લાગણી, મમતા તથા આત્મીયભાવે પરિશ્રમ લીધો છે તે માટે તેમના એ સહકારનો અહિં ઉલ્લેખ કર્યા વિના કેમ રહી શકીએ ?'

પ્રાંતે: પ્રસ્તુત વિશેષાંકને દરેક રીતે સમૃદ્ધ તથા સુંદર બનાવવા અમે પરિપૂર્ણ કાળજી લીધી છે, રાત-દિવસના ઉજાગરા કરીને અમારી ફરજ સમજી પરિશ્રમ લીધો છે, અંક કેમ આકર્ષક બને તે માટે અનેકવિધ યોજનાઓ, વિચારો ઘડીને અનેકોના સહકારથી આ રીતે તૈયાર કરીને અમારા શુભેચ્છકોની સેવામાં સાદર રજુ કર્યો છે, આમાં જે કાંઇ સારૂં છે તે સહુ કોઇનાં પૂ. સૂરિદેવશ્રી પ્રત્યેના ભક્તિભાવભર્યા હૈયાનું પ્રતીક છે, ને જે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તે માનવની શક્તિઓ મર્યાદિત છે; તેની આશા ને અરમાનો; અભિલાષા ને ઇચ્છા નિરવધિ હોવા છતાં તેની શક્તિને મર્યાદા હોય છે. તે દૃષ્ટિએ ક્ષતિને ક્ષંતવ્ય લેખવી. પોષ્ટના નવા કાયદાનુસારે એક જ મહિનામાં આ વિશેષાંક તૈયાર કરવાનો હોવાથી, શક્તિ તથા સમયની મર્યાદાના કારણે, રહી ગયેલી ક્ષતિઓને સર્વ કોઈ ગુરુભક્ત હૃદયો અમને ક્ષમા આપશે, એ આશા અસ્થાને નથી.

પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ શુદ્ધિ વૃદ્ધિ કરીને પ્રેસ મેટર અમારી પર મોકલાવેલ તેનું પ્રુફ રીડીંગ અહીં થતું હોવાથી પ્રસ્તુત વિશેષાંકમાં વિશેષ રીતે સંસ્કૃત-હિન્દી લેખોમાં પ્રેસ દોષથી કે પ્રુફ રીડરના દૃષ્ટિ દોષથી જે કાંઇ અશુદ્ધિઓ રહી ગઈ હોય તેને સર્વ સહૃદયી વાંચકો ક્ષમ્ય લેખશે.

પ્રાંતે: પરમોપકારી વાત્સલ્યમૂર્તિ સૌજન્યશાલી શાસનસ્થંભ ધર્મધુરંધર સમર્થ શાસનપ્રભાવક પૂ. પાદ સ્વર્ગત સૂરિદેવશ્રીની પુનિત સેવામાં સબહુમાનભાવે ભક્તિભાવભર્યા હૈયે ઉપહાર કરાતો આ 'પુણ્યસ્મૃતિ વિશેષાંક' તેઓશ્રી સ્વીકારવા કૃપા કરે, ને તેઓ શ્રીમદ્ જ્યાં હો ત્યાં, તેઓશ્રીએ પ્રબોધેલા શ્રી જૈનશાસનના પરમ કલ્યાણકર સર્વ મંગલમય સનાતન ધર્મમાર્ગે આગળ વધવાનું, ને વધુ ને વધુ સ્થિર રહેવનું અમ શ્રી ચતુર્વિધ સંઘને બલ આપે ! એ જ પ્રાર્થનાપૂર્વક અમે વિરમીએ છીએ.

પૂ. સૂરિદેવશ્રીનો ગુણાનુરાગી સેવક,
કીરચંદ જે. શેઠ
સંપાદક : 'કલ્યાણ'

તા. ૧૫-૧-૬૨ :

## પ્રાસંગિક

પૂ. પાદ સમર્થશાસનપ્રભાવક પરમકારૂણિક કવિકુલકિરીટ વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની વિશુદ્ધ સંયમ સાધનાને, અપ્રતીમ શાસનપ્રભાવનાને, ઉત્કટ સાહિત્ય ઉપાસનાને, તથા શ્રી ચતુર્વિધ સંઘ પરના તેઓશ્રીના અગણિત અવિસ્મરણીય ઉપકારોને શ્રદ્ધાંજલિ સમર્પણ કરવા 'કલ્યાણ' દ્વારા પુણ્યસ્મૃતિ વિશેષાંક પ્રકટ કરવા માટે યોજનાઓ વિચારાઇ હતી, તે દરમ્યાન પૂ. પાદ પરમોપકારી આચાર્યદેવશ્રીના પરમવિનયી અંતેવાસી પ્રશાંતમૂર્તિ પૂ. પાદ ઉપાધ્યાયજી મહારાજશ્રી જયંતવિજયજી ગણિવરશ્રીનો મારા પર આદેશ આવ્યો કે, 'પુણ્યસ્મૃતિ અંકનું સંપાદન તમે કરજો.'

પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રીનો ઉપરોક્ત આદેશ મેં સહર્ષ સ્વીકાર્યો, કારણ કે, પૂ. પાદ પરમોપકારી સ્વ. આચાર્યદેવશ્રીનો મારા પર અનન્ય અને અવિસ્મરણીય ઉપકાર છે. હું લગભગ ૧૨ વર્ષનો હતો ત્યારથી અત્યાર સુધી-તેઓ શ્રીમદની અંતિમ ક્ષણો સુધી તેઓ શ્રીમદ પ્રત્યે મારાં દિલમાં અખંડપણે સદ્ભાવ રહ્યો છે. તેઓ શ્રીમદે મારાં જીવનમાં મારા ઉત્કર્ષ માટે ખૂબ જ વાત્સલ્યદ્રષ્ટિપૂર્વક પ્રેમાળ હુંફ આપી છે.

તેઓશ્રી સરલહૃદયી સાધુચરિત મહાપુરુષ હતા. તેઓશ્રીનાં પવિત્ર સુવિશાલ હૃદય સાગરમાં પ્રમોદભાવનાના નિર્મલ ગંગાતરંગો ઉછળતા હતા. ન્હાનામાં ન્હાના માણસના પણ ગુણને ગ્રહણ કરવામાં તેઓશ્રી સજાગ હતા. કોઈનાં પણ દોષને જોવાને તેમનું નિર્મલ હૃદય કદિ તૈયાર નહતું સદા તે તરફ તેઓશ્રી ઉદાસીન રહેતા. તેઓ જ્ઞાનના ગંભીર સાગર પણ હતા, છતાં શાંત, ધીર અને સ્થિતિપ્રજ્ઞ તેઓશ્રી બાલક પ્રત્યે પણ નિખાલસભાવે વર્તતા હતા.

મારા તેઓશ્રી પરમ ઉપકારી હતા. દૂર-સુદૂર રહ્યા છતાં તેઓ શ્રીમદ મારા પર અપાર વાત્સલ્ય ધરાવતા હતા. આવા વાત્સલ્યમૂર્તિ શાસન શિરતાજ ઉપકારી સૂરિદેવશ્રીના નિમિત્તે પ્રગટ થતા વિશેષાંકનું સંપાદન મને સોંપવાનો જ્યારે આદેશ થયો, ત્યારે તેમાં મેં સ્હેજ પણ આનાકાની ન કરી.

વિશેષાંકનું કાર્ય શરૂ થયું, 'કલ્યાણ' પર આવતા લેખો, તથા શતાવધાની પંન્યાસજી મ. શ્રી કીર્તિવિજયજી ગણિવર પર આવતા લેખો, મેં જોવાનું કાર્ય હાથમાં લીધું, દરેક લેખો જોઈ વાંચીને તે તે લેખના વિષયને સ્પર્શતી નોંધ કરી લેખોની યથામતિ-યથાશકિત કરવા યોગ્ય શુદ્ધિ જ્યાં આવશ્યક લાગે ત્યાં કરી, જૈન-શાસનની મર્યાદા તથા શાસ્ત્રીયતા જળવાઇ રહે તે રીતે શકય સંપાદન કરવામાં મેં મારી શકિત તથા સમયનો સદ્વ્યય કર્યો છે. પૂ. પાદ પરમોપકારી પરમારાધ્યપાદ આચાર્યદેવશ્રીનાં જીવન-કવન, તેઓશ્રીનાં વ્યકિતત્વ અને અગણિત ગુણગણને સ્પર્શતા ગુણાનુરાગી સહૃદય લેખકો તરફથી તેઓશ્રીના થતા ગુણાનુવાદ વાંચતાં-વિચારતાં મારો આત્મા ખરેખર પ્રસન્નતા અનુભવતો હતો.

મેં મારી શકિત તથા સામગ્રી મુજબ જાહેરાતના વિભાગને બાદ કરતા તમામ લેખોનું સંપાદન કરેલ છે; તેમાં જે કાંઈ સારૂં અને સુરૂચિકર 'કલ્યાણ' ના વાંચકોને જણાય તે બધું પૂ. પાદ સ્વ. આચાર્યદેવશ્રીની પુણ્ય કૃપાને તથા તેઓ શ્રીમદ પ્રત્યે ભકિતભાવ ધરાવનાર ગુણાનુરાગી સહૃદયી ચતુર્વિધ સંઘને આભારી છે. આ રીતે ટુંકસમયમાં આવો દળદાર, વૈવિધ્યભર્યો સચિત્ર વિશેષાંક જે પ્રસિદ્ધ થઇ રહ્યો છે; તેમાં મને સક્રિયપણે સંપૂર્ણ પ્રેમભાવે સહકાર વિદ્વાન પંન્યાસજી મ. શ્રી કીર્તિવિજયજી ગણિવરનો ન મળ્યો હોત તો આટલા ટુંક સમયમાં મારાથી સંપાદન થઇ શકત કે કેમ ? એ એક પ્રશ્ન છે.

એકંદરે આ દળદાર વિશેષાંકમાં મને દૂર હોવા છતાં દરેક રીતે તેમણે લાગણીપૂર્વકનો સહકાર આપ્યો છે. જે તેઓના હૃદયમાં પૂ. પાદ સૂરિદેવશ્રી પ્રત્યેના અપૂર્વ અને અખંડપણે રહેલા ભક્તિભાવનું પ્રતીક છે. તેને આ અવસરે હું યાદ ન કરૂં તો મારી ખામી જ ગણાય ને? તદુપરાંતઃ પૂ. પ્રશાંતમૂર્તિ ઉપાધ્યાયજી મહારાજશ્રી જયંતવિજયજી ગણિવરશ્રી, કે જેઓએ પૂ. પાદ પરમારાધ્ય સૂરિદેવશ્રીની અનન્ય સદ્ભાવપૂર્વક જીવનની છેલ્લી ક્ષણ સુધી અપૂર્વ સેવા, અપ્રતીમ વૈયાવચ્ચ તેમજ અખંડપણે ભક્તિ કરી છે. તેઓએ મને આ સંપાદનનું કાર્ય સોંપ્યું તે માટે તેમને મારા કર્તવ્યની મને પ્રેરણા આપવા માટે હું યાદ કરૂં છું. તેમજ વિદ્વાન મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મહારાજે પણ મને સહકાર આપ્યો છે. તે ભૂલી શકાય તેમ નથી.

આ રીતે ટુંક સમય મર્યાદામાં આટલો દળદાર વિશેષાંક જે રીતે મુદ્રિત થઇને પ્રકાશિત થઇ શકયો છે. તેનો મહત્ત્વનો ફાળો તથા આપભોગ 'કલ્યાણ'ના સેવાભાવી સંપાદક ભાઇ કીરચંદ જે. શેઠનો છે, એમ મારે નિઃશંક કહેવું જોઇએ. તેમણે રાત-દિવસ 'કલ્યાણ'ના વિશેષાંકને કેમ સુંદર સમૃદ્ધ તથા સુઘડ બને તે જ ચિંતામાં પરિશ્રમ લઇને કાર્ય કર્યું છે! જૈન શાસનની તથા સાહિત્યની સેવા માટે તેમના મનોરથો હંમેશા વધતા જ રહ્યા છે.

પ્રસ્તુત વિશેષાંક માટે જે જે લેખો આવ્યા, તેમાંથી ચૂંટીને અહિં લેખો પ્રકાશિત થાય છે. ભક્તિભાવપૂર્વકના લાગણીથી મોકલેલા લેખોને જરૂર સ્થાન આપવું જોઇએ. એમ માનીને પણ કેટલાક લેખો અહિં પ્રકાશિત થયા છે. પ્રકાશિત થયેલા સમગ્ર લેખોમાં વૈવિધ્ય છે. વિષયોની વિશદતા છે; શબ્દો તથા ભાષાની ભવ્યતા છે. કોઇ લેખ કોઈ દષ્ટિયે ઉપયોગી છે તો કોઈ લેખ બીજી રીતે ઉપયોગી છે. વિદ્વદભોગ્યથી માંડી બાલભોગ્ય સુધીના દરેક લેખો અહિં સ્થાન પામ્યા છે. એકને એક વિષયનું પુનરાવર્તન થતું પણ જોવામાં આવશે, એની એ વાત અનેકવાર આમાં જોવા મલશે. છતાં વાચકવર્ગ એક જ વસ્તુ સમજી લે કે, જુદા-જુદા દ્રષ્ટિકોણથી પૂ. પરમોપકારી સૂરિદેવ પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર જુદી-જુદી વ્યક્તિઓ જે કાંઇ તેઓશ્રીના ગુણાનુવાદને કરી રહેલ છે, તેને તે પ્રકારની ભકિતભાવભરી દષ્ટિથી અવલોકન કરવું એ સર્વ કોઈની ફરજ છે.

અને 'ભકિતમાં પુનરૂકિત દોષપાત્ર નથી' એ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખી પૂ. પાદ પરમારાધ્યપાદ પરમોપકારી સૂરિદેવશ્રીના ગુણાનુવાદ કરનારા સાહિત્યથી સમૃદ્ધ આ વિશેષાંકને સર્વ કોઈ તેઓશ્રી પ્રત્યેના પૂર્ણ ભકિતભાવભર્યા હૈયે અવલોકે, જૈન શાસનની પ્રભાવના માટે તન, મન તથા સર્વસ્વ સમર્પિત કરનારા આ મહાપુરૂષના અદ્ભુત વ્યકિતત્વને જૈનશાસન પ્રત્યેના બહુમાનભાવે સર્વ કોઈ જુએ-જાણે એ મારો આગ્રહ છે.

ફરી એ સ્પષ્ટતા કરી લઉં કે, આ વિશેષાંકમાં જે કાંઈ સારૂં છે, જૈન-શાસન પ્રત્યે તથા પૂ. પાદ પરમોપકારી સૂરિદેવશ્રી પ્રત્યે ભક્તિભાવ પ્રેરે, તેવું છે; સુરૂચિકર તથા હિતકર છે; તે બધો પ્રભાવ પૂ. પાદ સૂરિદેવશ્રીની પુણ્ય કૃપાનું પરિણામ છે. આ વિશેષાંકને એકાંતે સાહિત્ય દષ્ટિયે મૂલવવા કરતાં જૈન-શાસનના સ્થંભસમા પૂ. પાદ પરમોપકારી સૂરિદેવશ્રીના પ્રત્યેના ભક્તિભાવ અને શ્રદ્ધાભાવની દષ્ટિયે મૂલવવો વધુ હિતાવહ છે. એ હકીકતને ફરી ફરીને મારે સ્પષ્ટ કરવી જોઇએ.

પ્રસ્તુત વિશેષાંકમા લેખોનું સંપાદન કરવામાં મતિમંદતાના કારણે કે દષ્ટિદોષથી જિનાજ્ઞા વિરૂદ્ધ જે કાંઇ પ્રગટ થયું હોય તે માટે હું 'મિચ્છામિદુક્કડમ્' દેવા પૂર્વક ઈચ્છું છું કે, વિશેષાંકના સર્વ કોઈ વાચકો, પૂ. પાદ સૂરિદેવશ્રીના નિર્મલ જીવનમાં રહેલા ગુણગણને, તેઓશ્રી પ્રત્યેના ગુણાનુરાગપૂર્વકની દ્રષ્ટિથી પોતાના જીવનમાં પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બને! ને શ્રી જૈનશાસન પ્રત્યેના ભક્તિભાવને સદ્ભાવપૂર્વક હૃદયમાં સ્થાપે!

પૂ. પાદ સૂરિદેવશ્રીની નિર્મલ, નિષ્કલંક ચારિત્ર સાધના, ઉત્કટ અપ્રતીમ જૈન-શાસન પ્રત્યેનો અનુરાગ અને સ્ફટિકસમ ઉજ્વલ સરલ હૃદય, આ તેઓશ્રીનાં જીવનમાં રહેલી વિશિષ્ટતા આપણા સૌમાં સવિશેષપણે પ્રાપ્ત થાય એ અભિલાષા સહ મારા પૂ. પાદ પરમોપકારી પરમ ગુરુદેવોની કૃપા પ્રસાદી ઇચ્છતો હું વિરમું છું.

ભદ્રેશ્વરજી; જૈન વસઇ તીર્થ: — પં. કનકવિજયજી ગણિ.

તા. ૧૧-૧-૯૨ : પોષ સુદિ : ગુરૂવાર

## સહકાર માટે આભાર

પૂ. પાદ પરમોપકારી પરમ ગુરૂદેવ શાસનસ્થંભ પરમ શાસન પ્રભાવક સૂરિપુરંદર આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના અનન્ય ગુણગણને તથા તેઓશ્રીનાં અદ્ભુત વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ અર્પવા કાજે શ્રદ્ધા, ભક્તિ, સદ્ભાવભર્યાં હૈયે પ્રસ્તુત દળદાર 'પુણ્યસ્મૃતિ વિશેષાંક'ના પ્રકાશનમાં અમને જે જે ગુરૂભક્ત ઉદારદિલ મહાનુભાવો તરફથી જે જે પૂ. પાદ સ્વ. સુરિદેવના વિદ્વાન શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવારના સદુપદેશ-સત્પ્રેરણાથી આર્થિક સહકાર પ્રાપ્ત થયો છે, તે માટે અમે તે તે પૂ. પાદ આચાર્યાદિ મુનિવરોનો તથા તે તે અમને આર્થિક સહકાર આપનાર ધર્મશીલ ગુરૂભક્ત મહાનુભાવોનો આ અવસરે આભાર વ્યક્ત કરીએ છીએ!

### આર્થિક સહાયક ઉદારદિલ મહાનુભાવોનાં શુભ નામો

રૂા. ૫૦૧ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી એક ઉદારદિલ સદ્ગૃહસ્થ.

રૂા. ૫૦૧, પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી શ્રી આકોલા જૈન સંઘ.

રૂા. ૭૫૦, પૂ. પાદ મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી પૂ આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા-છાણી.

રૂા. ૧૦૧ પૂ પાદ પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રીની શુભ પ્રેરણાથી શેઠ ચતુરભાઇ નગીનદાસ બેલગામ (કર્ણાટક)

રૂા. ૧૦૦, પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી મહિમાવિજયજી ગણિવરશ્રીની શુભ પ્રેરણાથી એક ઉદાર દિલ સદ્ગૃહસ્થ.

તદુપરાંત: પુણ્યસ્મૃતિ વિશેષાંકમાં પૂ. સ્વ. સૂરિદેવશ્રી પ્રત્યે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરવા દ્વારા જેઓએ જાહેરાતો આપીને અમને આ દળદાર વિશેષાંકના પ્રકાશનમાં આર્થિક સહકાર આપેલ છે, તે સર્વનો આ અવસરે અમે આભાર વ્યક્ત કરીએ છીએ!

સંપાદક—

સુધારો : આ અંકમાં પેજ નં. ૮૧૭ થી ૮૨૪ છાપેલ છે તે પેજ ૮૭૭ થી ૮૮૪ સમજવા.



પૂજ્ય ગુરૂદેવશ્રી



વિ. સં. ૧૯૬૧, મહિદપુર (માલવામાં)
લેવાયેલો ફોટો.



વિ. સં. ૧૯૮૪
મુંબઇમાં



પૂ. આચાર્યદેવ
બાલ્યાવસ્થામાં
(ઉંઝામાં વડીદીક્ષા પ્રસંગે
વિ. સં. ૧૯૫૬, મહા સુદિ પંચમી)



વિ. સં. ૧૯૬૭, હુંશીયારપુર (પંજાબ) માં
લેવાયેલો ફોટો



વિ. સં. ૨૦૧૭
મુંબઇ

# શ્રદ્ધાંજલિ

વિ૦ સં. ૨૦૧૬ના ચાતુર્માસ માટે અમારા શાંતાક્રૂઝના સંઘે જ્યારે દાદર–મુંબઈ–જૈન જ્ઞાનમંદિરમાં પૂ. વયોવૃદ્ધ પરમોપકારી ધર્મધુરંધર પરમગુરૂદેવ આચાર્ય મહારાજ શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી** પાસે, દક્ષિણ દેશોદ્ધારક પરમપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન શતાવધાની પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રી કીર્તિવિજયજી ગણિવરશ્રી માટે ચાતુર્માસને અંગે વિનંતિ કરી, ત્યારે તેઓશ્રીએ કૃપાપૂર્વક અમારી વિનંતિ સ્વીકારી, ને પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રીને ચાતુર્માસ મોકલવા કૃપા દર્શાવી.

**જે** ચાતુર્માસમાં તેઓશ્રીની પૂ. પાદ પંન્યાસજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અમારા જેવા અનેક આત્માઓ તેમની વિદ્વત્તાભરી વાણીનું શ્રવણ કરી ધર્મમાં સ્થિર થયા. અને એ રીતે અમારા ઉપર તથા શ્રી સંઘ ઉપર તેઓશ્રીએ મહાન ઉપકાર કર્યો છે:

**આ** બધો મૂલ ઉપકાર પૂ. પાદ પરમગુરૂદેવ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીનો છે; તેઓશ્રીનો આ રીતે અમારા પર અગણિત ઉપકાર છે; તેઓશ્રી ખરેખર શાસનના મહાન સ્થંભ હતા. સમર્થ ગીતાર્થ અને પ્રકાંડ વિદ્વાન હતા. ધર્મધુરંધર બહુશ્રુત સૂરિપુંગવ હતા. તેઓશ્રીએ જૈનશાસનની અસાધારણ પ્રભાવના કરી છે.

આવા મહાન સૂરિદેવનાં ચરણોમાં કોટિ કોટિ વંદના

સેવકઃ **ચીમનલાલ નાથાલાલ** શાંતાક્રૂઝ.

શા. લાલચંદ એન. ગાંધી એન્ડ કું.

ઠે. કૃષ્ણનિવાસ. મસ્જીદ બંદર : મુંબઈ–૩

પૂ. પાદ પરમગુરુદેવ પરમકૃપાળુ સૂરિદેવશ્રીનું પ્રિયગીતઃ જે સાંભળતાં સાંભળતાં ગંભીર માંદગીમાં પણ પૂ. સૂરિદેવશ્રી અપૂર્વ પ્રસન્નતા અનુભવતા હતા.

# સુંદર ભાવના

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર

( ચાલ: જેને ગૂર્જર કાજે )

હરી સમતાનાં પાન, વર્યા મુક્તિ સોપાન.
મહાસંત, ક્યારે થઈશું અમે એવા સંત.
ઠાંસી સંગમે ચરણોમાં ખીર.
તોયે અડગ રહ્યા મહાવીર.
જેની સમતાનાં ગાન, કરે જગ ઠામઠામ
મહાસંત....૧

ઠોક્યા ગોવાળે કાનમાં ખીલા.
પણ રોષ ન કરતાં રંગીલા.
ધીર વીર ગંભીર. ઝૂકે ચરણોમાં શિર
મહાસંત....૨

જેની ચામડી ચડ ચડ ઉતરે.
તોયે હૈયે ન રોષ લગીરે.
એવા ખંધક મુનિ. હેવા સમતા ગુણી
મહાસંત...૩

માથે માટીની પાળ બનાવી.
નાંખી અંગાર દીધા જલાવી.
હેવા ગજસુકુમાળ, શમરસના ભંડાર
મહાસંત....૪

ધન્ય ધન્ય મેતારજ ઋષિને.
વીંટી વાધર શિર પર હસીને.
ઝીલે શમરસપૂર, કર્યાં કર્મ ચકચૂર
મહાસંત...૫

ઊંડી ખાઈમાં જેને નંખાવે.
વળી ગર્દન અસિથી ઉડાવે.
મુનિ ઝાંઝરીયા, કેવા વીર થયા
મહાસંત....૬

સર્વ જીવોને ખમી ખમાવી.
મૈત્રી ભાવના દિલમાં જગાવી.
શુદ્ધ ભાવ ધરૂં, ઘન ઘાતિ હરૂં
મહાસંત...૭

કરી પાપનો પશ્ચાત્તાપ
જપી અરિહંત સિદ્ધના જાપ.
ભવ જલધિ તરૂં, શિવરમણી વરૂં
મહાસંત....૮

શત્રુ મિત્રમાં ધરૂ સમભાવ.
ધરૂં સંવેગ નિર્વેદ ભાવ.
બનું સમતા ધારી, વરી વિરતિ નારી
મહાસંત...૯

લબ્ધિ લક્ષ્મણ કીર્તિ ગાવે.
ઉર કરૂણાનાં સ્રોત વહાવે.
ગાવું ગુણી જન ગાન, જિન વચન પ્રમાણ
મહાસંત....૧૦

પૂ. પાદ પરમકૃપાળુ સમર્થ શાસનપ્રભાવક પરમકૃપાસિંધુ પરમગુરુદેવ સ્વર્ગસ્થ જૈનાચાર્ય
શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજને
અમારા કોટિ કોટિ વંદન હો જો!


સેવક: સાકરચંદ છગનલાલ સરકાર
ઠે: શા. નવીનચંદ્ર રતનચંદ્રની કું.
ઠે. ૩ જી અગીયારી લેન, ૧૯, તાહેર બિલ્ડીંગ મુંબઈ ૩

સૂરિ લબ્ધિ !
જ્ઞાનનો અબ્ધિ.

પ્રચંડ આર્ષદ્દષ્ટા પ્રગલ્ભ બુદ્ધિ,
દૃઢ મૂલ શ્રદ્ધા સરલ જિન્દગી.
ચંદ્ર તેજ ધવલ વિમલ કીર્તિ,
યશ અનર્ગલ સાહિત્ય વારિધિ.
સ્નેહ સદ્ધર્મ અમૂલ ભક્તિ,
સ્મિતલ મુખ અતુલ શક્તિ.
વાણી નિશ્ચલ અમોઘ સિદ્ધિ,
ભવ રોગ હર અચૂક ઔષધિ.
સૌજન્ય મૂર્તિ ઝલમલ ઋદ્ધિ.
આત્મકમલ-દલ અચલ સમૃદ્ધિ.
ઉત્કૃષ્ટ મેધા પરમ પવિત્ર,
શ્રેષ્ટ ચારિત્ર કવિકુલ કિરીટ.

**વંદન હોજો કોટિ કોટિ**

પન્નાલાલ જ. મસાલીઆ
રાધનપુર

# ગુરૂ વિરહ ગીત

**પૂ. ઉપાધ્યાયજી મહારાજ શ્રી જયંતવિજયજી ગણિવર**
( પૂ. આચાર્ય મ. શ્રી વિજય લબ્ધિસૂરિ-શિષ્યરત્ન )

('ગોખરે ઉતારો રાજા ભરથરી' એ દેશી)

લબ્ધિસૂરિ ગુરુરાયનો, વિરહ અતિ દુઃખદાયજી,
તુમ વિના હું તરફડું, જળ વિના જીમ મીનજી.
નિશદિન મુજ નિત સાંભરે, હૈડે કમકમ થાયજી;
નામ સ્મરણ થતાં આપનું, નીકળે અશ્રુ ધારજી લબ્ધિ. ૧
અંશ મને એક આપશો, ઉપકાર કદિ ન ભુલાયજી;
મુજ આધાર તુટી પડયો, રહ્યો ન કોઈ સાથજી;
તુમ વિના ગમતું નથી, ચેન ન દિલ લગારજી. લબ્ધિ. ૨
હતી ઉદારતા સરળતા, નહિ નિંદાનું કામજી;
દોષને દેશવટો દીધો, હતા ગુણોના ધામજી;
નાનામાં નાના અન્યના, ગ્રહતા ગુણ સદાયજી;
એ ખૂબી હતી આપણી, નહિ બીજે દેખાયજી. લબ્ધિ. ૩
રોગના હુમલા થયા છતાં, નહિ હાય ને વોયજી;
નવકાર મંત્ર ગણે સદા, જન અચરજ થાયજી;
સમાધિપૂર્વક કાળ કરી, ગયા સુર સદનજી,
લાખો ધર્મ પામી ગયા, કર્યું એ કામ મહાનજી. લબ્ધિ. ૪
કૃપાનો ધોધ વહાવજો, દેજો દૈવી સહાયજી,
તુમ કૃપાના કટાક્ષથી, થાય સફળ મુજ કાજજી;
અંતરની આશિષ આપજો, સદા રહે મુજ લાજજી,
મરણ મહોત્સવ કહેવાય એ, પ્રત્યક્ષ અહીં દેખાયજી. લબ્ધિ. ૫
એવા ગુરુના લઉં ભામણા, ધન્ય ધન્ય સૂરિરાયજી,
શ્રાવણ સુદ પંચમી નિશિ, દિલમાં પડી મોટી ફાળજી,
અંતરમાં મુંઝવણ થઈ, આવ્યો ઓચિંતો કાળજી. લબ્ધિ. ૬
જયંત કહી બોલાવશે, ગુરુ વિના હવે કોણજી,
ચરણ કમળ નમન કરું, કરું કોટિ વંદનજી;
**આત્મ કમલ**માં નિત્ય રહો, અહનિશ ધરું ધ્યાનજી,
**જયંત**ની આશા ફળે, અવસરે કરજો સહાયજી. લબ્ધિ. ૭

વર્ષ : ૧૮ ⊙ અંક : ૧૧

# કલ્યાણ

પોષ ⊙ ૨૦૧૮

## જીવન માધુરી

વૈદરાજ શ્રી મોહનલાલ ધામી

જીવનનું સાચું દર્શન એની સુવાસમાં રહેલું છે. ફુલ કરમાઈ જાય છે....પિસાઈ જાય છે, પરંતુ એની સૌરભમાં એ અમ્મર જ રહે છે. એજ રીતે માનવીનું જીવન પણ એને બિછાવેલી સૌરભમાં જ મઘમઘતું હોય છે.

માનવ કાયા તો અનેક જીવોને પ્રાપ્ત થાય છે, અનેક જીવો પાસેથી ચાલી પણ જાય છે. પરંતુ જીવન જીવી જાણનારો માનવી કાયાની વિદાય પછી પણ યુગ યુગ સુધી અમર રહે છે.

સ્વ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ કાયાના સ્વરૂપથી આપણી નજરે ચિરવિદાય લઈ ચૂકયા છે....એમની ચિરવિદાય પર કોઇ વિરાટ દીર્ઘકાળ પણ ગયો નથી. હજુ ગઈકાલે જ એમનું પ્રશાંત અને પ્રતિભા સંપન્ન મુખ સૌમ્ય આનંદનાં દર્શન કરાવતું હતું. હજી ગઈકાલે જ એમનાં હૃદય ભંડારમાંથી ઉપસી આવતાં ભક્તિભાવભર્યાં ગીતો વાતાવરણમાં કલ્લોલતાં હતાં. હજી ગઇકાલે જ એમનું સર્વત્યાગના તેજથી શોભતું ભવ્ય કપાળ જન જીવનને મુક્તિનો મહામંત્ર દર્શાવતું હતું.... હજી ગઇ કાલે જ એમની શાંતરસથી નિર્ઝરતી વાણી આપણાં હૃદય દાવાનળને ઠારતી હતી....

અને આજ....

કાયા નષ્ટ પામી છે, કાયાનું સ્વરૂપ ચિરવિદાય લઇ ચૂકયું છે. પરંતુ સમગ્ર જૈન સમાજમાં નહિં પણ જૈનેતર સમાજમાં યે એમના જીવનની ખુશ્બુ વેરાયેલી પડી છે.

સહુ જાણે છે કે સ્વ. આચાર્ય ભગવંત કેવળ તત્વજ્ઞ પુરુષ નહોતા, પણ વર્તમાને યુગના એક મહાકવિ હતા. એમના કાવ્યામૃત દ્વારા આજ પણ અનેક નરનાર સર્વ ત્યાગની અને ભક્તિભાવની નૂતન વીણાના સ્વરાંદોલન સાંભળી રહ્યાં છે.

સ્વ. આચાર્ય ભગવંત સંસ્કૃત ભાષાના મહાન પંડિત હતા. તેઓએ સંસ્કૃત ભાષામાં મેરૂત્રયોદશિ કથા, વૈરાગ્યરસમંજરી. તત્વન્યાયવિભાકર, ચૈત્યવંદન ચતુર્વિંશતિ, સ્તુતિ ચતુર્વિંશતિકા, શુકરાજ કથા વગેરે અનેક ગ્રન્થોની રચના કરી હતી. એ સિવાય સંમતિતત્વસોપાન, સન્મતિતર્કની વૃત્તિનું સંક્ષિપ્ત સ્વરૂપ, સૂત્રાર્થમુકતાવલી વગેરે મહાન સંસ્કૃત ગ્રન્થોનું સુચારુ રૂપે સંકલન કર્યું છે અને ગયા વર્ષમાં જ તેઓશ્રીએ સંપાદન કરેલા દ્વાદશારનયચક્રનું પ્રકાશન ભારતના ઉપરાષ્ટ્રપતિ ડો. શ્રી રાધાકૃષ્ણનનાં વરદ

હસ્તે થયું હતું. આમ તેઓ સંસ્કૃત ભાષાના મહાન પંડિત હતા. કવિ પણ હતા. આ પ્રસંગે મને એક વાત યાદ આવે છે કે તેઓ હંમેશ ઓછામાં ઓછા એક સંસ્કૃત શ્લોકની તો રચના કરતા જ હતા અને જે સમયે એમનો મહાન આત્મા કાયાથી મુકત થવાનો હતો તે ગંભીર પળે પણ તેઓ પોતાના આ અટલ નિયમને વિસર્યા ન હોતા. એક ગંભીર શ્લોક રચી ગયા હતા.

તેઓશ્રી પંજાબમાં વિહાર કરતા હતા. તે સમયે આર્યસમાજીઓનું જબ્બર જોર હતું. આર્યસમાજીઓ સામે કોઇ પંડિત આંખ ઉંચી કરી શકતો નહિં. પરંતુ જેમના પ્રાણમાં તેજ અને કર્તવ્યનો દીવડો ચેતેલો હતો, તે પૂ. સ્વ. આચાર્ય ભગવંત મૌન રહી શકયા નહિ. તેઓએ હિન્દી ભાષામાં "દયાનંદકુતર્ક તિમિરતરણી" નામનો ગ્રન્થ લખ્યો અને તે સમયના આર્યસમાજ પંડિતોને આશ્ચર્ય વિમૂઢ બનાવી દીધા. તેઓશ્રીએ હિંદી ભાષામાં પણ મૂર્તિમંડન, અવિદ્યાંધકારમાર્તન્ડ, હી ઔર ભી, વેદાંત વિચાર આદિ ગ્રંથો લખ્યા હતા અને તેઓ કેવળ જૈન દર્શનના જ અભ્યાસી હતા એમ નહોતું ....અન્ય દર્શનના પણ અભ્યાસી હતા.

સ્વ. આચાર્ય ભગવંતે ગુર્જરીને પણ પોતાની મંગળ વાણીથી સમૃદ્ધ કરી છે. લગભગ સત્તર અઢાર પૂજાઓ, સેંકડો ગીતો, સ્તવનો વગેરે રચેલ છે. એ સિવાય એમની પ્રતિભાનું દર્શન તો તેઓશ્રીએ ભગવતીસૂત્ર પર આપેલા વ્યાખ્યાનો, જે બે ભાગમાં છપાયેલાં છે તેમાંથી મળી આવે છે.

સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ આ રીતે પ્રકાંડ વિદ્વાન અને મહાકવિ હોવા છતાં તેઓ ભગવાન જ્ઞાતપુત્રના સર્વ ત્યાગના મંગલમાર્ગના એક નિષ્ઠાવાન પથિક હતા. જૈન સાધુઓ કાંઇ પ્રકારનો પરિગ્રહ રાખતા નથી, આ જૈન દર્શનની એક વિશિષ્ટતા છે. આચાર્ય ભગવંત પણ સર્વ પરિગ્રહથી જીવનભર દૂર રહ્યા હતા. કીર્તિ, માન, અપમાન, રાગ, દ્વેષ એવા કોઇ તત્વો પ્રત્યે તેઓ કદી પણ આકર્ષાયા નહોતા.

પોતે મહાન કવિ હોવા છતાં સહુની વચ્ચે નિર્દોષ બાળક બનીને જ રહેતા હતા.

મહાપુરૂષો એની કાયાથી નહિં પણ એમની જીવનધારાથી જ શોભતા હોય છે. સ્વ. આચાર્ય ભગવંતની જીવનધારા અનેક આત્માઓને મંગલમાર્ગનું ઉદ્બોધન આપી શકી હતી.

તેથી જ આજ તેઓ સ્વર્ગસ્થ હોવા છતાં ભારતવર્ષમાં અમર બની શકયા છે.

એમનું એકેએક ગીત....એમની ગંભીર અને મધુર વાણીનો એક એક શબ્દ આજ પણ વાતાવરણમાં મંગલજ્યોતનો પ્રકાશ વેરી રહ્યો છે!

એમની જીવન માધુરી અનંતકાળ પર્યંત જૈનસમાજને પ્રેરણાના પીયૂષ પાતી જ રહેશે.

અગણિત વંદન હો! તે મહાપુરુષને! ને તેમની સુમધુર જીવન માધુરીને!

# શાસન સમર્પિત શ્રી સૂરિપુંગવને કોટિશઃ વંદન

**પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ**

પૂ. પાદ આચાર્ય દેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરિશ્વરજી મહારાજશ્રી પ્રત્યેના અનન્ય શ્રદ્ધાભાવે લેખક કવિરત્ન પૂ. આચાર્ય મહારાજશ્રી પોતાની શાંત સ્વસ્થ શૈલીમાં સ્વ. સૂરિદેવશ્રીને શ્રદ્ધાંજલિ સમર્પે છે.

⊙

અનાદિ અનંત એવા સંસારચક્રમાં પરિભ્રમણ કરતા એવા આત્માઓને માનવભવ આદિ મોક્ષપ્રાપ્તિનાં સાધનો મળવા અતિશય દુર્લભ છે—દેવોને પણ દુર્લભ છે. દેવ-દુર્લભ સામગ્રી મહાપુણ્યોદયે પામીને તેની સફલતા માટે શ્રી વીતરાગ શાસનની ઉપાસના, પ્રભાવના, રક્ષા ત્રિકરણયોગે કરવી જોઇએ. શ્રી વીતરાગ શાસન એ જગતભરમાં અજોડ શાસન છે. તેની યથાશક્તિ ઉપાસનાદિ કર્યા વિના જીવનની સફલતા થતી નથી જ. કારણ કે સમ્યગ્ જ્ઞાનાદિની પ્રાપ્તિ એજ શાસનથી છે. એવા અજોડ શાસનની ઉપાસનાદિ કરીને પૂર્વે અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો જીવનને સફળ કરી ગયા છે અને વર્તમાનમાં પણ અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો આદિ જીવનની સફળતા કરી રહ્યા છે, તેમાંના આ એક આચાર્ય ભગવંત હતા. કોણ? પૂજ્ય આચાર્યદેવ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા જેઓ હમણાં મુંબઇમાં સ્વર્ગવાસી થયા.

જેઓ કવિકુલકીરિટ હતા, જેઓ વ્યાખ્યાન વાચસ્પતિ હતા, જેઓ સ્વ પર શાસ્ત્રોના જાણકાર હતા, જેઓ 'કલ્યાણ' માસિકમાં ભવ્યાત્માઓની શંકાઓને દૂર કરનારા હતા, જેઓ સરળ, શાન્ત, દાન્ત આદિ અનેક ગુણગણોથી વિભૂષિત હતા.

જેઓએ અનેક શાસનશુભ કાર્યો કરીને શાસનની ખૂબ ખૂબ પ્રભાવના કરી છે, જેઓએ વિકટ સમયમાં પણ શાસનના પડખે રહીને નિડરપણે આજીવન શાસનની રક્ષા કરવામાં પોતાનાં પુણ્યજીવનને અર્પણ કરીને ધન્ય બનાવ્યું છે.

મહાપુરુષો અનેક ગુણરત્નોની ખાણ હોય છે. એમાંથી એકાદ રત્ન આપણે લેઈ લઇએ તો આપણું જીવન પણ સફળ બની જાય.

આ મહાપુરુષ જેમ શ્રી વીતરાગ શાસનને ત્રિકરણ યોગે સમર્પણ કરીને જીવન ધન્ય બનાવી ગયા તેમ આપણે પણ આપણું જીવન સફળ બનાવી શકીએ. એ માટે 'બલની પ્રાપ્તિ થાઓ'—એવી પ્રાર્થના આ મહાપુરુષને અને શાસનદેવને કરવાપૂર્વક આ મહાપુરુષને કોટિ કોટિ વાર વંદન હો. હો જય શ્રી વીતરાગ શાસનનો.

॥ શિવમસ્તુ સર્વ જગતઃ ॥

જળબિંદુને રીજું મનોહર સ્વપ્ન આવ્યું, તે નિર્ભય બનીને ચાલવા લાગ્યું. અને તેને અખૂટ મહાસાગર નીરખવાની અમૂલ્ય સુવર્ણ ઘડી સંપ્રાપ્ત થઈ.

# ગુઝર ગયા વો જમાના

**શ્રી પન્નાલાલ જ. મસાલીયા, રાધનપુર**

'કલ્યાણ'ના લોકપ્રિય લેખક શ્રી મસાલીયા, પૂ. પાદ સૂરિદેવશ્રીને પોતાની ભાવભરી શ્રદ્ધાંજલિ આપવાના આ અવસરે, પોતાના બાલ્યકાળનો સુખદ પ્રસંગ પૂ. પાદ સૂરિદેવશ્રીના સાન્નિધ્યની મધુરતાને અંગેનો અહિં આલેખી રહ્યા છે. બાલ્યકાલનાં સુભગ તથા મધુર સંસ્મરણને શબ્દદેહ આપતાં લેખક અહિં પોતાના ભક્તિભાવભર્યા હૃદયે પૂ. શાસનસ્થંભ સૂરિદેવશ્રીને વિનમ્રભાવમાં શ્રદ્ધાંજલિ સમર્પિત કરે છે.

ગગન ઘનઘટ્ટ કાળાં શ્યાહી જેવાં વાદળાંઓથી ભરચક્ક પડ્યું હતું. ક્યારેક ગાઢ ધુમ્મસ જેવા વરાળના ગોટેગોટા મોટા ખડક આકાશમાં તરતા હોય તેમ દેખાતા હતા. તો વળી ક્યારેક મોટા ઐરાવત હસ્તિઓનું લાંબુ લશ્કર સૈન્ય આકાશના ફલક પરથી પસાર થતું હોય તેમ લાગતું હતું. ગઈકાલ તો આખો દિવસ વરસાદ પણ સજ્જડ તૂટી પડયો હતો. રાતે પણ સોનેરી નૃત્યરેખાઓ જેવી ચમકતી વીજળીઓની સાથે વરસાદ ચાલુ જ હતો. પણ આજ હવે પ્રભાતથી કંઈ રાહત હતી, જો કે ધીમેથી ઝરમર ઝરમર વર્ષા તો વરસતી જ હતી. આવી વેળા વરસતા વરસાદમાં હું સાગરગચ્છના જૈન ઉપાશ્રયે પહોંચી ગયો. તે સમયે મેં હજુ છ દિવાળી પણ ભાગ્યે જ પસાર કરી હતી.

પૂજ્ય ગુરુદેવ આચાર્ય મ. શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજે તે સમયે એટલે વિ. સં. ૧૯૭૯ની સાલમાં રાધનપુર ચાતુર્માસ રહ્યા હતા. ત્યારે હું હંમેશ તેમનાં પ્રવચનમાં જતો હતો. મેં કહ્યું તેમ તે સમયે મારી વય હજુ ઘણી નાની હતી. જૈન પરિભાષાના ઘણા શબ્દો ત્યારે મને સાવ અજ્ઞાત હતા. એટલું જ નહિ, ધર્મ કર્મના આરોહ અવરોહ કે આત્મિક આરાધના પણ બુદ્ધિગમ્ય ન હતાં. સંવેગ-નિર્વેદ શું છે, તેનુંય કશું ભાન ન હતું. છતાં પૂજ્ય ગુરુદેવશ્રીનો અત્યંત બુલંદ અવાજ. મોહક છટા અને શક્તિશાળી પ્રવચનની અત્યંત ઉમદા મધુર શૈલી મને એવાં તો સ્પર્શી ઓતપ્રોત અસર કરી ગયાં હતાં કે હું પણ તેમનાં પ્રવચનમાં ભાવિકોના સમુદાય ભેગો બેસી જતો હતો. તેમણે તે સમયે કહેલી 'શીલવતી'ની કથા હજુ આજે પણ જાણે હું એવોજ નાનો બાળ હોઉં અને તે કથા અત્યારે આ સમયે પણ ગુરુદેવના સ્વમુખે જ ભારે હોંશથી સાંભળતો હોઉં. તેવી ભૂત સ્મૃતિ બીલકુલ તાજી બની જાય છે. શીલવતીની કથા જેવી રસદ્રાવકતા ભરી હતી, તેવીજ ગુરુદેવની તે કહેવાની શૈલી પણ અભૂતપૂર્વ હતી. તે એટલી રસ અને મીઠાશભરી હતી કે તે સાંભળતાં મને આનંદના ઓડકાર આવી જતા!

કથાસરણી ચાલુ હતી. તે દરમ્યાન એક દિવસ ભારે ધોધમાર વરસાદ પડયો હતો. વરસાદ પડયો હતો કે તે દિવસે નિત્ય નિયમ પ્રમાણે મારાથી તેમનાં પ્રવચનનો લાભ લઈ શકાયો નહિ. હું ખૂબ ગમગીન બની ગયો. બીજા દિવસે હું વ્યાખ્યાનમાં ગયો, ત્યારે કથાનો થોડો અગત્યનો ભાગ પહેલાના દિવસે આવી ગયો હતો. હવે શું થાય?

તે સમયે તો નિશ્વાસ નાંખતા હું ઘેર ગયો, પણ ઘેર કંઈ ચેન પડયું નહિ. જમવા બેઠો; પણ ખીલેલા તાજાં પુષ્પોનો મકરંદ

પીવાને જેમ ભ્રમર તરફડ્યા કરે તેમ મારૂં ચિત્ત પણ કથા સરણીના તીવ્ર અનુરાગે કરી ફફડા મારી રહ્યું હતું. વચમાં બાકી રહી ગએલી કથા મને કોણ સંભળાવે? અને તે પણ ગુરુદેવની સુરમ્ય રંગપૂરણી જેવી ભભકભરી રીતે!

મેં આકાશ તરફ નજર કરી તો આકાશ શ્યામ ભમ્મર જેવાં વાદળાંઓથી રસભર પડયું હતું. ખરા બપોરે પણ જાણે અંધકાર એક સરખો વ્યાપ્ત બન્યો હોય તેમ લાગતું હતું. ક્યારેક તો વળી વરસાદનાં એક સરખાં મોટાં ઝાપટાં પણ તૂટી પડતાં હતાં, તો ક્યારેક વાદળ જાણે પાણી ભરવાં ગયાં હોય, તેમ વરસાદ જરા વિશ્રાંતિ લેતો હતો!

'ગુરુદેવ પાસે જ પહોંચી જાઉં?' મેં મનોમન દૃઢ નિશ્ચય કરી લીધો અને વરસાદ જરા સ્થંભિત થયો કે હું હરખભેર ઉપાશ્રય તરફ ચાલી નીકળ્યો. રસ્તામાં જ એક જોરદાર ઝાપટું જાણે મારો માર્ગ રૂંધવા જ આવ્યું હોય તેમ મારા માથે ઉતરી પડયું! પણ હું તેની માયાવી ચાલમાં ન ફસાતા બાજુની જ દુકાનના એક મોટા ઓટલા પર ચડી ગયો. થોડીવારમાં તો મોટાં જલવર્તુલો ચારે તરફ ઘુમવા લાગ્યાં; સાથે વંટોળિયા સરખો જોરદાર પવન પણ ફૂંકાતો હતો. પવનની ઠંડી લહરીથી મારૂં બાલ શરીર ધ્રુજી ઉઠયું! આ તરફ જાણે શીલવતી પણ સજીવ બની યથેચ્છ વિહાર કરતી મારા કર્ણવિવરમાં ઘુસપુસ કરી રહી હતી, એટલે ગુરુદેવના સ્વમુખે જ આ મીઠાશ ભરી કથા સાંભળવાના લોભે કરી, પાણીથી ભરાએલાં મોટાં ખાબોચિયાં ખૂંદતો હું ધીમે-ધીમે ઉપાશ્રયનાં દ્વાર સુધી તો આવી પહોંચ્યો.

ઉપાશ્રયે તો આવી ગયો, પણ મેડા ઉપર ગુરુદેવના ચરણકમળ પાસે જતાં પગ કદી ઉપડે જ નહિ! કોઇ દિવસ સાધુ-મુનિરાજ પાસે એકલો અટૂલો ગએલો નહિ. એટલે બાલસુલભ શરમ પણ અત્યંત સતાવી રહી હતી. ઘડીભર તો એમ પણ થયું કે જેવો આવ્યો છું તેવો જ પાછો ચાલ્યો જાઉં! પગ પણ સ્થંભિત થઇ ગયા હતા!

'કેવો બીકણ?' અંદરથી જાણે કોઇ કહેતું હતું.

'પાછો જાઉં?'

'ના, ના, અહીં સુધી આવ્યો છે, તો હવે પાછા જવું ઠીક કહેવાય નહિ.'

'તો ચલો....આગે બઢેંગે!' હું આગળ વધ્યો. એકાદ બે સાધુ બાજુ પરથી પસાર પણ થયા, પણ મને કોઇએ કશું પૂછયું નહિ. જરાવાર રહી હું તો દાદર પર ચઢવા લાગ્યો. દાદર પણ આજ મારા માટે ખૂબ મોટો મોટો થઈ પડયો! એક પગથિયું ચઢું અને ફરી પાછો નીચે ઉતરી જાઉં, ફરી ઉપર અને ફરી નીચે! એમ ક્યાંય સુધી તો ચલાવ્યા કર્યું, પણ આખર ઉપર સુધી પહોંચી ગયો! તેનસિંગને હિમાલયના સહુથી ઉંચા ગિરિશિખર એવરેસ્ટ પર ચડતાં જે શ્રમ નહિ લાગ્યો હોય, બલકે તેથી વધારે શ્રમ મને તે દિવસે આ દાદર ચઢતાં લાગ્યો હતો!

ઉપર ચડીને જોયું તો ગુરુદેવની પતિતપાવની તેજોમય મૂર્તિનાં દર્શન થયાં. તેઓ કંઇક (કદાચ પૂજાઓજ) લખવામાં કે રચવામાં ખૂબ નિમગ્ન હતા, બીજા એકાદ બે સાધુ હું માનું છું ત્યાં સુધી મુની શ્રી લક્ષ્મણવિજયજી મુનિશ્રી જયંતવિજયજી અને મુનિશ્રી ભુવનવિજયજી મહારાજ જ હશે, તેઓ ગુરુદેવનાં સાન્નિધ્યમાં વિદ્યાભ્યાસ કરતા હતા. હું કેટલીકવાર ઉભો રહ્યો, ત્યારે ગુરુદેવની પ્રસાદકર, કરુણાભરી નજર મારા પર પડી. આ સ્વપ્નમિલન છે કે સત્ય? તેનોય પ્રથમ તો મારાથી કંઇ નિશ્ચય થઈ શકયો નહિ! હું તો કેવળ પથ્થરનું જડ પૂતળું જ

ઉભું હોય તેમ ગુરુદેવની તેજશિખા સામે ઉભો હતો, હાથ જોડવાનું પણ ભાન રહ્યું ન હતું. ગુરુદેવની પ્રેમભરી નજર મારા પર પડી કે મેં તેમની સામેથી આંખ પાછી ખસેડી લીધી, કેવળ નીચું જોઇ મૌનપણે ઉભો રહ્યો!

'કેમ, બચ્ચા? કેમ આવ્યો છે?' તેમણે સસ્મિત પૃચ્છા કરી.

'હું તો....' કંઇક શરમાતાં, અચકાતાં મેં કહ્યું, 'જી, આપની શીલવતીની કથા.... સાંભળવા માટે આવ્યો છું.' ખૂબ સંકોચ અનુભવતાં મેં કહ્યું.

'શીલવતીની કથા?'

'હા.'

'અત્યારે?'

'હા.'

'આ વરસતા વરસાદની ઝડીઓમાં તું શીલવતીની કથા સાંભળવા આવ્યો છે?' તેમને જરા આશ્ચર્ય થયું.

'હા. આપની કથામાં મને બહુ મઝા આવે છે.'

'તે તું વ્યાખ્યાને આવે છે?'

'હા, સાહેબ.'

'હરરોજ આવે છે?'

'હા.'

'હં, તો પછી....?'

'જી, ગઇ કાલે વરસાદ ઘણો સખત આવતો હોવાથી મારાથી આપશ્રીનાં વ્યાખ્યાનમાં આવી શકાયું નહિ, એટલી કથા બાકી રહી છે.

'હં.'

'આપ તે મને સંભળાવશો? મારે તે આપની કનેથીજ સાંભળવી છે! આપની કથામાં મને બહુ રસ આવે છે!'

ગુરુદેવે પુસ્તક બાજુના પાટ પર રાખી દીધું. તેઓ ઉભા થઇ ગયા અને મારી બિલકુલ નજદીક આવી ઉષ્માભર્યા હાથ વડે મારી પીઠ પસવારતાં કહ્યું, 'બચ્ચા, તે તને હું અવશ્ય સંભળાવીશ! પણ વારુ! તું કંઇ ભણે છે, ખરો?'

અને પછી તો તેમણે મારી સાથે વાત્સલ્યતા ભરી કંઇ કંઇ મઝાની વાતો કરી. તેમનો સ્વભાવ મને ખૂબ મળતાવડો અને આનંદી લાગ્યો. તેમની નિર્માની, મધુરપ્રકૃતિ અને સ્નેહભાવે મને ખૂબ આનંદમસ્ત બનાવી દીધો.

થોડીવાર રહી ગુરુદેવ નીચે બેઠા, હું પણ તેમનાં પવિત્ર ચરણકમળ પાસે પ્રસન્નચિત્તે બેસી ગયો. તેમનો સ્નેહાળ હાથ મસ્તક પર ફરતો હતો.

'પણ–પણ–આપ—'

'કેમ?'

'મને શીલવતીની કથા તો સંભળાવો, મને રાતે ઊંઘ પણ નહિ આવે!'

'એમ?'

'હા.'

બહાર વરસાદે પોતાની સુંદર મેઘધારાઓ વિસ્તારી હતી, અંદર ઉપાશ્રયમાં ગુરુદેવની શીલવતીની કથારૂપે અમૃતધારાઓ વરસતી હતી. એ અમૃતધારાઓની ઉછળતી છોળોમાં મંગલસ્નાન કરવાની મને જે ધન્ય ઘડી સાંપડી છે, તેને માટે હું આજ પણ ખૂબ મગરૂબ છું.

અંતરના કોમલ પ્રદેશમાં સુગંધિત પુષ્પોનો મધુર પમરાટ પથરાઇ ગયો હોય તેવા અકલ્પનીય આનંદ સાથે હું ઘેર ગયો. તે રાતે મને જેવી મધુર નિદ્રા આવી છે, તેવી પછી આજ આટલા વર્ષોમાંય આવી નથી!

# શાસનપ્રભાવક શ્રી સૂરીશ્વરજી

**પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ**

પૂ. પાદ આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજશ્રી આ લેખમાં પૂ. પાદ સ્વર્ગીય સૂરિદેવશ્રીના પ્રભાવક ગુણને-વાદવિજેતાગુણને સ્મૃતિપથમાં લઈને પૂ. પાદ સૂરિદેવશ્રીને પોતાની શાંત તથા સ્વસ્થ શૈલીમાં ભાવભરી અંજલિ સમર્પે છે.

⊙

પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજાએ ગાયું છે કે 'ધનધન શાસનમંડન મુનિવરા.' જૈનશાસ્ત્રોમાં શાસનના આઠ પ્રભાવકો કહ્યા છે. એક પ્રાવચનિક, બીજા ધર્મકથિક; ત્રીજા નૈમિત્તક, ચોથા વિદ્યાસિદ્ધ, પાંચમા યોગસિદ્ધ, છઠ્ઠા વાદી, સાતમા વિકૃષ્ટ તપસ્વી, અને આઠમા મહાકવિ. આ વિશિષ્ટ સિદ્ધિઓથી શાસનની મહાપ્રભાવના કરનાર આર્યકાલક સૂરિજી, આર્ય વજ્રસ્વામીજી, નંદિષેણજી આર્ય ભદ્રબાહુસ્વામીજી, આર્ય ખપટાચાર્ય, આર્ય પાદલિપ્તસૂરિજી, આર્ય મલ્લવાદીજી, આર્ય વિષ્ણુકુમાર, આર્ય સિદ્ધસેન દિવાકરજી, આદિ ઘણા મહાપુરૂષો જૈન શાસનના ક્ષિતિજમાં જીવન્ત પ્રકાશ પાથરી ગયેલા પ્રસિદ્ધ છે.

સ્વર્ગત પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ અનેક શક્તિઓના સ્વામી હતા, તેથી અનેક રીતે શાસન પ્રભાવક હતા, છતાં તેઓ શ્રીમદે પોતાની વાદ શક્તિથી આધુનિક કાળમાં શ્રી જિનશાસનની જે સુંદર પ્રભાવના કરી હતી, તે ટુંકમાં બતાવવાનો અમારો પ્રસ્તુત પ્રયાસ છે.

વિદ્વાનોની સભામાં અધ્યક્ષસ્થાને એક મધ્યસ્થી વિરાજમાન હોય અને સામે પ્રતિપક્ષીના પક્ષનું યુક્તિપૂર્વક ખંડન કરી તેને પરાજય આપવો અને પોતાના સિદ્ધાન્ત પક્ષને શાસ્ત્રાધારે સિદ્ધ કરી જય મેળવવો, એ કોઇ નાની સૂની વાત નથી. આજના એટમીકયુગમાં ઠંડા કે ગરમ યુદ્ધમાં પ્રતિપક્ષી સામે વિજય મેળવવો જેટલો કઠીન ગણાય, તેટલું બલ્કે તેથી અધિક દુર્ધરવાદિઓ સામે જય મેળવવાનું કામ કઠીન ગણાય. વાદને એક વ્યર્થ પ્રકારનું વાગ્યુદ્ધ ગણી જેઓ અવગણે છે તેઓ સાચેજ ભીંત ભૂલે છે. વાદ, એક વિશિષ્ટ પ્રકારની કળા છે. આત્માના સ્વાભાવિક શક્તિ વિકાસ વિના આ સહુને માટે કાંઈ લભ્ય નથી.

અલબત સ્વપક્ષ-રાગ અને પરપક્ષ દ્વેષ ભાવથી સત્યની અવગણનાપૂર્વક સેવાતા વાદોને તો જ્ઞાનીઓએ મહામોહ કહેલો છે. વાદને બદલે વિતણ્ડાવાદો આવા જઘન્ય ભાવમાંથી જ જન્મે છે, તેમાં અનેક પ્રકારનાં છલ કપટ ને પ્રધાનતા અપાય છે. આવા વિતણ્ડાવાદો તો બિલકુલ તિરસ્કારને પાત્ર જ ઠરેલા

છે. શાસ્ત્રકારોએ તો, પોતે જીતવું અને બીજાને હાર આપવી, એવા જિગિષા વગેરે ભાવથી કરાતા યુક્તિપૂર્વકના વાદોને પણ અયોગ્ય ગણ્યા છે. આવકાર્ય છે માત્ર ધર્મવાદો, કે જેમાં અસત્યની ભ્રમજાળ ભેદીને સત્યનો વિજય વાવટો ફરકાવાય છે, જેમાં પ્રતિપક્ષી પણ અજ્ઞાનતાથી ભૂલતો હોય તો સત્ય સમજીને સાધનાનાં સાચા માર્ગે આવે, અથવા અજ્ઞાનતાથી શાસન સિધ્ધાંતોની અવહેલના કરતો હોય અને એથી અનેક મનુષ્યો અધર્મમાં પડતા હોય તો તેઓ એ પાપથી બચે અને યોગ્ય મનુષ્યો ધર્મનો સાચો રસ્તો પામે, આ જ એક ઉદાત્ત આશય હોય છે.

આવા વાદોના પરિણામે શ્રી જિનશાસનનાં ચરણે શ્રી ઇન્દ્રભૂતિજી આદિ ગણધર ભગવન્તો મળ્યા, સિદ્ધસેન દિવાકરજી મળ્યા, સત્તાના મદમાં અંધ બની ગયેલા એક કાલના બૌધ્ધો આદિનો પગદંડો, જે બીજા અનેકોનો પરાભવ કરતો હતો, તે ભરૂચ અને પશ્ચાત ભારત ભરમાંથી દૂર થઈ ગયો, વગેરે વગેરે થતા અગણિત લાભોને કોઇ ન ભૂલે.

આપણા સ્વર્ગસ્થ સૂરિ સાર્વભોમના જમાનામાં આર્યસમાજીસ્ટો, દિગમ્બરો, સ્થાનકવાસીઓ, તેરાપંથીઓ, તથા વેદાન્તીઓ વગેરે તરફથી શાસન ઉપર અનેક આક્રમણો આવ્યાં કરતાં હતાં. તેઓ પોતાની દુર્ધરવાદ શક્તિ ઉપર મુસ્તાક હતા, અને ભલભલાને પરાસ્ત કરવાનો ગર્વ ધરાવતા હતા. આપણા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની ત્યારે ભરયુવાની હતી, પંજાબમાં વિચરતા હતા, [illegible] શુભ [illegible] હતી. પછી તો પૂછવું જ શું? જમાનામાં અને તે પછી પણ વેદાન્તીઓ, દિગમ્બરો, સ્થાનકવાસીઓ, તેરાપંથીઓ, આર્યસમાજીસ્ટો, મુસલમાનો વગેરે અનેક પ્રકારના પ્રશ્નોની ઝડીઓ વર્ષાવતા હતા, જરાયે ક્ષોભ પામ્યા વિના તેઓને શાંતિપૂર્વક વિદ્વત્તાભર્યા જવાબો આપી સારી રીતે મુગ્ધ કરતા હતા. એમાં પંજાબના કસુર ગામમાં તેઓશ્રીને આર્યસમાજીસ્ટો સાથે જાહેર વાદનો પ્રથમ પ્રસંગ સાંપડયો, તે બાદ મુલતાનમાં દિગમ્બરીઓ સાથે, તે બાદ છૂટાં છવાયાં સ્થાનકવાસી, તેરાપંથી, વેદાન્તીઓ વગેરે સાથે પણ આવ્યા હતા, કહેવાની જરૂર નથી કે આ બધાયમાં આચાર્યદેવશ્રીએ પોતાના અજબ પ્રતિભા બલથી જયપત્રો મેળવ્યાં હતાં અને શ્રી જૈનશાસનનો વાવટો ફરકાવવા સાથે અનેકને બોધિબીજ પમાડનારી મહાન શાસન પ્રભાવના કરી હતી; પછી તો ગુજરાતના નરસંડા ગામમાં બાદ વટાદરામાં પણ તેઓશ્રીને આ મુકાબલો થયેલો. આ જમાનામાં પરવાદીઓ સામે સભામાં સચોટવાદ કરીને શાસનનો વિજય વાવટો ફરકાવનારા આવા વાદી મહાપુરૂષ શાસનના શણગાર હતા, એમાં શંકા નથી.

પૂ. વાદિવેતાલ શાંતિસૂરિજી, પૂ. વાદિદેવસૂરિજી પૂ. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી, અને આધુનિક યુગમાં થયેલા વાદિ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી તથા પાંચાલ દેશોધ્ધારક પૂજ્ય આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયાનન્દસૂરિજી (આત્મારામજી) મહારાજ જેવા પ્રભાવક મહાપુરૂષોની ખોટને પૂરનારા જૈનશાસનના અલંકાર સમા અનેક ચારિત્રશીલ મહાપુરૂષ [illegible] પૂજ્ય પોતાની શુભ [illegible] કરે એ જ શુભ મનોકામના.

# સૂરિસાર્વભૌમ ગુરૂદેવની ગૌરવગાથા

પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

પૂ. પાદ સ્વર્ગીય સૂરિદેવના જીવનને સ્પર્શતી જીવન ઝરમરની ગૌરવ ગાથા આલેખતો આ લેખ તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. પાદ આચાર્યદેવશ્રીએ હૃદયંગમ શૈલીમાં લખ્યો છે. પૂ. પાદ સ્વ. સૂરિદેવનાં વ્યક્તિત્વને સમજવા માટે આ લેખ ઉપયોગી છે.

⊙

વિશ્વના વિરાટ બગીચામાં અનેક રંગ બેરંગી માનવ પુષ્પો ખીલે છે, સુવાસ વિસ્તારે છે અને કરમાઈને ભૂમિપતિત થઇ જાય છે. સંસારની આવી પરિસ્થિતિ છે. અનેક આત્માઓ ચાલતાં જન્મ અને મરણના સતત્ ચક્ર પ્રમાણે જન્મે છે, જીવે છે અને મૃત્યના અનંત અંધારામાં લુપ્ત થઈ જાય છે. પણ જે આત્માઓ સ્વજીવનને સ્વ અને પર કલ્યાણ સાધનામાં એકમેક કરીને જીવી જાય છે, તે મહાપુરુષો ભલે સ્થૂલ દેહથી વિદેહ થઇ જાય છે પણ તેઓના સુકર્તવ્યોથી વિશ્વના ઇતિહાસમાં સુવર્ણ તકતી જેવા અમર થઈ રહે છે. વિશ્વ તેઓને કદીય ભુલતું નથી તેઓના સુગુણોને સ્મરીને સ્વ જીવનને પાવન બનાવે છે.

પૂ. પા. કવિકુલકિરીટ, વ્યા. વા. સૂરિસાર્વભૌમ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરિશ્વરજી મહારાજ તાજેતરમાં સ્વર્ગીય બન્યા. તેઓના સુગુણોની સુવાસે ભક્તોનાં હૈયાં રોતાં કરી મુક્યા. અખિલ શાસન પર જાણે વજ્રઘાત થયો હોય એવી પ્રત્યેક જૈનોએ વેદના અનુભવી. જૈન સંઘોએ પ્રત્યેક શહેરો અને ગામોમાં તેઓની પુણ્ય સ્મૃતિ અર્થે શ્રી શાન્તિસ્નાત્રો, અઠ્ઠાઇ મહોત્સવો તેમજ અન્ય સુકૃત્યો કરીને પૂ. ગુરુદેવના કારમા વિરહાનલને કંઇક પ્રશાન્ત કર્યો.

જ્યારથી લાલચંદભાઇએ દીક્ષા લીધી અને સદ્ધર્મસંરક્ષક જૈનાચાર્ય શ્રીમદ્વિજય કમલસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે પોતે સમર્પિત થયા ત્યારથી જ, ભલે વય નાની હતી પણ મતિ કુશાગ્ર–તીક્ષ્ણ હતી. હૃદયની ભાવનાઓ યુવાનીમાંય પણ વિશુદ્ધ હતી, વિનય અને પ્રશાન્ત પ્રકૃતિ તેઓને દેહને શ્વાસની જેમ સહજ વરેલી હતી. તેથી સર્વ તે સમયમાં સાધુ મંડળને પ્રિય બન્યા હતા. અને તેઓશ્રીના ગુરુદેવને તો પવિત્ર આશા હતી કે આ લબ્ધિવિજયની બુદ્ધિ તીક્ષ્ણ છે અને અભ્યાસ કરવામાં પરાયણતા છે. જેથી ભાવીમાં શાસ્ત્રોના પ્રચંડ વેત્તા અને મર્મસ્પર્શીજ્ઞાની થશે. સાથે વિનય ભાવથી ભર્યું પ્રત્યેક વર્તન છે, અને પ્રશાન્ત સ્વભાવ છે. જેથી અનેક મુનિગણનો પણ વ્યવસ્થાપક તંત્ર વાહક થશે. પૂ. ગુરુદેવની અસીમ કૃપાથી મુનિશ્રી લબ્ધિવિજયજી ટુંક સમયમાં જ પ્રખર વક્તા તરીકે પ્રસિદ્ધ થયા. અને તેય લાક્ષણિક શૈલિથી, તત્ત્વજ્ઞાનભરી ચર્ચાઓની ઝલકથી અને સુમધુર બુલંદ ધ્વનિથી, એટલે પૂ. ગુરુદેવે વ્યાખ્યાન વાચસ્પતિ બિરૂદથી સંઘ સમેત અલંકૃત કર્યા.

વ્યાખ્યાન વાચસ્પતિજીએ ગુરુદત્ત પદને વિશ્વજનોને યથાર્થ કરી બતાવ્યું. યોગ્ય વીર પુરુષને મસ્તકે તાજ હોય તો તે, તાજ અને રાજ ઉભયને દીપાવી મૂકે છે, તેવીજ રીતે લબ્ધિ નિધાન લબ્ધિવિજયજી મહારાજે પણ

પદને એવું દીપાવ્યું કે, જાણે મૂર્તરૂપ વાચસ્પતિજ આકાર સ્વીકારી ન જ ઉતરી આવ્યા હોય, એવું વ્યાખ્યાનાવસરે શ્રોતાગણને ક્ષણભર ભાન કરાવી દેતા. અપ્રમત્તાવસ્થા એટલે ઉગ્ર વિહારો પણ કરવાની કમીના નહોતી. પંજાબ, મારવાડ, માલવા, ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર આદિ દેશોમાં તેઓના પવિત્ર પદાર્પણો થયા છે. પ્રત્યેક દેશોમાં તેઓશ્રીના આકર્ષક અને વિદ્વતાપૂર્ણ જાહેર ભાષણો અને તાત્વિક વ્યાખ્યાન પ્રવાહોએ શાસનની અજબ પ્રભાવનાઓ પસારી. અને કંઇ નવ્ય જિનાલયો કંઇ તીર્થોદ્ધારો અને સંઘો, કંઇ પ્રતિષ્ઠાઓ, કંઇ અનેકોને સાથે દીક્ષા પ્રદાનો, કેટલાક સ્થળોમાં રાજરાજવીઓનેય દયામય અસરકારક સચોટ ઉપદેશો કરીને એક અજોડ વ્યાખ્યાતા અને શાસન પ્રભાવક તરીકે ખ્યાતિ મેળવી છે.

સંયમ પાલનમાં જેવા સાધના બિંદુમાં રત હતા તેવા જ શાસન પ્રભાવના અને રક્ષા કરવામાંય કટિબધ્ધ રહેતા. જેવા શાસ્ત્રાભ્યાસસ્વાધ્યાયમાં ઓત પ્રોત લીન હતા તેવા જ સ્વશિષ્ય મંડળને સ્વદર્શન-પરદર્શન શાસ્ત્રો ભણાવવામાં ખંતીલા અને ઉત્સાહી હતા, જેવા પ્રશાન્ત અને ઔદાસિન્યરસના આસ્વાદી હતા તેવા જ નેસીલી પ્રવૃત્તિયોથી અને પૂર્ણ પ્રસન્નતાથી ધર્મ વિરોધીઓની સાથે મક્કમ રીતે સત્ય દર્શાવવામાં, સમજાવવામાં અને પૂર્ણ વિજય મેળવવામાં રસીયા હતા. અંતર્મુખ બનીને આત્મશુદ્ધિની પ્રક્રિયાઓ સાધવામાં ગુલ્તાન હતા તેવાજ પરોપકારાર્થ અનેક પ્રામાણિક તર્કશાસ્ત્રોના સૂક્ષ્મ જૈનાગમ સિધ્ધાંતોના ગ્રંથો નિર્માણ કરવામાં અને પ્રકાશિત કરવામાંય અસાધારણ ઉદ્યમી હતા. જેવા સ્વનું જ્ઞાન પ્રાપ્ત કરીને સ્વની રમણતાસક્ત હતા તેવા પરમાંય સ્વત્વનું પરિજ્ઞાન રાખીને મૈત્રી ભાવનાના એક રસથી સર્વહિત કામુક હતા.

આ મહાન જ્યોતિર્ધર વ્યા. વા. લબ્ધિવિજયજી મહારાજને તેઓશ્રીના ગુરુદેવે તેઓના સુગુણ કુસુમોથી આકર્ષાઇને ઘણાજ મોટા મહોત્સવપૂર્વક આચાર્ય પદ પ્રદાન કર્યું હતું. આચાર્ય પદવી બાદ આચાર્ય લબ્ધિસૂરીશ્વરજી મહારાજે પૂ. ગુરુદેવે અર્પણ કરેલી મહાન લબ્ધિ જ ન હોય તેવી રીતે પોતે શાસન પ્રભાવના કરવામાં વિશેષ ઉદ્દીપ્ત થયા, ઉજાગર બન્યા.

આચાર્ય પદવી બાદ પોતે અનેક શહેરોમાં ચાતુર્માસ કરતાં, અનુપમ શાસનોદ્યત કર્યો છે. અનેક સ્થળોએ ઉપધાનો, ઉદ્યાપનો, અને અન્ય ધાર્મિક સંસ્થાઓની અસાધારણ પ્રેરણા આપી અને શાસન પ્રભાવના અસીમ પ્રસારી.

અનેક મુમુક્ષુ આત્માઓને સંસારની અસારતા સમજાવી ત્યાગ પંથના અખંડ પૂજારી બનાવ્યા. વૈરાગ્ય ભરપુર દેશના શ્રવણ કરીને અનેક શ્રીમંતોએ તેઓશ્રીના ચરણમાં સંયમ સ્વીકારી સ્વજીવનને ઉજવલ બનાવ્યું છે. પૂ. આચાર્યશ્રીના વરદ હસ્તે સેંકડો આત્માઓએ સંયમ સ્વીકાર્યું છે. અને તેની સાધનામાં અપ્રમત્તપણે એકાગ્ર બન્યા છે. પૂ. આચાર્યશ્રીના વિદ્વાન અને પ્રશાન્ત શિષ્યોમાં ત્રણ આચાર્યો અને વાચકો તેમજ પંન્યાસો આદિ પણ વિશિષ્ટતાવાળાઓ છે. જેઓ શાસન પ્રભાવનાની પૂર્તિ કરી રહ્યા છે. એ ગુરુદેવની અતિશયતાનેજ આભારી છે.

પૂ. આચાર્યદેવેશ શાન્તિપ્રિય હતા. જેઓની મુખ મુદ્રા જ દર્શકોને અનેરી ભાવના રંગમાં રંગી નાખતી. જેઓએ જીવ-

ગીની પલે પલને સફળ બનાવવા અંતઃકરણથી ઉદ્યમ કર્યાં છે. વ્યાખ્યાનો લગભગ પોતે જ આપે, શિષ્ય સમૂહને વાંચના પણ પોતે જ પ્રતિદિન નિયમીત આપે. નવા નવા ગહન ગ્રંથોનું તત્ત્વમય સર્જન પોતે જ કરતા, અને વચમાં ગુર્જર ભાષા અને હિન્દી ભાષામય રસ ભાવથી નીતરતી આદર્શ કાવ્ય રચના પણ કરતા જ રહેતા. જેઓએ નાની ઉંમર જ્ઞાનને કંઠસ્થ કરવામાં, યુવાની ઉગ્ર વિહારો અને ત્યાં પણ અનેક દર્શનિક વાદીઓની સાથે વાદ વિવાદો કરીને વિજય મેળવી જૈનશાસન વિકાસવંતુ કરવામાં, તેમજ વૃધ્ધાવસ્થા તાત્ત્વિક વ્યાખ્યાનો અને અનેકધા નવ્ય પ્રાચીન ગ્રંથો રચવામાં, ટીકાઓ બનાવવામાં તેમજ પ્રકાશનોમાં એક અખંડ સંગ્રામી યોધ્ધાની અદાથી કર્તવ્ય બજાવી સાર્થક કરી છે.

વેદનાની દારુણ પળો પણ હસતા મુખે આત્મ ચિંતનની એકધારી ભાવના સહિત સહન કરવાની અસીમ શક્તિ અને સહવર્તીઓનેય જાણે કોઈ સુંદર બોધ પાઠ જન આપી રહ્યા હોય એવી સૌમ્ય પ્રકૃતિ એ આચાર્યશ્રીની અજોડ વિશિષ્ટતા હતી.

સર્વ પ્રતિ સમાન ભાવ રાખવો. સર્વના હિતની માત્ર એક કલ્યાણ ભાવના પસારવી. સ્વ કે પર મુનિઓને સંયમ સાધનાની એવના જેઓના જીવનનો મુદ્રાલેખ હતો–જીવન મંત્ર હતો.

જેઓમાં અનેક સુગુણો ખીલેલા હતા, જેની સુવાસ પણ વિશ્વભરમાં પ્રસરેલી જ છે. પણ સુગુણી સંતોના ઉપકારી પુરુષોના સુગુણો આવા પ્રચારવા એ એક ગુણ પ્રાપ્તિનું અમોઘ સાધન છે. એ બીન શંકાની વાત છે.

પૂ. આચાર્યદેવેશે ટૂંકમાં દીર્ઘ દીક્ષાપર્યાયમાં સ્વજીવનને ઘણુંજ પવિત્ર અને શાસન સેવાના એક કર્તવ્યમાં વીતાવ્યું છે. જેઓની મુખમુદ્રા જ એવી સૌમ્ય ગંભીર અને ભાવપ્રેરક હતી કે, દર્શકોને દર્શન કરતાં જ અધ્યાત્મની, વૈરાગ્યની, ત્યાગની અનેરી અસર થઈ જતી. મુખમુદ્રા જેવી ભાવોત્પાદક હતી તેવીજ જ્યારે વાણી ગંગા વ્હેતી ત્યારે તો શ્રવણ કરનાર તે ભાગીરથીમાં પ્લાવિત થઈ પાવન જીવન બની જતા. જેઓની વાણી આમ તત્ત્વમય અને ભાવમય હતી, પણ ગહનતા કે સૂક્ષ્મતા નહિ દર્શાતી. સરલતા એટલી હતી કે, માર્મિક પ્રશ્નોનેય સામાન્ય બુધ્ધિગ્રાહ્ય બનાવી દેતા. રસાસ્વાદ પણ એવો સુંદર રહેતો કે શ્રોતાગણને મુગ્ધતાજ એક ધારી રહેતી.

'એક મારા પૂજ્ય અને ધર્મમિત્ર, એક જૈનાચાર્ય મને આશ્વાસન આપતાં પત્રમાં જણાવે છે કે, ખરેખર પૂ. પા. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનું મુખ કમલ એવું પ્રસન્ન હતું કે જેને જોતાં સમકિત પ્રાપ્ત થઈ જાય.'

આ વાકય વાંચીને મને અપૂર્વાનંદ થયો અને મનને પણ એમ થયું કે, આજે પણ આવા સત્ય કથકો ગુણગ્રાહી મહાપુરુષો છે જ. હૃદય તેઓની ગુણ ગ્રાહક પ્રકૃતિ પર ઝુકી પડયું.

સાચે જ પૂ. સ્વ. ગુરુદેવ અનેક ગુણોના દરિયા હતા. કલમથી શું લખાય ! આ તો એક હૃદયોર્મિને ટુંક લેખમાં ઢાલવી છે. બાકી તેઓનું વિવિધ રંગી અનેક સુગુણ કુસુમથી મહેકતું આદ્યંત જીવન વૃત્તાંત પ્રગટ થશે ત્યારે જ જન વર્ગને સાચું ઉદ્બોધન મળશે.

અનંત ઉપકારી પૂ. ગુરુદેવનાં પવિત્ર ચરણકમલમાં કોટિશ વંદના.

# કોટિ-કોટિ વંદના

**પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિવર**

પૂ. પાદ સૂરીશ્વરજીનાં જીવનની અનેકવિધ વિશિષ્ટતાઓને અર્ધ્યાંજલિ આપતા આ લેખમાં પૂ. મહારાજશ્રી પોતાનો ભક્તિભાવ સહૃદયભાવે પ્રદર્શિત કરે છે.

૧ જેઓશ્રીની વ્યાકરણ, કાવ્ય, કોષ, સાહિત્ય, છંદ, ન્યાય, તર્ક અને જ્યોતિષ આદિ શાસ્ત્રોની નિષ્ણાતતા સુવિખ્યાત છે.

૨ જેઓશ્રીનું ષડ્દર્શનોનું તલસ્પર્શી જ્ઞાન જેઓશ્રીના સમાગમમાં આવનારને આશ્ચર્યમુગ્ધ બનાવે છે.

૩ જેઓશ્રીની સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં ગદ્યપદ્યબદ્ધ અનેકવિધ વિષયક, રસિક, અને વિદ્વદ્જન માન્ય, કૃતિઓ એ જૈન સમાજને તેઓશ્રીએ અર્પણ કરેલ સુંદર ભેટણું અને અપૂર્વ વારસો છે.

૪ જેઓશ્રીની વાદવિવાદો પ્રસંગેની યુક્તિસંગત વાક્ચાતુર્યતા, તર્કશક્તિ, અને હાજર જવાબી અતિ પ્રશંસનીય છે.

૫ જેમની શીઘ્ર કવિત્વ શક્તિએ અને પ્રખર વક્તૃત્વ કળાએ લોક રંજનનું નહિ, પણ અજ્ઞાનતિમિરને દૂર કરવામાં અંજનનું કાર્ય કર્યું છે.

૬ જેઓશ્રીની ઉદારતા, સહિષ્ણુતા, લોકપ્રિયતા, ગુણ ગ્રાહિતા, શાન્તિ પ્રિયતા, નિરભિમાનતા, ધીરજતા, ગંભીરતા આદિ ગુણોની શ્રેણીએ સૌ કોઈના હૃદયમાં એક સરખું બહુમાન પેદા કર્યું છે.

૭ જેઓ એકી સાથે આવેલા અનેક રોગોના હુમલાનો જ્ઞાન અને સમતા રૂપી શસ્ત્રોથી પરમ યોધ્ધાની માફક બહાદુરીપૂર્વક સામનો કરવા ભાગ્યશાળી બન્યા છે.

૮ જેમણે અનેકવિધ દર્દોની અસહ્ય વેદના વચ્ચે પણ સંગીતમય નવકારમંત્રની ધૂનમાં ધ્યાન પરોવવાની અજબ શક્તિ કેળવી હતી.

૯ જેમણે જીવીજવું, અને જીવીજાણવું એ બે વચ્ચેના મહાન્ ભેદનું આપણા સૌને સુંદર જ્ઞાન કરાવ્યું હતું.

૧૦ જેમના જીવનમાં અવર્ણવાદનો તિરસ્કાર અને વર્ણવાદનો આદર ઓતપ્રોત બનેલો હતો.

એવા એક જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, પવિત્ર નામ ધેય, પ્રાતઃસ્મરણીય પરમારાધ્ય પરમપૂજ્ય ગુરૂ દેવ.....

આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના ચરણકમળમાં કોટિ કોટિ વન્દના.

# જૈનશાસનની અનુપમ આરાધના!

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર
[ પૂ પાદ આ. મ. શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન ]

પૂ. પાદ સ્વર્ગીયસૂરિદેવશ્રીની આરાધનાને બિરદાવતો આ લેખ, જૈનશાસનની આરાધનાનાં મર્મને સ્પર્શીને જૈન શાસનની વિશિષ્ટતા વર્ણવે છે. તેમજ પૂ. સૂરીશ્વરજીનાં વ્યક્તિત્વની મહત્તા દર્શાવે છે.

⊙

જૈનશાસન સર્વજ્ઞ કથિત છે. તેની પ્રતીતિ ત્રણ પ્રકારે થઇ શકે છે. આત્મા ગુરુ અને શાસ્ત્ર. શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે–

'आया गुरवो सत्थं
तिपच्चया चाऽऽदिमो त्थिय जिणस्स ।
सपच्चक्खत्तणओ,
सीसाण उ तिप्पचारो वि ॥ २१४१ ॥

**અર્થ**:–આત્મા, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણ પ્રત્યય છે, તેમાં પહેલો આત્મ લક્ષણ પ્રત્યય તીર્થંકર ભગવંતને હોય છે. તેઓ સર્વજ્ઞ હોવાથી આત્મ પ્રત્યક્ષ કરીને ધર્મને કહે છે. ગણધર ભગવંત અને તેમના શિષ્ય–પ્રશિષ્યો આદિને પણ ત્રણ પ્રકારે ધર્મની પ્રતીતિ હોય છે આત્મ પ્રતીતિ, ગુરુ પ્રતીતિ અને શાસ્ત્ર પ્રતીતિ. તેમાં પ્રથમ આત્મ પ્રતીતિ એટલે કોઇ પણ પ્રેક્ષાવાન્ પુરુષ આ વ્યાજબી છે, એમ જાણીને જ ધર્મને અંગીકાર કરે છે. ગુરુ પ્રતીતિ એટલે ગણધર ભગવંતના ગુરુ તીર્થંકર ભગવંત, તેમના ઉપરના વિશ્વાસથી ગણધરો ધર્મને અંગીકાર કરે છે. તેઓ વિચારે છે કે અમારા આ ગુરુ પ્રત્યક્ષ અનુભવસિદ્ધ સર્વજ્ઞ છે, કેમકે તેઓ અમારા સર્વ સંશયોને છેદનારા છે. રાગ દ્વેષ અને ભય રહિત છે કેમકે તે ત્રણ દોષોનું એક પણ ચિહ્ન તેમનામાં દેખાતું નથી. સર્વજ્ઞ તથા રાગ, દ્વેષ, ભયથી રહિત હોવાથી તેઓ કદાપિ અસત્ય બોલે નહિ, તેથી તેમનું વચન શ્રદ્ધેય છે. તેઓ સામાયિક ધર્મનો જે ઉપદેશ આપે છે, તે યથાર્થ છે, સત્ય છે. વળી [illegible] અનુભવ [illegible] [illegible] ત્રિભુવનને તેમનું વચન માન્ય છે, પ્રમાણ છે. તેઓ જે સામાયિક ધર્મનો ઉપદેશ આપે છે, તે અમારે માટે શ્રદ્ધેય છે. એ રીતે ગણધર ભગવંતના શિષ્ય પ્રશિષ્યો પણ પોતપોતાના ગુરુઓના ગુણોનો પ્રત્યક્ષ અનુભવ કરવાથી ધર્મશ્રદ્ધાવાળા બને છે.

'આત્મ પ્રતીતિ અને ગુરુ પ્રતીતિની જેમ ત્રીજી શાસ્ત્ર પ્રતીતિ છે. શાસ્ત્ર સર્વ જીવને હિતકર છે. તથા પૂર્વાપર અવિરુદ્ધ છે. શાસ્ત્ર જે સામાયિક ધર્મને કહે છે, તે સામાયિક ધર્મ સર્વ ગુણોને ગ્રહણ કરવાના ફળવાળો છે, તેથી અમને ઉપાદેય છે. એ રીતે શાસ્ત્રની પ્રતીતિથી પણ ધર્મનો સ્વીકાર થાય છે. એ રીતે આત્મા, ગુરુ અને શાસ્ત્ર એ ત્રણ પ્રત્યયથી ધર્મમાર્ગ અને તેની આરાધના વિશ્વમાં પ્રચલિત છે.

સર્વ ધર્મોમાં શ્રી જિનશાસન એ પ્રધાન છે. એની પ્રતીતિ જેમ ઉપરનાં ત્રણ સાધનોથી થઇ શકે છે, તેમ શ્રી જિનશાસને બતાવેલા આરાધનાના ત્રણ મુખ્ય પ્રકારો વડે થઇ શકે છે. શ્રી જિનશાસને બતાવેલા આરાધનાના ત્રણ મુખ્ય પ્રકારોનાં નામ દુષ્કૃતગર્હા સુકૃતાનુમોદના અને ચતુઃશરણગમન છે. કાલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે નીચેના એકજ શ્લોકમાં એ ત્રણ સાધનોને વર્ણવે છે.

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चाऽनुमोदयन् ।
नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥

**અર્થ**:–હે નાથ! મેં કરેલા દુષ્કૃતોની ગર્હા કરતો અને સુકૃતોની અનુમોદના કરતો શરણ રહિત એવો હું આપના ચરણોના શરણે સ્વીકાર કરું છું.
(શ્રી વીતરાગ સ્તોત્ર પ્રકાશ ૧૭ શ્લો. ૧)

દુષ્કૃતની ગર્હાપૂર્વક દુષ્કૃત ન કરવું. સુકૃતની

અનુમોદનાપૂર્વક સુકૃત કરવું અને પોતાને અન્ય સર્વ વસ્તુઓના શરણથી રહિત માનીને પ્રભુના શરણે અનન્ય ભાવે જવું, એ શ્રી જિનશાસનની આરાધનાનું ઉંડામાં ઉંડું રહસ્ય છે. દુષ્કૃતન કરવાનો ઉપદેશ સૌ કોઈ આપે છે, સુકૃત કરવાનો તથા પ્રભુના શરણે જવાનો ઉપદેશ પણ સર્વત્ર મળે છે. કિન્તુ દુષ્કૃત માત્રની ત્રૈકાલિક ગર્હા, સુકૃતમાત્રની સાર્વદેશિક અનુમોદના અને અન્યશરણ રહિત પ્રભુના અનન્ય શરણનો ઉપદેશ તો પ્રધાનતયા માત્ર એક શ્રી જૈનશાસનમાં જ મળે છે. જૈનશાસનની આરાધનાનો પાયો ગર્હામાં છે, અનુમોદનામાં છે, પ્રભુની અનન્ય શરણાગતિમાં છે અને ગર્હાના પરિણામ વિના દુષ્કૃત ઘણીવાર જીવે છોડયું છે. અનુમોદનાના પરિણામ વિના સુકૃત ઘણીવાર જીવે કર્યું છે. પ્રભુને અનન્ય આધાર માન્યા વિના ઘણી વાર ભજ્યા છે, પરંતુ ભવનો અંત આવ્યો નથી. પાપના અનુબંધ તુટયા નથી. પુણ્યના અનુબંધ પડયા નથી. સ્વકૃતિનો અહંકાર ઓગળ્યો નથી.

સ્વર્ગત આચાર્યદેવનો જે સ્વલ્પ પરિચય મને મારા ગૃહસ્થ જીવનમાં અને સંયમ જીવનમાં થયો છે, તે ઉપરથી હું મારી અલ્પમતિ મુજબ તેમનામાં શ્રી જૈન શાસનની આરાધનાના આ મર્મને જોઈ શક્યો છું. આરાધનાના આ ત્રણે પ્રકારો એક સામટા તેમના જીવનમાં પ્રથમ દષ્ટિએજ દેખાઈ આવતા હતા. તેઓ શાસ્ત્રજ્ઞ હતા, ગીતાર્થ હતા, દ્રવ્યાનુયોગના અને ચરણકરણાનુયોગના જ્ઞાતા હતા, ગણિતાનુયોગમાં તેમને રસ હતો અને કથાનુયોગના પણ તેઓ નિષ્ણાત હતા, તે સત્ય નિર્વિવાદ છે, તેમના પરિચયમાં આવનાર સૌ કોઈને અનુભવસિદ્ધ છે. પરન્તુ એટલા માત્રથી જ તેમના જીવનની સુવાસ સૌ કોઈને આકર્ષતી હતી, એમ કહેવું એ અર્ધ સત્ય છે. તેમના જીવનની સુવાસ સૌ કોઈને આકર્ષતી હતી તેમાં તેમની શાસ્ત્રજ્ઞતા વગેરે તો હતાં જ કિન્તુ તેથી પણ અધિક તેમની દુષ્કૃત ગર્હા, સુકૃતાનુમોદના અને ચતુઃશરણગમન આદિના અંતઃકરણના સાચા પરિણામ હતા. એ પરિણામ એમના ભવ્યત્વની ખુશબોને ફેલાવતા હતા. એમની પ્રભુ ભક્તિને, સંઘ ભક્તિને, શાસન ભક્તિને વિકસાવતા હતા, એમની નમસ્કારની પરિણતિનો અને સર્વજીવ રાશિ સાથે આત્મ તુલ્ય ભાવ–સમતા સામાયિક રૂપ આત્મ અધ્યવસાયને બહેલાવતા હતા. સમત્વભાવ અને નમસ્કાર ભાવના તેમના એ પરિણામને અંતિમ માંદગી વખતે જીવનની છેલ્લી ઘડીઓ ગણાતી હતી તે અવસરે હજારો જીવોને પ્રત્યક્ષ જોવા મળ્યા હતા. 'નમો અરિહંતાણં' પદની ધૂનમાં તેમનો આત્મા પ્રાણાંત કષ્ટ વખતે પણ તલ્લીન થઈ જતો હતો, એમાં તેમની ગીતાર્થતા, તેમની શાસ્ત્રજ્ઞતા અને તેમની શાસન ભક્તિ દેખાઈ આવતી હતી. ચૌદ પૂર્વના સાર તુલ્ય એ પ્રથમ પદમાં આરાધનાના ત્રણે પ્રકારો અંતર્ગત થઈ જતા હતા. એવું તેમનું આંતરજ્ઞાન તેમની સર્વવેદનાઓને વિસરાવી દેતું હતું. 'નમો' પદ દુષ્કૃતગર્હાવાચક, 'અરિહં' પદ સુકૃતાનુમોદન વાચક અને 'તાણં' પદ શરણગમનવાચક બનીને તેમના આત્માને અંતિમ સમાધિમાં લીન કરી દેતું હતું.

મુંબાઈ જેવી મોહમયી નગરીમાં ત્રીસ ત્રીસ દિવસ સુધીની દીર્ઘ વેદનાઓ વચ્ચે હજારો અને લાખો ભાવિકોના અને દર્શકોના હૃદયમાં આરાધનાનો ભાવ, નમસ્કારની પરિણતિ અને સમતાનો અપૂર્વ અધ્યવસાય જગાડીને સૂરિપુંગવના પાવન આત્માએ સ્વર્ગમાં વિદાય લીધી અને દુઃષમ કાળના દોષથી દૂષિત એવા આ ભરતક્ષેત્રના માનવીઓને સાધનાનો એક અપૂર્વ આદર્શ પુરો પાડી ગયા! ધન્ય હો એમના જન્મને, જીવનને, મૃત્યુને, એમની બોધિને, સમાધિને અને શ્રી જિનશાસનની પ્રીતિને!

# પૂ. સૂરીશ્વરજીની જીવન સાધના

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર
[પૂ. પાદ આ. મ શ્રીમદ્‌વિજય મનોહરસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન]

પૂ. સૂરીશ્વજીનાં જીવનની ઉચ્ચતમ સાધનાને અનુલક્ષી આ લેખમાં સુંદર પ્રકાશ લેખક મહારાજશ્રી પોતાની લેખિની દ્વારા પાથરે છે.

⊙

**શ્રી** જિનાગમનો સાર માનવદેહ વગેરે ધર્મની સામગ્રી પામીને તેનો ઉપયોગ અનાદિ સુખની ભૂખને શાન્ત કરવો તે છે.

જીવ માત્ર સુખનો અર્થી છે, સુખ માટે પ્રત્યેક ભવોમાં તેણે પ્રયત્નો કર્યા છે. છતાં આજ સુધી તેણે સ્વકાર્યની સિદ્ધિ કરી નથી. તેનું કારણ જીવને પોતાના સુખનું જ્ઞાન નથી, તેના ઉપાયોને તે સમજતો નથી. કોઇવાર એ જ્ઞાન એને મળ્યું ત્યારે તે માર્ગે પ્રયત્નો કર્યા નથી અને કોઇ ભવમાં સાતત્ય, ક્રમ અને પોતાની જીવન ભૂમિકાને અનુરૂપ કર્તવ્યનિષ્ઠા વગેરેને તે સાચવી શકયો નથી.

સંસારવર્તી સઘળા જીવોની આ પરિસ્થિતિને જાણીને જ્ઞાનીઓએ તેનાં સુખનો સાચો માર્ગ બતાવવા શાસ્ત્રો રચ્યાં છે. એ પ્રમાણે જૈનાગમમાં ચાર અનુયોગ વર્ણવ્યા છે, તેમાંનો દ્રવ્યાનુયોગ આત્માને સ્વ–પરનું જ્ઞાન કરાવે છે, ચરણકરણાનુયોગ તાત્ત્વિક શાશ્વત સુખને મેળવવાના વિધિ નિષેધોને જણાવે છે, ગણિતાનુયોગ સંસાર સમગ્રનું ગણિત શીખવે છે અને કથાનુયોગ જીવન સાધના કરતાં સાધક–બાધક ભાવને પામીને પતન તથા ઉત્થાનને પામેલા જીવોનાં ચરિત્રોને દૃષ્ટાન્તરૂપે રજુ કરી મનુષ્યને સાધનાની પ્રેરણા અર્પે છે.

એમ ચાર અનુયોગથી પૂર્ણ જૈનાગમમાં અનેકાનેક સાધકોનાં વિશિષ્ટ જીવન ચરિત્રો વર્ણવ્યાં છે, અને આજે પણ તે વિદ્યમાન છે, છતાં વર્તમાનમાં જેઓ આપણી સમક્ષ અદ્યતન જીવન સામગ્રીને પામીને સાધના કરી ગયા અને એ સાધનાના બળે અનેક ભવ્ય જીવોને ઉપકારક બની ગયા તે પરમોપકારી નિકટના ઉપકારી **પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની** જીવન સાધનાનું ટુંકુ વર્ણન અદ્યતનીય અને ભવિષ્યના ભવ્ય જીવોને ઉપકારક બનશે એ ઉદ્દેશથી કૃતજ્ઞભાવે લખવાનો લેશ પ્રયત્ન કર્યો છે.

**જન્મ અને બાલ્યકાળની સાધના:** તેઓશ્રી ઉત્તર ગુજરાતમાં ભોયણીથી ઉત્તરે અને મેસાણાની દક્ષિણે આવેલા 'બાલશાસન' નામના એક નાનકડા ગામમાં આજથી ચાર વીશી પૂર્વે વિ. સં. ૧૯૪૦ માં એક કુલીન સંસ્કારી કુટુંબમાં જન્મ્યા હતા. પિતાજીનું નામ પીતામ્બર શાહ, માતાજીનું નામ મોતીબાઇ અને પોતાનું નામ લાલચંદ્ર હતું.

જન્મભૂમિના અને કુળના આચારો જીવન ઘડતરમાં પ્રાથમિક છતાં ગલથૂથીની જેમ મહત્ત્વનો ભાગ ભજવે છે. ગામ નાનું છતાં પ્રજાના શિષ્ટાચારોનું બળ પ્રશસ્ત હતું. આર્યકુળોના રીવાજ પ્રમાણે જન્મ પછી કરવા યોગ્ય પુત્રનો ઉછેર અને વિદ્યાભ્યાસ વગેરે સર્વને થાય છે તેમ શ્રી લાલચંદ્રને અંગે પણ એ બધું શકયતા પ્રમાણે માતા-પિતાએ કર્યું હતું. પણ જીવનનું ઘડતર કરવાની કળા એ તો શ્રી લાલચંદ્રને સ્વાધીન હતી.

જીવનમાં ખોરાક તો સૌ લે છે. માતા પિતાદિ વાલીઓ પોતાના વ્હાલા પુત્રને મોંઘી અને ઉત્તમ વસ્તુઓ ખવરાવે છે પણ તેમાંથી શક્તિ–લોહી બનાવવાની કળા માતા પિતાને સ્વાધીન હોતી નથી. શક્તિ–લોહી બનાવવું, એ તો ખાનારના આરોગ્યને આધીન છે. લોહી વધારવાના લક્ષ્યપૂર્વક ઉત્તમ આહાર લેવા છતાં કેટલાય મનુષ્યો રોગી બને છે, અને જેવું તેવું ખાનાર પણ કોઇ લષ્ટ પુષ્ટ બનતા હોય છે. ત્યારે એ માનવું જ પડે છે કે આહાર શક્તિવર્ધક હોય પણ ખાનારનું આરોગ્ય સારૂં ન હોય, પાચન કળા મંદ હોય તો ઉત્તમ અને પૌષ્ટિક ખોરાક પણ નિષ્ફળ નીવડે છે. શક્તિ મેળવવા માટે પાચન ક્રિયા આવશ્યક છે.

એ રીતે બાલ્યકાળથી વૃદ્ધત્વ સુધી જીવનમાં ઉત્તમ સામગ્રી અને સંસ્કારી વાતાવરણ મળવા છતાં આત્માનું આરોગ્ય સર્જવું કે ગુણોને વધારવારૂપ પુષ્ટિ મેળવવી તે તો જીવના પુણ્યબળ અને જ્ઞાન બળ ઉપર આધારિત છે.

શ્રી લાલચંદ્રનાં માતા પિતા કે શિક્ષક વગેરે કુલીન હતાં, સંસ્કારી હતાં, એથી નીતિ અને સદાચારનું બળ પુત્રમાં વધે એ તેઓનું લક્ષ્ય હતું, પણ તે કંઈ વિરાગી ન હતા. તેમને તો સંસાર ખપતો હતો અને પુત્રને પણ સંસારી કાર્યોમાં કુશળ બનાવવા ઈચ્છતાં હતાં. એથી માતાએ સ્તનપાન મોહથી કરાવ્યું હતું, પિતાએ સંસારના રાગથી રંગાએલી વૃત્તિપૂર્વક લાલન–પાલન કર્યું હતું અને શિક્ષકોએ પણ એજ લક્ષ્યપૂર્વક શિક્ષણ આપ્યું હતું, છતાં વિષને પણ મારીને આરોગ્ય પ્રદ બનાવવાની જેમ શ્રી લાલચંદ્રે એમાંથી રાગને બદલે વૈરાગ્યનું બળ પ્રગટાવ્યું. એ કળા લાલચંદ્રના પુણ્યબળની અને પૂર્વભવીય સંસ્કારોની હતી.

વયથી બાળ છતાં પ્રકૃતિએ વૃદ્ધ શ્રી લાલચંદ્રને ખાન–પાન, રમત–ગમત, કે પહેરવા ઓઢવાનું કુતૂહલ ન હતું. એ બધું કરવા છતાં અને સૌની સાથે એકમેક બનીને વર્તવા છતાં અંતરંગથી ન્યારા રહેવાની તેનામાં કળા હતી.

ઉમ્મરથી ભલે સો વર્ષ થયાં હોય પણ જેની ભોગવૃત્તિ શમી નથી તેને તત્ત્વથી જ્ઞાનીઓ બાળ કહે છે અને ઉમ્મરે બાળ છતાં જેની ભોગ–ઉપભોગની વૃત્તિ શાન્ત હોય તેને વૃદ્ધ કહે છે.

વયમાં બાળ છતાં શ્રી લાલચંદ્રમાં કુતૂહલવૃત્તિ નહિ, ભણવાની શક્તિ સામગ્રી અને બુદ્ધિકુશાગ્ર છતાં અભિમાન નહિ, ખાન પાન વગેરે ભોગની વિપુલ સામગ્રીનાં આકર્ષણ નહિ અને લાડકોડ તથા માન–સન્માન છતાં અહંકાર નહિ.

એમ બાલ્યકાળમાં જ લાલચંદ્રે જેનું આકર્ષણ અન્ય જીવોને માર્ગ ભૂલાવી જીવન

ઘડતરમાં વિઘ્નભૂત બને છે તે જીવન સામગ્રીનો ઉપયોગ માનવતાના પ્રકટીકરણમાં કર્યો અને જીવનમાં વૈરાગ્યનાં બીજ વાવ્યાં.

પિતાજી તો લાલચંદ્ર દશ વર્ષનો થાય તે પહેલાં જ જાણે હવે પુત્રના વિકાસમાટે પોતે આવશ્યક નહોય અને વિશિષ્ટ પાલકને સોંપવા માટે ઇચ્છતા હોય તેમ લાલચંદ્રને નિરાધાર છોડી પરલોક ચાલ્યા ગયા. લાલચંદ્રને પિતાના વિરહનું દુઃખ થયું, પણ સ્વાર્થવૃત્તિને બદલે સેવાવૃત્તિથી.

મોહને લીધે આવા પ્રસંગે મનુષ્યને વિરહનું દુઃખ થાય છે અને પોતાને નિરાધાર માની કેટલાક સત્ત્વ ગુમાવી દે છે, પણ તત્ત્વથી **કોઈ પણ સંયોગ કે વિયોગ જીવના હિત માટે હોય છે.** આ તત્ત્વને બહુ ઓછા મનુષ્યો સમજતા હોય છે.

લાલચંદ્રને પિતાની હાજરી ઉપકારક બની તેમ વિરહ પણ ઉપકારક બન્યો. પિતાના વિરહમાં લાલચંદ્રે સ્વાશ્રયી બનવાનું સત્ત્વ કેળવ્યું. સંયોગ સામગ્રી પ્રમાણે જ્યાંથી જેટલી મળી તેટલી વ્યવહારિક અને થોડી ધાર્મિક કેળવણી પણ લીધી. પછી શરીરના ધર્મ પ્રમાણે યૌવનાભિમુખ બન્યો, ત્યારે પણ ઇન્દ્રિઓના ઉન્માદને વશ ન થતાં સત્ત્વથી યૌવનને નિર્વિકારી બનાવ્યું. સ્ત્રી અને ધનના આકર્ષણને બદલે તપ–ત્યાગનું બળ વધાર્યું અને હવે તો તે સાગરવરગંભીરા બન્યો.

એ રીતે પૂર્વજન્મની આરાધનાએ અને બાલ્યકાળની સુઘડતાએ યૌવનમાં સુંદર સાથ આપ્યો. શરીર–ઇન્દ્રિઓ નિર્વિકારી, મન વિરાગી અને વાણીમાં વિનય, વગેરે ગુણો જે યૌવનવયમાં દુર્લભ ગણાય તેવા પણ ગુણો તે વયમાં લાલચંદ્રે સુસાધ્ય–સુલભ બનાવ્યા.

પોતાની વયના અનેક મિત્રો સાથે ઉછરવા છતાં અને સાથે વિદ્યાભ્યાસ કરવા છતાં એક જ ખાણમાં હીરા અને પત્થરમાં ભેદ પડે તેમ તેઓમાં અને લાલચંદ્રમાં ભેદ પડયો.

એમ છતાં લાલચંદ્રનો વિનય ઉત્તરોત્તર વધતો ગયો. માતા–પિતા વગેરેના ઉપકારોને તે લેશ પણ ન ભૂલ્યો. પગમાં ગમે તેવી તાકાત છતાં સીડી વિના ઊંચે ચઢાય નહિ, વાડ વિના વેલો ચઢે નહિ, એ સત્યને તે બરાબર સમજતો હતો, અને તેથી ' પોતાના જીવન ઘડતરમાં વડીલોનો વિશિષ્ટ ફાળો ' છે, એમ સમજી નમ્રભાવે તે માતા વગેરેની સેવા કરતો રહ્યો.

એમ લાલચંદ્ર બાલ્યકાળથી લોકપ્રિય-સ્વજન પ્રિય તો હતો જ. હવે તો વધારામાં તે સંત પ્રિય બન્યો. બન્યું એમ કે ભવિતવ્યતા યોગે નજીકમાં રહેલા ભોયણીતીર્થમાં શ્રી મલ્લિનાથ ભગવંતની ચમત્કારી પ્રતિમાની યાત્રાર્થે જતા **પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજ** સપરિવાર વચ્ચે આવતા બાલશાસન ગામે પધાર્યા. તેઓને કયાંથી માહિતી હોય કે આ નાનકડા ગામમાં એક હીરો છે અને તે પોતાને હાથ ચઢવાનો છે ?

' ગામમાં મુનિરાજ પધાર્યા છે ' એ સાંભળતાં જ શ્રી લાલચંદ્ર તેઓના દર્શનાર્થે પહોંચી ગયો. ગુરુને દેખીને ચકોરને ચંદ્રના દર્શનથી થાય તેવો આનંદ અનુભવ્યો અને ગુરુ મહારાજે પણ પૂર્વજન્મનો પરિચિત હોય તેમ લાલચંદ્રને પારખી લીધો. તેનો વિનય, ભક્તિ, પૂજ્યભાવ, વગેરે ગુણોને જોઇ તેઓ ઘણા પ્રસન્ન થયા.

એમ કહી શકાય કે લાલચંદ્રની યોગ્યતા અને ગુરુદેવનું પુણ્ય બન્ને બળવાન બનીને પૂ. ગુરુદેવને બાલશાસન લઇ આવ્યાં હતાં.

ઉપકારી પુરુષોનો એ સહજ સ્વભાવ હોય છે કે ઉત્તમ જીવને જોઇને તેઓ પ્રસન્ન થાય અને તેને વિશેષ ઉત્તમ બનાવવાના પ્રયત્નો કરે. પ્રસંગને પામી ગુરુ મહારાજે લાલચંદ્રનું હ્રદય ખોલાવ્યું અને કદાપિ કોઇને નહિ જણાવેલી સંયમ લેવાની ભાવના લાલચંદ્રે ગુરુદેવની સામે પ્રગટ કરી.

પણ એમ કંઈ સંયમ આપી દે તેવા એ ગુરુ ન હતા. નિસ્પૃહ શિરોમણી ગુરુદેવે આશ્વાસન આપી યૌવનના વેગને જીતવાનો અભ્યાસ કરવા ભલામણ કરી. એ માટેના યોગ્ય ઉપાયો સમજાવ્યા અને ધીર–સ્થિર બની સાધનામાં આગળ વધવાની હિતભરી શિખામણ આપી.

શ્રી લાલચંદ્ર પણ ગુરુદેવની નિસ્પૃહતા અને પરોપકારથી ભરેલી એક એક શિખામણને લાખેણી માની હ્રદયમાં ઉતારતો ગયો અને એ મુજબ સાધના કરવા કૃતનિશ્ચયી બન્યો.

પછી તો ગુરુ મહારાજ વાત્સલ્ય આપીને અને બદલામાં લાલચંદ્રના હ્રદયમાં રહેલા પૂજ્યભાવને લઇને ચાલ્યા ગયા. પણ લાલચંદ્રના હ્રદયમાં પૂજ્યભાવ ઉલટો વધતો ગયો.

ખરેખર! સાચા ગુણોનું આકર્ષણ લોહચુંબકની જેમ ઉત્તમ આત્માઓને આકર્ષે છે. નિઃસ્પૃહતાપૂર્વકની પરોપકાર વૃત્તિ શું ન કરે? એક જ દિવસના પરિચયે ગુરુ મહારાજે લાલચંદ્ર ઉપર અણમોલ ઉપકાર કર્યો, તેનાં નેત્રો ખોલી દીધાં અને સત્ત્વ ખીલવી દીધું.

પરિણામ એ આવ્યું કે પ્રગટેલો પૂજ્યભાવ દૃઢ થયો અને તેણે સઘળાં વિઘ્નોનો પરાજય કરી લાલચંદ્રને ગુરુના શરણે પહોંચાડી દીધો.

વિ. સં. ૧૯૫૯ માં ઓગણીસ વર્ષની ભરયૌવનવયે વૈરાગ્યનો સહકાર પામેલા શ્રી લાલચંદ્રે એજ **પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની પાસે દીક્ષા લીધી** અને તે દિવસથી લાલચંદ્ર મટીને તે **પૂ. મુનિશ્રીલબ્ધિવિજયજી** થયા.

ગુરુનો વાત્સલ્યભાવ અને શિષ્યનો વિનય બે એવાં તત્ત્વો છે કે સ્વ–પર ઉપકારક ગુરુ શિષ્યના સંબંધને નિર્મળ અને દૃઢ બનાવી બન્નેનાં જીવનને કૃતાર્થ કરે છે. એમાંથી એક પણ ખૂટતું હોય તો ધાર્યા પ્રમાણે હિત થતું નથી, અને બન્નેનો અભાવ છતાં મોહથી સંબંધ થયો હોય તો તે સંબંધ બગડવાનો સંભવ અધિક રહે છે.

**જીવન સાધના :** પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજીએ કોઈ લૌકિક સુખ કે માનપાનની અપેક્ષા રાખી ન હતી. કેવળ ગુણાનુરાગથી રંગાઇને, જીવન સાધના માટે, સેવા કરવાના એક નિર્મળ ધ્યેયથી દીક્ષા લીધી હતી. એટલે દીક્ષા લીધી ત્યારથી પોતાની અગવડ–સગવડનો પ્રશ્ન તેઓને નડયો ન હતો. કેવળ ગુરુઆજ્ઞાની મર્યાદામાં રહીને તેઓ સેવામાં રક્ત બન્યા. ગુરુની પ્રસન્નતાએ પ્રસન્ન અને ગુરુના દુઃખે દુઃખ અનુભવતા તેઓ વિનય-વૈયાવચ્ચમાં એવા લીન બન્યા કે તેઓની નિષ્કામ સેવાવૃત્તિએ ગુરુનાં હ્રદયમાં ઊંડો આત્મીયભાવ પ્રગટ કર્યો. એનું પરિણામ એ આવ્યું કે પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજીના સર્વતોમુખી વિકાસ માટે પૂ. ગુરુદેવ એટલા જ ઉદ્યત બન્યા.

જ્યાં ગુરુ શિષ્યનું કલ્યાણ ઈચ્છે અને શિષ્ય કેવળ સેવા કરવાનું પસંદ કરે, ત્યાં પરસ્પરના કર્તવ્યમાર્ગમાં કોઈ વિઘ્ન ટકી શકતું નથી.

પૂ. ગુરુદેવે મુનિશ્રી લબ્ધિવિજયજીના સંયમ જીવન માટે જરૂરી પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવાની પૂરતી સગવડ અને સાથ આપ્યો.

પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજી પણ નિર્મળ અને કુશાગ્ર બુદ્ધિના બળે અલ્પ સમયમાં જ આવશ્યક સૂત્રો અને પ્રકરણ ગ્રન્થોનો અભ્યાસ કરી સંયમની સાધનામાં **નિષ્ણાત** બન્યા.

પછી તો તેઓની **અધ્યયનની** યોગ્યતા અને બુદ્ધિને જોઇને વિશિષ્ટ અભ્યાસનો પ્રબંધ કર્યો અને પાંચ વર્ષ જેટલા ટુંકા ગાળામાં સંસ્કૃત વ્યાકરણ, કાવ્ય, કોષ, સાહિત્ય અને ન્યાય વગેરેનો અભ્યાસ તેમણે કરી લીધો. બીજી બાજુ જૈનાગમોનું અધ્યયન પણ કરતા રહ્યા. અને હિન્દી, ઉર્દૂ તથા સંસ્કૃતમાં બોલવાની કળા પણ પ્રાપ્ત કરી લીધી ગુરુકૃપા શું ન કરે? મુનિ લબ્ધિ વિજયજી થોડા વર્ષોમાં જ એક વિદ્વાનની પંક્તિમાં મૂકાયા.

જ્ઞાન મેળવીને જ સંતોષ માનવો એ તત્ત્વથી જ્ઞાનનો બોજો વધારવા તુલ્ય છે. **લીધેલો ખોરાક પચે નહિ તો શરીરમાં ભાર અને બેચેની વધે, તેમ જ્ઞાન પણ પચાવ્યા વિના ભારરૂપ બને છે.** એમ સમજતા મુનીશ્રી લબ્ધિવિજયજીએ જ્ઞાનનો ઉપયોગ પ્રથમ પોતાની જીવન સાધના માટે કરી લીધો. પ્રત્યેક ક્રિયામાં જ્ઞાનને વણી લીધું અને તેથી તેઓનો ત્યાગ, વૈરાગ્ય, વિનય, વૈયાવચ્ચ વગેરે જ્ઞાનગર્ભિત બની ગયાં.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એટલે સ્વાર્થવૃત્તિને બદલે પરાર્થવૃત્તિનો પ્રાદુર્ભાવ અને કર્તવ્ય નિષ્ઠા. ઉપરાંત જીવન સાધનામાં આવતાં વિઘ્નોનો પરાજય કરવાની અજેય શક્તિ અને અહંકાર મટીને નમસ્કાર ભાવનું પ્રગટીકરણ.

પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજીમાં જ્ઞાનની સ્પર્ધા કરતા હોય તેમ ત્યાગ વૈરાગ્ય, વિનય, વગેરે ગુણો અધિકાધિક વિકાસ પામ્યા, એમાં એ પણ કારણ હતું કે જ્ઞાનપ્રાપ્તિની પાછળ તેઓનો ઉદ્દેશ મહાન બનવાનો નહિ, પણ અજ્ઞાનને ટાળવાનો અને જિનાજ્ઞા તથા ગુરુ આજ્ઞાને પાળવાનો હતો. પરિષહો અને ઉપસર્ગોને જીતવાની તેઓની હિતકર વૃત્તિ હતી.

તેઓની અંતિમ આરાધનાના આધારે અનુમાન કરી શકાય કે તેઓના જીવનમાં ઉપર્યુક્ત ગુણોનું પ્રગટીકરણ હતું, અન્યથા અંતિમ આરાધના આવી ઉચ્ચકોટીની અશક્ય નહિ પણ દુઃશકય તો બને જ.

જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે, તેથી જે આત્મામાં તે સમ્યગ્ પરિણમે છે તે આત્મા પણ સ્વ-પર પ્રકાશક ( ઉપકારક ) બન્યા વિના રહી શકતો નથી. કેવળ પોતાનુંજ હિત કરીને તે સંતોષ પામતો નથી.

**એક ધનિક પોતેજ વૈભવને ભોગવે તો તેના વૈભવની કોઇ વિશિષ્ટતા ગણાતી નથી અને તે સફળ પણ થતો નથી તેથી સાચો ધનિક પોતાના વૈભવનો ઉપયોગ બીજાઓ માટે કરે ત્યારે જ તેને આનંદ થાય છે.**

એ રીતે પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજીને મળેલા જ્ઞાનથી પોતાનુંજ કલ્યાણ સાધીને સંતોષ થાય તેમ ન હતું. ભાવદયાને વરેલા તેઓમાં અનેકનાં અજ્ઞાન–અંધારાને ટાળવાની હિતકર ભાવના જાગી અને એથી કળાપ્રદર્શન માટે નહિ, પણ જિનશાસનની સેવા, અન્ય જીવોને સત્યનું દાન, શ્રુતજ્ઞાનની ઉપાસના, મુનિકર્તવ્યનું પાલન, વગેરે અનેક ઉદ્દેશોને આગળ કરીને ગુરુઆજ્ઞા પ્રમાણે ઉપદેશ દ્વારા

અન્ય જીવોને જ્ઞાનનું પ્રદાન કરવા લાગ્યા.

સાધનાપૂર્વક સત્ય અને શાસ્ત્રોના પ્રચારાર્થે પરોપકારવૃત્તિથી કરાતો ઉપદેશ જડ અને આગ્રહી જીવોને પણ અસર કરે છે. મુનિશ્રી લબ્ધિવિજયજીના ઉપદેશની અસરે અનેક કટ્ટર માંસાહારીઓને શાકાહારી, લોભીને ઉદાર, અને રાગીને ત્યાગી બનાવ્યા હતા. આજે પણ તેમાંના કેટલાક તેઓના ઉપકારને કૃતજ્ઞભાવે યાદ કરી ઉપકારીના વિરહની વેદના અનુભવે છે.

અન્યાન્ય દેશો, નગરી અને ગામોમાં પ્રવાસ કરીને તેઓએ પોતાના જ્ઞાનથી કરેલો પરોપકાર તેઓના સંયમમાં નોંધપાત્ર હતો.

વૈરાગ્યને નિર્મળ તથા દૃઢ બનાવવા અને અન્યાન્ય જીવોને ઉપકાર કરવા માટે સાધુ ધર્મના નિયમ પ્રમાણે પગે ચાલીને દેશ-પ્રદેશમાં ફરવું તેને જૈન પરિભાષામાં વિહાર કહેવાય છે. મુનિશ્રી લબ્ધિવિજયજી પોતાની વૃદ્ધાવસ્થા સુધી મેવાડ, મારવાડ, બંગાળ, બિહાર, પંજાબ, મુલતાન, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર મુંબઈ, સુરત, વગેરે દૂર દૂરના પ્રદેશોમાં હજારો માઈલ પગપાળા વિચર્યા હતા અને તે ને દેશની ભાષામાં ઉપદેશ આપીને વિવિધ ઉપકારો કર્યા હતા.

તેઓના ઉપદેશમાં એ વિશિષ્ટતા હતી કે બાળ, મધ્યમબુદ્ધિ કે પંડિત, શ્રોતા જેવો હોય તેને તે રીતે બોધ થતો. ગહન તત્ત્વજ્ઞાનના વિષયોને પણ સરળ ભાષામાં એવી રીતે સમજાવતા અને વિવિધ યુક્તિઓ, દૃષ્ટાન્તોથી એ રીતે પ્રતિપાદન કરતા કે મુગ્ધ કે આગ્રહી, બાળ કે પંડિત સર્વને સારો લાભ થતો.

આવી અનેક શક્તિઓ પ્રગટ થવામાં તેઓના પૂ. ગુરુદેવના જીવનની પવિત્રતા, ચારિત્રનો રાગ અને આશિર્વાદ વગેરે કારણો પણ હતાં.

સંતનો આશીર્વાદ એક એવી દિવ્યશક્તિ આપે છે કે જેનાથી દુઃસાધ્ય કાર્યો પણ સુસાધ્ય બની જાય છે. જે જે પોતાનો વિકાસ સાધે છે તે સર્વને બહુધા મહાપુરુષોના આશીર્વાદ મળ્યા હોય છે. સાધકનું જીવન જો ગુણગંભીર હોય છે તો વિના માગે પણ સૌના આશિર્વાદ તેને મળે છે.

મનુષ્ય આશિર્વાદ મેળવવા મથે છે, કોઇનો નિઃસાસો તેને ઇષ્ટ નથી, તેનું કારણ એ છે કે આ આશિર્વાદમાં અચિંત્ય શક્તિ હોય છે. મુનિ શ્રી લબ્ધિવિજયજીનું જીવન પવિત્ર હતું કે તેઓને અનેક મહાપુરુષોના આશિર્વાદ મળ્યા હતા.

અહીં એ જણાવવું જરૂરી છે કે મુનિશ્રી લબ્ધિવિજયજીના ગુરુ એક યોગી પુરુષ હતા, કટ્ટર ત્યાગી અને વિરાગી હતા, તેઓમાં નિઃસ્પૃહતા, સત્યપ્રિયતા, નિરાભિમાનતા, નિડરતા, વાત્સલ્ય, વગેરે એવાં અદ્ભૂત હતાં કે તેથી તેમના કાળમાં તેઓ સૂરિપદ જેવા ઉચ્ચતમ સ્થાને બિરાજ્યા હતા. કર્તવ્યનિષ્ઠા તેઓની કડક હતી, કોઈની શેહ-સિફારસ તેઓને સ્પર્શી શકી ન હતી, તો પણ દાક્ષિણ્યતા પરોપકારપરાયણતાને તેઓ અખંડ સાચવી શકયા હતા. શ્રી સંઘે પૂ. આત્મારામજી મહારાજ અપર નામ પૂ. આ. મ. શ્રી વિજયાનંદસૂરિજીની પછી તેઓની પાટે પૂ. આ. મ. સા. વિજયકમળસૂરીશ્વરજી મહારાજાને તેમના પટ્ટધર બનાવ્યા હતા. શ્રમણ સમુદાયના ચારિત્રની અને જિનવચનની રક્ષા માટે તેઓની ધગશ અદ્ભૂત હતી. ભવ્ય આકૃતિ, ઊંચી પડછંદ

પંજાબી કાયા, પ્રભાવક ચહેરો, વગેરે આજે પણ ભૂલ્યાં ભૂલાય તેમ નથી.

ગુરુના ગુણનો વારસો શિષ્યમાં ઉતરે છે, એ પ્રમાણે મુનિશ્રી લબ્ધિવિજયજીમાં ઘણા ગુણો ગુરુ મહારાજમાંથી ઊતરી આવ્યા હતા, અને તેના બળે તેઓ પણ સાધક બની સત્યનું પાલન અને પ્રદાન કરવા દ્વારા અનેકને ઉપકાર કરી શક્યા હતા.

એમ બાહ્ય સાધનાદ્વારા તેઓએ અંતરંગ શત્રુઓનો મહદંશે પરાભવ કરી અભ્યંતર જીવનને અજવાળ્યું હતું.

**જીવન સાધનાનું ફળ :** તેઓના જીવનમાં અનેક ગુણો પ્રગટયા હતા. તેમાં પણ પ્રાયઃ મનુષ્યો ઉપર જેનું સામ્રાજ્ય અધિક વર્તે છે તે આત્મશ્લાઘા અને પરનિંદાનો તેઓએ પરાજય કર્યો હતો. પરિણામે ગુણાનુરાગ ત્યાં સુધી પ્રગટયો હતો કે અન્યના નાનામાં નાના ગુણની પણ તેઓ સ્વમુખે પ્રશંસા કરી શકતા ગુણદોષનો વિવેક કરવામાં તેઓ કુશળ હતા, તેથી પ્રશંસા પણ કરવા યોગ્યની કરતા, કોઇને મિથ્યાભિમાન થાય કે બીજાની લઘુતા થાય તેવી પ્રશંસા તેઓ કદી કરતા નહિ.

નિંદા તો તેઓ કોઇની કરતા નહિ. પ્રશંસા કરવી સહેલી છે, નિંદાનો ત્યાગ દુષ્કર છે. ' સાચો ગુણાનુરાગ નિંદાના ત્યાગથી થાય છે, અને પ્રશંસા પણ ત્યારે જ શોભે છે,' એ તત્ત્વ તેઓ જાણતા હતા. તેથી કોઈની નિંદા કરતા નહિ, અને કોઇ કરે તો સાંભળતા પણ નહિ. ક્યારેક નિંદા કરતા તો પોતાના દોષોની અને તે પણ લઘુતાના બળે.

બીજાના ગુણ દોષને જાણીને પણ તેઓ તેનો પોતાની આત્મશુદ્ધિ માટે ઉપયોગ કરતા.

વાત્સલ્ય પણ તેઓમાં અદ્દભુત હતું માતા પોતાના સંતાનનું, પછી તે અયોગ્ય હોય તો પણ હિત જ ઇચ્છે અને તે માટે શક્ય પ્રયત્નો પણ કરે, તેમ પોતાના આશ્રિત મુનિમંડળ વગેરેનું હિત કરવામાં પોતાની પ્રતિકૂળતાની ઉપેક્ષા કરીને પણ તેઓ પ્રયત્ન કરતા. એમ છતાં હિત ન થાય ત્યારે તેના હિતની બુદ્ધિએ ઉપેક્ષા પણ કરતાઃ કદાપિ કોઇ અયોગ્ય પ્રત્યે પણ તિરસ્કાર નહિ કરતા.

બીજાનું હિત ઇચ્છવું કે પરને ઉપકાર કરવો જેટલો દુષ્કર છે તેથી પણ અયોગ્યની ઉપેક્ષા કરવી અતિદુષ્કર છે. અહંભાવનો પરાજય કરનાર કોઈ મહાત્મા જ ઉપેક્ષાભાવને વરી શકે છે. અન્યથા પ્રશસ્ત ભાવને બદલે ક્રોધાદિ અપ્રશસ્ત કષાયોને વશ થઈ જવાથી સ્વ–પર અનેકને હાનિ થાય છે. વિરલ પુરુષો જ દુર્જન પ્રત્યે પણ કરુણા કરી તેની ઉપેક્ષા કરી શકે છે, પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજીમાં ઉપેક્ષાભાવ પણ સુંદર હતો.

અપ્રમત્તતા પણ તેઓની અનુકરણીય હતી. અનાદિ વાસનાને વશ બની મન વચન કે કાયાના યોગો અનુચિત પ્રવૃત્તિનો ભોગ ન બની જાય તે માટે તેઓ પોતાના યોગોને સતત્ પ્રવૃત્તિમાં રોકી રાખતા. સ્વાધ્યાય, વાંચન અને ચિંતન મનન એ તેઓનો મુખ્ય વ્યાપાર હતો.

ચિંતન–મનન પણ તેઓનું સુંદર હતું. શ્રુતજ્ઞાન દ્વારા અભ્યંતર જીવનને જોવાની અને બાહ્ય જગતના વ્યવહારોમાંથી તેઓને જે અનુભવ થતો તેનું ગંભિર ચિંતન કરીને તેના સારરૂપે તેઓ પ્રતિદિન ઓછામાં ઓછો એક સંસ્કૃત નવો શ્લોક પ્રાભાતિક મંગળ રૂપે બનાવતા. એ શ્લોકોનો સંગ્રહ આજે પણ

તેઓના શિષ્યો પાસે છે. આશા રાખીયે કે તે ગ્રન્થરૂપે પ્રકાશમાં આવે.

કવિત્વ પણ તેઓનું સુંદર હતું, અધ્યાત્મ, ભક્તિ, વૈરાગ્ય, પ્રગટ કરે તેવાં નાનાં મોટાં સેંકડો સ્તવનો અને સજ્ઝાયો વગેરે રચીને તે એવાં લોકભોગ્ય બનાવ્યાં છે કે ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાઢ, કચ્છ, મહારાષ્ટ્ર અને મુંબાઇ વગેરે પ્રદેશોમાં તેઓની ગેયકૃતિઓ આજે ઘેર ઘેર ગવાય છે. બાળ વૃદ્ધ અને પંડિત સર્વને તેઓની કૃતિઓનું આકર્ષણ છે. તેમાં તેઓની સાધના ઉપરાંત સૌભાગ્ય પણ પ્રત્યક્ષ દેખા દે છે.

ઉપર કહી તેવી સ્વ-પર ઉપકાર કરવાની તેઓની યોગ્યતાને જોઇને તેઓની નિશ્રામાં અનેક આત્માઓએ દીક્ષા લીધી હતી. પચાસ જેટલા શિષ્ય-પ્રશિષ્યાદિ મુનિવર્ગના અને તેથી પણ અધિક સંખ્યામાં સાધ્વીવર્ગના તેઓ ગુરુ હતા. તેમાંના કેટલાક યોગ્ય આત્માઓનું જીવન ઘડતર તેઓએ એવું સુંદર કર્યું છે કે જીવનની અંતિમ પળ સુધી પોતાના ગુરુ વગેરેની સેવા કરીને કૃતાર્થતાને અનુભવનારા તે પુણ્યાત્માઓએ પ્રભાવક સેવા દ્વારા શાસનની પ્રભાવના કરી અનેકના હૃદયમાં આશ્ચર્ય સાથે પૂજ્યભાવ પ્રગટાવ્યો છે.

તેઓના વિવિધ ગુણોરૂપ પાત્રતા જોઈને **તેઓના ગુરુદેવે તેઓને વિ. સં. ૧૯૮૧ માં પોતાની સર્વસ્વ જવાબદારી સોંપીને આચાર્ય પદે આરૂઢ કર્યા હતા.** એમ છતાં સેવાભાવ તેમનામાં અખંડ રહ્યો હતો. ગુરુદેવ વિ. સં. ૧૯૮૩ માં સ્વર્ગવાસી બન્યા ત્યાં સુધી અખંડ સેવા કરી 'સત્તા કે અધિકાર સેવાથી શોભે છે.' એ સત્યને તેઓએ સિદ્ધ કર્યું હતું.

જ્ઞાન મેળવીને, પચાવીને અને ઉપદેશ આપીને પણ તેઓએ સંતોષ માન્યો ન હતો. ભવિષ્યના જીવોને ઉપકાર કરવાના હેતુથી જૈન અજૈન સાહિત્યના નિષ્ણાત તેઓશ્રીએ વિવિધ વિષયના સંસ્કૃત સાહિત્યની રક્ષા અને ઉદ્ધાર કર્યો હતો. કઠીનતર ન્યાયના ગ્રંથોનો પણ ઉદ્ધાર અને વિવિધ વિષયના ગ્રન્થોનું નવસર્જન કરીને તેઓએ શ્રુતજ્ઞાનની ઉપાસના કરી હતી.

છેલ્લા વર્ષોમાં જ્યારે તેઓનું આરોગ્ય કથળ્યું ત્યારે રોગોને સહન કરવાની તેઓમાં પ્રગટેલી સમતા અને સાત્ત્વિકતાએ હજારો જીવોને આશ્ચર્ય ઉપજાવ્યું હતું. એ રીતે રોગમાં પણ જીવન સાધના કરતા તેઓશ્રીએ હજારો ભવ્યાત્માઓના હૃદયમાં પૂજ્યભાવ પ્રગટાવી તેઓનો કર્મ મળ હળવો કરવામાં નિમિત્ત બન્યા હતા.

પક્ષ-પ્રતિપક્ષના ભેદવાળા વર્તમાન યુગમાં પણ મારા-તારાનો ભેદ છોડી પૂજ્યભાવે સેવા ભક્તિ કરનારો તેઓનો ભક્તવર્ગ વિશાળ હતો. એમ છતાં તેઓ તેના પ્રતિબંધથી દૂર રહ્યા હતા.

તેઓની આ જીવન સાધનાનું માપ તેઓની અંતિમ આરાધનાથી સ્પષ્ટ માપી શકાતું હતું. આત્મા કેટલો પવિત્ર બન્યો છે? જડનું આકર્ષણ કેટલું ઘટયું છે? અને સાત્ત્વિક ધૈર્ય-સ્થૈર્ય કેટલું ખીલ્યું છે? વગેરેનું માપ પ્રાયઃ જીવનના અંત સમયે કરી શકાય છે. તેઓએ બીમારીમાં સાચવેલી સમાધિ તેઓની દેહ પ્રત્યેની પણ નિર્મમતાને જણાવતી હતી.

અને જ્યારે પોતે સમજી ગયા કે હવે અહીંથી વિદાય થવાનો અવસર પાકયો છે,

ત્યારે પોતાના સર્વ શિષ્યાદિને બોલાવી 'તેઓની સંયમ સાધના કરાવવામાં પોતાની કોઇ ત્રૂટી રહી ગઇ હોય તો તે સંબંધી ક્ષમાયાચના કરી અને સંયમજીવન માટે તેઓને જાગ્રત રહેવાની અંતિમ પ્રેરણા કરી, સત્યનો પક્ષ કરવા સાથે વ્યવહારને અનુસરવાનો હિત માર્ગ જણાવ્યો ત્યારે જે શબ્દો તેઓએ ઉચ્ચાર્યા હતા તેમાં તેઓની કર્તવ્યનિષ્ઠા નિરાભિમાનતા, કરુણા, વાત્સલ્ય, સત્ય-પ્રિયતા, અને વ્યવહારદક્ષતા વગેરે અનેક ગુણોની સિદ્ધિ પ્રગટ દેખાતી હતી.

શરીર નબળું પડયું તેમ તેમ તેઓ ધ્યાન અને જપમાં અધિકાધિક સ્થિર થતા ગયા. તે તેઓની સમતા અને પ્રભુ પ્રત્યેની મમતાની પ્રભા હતી.

અંત કાળ સુધી પ્રત્યેક વ્યવહારોમાં અચૂક પ્રવૃત્તિ કરતાં છતાં તેઓએ સાધના નિર્વૃત્તિની કરી હતી, તે સ્પષ્ટ દેખાતું હતું. અને ત્યારે એ સત્ય પૂરવાર થયું હતું કે પ્રવૃત્તિના બળે નિર્વૃત્તિના સાધક આ મહાત્માએ પ્રવૃત્તિ અને નિર્વૃત્તિરૂપ ચારિત્રધર્મનાં બે પાસાંને સાધના દ્વારા સિદ્ધ કરીને જીવનને કૃતકૃત્ય કર્યું છે.

તેઓની અંતિમ સમાધિનું દર્શન કરી રહેલા અને ઉપકારોને યાદ કરી અશ્રુભીની નજરે જોઇ રહેલા શિષ્યાદિ હજારો મનુષ્યોને છોડીને તેઓનો આત્મા વિ. સં. ૨૦૧૭ના શ્રાવણ સુદ ૫ ની રાત્રીના અંતિમ પ્રહરે વિદાય થયો, ત્યારે મુંબઇની પ્રજામાં અને બહારના પ્રદેશોમાં જે શોકનું વાતાવરણ જન્મ્યું, તેઓની યાદગાર અંતિમ યાત્રા, તેમાં ઉમટેલી માનવ મેદની, જાળી અટારીએ ચઢી તેઓના નિષ્પ્રાણ દેહનાં પણ દર્શન કરવા લોકોમાં પ્રગટેલી આતુરતા, સત્તાધીશો અને રાજકર્મચારિઓ સુધી પણ પ્રગટેલી આતુરતા, પ્રગટેલી લાગણી, તથા તેઓની જીવનસાધનાના બહુમાનરૂપે ઠામ ઠામ ઉજવાએલા પ્રભુ-ભક્તિના મહોત્સવો, લોકોએ અંતકાળે કરેલું ધર્મનું દાન વગેરે સઘળું તેઓની વિશિષ્ટ જીવન સાધનાનું જ પ્રતિક હતું.

તેઓશ્રીની નિશ્રામાં ઉપધાનતપ, ઉદ્યાપન, પ્રભુભક્તિના મહોત્સવો, તીર્થયાત્રાના સંઘો, અને બીજાં પણ સંઘના કલ્યાણનાં ઘણાં વિશિષ્ટ કાર્યો કરી ભવ્ય જીવોએ લાખ્ખો રૂપીયાનો સન્માર્ગે વ્યય કર્યો હતો પણ અહીં માત્ર જીવન સાધનાને ઉદ્દેશીને લખવાનું હોવાથી તેની ઉપેક્ષા કરવી પડી છે. જિજ્ઞાસુઓ સઘળું તેઓના જીવન ચરિત્રોમાંથી જાણી શકશે.

આવા એક મહાપુરુષ અનેકવિધ ઉપકારો કરીને આપણી વચ્ચેથી ચાલ્યા જાય ત્યારે તેનું દુઃખ સહૃદયી આત્માને થાય, તથાપિ પ્રત્યેક જીવ જન્મ પહેલાં મરણનો નિર્ણય કરીને જન્મે છે, મરણ અનિવાર્ય છે, સૌને માટે એ રાહ અટલ છે, માટે એ દશાને વશ થતાં સુધી પૂજ્ય ઉપકારી ગુરુદેવના તે તે ગુણોનું આલંબન લઇને પોતાની જીવન સાધનામાં ભવ્ય જીવો ઉદ્યત બને, એ આશયથી લખેલી આ હકીકતમાં જે કંઇ અનુચિત લખાયું હોય તેની ક્ષમાયાચનાપૂર્વક પુનઃ એકવાર તે પૂજ્યપુરુષને વન્દન કરી સૌ કોઈ કલ્યાણની સાધનમાં ઉજમાળ બને એ ભાવના સાથે લેખ પૂર્ણ કરું છું.

# વાદિઘટમુદ્ગર સૂરીશ્વરજી

**પૂ. પાદ પન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર**
[ પૂ. પાદ આ. મ. શ્રીમદ્‌વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન ]

પૂ. પાદ સૂરીશ્વરજીનાં જીવનની વાદ વિષેની ચર્ચા વિષેની ઘટનાઓને સવિસ્તર ખ્યાલ આપતો આ લેખ, પૂ. સ્વ. સૂરિદેવનાં પ્રકાંડ પાંડિત્ય પર પ્રકાશ પાથરે છે.

⊙

પૂજ્યપાદ જૈનશાસન પરમ પ્રભાવક સ્વ. શ્રીમદ્‌ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજને, કેટલાક લેખકો 'કવિકુલકિરીટ' 'જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ' 'દ્વાદશારનયચક્રનામકમહાગ્રન્થ સમ્પાદક' 'સ્વોપજ્ઞ ટીકા સહિત તત્ત્વ ન્યાયવિભાકરાદિગ્રન્થ પ્રણેતા' ઈત્યાદિ અનેકરૂપે બિરદાવી શ્રદ્ધાંજલી આપશે. જ્યારે હું 'વાદિઘટમુદ્ગર' તરીકે બિરદાવી શ્રદ્ધાંજલી આપુ છું.

આ બિરૂદની પાછળ જે ઇતિહાસ છે તેનું આછું ખ્યાન કરાવાય છે.

શ્રમણત્વપર્યાય, જ્યારે લગભગ ૭-૮ વર્ષનો થયો ત્યારે આ બિરૂદ, ચમકયું, પ્રસર્યું, શાસન પ્રભાવનામાં પરિણમ્યું.

વાત એવી છે કે, પંજાબમાં દરેક ધર્મના અનુયાયીઓ, ધર્મ-મૂર્તિપૂજા-જગત્‌ કર્તૃત્વ અહિંસા વગેરે વિવિધ વિષયો ઉપર વાદ કરવા આવતા. કૃપાલુ ગુરુદેવ, (પૂ. આ. મ. શ્રીમદ્‌ વિજય કમલસૂરીશ્વર મહારાજા) તે આગન્તુકોને વાદવિવાદ કરી સંતોષિત કરવાની તક વાદકલા નિપુણ આપણા ચરિત્ર નેતાને આપતા. મહારાજશ્રી સરસ રીતે પોતાની લાક્ષણિક પ્રતિભા અને વાદવિશારદતાથી વાદીઓના ઉત્પન્ન કરેલા તર્કતરંગોને નિરસ્ત કરતા સચોટ ઉત્તરો સાંભળી વાદીઓ પણ ઘડીભર સ્તબ્ધ થતા અને સરલ આત્માઓ નમ્રતા પૂર્વક જણાવતા કે, 'આપ જેવા વિદ્વાન મહાત્મા સંમુખ અમારા જેવાનું શું ગજું ?'

આવા અનેક પ્રસંગોને અનુભવતાં. જ્યાં ત્યાં વાદપરિષદમાં આપણા ચરિત્ર નેતાનો વિજય જોતાં 'સ્વગુરૂદેવ તથા અન્યશ્રમણવર્ગ મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજને 'વાદિઘટમુદ્ગર' ના બિરૂદથી બોલાવતો.

જ્યાં જ્યાં ચરિત્રનાયકના વાદો થયા તેની આછી નોંધ-

(૧) વિ. સં. ૧૯૬૫ પંજાબ દેશમાં કસુર ગામમાં આર્યસમાજીઓએ ખાસ તાર દ્વારા લાહોરથી પંડિતોને બોલાવ્યા. તે પંડિતો ઉપાશ્રયમાં આવ્યા. મહારાજશ્રી સાથે કલાકો સુધી સંસ્કૃત ભાષામાં મૂર્તિવિષયક વાદ થયો. ચરિત્રનેતાએ શાસ્ત્રીય દલીલો કરીને પંડિતોને નિરુત્તર બનાવ્યા.

(૨) પંજાબ દેશમાં રોપડ શહેરમાં શાસ્ત્રીય પરીક્ષોત્તીર્ણ સંસ્કૃત અધ્યાપક શિવરામ શાસ્ત્રીજી, એક વખત મહારાજશ્રીની મુલાકાતે આવ્યા, તેની સાથે બે કલાક સુધી સંસ્કૃતમાં વાર્તાલાપ ચાલુ રહ્યો. પંડિતજીએ જગતનું ઈશ્વર કર્તૃત્વ સિદ્ધ કરવા પૂર્વપક્ષ લીધો, મહારાજશ્રી ઉત્તર પક્ષમાં હતા. ઈશ્વર કર્તૃત્વના વિષયના પંડિતજી તરફથી જે જે યુક્તિઓ રજૂ થયેલી હતી તે તમામ યુક્તિઓનું ખંડન

કર્યું. પંડિતજી લાજવાબ થયા ત્યારે કહેવા લાગ્યા કે; 'મહારાજજી! અમારે આ બાબતમાં શું લેવાનું છે ચાહે ઇશ્વર કર્તા હોય કે ન હોય, બસ તેના ધ્યાનનો અને તેણે કહેલા વચનોનો અમલ કરવાથી પ્રયોજન છે.' તે વખતે લોકોએ તાલીઓ મારી કહ્યું કે જો આવોજ આપનો અભિપ્રાય હતો તો મહારાજ સાથે આપ મગજમારી કેમ કરો છો? અહિં જૈનધર્મની સારી પ્રભાવના થઈ અને મહારાજજીની ચોમેર કીર્તિ ફેલાઇ કે 'અલ્પકાલના ચારિત્ર પર્યાયમાં સંસ્કૃત ભાષાના ઉચ્ચ પ્રભુત્વ પૂર્વક વાદકલા કુશલતા મહારાજની કેવી ઉત્તમ કોટીની છે?

(૩) પંજાબ દેશમાં મહારાજશ્રી વિહાર કરતા જાગલા ગામમાં પધાર્યા. ત્યાં ગોચરી ગયેલા સાધુને એક લભુરામ નામનો સાક્ષર મલ્યો, અને પૂછ્યું કે, શું તમે સંસ્કૃતમાં સારી રીતે બોલી શકો છો?

**સાધુ**–જો કે હું સંસ્કૃતમાં વાર્તાલાપ નથી કરી શકતો, પરંતુ હું ખાત્રીપૂર્વક કહું છું કે અમારા ગુરૂજી આપની સાથે સારી રીતે વાર્તાલાપ કરશે.

**સગર્વપંડિત**–તમારા લોકો માટે મારો વિદ્યાર્થી કાફી છે.

**સાધુ**– બહુ સારુ. જો તમને શોખ છે તો એકવાર મુકાબલો કરી જો જો, બધો ખ્યાલ આવી જશે.

બસ આટલી વાત કરી આહાર લઇ તે સાધુ આપણા ચરિત્ર નાયકની પાસે આવ્યો અને બધા સમાચાર કહ્યા. આહાર કરી વિહાર કરવાની તૈયારી જ્યાં થઇ કે તરત તે પંડિતજીનો એક વિદ્યાર્થી આવ્યો અને ગરબડ મચાવવા લાગ્યો, તેની સાથે વાર્તાલાપ કરવા નહીં ઇચ્છતા મહારાજે, નવીનન્યાય મિશ્રિત સંસ્કૃત બોલવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીને આ સમજવું મુશ્કેલ પડી ગયું. એટલે આખરે કહ્યું કે 'તર્કે મા ગચ્છ' અર્થાત્ આપ ન્યાયના વિષયમાં ન જાઓ' મહારાજ જાવા દો ન્યાયને. હવે આપ વ્યાકરણને લો! 'સાત્મે તત્' આ શાકટાયન વ્યાકરણનું સંજ્ઞા પ્રક્રિયાનું સૂત્ર છે. આ સૂત્ર આપની કૌમુદીમાં 'આદિરન્ત્યે ન સહેતા' એ મતલબનું છે તો આપ આનો સમન્વય કરો.' બસ વિદ્યાર્થી તો નિરૂત્તર થયો અને બોલ્યો કે 'આપની સાથે અમારા ગુરૂજી વિવાદ કરશે.'

**મહારાજ**–ઘણી ખુશીની વાત છે આપ આપના ગુરૂને બોલાવી લાવો!

**વિદ્યાર્થી**–અમારા ગુરૂજી પ્રતિષ્ઠિત છે માટે આપની પાસે નહીં આવી શકે આપ ત્યાં ચાલવાની કૃપા કરો!

(આશ્ચર્ય) **મહારાજ**–ઘણા અફસોસની વાત છે આપને જરા શરમ નથી આવતી કે જો તે પ્રતિષ્ઠિત છે તો સંસારના ત્યાગી મુનિ અપ્રતિષ્ઠિત છે? માટે તેની પાસે હર્ગીજ અમે ન આવી શકીએ.

ગામના લોકોએ ભગવાનસિંહ ક્ષત્રિયનું એક મધ્યસ્થ મકાન પસંદ કર્યું, ત્યાં ચરિત્ર-નાયક અને પંડિતજીની મુલાકાત થઇ. સંસ્કૃત-ભાષામાં વાતચીત થયા પછી પંડિતજીએ 'વેદ ઇશ્વરોક્ત છે' આ વિષય હાથમાં લીધો. મહારાજજીએ પૂર્વપક્ષના ખંડનનું કાર્ય હાથમાં લીધું.

મહારાજજીએ સંસ્કૃતમાં પૂછ્યું કે આપ વાદ કરવા ચાહો છો કે જલ્પ?

**પંડિત**-વાદ અને જલ્પમાં શો ભેદ છે તેને હું જાણુતો નથી. આ ભેદને નહીં સમજવાનુ કારણુ એવું હતું કે પંડિતજી નવ્યન્યાયમાં નિપુણુ હતા. પરંતુ ગૌતમસૂત્ર ઈ૦ પ્રાચીન ન્યાય શાસ્ત્રોમાં નિપૂણુ નહોતા. ત્યારે–મહારાજશ્રી-એ ભિન્નભિન્ન કરી બંનેનુ સ્વરૂપ સમજાવ્યું કે 'ગુરુઓની સાથે અથવા મહાન લોકોની સાથે જ્ઞાનના નિર્ણય ખાતર પ્રશ્નોતર કરવો તે વાદ' અને 'બીજાઓની વચ્ચે મતલબ કે જેના પ્રત્યે પૂજ્ય બુદ્ધિ કે મમત્વબુદ્ધિ નથી તેવા-ઓની સાથે હરાવવાની બુદ્ધિથી પ્રશ્નોત્તર કરવો તેનું નામ જલ્પ.'

**પંડિત**-ત્યારે તો હું થોડો જલ્પ કરીશ ને થોડો વાદ પણુ કરીશ.

**ગુરૂદેવ**-ભલે! કોઇ જાતની અમને હાની નથી. બેશક આપ બંને પક્ષોનો સ્વીકાર કરજો કારણુ કે હું પણુ અનેકાન્ત પક્ષને માનનારો, સ્યાદ્વાદી મહાવીર ભગવાનના શાસનનો અનુરાગી છું. છેવટના 'વેદ ઇશ્વરોક્ત છે' આ વિષયમાં બે કલાક સુધી વાદવિવાદ ચાલતો રહ્યો. પરંતુ 'વેદપૌરૂષેય' છે એમ જ્યારે સિદ્ધ થયું. 'વેદ અપૌરૂષેય' છે એમ સિદ્ધ ન થયું, ત્યારે પંડિતજીના મુખકમલ ઉપર ગ્લાનિ છવાઇ ગઇ. આ બાજુ મહા-રાજજીએ કહ્યું કે આપ ગભરાઓ નહિ મેં પહેલાંથીજ કહ્યું છે કે હું સ્યાદ્વાદી છું. જુઓ, વેદ, લૌકિક પુરૂષથી પ્રણીત નહીં હોવાથી અપૌરૂષેય છે પરંતુ વેદ, વર્ણાત્મક છે અને વર્ણોની ઉત્પત્તિ, પૂ. પ્રથમ તીર્થંકર લોકોત્તર પુરૂષ ઋષભદેવજીથી થયેલી છે કેમકે, લિપિનું બ્યાન તેમણે કરેલ છે અને તેમને તે સ્થિતિમાં જીવન્મુક્ત ઇશ્વર માનીએ છીએ એટલે એ ન્યાયાનુસારે જો 'વેદ-ઈશ્વરોક્ત લોકોત્તર પુરૂષ પ્રણીત' કહેવામાં આવે તો કશી હાની નથી. બસ આ વાતને સાંભળી ચૂપચાપ પંડિતજી ચાલ્યા ગયા. મહારાજજીએ જૈન-શાસનની વિજય પતાકા ફરકાવી.

(૪) ગુજરાતમાં વિહાર કરતાં પૂ. શ્રી નરસંડા પધાર્યા. ત્યાં જાહેર વ્યાખ્યાનોની યોજના થઇ હતી અને તેનો જનતા તરફથી સારા પ્રમાણુમાં લાભ લેવાયો હતો. અહીં કેટલાક આર્યસમાજીઓ પણુ હતા, તેઓ મુનિશ્રીનાં આ વ્યાખ્યાનોમાં હાજરી આપતા અને મૂર્તિપૂજા શાસ્ત્રોક્ત અને યુક્તિપૂર્વક છે કે નહિ? તે અંગે પ્રશ્નો પૂછતા મુનિશ્રી તેમને સચોટ ઉત્તરો આપતા, એટલે તેઓ ફાવતા નહિ. કેટલાક દિવસ આ પ્રમાણે ચાલ્યા પછી એકવાર મુનિશ્રીએ ભર વ્યાખ્યા-નમાં સાફ શબ્દોમાં જણાવ્યું 'તમે આર્ય-સમાજીઓ રોજ વ્યાખ્યાનમાં આવો છો, પ્રશ્નો પૂછો છો, પણુ તેમાં ફાવતા નથી અને બહાર તમારી જીતના નગારાં વગાડો છો એ તમારે માટે યોગ્ય નથી. જો તમારે ખરેખર શાસ્ત્રાર્થજ કરવો હોય તો તમારા કોઇ મોટા પંડિતને બોલાવો અને જાહેરમાં શાસ્ત્રાર્થ કરવો, આથી લોકોને સાચી સ્થિતિ સમજાઇ જશે. આથી આર્યસમાજીઓએ અનંતકૃષ્ણુ નામના પોતાના એક પંડિતને બોલાવ્યો. તેની સાથે નિયત સમયે જાહેરમાં શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો, તેમાં મૂર્તિપૂજા શાસ્ત્રોક્ત તથા યુક્તિ પુરસ્સર સિદ્ધ થઇ અને પંડિત અનંતકૃષ્ણુ હારી ગયા આ શાસ્ત્રાર્થ લગભગ ચાર કલાક ચાલ્યો હતો.

(૫) વટાદરા ગામમાં ચરિત્ર નેતાનાં

વ્યાખ્યાનોએ શ્રાવકગણને ખૂબ આકર્ષ્યા હતા. અહીંના બ્રાહ્મણોએ ચરિત્રનેતાને વેદધર્મ અને જૈનધર્મના મુકાબલા વિષયક જાહેર શાસ્ત્રાર્થ કરવાનું આમંત્રણ મોકલ્યું. તે આમંત્રણ સ્વીકારાયું.

બ્રાહ્મણોએ મુકુંદાશ્રમ નામના વિદ્વાન સંન્યાસીને વેદવિષયક શાસ્ત્રાર્થ કરવા બોલાવ્યા હતા. નરસંડાની માફકજ અત્રે પણ પદ્ધતિસર વિશાલ મેદની સમક્ષ પુરતા બંદોબસ્ત પૂર્વક વ્યાખ્યાન વાચસ્પતિજીએ શાસ્ત્રાર્થ આરંભ્યો. એક બાજુ પંન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી ગણિવર તથા આપણા ચરિત્રનેતા અને અન્ય મુનિગણ બીરાજેલ. ત્રણેય દિવસના વ્યવસ્થિત શાસ્ત્રાર્થમાં મુકુંદાશ્રમ સંન્યાસી પરાસ્ત બન્યા. શાસ્ત્રાર્થમાં માત્ર વેદોમાં હિંસાના વિધાનો છે અને જૈનધર્મમાં ભારોભાર દયા પોષાયલી છે એમ સિદ્ધ થયું. ત્રણેય દિવસના વાદમાં ચરિત્રનેતાની જીત થઇ હતી. તેમજ વેદોમાં કહેલી હિંસા પ્રગટ થતાં જૈનેતરો પણ જૈનધર્મની પૂર્ણદયાને વખાણવા લાગ્યા. સભા વચ્ચે તે સંન્યાસીએ પોતાની હાર સ્વીકારી જેથી જૈનશાસનની પ્રભાવના ફેલાઇ, નવીન બનેલા સ્વધર્મમાં દૃઢ બન્યા. એ સિવાય અન્યાન્ય ધર્મીઓની સાથે ચર્ચા, પ્રશ્નોત્તર તથા શંકાસમાધાનો કરવામાં જે સફલ વિજેતા ગણાતા હતા, તથા જેમનું કલ્યાણ માસિકમાં શંકાસમાધાન નામક પ્રકરણ, જૈનસમાજમાં સારૂં પ્રામાણિક પ્રસિદ્ધ થયેલ છે.

બીજુ :– જે કોઈ સંસ્કૃતવાદી પંડિત વગેરે આવ્યા, તેમની સાથે સંસ્કૃતભાષામાં આચાર્યદેવ પ્રવાહબંધ બોલ્યા છે.

જુઓ તાજેતરનો બનાવ :– જેમણે વર્ષોના પરિશ્રમે સંપાદિત કરેલ, વાદિચૂડામણિ તાર્કિકશિરોમણિ શ્રી મલ્લવાદિક્ષમા શ્રમણ વિરચિત દ્વાદશારનયચક્ર નામના મહાન્ ન્યાય ગ્રંથનું પ્રકાશન તા. ૨૭ મી ૧૯૬૦ ના રોજ ઉપરાષ્ટ્રપતિ અને સુપ્રસિધ્ધ તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના હાથે થયું હતું તે સુઅવસરે અર્ધો કલાક સુધી અવિરત સંસ્કૃતમાં પ્રવચન કર્યું હતું.

એવા સંસ્કૃતભાષા ભાષણ સુનિપુણ વાદિઘટમુદ્‌ગર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી ગુરૂદેવને ભૂરિ ભૂરિ વંદન.

---

—: ઉ ખા ણું :—

ચળકતુ છે પણ, ચાંદી નથી.
આકર્ષક છે પણ, હીરો નથી,
હલકો છે પણ, ફૂલ નથી.
મોઢું દેખાય પણ, આરીસો નથી.

જવાબ :-

"વાઘ છાપ"

સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો

GUARANTEED STAINLESS STEEL TIGER BRAND P.B. SHAH BOMBAY-2

સ્પેશ્યાલીસ્ટઃ– કેન્ટીન ઉપયોગી વાસણો ની જરૂરીયાત પુરી પાડનાર

મેન્યુફેકચરર્સ :-

**પન્નાલાલ બી. શાહ**

૨૧, કંસારા ચાલ. મુંબઇ–૨
બ્રાન્ચ :– ૮૩, કંસારા ચાલ. મુંબઈ–૨

# ગુણાનુરાગી યોગીપુરૂષ

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવર

પૂ. પાદ સૂરિદેવશ્રીના જીવનમાં રહેલ ગુણાનુરાગ ગુણને અનુલક્ષીને લેખક પૂ. મહારાજશ્રી અહિં તેઓશ્રીનાં મહાન વ્યક્તિત્વની આપણને ઓળખ કરાવે છે.

ગુણી મહાન કે ગુણાનુરાગી? આ પ્રશ્નને સામાન્ય રીતે જોતાં તો એમ લાગે કે ગુણાનુરાગીએ તો કદાચ હજી ગુણ પ્રાપ્ત ન પણ કર્યો હોય, જ્યારે ગુણીએ તો પ્રાપ્ત કર્યો છે, માટે ગુણાનુરાગી કરતાં ગુણી મહાન છે, પરંતુ અહીં વિચારવા જેવું છે કે કેટલાક ગુણીમાં જોઈએ તો એવું દેખાય છે કે કેટલેય ઠેકાણે બીજા ગુણી તરફ ઈર્ષ્યા અગર અસૂયા–અસહિષ્ણુતા તેજોદ્વેષ હોય છે, ત્યારે ગુણાનુરાગીને બીજા પ્રત્યે ઈર્ષ્યા અસૂયા કરવાની નથી હોતી, કેમકે ગુણ પ્રત્યેનો એનો અનુરાગ જ તેમ કરવા ના પાડે છે. આ દૃષ્ટિએ ગુણી કરતાં ગુણાનુરાગી મહાન છે એમ કહી શકાય.

પ્ર૦–ઠીક છે, બીજા પર ઈર્ષ્યા–અસૂયા થઈ એ દોષ છે, પણ એમ તો આત્મામાં બીજા દોષોય ક્યાં નથી? ગુણીમાં ગુણાનુરાગી કરતાં ગુણ અધિક હોવાને લીધે મહત્તા ખરીને?

ઉ૦–આ પ્રશ્નમાં એક વાત ભૂલી જવાય છે કે જેમ ગુણીમાં કોઈ ગુણ છે, તેમ ગુણાનુરાગીમાં ગુણનો અનુરાગ છે તે પણ એક મહાન ગુણ છે જ. એટલે એ સાવ ગુણશૂન્ય નથી. એમ નહિ કહેવું કે આ તો એક જ ગુણને? કેમકે એમ તો ગુણીમાં પણ ક્યાં બધા ગુણ છે? ઉલ્ટું એનામાં જો ઈર્ષ્યા–અસૂયા દોષ છે તો એ કોઈ મામુલી દોષ નથી ભયંકર દોષ છે, એ વાત ખૂબ લક્ષમાં રાખવાની છે.

ઈર્ષ્યા–અસૂયા ભયંકર એટલા માટે છે કે એમાં હૃદય ક્ષુદ્ર અને તામસી બને છે. પછી એ સામાનો અપકર્ષ જોવા જાણે ઉત્સુક રહે છે, અને કદાચ સામો નીચે પડ્યો તો એ જોઈ એનાં હૈયાને એક પ્રકારનો તોષ થાય છે. વિચારો કે આ કેટલી બધી અધમ વૃત્તિ! ઈર્ષ્યામાં પ્રમોદભાવના ન રહેવાથી ધર્મનું મૌલિક લક્ષણ ઘવાય છે એ ય કેટલું ખતરનાક!

ગુણાનુરાગ જો નથી તો ત્યાં દોષ દૃષ્ટિ રહેવાનો મોટો સંભવ રહે છે; અને આ એવી ગીધડી વૃત્તિ છે કે જ્યારે ગુણાનુરાગી સો દોષની વચમાં પણ એક ગુણ જોઈને ખુશી થશે ત્યારે આ દોષદૃષ્ટિવાળો સો ગુણની જરાય કદર નહિ કરતાં એની સાથે રહેલ એક દોષ શોધી કાઢી એને દ્વેષની દાઢમાં ઘાલશે! અવસરે એની નિંદા કરશે! એના ચડસમાં ગુણને પણ દોષરૂપ ઠરાવશે! આ સ્થિતિમાં પછી પોતાનામાં ગુણ હોય તોય શું? બીજાના એ જ ગુણની ઘૃણા કરે છે, તેથી એ પોતાનામાં ભવિષ્યના માટે ગુણની નાલાયકતા ઉભી કરે છે.

ત્યારે ગુણાનુરાગી સાર્વત્રિક ગુણનો પક્ષપાત કરીને પોતાનામાં ગુણ–પ્રાપ્તિ–પ્રગતિની મહાન યોગ્યતા ઉભી કરે છે. તેથી ગુણ વહેલા વહેલા દોડ્યા આવે છે. માટે કહેવાય છે કે 'ઉત્તમના ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ.'

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ તો ત્યાં સુધી કહે છે,

'અન્યમાં પણ દયાદિક ગુણો,
જે જિન વચન અનુસાર રે,
તે ગુણ તાસ અનુમોદીએ,
સમકિત બીજ નિરધાર રે.'

અર્થાત્ જિન વચનને વિરુદ્ધ ન આવે એવા અન્યના પણ દયાદિક ગુણની અનુમોદના એ સમ્યક્ત્વનું બીજ છે. શુદ્ધ ગુણાનુરાગ હોય તો જ ગુણનું અનુમોદન થાય.

આ ગુણાનુરાગમાં દિલ ઉમદા, વિશાળ અને ગંભીર બને છે, આત્મા મહાન બને છે. બીજી બાજુ પોતાનામાં ગુણોની વૃદ્ધિ થતી જાય છે તો પણ એનુ ગુમાન નથી થતું, ઉલ્ટું ગુણોની પ્રભાવના કરવાનું મન રહે છે અને ગુણહીન પામર જીવો પર ભાવદયા રહે છે. પછી ગુણાનુરાગને લીધે એના નાના પણ ગુણની કદર કરી એને પ્રોત્સાહન આપવાનુ કરાય છે, અને એમ એને પ્રફુલ્લિત કરીને દોષ ત્યાગ અને ગુણાર્જન માટે ઉત્સાહિત કરાય છે.

આવા મહામહિમાવંત ગુણાનુરાગનું વર્તમાન કાળમાં જીવંત દૃષ્ટાન્ત સ્વર્ગત શાસન પ્રભાવક પૂ. આચાર્ય દેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ હતા. એઓશ્રીના પુણ્ય સમાગમમાં બહુ રહેવાનો લાભ મને મળેલો નહિ, છતાં જ્યારે જ્યારે શ્રીમદ્‌નો કૃપાસંપર્ક થયેલો ત્યારે ત્યારે એ જોવા મળેલું કે એ પુણ્ય વિભૂતિ નાનામાં નાના પણ મુનિના ગુણની અનુમોદના કરતા. આ કાંઇ સારૂ લગાડવા માટે ન હોતું એ એઓશ્રીની નિર્દોષ અને ગંભીર ચિંતન–મય મુખમુદ્રા પરથી સ્પષ્ટ દેખાઇ આવતું.

આશ્ચર્ય તો એ થાય કે આટલા ઊંચે ચઢેલા અને વિશાળ ગચ્છના અધિપતિ તેમજ અનેક ગહન શાસ્ત્રોના વિદ્વાન તથા સંઘના મહાન સન્માનને પામનારા આચાર્ય ભગવંત સ્વયં બહુમૂલ્ય ગુણોના માલિક છતાં અન્યના અનેક દોષોને ઉવેખી નાના પણ ગુણની અનુમોદના કરે! પરંતુ જયાં માનવ જીવનના અનુપમ સાર તરીકે ગુણાર્જન જ નજર સામે તરવરતું હોય ત્યાં ગુણના ધીખતા પક્ષપાતને લીધે ચારે તરફ માત્ર ગુણ જોવા તરફ જ લક્ષ રહે એમાં નવાઈ નથી.

બાકી તો સ્વર્ગસ્થ આચાર્ય દેવશ્રીમાં અનેક ગુણરત્નો ઝળકતા હતા. જીવનના છેલ્લા શ્વાસ સુધી સૂત્રપારાયણ, સંઘવાત્સલ્ય, એકતાન અર્હદ્‌ભક્તિ, પ્રશાન્ત મુદ્રા ગાંભીર્ય, ઉદારતા વગેરે ગુણો એમના આચાર્ય–પરમેષ્ઠિપદને અનેરો ઓપ આપી રહ્યા હતા.

ત્યારે એમની બાળ ભોગ્ય કવિત્વ શક્તિમાંથી થયેલા સર્જને લોકોને આજના ઝેરી યુગના વિલાસ-વર્ધક સિનેમા ગાયનોને ભૂલાવી જિન ભક્તિ, વૈરાગ્ય, વગેરેના મધુરાં ગીતો ગાતાં કરી દીધા છે!

એથી વિશેષ એમના તત્ત્વન્યાય વિભાકર, સંમતિ તર્ક સોપાન, નયચક્ર સંપાદન વગેરે સર્જને વિદ્વદ્‌-વર્ગને એક રસલ્હાણ લૂંટવાની તક આપી દીધી છે!

શ્રીમદ્‌ની અનોખી વ્યાખ્યાનશક્તિએ તો દેશો-દેશમાં અનેકાનેક ભવ્યાત્માઓને વીતરાગના શાસનની મહત્તા, અર્હદ્‌ભક્તિ તથા સંવેગ વૈરાગ્યાદિનાં અમી-પાન કરાવ્યાં છે.

કોટિશ : વંદના એ યોગી પુરુષને!


**તમારી કિંમતી ફાઉન્ટનપેનનું**
**આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**
**હ રિ હ ર**

**ફ્લ્યુડ :** કિંમતી પેન માટે ઉત્તમ છે.
**શાહી :** લખવા માટે સુંદર છે.
**ગુંદર :** ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

**દરેક વેપારીને ત્યાં મળશે.**
**એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.**
**બનાવનાર : હરિહર રીસર્ચ વર્કસ**
**૬૦ માંડવી પોળ. અમદાવાદ.**



યક્ષરાટ્ ઇષ્ટપ્રાપ્તિ યંત્ર
**શ્રી ઘંટાકર્ણ મહાવીર**
ત્રિરંગી ચિત્ર
પોસ્ટેજ સાડું ૨૫ ન. પૈસા — ૭½"×૧૦" — કિંમત ૫૦ ન. પૈસા
આધિ–વ્યાધિ–ઉપાધિ
તાત્કાલિક દૂર કરવા જાતેજ
ચમત્કાર અનુભવી લો
**શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**
બુક સેલર્સ અને પબ્લીશર્સ

# શાસનસુકાની સ્વર્ગીયસૂરિદેવ

પૂ. પાદ મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજ

પૂ. પાદ સૂરિસાર્વભૌમનાં જીવનની વૈવિધ્યભરી લાક્ષણિકતાઓને સાદી છતાં સૌમ્ય ભાષામાં લેખક પૂ. મહારાજશ્રી અહિં રજૂ કરવા પૂર્વક પૂ. પરમોપકારી સૂરિદેવને હૃદયના નમસ્કારે શ્રદ્ધાંજલિ અર્પે છે.

વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ, સંઘકૌશલ્યાધાર, શાસન શિરતાજ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાનો સ્વર્ગવાસ સાંભળી વજ્રાઘાત અનુભવ્યો હતો. શાસનનો એ આધારસ્તંભ તૂટી પડવાથી શાસનની ઇમારતને મોટું નુકશાન પહોંચ્યું છે.

જર્જરિત દેહે પણ જેઓ એક યુવાનની સ્ફુર્તિથી સાધનાના સોપાન ચઢી રહ્યા હતા. શાસનની હિતચિંતામાંજ મશગુલ હતા.

તોફાની સંસાર સાગરમાં સ્વર્ગીય સૂરીદેવ કાબેલ સુકાની હતા. અનેકની ડોલતી જીવનનૌકાને તે મહાપુરુષે ભવસાગરના કિનારે પહોંચાડી હતી.

તેઓશ્રી મહાન જ્ઞાની હતા, તેમ મહાસંયમી હતા. મહાન કવિ હતા તેમ મહાન ધર્મદેશક હતા. મહાન સંત હતા તેમ મહાન શાસ્ત્રપ્રણેતા હતા, ગુણરત્નોના મહાન સાગર હતા તેમ મહાન ગુણાનુરાગી હતા.

મુખમુદ્રા સદા પ્રશાંત રહેતી. વાણીમાં તો ગજબ માધુર્ય હતું. મુખમાંથી હંમેશ મંગલવાણીનો પ્રવાહ ઝરતો.

હૃદય તો સરળતા અને પવિત્રતાનો મહાસાગર !

તે પુણ્ય પુરુષની ગુણગંગાના પવિત્ર પ્રવાહમાં હજારો નરનારીઓએ જીવનને પખાળ્યું–પાવન કર્યું.

તેઓશ્રીનો ગુણવૈભવ માપવો એ ગાગરથી સ્વયંભૂ સાગર માપવા જેવી બાલચેષ્ટાજ ગણાય.

સૂરીશ્વરજીનાં મુખપર દીપતું રાજવી તેજ જૈનશાસનના સૂરિપદને ખૂબ ખૂબ શોભાવી ગયું.

તેઓશ્રીના દર્શન–સત્સંગ અને સહવાસ એટલે નંદનવનની સહેલ ! ગમે તેવો સુસ્ત માનવ પણ મસ્તીમાં આવી જાય એવું હતું, તેઓશ્રીની આત્મસાધનાનું સુરિલું સંગીત !

એ પુણ્યવિભૂતિ પાસે આવેલા આબાલવૃદ્ધ સૌને જ્ઞાન મળતું. નિર્દોષ સંગીતનું પાન મળતું, તત્ત્વ મળતું, તત્ત્વનું ઊંડાણ મળતું, શંકાના સમાધાન, ગુણાનુરાગની સંજીવની અને આશ્વાસનનું અમૃત મળતું. શીલની સુવાસ મળતી, સત્યનું બળ મળતું, અને જિનાગમોનો અનુભવ મળતો. તેઓશ્રી પાસે જે આવ્યા તે જીવનની જડીબુટ્ટીઓ મેળવી ગયા.

આ યુગના વ્યાખ્યાતાઓની પંક્તિમાં તેઓ પ્રથમ હતા. શાસ્ત્ર પ્રણેતાઓની શ્રેણિમાં અગ્રગણ્ય હતા કવિરત્નોમાં કોહીનૂર હતા. તેઓશ્રીની માત્ર હાજરી એ ઘેઘુર વડલાની છાયા હતી.

તેઓશ્રીના પ્રભુભક્ત હૃદયમાંથી સહજ ઉદ્ભવેલા ભક્તિભર્યા સ્તવનો, વૈરાગ્યપૂર્ણ સજ્ઝાયો અને કાવ્યોએ અનેકાનેક નાસ્તિકોને આસ્તિક–ત્યાગી વિરાગી–સંયમી–યોગી અને સાચા પ્રભુભક્ત બનાવ્યા છે. પતિતોને પાવન કર્યા છે. તેઓશ્રીના કવનોમાં શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યો ભર્યાં છે, ધ્યાનયોગના મર્મને સ્પર્શતું નાચેતું પદ મને તો ખૂબ ગમી ગયું છે.

**जो हि है रूप तेरा वो ही है रूप मेरा**
**पडदा पडा है बिचमें आकर के उडा देना।**

અને વળી

**'तुं जुदा नहि मैं जुदा नहि और कोइ जुदा नहि'**

આવા પદોમાં તેઓશ્રીએ પરમાત્મ સમદર્શિત્વ, આત્મસમદર્શિત્વના ભાવો રેલાવ્યાં છે. ભિન્ન ભિન્ન કવનોમાં તેઓશ્રીને ક્યારેક જ્ઞાની તો ક્યારેક યોગી, ક્યારેક બાલ, તો ક્યારેક પ્રૌઢ, ક્યારેક તાર્કિક તો ક્યારેક પરમ ભક્ત, ક્યારેક રડતા તો ક્યારેક હસતા વિનવતાં નિહાળીએ છીએ. ક્યારેક ભયભીત તો ક્યારેક મહામેરુની જેમ નિષ્પ્રકંપ જોઇએ છીએ.

ખરેખર ! રત્નત્રયીની સાધનાના શ્વાસે જીવન જીવી ગયેલા એ દિવ્ય વિભૂતિના ચરણે મસ્તક નમી પડે છે.

'ચિત્ત પ્રસન્નતાનો' અખૂટ ખજાનો તેઓશ્રી પાસે હતો. પાસે આવનાર દરેકને પ્રસન્નતા અને પ્રમોદના સાગર ઉલેચી આપ્યા હતાં. છતાંય એ પ્રસન્નતા કદી ખૂટી નથી. જિનોક્ત સાધનાનું તત્કાળ ફળ '**ચિત્તની પ્રસન્નતા**' તેઓ પામી ગયા, પમાડી ગયા. પરંપરાએ મળતા દુર્લભ લાભોને મેળવી રહ્યા છે. અને મેળવશે.

**કોટિશઃ વંદના એ મહાયોગીશ્વરના પાવન ચરણારવિંદમાં !!!**



આ અવસ્થાએ પણ ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયનમાં મગ્ન રહેતા પૂ. સૂરિદેવશ્રી



સ્વ. પૂ. આચાર્યદેવના પટ્ટાલંકાર
પૂ. આચાર્યશ્રી વિજય
લક્ષ્મણસૂરીશ્વરજી મ.



સ્વ. પૂ. આચાર્યદેવના પટ્ટાલંકાર પૂ. પાદ
આ. દેવ શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ.



પૂ. શતાવધાની કવિકુલતિલક
પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર



મુંબઈ ખાતે જૈન સંસ્થાના આશ્રયે પૂ પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીને શ્રદ્ધાંજલિ અર્પવા કાજે મુંબઈના નાગરિકોની જે વિરાટ સભા મળેલી. તેના પ્રમુખપદે પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રી સભાને ઉદ્‌બોધન કરી રહ્યા છે.

# હસતા હસતા ચાલ્યા ગયા....

**પૂ. પાદ મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ**

પૂ. પાદ પરમોપકારી સૂરીશ્વરજીના સુમધુર વ્યક્તિત્ત્વને આલેખતો આ લેખ, લેખક પૂ. મહારાજશ્રીના પૂ. સૂરિદેવ પ્રત્યેના અનન્ય બહુમાનભાવને વ્યક્ત કરવા દ્વારા પૂ. સૂરીશ્વરજીના જીવન વિશિષ્ટતા દર્શાવે છે.

⊙

દેહના દેરામાં સૂતેલા દેવને જાગ્રત કરી તેને જાગતો ને જાગતો રાખવો, એને ગમતું આચરવું....એને ગમતું બોલવું એને ગમતું વિચારવું....એમાં અપૂર્વ મસ્તી ભરેલી છે. એમાં અનંત આનંદ રહેલો છે.

સાધુ પુરૂષો, સંત પુરુષો આવી અપૂર્વ મસ્તી અને અનંત આનંદના મહોદધિમાં મહાલતા હોય છે, કારણકે એમણે પોતાના દેહના દેરામાં સૂતેલા....મોહનિદ્રામાં ઘોરતા આતમદેવને જાગ્રત કરી દીધો હોય છે. બસ, પછી એ આતમદેવની ઉચ્ચપ્રેરણાઓને જ તેઓ અનુસરતા હોય છે.

આવા સાધુ–સંતો અનંતકાળથી વિશ્વને સુખ અને શાન્તિના સનાતન માર્ગો બતાવતા રહ્યા છે. અને એમના પગલે પગલે અનંત આત્માઓએ શાશ્વત સુખ અને અક્ષય શાંતિ પ્રાપ્ત કરેલાં છે. ખરેખર, આવા સંતપુરુષો જ ધોમ ધખતા વૈશાખના દિવસો જેવા સંસારમાં, ઘટાદાર વડલાનાં વૃક્ષો છે. એની છાયામાં સંસારનો પથિક કંઇક મીઠું આશ્વાસન પામી શકે છે. એના છાંયે કંઈક નિર્ભય નિદ્રા લઈ શકે છે....

સ્વર્ગસ્થ સૂરિદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ આવા જ એક મહાન સાધુપુરુષ હતા. સંસારના હજારો....લાખો પથિકોના તેઓશ્રી વિશ્રામધામ હતા. જે તેઓ શ્રીમદ્‌ની છાયામાં જતું તે ઠરતું! રમતું હસતું!....ને આગે બઢતું!

જ્યારે તેઓશ્રી ઉત્તર ગુજરાતના એક નાનકડા ગામડામાં જન્મ્યા....બાલ્યકાળમાં આવ્યા....તરુણ થયા....કોઇ આ પાર્થિવ દુનિયાનો માનવી નહોતો જાણતો કે આ બાળ ભાવિનો એક મહાન શાસનનેતા સાધુ-પુરુષ થશે! કોઈ એવું ઉચ્ચ વ્યક્તિત્વ નહોતું, કોઇ એવું અનોખું આત્મતેજ નહોતું....કોણ સમજી શકે એમના ઉજ્જવલતમ ભાવિ જીવનને ?

પણ એમનો આતમદેવ જાગી ગયો.... બસ, સર્વ આંતર સમૃદ્ધિના દરવાજા ખૂલી ગયા. તેઓશ્રીનું આત્મતેજ ધીમે ધીમે પથરાવા માંડયું બહાર અને અંદર! જ્ઞાનમાર્ગે તેઓશ્રીએ દોટ મૂકી....પ્રભુ ભક્તિના દીવાઓએ તેમના માર્ગે અજવાળાં પાથર્યાં....શાસન સેવાની લાકડીએ તેમના પ્રયાણમાં ઉત્સાહ પ્રેર્યો....

ખરેખર જૈનશાસને તેઓ શ્રીમદ્‌ને દીપક બનાવ્યા અને દીપક બનીને તેઓશ્રીએ જૈન-શાસનને જ અજવાળ્યું! દીપક બનીને કેઇ જીવોનાં અંતર-અંધારા દૂર કર્યા. દીપક બનીને કેઇ જીવાત્માઓનાં જીવનપ્રયાણુમાં પ્રકાશ પાથર્યો.

જેને એ જીવંત દીપકનાં અજવાળાં લાધેલાં છે, તેના માટે તો સૂરિદેવ સ્મૃતિ-લોકના સોહામણા પ્રદેશમાં એક સ્મારક બનીને ઉભા છે. રોજ તે સ્મારક પર આંસુઓનાં પાણીથી અભિષેક થાય છે અને સદ્‌ભાવોનાં પુષ્પો ચડે છે.

મને વંદનીય આચાર્ય ભગવંતનો પરિચય એટલો બધો ગાઢ તો નહિ, પરંતુ જેટલો હતો તે ઘણો રોમાંચક અને આકર્ષક હતો. તેઓ શ્રીમદ્‌નાં મોહક વ્યક્તિત્વે ખરેખર મને મોહિત કર્યો હતો. તેઓશ્રીના વ્યક્તિત્વનાં બે પાસાં હતાં. એક હતું ગુણાનુરાગનું પાસું અને એક હતું ઉદારતાનું પાસું. એક ગુલાબ જેવી રીતે આકર્ષે, બસ! તેવી રીતે આ બંને ગુણોએ મને ઠીકઠીક આકર્ષેલો. અરે, જે જે તેઓશ્રી પ્રત્યે આકર્ષાયા છે તેમાં આ બે ગુણપુષ્પો જ પ્રધાન કારણ છે; એ વાતનો કોણ ઇન્કાર કરી શકશે?

એક વખત મેં તેઓશ્રીમદ્‌ને વંદના કરી વિનીતભાવે પૂછ્યું :

'સાહેબ, ખાસ મનન કરવા યોગ્ય, ટૂંકો ગ્રંથ કયો છે મારા માટે?' તેઓશ્રી સહેજ સહેજ સ્મિત કરી ક્ષણભર ગંભીર બની ગયા.... મારો હાથ પોતાના હાથમાં લઇ એક પ્રેમાળ પિતા પોતાના પ્રિય પુત્રને જે હિતથી....જે વાત્સલ્યથી કહે, તેમ કહ્યું :

'ગુણાનુરાગ કુલક!' બાજુમાં જ બેઠેલા પૂ. આચાર્ય ભગવંતના પરમ ઉપાસક ઉપાધ્યાયજી મહારાજ શ્રી જયંતવિજયજી ગણિવરે મને 'ગુણાનુરાગ કુલક'નું પુસ્તક આપ્યું!

આ પ્રસંગે મને લાગ્યું કે મહાન શક્તિ ભલે બીજાને આંજી શકતી હશે પણ આકર્ષી શકતી નથી. જ્યારે ગુણોનાં પુષ્પો બીજાને આકર્ષી શકે છે. નિકટવર્તી બનાવી શકે છે; ભલે ને બીજાને આંજી ન શકે! અને મારા કવિહૃદયને તો સૂર્ય કરતાં ચન્દ્ર વધુ ગમે! સૂર્ય આંજી શકે છે, આકર્ષી શકતો નથી. જ્યારે ચન્દ્ર તો આકર્ષે છે! સ્વર્ગસ્થ સૂરિદેવને સૂર્ય કરતાં ચન્દ્રની ઉપમા વધુ સુયોગ્ય લાગે છે!

ઉદારતા અનેક વિષયોમાં હોઇ શકે છે. કોઈ ધન આપવામાં ઉદાર હોય છે. કોઇ જ્ઞાન આપવામાં ઉદાર હોય છે, કોઈ સ્થાન આપવામાં ઉદાર હોય છે....પરંતુ આપણા આચાર્ય ભગવંતની ઉદારતા તો અલૌકિક હતી! બીજાના અપરાધોની ક્ષમા આપવી એ. ક્ષમાદાનમાં તેઓશ્રી વીર હતા. ક્યારેય એ દાનમાં કૃપણતા કરી ન હતી. અપરાધીમાં પણ તેઓશ્રી કોઇ ગુણનું દર્શન કરી લેતા અને એના પ્રત્યે પોતાનાં હૈયાને મૃદુ....કોમળ રાખતા. અને હૈયું મૃદુ અને કોમળ હોય પછી ક્ષમાદાનમાં કરકસર થાય જ નહિ! 'ક્રૂર અને કઠોર હૈયું જ ક્ષમાદાનમાં અવરોધરૂપ છે....' આ વિચારીને જાણે તેઓશ્રીએ ક્રૂરતા અને કઠોરતાને દેશવટો જ દઈ દીધો હતો. આથી તેઓશ્રીની લોકપ્રિયતા પ્રથમપંક્તિની હતી. એ લોકપ્રિયતાનો પુરાવો તેઓશ્રીની અંતિમ યાત્રા જ હતી!

બીજાના ગુણોને ગૌણરૂપે જોઈ બીજાના દોષને ઝીણી નજરે જોવાથી કુટેવમાં ફસાયેલા મનુષ્યોને તેઓશ્રીની એક જ શીખ હતી: 'દોષોને એકાગ્રતાપૂર્વક જોવાથી તમે દોષમય થઇ જશો! ગુણોને એકાગ્રતાથી જોશો તો ગુણીયલ બનશો!'

તેઓશ્રીમાં આવા મૌલિક ગુણોનો મોટો પાક દેખાતો હતો. તેમાં એક કારણ એ પણ લાગે છે કે તેઓશ્રી એક ભાવનાશીલ કવિ હતા! હૃદયનું ભાવાત્મક ઘડતર મૌલિક ગુણોનું ઉદ્ગમકેન્દ્ર છે. તેઓશ્રીમાં એ ભાવાત્મકતા જન્મસિદ્ધ જ હોવી જોઇએ. તેમાં શ્રી જિન-આગમોનું ચિંતન અને પરિશીલન જ્યારે ભળ્યું ત્યારે એ ભાવાત્મકતાએ એક નવો જ વળાંક લીધો અને એ ભાવાત્મકતા વિશ્વના ભાવુક આત્માઓને જોડનારી સાંકળ બની ગઇ!

તેઓશ્રીએ પરમાત્માની પેટ ભરીને સ્તુતિ કરી છે....પરમાત્માની સમક્ષ પોતાની વાસના-ઓને નીચોવી નાંખી છે....એકાંતમાં આત્માને કોરડાના માર પણ માર્યા છે! 'જનારૂ જાય છે જીવન, જરા જીનવરને જપતો જા....!' વિશ્વનાં પ્રલોભનોમાં ખેંચાઈ જઇ જ્યારે જીવ જીવનની બરબાદી કરતો દેખાયો ત્યારે તેઓ-શ્રીએ તેને આ ચાબકો માર્યો લાગે છે.... અને આવા આવા ચાબકા તેઓશ્રીએ કેટલાય માર્યા છે, પણ તે તો તેઓશ્રીએ સર્જેલા વિશાળ કાવ્યસાહિત્યને સમાલોચવા બેસીએ ત્યારે સમજાય!

મહાન શાસનપ્રભાવક....પ્રકાંડ વિદ્વાન.... વિશુદ્ધ સંયમી....ગચ્છાધિપતિ...તરીકે તેઓશ્રી જૈનસંઘમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવતા હતા. ભારતના ઘણા વિભાગોમાં વિચરી તેઓશ્રીએ લાખો આત્માઓને ધર્મોપદેશ આપી ન્યાય નીતિ અને સદાચારના માર્ગે વાળ્યા છે. અનેક ગ્રંથરત્નોનાં સર્જન કરી, જૈનસાહિત્યમાં સુંદર વધારો કર્યો છે. સુસંયમી અને વિદ્વાન સાધુ-ઓને તૈયાર કરી શ્રમણસંસ્થાના વિકાસમાં પોતાનો નોંધપાત્ર ફાળો આપ્યો છે.

તેઓશ્રીના સ્વર્ગવાસથી શ્રી જિનશાસનને અજવાળતો એક દીપક બુઝાયો છે...માનવ-જાતના મંગલ માટે આજીવન પુરુષાર્થશીલ એક મહાન આત્માની ખોટ પડી છે. ગુણોની મઘમઘાયમાન સુવાસ પાથરનાર એક ગુલાબ ખરી પડયું છે....

હૃદય દુઃખ અનુભવે છે: ઠપકો આપવા તૈયાર થઈ જાય છે.... 'અમે રોતા હતા છતાં તમે હસતા હસતા ચાલ્યા ગયા!'


## शुभ सूचना

उन बहुत बढ़ियां सफेद औंघा व चरवला वास्ते हर प्रकार की रेशमी, मिक्स तथा ऊनी काम्बली व जोटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन

लुधियाना (पंजाब)

અમદાવાદના જુના અને જાણીતા **સોના** અને **ચાંદીના** વરખ બનાવનાર વિશ્વાસપાત્ર સ્થળ :

## એ. આર. વરખવાલા

૩૮૫૦/ ઢાલગરવાડ **અમદાવાદ-૧**

અમારી બીજી દુકાન **નથી.** માલ એક વખત મંગાવી ખાત્રી કરશો.

# સાધુતાની સુંદર મૂર્તિ

પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પૂ. પાદ સૂરીશ્વરજીના પરિચયમાં આવીને તેઓશ્રીના જીવનની અનન્ય અસાધારણતાથી પ્રભાવિત થયેલા લેખક મહાશય, પૂ. પાદ પરમોપકારી સૂરિદેવની સાધુતાને પોતાની અનોખી લેખનશૈલિથી અહિં અંજલિ અર્પે છે.

⊙

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे।
साधवो नहि सर्वत्र, चन्दनं न वने वने ॥

અર્થાત્ દરેક પર્વતમાં માણેક હોતાં નથી, દરેક હાથીમાં (હાથીનાં મસ્તકમાં) મોતી હોતાં નથી. દરેક સ્થળે સાધુઓ હોતાં નથી અને દરેક વનમાં ચંદનનાં વૃક્ષો હોતાં નથી. તાત્પર્ય કે આ બધી વસ્તુઓ કોઇક સ્થળે જ મળી આવે છે.

આ શ્લોક જ્યારે પહેલવહેલો મેં વાંચ્યો, ત્યારે મારા મનમાં પ્રશ્ન ઊઠયો હતો કે 'ભારત વર્ષમાં તો અતિ પ્રાચીન કાલથી સાધુઓની સંખ્યા ઘણી મોટી રહી છે અને નાનાં મોટા ગામો તથા શહેરોમાં તેમનાં દર્શન છૂટથી થાય છે, તો આવાં વચનો લખવાનું પ્રયોજન શું?' એ વખતે ધાર્મિક વાંચન વિશેષ ન હતું, એટલે ઘણો વિચાર કરવા છતાં આ બાબતમાં મનનું સમાધાન થયું નહિ. પરંતુ પછીથી ધાર્મિક વાંચન વધ્યું અને તે સાથે તેનાં પરનું ચિંતન-મનન વધ્યું, ત્યારે સમજાયું કે માત્ર વેષ ધારણ કરવાથી સાધુ થવાતું નથી, તે માટે તો અતિ ઉચ્ચ કોટિની સાધના કરવી પડે છે અને જીવનમાં અનેકવિધ ગુણોની ખીલવણી કરવી પડે છે, આવા સાધુ પુરુષો આ જગતમાં બહુ થોડા હોય છે, તેથી તેઓ કોઇક જ સ્થળે જોવામાં આવે છે.

મને જણાવતાં આનંદ થાય છે કે સદ્‌ગત આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ આવા સાધુઓમાંના એક હતા, વિદ્વતા તેમને વરી હતી, વકતૃત્વ તેમને સિદ્ધ હતું, કાવ્યકલામાં તેમણે સારી પ્રગતિ કરી હતી અને વાદવિવાદની શક્તિમાં તેમણે અજોડ સામર્થ્ય બતાવ્યું હતું. તેમના આ ગુણોથી હજારો લોકો તેમના તરફ આકર્ષાયા હતા, પણ તેમના પ્રત્યે મારું આકર્ષણ તો તેમની સાચી સાધુતાને લીધે જ થયું હતું અને તે છેવટ સુધી રહ્યું હતું.

જિન શાસનમાં સાધુતાનું પ્રથમ લક્ષણ સર્વવિરતિ મનાયું છે. તેનાથી તેઓ વિભૂષિત હતા. બીજા શબ્દોમાં કહીએ તો અહિંસા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની મંગલમયતામાં તેમને અટલ વિશ્વાસ હતો અને તેનાં પાલનમાં તેઓ ઘણી ચીવટ રાખતા હતા. કોઇવાર નાની સરખી ભૂલ થઇ જાય તો તરત તે માટે દિલગીર થતા અને તેની શુદ્ધિ કરી લેતા. અહીં એ સ્પષ્ટતા પણ કરી દઉં કે તેઓ બાલબ્રહ્મચારી હતા અને બ્રહ્મચર્યનાં પાલન માટે ઘણો ઊંચો ખ્યાલ ધરાતવા હતા.

સાધુતા સ્વાધ્યાયથી વિકસે છે અને સ્વાધ્યાયથી જ શોભે છે. આ સ્વાધ્યાય તેમનાં જીવનમાં અનેરું સ્થાન પામ્યો હતો. થોડા

પણ સમય મળ્યો કે તેઓ સ્વાધ્યાય કરવા લાગી જતા. વૃદ્ધ ઉંમરે માંદગીના દિવસોમાં પણ મેં તેમને અવારનવાર સ્વાધ્યાય કરતા જોયા છે. તેઓ એમ દૃઢતાથી માનતા કે 'જીવનને પવિત્ર રાખવા માટે જ્ઞાનીઓનાં વચનનું નિત્ય-નિયમિત અનુશીલન કરતાં રહેવું એ સર્વશ્રેષ્ઠ ઉપાય છે.'

સ્વાધ્યાયનો બીજો અર્થ મંત્રજપ છે. તેમાં પણ તેમને ઘણી પ્રીતિ હતી. તેઓ અવારનવાર જપમાલિકા વડે જપ કર્યા કરતા અને ભાવિકોને પણ તેનું આરાધન કરવાનો અનુરોધ કરતા. હું માનું છું કે તેમણે જીવન દરમિયાન કરેલો મંત્રજપ લાખોની સંખ્યા સુધી પહોંચ્યો હશે.

તપશ્ચર્યાએ પણ તેમનાં જીવનમાં સુયોગ્ય સ્થાન મેળવ્યું હતું અને તેથી જ અતિ કઠિન ગણાતી સંયમસાધના તેમને સુલભ બની હતી. આજેય તેમના સમુદાયમાં તપશ્ચર્યાનું આરાધન સારાં પ્રમાણમાં થઈ રહ્યું છે, તે એમની તપ પ્રત્યેની અનન્ય નિષ્ઠાનું પરિણામ છે.

પરંતુ આ બધા કરતાં યે વધારે અસરકારક તો તેમની સરળતા અને મૃદુતા હતી. તેઓ નાના–મોટા સહુ સાથે ખૂબ નિખાલસતાથી વાતો કરતાં, અને એ વખતે તેમનાં મુખ પર મધુર સ્મિત અવશ્ય ફરકતું. કોઈને પોતાનાં વચન કે વર્તનથી દુઃખ ન ઉપજે તેની તેઓ પૂરી કાળજી રાખતાં અને બને ત્યાં સુધી કોઈ કઠોર વચનનો પ્રયોગ કરતાં નહિ. ઉશ્કેરણીજનક પ્રસંગમાં પણ મેં તેમને અતિ શાંત હાલતમાં રહેલા જોયા છે.

સં. ૨૦૦૬ ની સાલમાં તેઓ પૂનાકેમ્પમાં ચાતુર્માસાર્થે બિરાજમાન હતા ત્યારે શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા અંગે કેટલીક પ્રતિઓ જોવા માટે મારે ભાંડારકર ઇન્સ્ટીટયુટમાં જવાનું થયું. એ કાળ પત્યા પછી હું તેમના દર્શને ગયો. ત્યારે વિશેષ પરિચય ન હતો છતાં તેમણે મારી સાથે ખૂબ સહૃદયતાથી વાતો કરી અને મેં પ્રતિક્રમણનાં કેટલાક સૂત્રો અંગે અટપટા પ્રશ્નો પૂછ્યા, તે બધાના તેમણે પ્રસન્નચિત્તે સંતોષકારક ઉત્તરો આપ્યા. એટલું જ નહિ પણ આ કૃતિ સંઘ માન્ય બને તે માટે તેમણે કેટલાંક કિંમતી સૂચનો પણ કર્યાં. શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધ ટીકાનો પ્રથમ ભાગ બહાર પડયા પછી મેં તેની એક પ્રતિ તેમને ભેટ મોકલી, તે તેઓ રસપૂર્વક વાંચી ગયા અને તેમાં અમુક સ્થળે સુધારવા જેવું લાગ્યું તે સુધારીને તેની નકલ મારા પર મોકલી આપી, જે તેની બીજી આવૃત્તિ પ્રકટ કરવામાં ઘણી ઉપયોગી થઈ. તેમની આ સહૃદયતા હું ભૂલ્યો નથી. ભૂલી શકું એમ નથી.

ત્યાર પછી જ્યારે પણ તેમને મળવાનો પ્રસંગ આવ્યો છે, ત્યારે મને આનંદ જ થયો છે. તેમાં બે વસ્તુઓએ મારું ખાસ ધ્યાન ખેચ્યું હતું. એક તો તેમને મળતાં જ તેઓ પૂર્વ પ્રસંગનું અનુસંધાન કરી દેતા અને બીજું શું પ્રગતિ થઇ છે ? તે જાણવાની ઉત્સુકતા દાખવતા.

તેમના સમુદાય તરફથી મને 'શાસન-પ્રભાવક સૂરિદેવ' લખવાનું કામ સુપ્રત થયું ત્યારે હું કવિકુલકિરીટના બંને ભાગો ઘણી કાળજીથી વાંચી ગયો અને તેમાંથી કેટલીક હકીકતો જાણીને અતિ પ્રભાવિત થયો. અલબત્ત આમાંની કેટલીક બાબતો મને શોધનને યોગ્ય પણ લાગી, આથી મેં તેમની પાસે જઈને પ્રશ્નો પૂછ્યા. તે બધાના તેમણે સ્પષ્ટ અને સંતોષકારક ઉત્તરો આપ્યા. તેમાં કોઇ વાત

તેમણે છૂપાવી ન હતી કે કોઇ બાબતમાં અતિશયોક્તિ કહી ન હતી.

ત્યારબાદ તેમણે સંપાદિત કરેલા દ્વાદશાર નયચક્રના ચોથા ભાગનું પ્રકાશન મુંબઇ દાદર ખાતે ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના હાથે કરાવવાનું નક્કી થયું અને તે અંગે કેટલીક વ્યવસ્થાનો ભાર મારા માથે આવ્યો, ત્યારે પણ તેમને અનેકવાર મળવાનું થયું હતું. તેમાં મેં એ જોયું કે તેઓ સામાનું દૃષ્ટિબિંદુ સમજવાની પૂરેપૂરી કાળજી બતાવતા હતા, કોઈપણ વસ્તુનો ખોટો આગ્રહ રાખતા નહિ અને તબિયત નાદુરસ્ત હોવા છતાં પ્રસન્ન ચિત્તે રહેતા હતા.

આ વખતે એવો પ્રસ્તાવ થયો કે સંપાદિત ગ્રંથ સંસ્કૃતમાં છે અને ડૉ. રાધાકૃષ્ણન્ જેવા એક મહા વિદ્વાનના હાથે તેનું પ્રકાશન થનાર છે, તેથી તે અંગેનું પ્રવચન સંસ્કૃતમાં થવું જોઇએ. વળી તે વખતે ભારતીય વિદ્યાભવનવાળા ડૉ. દીક્ષિતાર વગેરે આવવાના છે તે સંસ્કૃતમાં જ બોલવાના, એટલે આપણું નીચું દેખાવું ન જોઇએ. એ વખતે તેમણે કહ્યું ' વાંધો નહિ આવે. બધું બરાબર થઇ જશે.' મેં તો તેમને હજી સુધી સંસ્કૃતમાં વાતચીત કરતાં સાંભળ્યા ન હતા, વળી હાલ તેમની તંદુરસ્તી પણ બરાબર ન હતી, એટલે આ વસ્તુ સારી રીતે પાર ઉતરશે કે કેમ? તેમાં હું શંકાશીલ હતો. પણ સમારોહના દિવસે તેમણે સંસ્કૃતમાં ખૂબ છટાદાર પ્રવચન કર્યું અને બધા તેનાથી પ્રભાવિત થયા. એ વખતે મારાં હૃદયમાં કેટલો આનંદ થયો તેનું વર્ણન હું કરી શકતો નથી, મને થયું કે ખરેખર આ વૃદ્ધ મહાપુરુષે જૈનસમાજની લાજ રાખી!

તેઓ જિનશાસનના ગૌરવ માટે સદા સચિંત રહેતા હતા અને જ્યારે પણ જિનશાસન પર આક્રમણ થવાનો પ્રસંગ આવ્યો, ત્યારે વીરતાથી લડ્યા હતા. ગત વર્ષે ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ દિલ્હીની લોકસભામાં રજૂ થયું અને પ્રથમ વાંચનમાંથી પસાર થઇ પ્રવર સમિતિને સોંપાયું. તેની કલમો ખતરનાક હોવાથી જૈન સમાજમાં ભારે ઉહાપોહ મચ્યો. ત્યારે મુંબઇમાં બિરાજતા આચાર્ય ભગવંતોની નિશ્રામાં લાલબાગ ખાતે ચતુર્વિધ સંઘની સભા મળી, એ પ્રસંગે તેમની જ મુખ્યતા રહી હતી અને તેમણે ખૂબ જુસ્સાદાર ભાષામાં આ બીલને વખોડી કાઢ્યું હતું, તેમજ તેનો પૂરાં બળથી પ્રતિકાર કરવાની હાકલ કરી હતી, પરિણામે એજ વખતે ત્યાં અખિલ ભારત વર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિની સ્થાપના થઈ હતી અને આ સમિતીએ ઉક્ત બીલનો પ્રતિકાર કરવામાં ઘણી સુંદર કામગીરી બજાવી હતી, આ બીલ અંગે તેમણે દાદરની સભામાં જે પ્રવચન કર્યું તે સાંભળવાનો મને લાભ મળ્યો હતો. એ પ્રવચન પણ ઘણું જ જુસ્સાદાર હતું અને આ ઉંમરે પણ તેમનાં હૃદયમાં શાસનની કેટલી દાઝ છે, તે જણાવનારું હતું.

તેમનામાં ક્ષમા, નિર્લોભતા આદિ ગુણો પણ સારી રીતે વિકાસ પામ્યા હતા અને તેની છાપ તેમના સહવાસમાં આવનાર કોઇપણ વ્યક્તિ પર બરાબર પડતી હતી.

ખરેખર! તેઓ સાધુતાની સુંદર મૂર્તિ હતા અને તેથી તેમને હું વારંવાર વંદના કરતો હતો. આજે પણ તેમનું સ્મરણ થતાં મારું મસ્તક તેમના પ્રત્યે સહસા ઢળી પડે છે.

# આરાધ્યપાદ પૂ. આચાર્યદેવશ્રી

**શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીયા,** એમ. એ.

પૂ. પાદ આરાધ્યપાદ આચાર્યદેવશ્રીના પ્રભાવક સંયમી જીવનમાં સત્યનિષ્ઠા તથા સિદ્ધાંત વફાદારી ગુણ જે અનન્ય કોટિનો હતો, તે ગુણને અંગે આ લેખમાં લેખક, પોતાની અનુભવવાણી સરલ છતાં સ્પષ્ટ ભાષામાં આલેખે છે.

⊙

**અ**નંત જ્ઞાની અનંતઉપકારી શ્રી વીતરાગ પરમાત્માના પરમપવિત્ર **શાસનની** ખૂબીઓ અનેરી છે, ગત ન્યારી છે. આ શાસનને પામવા માટે સમજવા માટે, હૈયે ધારણ કરવા માટે અને તેને આત્મસાત્ કરવા માટે પ્રબળ પુણ્ય સાથે સૂક્ષ્મ શ્રદ્ધાની ઘેરી ઉપાસના અનિવાર્ય છે. એનો પાયો **અતિદઢતમ**, એનાં ચણતર વિવિધરંગી અને **ખૂબ જ** આકર્ષક પરંતુ પાડયા પડે નહિ અને તોડયા તુટે નહિ. એના શિખરો—આદર્શો સદાકાળને માટે અફર અને અજોડ છતાં સુશ્રાવ્ય અને સુઆરાધ્ય.

એના પાયામાં જીનેંદ્રદેવોના વચન પ્રત્યે અટલશ્રધ્ધા. તેજ સાચું અને શંકા વિનાનું જે જિનેશ્વરદેવોએ સર્વજ્ઞ અને સર્વદર્શીઓએ ભાખ્યું. ત્રિપદી ભગવાને આપી. બીજબુધ્ધિના ધણી ગણધર ભગવંતોએ દ્વાદશાંગીમાં ગુંથી. પૂર્વધર મહાશ્રુતધરોએ નિર્યુક્તિદ્વારા વધુ સ્પષ્ટ કરી, અને મહાન્ ગીતાર્થ આચાર્ય પુંગવોએ ભાષ્ય—ચૂર્ણિ અને ટીકા રૂપે વિસ્તૃત અતિ વિસ્તૃત કરી. પણ ભાવાર્થમાં—આદર્શમાં—અંતિમ લક્ષ્યમાં એક માત્રાનો પણ ફેર નહિ. અને તે પણ ભવ્યાત્માઓના આત્યંતિક આત્મ કલ્યાણના હેતુથી જ. આ છે બલિહારી જૈનશાસનની, વીતરાગના માર્ગની—પ્રભુપ્રણિત સર્વોચ્ચ કોટિના ધર્મની.

આવા એક મહાશાસનમાં અને મહાશાનને અટલ વફાદાર શ્રીમદ્ થઇ ગયા. શ્રીમદ્નો બાલ્યકાળ, શ્રીમદ્ની દીક્ષા—પિપાસા, શ્રીમદ્ની કાવ્યશક્તિ અને તે પણ હરેક ભાષામાં, શું હિંદી કે શું ગુજરાતી, શું સંસ્કૃત કે શું પ્રાકૃત, આ બધું તો જગજાણીતું છે. ભાવિકોનાં હૈયામાં રમતું છે. અને શ્રીમદ્ અક્ષરદેહે જીવતા—જાગતા અને પ્રેરણાનું પાન પાતા શ્રી સંઘસમક્ષ—જનમેદની સમક્ષ પ્રત્યક્ષરૂપે હયાત છે અને રહેશે.

શ્રીમદ્ની વિશિષ્ટ વિશેષતા તો કાળનાબળ સામે ટક્કર ઝીલવાની અને જમાનાના ઝેરને શિવ—શંકરવત્ પચાવી જઇ, અણનમ અને અડગ રહી, શાસનની—શાસનના સિધ્ધાંતની અને ભાવુકોનાઆત્મ—ધનની રક્ષા કરવાની નિખાલસતા સાથેની તમન્ના અને તાજગી હતી. ક્યારે પણ શાસન સામે સ્વકીય કે પરકીયમાંથી આક્રમણ આવ્યું તો જરાપણ શેહમાં ખેંચાયા શિવાય, શરમ કે દાક્ષિણ્યતામાં લેપાયા શિવાય, લોકહેરીની કે ખોટી જનકીર્તિની પરવા કર્યા સિવાય, સત્યનું સ્થાપન—અસત્યનું ઉન્મલન કરવા અને સાચાને હાર્દિક ક્રિયાત્મક—રચનાત્મક ટેકો આપવા તૈયારજ હોય, શાસના સત્યો પ્રત્યે હલીચલી ચલાવી લેવા કે સત્ય પ્રત્યે ઢાંકપીછોડો કરવા માટે, તેમજ અસત્ય પ્રરૂપણાઓ પ્રત્યે ઉપેક્ષા ચલાવી લેવા માટે હરગીજ તૈયાર નહોતા.

અને ખરેખર એક સત્ય મરે તો અનેક સત્યો મર્યાજ સમજવા. એક અનાચાર પેસે તો અનેકને આવવાના માર્ગ મોકળા થાય. એક છિદ્રની ઉપેક્ષા જતે દહાડે કોટ–કિલ્લાનો વિનાશજ સર્જે. સૂક્ષ્મબુદ્ધિથી શાસ્ત્રનું અવગાહન કર્યું છે અને હૈયામાં તેનો યત્કિંચિત પણ યથાર્થ સ્વરૂપે સાક્ષાત્કાર થયો છે, એની નિશાનીજ એ છે કે પ્રસંગ પામીને શુદ્ધ પ્રરૂપણા કરવી અને ખોટા આચ્છાદનને ઉડાડી દેવા. શ્રીમદ્‌માં આ ગુણ વિશેષપણે રમતો પ્રત્યક્ષ જોયો છે, અનુભવ્યો છે અને નિરખ્યો છે એ પણ સદ્‌ભાગ્યની નિશાની ગણાય ને?

આવુ અનેરૂં શ્રીમદ્‌માં સહજ રીતે કેવી રીતે જન્મ્યું–ફાલ્યું, અને એની ફોરમ ફેલાઇ એ પણ એક રહસ્ય છે. શ્રીમદ્‌નો ગુરુ આજ્ઞા-સમર્પિત બુદ્ધિનો ગુણ ખૂબજ અનુમોદનીય અને પ્રશંસનીય હતો. અને શ્રીમદ્‌ના ગુરુદેવ એટલે પ્રૌઢ પ્રતાપી–સિદ્ધાંત રક્ષાબદ્ધકટિ, પૂ. આ. મ. શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજા; ન્યાયામ્ભોનિધિ–વીસમી સદીના અજોડ શાસન પ્રભાવક શ્રીમદ્ વિજયાનંદ-સૂરીશ્વરજી (આત્મારામજી)ના પટ્ટધર પ્રભાવક પુરૂષ શ્રીમદ્‌નો સ્વાધ્યાય ગુણ તો અજબ–ગજબનો હતો. ખરેખર આ કાળ માટે વિસ્મયજનક અને અપૂર્વ આલ્હાદજનક હતો. ભયંકર માંદગીમાં પણ ઉત્તરાધ્યયનનું ખૂબ જ ઉપયોગ પૂર્વકનું તેઓશ્રીનું અધ્યયન અનેક પ્રસંગોએ નિહાળ્યું. ભારે ગીતાર્થોની ઝાંખી થયા વિના રહી નથી. રાતના અગીઆર અને તે ઉપરાંત પણ સ્વાધ્યાય ચાલુ. ધન્ય છે એ જીવનને!

અને આ બધી સુશ્રદ્ધાનું–ચારિત્રનું અને પ્રબળ સ્વાધ્યાયનું પ્રત્યક્ષ ફળ શ્રીમદ્‌ની અંતિમ માંદગીમાં જ્યારે નિહાળવામાં આવ્યું ત્યારે જૈન શાસનની સર્વોચ્ચ કોટિની ઉપકારિતા અને તેમાં રહેલી સૂક્ષ્મતાની આછી આછી ઝાંખી થયા વિના કેમજ રહે? આત્મા અને દેહ જુદા છે એનો પ્રત્યક્ષ પરચો શ્રીમદે પોતાની અંતિમ ભયંકર માંદગીમાં સ્વજીવનમાં બતાવી, મૂંગો પણ પ્રબળ ઉપદેશ આપ્યો છે. દુઃખની તિક્ષ્ણ વેદનામાં પણ મનથી અરિહંતનું ધ્યાન અને સ્વરોચ્ચારમાં પણ નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ એટલું જ નહિ પણ સૂરિમંત્ર–મુદ્રાઓની અભિવ્યક્તિ, અને આવશ્યક ક્રિયામાં ઉભયકાળ ઉપયોગ અને તે સઘળુંએ આત્માના લય અને તાન સાથે–સસ્મિતવદને! ધન્ય છે સૂરિદેવ! ધન્ય છે આરાધના! ધન્ય છે વીતરાગનું મહા શાસન!

આરાધ્યપાદ જૈનાચાર્યોની જ્વલંતકોટિમાં જે જે સ્વપર તારક–ઉધ્ધારક–રક્ષક શ્રદ્ધા-સમન્વિત શ્રુતઆરાધક ગુણશ્રેણિ વર્તમાન કાળે હોવી આવશ્યક ગણાય, તેને જીવનમાં આચારમાં ઉતારનાર, અનેકોને શાસનના સુપથે સ્થાપનાર, અક્ષર દેહે સદાજીવી, શ્રીમદ્‌ને કોટિ કોટિ વંદના.

---


## જુજ નકલો સીલીકે છે.

પાઠશાળાના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ સરલતાથી મેલાવડાઓમાં રજુ કરી શકે તેવા ચોટદાર સંવાદોનો સંગ્રહ જેમાં છે તે બુક **"આદર્શનાટિકા"**ની હવે જુજ નકલો જ સીલીકમાં છે. જરૂર હોય તેઓએ તાકીદે મંગાવી લેવી. **કિંમત ફક્ત આઠઆના** (પોસ્ટેજ સાથે)

લખો :—**માસ્તર એન. બી. શાહ**
ઠે. જૈનમંદીર શ્રીમાળીપોળ–**ભરૂચ**

# એ મહાકવિ આજ પણ અમર છે !

**વૈદરાજ શ્રી મોહનલાલ ધામી**

મહાગૂજરાતના સુપ્રસિદ્ધ વાર્તાલેખક સાક્ષર શ્રી મોહનલાલ ધામી પૂ. પાદ પરમોપકારી સ્વ. આચાર્યદેવશ્રીને આ લેખમાં મહાકવિ તરીકે બિરદાવે છે. જે યથાર્થ છે. પૂ. પાદ આચાર્યદેવશ્રીની કાવ્ય કૃતિઓની મનનીય મીમાંસા તેઓ અહિં રજૂ કરે છે.

⊙

જેનાં જીવનમાં મસ્તી હોય, આનંદનો અખંડ ઝરો વહેતો હોય અને ભાવનાનું સાત્વિક બળ હોય તે જ કાવ્ય સૃષ્ટિના સર્જક બની શકે છે. મસ્તી, આનંદ અને ભાવના એ કોઈ પાસેથી મલી શકતાં નથી....અધિકારીનાં હૈયામાં સ્વયં ઉપસી આવે છે.

મસ્તી, આનંદ અને ભાવના એ કવિત્વ શક્તિનો સહારો છે. જ્યાં આ ત્રણ વસ્તુ ન હોય ત્યાં ચિરસ્થાયી કાવ્યોનું સર્જન થતું નથી. તેમાંય સંસારના સુખોને ઝૂલાવનારાં કે પંપાળનારા કાવ્યો તો સહજ ભાવે સર્જી શકાય છે, પરંતુ શ્રદ્ધા, ભક્તિ અને અધ્યાત્મ રસની ત્રિવેણી બિછાવનારાં કાવ્યો સર્જવા જરાય સહજ–સરલ નથી. જેનું મન અધ્યાત્મ રસના પ્રવાહમાં મસ્ત બની શકતું હોય, જેની જીવનધારા નિર્મળ અને શાશ્વતસુખ તરફ વળી ચૂકી હોય, જેનાં નયનો સંસારના નગ્ન સ્વરૂપને બરાબર પિછાણી શકયા હોય અને જેની દૃષ્ટિ સર્વનું કલ્યાણ જોવા તલસી રહી હોય તે મહાપુરૂષોજ પોતાની વાણીમાં આત્મકલ્યાણની અનેરી મસ્તી લાવી શકે છે.

સ્વ. આચાર્યદેવની વાણીમાં એવીજ આત્મકલ્યાણની અનોખી મસ્તી છલકતી દેખાય છે. સંસારનું અનિત્ય સ્વરૂપ અને સંસારના સુખોપભોગની જવાળાનું દર્શન કર્યા વગર આવી મસ્તી જીવનમાં ને કવનમાં સંભવતી નથી. કોઈ ભાષાનો ખેલાડી કદાચ ભાષાના બળ વડે એવી મસ્તીનો આભાસ કરાવી શકે એ બને, પણ એ મસ્તીમાં હૈયાનો ધબકાર તો હરગીઝ હોતો નથી.

સ્વ. આચાર્યદેવે હજાર ઉપર ઉપરાંત કાવ્યો રચ્યાં છે....એ બધાં કાવ્યોનું અવગાહન કરવું એ સહજ વાત નથી. પરંતુ હું અહીં એમનાં કેટલાંક ભક્તિ અને આધ્યાત્મિક રસથી છલકતાં ગીતોનો હળવો પરિચય આપવાનો લોભ રોકી શકતો નથી.

અહીં મેં 'હળવો પરિચય' શબ્દનો ઉપયોગ હેતુપૂર્વક કર્યો છે....કારણ કે એક સંસારી અને સંસારના સુખદુઃખ વચ્ચે સપડાયેલો માનવી....એક ત્યાગી અને જીવનના અણુએઅણુમાં શ્રદ્ધા ભક્તિનાં અજવાળાં ભર્યા હોય એવા મહાપુરુષની વાણીનો પરિચય કેવી રીતે આપી શકે?

આપણે જોઇએ એ મહાપુરૂષની કાવ્યધારામાં રમતાં મૌક્તિકો :–

ભગવાન આદિનાથ પ્રભુના એક ભક્તિ રસ ભરપુર સ્તવનમાં આત્મદર્શી કવિ ગાય છે :–

**એક ભક્તિ વસાલે મેરે મન ભક્તિ વસાલે,**
**ચૂર કરી કર્મ સારે જાન શકે હાં;**
**ચાર બડે સુખ કોઈ પા ન શકે હાં;**
**મુક્તિકો આંગણમેં તુંહીં બુલા લે...**

વિનમ્ર ભક્તનો પ્રાણ અંતરમાં ભક્તિને દૃઢ કરવા કેવી ભવ્ય યાચના કરે છે? મનમાં ભક્તિની પ્રતિષ્ઠા થયા વગર ભક્તિ ટકે કેવી રીતે? અને જે આત્માઓ કર્મના ચૂરા કર્યા વગર જઈ શકતા નથી તે ચારેય મહાસુખ કયાંથી પામી શકે? તેથી જ કવિ ભક્તિની અંતરમાં પ્રતિષ્ઠા કરવા માટે પ્રભુને વિનવે છે.

અને એજ કાવ્યમાં કવિનો આત્મભાવ ચરમસીમાએ પહોંચે છે....કવિ પોકારે છે....

**જ્ઞાન બીના કોઇ ઇસે ધ્યા ન શકે હાં;**
**ધ્યાન બીના આત્મ જ્યોતિ પા ન શકે હાં;**
**આત્મકી જ્યોતિકો તુંહીં બસાલે...**

એને મેળવવા માટેની કેવી પારદર્શક વાણી? જ્ઞાન વગર કોઇ એનું ધ્યાન કરી શકતું નથી.... ધ્યાન શકય નથી કારણ કે જ્ઞાન એ અંતર-દૃષ્ટિનો જ એક પ્રકાર છે.... અને જ્ઞાનપૂર્વકની આરાધના વગર–ધ્યાન વગર કોઇ આત્મ-જ્યોતિના દર્શન કરી શકતું નથી....હે ભગવંત એવી આત્મ જ્યોતિ તું જ મારા મનમાં વસાવી દે....ચંચળ મનને નિવૃત્ત કર્યા વગર જ્ઞાનનો દીપક પણ સ્થિર રહી શકતો નથી.

કેવું સ્વચ્છ સુંદર નિરુપણ? ભક્ત કોઈ ભૌતિક સુખ માગતો નથી.... એ તો આત્મ-જ્યોતિના જ દર્શન ઇચ્છે છે....કારણ કે ભક્તિ એ આત્માનો એક પુરુષાર્થ છે અને એ પુરુ-ષાર્થનું ફળ આત્મજ્યોતિનું દર્શન જ હોય છે.

શ્રી અભિનંદન ભગવંતના એક સ્તવનમાં મહાકવિ ગાય છે :–

**તમે સુખધારી છો સાહિબા,**
**મારે નહિં દુઃખેનો પાર;**
**જો નવિ આશ્રિત ઉદ્ધરો**
**તો કયાં કરવો પોકાર?**

હે ભગવંત આપ તો સર્વ સુખના સ્વામી છો....અનંત સુખ વચ્ચે બિરાજેલા છો....અને મારે તો આ સંસારમાં દુઃખનો કોઇ અંત નથી....જો આપ શરણે આવેલાનો ઉદ્ધાર નહિં કરો અર્થાત્ અનંત દુઃખમાંથી દૂર કરી શાશ્વત સુખનો રાહ નહિં દર્શાવો તો અમારે કોની આગળ જઇને પોકાર પાડવો? કારણ કે શાશ્વત સુખના સ્વામી તો આપ જ છો.... આપના સિવાય એ સુખનો અન્ય કોઇને પરિચય નથી. એટલે આપ જ માર્ગદર્શક બની શકો એમ છો.

કવિ એક ભોળા ભક્તની ભાવના સાથે કાલાવાલા કરતાં આગળ કહે છે :–

**જો સુખ પામી, ન સુખ દિયે,**
**થઇ દુઃખી ગરીબ નિવાજ;**
**તો પછી સુખીયાપણું પ્રભુ,**
**કહો આવે તે શા કાજ?**

કેવી મર્મભરી વાત? સુખના સ્વામી અને ગરીબોના બેલી બનીને પણ જો સુખનો રાહ ન દેખાડો તો હે ભગવંત એ સુખીયા-પણું શા કામનું?

એક સુંદર અને અર્થગંભીર ગાનમાં કવિ ઘણી મોટી વાત નાના શબ્દોમાં કહી જાય છે.

**મનડું હાથ ન આવે હો, પદ્મપ્રભુ!**
**મનડું હાથ ન આવે......**
**યત્ન કરી નિજ ઘરમાં રાખું,**
**પલ પલ પરઘર જાવે....**

ભક્ત ભગવાનને વિનવે છે....મારૂં મન હાથમાં રહેતું નથી....અર્થાત્ નિરંકુશ બનીને ભમતું હોય છે. પ્રયત્નપૂર્વક મારા પોતાના ગૃહમાં રાખું છું....છતાંય પળે પળે પરાયા ઘરમાં ભટકતું રહે છે....

મનને વશ કરવા અર્થે ભક્ત ભગવાનને વિનવે છે....અને મનનું સ્વરૂપ કથી જાય છે.

એક બીજા સ્તવનમાં ભક્તનું કવિ હૃદય શ્રદ્ધાની દઢતા વ્યક્ત કરી જાય છે :—

**વાસુપૂજ્ય જિનેશ્વર, મનના વાલહા,**
**બીજા શું મારૂં મન નહિં લલચાય જો...**
**શુદ્ધ સ્વરૂપી પામી કામી કોણ ભજે!**
**કલ્પતરૂ તજી અર્ક લેવા કોણ જાય જો!**

શુદ્ધ શ્રદ્ધા અને દઢતાનું કેટલું સુંદર ચિત્ર છે? હે મારા મનના પ્રિય ભગવંત, મારૂં મન અન્ય કોઇ સ્થળે નહિં લલચાય.... જેનું સ્વરૂપ વિશુદ્ધ છે એને પામ્યા પછી કામરાગના રંગો પ્રત્યે કોણ આકર્ષાય? કલ્પતરુનો ત્યાગ કરીને આકડો લેવા કોણ જાય?

ભગવાન પાર્શ્વનાથ પ્રભુના એક સ્તવનમાં સ્વ. શ્રી આચાર્યદેવ કહે છે :–

**પ્યારી પ્યારી નિજાનન્દકારી હો,**
**પ્રભુ પાર્શ્વપ્રતિમા પ્યારી......**
**દુઃખ દોહગ સબ દૂર કરવાને**
**વિષય વિષધર વિષ હરવાને**
**જયો જિણંદ જયકારી........**
**નરક નિગોદે દુઃખ અપારી,**
**સહે સકર્મ ચેતન બહુ વારી,--**
**પાર્શ્વ સેવી દીયો ટારી...**

નિજાનંદની મસ્તી આપનારી એવી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ ખૂબજ પ્યારી છે....અતિ પ્રિય લાગે છે.

બધાં દુઃખ દૂર કરવા માટે અને વિષય રૂપી નાગના ઝેરથી મુક્તિ મેળવવા માટે સહાય શ્રી જિનેશ્વર ભગવંતને ભજતા રહો.

કારણ કે....

નરક નિગોદમાં તો અપરંપાર દુઃખ છે, એ દુઃખ કર્મના બોજવાળા ચેતને અનેકવાર સહ્યાં પણ છે....હવે શ્રી પાર્શ્વનાથ પ્રભુની સેવામાં રહી....ભક્તિમાં લીન થઇ ફરીવાર નરક નિગોદના દુઃખ ન આવે એ રીતે એને ટાળો....અર્થાત્ કર્મોની જ્વાળામાંથી દૂર થાઓ.

ભગવાનના સ્તવન દ્વારા કવિએ આવાં જીવનનાં સત્યો અવારનવાર આપ્યા કર્યાં છે અને ભક્તિભાવથી છલકતાં આવાં સ્તવનો દ્વારા મુક્તિના માર્ગની અને આત્મજ્યોતિના દર્શનની વાતો પણ કરી છે....

લોકભોગ્ય ગીતોની રચના કરવામાં સ્વ. શ્રી આચાર્યદેવ ખૂબ જ ખ્યાતિ પામ્યા હતા... પરંતુ તેઓએ લોકોને ગમે એટલા ખાતર કોઇ ગીત રચ્યું નથી.... લોકોને સન્માર્ગે વાળવા ખાતર જ સ્તવન–ગીતોની રચના કરી છે.

હવે આપણે એમના થોડાંક આધ્યાત્મિક ગીતો પર નજર કરી લઇએ :–

મહાકવિનું એક ગીત ઘણું જ ભાવવાહી છે. એ ગીત દ્વારા તેઓ આ સંસારના યાત્રિને કહે છે :–

**તું ચેત મુસાફિર ચેત જરી,**
**ક્યોં માનત મેરા મેરા હૈ–**
**ઈસ જગમેં નહિં કોઈ તેરા હૈ,**
**જો હૈ સૌ સભી અનેરા હૈ.**
**સ્વારથકી દુનિયા ભૂલ ગયા,**
**ક્યોં માનત મેરા મેરા હૈ.**
**કુછદિનકા જહાં બસેરા હૈ,**
**નહિં શાશ્વત તેરા ડેરા હૈ,**
**કર્મોકા ખૂબ યહાં ઘેરા હૈ,**
**ક્યોં માનત મેરા મેરા હૈ.**

ઓ મુસાફર, તું જરા ચેત....જરા દૃષ્ટિ કર....આ બધું મારૂં મારૂં શું માની રહ્યો છે!

ભલા માણસ, આ જગતમાં કોઈ તારૂં છે નહિ....જે છે તે સહુ બીજા જ છે....સંસાર સ્વારથથી ભરેલો છે....એ શું ભૂલી ગયો છે? શા માટે મારૂં માની રહ્યો છે?

જરા નજર તો કર....જ્યાં તેં વિસામો લીધો છે એ વિસામો અસ્થાયી છે....શાશ્વત વિસામો તો છે નહિં....અને કર્મરૂપી ગાઢ અંધકાર વચ્ચે ઉભો રહીને તું આ બધું મારૂં કેમ માની રહ્યો છે?

આગળ જતાં કવિ સત્ય વાત પોકારે છે :–

**એ કાયા નશ્વર તેરી હૈ,**
**એક દિન વો રાખ કી ઢેરી હૈ,**
**જહાં મોહકા ખૂબ અંધેરા હૈ,**
**ક્યોં માનત મેરા મેરા હૈ.'**

અરે મિત્ર, તારી સાથે રહેનારી આ કાયા પણ નાશવંત છે....એક દિવસે આ સુંદર કાયા રાખના ઢગલા રૂપ બની જવાની છે....જ્યાં મોહરૂપી અંધકાર ગાઢ બનેલો છે....ત્યાં તું મારૂં મારૂં શું માની રહ્યો છે?

બીજા એક ગીતમાં કવિ ગાય છે :–

**ચેતન સમય પીછાણ,**
**ન કર વિષય ન યારી.**
**સંબલ કો નહિ ભૂલના પ્યારા,**
**સ્વજન કુટુંબી નહિં કોઈ થારા;**
**જુઠા ભાઈ માઈ ભગિની પસારા,**
**અંતે સભી જીદે જાણ**
**દ્રવ્ય તેરા ઘરમેં હીં રહેગા,**
**તિરિયાજન નહિં સાથ કરેગા,**
**સ્વજન શરીર ચિંતા મેં ધરેગા,**
**જાવે એકલડી જાન...**

**યે દુનિયા હૈ મુસાફિરખાના,**
**આજકા વાસ તેરા યહાંહી મનાના,**
**કલકા નહિં હૈ કુછભી ઠિકાના,**
**ધર્મ સેં લહો શુભ ઠાણ**

અરે ચેતન સમયને ઓળખી લે વિષયની મહોબ્બતમાં ન ફસાઈ જા....તારા ચિરસ્થાયી આશ્રયને ન ભૂલીજા. સ્વજન કુટુંબી કોઈ તારાં તો છે નહિ....મા, બહેન, ભાઈ બધા જુદા છે....તારૂં ધન તારા ઘરમાં પડયું રહેશે.... તારી વહાલી પત્ની પણ તારો સથવારો નહિં કરે.... જેને તું તારા સ્વજન માની રહ્યો છે એજ તારી કાયાને અગ્નિમાં બાળી નાંખશે તારી અંતિમ જાન–યાત્રા તો એકલીજ થવાની છે. ભાઈ જરા નજર કર આ દુનિયા તો એક ધર્મશાળા સમાન છે....આજનો નિવાસ તું અહીં મનાવી લે....આવતી કાલનું કાંઈ ઠેકાણું નથી....ધર્મ દ્વારા જ તારો શુભ આશ્રય શોધી લે!

સાદી ભાષામાં કેવી ગંભીર છતાં પળે પળે નજર આગળ રમતી સત્ય વાત કહી નાખી છે? કવિ એક અન્ય ગીતમાં સ્પષ્ટ પણે કહે છે.

**મેં દિવ્ય નયનથી જોઈ,**
**દુનિયા નહિં કોઈની હોઈ,**
**સ્વારથની જાળમાં રોઈ,**
**નિજ ગુણ સઘળા દીધા ખોઈ,**

દિવ્ય દૃષ્ટિ વડે જોઈને અર્થાત્ તત્વ દૃષ્ટિએ નિહાળીને હું કહું છું કે આ દુનિયા કોઈની છે નહિ.... સ્વાર્થની, માયાની જાળમાં સપડાઈ રોઈ રોઈને તારા સઘળા ગુણો ખોવાઈ રહ્યા છે!

બીજા એક ગીતમાં કવિ એક નગ્ન સત્ય કહી જાય છે :—

# અંતરના બે બોલ

**શ્રી મફતલાલ સંઘવી**

પૂ. પાદ સૂરિદેવશ્રીનાં આપણાં જીવનમાં અમાપ ઉપકારો છે; તે ઉપકારોના ઋણભાવથી મુક્ત થવા આપણે શું કરવું જોઇએ? એ હકીકત આ લેખમાં લેખક દર્શાવે છે.

⊙

**સા**ગર પીવો સહેલ છે, પરંતુ સાગર શી ગંભીરતા કેળવવી એ ખૂબજ મુશ્કેલ છે.

સાગર શા ગંભીર એવા દિવંગત **આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાને** ભાવભીના બાળહૃદયની અંજલિ છે આ; નહિ કે લેખ.

જેઓશ્રીનાં પુનિત કરકમળના સ્પર્શે હૈયાનું સરોવર હિલોળા લેતું, રોમરાજી વિકસ્વર થતી, જીવનમાં તપ અને ત્યાગના ભવ્ય મનોરથ બેઠા થતા, શ્રી જિનેશ્વરદેવના પરમતારક શાસનને ત્રિવિધે સમર્પિત થવાની પ્રેરણા વડે પરિણામ પવિત્ર થતાં એ આચાર્યદેવનું આપણા ઉપરના ઉપકારોનું ઋણ અમાપ છે.

એ ઉપકાર–ઋણ ફેડવાનો વાસ્તવિક માર્ગ છે પ્રભુજીના શાસનની ભક્તિ.

માનવી પોતે જેમને પોતાના પરમ ઉપકારી તરીકે સ્વીકારતો હોય છે, તેમનો પડયો બોલ ઝીલવા માટે તેના પ્રાણો પ્રત્યેક સમયે થનગનતા હોય છે. તે એમજ ઝંખતો હોય

---

બની મિટ્ટીકી સબ બાજી,
ઉસીમેં હોત કયોં રાજી?
મિટ્ટીકા હૈ શરીર તેરા,
મિટ્ટીકા કપડા પહેરા,
મિટ્ટીકા મહેલ રહા છાઇ,
ઉસીમેં હોત કયોં રાજી?

આ બધી માયાવી રચના કેવળ માટીની જ છે. જે વસ્તુ માટીમાં જ મળવા સરજાયેલી છે તેમાં તું કેમ આનંદ પામે છે! તારાં વસ્ત્રાભૂષણ, તારાં ભવન બધાં માટીમાં મળી જનારી માટીનાં જ બનેલા છે....એમાં તું રાજી શા માટે રહે છે?

આવા ઉચ્ચ, ભાવનાપ્રેરક અસંખ્ય ગીતો સ્વ. શ્રી આચાર્યદેવે કરેલાં છે....

અને તેઓની ગીત રચના પાછળ પ્રાચીન રાગરાગિણીથી માંડીને આધુનિક તરજો પણ આવી જતી હોય છે. લોકો સરલતાથી ગાઇ શકે એ દૃષ્ટિ કવિ કદી ચૂકયા નથી.... કારણ કે આવાં આત્મ જ્યોતિનું ઉદ્બોધન કરનારાં અને સંસારનું સત્ય સ્વરૂપ દર્શાવનારાં ગીતો જો લોકોની વાણીમાં ન વસી શકે તો હૈયામાં કેવી રીતે વસી શકે?

જૈન સમાજના આવા એક સમર્થ મહાકવિ આજ વિદાય થયા છે....પરંતુ એમણે વહાવેલી વાણી દ્વારા તો તેઓ અમ્મર જ રહ્યા છે.

જે ગીત પાછળ ભાવ, શ્રદ્ધા, ભક્તિ અને કલ્યાણની બંસરી ગુંજતી હોય છે તે ગીત કદી અવસાન પામતાં નથી.

સ્વ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી આજ પણ અમ્મર છે....એમના કવનમાં ને એમના જીવનની સૌરભમાં.

છે કે, 'હું તે પરમઉપકારી મહાસંતની આજ્ઞા પાળવાને પાત્ર ઠરું, સાચો સમર્પણભાવ કેળવું, હું જેઓશ્રીને પરમપૂજ્ય માનું છું, તેઓશ્રીની ભાવનામાં મારી સમગ્રતાને એકાકાર બનાવી દઉં.'

પરમપૂજ્ય આચાર્યદેવના સ્વર્ગવાસ સાથે આજે આપણા હૈયામાં આવો જ સમર્પણભાવ ઉછળવો જોઈએ. આપણી સમગ્રતા સર્વકલ્યાણના મહાછંદમાં પ્રવાહિત થવી જોઈએ શ્રી જૈન-શાસનના 'જય' સિવાયના અંગત–જયની લાલસાથી આપણે 'પર' બનવું જોઈએ. તોજ આપણે તેઓશ્રીના ઉપકારનું ઋણ ફેડવાને પાત્ર બની શકીએ.

ઉપચાર પૂરતા બે–ચાર શબ્દો બોલીને યા લખીને એમ માની લેવું કે મેં મારી ફરજ અદા કરી, એ કૃતજ્ઞતા તો ન જ કહેવાય.

જેઓશ્રીનાં જીવનની પ્રત્યેક પળ, પ્રભુજીના પરમતારક શાસનની ભૂરિ–ભૂરિ પ્રભાવના પાછળ સાર્થક થઇ એ આચાર્ય મહારાજાની પવિત્રતર સ્મૃતિ સાથેનો આપણો સબંધ દૃઢ થયો ત્યારે ગણાય, જ્યારે સ્વાર્થ સાથેનો આપણો સંબંધ ઓસરતો જાય, પરમાર્થમાં આપણો ઉપયોગ વધે.

પરમપૂજ્યશ્રીએ જે આત્મસમભાવપૂર્વક કાળને એનો ધર્મ બજાવવા દીધો એ હકીકત સદાય આપણા હૈયામાં જળવાઇ રહેવી જોઇએ. અને જ્યારે પણ આપણા સ્વાર્થને અણગમતું પગલું કોઇ ભાઇ આપણી સામે ભરે ત્યારે, તે હકીકતના અજવાળે આપણે આપણા પરિણામની રક્ષા કરવી જોઇએ.

ચંદનનાં વન અને ચંદ્રની ચાંદનીમાં જઇને બેસવાથી દ્રવ્યપ્રાણોનો થાક ઓછો થાય છે જ્યારે પંચમહાવ્રતોના પાલક પરમ પૂજ્ય ભગવંતોની નિશ્રામાં જઈને બેસવાથી જીવનમાં જે ઊંડી શાતા સંચરે છે તેના પ્રભાવે દ્રવ્ય-પ્રાણોની મલિનતા પણ કપાય છે. અને કષાયની મંદતાનો અનુભવ પણ થાય છે.

પરમપૂજ્ય આચાર્ય ભગવંતની આત્મ-સમભાવની તરતી નિશ્રામાં બેસવાનો ધન્ય અવસર જે પુણ્યશાળીઓને સાંપડયો છે, તેમાંના એક તરીકે મારી જાતને જણાવતાં મારૂં હૈયું હર્ષથી નાચી રહ્યું છે તેમજ શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોના પુનિત ચરણકમળમાં પૂરેપૂરૂં ઝૂકીને એ પ્રાર્થી રહ્યું છે કે, 'જીવનની પળો બધી શ્રી જિનેશ્વર ભગવાનના સર્વોચ્ચ છતાં સ્વાભાવિક ભાવને પાત્ર બનવા પાછળ જ સાર્થક થાય.'

પ. પૂ. આચાર્યદેવની ભક્તિ એટલે પંચા-ચારપૂત આચારધર્મની ભક્તિ. આચારધર્મ એટલે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનો સુસમન્વય.

સર્વજીવહિતકર ધર્મની સુરભિ વડે આપણા આચાર મધમઘી ઉઠે. તેમાં રહેલી સ્વાર્થની દુર્ગંધ સદાને માટે પલાયન થઇ જાય એવા લક્ષ્યપૂર્વકની આરાધના દ્વારા આપણે સહુ દિવંગત આચાર્ય મહારાજાના અસીમ ઉપ-કારોને સાચો નમસ્કાર કરી શકીએ.

તપ–જપ, વ્રત–નિયમ મૈત્ર્યાદિ ભાવના-ઓથી અલંકૃત ઉજ્જવળ આચાર એજ આર્યના જીવનનું જીવન છે. તેને વિકસાવનારો જબ્બર પ્રવાહ 'નમો આયરિયાણં' પદમાં વહી રહ્યો છે.

એવા અચિન્ત્ય શક્તિશાળી પદને શોભાવ-નારા પરમોપકારી આચાર્યદેવને ત્રિવિધે કોટિ-કોટિશઃ વંદના!



પૂ. ગુરૂદેવના કાલધર્મની હૃદયવિદારક અસરતળે આવી ગુરૂવિરહમાં શોકમગ્ન થયેલાં, શેઠશ્રી રમણભાઇ, શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી કાંતિભાઇ સંઘવી, શાંતિલાલ ભાણાભાઇ વગેરે ગુરૂભક્તો



પૂ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન
મુનિપુંગવ શ્રીમદ્ લક્ષ્મીવિજયજી મહારાજ.

# પ્રવચન પ્રભાવક પૂ. સૂરિદેવ

શ્રી વિક્રમશિશુ

પૂ. પાદ પરમોપકારી સૂરિદેવના ગુણગણને દર્શાવતો આ લેખ, પૂ. પાદશ્રીનાં જીવનની વિશિષ્ટતા બતાવવા દ્વારા તેઓશ્રી પ્રત્યેનો નિર્મલ ભક્તિભાવ વ્યક્ત કરે છે.

⊙

**આ**રત ભૂમિની ઉજ્જવળતા ગૌરવતા અને આર્યતા ટકાવનાર અનેક ત્યાગી, વિરાગી સન્ત પુરૂષો હતા અને છે. દુનિયાના ઘણા દેશો આર્યસંસ્કૃતિથી વંચિત છે. ત્યારે એ આર્ય સંસ્કૃતિનું સૌભાગ્ય તિલક ભારત ભૂમિને જ સાંપડયું છે, એનું કારણ દરેક ધર્મમાં ત્યાગ ધર્મની મુખ્યતા આંકવામાં આવી છે. એ ત્યાગ વિરાગની જવલંત જયોત આ આર્યાવર્તમાં અખંડ હોવાથી આર્ય સંસ્કૃતિ પણ અદ્યાવધિ અણનમ ટકી રહી છે.

આર્ય સંસ્કૃતિ પ્રધાન આ ભારત વર્ષમાં અનેક કલ્યાણ મૂર્તિઓ જન્મે છે, અને તપ ત્યાગ વૈરાગ્યમય જીવન જીવી અનેક આત્માઓને તપ ત્યાગ અને વૈરાગ્યના ઉપાસક બનાવી આત્મગત અનંત ઐશ્વર્યના માલિક બનાવે છે.

એમાના એક મહાન જયોતિર્ધર જે આપણી સ્થૂલદષ્ટિથી સ્વલ્પકાળ પહેલાંજ પાર્થિવ શરીરથી અદશ્ય–અગોચર થઈ ગયા. તે હતા. એ પરમારાધ્ય પૂ. ગુરૂદેવે જેમાં વિલાસ, રંગરાગ, મોજમઝાહ અને પુદ્દગલના આનંદનું ઘેલું વાતાવરણ ચોગરદમ કુદકે ને ભૂસકે દીન પ્રતિદીન વૃધ્ધિ પામી રહ્યું છે. એવી યુવાનીના આંગણાંમાં પ્રવેશતાં જ ફાની દુનિયાના નશ્વર, આત્મઘાતક આત્મવંચક ભોગોને ઠોક્કર મારી સંયમ, તપ, ત્યાગની ભેરી વગાડી લોકોને સમજાવ્યું કે, જીવનનો સાચો રાહ ત્યાગમાં છે. પરમ શાંતિ પ્રાપ્ત કરવા માટે ત્યાગ સિવાય કોઇ માર્ગ નથી, સુખનું સાચું દર્શન ત્યાગમાં છે, આમ ક્રમિક ત્યાગ તપોમય જીવનમાં જીવનની અદભૂત ક્રાન્તિ સાધતા અનેકોની પ્રગતિના સાચા સમર્પક બન્યા હતા.

શું એ યોગીશ્વરની અમાપ ઉદાર વૃત્તિ! પોતાની તહેનાતમાં રહેનાર સકલ ઉપાસકોની ઈચ્છા સંતોષવા પોતાના અમૂલ્ય સમયનો ભોગ અને પ્રતિકૂળતાને ન ગણકારતાં ઉદાર લાગણીથી તેમનાં આનંદનું જ કારણ બની રહેતા. એટલું જ નહિ પણ ગમે તેવી સ્થિતિવાલાનેય આશ્રય આપી સરણાગથી પૂ. ગુરૂદેવે પોતાની અપાર ઉદાર મનોવૃત્તિતાજ દાખવી છે.

કલિકાલમાં કલ્પતરુસમ એ મહાપુરૂષનો ટુંક સમયનો પરિચય પણ જેમણે સાધ્યો હશે તે કદાપિ તેમના ગુણોને વિસરી શકશે નહિ.

મૈત્રીભાવનું મૂર્ત રુપ! મૈત્રી ભાવની પરિપૂર્ણતાને અંગે સામાન્ય બાબતમાં પણ લક્ષપૂર્વક રસ લઈ કેવળ સામાની અનુકુળતા

જોવાની દયાદૃષ્ટિ તથા પરહિત ચિંતા એજ જેમનો સહજ સ્વભાવ હતો.

સામાન્ય વ્યક્તિનું પણ બહુમાન જાળવવાની અને તેમાં રહેલાં નાનામાં નાના ગુણની ગુણાનુરાગીતા તો શોધી જડે તેમ નથી. આથી એમનો પ્રમોદભાવ પણ કેટલો નવપલ્લવિત હશે તેની ઝાંખી થાય છે.

અહિંસાના મહાપૂજારી પૂ. ગુરૂદેવે હિંસાનું તાંડવ જ્યાં જોરશોરથી ચાલતું હતું તે ભૂમિમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી એક એક દેશનામાં અનેક લોકોને અહિંસાના પાલક બનાવી પોતાની અપાર કરૂણા દર્શાવી છે. આ તકે ૧૯૬૭ નું મુલતાનનું ચાતુર્માસ સ્મૃતિપથમાં આવ્યા વગર રહેતું નથી. એ ચાતુર્માસ દરમ્યાન પ્રશમરસ પયોનિધિ પૂ. ગુરૂદેવે સકલ જનતાના કલ્યાણાર્થે વિધ વિધ વિષયો ઉપર પુરાણ, વેદ, સ્મૃતિ, બાઇબલ, કુરાને શરીફ અને જૈન સિધ્ધાન્ત વગેરેના રદીયાઓથી, દાખલાઓથી, દલીલોથી અને યુક્તિ પ્રયુક્તિઓથી એ વાતો સચોટ અસર નીપજાવતા બે ચાર પ્રવચનો થતાં તો જનતા ઉપર ધાર્યા કરતાં અધિક અસર નીપજતી. જેથી માંસાહારીઓએ માંસના, દારુડીઆઓ દારૂના, જુગારીઓએ જુગારના ત્યાગ કરી પોતાના બરબાદ થતા જીવનને આબાદ બનાવ્યું, આટલુંજ નહિ પણ ત્યાં માંસનિષેધક મંડળની સ્થાપના થઈ. જેમાં હિન્દુઓ, મુસલમાનો, વગેરે ઇતરકોમના યુવાનો પણ જોડાયા હતા. આ મંડળના સભ્યો શહેરમાં કોઈને માંસ પકાવતા જુએ, અગર પશુ વધ કરતાં, માંસાર્થે પશુને ખરીદતા જુએ તો શામ, દંડ, અને ભેદ એ ત્રણે નીતિઓ અખત્યાર કરી પશુઓ છોડાવતા, વધ બંધ કરાવતા, હાલ્લી ફોડીને પણ માંસ પકાવવાનો નિષેધ કરતાં, એમ કરતાં પણ જ્યારે પોતાનો પ્રયત્ન નિષ્ફળ થાય તો પૂ. ગુરૂદેવ પાસે તે વ્યક્તિઓને સમજાવીને લાવતા, પૂ. ગુરૂદેવ પણ સચોટ ઉપદેશદ્વારા હિંસાના મહાપાપમાંથી ઉગારી આજન્મ–પર્યંત માંસનો ત્યાગ કરાવતા હતા. શહેરમાં અહિંસાનો ઉપાસકવર્ગ વધી જવાથી કસાઈઓનો ધંધો મરણતોલ થઇ જવા પામ્યો, શહેરમાં વેચાતું ૬ આને શેર માંસ ત્રણ આને પણ લેવા કોઇ તૈયાર ન હતું, આથી કસાઈઓના કસાયનો પારો ખૂબ વધી ગયો, ક્રૂર તર્કટો રચ્યાં પણ અહિંસાદેવીના લાડીલા પૂ. ગુરૂદેવને કશુંજ કરી શકયા નહિ.

ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, છંદ, અલંકાર, જ્યોતિષ, વેદ, સ્મૃતિ, પુરાણ, કુરાન અને સિદ્ધાન્તનું તલસ્પર્શી જ્ઞાન, તેમની "દ્વાદશાર નયચક્ર" "સમ્મતિ તત્ત્વ સોપાન" "તત્વન્યાય વિભાકર" વગેરે અનેક દાર્શનિક ગ્રંથોની કૃતિઓથી અને અલ્પ બુદ્ધિવાલા પણ જલ્દી સમજી શકે એવી સરલ, ભાવવાહી, અર્થગંભીર, સ્તવનો, સજ્ઝાયો, પૂજાઓ અને કથાનકોની રચનાથી છુપું રહી શકયું નથી, વળી મુલતાનમાં દિગમ્બરોની સાથે, નરસંડામાં અનન્ત કૃષ્ણજી આર્યસમાજીસ્ટ પંડિતની સાથે, લુધિયાનામાં પણ આર્ય સમાજીસ્ટોની સાથે અને વટાદરામાં મુકુન્દસ્વામીની સાથે ત્રણ દિવસ સુધી શાસ્ત્રાર્થ કરી હક્કા–છક્કા છોડાવી પરાસ્ત કરી જયકમળા વરી આ કાળમાં પ્રભાવક પુરૂષ તરીકેની પદવી પ્રાપ્ત કરી હતી, આથી આપણે જાણી શકીએ છીએ કે એમનામાં કેટલું અગાધ જ્ઞાન હતું, છતાં એમની ગંભીરતા, અને છેલ્લા

શ્વાસ સુધી પણ જ્ઞાન મેળવવાની પિપાસા કોઈનાથીય અજ્ઞાન રહી શકી નથી.

એ શુચિજ્ઞાન રત્નાકરનો દીર્ઘ જ્ઞાનદષ્ટિમાં પરખાઇ વ્યકિત પોતાની યોગ્યતા મુજબ અભિપ્રાય પામે, અને પોતાપણું રજુ થઈ ઈચ્છાનુસાર લાભ લઈ શકે તેવી સરળતા, નિખાલસતા, હાર્દિક કોમળતા લોકસંજ્ઞા વિનિર્મુકત એ શાસન સુભટના જતાં ક્યાં જોવા મળશે ?

એ દિવ્ય પુરુષના જીવનમાં સંકળાયેલી ચમત્કારિક ઘટનાઓ પણ જાણવા જેવી છે. ખંભાત નિવાસી સુશ્રાવક કેશરીચંદ સોમચંદના સુપુત્રીને બળિયા નીકળ્યા, અંધશ્રદ્ધામાં માનનારાઓએ બળિયાદેવને નમાડવાની પ્રેરણા આપી, પણ જિનશાસનના હાર્દને પામેલા પૂ. ગુરૂદેવ પર અટલ શ્રદ્ધાને ધરાવનારા તેમણે તો ગુરૂદેવને આ વાતની જાણ કરી. આત્મિક પવિત્રતા, માનસિક શુદ્ધિ અને હૃદયની નિર્મળતાથી કરેલી જે યોગસાધના, અને તેથી સિધ્ધ થયેલો જે સૂરિમંત્ર, તેનાથી સંસ્કારિત કરેલો જે વાસક્ષેપ, તેના નિક્ષેપ માત્રથી તેમની પુત્રી બળિયાના રોગથી મુક્ત થઇ હતી.

૨૦૧૦ના પાલીતાણાના ચાતુર્માસમાં પાલીતાણાની આસપાસના પ્રદેશમાં રહેનાર એક બ્હેનને હેડકીનું એવું દર્દ લાગુ પડેલું, કે સેકંડે સેકંડે હેડકી આવ્યા જ કરે, તે દર્દે પણ ગુરૂદેવના વાસક્ષેપથી તિલાંજલી લીધેલી, વગેરે અનેક ઘટનાઓ એમના જીવન ચરિત્રથી જાણવા યોગ્ય છે.

એ મોહમહારિજીવક ગુરૂદેવે આશ્રિત આત્માઓના સંયમની રક્ષાર્થે કરેલી સારણા, વારણા, ચોયણા, અને પડિચોયણા, તેનાથી પ્રાપ્ત કરેલો શિષ્યગણનો જે સદ્‌ભાવ, સ્નેહ, અને બહુમાન તે કોઇનાથીય અજ્ઞાત નથી.

પંજાબ, મેવાડ, મારવાડ, ગુજરાત, કાઠીયાવાડ, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં વિચરી મોહની મહાનિદ્રામાં સુષુપ્ત આત્માઓના અજ્ઞાનાંધકારને અહિંસા, સત્ય–અચૌર્ય, બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહતાના પાઠ ભણાવી ઉલેચી નાખ્યો હતો.

મહાવ્યાધિના ભયંકર હુમલામાં પણ સ્વાધ્યાયનું સતત રટણ અને એનું જ આત્મામાં ચાલુ રહેલું મનોમન્થન એજ એમની ગજબ ધૈર્યતા, સહનશીલતા, ક્ષમા–શીલતા, અપ્રમત્તતા બતાવતી હતી. વ્યાધિગ્રસ્ત દેહની પ્રતિકૂળતામાં પણ જે મધ્યસ્થતા, નિસ્પૃહતા, નિડરતા અને તેનાથી સતેજ બનેલી જે જાગૃતિ અને ક્રિયારૂચિતા એ તો જેણે પ્રત્યક્ષ જોઇ છે, તે આશ્ચર્યમગ્ન બન્યા વગર રહ્યો નથી. અને તેનું મસ્તક ડોલ્યા વગર રહ્યું ન હતું.

એ ગુરૂદેવના ગુણોની ગણના અકથ્ય છે, પ્રાંતે અમારી સાધનામાં જ્યાં હોય ત્યાંથી નૂતન પ્રેરણા આપતા રહો. અને શાસનની ઉન્નતિમાં સહાયક બનો.

ધન્ય હો અંતરંગારિ વિજેતા પૂ. ગુરૂદેવને !
કોટિ કોટિ વન્દના હો સંસારોદધિ તારક
પૂ. ગુરૂદેવને !
ભૂરિ ભૂરિ વન્દના હો, અશરણ શરણ્ય
પૂ. ગુરૂદેવને !

---

"કલ્યાણ" માસિકના
ગ્રાહક આજેજ બનો

# वादि विजेता सूरिदेवश्री

पू. पाद पंन्यासजी महाराज श्री रंजनविजयजी गणिवर [पू. पं श्री कनकविजयजी ग. शिष्यरत्न]

पू. पाद सूरिदेवके वादगुणके परिचय इस लेखमें पू. महाराजश्रीने अपनी लेखिनीसे यहां पर कराया है।



सारे विश्वमें जैन शासनका प्रभाव अजीब है, क्योंकि उसकी स्थापना परम करुणाभंडार, वात्सल्य वारिधि, अनंतज्ञानी, वीतराग भगवंत, अरिहंत परमात्माने की है। आज तक अनंत आत्माओंने मुक्तिपदकी प्राप्ति की, उसमें मुख्य कारण जैन शासन है। स्वर्गसुखका अनुभव भी जैन शासनकी आराधनासे ही होता है। सब प्रकारके सुखोंकी प्राप्ति और दुःखोंका नाश करनेमें एक जैन शासन ही समर्थ है। जीवमात्रका कल्याण मार्ग जैन शासनने बताया है।

जैन शासनका संचालन और रक्षण करनेमें अरिहंत परमात्मा सदा तत्पर ही होते हैं मगर आपकी अविद्यमान दशामें उसका संचालन और रक्षणमें विघ्न न आये इसलिए अंतिम समय पर आप अपने पट्टधर गणधर भगवंतको जैन शासनकी जवाबदारी सुप्रत कर देते हैं। क्रमशः परंपरागत आचार्यो पर उसकी जवाबदारी आती है। इसलिए शासनका संचालन और रक्षण करना यह आचार्योका मुख्य कर्तव्य होता है।

जिस तरह आत्मशुद्धिके लिये व्रत, दान, शील, तपादि अनेक प्रकारकी आराधना करनी आवश्यक है, वैसे शासनका रक्षण करना वह उससेभी अधिक आवश्यक है, क्योंकि शासन है तो आराधना है। शासनके अलावा आराधनाकी संभावना नहीं होती है।

जिस समय कोई अन्यमतावलंबी स्वमतिकल्पनानुसार जैन सिद्धांतका खंडन करता हैं और जनताको उन्मार्गमें डालता है तब ज्ञानी मुनि या आचार्य भगवंत अपना ज्ञान द्वारा सत्य सिद्धांतकी घोषणा करते हैं और शासन प्रभावनाके साथ जनताको उन्मार्गसे हटाकर सन्मार्गमें लाते हैं।

जैन शासनमें आठ प्रकारके शासन प्रभावक कहलाते हैं। उनमें वादी नामक तीसरे शासन प्रभावक है। खुद महावीर परमात्मा के ४०० वादीओंकी संख्या थी। वृद्धवादिसूरीश्वरजीने भी

कुमुदचंद्र नामक एक विद्वान् ब्राह्मण पंडितके साथ शास्त्रार्थ करके उसको एक शासन प्रभावक जैनाचार्य बना दिया। कलिकाल सर्वज्ञ श्रीमद् हेमचंद्रसूरीश्वरजीने भी एक दिगंबर आचार्यके साथ सिद्धराज जयसिंहकी सेवामें शास्त्रार्थ करके श्वेतांबर मार्गकी सत्यता सिद्ध कर दी और जैन शासनकी जयपताका विश्वमें लहराई दी । महोपाध्याय श्री यशोविजयजी महाराजने भी बनारसमें (काशी) सब पंडितोमें अग्रगण्य होकर एक दिगंबर आचार्यके साथ शास्त्रार्थ करके जैन धर्मका झंडा विश्वमें फिरकाया था ।

आजके नूतन युगमें अनेक आचार्य भगवंत और मुनिप्रवर हो गये हैं और विद्यमान भी हैं, जिन्होंने समय पर शास्त्रार्थ करके जैन सिद्धांतकी रक्षा की है और कर रहे हैं; उनमें परमपूज्य शासन प्रभावक सिद्धांत रक्षक जैनरत्न व्याख्यान वाचस्पती कविकुलकिरीट पूज्यपाद आचार्यदेव विजय लब्धिसूरीश्वरजी महाराजाका अच्छा स्थान है ।

परमपूज्य पंजाब देशोद्धारक, तार्किक शिरोमणि सत्यमार्गप्ररूपक पूज्यपाद आचार्यदेवेश विजयानंदसूरीश्वरजी (आत्मारामजी) महाराजके पट्टप्रभावक परमपूज्यसद्धर्म रक्षक शासनस्थंभ निस्पृह शिरोमणि पूज्यपाद विजय कमलसूरीश्वरजीके आप पट्टधर थे।

आपने २९ वर्षकी लघुवयमें विजय कमलसूरजीके पास दीक्षा लेकर संयम जीवनके साथ ज्ञानयज्ञका भी जोरशोरसे प्रारंभ कर दिया । आपकी प्रज्ञा भी तेज़ थी । द्रव्यानुयोगके विषयमें आपने काफी परिश्रम उठाया था । न्यायके विषयमें भी आपने अच्छी प्रविणता प्राप्त की थी । इसलीए खुद सूरीश्वरजी और अन्य मुनि आपको वादीघट मुदुगर के अपर नामसे बुलाते थे । मुनिपद अवस्थामें भी इस पदकी सार्थकता किस प्रकारसे की यह निम्न प्रसंगसे मालुम होता है ।

वि. सं. १९७२ में आपका चातुर्मास स्थंभनपुर (खंभात) में था । उस समय श्रीमद् राजचंद्र मतानुयायीओने जैन सिद्धांतके विरुद्ध अपने नया मतका प्रचार शुरु कर दिया था । अनुयायीवर्गकी संख्या बढ रही थी । इसके बारेमें प. पू. वि. कमलसूरीश्वरजी म. ने भी जाहिर विरोध किया था । चातुर्मासके बाद आप नरसंडा पधारे, और जाहिर व्याख्यान देकर प्रतिकार किया था । उनके व्याख्यानमें आर्यसमाजी भी (मूर्ति पूजाके विरोधी) आते थे । उनके मान्य एक पंडितके साथ मूर्तिपूजाके बारेमें चर्चा करके "मूर्तिपूजा अनादिकालकी है और आत्म कल्याणका एक परम अवलंबन है" ऐसा सिद्ध कर दिया और वह निरुत्तर होकर चला गया। दूसरे भी वेदांतीओं और देवद्रव्यके संबंधमें बेचरदास आदिके साथ सास्त्रार्थ करके जैन सिद्धांतकी रक्षा की और शासनका विजय डंका बजाया. ।।

आपने न्यायके विषयमें तत्त्वन्याय विभाकर स्वोपज्ञ और द्वादशारनयचक्र के टिप्पण आदि स्वतंत्र ग्रंथ बनाये है यह बात आपकी न्याय विषयकी प्रविणता सिद्ध करती है ।

आप कवि भी थे इसका प्रत्यक्ष प्रमाण नूतन रागमें बनाये हुओ स्तवनादि घर घरमें गुंजित हो रहे हैं ।

वात्सल्य भावका प्रवाह आपके हृदयमें. जोरशोरसे बह रहा था, उस अनुभव मुझे चरम भेंटके समय हुआ था ।

आपका स्वर्गगमन वि. सं. २०१७ श्रावण शुक्ला पंचमी ब्राह्म मुहुर्तमें मुम्बापुरीके लालबाग के उपाश्रयमें हुआ था। आपने तो संयमी जीवन जीकर, शासन प्रभावना करके जीवनको धन्य बनाया । मगर संघको इस विषम युगमें मार्ग दर्शक ऐसे आपकी खास आवश्यकता थी । अबतो आपके जीवनसे मुमुक्षु आत्मा मार्गदर्शन की प्रेरणा प्राप्त करे यही शुभाभिलाषा ।

परम शासन प्रभावकको कोटिशः वंदन.

# जैन समाजका महान चिराग

# बुझ गया

**श्री सरेमल भानमलजी महेता**

❀

जैन शासनके महानस्थंभ जैन रत्न व्याख्यान वाचस्पति, पूज्यपाद, शांतमूर्ति, सुप्रसिद्ध वक्ता, कविकुलकिरिट, संघस्थवीर शांत-तपोमूर्ति, परम-पूज्य प्रातःस्मरणीय, स्वर्ग के मार्गदर्शक, शास्त्र संशोधक, बालब्रह्मचारी, शास्त्रपारंगत, संतमहात्मा वीर शिरोमणी परम-पूज्य आचार्यदेव १००८ श्रीमद् श्री विजय लब्धिसूरीश्वरजी महाराज साहेबका जन्म गुजरात देशमें बालशासन नामक गांवमें विक्रम संवत १९४० पोष महिने के शुक्ल पक्षमें द्वादशीके रातको मोतीबहेनके कुक्षी में हुआ. आचार्यश्रीजीके पिताका शुभ नाम पितांबर शेठ था. व संसारिक नाम लालचंद था. शैशव-कालसेही श्रीजी के हृदयमें धर्मसंस्कारका बिजो-रोपण किया था. दिनप्रतिदिन धर्मके प्रति दृढ श्रद्धाकी जागरूकता होती गई. तदपश्चात गुरुदेव आचार्य म. १००८ श्री विजय कमलसूरीश्वरजीके सम्पर्कमें आनेसे तथा व्याख्यानादि सांभलनेसे संसार के सर्व सुखचैन्य, मोह-ताल असार प्रतीती होने लगे. व आत्मविश्वास हो गया कि संसार त्याग ही मोक्षकी सीडी है तबसे आपश्रीके हृदय मंदिरमें संयम लेनेका दृढ संकल्प किया, और विक्रम संवत १९५९ के कार्तिक वद ६ को पू. आचार्यदेव श्रीमद्विजय कमलसूरीश्वरजीके हस्ते आनंदपूर्वक दीक्षा ग्रहण की, चातुर्मास श्रीमदजी के साथ इडरमें किया, तद्पश्चात सं. १९८१ को गणि तथा पन्यास आचार्यपदका बोझ श्रीजीने आपश्री पर डालदिया, संयम लेने के बाद विनय कृतज्ञता, ज्ञानप्रीति, सहनशीलता, उदारता इत्यादि गुणोका समोवेश बढता ही गया. आत्मकल्याणकी प्रवृति भावनासे ओतप्रोत थी. प्रत्येक जीव सर्वज्ञ का शासन पाकर अपना जीवन उज्वल बनाये, ये उन्होने का प्रथम हेतु था वैराग्य रसका मथन करके पीया था. आपश्रीजी की पुण्य छायामें दीक्षा, उपधान, उद्यापन मंदिर मूर्ति प्रतिष्ठा, पदप्रदान इत्यादि मंगल महोत्सव प्रचुर मात्रामें हुये है.

नास्तिक को आस्तिक बनाना, मक्खीचुस को उदार बनाना. दुष्टको सदाचारी बनाना, धर्मकी जागरूकता कराना, अनियमीतो को नियमीत बनाना इन सर्वोत्तम कार्योको जीवनका सच्चा आनंद मानते थे आपश्री ! आपश्रीने जिन शुभ कार्य, अथवा धर्मकार्यका बिडा उठाते वक्त अगर विपरित संयोगमें पहाड भी आगये तो भी आप-श्रीने साहस-पूर्वक सामना कर पुरा किया मौका आने पर शेरसे भी टक्कर ली. जिस समय पंजाबमें शास्त्रो हुआ. उस समय लाठी व ईटोका वर्षाव हुआ, फिर भी आपश्रीजीने धैर्यता व साहसपूर्वक कार्य संपूर्ण किया. यह तक कि मुलतान शहरमें आपश्रीके उपदेशसे मांसाहार व कतलखाने बंद करने पडे. उस समय कसाईयोने अपनी छुरीसे आपश्री के पावन देह पर आघात करनेको उद्यत हो गये, लेकिन ऐसी कठिन समस्यामें भी कर्तव्यका पालन न छोडा बोरसदमें उपा. श्री जयंतविजयजीका दीक्षा समारोह कसौटी का था. फिरभी आपश्रीका कार्य पूर्ण हुआ. आपश्रीके मधुर वाणीमें अजोड बल था. एकही व्याख्यानमें पत्थर भी पीघल जाता था आपश्री विराट समुदायके नायक होते हुये भी आपका मन बालककी भाँति था. आपश्री के संपादित किये हुये "वादि चुडामणि तार्किक शिरोमणि

श्री मल्लवादिश्रमाश्रमण विरचित द्वादशारनयचक्र" नामक महान ग्रंथका प्रकाशन १९६० मार्च २७ को भारतके उपराष्ट्रपति डॉ. सर्वपल्ली राधाकृष्णनके शुभास्ते हुया. आपश्रीने अनेक पुजाओ की भी रचना की थी.

आपश्रीकी उम्र ७७ वर्षकी होते हुये भी अद्‌भूत स्मरण शक्तिके एक उत्तम कोटिके महा पुरुष थे. कई दिनोसे स्वास्थ्य अस्तव्यस्त था परन्तु २० दिन पूर्व शरीरकी क्षीणता बढती जा रही थी. मानसीक वेदना कोलाहल मचा रही थी. आकाशमें बिजलीकी गर्जना हो रही थी. साथमें आपश्रीजीके मानसिक व्याधि बढती जा रही थी. और वही काली घनघोर रजनी जैन शासनके महान चिरागका अस्तीत्व समाप्त होने की अशुभ शोकजनक संदेशा दे रही थी. श्रावण सुदि पंचमीके रातको चार बजकर ४० मिनिट को समाधिपूर्वक आपश्रीजीका पवित्र आत्मा जैन समाजसे हंमेशाके लिये स्वर्गवासको पदार्पण होगया. इस शोकजनक संदेशसे जैन समाजही नही भारतवर्ष शोकाग्रस्तके सागरमें डूब गया. जैसे असाड महिनेकी बिजली कडकी हो, मानो भूकंपने धरतीको हिलादिया हो, समयकी लीला अनोखी हैं अग्निने अग्निका कार्य किया और लाखोके समुदायके आंखोसे गंगा–यमुना बह रही थी.

हाय, जैन समाजका एक महान तेजस्वी मार्तण्डतुल्य चिराग सर्वथा के लिये बुझ गया.


ભારતના લોકપ્રિય

ક્રાઉન બ્રાન્ડ

એલ્યુમીનીયમનાં વાસણો જ વાપરો.

૧. તે વિશુદ્ધ એલ્યુમીનીયમમાંથી બનાવવામાં આવે છે, અને એટલે માનવ તંદુરસ્તી માટે તદ્દન સલામત છે.

૨. તે યોગ્ય એવાં જાડાં પતરામાંથી બનાવાય છે અને તેથી તે ઘણું મજબૂત હોઇ લાંબો સમય ટકે છે.

૩. તેની પાછળ અડધા સૈકાનો એકધારો અનુભવ પથરાયેલો છે. આજનો આકર્ષક આધુનિક ઘાટ તેને આભારી છે. કોઇ પણ સ્થળે તદ્દન વ્યાજબી ભાવે ને સહેલાઇથી મળે છે ને કરોડોની સખ્યામાં વેચાય છે.

શાળાએ જતાં બાળકો માટે દફતર બેગો તેમજ હવાઇ–મુસાફરી માટે વિવિધ માપની આકર્ષક સૂટકેસો અને એનોડાઇઝ (વિવિધરંગી) વસ્તુઓ અમારી આગવી વિશેષતા છે

એલ્યુમીનીયમ ઇન્ગોટ. સર્કલ, પતરાં, તાર, પટીઓ, રીવેટસ, એંગલ્સ, ચેનલ્સ, ટયુબીંગ વગેરે ચીજો અમે પૂરી પાડીએ છીએ.

જીવનલાલ [૧૯૨૯] લિમિટેડ

'ક્રાઉન એલ્યુમીનીયમ હાઉસ' ૨૩, બ્રેબોર્ન રોડ, કલકત્તા

મુંબઈ, મદ્રાસ, રાજમહેન્દ્રી, દિલ્હી, એડન.

# ગુરૂ ગુણ ગૂજન

## પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

પૂ. સ્વ૦ પરમગુરૂદેવશ્રીના પટ્ટધર આચાર્યદેવશ્રી પોતાના હૈયાની વીણાના તારથી ગુરદેવશ્રીના અમાપ ગુણોનું કીર્તન લાવણી છંદ-રાગ ભૈરવી દ્વારા કરી, નિજ હૃદયની ભકતિને અહિં વ્યકત કરે છે. પૂ. સ્વ૦ પરમગુરૂદેવશ્રીના જીવન કવન પર મધુર પ્રકાશ પાડતો આ કવિતસાગર સૌ કોઇએ અવગાહવો જરૂરી છે.

આદિનાથં મહાદેવં, પ્રણિપત્યેન્દ્ર પૂજિતં,
આદિધર્મોપદેષ્ટારં, આદિતીર્થંકરં પ્રભું ।

(લાવણી છંદ-રાગ ભૈરવી)

ધર્મ-દિવાકર સૂરિજી આજે, વિશ્વ નજરથી વિદાય થયા,
શાસન સ્તંભને સંઘના સ્વામી, યશોદેહથી રહી ગયા;
ધર્મ-ગુરૂના વિરહ વન્હિથી, ભક્તના હૈયાં જલી રહ્યાં,
ગુણ-સ્મરણ વારિસિંચનથી, ધીમે ધીમે ઠરી ગયાં ૧

ધર્મ-ધુરંધર જૈન-શાસનના, મહાપ્રભાવક સૂરીશ્વરા,
જૈન-જ્યોતિર્ધર શાસ્ત્રના વેત્તા, શાસ્ત્રાનુસારી મધુરી ગિરા;
ગંભીર ધીર ને પરમ સહિષ્ણુ, સોધ્યા જડે નહી વિરલ હીરા,
કટોકટિમાંય ધર્મ-રક્ષણથી, જગમાં ગવાયા પ્રવર ધીરા. ૨

વીર-શાસનના વિશદ વ્યોમમાં, ભાનુસહસ્ર કિરણે ઉગ્યો,
મિથ્યાંધકારને દૂર કરીને, જગતીતલપર ઝગમગ્યો;
૬

ગુરોર્લબ્ધિસૂરેર્भक्त्या, कुर्वेऽर्हत्स्तुति संग्रहं;
आकोला नगरे स्थित्वा, विदर्भे देश भाषया ॥

વિકટ પ્રસંગે ધર્મ નિકટ રહી, અડગ સત્વથી વિજય વર્યા,
ધર્મ-માર્ગથી પતિત જનોને, યુકિત ધારાથી સ્થિર કર્યા ૩

જ્ઞાન-મૂર્તિને યોગ વિભૂતિ, નિષ્ટા એક સંયમ ધર્મ તણી,
વાણી-પીયૂષથી ભકત જનોનાં, હૈયા ઝુકાવ્યાં ધર્મ ભણી;
મુખની કાન્તિ ઉજ્વલ શાન્તિ, સૌમ્યતા પૂર્ણિમા ચંદ્રસમી,
શાસ્ત્રજ્ઞાનની જ્યોત નીહાળી, પંડિતજન પણ જાય નમી ૪

પ્રમાદ જરાયે નહી દેખાતો, સ્વાધ્યાય રસમાં તલ્લીન સદા,
વયે વૃદ્ધ શરીરે જીર્ણ પણ, કર્તવ્ય-માર્ગ નહી ચૂકે કદા;
મહાવીર પંથનો સત્ય પૂજારી, ત્યાગી વૈરાગી ગુણ મૂર્તિ,
આત્માભિમુખતા અંતર્મુખીપણુ, મુખ પર તરવરતી સ્ફૂર્તિ. ૫

શ્વાસોશ્વાસમાં જેના અંતરમાં, આત્મોદ્ધારની એક રૂચિ,
મન વચન ને કાય યોગથી, નિશદિન દિશતા અતીવ શુચિ;

ગુરુદેવ જગતથી વિદાય થયા પણ, 'મૂર્તિ નજરથી નથી ખસતી,
ભારે શાસનમાં ખોટ પડી છે, ભક્તોની દુ:ખિત છાતી રડતી. ૬

એકાએક વિકરાલ કાલ! તું, સૂરિવરને જગથી ઉપાડી ગયો,
શહેર ગામોનો જન-ગણુ સઘળો, શોક સાગરમાં ડૂબી ગયો;
અહા! કાલ વિકરાલ કેમ તું, લાજ મુકીને જગ ફરતો,
પ્રિય-ગુરુનો દેહ પીંજરથી, પ્રાણુ અણુમોલ તું હરતો. ૭

ગૌરવવંતી ગુર્જર ભૂમિમાં, રળીયામણું બાલાસન ગામ,
શ્રાવક વસતા પીતાંબર ત્યાં, શ્રાવિકા મોતી શીલનું ધામ;
દંપતી ધર્મથી સ્નેહ ભાવથી, સદૈવ જૈન ધર્મમાં લીન,
પુત્ર જન્મ થયો ૧૯૪૦ના પોષ શુદી બારસને દિન. ૮

ભાનૂદય પૂર્વાચલથી થતાં, ઉજ્યાલું સઘળે વ્યાપી રહે,
ભવ્ય લલાટ ને ભવ્યાકૃતિ, પુત્રાનનથી હર્ષ વહે;
યથાર્થ નામ લાલચંદ રાખ્યું, લાલ શાસનનો પાલ બને,
બાલ વયમાં પણુ નિર્મલ રમતથી, આનંદ વહાવે સ્વજન મને. ૯

વયમાં વધતાં ગુણુમાં વધતાં, ધર્માનુષ્ઠાનના મનરંગી,
વ્યવહારિક શિક્ષણુ સૌ પોતે, ત્વરાથી વધતા ગુણ-સંગી;
માણુસા નગરમાં અધિક શિક્ષણુ, લેવાને, પોતે જઈ વસતા,
વિદ્યા-વ્યાસંગી લાલચંદજી, ધર્મ સંસ્કારથી નહી ખસતા. ૧૦

નંદન વનના લઘુ અંકુરા, જલસિંચનથી નવરંગી બને,
તેમ લાલચંદજી સંસ્કાર વારિથી, સંસ્કારી વખણાય જને;
તીવ્રમતિથી ખંતભાવથી, વિદ્યાર્થી ગણોમાં શ્રેષ્ઠ થયા.
ટૂંક સમયમાં શિક્ષણુ રસથી, લાલચંદજી વિજયી થયા. ૧૧

શાસન રક્ષક શાસન સ્તંભ, આચાર્ય શ્રી વિજય કમલસૂરિ,
શિષ્ય પરિવાર સાથે પધાર્યા, માણુસા નગરમાં ધર્મ-ધુરિ;
જ્ઞાની, ધ્યાની, ત્યાગ-નિકેતન, નિસ્પૃહી કરૂણા ધારી,
ચમત્કારી પરમાર્થ પ્રતિમા. વાદી કેશરી જયકારી. ૧૨

મુખ તેજ જેઓનું અનુપમ, વિશ્વને આશ્ચર્યકારી,
ગુરુ-દેશના ભાગિરથી વહેતી, તત્વજ્ઞાન રસની કયારી
જડ રંગ છે પતંગ સારીખા, મોહ તણા અંગાર ભર્યા,
જલ પરપોટા વીજળી ચમકારા, અજ્ઞાની જન ત્યાંહી ઠર્યા. ૧૩

જીવ-મુસાફીર માનવ-જન્મની, ધર્મશાળામાં આવી વસ્યો,
એકાએક એ છોડી જવું છે, નાહક માયા જંજાલ ફસ્યો;
જડ સંગને છોડી જોડીને, મનને આત્મ-દિશાની ભણી,
વિરકિત વાટે વસતાં જીવ આ, પ્રગતિ કરે છે મુકિત ભણી. ૧૪

વાણી મેઘ વર્ષ્યા સતત અહીં, માણુસા નગરની જનતામાં,
લાલચંદને પણુ લગની લાગતાં, આવી બેસતા દેશનામાં;
પાત્રતા જેના હૈયામાં વસી છે, તેથી વાણીનો રસ લાગે,
તે વાણીથી વૈરાગી બનીને, મુમુક્ષુ લાલચંદ દિલ જાગે. ૧૫

ગુરૂદેવેશની વાણી સાંભળી, વૈરાગ્ય રંગથી રંગાયા,
સંસાર પીંજરથી મુકત બનીને, જ્ઞાનાભ્યાસમાં લલચાયા,
ગુરૂ-દેવની નિકટ આવીને, સંયમ પ્રદાનની પ્રાર્થના કીધી,
યોગ્ય જાણીને ગુરૂદેવે પણુ, બોરૂ ગામમાં દીક્ષા દીધી. ૧૬

સંયમ રત્ન ગુરુ-દેવે અર્પી, નામ લબ્ધિવિજય રાખ્યું,
સ્વજનોએ તોફાન મચાવ્યું, પણુ સંયમીએ મન સ્થિર રાખ્યું;
નૂતન મુનિને સ્વશિષ્ય બનાવી, સંયમ પાલની શિક્ષા આપી,
૧૯૫૯ વર્ષ શુભ દિને, મંગળ-સુભાવના સ્થાપી. ૧૭

સંયમ-રત્ન નિજને મલવાથી, હર્ષિત થઇ મુનિ નાચી રહ્યા,
સ્થિર પ્રજ્ઞા સ્થિર દિલ રાખીને, ગુરુ-આદેશો વહી રહ્યા;
શીતલ વૃક્ષની છાયા મલતાં, તપ્ત-પથિક શાંતિને લહે,
ગુરૂદેવની નિશ્રામાં મુનિવર, અતુલ જ્ઞાનના અનુભવ વહે. ૧૮

તીવ્ર મતિથી અતીવ ધ્યાનથી, શાસ્ત્રાભ્યાસમાં લીન થયા;
ટૂંક સમયમાં જૈન-તત્વોના, સૂક્ષ્મ-જ્ઞાનથી ગાજી રહ્યા;

અમિત કૃપા એક ગુરૂ-દેવની, ક્ષયોપશમ પણ અજબ હતો,
આજ્ઞા-ગુરૂની સેવા ગુરૂની, એજ મંત્રથી વિજય થતો. ૧૯

અલ્પ દીક્ષા પર્યાય છતાં પણ, વ્યાખ્યાન કલામાં કોવિદ બન્યા,
વિવિધ શાસ્ત્રાભ્યાસ થતાં, એક કવિવર પણ જનવર્ગે ગણ્યા;
લેખન સામર્થ્ય પણ અનોખું મેળવ્યું. ગ્રંથ ગુંફ્યા છે રસથીભર્યાં
વાદવિવાદો તત્ત્વના કરીને, વિશ્વમાં જય જયકાર વર્યાં. ૨૦

વાણીચાતુર્યથી વ્યાખ્યાન વાચસ્પાત, બીરૂદ ગુરૂદેવે આપ્યું,
કાવ્ય-કલાની નિપુણ-મતિથી, કવિ-કુલકિરીટ પદ વ્યાપ્યું;
શાસન-રક્ષણની ધગશ અનુપમ, શાસન રક્ષક પંકાયા,
નિર્મલ સંયમ સાધના જેથી, શાસન ધ્વજને લહેરાયા. ૨૧

જેઓની વાણી રસીલી મધુરી, વૈરાગ્ય રસની સુંદર કયારી,
શ્રવણ કરીને માનવ જન-ગણ, કરે ત્યાગની તૈયારી;
જેઓનું શિષ્ય મંડળ છે મોટું, વિશ્વમાં વિચરે આજ્ઞાધારી,
ગંભીરસૂરિ લક્ષ્મણસૂરિ, ભુવનતિલકસૂરિ શણગારી. ૨૨

વાચક જયંતવિજય ને વળી, પંન્યાસ સપ્ત વિબુધ ભારી,
અન્ય મુનિ મંડળ છે તપસી ત્યાગી, વૈરાગી સેવાકારી;
સામર્થ્ય જોઇને વિબુધ શિષ્યનું, કમલસૂરિ ગુરૂ અતિ હર્ષ્યાં,
શિષ્ય ગૌરવથી ગુરૂનું ગૌરવ, જાણી મનમાં ખૂબ હર્ષ્યાં. ૨૩

સદ્ધર્મ સંરક્ષક જગ વિખ્યાતિ, કમલસૂરીશ્વર જગ સ્વામી,
વયથી વૃધ્ધ થયા હતા જે, અનુભવ નિધિ સંયમ ધામી;
મનમાં શુભ-વિચાર ધર્યો કે, તૃતીયપદ ધર શિષ્ય કરૂં.
લબ્ધિવિજય દર્શનના વેત્તા, વ્યાખ્યાન જ્ઞાતા શુભ વરું ૨૪

આચાર્ય પદ એક મહત્વની પદવી, જવાબદારી છે મોટી,
શાસનના એક રખવાળીને, જૈન-શાસનમાં પદવી મોટી,
આચાર્ય પદાર્પણ જૈન-શાસનમાં, પરંપરાથી ચાલે છે,
યોગ્ય સમર્થ આચાર્ય બનીને, વિજય ધ્વજ લહરાવે છે. ૨૫

૧૯૮૧ સંવત સારી, ભવ્ય જીવોને સુરઢીયાળી,
છાણી નગરના સંઘે કીધો. મહોત્સવ મોટો જયકારી;
દેશો દેશના સંઘો આવ્યા, વળી ઠાઠ જામ્યો ભભકાદારી,
શાંતિ-સ્નાત્ર ને સંઘ જમણો, રંગ રહ્યો મંગલકારી. ૨૬

શુભ-મુહૂર્ત ને શુભ-ચોઘડીયે, મંગલ હસ્તે સૂરિવર આપે,
લબ્ધિવિજયને આચાર્ય પદવી, નિજ પદે ગુરૂ-વર થાપે;
જયનાદોનો ધ્વનિ વિસ્તર્યો, હર્ષનો માનું સાગર ઉભર્યો,
વિજયલબ્ધિસૂરિ જય જય બોલો, એવો ધ્વનિ જગમાં વિસ્તર્યો. ૨૭

આચાર્ય પદવી મહત્વ ભરેલી, ગૌરવવંતી શિષ્યે દીપાવી,
પંજાબ, મારવાડ, મેવાડ વિચરી, સૂરીશ્વરે જય પતાકા ફરકાવી;
કંઇ તીર્થોના સંઘો કઢાવ્યા, પ્રતિષ્ઠા અને જીર્ણોદ્ધાર કીધા
વાદી સાથે શાસ્ત્રાર્થો કરીને, વિજેતાના ગૌરવ લીધા. ૨૮

ઉપધાન, ઉદ્યાપનો અને મહોત્સવો, સૂરિની નિશ્રામાં ઘણા થતા,
કંઇ નરેશોને જન-વર્ગને, હિંસા પંથથી દૂર કરતા;
ઉપદેશ અસરથી કસર નીકળી, દયા-ધર્મ પાલક થયા,
ધન્ય ગુરૂએ નિજ વાણીથી, ધર્મનાભાવો ખૂબ ભર્યાં. ૨૯

૧૯૮૨ ની સાલ કારમી, સૂરિના હૈયે શોક ભર્યો,
નિજ ગુરૂ-દેવે જલાલપોરમાં, દેહ પિંજરનો ત્યાગ કર્યો;
મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ મોટો. સંઘે હર્ષથી આદર્યો,
ચિર-સ્મૃતિ ગુરૂ-દેવની થાતાં, લબ્ધિસૂરિ દિલ હર્ષ ભર્યો. ૩૦

પ્રત્યેક દેશના પાટનગરમાં, ગુરૂ-દેવના થાતાં ચાતુર્માસ,
જૈન-સંઘ વાણી શ્રવણથી, ધરતો મનમાં અતિ ઉલ્લાસ;
કેશવલાલ વજેચંદ સંઘવી, કાઢે ગિરિરાજનો અપૂર્વ સંઘ,
ગુરૂ-દેવની નિશ્રાધારી, ઉપજ્યો આનંદ રંગ ગુરૂ-સંઘ. ૩૧

જેસલમેર કુંભોજગિરિ વળી, કુંભારીયાજી ને ગિરનાર,
અમદરા ને અન્ય તીર્થોના, સંઘો નીકળ્યા છે સુખકાર;

સઘળે સ્થળોમાં નિર્વિઘ્ન સંઘોમાં, ગુરૂ-તણી નિશ્રા આશિર્વાદ.
પ્રતાપી લબ્ધિસૂરિ ગુરૂદેવનો, વિસ્તર્યો છે જગમાં જયજય નાદ. ૩૨

સ્વધ્યાયરત પોતે રહેતા ને, શિષ્યવર્ગને જાગૃત કરતા,
આગમ શાસ્રને પોતે ભણાવે, જ્ઞાન લ્હાણુને ઉચ્ચરતા;
આજ્ઞાશ્રદ્ધા ધર્મ પ્રતીતિ, પ્રીતિ રીતિ અજબ ધરતા,
પ્રાણના ભોગે વીર-શાસનની, સત્વથી શુભ રક્ષા કરતા. ૩૩

યોગી અદ્ભુત જ્ઞાની મસ્તાની, જ્ઞાની દુનિયા મન માને,
અજોડ જ્ઞાનના રસીયાલીના, રહેતા નિજ-આતમ ધ્યાને;
જીવન-વૃત જેઓનું ઉજ્જવલ, યશ-વંતુ ચેતનાથી ભર્યું,
સહવાસીને અનુભવ કરતાં, સંગ-રંગથી ચિત્ત ઠર્યું. ૩૪

જ્ઞાન-તેજસ્વી કવિ-કુલ-કિરીટ, દેશ વિદેશોના ઉપકારી,
શિષ્ય પ્રશિષ્યો મનની સેવા, ચાહે નિયમિત પ્રીતધારી;
પડતા બોલ-ફુલ ઝીલી લેવા, ભકિતવંતની તૈયારી,
પુનિત પદાર્પણ થાતાં જયવર્તે, ધન્ય ધન્ય ગુરૂની બલીહારી. ૩૫

મહામાનવંતા શાસન-ધુરંધર, સાન્ત દાન્ત કરૂણા ધારી,
પતિત પાવનના નામ સ્મરણથી, ભકતો હર્ષે લબ્ધિ પામી;
એકાન્ત બેસવું, મૌનવ્રત ધરવું, સ્વાધ્યાયામૃતથી લીના,
નિસ્પૃહી નિરભિમાની જ્ઞાની, આત્મ-ધ્યાને રંગ ભીના. ૩૬

તત્વચર્ચા કરવામાં નિપુણતા, અનંત સ્થળો પર જયને વરે,
દ્વાદશારનય ચક્ર જેવા ગ્રંથ, સમાજ સમક્ષ જે પ્રગટ કરે;
સ્વપર-દર્શનના, ન્યાય શાસ્રના, જેઓ અજોડ છે અભ્યાસી,
ગ્રંથો તત્વ-ન્યાય વિભાકર, આદિ રચે મન ઉલ્લાસી. ૩૭

અંતરધ્યાની, અંતર જ્ઞાની, કલ્પવૃક્ષ સમ શીતલ છાયા.
નિશ્રામાં મુનિગણ સંયમની, શુદ્ધિ રાખે તજી જડ માયા;
શાસનમાં અગ્રગણ્ય અને, સુમાન્યગુરૂ-વર પંકાતા,
દેશવિદેશમાં ઉગ્ર વિહારી, વીર-ધર્મની હાકલ કરતા. ૩૮

વિ. સં. ૨૦૧૭ ની સાલે, મુંબઇ નગરે ચાતુર્માસ હતા,
વ્યાખ્યાન પીઠ પર વૃદ્ધ છતાંયે, સિંહ સમ ગર્જી ઉઠતા;
કર્મ સત્તાની અજબ શૃંખલા, વિશ્વના પર જકડાતી,
લબ્ધિસૂરીશ્વરજી ગુરૂ-દેવની, સ્વાસ્થ્ય ક્રિયાઓ લથડાતી. ૩૯

બાહ્ય પુદ્ગલના ભાવ તજીને, અંતર મંદિરમાં જઇ વસતા,
સ્વાધ્યાય શ્રવણને આરાધનાની, એકજ ધૂન જાગી રસતા;
નવકાર મંત્રના અદ્વૈત ભાવનો ધ્વનિ એકજ પ્રસરી રહેતો,
ગુરૂ-દેવેશે સ્પષ્ટ કહ્યું કે, 'નવકાર વિના રસ નથી રહેતો.' ૪૦

શ્રીમંત વર્ગ અનુભવી ડોકટરો, અને સુવૈદ્યો તેડાવ્યા,
વેદના એવી અસહ્ય હતી પણ, ઉપચારો ત્યાં નહીં ફાવ્યા;
અંતિમ આઠ દિવસો ઔષધિ, સૂરીશ્વરે મૂલથી ત્યાગી દીધી;
ભકત-ગણ સૌ અચરિજ રહેતો, ગુરૂ રહ્યા અંતર જાગી. ૪૧

અપ્રમત્તતા શાન્ત પ્રકૃતિ, ગંભીર મુદ્રા ઝળહળતી,
વેદનાને સમભાવે વેદતા, સમતા રંગથી વિશદ મતિ;
શિષ્ય-વર્ગ પણ વ્યથિત હૈયાથી, ગુરૂ-સન્મુખ નવકાર ભણે,
આવા તેજસ્વી આવા ઉપકારી, ગુરૂ-દુઃખથી દુઃખી મને; ૪૨

શાસન પ્રતિમા સંઘના નેતા, ભલે શય્યામાં સુતા હતા,
તેજ એવું પ્રતિમા એવી, મુખમંડળ પર ઝળહળતા;
ભલે વેદના અસહ્ય હતી પણ, સમતા રંગથી દીપી રહ્યા,
શિષ્યોને પણ હિંમત આપતા, મૃત્યુથી કંઈ ન ડરી રહ્યા. ૪૩

મૃત્યુ સમીપ સમજીને સૂરિજી, સંલેખનારાધનમાં એકમના,
ચાર શરણાદિ પચ્ચખ્ખાણ કરીને, તલ્લીન થયા અંતરમાં ઘણા;
શાન્તિ-સમાધિ શુદ્ધિ ચિત્તમાં, પંડિત મરણનાં ચિન્હ હતાં,
ધન્ય જીવન એ ધન્ય મરણ એ, દેહ પિંજરથી પ્રાણ જતાં. ૪૪

વિકરાળ કાળ નિર્લજ્જ નિષ્ઠુર, તેને હોજો લાખો ધિક્કાર,
ઉપાડી ગયો તું જોત જોતામાં, લબ્ધિસૂરિ ગુરૂ શાસન શણગાર;

લાલ બાગના વિશાળ હોલમાં, શોકાગ્નિ ભડકે બળી રહ્યો,
શિષ્ય વર્ગ ને ભકત સંઘ જન, ચોધાર આંસુથી રડી રહ્યો. ૪૫

જન્મની પાછળ મૃત્યુ આવે છે, એવો કર્મસત્તાનો ન્યાય,
કોઇનેય જગમાં મુકતો નથી ને, કરાવે દેહથી સૌને વિદાય;
મનને સ્થિર કરી સૌ મુનિવર્ગ, દેહોત્સર્ગની ક્રિયા કરતો,
પુનિત દેહને ચંદન ચર્ચી, સંઘ સકલ શિબિકા ધરતો. ૪૬

શિબિકા સંઘે રમણીક બનાવી, માનું ઉતર્યું સ્વર્ગ વિમાન,
ગુરૂપૂજનના ને દેહસ્થાપનના, રૂપૈયા ઉપજ્યા હજારો પ્રમાણ;
લાખો માનવોનો સાગર ઉભર્યો સ્મશાનયાત્રામાં જોતાં દેખાય,
જય જય નંદાનો ધ્વનિ ઉછળ્યો, દેખીને સંઘને અચરિજ થાય. ૪૭

સંઘના સ્વામી, સંઘના નેતા, સ્થુલ દેહથી વિલીન થયા,
સમતારસના અમિત રંગથી ભકત હૈયામાં જડાઇ ગયા;
શાસનનો ભાનુ જોત જોતામાં, પૃથ્વી પટથી અસ્ત થયો,
ભકત હૈયામાં દુ:ખદ વાતથી, વિરહની જ્વાલા જલાવી રહ્યો. ૪૮

શુભ શિબિકા જરીયણ કપડાં, સ્વર્ણ શિખરથી અતિરાજે,
મૃતક દેહ પણ "સૂરિવર" કેરૂં, તેજ કિરણથી ઘણું છાજે;
સંઘવી સુત, કેશવલાલ કેરા, કાન્તિલાલે ઉલ્લાસભરી,
તેર હજાર રૂપૈયા બોલી, અગ્નિસંસ્કારની ચિણગારી ધરી, ૪૯

ગુરૂ–દેવની અનન્ય સેવાની, તક સુંદર એ ઝડપી લીધી,
ઉદાર દિલની ઉદાત્ત ભાવના, સમોદ હૈયે પ્રગટ કીધી;
લાખો માણસોની સ્મશાન ભૂમિપર, રડતે હૈયે હાજરી હતી,
અમર ઇતિહાસને જગના પુસ્તકમાં, તકતી લાગી એ ચકચકતી ૫૦

શાસન–દીપક બુઝાઇ ગયો, સૌ સ્થળમાં વ્યાપ્યો છે અંધકાર,
શ્રધેય પુરૂષ શાસનથી જાતાં, સૌએ થયાં છે નિરાધાર;
માનવ માત્ર પર સમભાવી અને, કોઇના પર દ્વેષ નહી ધરનાર,
માત્ર સત્યની નેમ રાખતા, સત્ય સાટે જીવન ધરનાર. ૫૧

લબ્ધિસૂરિ ગુરૂ જગ વત્સલ તમો, કરૂણ રસના મહાભંડાર,
હે દિવ્ય દર્શન ધર્મ–દિવાકર, જ્ઞાન રસિક ભકત તારણહાર;
કારમો વિયોગ અમ હૃદય મંદિરમાં, સાલી રહ્યો છે દિવસને રાત,
કરેલ ઉપકારોના સ્મરણો થતાં, વિસરાતી નથી મધુરી વાત. ૫૨

ગંભીર ગમગીન બનેલો માનવગણ, માર્ગે માર્ગે સૌ ચાલે,
જીવાભાઇ, કાન્તિભાઈ, રમણભાઇ ને, માણેકભાઈ શિસ્ત પાલે;
ગુરૂ–ગુણ ઉપકારોને સ્મરીને, પગલે પગલે કરતા યાદ,
સંઘાગ્રણી સૌ દુ:ખિત હૃદયે, મુખથી બોલે જયનો નાદ. ૫૩

માનવ જન્મને સંયમ સાધી, ગુરૂ–દેવે કૃતકૃત્ય કર્યો;
આત્મ–સાધના, ભાવ–વિશુદ્ધિ, શ્વાસો શ્વાસને સફલ કર્યો;
આજીવન શુદ્ધ બ્રહ્મચારી ને, નૈતિકતાથી શણગાર વર્યો,
પરમ–કૃપાલુ પરમ–યોગીશ્વર, પરમ ધ્યાની જગ જય કર્યો ૫૪

આત્મ મસ્તાની, નિસ્પૃહ ભાવે, ધર્માનુષ્ઠાનોમાં રંગીલા,
મૌનવ્રતધારી, તારણહારી, તોડયા પાપના વજ્ર ખીલા;
શરીર વ્યામોહને મૂલથી છોડયો, સ્વાધ્યાય રસાસ્વાદ કરે,
પ્રભુ–દર્શનના રંગે ભરેલા, મૂર્તિ દર્શનમાં સ્ફૂર્તિ ધરે. ૫૫

ગુરૂ–દેવ જગથી ચાલ્યા ગયા પણ, ઉપકાર કદીય નહી વિસરાય,
મીઠા અનુગ્રહથી શિષ્ય વર્ગને, દીધેલી શિક્ષાઓ નહીં વિસરાય;
ચંદ્ર વિનુ સરવરી નકામી, પથિક જન તો ગોથાં ખાય,
તિમ ગુરૂ–વિના શાસન છે સુનું, કરન પડત ભકતોને કહાય. ૫૬

સ્યાદ્વાદ ને નયવાદોના, શાસ્ત્રતણા ગૂઢ અભ્યાસી,
સ્યાદ્વાદમય સુંદર ભાષા, વ્યાખ્યાનોથી વિકાસી;
ગ્રંથો રચ્યા જેને તર્ક ભરેલા, બુધ–ગણ ભણતા ઉલ્લાસી,
તત્વો અને વૈરાગ્યની વાણી, શ્રવણેપ્સુ શ્રોતા રહે પ્યાસી. ૫૭

નગર–જન સૌ ભસ્માવશેષ, અતિશય ભરેલી લઇ જતા,
પાછળથી આવેલ ખાલી હાથે, રાખ વગર સૌ પાછા જતા;

પુનિત દેહની પુનિત રક્ષાને, સંઘ મંગલથી પૂજે છે,
શ્રદ્ધાળુને પુણ્યવંતાને, ભક્તિ લૂંટ મન સુઝે છે. ૫૮

દેશ વિદેશે નગરે નગરે, તારથી દુઃખદ સંદેશ મળ્યા,
શોક-સભાઓ શ્રદ્ધાંજલીઓ, દેવ વંદનના શોક ભળ્યા;
શાંતિ સ્નાત્રો અઠ્ઠાઈ મહોત્સવો, પાખી સેંકડો નગર પલી,
ગુરૂ-દેવ સ્વર્ગત થયા પણ, પુણ્ય પ્રદ્યોવની શુભ ઘડી. ૫૯

બે હજારને સત્તરના વર્ષે, વિદર્ભ આકોલા નગર મોઝાર,
તાર દ્વારા સ્તંભ તુટી પડયાના, સંદેશ મળ્યો શોકને વહનાર,
ચોમાસુ અહીં રહ્યો હતો હું, ભુવનતિલક ગુરૂ આજ્ઞા ધાર,
લબ્ધિસૂરિ ગુરૂ સ્વર્ગત થયાની, હૃદયે પડી ગઇ ચીરાડ. ૬૦

દેવ-વંદનને શોક સભા થઇ, શાંતિસ્નાત્ર મહોત્સવ ઉદાર,
ગુરૂ-દેવની પુણ્ય-સ્મૃતિનો, કીધો સંઘે શાસન શણગાર;
શક્તિ નથી પણ ગુરૂ-સ્તુતિ આ, ગુંથી ધરી મનમાં ઉલ્લાસ,
ક્રોડો વંદન હો સૂરિ ચરણમાં, પુરજો ગુરૂજી મારી આશ. ૬૧


# શ્રદ્ધાંજલિ

મહાન જ્યોતિર્ધર પરમશાસન પ્રભાવક
વ્યાખ્યાન વાચસ્પતિ, કવિકુલકીરિટ અનેક
ગ્રન્થ નિર્માતા પ્રાતઃસ્મરણીય પૂજ્ય
ગુરુદેવ શ્રીમદ્‌વિજય

**લબ્ધિસૂરીશ્વરજી મહારાજને**

**અમારા કોટિશઃ વંદન**

એઓશ્રીનાં પટ્ટપ્રભાવક દક્ષિણ દેશોદ્ધારક પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા શતાવધાની પૂ. પં. શ્રી કીર્તિ-વિજયજી ગણિવરે ઘાટકોપરમાં ચાતુર્માસ કરી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

સેવક

**રમણલાલ ચુનીલાલ**

**ઘીવાળાના કોટિશઃ વંદના**

**[ભાણજી લવજી પોરબંદર ઘી સેન્ટર]**

મહાત્મા ગાંધી રોડ, મોરાર વીલા
ઘાટકોપર – મુંબઇ–૭૭

# શ્રદ્ધાંજલિ

જૈન શાસનનો ઉદ્યોત કરવામાં જીવનભર જેમણે અવિરત પુરુષાર્થ ખેડયો હતો, આત્મ-વિકાસ-આત્મસાધના અને આત્મ ચિંતનમાં જ જેમણે પોતાનો સમય કાળ વ્યતીત કર્યો હતો.

સ્થંભન પુર-ખંભાતમાં જેઓશ્રીએ અનેક ચાતુર્માસ કરી અમારા ઉપર અથાગ ઉપકાર કર્યો છે.

તેઓશ્રીની પુણ્યનિશ્રામાં છ'રી પાળતો સંઘ, ઉપધાન, ઉદ્યાપન આદિ અનેક ઉત્સવ – મહોત્સવો યોજાયાં હતા.

એવા મહાન ઉપકારી, પરમકૃપાળુ, સતત સ્વાધ્યાયશીલ, ઉદાર ચરિત, સુરિપુંગવ–પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય

**લબ્ધિસૂરીશ્વરજી મહારાજને**

અમારા ક્રોડો વંદન હો.

સેવકો : **સ્વ. સોમચંદ પાનાચંદના પુત્રો**

---

# શ્રદ્ધાંજલિ

જેમની વાણીમાં અપૂર્વ જોમ હતું. જેમની બુદ્ધિ અતિ તીક્ષ્ણ હતી.
જેમની વિદ્વત્તા અગાધ હતી. જેમની કવિત્વશકિત વિખ્યાત હતી.
જેમની વકતૃત્વ શકિત પ્રભાવપૂર્ણ હતી. જેમની પ્રકૃતિ ગંભીર ને સરળ હતી.
જેમની સમાધિ કોઇ અનોખી હતી. જેમની ગ્રન્થગુંથણ કળા અજોડ હતી.
જેમની શાસન પ્રભાવના અતુલ હતી. જેમની કીર્તિ સર્વત્ર પ્રસરી હતી.

એવા પરમપૂજ્ય ગુણરત્ન મહોદધિ – વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય

**લબ્ધિસૂરીશ્વરજી મહારાજને**

અમારા કોટિશઃ વંદન

સેવક– **કેશવલાલ મોતીલાલ** કમીશન એજન્ટ

ઠે. શા. સોમચંદ લાલચંદ

રીફાઇનરી બીલ્ડીંગ, પારસીગલી–મુંબઇ નં. ૩

# પૂ. પરમગુરૂદેવ સૂરીશ્વરજીનાં ચરણોમાં

**શ્રી હીરાચંદ સરૂપચંદ ઝવેરી મુંબઇ**

પૂ. પાદ સૂરિદેવનાં ચરણોમાં ભક્તિભાવભર્યા હૈયે લેખક પોતાનાં વચન કુસુમોની અંજલિ અર્પી રહ્યા છે.

⊙

હે પ્રભો! અંતરનાં અટલ અને અમાપ ઊંડાણમાંથી અવાજ ઉઠે છે અને આપની યાદ તાજી થાય છે. સાચા સ્નેહીને સમયનાં અને સ્થાનનાં અંતર અથવા બંધન નડતાં નથી.

હે વિભો! ભક્ત અને ભગવાનના આપણા શુદ્ધ અને સાત્વિક સ્નેહની, જળ અને મીન જેવા આપણા ચિરંતન પ્રેમની ક્રૂર વિધાતાને ઈર્ષ્યા આવી અને આપણી વચ્ચે વસમા વિયોગની વસમી ગગનચૂંબી દિવાલ ખડી કરી.

હે નાથ! સ્વપ્નમાં પણ આપની યાદ આવતાં, આપની 'પ્રશમ-રસ-નિમગ્ન' શાંત અને સૌમ્ય રસથી અલંકૃત, દિવ્ય તેજથી ઝળહળી રહેલી, આપની અદ્ભૂત-અનુપમ-અલૌકિક, નયન મનોહર-મનમોહક મુગ્ધ મુખ-મુદ્રાનાં દર્શન થતાં નિદ્રા વેરણ બને છે અને 'નયન-ગંગા'ને તીરે 'અશ્રુ-મોતી'ની ધારા વરસે છે.

હે ગુરૂદેવ! હું અને આપ એક જ 'મુક્તિ-માર્ગ'ના પ્રવાસી હતા. મારાં કમભાગ્યે મુક્તિ-માર્ગના મારા પ્રવાસમાં મોહ-મમતાનો, રાગ-દ્વેષનો, વિષય-વાસનાનો, ક્રોધ-કષાયનો ગાઢ અંધકાર છવાઈ ગયો અને સન્માર્ગને છોડી હું ઉન્માર્ગે ચડી ગયો.

હે કૃપાસાગર! એક સહ-પ્રવાસી માર્ગ ભૂલે તો શું બીજા સહ-પ્રવાસીની ફરજ નથી કે એને સન્માર્ગે ચઢાવે? દેવ અને ગુરૂ તો માતાની માફક પ્રેમ અને કરૂણાની મૂર્તી હોય છે. માતા શું ગાંડા-ઘેલા બાળકને કદાપિ તરછોડે છે? ના, હો! કદાપિ નહિ, હે પ્રભો! ગાંડો-ઘેલો પણ હું આપનો બાળ છું.

હે આત્મ-કમળના દિનકર! સૂર્ય હજારો માઈલ દૂર હોવા છતાં એના કિરણો વડે કમળ ખીલે છે અને અંધકાર નાશ પામે છે. હે નાથ! આપ અમને રડતા મૂકી દૂર દૂર અંત-રીક્ષમાં-ચંદ્ર-સૂર્યથી દિપતા, અપ્સરાઓથી શોભતા, સુવર્ણમય શિખરોથી ઝળહળતા, સોનેરી તારલાઓના સોનેરી મહેલોમાં વસી રહ્યા છો. આપ અંતરના શુભ આશીર્વાદની ધારા વરસાવી અમારા મિથ્યાત્વના અંધકારને દૂર કરી સમ્યક્ત્વના કમળને ખીલવવાની આપના આ ગાંડા-ઘેલા બાળની હૃદયની આરઝુ સ્વીકારો.

હે નયનોની જ્યોતિરૂપ ગુરૂદેવ! આપનો વિરહ મારા જીવનમાં દાવાનળ પ્રગટાવે છે. એ દાવાનળને શાંત કરવાને સાગરને કિનારે જઇએ છીએ. પરંતુ સાગર પર વાતા અનિ-લના ગુંજનમાં મને આપના શબ્દો સંભળાય છે અને હું બેચેન બની જાઉં છું.

હે કરૂણા-રસ-સિંધો! એકાએક મારી દ્દષ્ટિ સાગરનાં મોજાંનાં વહેણ પર પડે છે. સાગરનાં મોજાં ચંદ્રને મળવાને માટે કેવાં ધસમસે છે! પણ બીજી જ પળે કિનારા પર રહેલા ખડકો સાથે અથડાઈને ભાંગી જાય છે. પરંતુ શું સાગરનાં મોજા કદી થાકે છે?

હે જીવન-નૌયાના સુકાની! આ મારા હૃદય-સાગરમાં આપને મળવાને માટે પ્રવજ્યાના મોજાં ઉછળી રહ્યાં છે, પરંતુ 'ભવસાગર'ને કિનારે રહેલાં ચારિત્ર-મોહનાય-કર્મના ખડકો સાથે અથડાઇને ભાંગી જાય છે. પરંતુ હું કદી થાકવાનો જ નથી. જીવનની અંતિમ સંધ્યા સુધી, આખરી શ્વાસોશ્વાસ સુધી આપની પ્રતિક્ષા કરીશ. એક ભવ નહિ, અનેકભવ-ભવોભવ આપના સનાતન પ્રેમના ચિરંતન યજ્ઞમાં હું મારા જીવનરૂપી નૈવેદ્યની આહુતિ આપીશ. કારણ કે ત્યાગ એ 'પ્રેમ-મંદિર'નો પાયો છે, સમર્પણ એના સ્થંભ છે, યોગ એનો કળશ છે અને આપ મારા 'પ્રેમ મંદિર'ના પ્રાણ છો!

# પૂ. પાદ પરમગુરૂદેવની અંતિમકાલીન અપ્રતિમ સમાધિ

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કીર્તિવિજયજી ગણિવર

પૂ. પાદ પરમોપકારી પરમગુરૂદેવના જીવનની અંતિમ ક્ષણો, અંતિમ સમય કેવો ભવ્ય હતો, કેવી અનુપમ સમાધિ અને અનુપમ આત્મજાગૃતિ હતી, તેનું ભવ્ય તથા હૃદયંગમ આલેખન, તેઓશ્રીના પ્રશિષ્ય પૂ. મહારાજશ્રી અહિં જે પોતાની આગવી શાંત સરળ અને સચોટ લેખનશૈલીમાં કરે છે. આ વાંચતાં આપણું હૃદય પૂ. પાદ પરમગુરૂદેવનાં અસાધારણ વ્યક્તિત્વ પ્રત્યે નમી પડે છે. ને આવું અનુપમ સમાધિમૃત્યુ અમને પ્રાપ્ત થાય તેવી તેમના પ્રત્યે પ્રાર્થના કરે છે.

આ અસાર સંસારમાં અનંતાનંત-આત્માઓ જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે, પણ કોઇ વિરલ વ્યક્તિ જ પોતાનું જીવન ધન્ય બનાવે છે, પુષ્પો ખીલે છે, અને કરમાય છે પણ એ જેમ સુવાસ પાથરતા જાય છે તેમ મહાપુરુષો પણ આ અવનિતલમાં જન્મી, જીવી અને અનેરી સૌરભ ફેલાવી આ ફાની દુનિયાથી વિદાય લે છે.

સ્વ. પરમ ગુરુદેવ બહુશ્રુત પ્રાતઃ–સ્મરણીય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ પણ એમાંના એક વિરલ વિભૂતિ સમા હતા, જેઓ જન્મ્યા, ધન્ય જીવન જીવ્યા અને વિદાય લેતા લેતા પણ જે અનેરી સુવાસ પાથરતા ગયા છે તે ખરેખર ભૂલી ભૂલાય તેવી નથી, તેઓશ્રીની સ્મૃતિ અને તેઓશ્રીનો યશોદેહ હંમેશના માટે અમર રહેશે.

સ્વ. પરમ ગુરુદેવના અંતિમ દિવસોમાં જે કંઇ નજરોનજર નિહાળ્યું છે, અનુભવ્યું છે તે અક્ષરશઃ અતિશયોક્તિ વિના વિનમ્ર ભાવે અકિંચિત્ સેવારૂપે ઋણ મુક્ત બનવા એ શબ્દો દ્વારા હું અત્રે આલેખી રહ્યો છું.

તેઓશ્રીની તબીયત વધુ નરમ છે આ સમાચાર મળતાં જ ઘાટકોપરથી વિહાર કરી તરત જ પૂ. ગુરુદેવ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની સાથે અમે સૌ મુંબઇ ભૂલેશ્વર–લાલબાગ જૈન ઉપાશ્રયમાં બિરાજતા પૂ. પરમ ગુરુદેવનાં દર્શને પહોંચી ગયા, ત્યાં તેઓશ્રીની છેલ્લી ઘડીઓ જાણે ગણાઇ રહી હોય તેવું નિઃશબ્દ–ગમગીન વાતાવરણ નિહાળવામાં આવ્યું. પણ પરમ ગુરુદેવને હજી કંઈક વધુ પ્રકાશ છેલ્લે છેલ્લે પાથરવો બાકી હતો, એટલે ૨–૫ દિવસ નહિ પણ પંદર દિવસ આમ વીતી ચૂકયા હતા. આ પંદર દિવસના વાતાવરણમાં અમે જોયું કે જાણે અત્રે એક આધ્યાત્મિક મહાયજ્ઞ શરૂ થયો છે, અને આ મહાયજ્ઞને નિહાળવા માટે મુંબઈ તથા ઉપનગરોની જનતા કીડીયારાની જેમ અહીં ઊભરાતી હતી. દૂર–દૂરનાં ગામોમાંથી પણ જનતા આવ્યે જ જતી હતી. ખાન–પાન ભૂલી જતી હતી અને પોતાનો સૂર પૂરાવતી હતી.

આ મહાયજ્ઞમાં મોટા મોટા સંગીતકારો પણ આવતા હતા, મીઠી મધુરી અને અપૂર્વ આલ્હાદ આપતી મહામંત્ર નવકારની અનેરી ધૂન મચાવતા હતા, મીઠા મૃદુ અને મધુર

સંગીતના સૂરો અને ભાવુક જનતાના કંઠમાંથી નીકળતા ભાવભર્યા એ ગુંજારવોથી ચોમેર વાતાવરણ નવકારમંત્રના પવિત્ર નાદથી ગુંજી ઉઠતું હતું. આવું કદીય જોયું નહોતું કદીય સાંભળ્યું નહોતું અને કદીય અનુભવ્યું નહોતું. આવું ભવ્ય અને દિવ્ય દૃશ્ય નિહાળી સૌનાં ભાવભીનાં હૈયા ગુરુદેવનાં ચરણે નમી પડતાં હતાં.

પૂ. પરમ ગુરુદેવનાં મુખારવિંદથી ફક્ત-એકજ શબ્દ મુખ્યતયા સાંભળવા મળતો હતો કે 'ધૂન ચાલુ રાખો.'

સારા સારા શ્રીમંતો પણ આવતા હતા અને દર્શન કરી પાવન બનતા હતા. સૌ સૂરિદેવની અજબ સમતા—અને અપૂર્વ ભાવના નિહાળી આશ્ચર્યમુગ્ધ બની જતાં હતાં.

આવી અસહ્ય વેદનામાં પણ અમારા જેવાને પણ શરમાવે તેવી અદ્‌ભૂત સ્મરણ-શક્તિ તેઓશ્રી છેલ્લી ઘડીઓમાં પણ ધરાવતા હતા, એવી તો એઓશ્રીની સતેજ સ્મરણ-શક્તિ હતી. કેવી એમની આત્મસાધના! કેવી એમની—અપૂર્વ જાગૃતિ!

આટ આટલી અસહ્ય વેદનામાં પણ કોઈ દિવસ ચૂંકારો કર્યો નથી, આ જોઇયે કે તે જોઇયે આ નહિ કે તે નહિ. આમ કેમ કરો છો. એવો એક શબ્દ પણ નહોતા ઉચ્ચારતા, હૈયાના તારને હલાવી નાંખે એવી વાત તો એ હતી કે કોઇ બિમાર વ્યક્તિ પાસે અવાજ થતો હોય તો બિમાર—દરદીથી જરાય સહન ન થાય, 'અરે ભાઈ શાંતિ રાખો, મારાથી નથી ખમાતું.' એમ કદીય તેઓશ્રી બોલ્યા નથી. બધાય ખંડો સાધુ મહાત્માઓથી અને ભાવુક ભક્તોથી ભર્યા ભર્યા હતા, હજારો ભાવિકો દર્શનાર્થે કીડીયારાની જેમ ઊભરાતા હતા, અને એમાં એવાય મહાનુભાવો હતા કે 'કયાં શું બોલવું શું ન બોલવું. અહીં કેમ આવ્યા છીએ. કેવી શિસ્ત રાખવી જોઇએ, બોલાય કે ન બોલાય. રાડો પાડીનેય વાત કરનારા આવે, પગથીયા ધમધમ કરતા ચઢે ઉતરે, વાતે વળગે અને મુંબઈ જેવું શહેર એટલે ચોમેર—શબ્દ—શબ્દ—અવાજ—અવાજ થતો હોય. આવા કોલાહલમય વાતાવરણમાં સામાન્ય દર્દી પણ બરાડી ઊઠે, ચીઢાઇ જાય, બધાને કાઢી મૂકે. શું કામ હેરાન કરો છો એમ બોલી ઊઠે, આમ છતાં એક પણ દિવસ, એક પણ વખત એકપણ શબ્દ તેઓશ્રીએ ઉચ્ચાર્યો નથી. સમતાભાવે સમાધિભાવમાં સંથારામાં પડયા પડયા સતત નવકાર મંત્રનું સ્મરણ કરતા હતા.

તેઓશ્રી દવા લેવા પણ નહોતા ઇચ્છતા. આ જોઇયે કે તે જોઇયે એવું કદીય અમે સાંભળ્યું નથી. ફક્ત સજ્ઝાયો સંભળાવો, નવકાર મંત્ર સંભળાવો, ધૂન ચાલુ રાખો. આજ એમનો એકનો એક મુખ્ય સૂર હતો. સાધુઓ પૂછતા; 'કેમ સાહેબજી! શું થાય છે? કંઇ દર્દ થાય છે?' ત્યારે તેઓશ્રી કહેતા કે, 'મને એમાં ધ્યાન નથી.' બસ આટલા શબ્દો તેઓશ્રીની આધ્યાત્મિક ઉચ્ચકોટિ દર્શાવવા માટે પૂરતા છે.

**પંડિત મરણ :**

બાલ મરણ, બાલપંડિત મરણ અને પંડિત મરણ એમ મરણના ત્રણ પ્રકારો શાસ્ત્રોમાં બતાવ્યા છે. અજ્ઞાની જીવો બાલ મરણે મરે છે, દેશ વિરતિધર આત્માઓ બાલ પંડિત મરણે મરે છે અને સર્વ વિરતિધર મહાત્માઓ પંડિત મરણે મૃત્યું પામે છે. આ મહાપુરૂષ ખરેખર પંડિત મરણે મૃત્યુ પામ્યા હતા. એમનાં રચેલા સ્તવનોમાં પણ જેની

માંગણી વારંવાર તેમણે કરી છે. એઓશ્રી કહે છે કે–

માંગુ છું એટલે હું આપો પ્રભુ એ આપો
મનના અશુભ વિચારો, કાપો પ્રભુ એ કાપો
× × ×
સિદ્ધગિરિનું શરણુ હો, આદિ પ્રભુ સ્મરણુ હો
પંડિત હમ મરણુ હો, આપો પ્રભુ એ આપો
× × ×

જ્યારે આ પંક્તિઓ લલકારાતી હતી ત્યારે તેમનું મસ્તક ડોલી ઊઠતું હતું. આવી ઉત્તમ ભાવના રગ–રગમાં ભરી હતી માટે જ તેઓશ્રી પંડિત મરણે મૃત્યુ પામ્યા હતા. જેમ સર્પ કાંચળીને મૂકી દે તેમ એઓશ્રીએ કાયાની માયાને અળગી કરી હતી. આત્મા અને દેહ જુદો છે એવું એમને સાચું ભાન થયું હતું. અને જોનારા પણ નજરે જોતા હતા કે આ મહાપુરુષને હવે કશોજ સંબંધ નથી. ત્યારેજ આવી અસહ્યવેદનામાં આવો અપૂર્વ સમતાભાવ આપણે નિહાળી શકયા–આ કયારે બને–કે જ્યારે જીવનભર જેઓ જિનવાણીના રંગથી રંગાયા હોય અધ્યાત્મ રસમાંજ સદા નિમગ્ન હોય. સ્વાધ્યાય ધ્યાનમાંજ સતત તત્પર રહ્યા હોય અને બહિર્મુખ દશાને ટાળી અંતર્મુખ બન્યા હોય ત્યારેજ આવી ઉત્તમોત્તમ દશા આત્માને પ્રાપ્ત થાય છે, આપણે પણ એજ માંગીએ છીએ કે–

સમાહિવર મુત્તમં દિંતુ
સમાહિમરણં ચ બોહિલાભો અ,
વગેરે–વગેરે

તેઓશ્રીની નોંધપોથીના શ્લોકોથી એ જાણવા મળે છે કે, 'હું એવા ભયંકર રોગથી ઘેરાયલો છું કે મારી જગ્યાએ જો કોઈ બીજો હોત તો–પોકે પોક મૂકત પણ **બલિહારી છે, જિનશાસનની** કે જેના પ્રતાપે હું એ રોગને સહન કરવા સમર્થ થયો છું.'

આવી અસહ્ય વેદનામાં કદીજ હાયવોય તો શું અરે અરેકાર પણ કર્યો નથી.

**અપૂર્વ આત્મબળ :**

આશ્ચર્યની વાત તો એ હતી કે મોટા મોટા ડોકટરોએ પૂ. ગુરુદેવની કથળતી શારિરીક સ્થિતિ નિહાળી હાથ ધોઇ નાંખ્યા હતા કે હવે અમારો ઉપાય નથી ૨૪ કલાક–માંડ–માંડ કાઢશે. બચવાની જરાય આશા નથી, આમ અનેક ડોકટરોએ નિરાશાના સૂર કાઢ્યા હતા પણ આમને આમ ૧ મહિનો પસાર થયો હતો ડોકટરો અને જનતા કહેતી કે કેવી રીતે ટકી રહ્યાં છે તેની સમજણુ પડતી નથી ખરેખર તેઓશ્રી અપૂર્વ આત્મબળથી જ ટકી રહ્યા હતા.

**મૃત્યુ એ મહોત્સવ છે :**

ખરેખર અમને એ જોવા મળ્યું કે મૃત્યુ એ તો મહોત્સવ છે. મહાપુરુષોનું મૃત્યુ મહોત્સવરૂપ હોય છે. મૃત્યુની સામે એમણે મોરચો માંડયો હતો, સામી છાતીએ જાણે ઝઝૂમતા ન હોય, કાલે આવતું હોય તો આજે આવ અને આજે આવતું હોય તો અત્યારે આવ! મૃત્યુથી કોણ ડરે! કાયરો, બાયલાઓ અને પાપી જીવન જીવનારાઓ, એક કવિ કહે છે કે. 'મરનેસે વો ડરતા હૈ જો પાપી યા અધર્મી હૈ' મૃત્યુથી કોણ ગભરાય! પાપી, અધર્મી, ક્રૂર હિંસક અને દુરાચારી આત્માઓ મૃત્યુથી ડરે છે ગભરાય છે, મૂંઝાય છે અને અકળાય છે. કારણ કે તેઓ સમજે છે કે અમે જીવનભર કાળાં કામો કર્યાં છે, કેકને છેતર્યા છે, અધમ આચરણો આચર્યાં છે, ક્રૂર અને હિંસક જીવન જીવ્યા છીએ નિર્દોષ અને નિર્બળ પ્રાણીઓને રંજાડયા છે, જૂઠ, ચોરી, જારી વગેરે અઢારે પાપસ્થાનકો સેવી જીવનને

અધમ રીતે વીતાવ્યું છે એવા આત્માઓને મરણનો ભય હોય એ સ્વાભાવિક છે કે હવે હું અહીંથી ક્યાં જઈશ, મારી શી ગતિ થશે, મારી શી વલે થશે. વગેરે.

પણ જેમણે ઉજ્જવલ જીવન જીવ્યું છે, નિર્દોષ અને નિખાલસ રહ્યા છે. સેંકડો હજારો નહિ, બલ્કે લાખો માનવોને જિનવાણીના પાન કરાવી સન્માર્ગે વાળવાનો અવિરત પુરુષાર્થ આદર્યો છે. સેંકડો આત્માઓને ચારિત્રના પુનિત પંથે પ્રયાણ કરતા બનાવ્યા છે, હજારો આત્માઓને ત્યાગના પાઠ પઢાવ્યા છે, જીવરક્ષા કાજે જીવનને જેમણે સમર્પિત કરી દીધું છે. પરોપકાર અને જગતના કલ્યાણ કાજે જ હજારો માઈલોનો પગપાળો પ્રવાસ કરી દેશ વિદેશ પરિભ્રમણ કર્યું છે. પોતે ઉજ્જવલ, ઉન્નત આદર્શ અને ઉર્ધ્વગામી જીવન જીવ્યા છે. આવા એક મહાસંતને મૃત્યુનો ભય ન જ હોય એ સ્વાભાવિક છે. માટે જ આ મહાપુરુષ અંતિમ ઘડી પળે પણ હસતા મુખે, અપૂર્વ સમતા ભાવે 'નમો-અરિહંતાણં' ના પવિત્ર મંત્રાક્ષરોની ધૂન વચ્ચે આપણી સામેથી પરલોકના પંથે સ્વ ધામમાં સિધાવી ગયા.

આ પુણ્ય શ્લોક મહાપુરુષની આવી અજબ સમાધિ અને સમતાભાવ નિહાળી ભલ-ભલા પાષાણ હૈયા ધરાવતા માનવીઓ પણ પીગળી ગયા હતા, અને સૌના મુખેથી એકજ ધ્વની નીકળતો હતો કે-

**ધન્ય જીવન! ધન્ય જીવન! ભવ્ય સમતાભાવ! અપૂર્વ સમભાવ! અને દિવ્ય મૃત્યુ-ભવ્ય મૃત્યુ!**

કેક આત્માઓ આમાંથી બોધપાઠ લેતા હતા, કેક આત્માઓ દર્શન કરી પાવન બનતા હતા, કેક આત્માઓ આવું ધન્ય જીવન અમે ક્યારે જીવીશું એવી ભાવના ભાવતા હતા.

આ પ્રકારની અંતિમ આરાધનાનું દૃશ્ય નિહાળી અંતિમ સમયે સ્વ-પરને કેવી આરાધના કરવી કરાવવી જોઈયે તેનો સૌને ખ્યાલ આવતો હતો.

ખડે-પગે શિષ્યગણ અહર્નિશ-ભક્તિ ભાવભર્યા હૈયે સેવામાં તત્પર હતો. ભક્તો રાત દિવસ ન જોતાં ખડે પગે હાજર હજુર રહેતા હતા.

આવી સેવા, આવી સમાધિ, આવું મૃત્યુ, આવી સમતા અને આવું અનુપમ દૃશ્ય જીવનમાં પ્રથમ વારજ નિહાળવાનો સુઅવસર સાંપડ્યો-મળ્યો તેથી હું નિજને ધન્ય સમજવા લાગ્યો અને મારા હૈયામાં અનેરા ભાવો જાગૃત થયા અને એ મધુરી સંગીતમય નવકારમંત્રની ધૂન તો જાણે ચાલી રહી છે એવો જ ભાસ થાય છે. હું ગાઉં છું, હજારો ને ગવડાવું છું અને એ અનુપમ દૃશ્ય નજર સામે તરવરે છે. ખરેખર આ મહાપુરુષનું સમાધિમૃત્યુ નિહાળતા શ્રી ખંધકઋષિ, શ્રી ઝાંઝરિયા મુનિવર, મહાત્મા શ્રી ગજસુકુમાળ, અને મહર્ષિ મેતારજ ઇત્યાદિ પૂર્વ ઋષિ મહર્ષિઓની યાદ તાજી થતી હતી કે આજ સુધી આપણે એ મહામના મહામુનિવરોના જીવન ચરિત્રો સાંભળતા આવ્યા, વાંચતા આવ્યા, પણ ખરેખર એ મહાપુરુષોની કંઇક ઝાંખી કરાવે તેવું અનુપમ દૃશ્ય નજરે નિહાળી હૈયામાં કંઇક અવનવા ભાવો ઉત્પન્ન થયા. અને હૃદય ભાવિત બન્યું. આપણે એ મહાપુરુષનાં પગલે પગલે ચાલીએ અને જીવનને અજવાળીએ એજ એક અભિલાષા સાથે વિરમીશ.

**લાખો-વંદન હો સૂરીશ્વરને!**

# પૂ. સૂરિદેવનો મંગલ વારસો !

શ્રી પ્રકાશ જૈન-મુંબઈ

પૂ. પાદ પરમગુરૂદેવના શિષ્ય-પ્રશિષ્યાદિ વિદ્વાન તથા શાસનપ્રભાવક પરિવારના પરિચય સાથે આવો મંગલ વારસો જૈનસંઘને સમર્પિત કરનાર સૂરિદેવશ્રીનાં વ્યક્તિત્વને લેખક અંજલિ સમર્પે છે.

મહાપુરુષોનાં જીવન સદા સંસારના ભવ્ય આત્માઓ માટે આદર્શરૂપ હોય છે. સંતોના જીવનની સુવાસ પવિત્રતાની ખુશ્બો સંસારમાં ફેલાવી જાય છે. તેમાંય જૈનશાસનના સાધુ પુરૂષો સંસારના સર્વશ્રેષ્ઠ સાધના માર્ગના પાવનકારી પથિકો છે. જૈનદર્શનનો સાધુમાર્ગ એટલે ત્યાં નથી એશ કે આરામ, નથી આનંદ કે પ્રમોદ; ત્યાં પ્રવાસ કરનારે અનુકુલતાઓની મખમલી ફૂલ શય્યાઓને લાત મારી પ્રતિકુલતાના કાંટા પાથર્યા વિકટ માર્ગે ડગ ભરવાના છે. માન કે સન્માન ત્યાં નથી; પણ અપમાન તથા અનાદરના કડવા ઘૂંટડાઓનું અમૃતની જેમ પ્રસન્ન ચિત્તે પાન કરવાનું હોય છે. આવા કઠોર, વિકટ તથા એકાન્તપ્રિય જીવનને જીવવામાં જે આત્માનંદની ખુમારી પ્રગટે તે ખરેખર અદ્ભુત હોય છે.

શાસ્ત્રવિશારદ કવિરત્ન પૂ. આ. દેવશ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સ્થૂળ દેહ સ્વરૂપે આપણી સમક્ષ આજે હાજર ન હોવા છતાં; એમનાં જીવનની ભવ્ય સાધનાની; કર્તવ્યપરાયણતાની સાક્ષી પૂરતા, જૈનશાસનની ઉન્નતિ માટે તૈયાર કરેલ સાધુત્વના ઓજસથી સભર એવા વિદ્વદ નરરત્નો આપણી સમક્ષ મોજુદ છે.

તેઓ જીવનની અંતિમ ક્ષણ સુધી નવકાર મૈયાની ગોદમાં રમતાજ રહ્યાં છે; અખંડ સમાધિભાવ....અને તે પણ ભયંકર વેદનીય કર્મના ઉદય સામે; અંતિમ શ્વાસોશ્વાસ સુધી ભાવગંગામાં સ્નાન કરતાં જ રહ્યાં છે....

સંતો જીવે છે પરના કલ્યાણ કાજે, ને જીવનની અંતિમ ક્ષણો સુધી કેવલ જીવમાત્રની મંગલમયી કરુણા તેઓના શ્વાસોશ્વાસમાં ધબકતી રહે છે, ને પ્રસન્ન ચિત્તે મૃત્યુને મહોત્સવની જેમ ભેટી ખરેખર તે સાધુ શ્રેષ્ટ-મહર્ષિ પુરૂષો જગતમાં અમર બની જાય છે.

મહામંગલકારી સંસ્કૃતિનો સંસારના કલ્યાણકામી આત્માઓનાં શ્રેય કાજે પ્રચાર કરવા જેઓના શ્વાસે-શ્વાસે નિષ્કારણ કરુણા વહી રહી છે, તે તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, સંયમ, કરુણા, વાત્સલ્ય, દમ, દયા, અને તિતિક્ષા ગુણ નિધાન સર્વ સંયમી મહાપુરુષો ખરેખર વિશ્વના સર્વ શ્રેષ્ઠ સંસ્કૃતિ ધામો છે. શિક્ષણ તથા સમાજ કલ્યાણના લોકોત્તર સંસ્કાર-મીશનો છે. જગતમાં જે કાંઇ સુંદર, ઉન્નત તેમજ અભ્યુદય સાધક વાતાવરણ જીવંત છે, સુખ, શાંતિ,

સમાધિ કે સ્વાસ્થ્ય જળવાઇ રહ્યું છે, તેમાં આવા સંસ્કૃતિના સાત્વિક સાર્થવાહસમા સર્વત્યાગી મહાપુરુષોના અસાધારણ સંકલ્પ બળ, પવિત્ર સાધુતા તેમજ સંસાર સમસ્તના આત્માઓ પ્રત્યેની નિષ્કારણ કરુણાર્દ્રતાનુજ પરિબલ પ્રેરણારૂપ છે.

આવી ઉન્નત પ્રેરણાના સમર્થ સંદેશવાહક દક્ષિણ દેશોદ્ધારક અજોડ વ્યાખ્યાતા **પૂ પાદ. આ દેવશ્રીમદ્ વિ. લક્ષ્મણસૂરિશ્વરજી મ.** સ્વ. સૂરિદેવના પટ્ટપ્રભાવક ગણનાયક અને મંગલ વારસદાર છે.

અસાધારણ વિદ્વતા, જૈનશાસન પ્રત્યેની અપ્રતીમ આત્મનિષ્ઠા, ઓજસ્વી પ્રવચન શક્તિ દ્વારા દેશેદેશ-પ્રાંતે-પ્રાંત, ગામે ગામ ફરીને અન્ય સમાજની વચ્ચે પણ જૈન-શ્રમણ સંસ્કૃતિનો વિજય ધ્વજ જે ગૌરવપૂર્વક ઝળહળતો ફરકતો રાખ્યો છે; તે બહુજન સમાજથી હવે અજાણ નથી રહ્યું. પૂ. સૂરિદેવનું કાર્યક્ષેત્ર માત્ર સમાજ કે ઉપાશ્રય પૂરતું મર્યાદિત રહ્યુ નથી; એમનાં પ્રભાવિક પ્રવચનોથી ભલભલા ગ્રેજ્યુએટો, કેળવણીકારો, પંડિતો, ધારાસભ્યો, પ્રધાનો અને રાજ્યપાલો પણ મુગ્ધ થયા છે; આજે સમાજ જે અનેક પરિબળોમાં વ્હેંચાઈ ગયો છે તેની સામે યુગની નાડ પારખી, શાસ્ત્ર મર્યાદાને લક્ષમાં રાખી ઐક્યતાના પ્લેટફોર્મ પર લાવવાનો એઓશ્રીનો પુરુષાર્થ ઓછો નથી; રાજનગરના આંગણે છેલ્લે છેલ્લે યોજાયેલા મુનિસંમેલન સમયે તેમણે તટસ્થતા દ્વારા સમાજહિત અને ભાવિપ્રજાને નજર સમક્ષ રાખી તિથિચર્ચા અંગે શાસ્ત્રાનુસારી યોગ્ય નિર્ણય કરવાનો વારંવાર અનુરોધ કર્યો છે તેના પડઘા આજે પણ વિદ્યાશાળાની દિવાલોમાંથી સંભળાય છે.

જૈન-જૈનેતર, સમસ્ત માનવ સંસારને જે ચૈતન્ય તત્ત્વના અમીપાન-સર્વોદયનો તાત્ત્વિક ધર્મ સન્દેશ, તેમજ અધ્યાત્મલક્ષી તત્ત્વજ્ઞાનની અમૃતવર્ષા દક્ષિણના-પ્રદેશમાં કઠોર પરિષહ વેઠી-વિચરીને જે લોકભોગ્ય શૈલીથી જૈનત્વનો પ્રકાશ ફેલાવ્યો છે તેનું હૃદયંગમ દર્શન કરાવતો **'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ'** ગ્રન્થરત્ન તેની સાક્ષી પૂરે છે.

**'પૂ. આ. દેવશ્રીમદ્ વિ. ભૂવનતિલકસૂરિજી'**: પ્રશાન્ત ઓજસ્વી સ્નેહમુદ્રા! અજબ વ્યક્તિત્વ,...પિયૂષપાણી...વાત્સલ્યહૃદયા... અને કલમના કસબી છે. 'કમાટી'ના ઉપનામથી આલેખાયેલ 'કવિકુલકિરિટ યાને સૂરીશેખર' ગ્રન્થ તેઓશ્રીની ગુરુભક્તિનું જીવંત કાવ્ય બની ગયું છે. સૂરિદેવશ્રીના પગલે તેઓશ્રીના રચેલ અનેક ભક્તિભાવભર્યા ગીતો, ભાવવાહી સ્તવનો અને આધ્યાત્મિક પદો દ્વારા થાય છે; તેઓશ્રી સારા કવિ, ઉમદા લેખક અને પ્રકૃષ્ટ વ્યાખ્યાતા છે; તેઓના હાથે નાની મોટી અનેક શાસનપ્રભાવનાઓ થઈ છે-થાય છે.

**પૂ. ઉ. શ્રી જયંતવિજયજી ગણિવર:** અતિશાન્ત, કરુણામૂર્તિ, વિનમ્રપ્રભા અને ગુણાનુરાગી છે....પૂણ્યશ્લોક સૂરિદેવની વર્ષો સુધી એમણે અજોડ સેવા કરી છે. તેમનો વિનયભાવ અને સેવાભાવના જુદી તરી આવે છે.

**પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર પૂ. પં. શ્રી નવિનવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી. ભદ્રંકરવિજયજી ગણિવર.**

સચોટ વ્યાખ્યાતા, નિસ્પૃહ અને ઉચ્ચકોટિના ત્યાગી; આદર્શ જીવન જીવનારા અને પ્રશાન્ત પ્રતિભાશાલી છે. સેવાભાવનાનો ગુણ ગજબ છે. શાસનપ્રભાવનાના અનેક કાર્યોના

યોજક છે, લેખક પણ છે અને છેલ્લા બે પૂ. પંન્યાસ પ્રવરો ઉમદા કાવ્ય સર્જકો-કવિઓ પણ છે.

**પૂ. પં. શ્રી. મહિમાવિજયજી ગણિ :** પ્રશાન્ત ભદ્ર પરિણામી અને સૌજન્યશીલ છે, તેઓશ્રી **મહિમાસંપન્ન**-અમરપ્રસાવાપની છે. પરોક્ષ રીતે તેઓશ્રી ઉપર **દૈવીવાસક્ષેપ** ક્ષરે છે; અનેક યુવાન હૃદયોને આકર્ષક અને ધર્મ માર્ગે જોડનાર-સ્થિર કરનાર છે.

**પૂ પં. શ્રી. વિક્રમવિજયજી ગણિ :** પ્રશાન્ત પ્રતિભાશાલી અને સમયજ્ઞ છે, તેઓશ્રી સારા વિદ્વાન, વક્તા અને સુંદર **તર્કશક્તિ** ધરાવે છે. આગમ શાસ્ત્રોનું અધ્યયન ઊંડું છે, **ન્યાયમાં નિપુણ છે;** વાણીમાં માનવતાભરી મિઠાશ છલકે છે. પૂ. ગુરુદેવની તેમણે ખડે-પગે સેવા કરી છે. ઉપરાંત શુભ સલાહકાર અને માર્ગદર્શક પણ છે.

**પં. શ્રી. કીર્તિવિજયજી ગણિ :** સમાજને એઓશ્રીનો પરિચય કરાવવો એટલે માને મામાનું ઘર બતાવવું. એમની પ્રભાવક વિદ્વતા, તેજસ્વી ધર્મનિષ્ઠા, અદ્વિતીય પરોપકાર-પરાયણતા અને નિષ્કૃત્રિમ સાધુત્વભરી સંયમ યાત્રાએ અદ્ભૂત ઇતિહાસ સર્જ્યો છે. દક્ષિણ મહારાષ્ટ્ર-કર્ણાટકના ખૂણે ખૂણે ધર્મ-જાગૃતિ, પવિત્રસદાચાર, ઉદારતા, દાનરુચિ ફેલાવી લાખ્ખો હૈયાને કલ્યાણકારી ધર્માનુષ્ઠાનોમાં જોડી જૈનશાસનની ગૌરવવંતી પ્રભાવના કરી છે; સાહિત્યના અભ્યાસી છે. એઓશ્રીના સંપાદન તળે જુદી જુદી ભાષામાં ૩ લાખ જેટલી નકલોનો જનસમાજમાં ફેલાવો થયો છે, તેમની કાવ્ય રચના શક્તિ અનુપમ છે.... સીધી સાદી રોચકશૈલીમાં ગુંથાયેલા કાવ્યો હૈયાને સ્પર્શી જાય છે; કાવ્યમય શૈલીના એમના પ્રવચનોમાં કોઈ એવો અનેરો જાદુ ભર્યો છે કે જ્યાં જ્યાં એ જાહેર વ્યાખ્યાનો યોજાય છે ત્યાં કીડીયારા જેમ ઠઠ જામે છે.... વળી તેમની શૈલી સરળ-રોચક અને લોકભોગ્ય હોઈ સર્વમાન્ય બની ગઇ છે. તેઓ **લેખક-કવિકુલતિલક-પ્રખરવક્તા** ઉપરાંત **શતા-વધાની** પણ છે.

**મુનિશ્રી જીતેન્દ્રવિજયજી :** સારા લેખક અને ધર્મ પ્રચાર કરવાની અનુપમ તમન્ના ધરાવે છે, બાળકો માટે તેમણે સારુ સાહિત્ય સર્જ્યું છે. જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના એ તેમની દેખરેખ નીચે ચાલનારી સંસ્થા છે. સ્વભાવે શાંત અને ચારિત્રશીલ વ્યક્તિ છે. તેમના શિષ્ય હરીશભદ્રવિજયજીએ પણ ઠીક પ્રગતિ સાધી છે.

**પૂ. મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી મ.** ગુરુભક્તિમાં જેનો ફાળો નોંધપાત્ર છે. સાહિત્ય તત્વજ્ઞાનના ક્ષેત્રે ઊંડુ ચિંતનાત્મક જ્ઞાન ધરાવે છે. વ્યવહારદક્ષ અને પ્રેમાળ છે.

**પૂ મુનિરાજ શ્રી નેમવિજયજી મ.** પ્રશાન્ત-મળતાવડા અને સદા પ્રવૃત્તિશીલ-કાર્ય-કુશળ છે. જ્યોતિષનાં તેઓ સારાં અભ્યાસી અને ગુરુદેવના સાહિત્યના સંપાદક છે. તેઓએ લાગલગાટ ત્રણ વર્ષીતપ પણ કર્યાં છે.

પૂ. મુનિશ્રી કલ્યાણવિજયજી મ. ૬૮, મુનિશ્રી વિનયવિજયજી મ. મુનિશ્રી સુધાકર-વિજયજી મ. ૪૧, મુનિશ્રી ગુણાકરવિજયજી મ. મુનિશ્રી નાગેન્દ્રવિજયજી મ. ૪૮, મુનિશ્રી સ્થૂલ-ભદ્રવિજયજી મ. ૪૬, મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજી ૨૩, મુનિશ્રી ભરતવિજયજી ૪૦, મુનિશ્રી ગુણ-રત્નવિજયજી ૩૫, મુનિશ્રી હેમપ્રભવિજયજી ૩૩,

પં. શ્રી પદ્મવિજયજી ગણિવર મુનિ શ્રી સુશીલવિજયજી આદિ અનેક તપસ્વી રત્નો છે.

શારીરિક, સાંપત્તિક અને સાંસ્કારિક એ ત્રણેય વારસા સ્થુળ ઇંદ્રિયોથી ગમ્ય છે; જ્યારે ચોથા પ્રકારના વારસા વિષે એમ નથી. જે માણસને પ્રજ્ઞા–ઇંદ્રિય પ્રાપ્ત હોય, જેનું સંવેદન સૂક્ષ્મ અને સૂક્ષ્મતર હોય તે જ આ વારસાને સમજી કે ગ્રહણ કરી શકે છે. બીજા વારસાઓ જીવન દરમ્યાન કે મૃત્યુ સમયે નાશ પામે છે. જ્યારે સૂરિદેવનો આ માંગલિક વારસો કદી નાશ પામતો નથી; એકવાર તે ચેતનમાં પ્રવેશ્યો એટલે તે જન્મજન્માંતર ચાલવાનો, એનો ઉત્તરોત્તર વિકાસ થવાનો અને તે અનેક જણને સંપ્લાવિત–તરબોળ પણ કરવાનો.

સૂરિદેવનો સમાજ–શાસન ઉપર ન ભૂલાય તેવો આ રીતનો ઉપકાર છે. આજે મૂર્તિપૂજક સમાજમાં ૩૦–૩૫ જેટલા સમુદાયોનું અસ્તિત્વ હશે. જેમાં આઠસો ઉપરાંત સાધુ શ્રમણો છે. તેમાં કવિરત્નો માટે સૂરિદેવનો સમુદાય મોખરે છે.

સૂરિદેવના પ્રતિભાશાલી વારસદારો, સમાજને એકયતાના પ્લેટફોર્મ પર લાવી, યુવાન હૈયામાં ધર્મની ચિનગારી પ્રગટાવવા શક્તિશાલી બનો !!!

એ મંગલ અભિલાષા સાથે....

**સૂરિદેવને લાખ લાખ વંદન !**


કાર્યક્ષેત્ર
**વર્ધમાન બોડેલી આશ્રમ, બોડેલી**
(વાયા વડોદરા)



## પરમાર ક્ષત્રીય જૈનધર્મ પ્રચારક સભા

૪૫૭, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, બીજે માળે, મુંબઈ–૪

**બોડેલી તીર્થની યાત્રાએ જરૂર પધારો, ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.**

બોડેલી તથા તેની આસપાસ પરમાર ક્ષત્રીયો આશરે ૮૦૦૦ માણસો જૈનધર્મ, અહિંસા ધર્મ પાળે છે. બીજા હજારો આકર્ષાયા છે, જે ધીમે ધીમે જેમ જેમ જ્ઞાન અને દર્શનનાં સાધનો અપાય છે, તેમ તેમ જોડાય છે. આ પ્રચાર પાઠશાળાઓ દ્વારા થાય છે. આસપાસનાં ગામોમાં ૯ પાઠશાળાઓ ચલાવાય છે, બીજી ૨૦ પાઠશાળાઓની જરૂર છે.

બોડેલીમાં વર્ધમાન બોડેલી આશ્રમ છે. તેમાં વિદ્યાર્થીઓને ખાવાપીવા ભણવાની વ્યવસ્થા છે. આ ક્ષેત્રના જિનાલયને, પાઠશાળા–આશ્રમને, આંબીલશાળા, ધર્મશાળા, ભોજનશાળા અને સાધારણ ખાતાને જેટલી બને તેટલી વધુ મદદ આપી ધર્મપ્રચાર તથા ધર્મપ્રભાવનાના કાર્યને મદદ કરો.

બોડેલી જિનાલય
મૂળનાયક શાસનપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાન
જેનું કામ અધૂરું છે. મદદની જરૂર છે.
મદદ મોકલવાનું ઠેકાણું :
**શેઠ વાડીલાલ રાઘવજી**
૬૧, તાંબાકાંટા મુંબઇ–૩

**બોડેલી સ્ટેશન**
મિંયાગામથી વિશ્વામિત્રીથી વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી ટ્રેઇનો જાય છે.
વડોદરાથી બે વખત એસ. ટી.ની બસો જાય છે.

લિ૦
**જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ**
**ઇશ્વરલાલ કસ્તુરચંદ સાળવી**
માનદ–મંત્રીઓ

# પૂ. સૂરીશ્વરજીની શાસનસેવા

**ડૉકટર શ્રી વલ્લભદાસ નેણશીભાઇ, મોરબી.**

પૂ. પાદ પરમગુરૂદેવ સૂરીશ્વરજીની અનેકવિધ શાસનસેવા તથા અનન્ય સાહિત્યસેવાને લેખક અહિં બિરદાવતા પોતાની ભાવભરી અંજલિ પૂ. પાદશ્રીનાં ચરણોમાં સમર્પે છે.

⊙

પરમ શાસન પ્રભાવક, શાસન શીરોમણિ, કવિકુલકિરીટ, અધ્યાત્મજ્ઞાની, વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરિશ્વર મહારાજનો જન્મ ૧૯૪૦માં ભોયણીજી પાસેના બાલશાસન ગામમાં પોષ સુદ ૧૨ ના પીતાંબર ઉગરચંદના ધર્મપત્નિ સૌ. મોતીબેનની કુક્ષિએ થયેલ. તેઓશ્રીનું નામ લાલચંદભાઇ રાખવામાં આવેલ. બાળપણથીજ ધાર્મિક સંસ્કારોનું સિંચન થવાથી તેમનું જીવન વૈરાગ્યમય બન્યું. તેમાં સોનામાં સુગંધ મળે તેમ પૂ. આચાર્ય દેવ શ્રી વિજય કમલસૂરીશ્વરજી મ.ના ઉપદેશ રૂપી અમૃતમયી વાણી, તેઓશ્રીના આત્માને સ્પર્શતાં વૈરાગ્યની ભાવના દૃઢ બની. બોરૂ-ગામમાં સંવત ૧૯૫૯ ના કારતક વદ ૬ ના રોજ શુભ સંયમ પંથે પ્રયાણ કર્યું. સંયમ અને જ્ઞાનથી આત્માને વાસિત કરી ગામોગામ વિચરવા લાગ્યા. તેઓશ્રી શાસ્ત્રાભ્યાસમાં આગળ વધ્યા, કવિત્વશક્તિ ખૂબ જ વિકાસ પામી, આત્મ કલ્યાણના મસ્ત સાધક, વિશ્વના ખુલ્લા વિશાળ ચોકમાં વિશ્વને આત્મકલ્યાણ રૂપ અધ્યાત્મ અને સમાજ અને સ્વધર્મોન્નતિના કલ્યાણતર માર્ગના પયગામ આપતા ધર્મધ્વજ ફરકાવતા ગામોગામ વિચરતા હતા. તેઓશ્રીની વ્યાખ્યાન શૈલી અજોડ હતી. સંસારના મોહ-જન્ય વિકારોમાં ભાનભૂલેલા આત્માઓને સુંદર સદ્બોધ, મધુર ભાષામાં વિવિધ દ્રષ્ટાંતો દ્વારા આપી ખૂબ જ ઉપકાર કર્યો છે. મધુર અને રોમાંચક વ્યાખ્યાન શૈલી હોવાથી પૂ. ગુરુદેવે સવંત ૧૯૭૧ માં ઈડરમાં તેઓશ્રીને 'વ્યાખ્યાન વાચસ્પતિ'નું બિરૂદ અર્પણ કર્યું. પૂ. ગુરુદેવે સંવત ૧૯૮૧ ના મહાસુદ પાંચમે તેઓશ્રીને છાણીમાં આચાર્ય પદવી પ્રદાન કરી. પ્રવચનની ભાષા સરળ, સાદી, રોચક અને આબાલ–વૃદ્ધ સર્વને હૃદયસ્પર્શી હોવાથી જૈનો ઉપરાંત જૈનેતરો પણ તેમની કવિત્વ-શક્તિથી અને વ્યાખ્યાન શૈલીથી મુગ્ધ થતાં તેમના ભક્તો બની જતાં. જૈન અધ્યાત્મ-તત્વનું એમનું જ્ઞાન, વાણીની મીઠાશ, બોલવાની છટા અને સમજાવવાની તેમજ ગમે તેવા કઠિન વિષયને સરળ બનાવવાની તેમની શક્તિ અદ્વિ-તીય હતી. એમની અર્થ–ગંભીર વાણીમાંથી જ્ઞાનના ચમકારા થતા. પૂ આચાર્યશ્રી પોતાના જ્ઞાનની પરબ કોઇ સંપ્રદાય પૂરતી અનામત ન રાખતાં વિશ્વ સમસ્તના પ્રાણીમાત્ર માટે ખુલ્લી મૂકે છે અને પોતે સર્વનાં, વિશ્વના બની વિશ્વને પોતાનું બનાવે છે. શિઘ્ર કવિત્વ શક્તિ, ઉગ્ર

તત્ત્વચિંતન, સુંદર કલ્પનાશક્તિ અને ન્યાય તર્કયુક્ત શાસ્ત્રી પારગામીપણાથી વિદ્વાનોને ચકિત કરે છે.

રાત્રી–દિવસ શંકા–સમાધાન અને સ્વાનુભવજ્ઞાનામૃતની પરબે પોતાની તૃષા છીપાવવા હજારો રસ–પિપાસુઓ તૃષાતુર બની આવતા અને પોતાની તૃષા છીપાવતા. સિદ્ધાંત પ્રત્યેની કે આચાર–પાલન પ્રત્યેની તેઓશ્રીની અડગતા અજબ કોટિની હતી. સ્વાધ્યાય પ્રેમી, લેખન, વાંચન, પ્રવાસ, ધર્મચર્ચા અને ઉપદેશ સિવાય અન્ય કાર્ય નિંદા વિકથા કે ડાકડમાલમાં તેઓ કદી પડયા નથી. સરળ, દંભરહિત, નમ્ર, શાન્ત સંપીલું, પ્રેમભર્યું સાત્વિક જીવન તેમણે હંમેશા ગાળ્યું છે.

તેઓશ્રીએ તત્ત્વથી ભરપૂર અનેક ગ્રન્થો રચ્યા છે, વૈરાગ્યરસમંજરી, મૂર્તિમંડન, તત્ત્વ ન્યાય વિભાકર, સૂત્રાર્થ મુક્તાવલી, દ્વાદશાર નયચક્ર, અવિદ્યાંધકાર માર્તંડ, દયાનંદ કર્તકતિમિર તરણી, દેવદ્રવ્યસિદ્ધિ આદિ.

'કવિઓ જન્મથીજ કાવ્યપ્રસાદી લઇને અવતરે છે' આ સૂત્રો ઘણા ઉત્તમ કોટિના કવિઓની પેઠે આચાર્ય વિજય લબ્ધિસૂરીએ પણ પોતાની જન્મસિદ્ધ કાવ્ય–શક્તિના દ્રષ્ટાંતથી સાબિત કર્યું છે. તેમણે અનેક સ્તવનો, સજ્ઝાયો, કાવ્યોને સુંદર શૈલીમાં રચેલ છે.

તેઓ સંસારથી વિરક્ત સાધુ, આત્મલક્ષી, આત્માની ધૂનવાળા, ત્યાગી, શાસ્ત્ર વિશારદ હતા. અને આચાર્યપદથી વિભૂષિત પંડિત, તીવ્ર સિદ્ધાંત બોધ, ઉંડી માર્મિક શાસ્ત્ર દ્રષ્ટી અને અનુભવયોગથી ભરેલા પદો; સ્તુતિઓ, સ્તવનો, સજ્ઝાયો, ભક્તિ વૈરાગ્ય પ્રેરિત રહસ્યપૂર્ણ કાવ્યોને પોતાની સમર્થ ભાવવાહી વાણીમાં વ્યક્ત કરનાર આધ્યાત્મિક કવિવર્ય હતા.

તેઓશ્રી અંતિમ સ્થિતિમાં પણ ધ્યાનસ્થ રહ્યા હતાં. પંચપરમેષ્ઠિનું કાયમી સ્મરણ કરતાં. દવા વગેરે ઉપચારો પણ છેલ્લા થોડા દિવસોથી તદ્દન બંધ કરેલ એ ઉપરથી જણાય છે કે તેમના જીવનના અંત સમયની પણ તેમને ખબર પડી ગયેલ. અને મહાપુરૂષો પોતાના અંતસમયને પણ એ રીતે જાણી શકે છે, તે રીતે ૭૫ જેટલાં શિષ્યો–પ્રશિષ્યોને છોડીને સમાધિપૂર્વક સંવત ૨૦૧૭ ના શ્રાવણ શુદ ૬ તા. ૧૭–૮–૬૧ ના રોજ સવારે ૪–૪૪ મીનીટે નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગવાસી થયા.

તેમની અદ્દભૂત સ્મશાનયાત્રા તેમની લોકપ્રિયતાની પ્રતીતિ કરાવે છે. સ્વર્ગસ્થના આત્માને જ્યાં હો ત્યાં પરમ શાંતિ મળો એજ પ્રાર્થના.

તેમના જીવનમાં ૨૦–૨૫ જીનાલયોની પ્રતિષ્ઠાઓ થયેલ છે. ઉપધાનો ઉપરાંત શાંતિસ્નાત્રો, દીક્ષા મહોત્સવો ઉજવી જૈન શાસનની ખુબજ પ્રભાવના કરેલ છે. મુખ્ય મુખ્ય તીર્થોના છ'રી પાળતા સંઘ પણ કઢાવેલ છે. ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ. ઉપરાંત મારવાડ–મેવાડમાં પણ વિહાર કરીને જૈન–જૈનતરોને તેમની વાણીનો ઉત્તમ લાભ આપેલ છે અને તત્ત્વની સમજણ આપેલ છે.

સદ્દગત જૈન ધર્મના એક મહાન શાસ્ત્ર વિશારદ આચાર્ય હતા. તેમની કલ્પનાશક્તિ, શબ્દ લાલિત્ય અને ભાષા પ્રભુત્વ ઘણાં ઉંચ્ચા પ્રકારના જોઇ શકાય છે. ઉપદેશ આપવામાં પણ તેઓ એટલું ચાતુર્ય વાપરતા કે સામાને તેઓ ઉપદેશ આપે છે તેમ લાગે જ નહિં. ઉપદેશની ધારા નદીના વ્હેતા પ્રવાહની માફક

સતત વહ્યા જ કરે. તેમની વકતૃત્વ શક્તિ અજબ હતી. શ્રોતાઓને મુગ્ધ બનાવતી.

તેઓશ્રી જબરા આશાવાદી હતા. ઉજ્વલ ભાવિના દ્રષ્ટા હતા. નિરાશાવાદ તેમને હૈડે કદી વસ્યો નથી. અનુભવમાંથી શુભ જોવું એ તેમની વૃત્તિ હતી. તેમનું આખું જીવન આ આશાવાદથી ભરેલું હતું, એકંદરે તેમની ભાષા સાદી અને સામાન્ય મનુષ્યો સમજી શકે તેવી હતી. કલ્પનાઓ ઉત્તમ પ્રકારની અને ભાવવાહી હતી, કાવ્યોમાં વિચારો અને તત્ત્વજ્ઞાન ભરેલા છે, અલંકારો અને ઉપમાઓ સાદા છતાં સચોટ છે.

સરળભાષા, અકૃત્રિમ શૈલી, ઉત્સાહપૂર્ણ વાણીની સાથે વિચારની સ્વતંત્રતા, આદર્શની સુકથતા અને અંતરની એક રસતા તેમના કાવ્યોમાં દૃષ્ટિમાન કરતાં સહજ પ્રતીત થાય છે. તેમના સાહિત્યમાં આ જમાનાના નવા સાહિત્યની નવીનતા સ્ફુરે છે. તેમનાં નિર્મળ હૃદયમાં વર્તમાન મહેચ્છાઓ જાણે પ્રતિબિંબ પામી હોય તેમ એમની વાણી હાલની પ્રગતિરૂપ રેખાને અવકાશ આપતી જણાય છે.

તેમનું સાહિત્ય એટલે નીતિસૂત્રનો ભંડાર, ધર્મતત્ત્વોનો ખજાનો અને આત્માનુભવની તિજોરી. જીવનને ઉજ્વળ બનાવવાની વાતો સિવાય અન્ય સંભાષણ તેમને ખપતું ન હોતું. તિથિ ચર્ચાના પ્રશ્ન માટે તેમને બહુજ દુઃખ હતું. અને સમાધાનની ભૂમિકા માટે પોતે બહુજ પ્રયાસ કરેલ. અને અંતિમ સમયે પણ પોતાના શિષ્યો—પ્રશિષ્યોને આ દુઃખદ પ્રકરણનો સુખદ અંત લાવવા ખાસ ભલામણ કરી ગયા છે.

કવિત્વ શક્તિની ઝળકથી ઉભરાતાં, ભક્તિ, વૈરાગ્ય, શ્રદ્ધા, દયા તેમજ અનેક વિષયોની હારમાળાથી શોભતા કાવ્ય ગ્રંથો પણ જનપ્રિય બનેલા છે. નૂતન પૂજા સંગ્રહ, સંસ્કૃત ચૈત્યવંદન સ્તુતિશ્ચતુર્વિંશતિકા આદિ મુખ્ય છે. નૂતન સજ્ઝાય સંગ્રહને શ્રવણ કરનાર વૈરાગ્ય રસમાં તરબોળ બને છે...તેઓશ્રીએ જે જે સર્જનો કર્યાં છે તે તે સર્વે વિદ્વદ ભોગ્ય, અને બાલભોગ્ય ગ્રન્થો તરીકે સમાજે આવકાર્યાં છે. ધર્મોપદેશથી દયાના અંકુરો પ્રગટાવી કેટલાક રાજવીઓને પ્રતિબોધ્યા છે. ઉમેટા તથા કટોસણ દાહોદ આદિ ઠાકોરેએ તેમના ઉપદેશામૃતથી તેમના રાજ્યમાં થતી હિંસા અટકાવી હતી.

એક દીપક અનેક દીવાઓને પ્રગટાવે છે તે મુજબ પુ. ગુરૂદેવે પણ અનેક જીવોને સંયમ માર્ગે વાળ્યા છે. તેમના શિષ્યો પણ તેવાજ જ્ઞાની—ધ્યાની, પ્રભાવશાળી, શાન્ત અને ભદ્રક પ્રકૃતિના છે. અને તેઓ પણ ગુરૂદેવની માફક ધર્મ પ્રચારણા કરી રહ્યા છે. આવા ગુણરત્ન મહોદધિ, અસીમ ઉપકારી, શાસન સ્થંભ મહાપુરૂષની જે ખોટ પડી છે તે પુરી શકાય તેમ નથી. આશા રાખીયે છીયે કે તેમના મહાપ્રભાવિક આચાર્યાદિ શિષ્યો તેમની પ્રણાલિકા જાળવી રાખી શાસનની પ્રભાવના કરી પુ. ગુરૂદેવના અક્ષરદેહને એકત્રિત કરી બહાર પાડવા બનતો પ્રયાસ કરે, એવી નમ્ર વિનંતી સાથે મારી શ્રદ્ધાંજલિ પૂર્ણ કરૂં છુ.

---


માળા, સાપડા, ઠવણી, બટવા વગેરે

**ખાસ પ્રભાવના માટે**

## રેડીયમ તથા પ્લાસ્ટીકના

**પ્લાસ્ટીકનો સેટ** જેમાં સ્થાપનાચાર્ય, સાપડી, માળા, બોકસમાં તૈયાર મળશે. મૂલ્ય રૂા. એક. વધુ માટે મળો અગર લખો :–

**સુનલાઇટ પ્રોડકટસ**

૫૯/૬૭ મીરઝા સ્ટ્રીટ—**મુંબઇ–૩**

# અજાત શત્રુ મહર્ષિ:

**પ્રો. શ્રી ઘનશ્યામ જોષી** એમ. એ. મુંબઈ

પૂ. પાદ સ્વર્ગીય ગુરૂદેવ પ્રત્યેની અનન્યભક્તિથી પ્રેરાઇને જન્મે જૈનેતર પણ જૈન દર્શનના અભ્યાસી પ્રોફેસર શ્રી જોષી પોતાની જોશીલી છતાં સૌમ્ય ભાષામાં સૂરિદેવનાં વ્યક્તિત્ત્વની આપણને પિછાણ કરાવે છે, ને સૂરિદેવના ભક્ત ગુણાનુરાગી વર્ગને કર્તવ્યમાર્ગનું ઉદ્બોધન કરે છે.

(૧)

લાખો વર્ષાબિન્દુમાં કોઇ એકાદ બિંદુ મોતી થાય, લાખો મૃગોમાં કોઇ એકાદ મૃગ કસ્તુરી મૃગ બને, અને લાખો મનુષ્યોમાં કોઇ એકાદ મનુષ્ય તીર્થંકર ગોત્ર બાંધે. આત્માના પારસમણિને પીછાણતા અનેક જન્મો લાગે છે, અને એવા પારસમણિની ઝલક મેળવવી એ પણ એક સદ્ભાગ્ય છે. વિદ્યાર્થી અવસ્થામાં કાદમ્બરીમાં બાણભટ્ટે કરેલું, મુનિ જાબાલિનું દિવ્ય વર્ણન વાંચી જીવને એવું દુઃખ થયું કે 'અરે, આવા મુનિનું દર્શન કરવાનું આપણા ભાગ્યમાં કયાંથી હોય?' પરંતુ તીવ્ર અધ્યવસાય જરૂર ફળે છે તેમ મને મુંબઇના સુશ્રાવક શ્રી છોટાલાલ શાહ (લલિત બ્રધર્સ) તરફથી ખંભાતમાં સ્વર્ગસ્થ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજીની નિશ્રામાં જૈન ધર્મ તત્વજ્ઞાન ઉપર પ્રવચન કરવાનું આમંત્રણ મળ્યું, ત્યારે સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતનાં પ્રથમ દર્શનથી જીવને એવી ઠંડક મળી કે જાણે કાદમ્બરીમાં વર્ણવેલા જાબાલિમુનિનું સાક્ષાત દર્શન થયું, અને તેમનાં દર્શન બાદ તેમની વાણી સાંભળવા મન લલચાયું. મારો તેમની સાથે પરિચય થયા બાદ પૂજ્ય આચાર્ય ભગવંતે હિંદુ તત્વજ્ઞાન અને જૈન તત્વજ્ઞાન પર એવું વિરલ સ્પષ્ટ અને સુંદર વિવેચન કરી બતાવ્યું કે જેથી મારા મનની ઘણાંય વર્ષોની શંકા દૂર થઇ. ત્યારબાદ શાસ્ત્રીય સંગીતમય નવકાર મંત્ર ગાવા મને તેઓશ્રી આજ્ઞા કરતા. જ્યારે મેં નમો અરિહંતાણં પદને દરબારી રાગમાં આલાપથી સંભળાવ્યું ત્યારે તેઓશ્રી સ્વરના આંદોલનમાં ભક્તિથી લીન બનીને મસ્તકધૂનન કરવા લાગ્યા. ત્યાર બાદ મેં સ્વરચિત સંસ્કૃત શ્લોક તેઓશ્રીને સંભળાવ્યો કે જેનો ભાવાર્થ આ મુજબ હતો, "અનેક પૂર્વ જન્મોમાં મેં કરેલા કર્મની જાળમાં બંધાયેલો આ આત્મરૂપી પંખી–જેના અંગ અને પાંખો ઉકળી રહ્યા છે–પ્રતિક્ષણ કાળરૂપી શિકારી વડે શિકાર માટે ખેંચાઇ રહ્યો છે તેથી, અતિશય ત્રાસયુક્ત એવા મને હે પ્રભુ! સત્વર આવીને બચાવો." આ શ્લોકને સાંભળીને પૂજ્ય આચાર્ય ભગવંતે પદે-પદે વાહવાહ કરી અને અરિહંત પ્રભુ પ્રત્યે અંતરની ભક્તિ દર્શાવી. શ્લોકની ભાષા કરતા ભાવ ઉપર તેમનું મન વધુ સ્થિર થતું.

પૂ. આચાર્ય ભગવંતની વિશેષતા એ

હતી કે ગુણ કે વિદ્યા દ્વારા ઉત્પન્ન થતી ભાવનાને હૃદયમાં ધારણ કરી ભક્તિભાવમાં તરબોળ થવું, જ્યારે સંસારી પંડિતો અને વિદ્વાનો બીજા વિદ્વાનો સાથે સરસાઇમાં ઉતરીને ભક્તિને બદલે બીજાની વિદ્વત્તામાં ખામી શોધવામાં ચિત્તને કેન્દ્રિત કરે છે. એવા વિદ્વાનોને સાહિત્ય કેવળ વાગ્‌વિલાસ છે, જ્યારે પૂ. આચાર્ય ભગવંતને વિદ્યા અને જ્ઞાન ભક્તિનું સાધન હતા.

ગમે તેટલી મોટી માછલીને અગાધ જળથી છલકાતા મહાસાગરના પાણીના માપનો ખ્યાલ ન આવી શકે તેમ સામાન્ય મનુષ્યને તેમની વિદ્વત્તાનો ખ્યાલ આવવો ઘણો કઠણ છે. તેમના રચેલા સંસ્કૃત ગ્રંથો—પ્રાચીન સમયના ઋષિમુનિઓ જેમણે તપોવનમાં અનેક વર્ષો શાંતિમય રીતે ગાળીને શાસ્ત્રો રચ્યા, તેમ તેમને પગલે ચાલીને દેશને ખૂણે ખૂણે ફરતા, સંસારીઓ વચ્ચે બોધ આપતા સમય કાઢીને રચ્યાં છે. દ્વાદશારનયચક્ર ગ્રંથ પરની મહાટીકા તેમનું હજારો વર્ષો સુધી ટકે તેવું અમર અને ભગીરથ સર્જન છે. સંસ્કૃત ભાષા ઘણી કઠિન ભાષા છે અને ભારતીય સંસ્કૃતિની જનેતા છે. એ ભાષાનું બીજું નામ અમરભારતી (દેવવાણી) છે, એ દેવવાણીમાં—ઉચ્ચ પ્રકારના સંસ્કૃતમાં અતિકઠિન ન્યાય જેવા વિષય ઉપર તેમણે રચના કરી. ઉપરાંત, તત્ત્વન્યાયવિભાકર, વૈરાગ્યરસમંજરી જેવા ગ્રંથરત્નો રચીને વર્તમાન યુગમાં કે જ્યારે સર્વત્ર ધન, દોલત, મોહવાસના, અભિમાન, માયા, ક્રોધના તાંડવ—ચાલી રહ્યા છે ત્યારે તેમણે ખરે જ અમૃતકુંભની રચના કરી છે.

સૂર્યના પ્રકાશના બળનો ખ્યાલ ત્યારે જ આવે જ્યારે રાત્રીના ઘોર અંધકારનો નક્કર ખ્યાલ આપણે પચાવ્યો હોય. અને ત્યારે સૂર્યની શક્તિ આગળ નમન થઈ જાય. તેમ વર્તમાન વિષમ સંસાર જેમાં થોડા ચાંદીના ટુકડા માટે માણસ માણસનું ખૂન કરે છે અને એવા અંધાપામાં માણસને મોતની સજા પણ દેખાતી નથી, ધનવાનો સવારથી સાંજ નીતિના નિયમોને નેવે મૂકી ધન મેળવવા હવાતિયાં મારીને મરતી વખતે ટાંકણી પણ સાથે લઈ જવા અસમર્થ નીવડે છે, કામિનીની નેત્રપલ્લવીના મોહમાં જીવનપ્રવાહ પાણીની માફક વહી જતો હોય, ધર્મનું નામ સાંભળતા નાકનું ટેરવું ઉંચુ ચઢાવી સૂગ બતાવાતી હોય, બાળકોને સીનેમા નાટકમાંથી સંસ્કાર અને શિક્ષણ મળી રહેતા હોય, વિનાશમાંજ વિકાસ ને શક્તિ સિદ્ધ થતી હોય, ઘડી માટે પાપી પેટનો ખાડો પૂરવા નિર્દોષ ભોળાં મૂગાં પ્રાણીને રહેંસીને તેના મુડદાંથી ભૂખ સંતોષાતી હોય—તેવા અતિમલીન, અતિક્રૂર, અતિનિર્લજ્જ, અતિલોભી, માયાવી, અહંકારી, આડંબરી, અને અતિઅપવિત્ર વર્તમાન સંસારમાં એક ઓગણીસ વર્ષના નવયુવાને દામ્પત્ય સુખની કલ્પનાને ઠોકરે ચડાવી, માતા અને અન્ય સગાની મમતાને નકારી, ધનદોલત મેળવવાના અજંપાને મૂર્ખતા ગણી, ધર્મને જ પરમમંગલ તરીકે સ્વીકાર્યું. પૂજ્ય આચાર્ય ભગવંતે પંજાબમાં અને અન્ય સ્થળોએ માંસભક્ષી માંધાતાઓની ઝાટકણી કાઢીને માંસભક્ષણના મહાપાપમાંથી દૂર કર્યા. વિશ્વનું પરિબળ રોકવું સહેલું નથી. વાસનાના પૂળાથી ભડકેલા સંસાર દાવાનળમાંથી આગની આંચ લાગ્યા વિના બચીને ભાગવું સહેલું નથી. ગંગાયમુનાના ગ્રીષ્મઋતુના પ્રબળ પ્રવાહમાં ઊલટી દિશામાં તરીને કિનારે પહોંચવું સહેલું નથી

આજથી બે હજાર વર્ષ પૂર્વે સમય અને સંયોગોની બલિહારી હતી. પ્રાણી પ્રાણીનો વિશ્વમિત્ર હતો, અજાત શત્રુ હતો. ધર્મનો વરસાદ વરસતો. ધન મેળવવા વલખા મારવા એ શરમજનક લેખાતું. ધર્મલાભજ ઉત્કૃષ્ટ લાભ મનાતો. કોઈને દુભવ્યા વિના અપરિગ્રહ રાખીને જીવન જીવીને ટૂંકા જીવનને લાંબુ માણવામાં આવતું અને જીવનમાં ખૂબ પુરસદ મળતી. આ પુરસદમાં આત્માનું સંશોધન, મનન, ચિંતન, નિદિધ્યાસન કરાતા, એવા કાળમાં આવા મહાપુરુષો જન્મે તે સ્વાભાવિક છે, પરંતુ પૂજ્ય આચાર્ય ભગવંતની વિશેષતા અને મહત્તા તો એ છે કે આજના અતિ-વિષમ સંસારમાં તેઓ અતિવિરલ, પારદર્શક અને અતિઉત્કૃષ્ટ જીવન જીવી ગયા છે, અને તેથી જ તો જો આપણે પૂજ્ય આચાર્ય ભગવંતના સદુપદેશને આપણાં જીવનના તાણાવાણામાં વણી લઇએ તો આપણાં અહોભાગ્ય કહેવાય.

અંતમાં પૂજ્ય આચાર્ય ભગવંતની કેવળ પ્રસંશાથીજ આપણે કૃતકૃત્ય બનતા નથી. જે આદર્શો માટે તેઓશ્રી જીવનભર સતત ઝઝુમતા રહ્યા તે આદર્શોને સાધનસંપન્ન શ્રી સંઘે મૂર્તિમંત કરવાના છે. સૂક્ષ્મ અહિંસાનો પ્રચાર, શાસનની પ્રભાવના, અને સ્યાદ્વાદ દ્વારા મતમતાંતરોનો સુમેળ તેમના મુખ્ય આદર્શો હતા. વિશ્વમાં માંસાહારનું પ્રમાણ ઘટે તેવી પ્રવૃત્તિઓ અને કાર્યોની યોજના કરવી, પૂજ્ય આચાર્ય ભગવંતનાં સાહિત્યનો વિશ્વની પ્રચલિત ભાષાઓમાં ભારત અને પરદેશમાં પ્રચાર કરાવવો, અને શ્રી સંઘમાં પ્રવર્તતા મતભેદોનું નિખાલસતાથી નિષ્ઠાપૂર્વક નિવારણ કરવું, અને આ બધીય પ્રવૃત્તિઓના કેન્દ્રસમાન એક પૂજ્ય આચાર્ય ભગવંતના નામથી ચિરંજીવી સંસ્થાની સ્થાપના કરવી. જ્યાં સુધી તેમના આદર્શોનું પાલન આપણા જીવનમાં અને ભાવી પ્રજાના જીવનમાં રહેશે ત્યાં સુધી તેઓશ્રી આ વિશ્વમાં અમર રહેશે.

⊙


**દહેરાસરો માટે સ્પેશીયલ સુવાસિત**

**દિવ્ય અગરબત્તી**

**તથા**

**કાશ્મીરી અગરબત્તી**

પવિત્ર અને સુંદર વાતાવરણ સર્જે છે.

— નમુના માટે લખો —

**ધી નડીયાદ અગરબત્તી વર્કસ**

ઠે. સ્ટેશન રોડ, **નડીયાદ** (ગુજરાત)

**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી કે તેથી અધિક ઓળી કરનારને —**

**ભેટ મળે છે.**

**શ્રી વર્ધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક **શેઠશ્રી જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે, સીરનામું પુરેપુરું લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળઃ-

**કલ્યાણ પ્રકાશન મંદિર – વઢવાણ શહેર**

# પૂ. સૂરિદેવની અંતિમ વિદાય

શ્રી ચંદ્રસેન મગનલાલ નાણાવટી, મુંબઇ

મુંબઇ ખાતેના 'કલ્યાણ'ના પ્રચારમાં રસ લેનાર શ્રી ચંદ્રસેન નાણાવટી આ લેખમાં પૂ. સૂરિદેવશ્રીના અંતિમ સમયનું વર્ણન કરે છે.

શ્રાવણ શુદ પંચમીની એ ગોઝારી રાત્રી હતી અને શુદ છઠ્ઠનો એ કમભાગી દિવસ હતો કે જે રાત્રીએ જૈન સમાજના મહાન બે આચાર્યો પ. પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. સા. તથા પ. પૂ. આ. શ્રી વિજય દાનસાગરસૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યા અને શુદ છઠ્ઠને દિવસે આ બે મહાન આચાર્યોની અંતિમ યાત્રા નીકળી.

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. કેટલાએ દિવસોથી અસ્વસ્થ રહ્યા હતા અને તે દરમ્યાન પણ બેથી ત્રણ વખત પૂ. સૂરીદેવે મોતને પાછું હઠાવ્યું હતું. પૂ. સૂરિદેવ પાસે અખંડ રીતે ૨૪ કલાક 'શ્રી અરિહંત' અને 'નમસ્કાર મહામંત્ર'ની ધૂનનો પ્રવાહ સંગીત સાથે વહ્યા જ કરતો હતો. પૂ. સૂરિદેવની શારીરિક વેદના પણ અસહ્ય પ્રકારની હોવા છતાં તેઓ હંમેશાં જાપમાંજ રચ્યા પચ્યા રહેતા હતા અને અંતે એ ગોઝારી રાત્રી આવી કે જે રાત્રીના પાછલા પહોરે પૂ. સૂરીદેવનો આત્મા ચાલ્યા ગયા.

હું તો મારા હંમેશના નિયમ મુજબ નિયમિત સુદ-પંચમીને રાત્રે ૮ વાગે ઉપાશ્રયમાં ગયો. શ્રી જિનેશ્વર દેવના દર્શન કર્યા અને ઉપાશ્રયમાં આવ્યો ત્યારે બોર્ડ ઉપર સમાચાર હતા કે પૂ. સૂરિદેવની તબિયત અતિ ચિન્તાજનક છે. તરત જ હું ઉપર ગયો. જોયું તો વાત તદ્દન સાચી હતી. બાજુની રૂમમાં 'અરિહંત'નો તથા 'નમસ્કાર મહામંત્ર'ના જાપનો પ્રવાહ ચાલુ હતો. વાતાવરણ એકદમ ગમગીન હતું. હું પણ તેમાં દાખલ થઇ ગયો. અને આખી રાત્રી અમો બધા પૂ. સૂરિદેવ પાસે જ રહ્યા. આખી રાત્રી ધૂનનો પ્રવાહ ચાલુ જ હતો.

લગભગ રાત્રિના ૨-૩૦ વાગે પૂ. સૂરિદેવને શ્વાસ લેવામાં જરાક હરકત ઉભી થઇ અને અમો બધા માત્ર એક જ મિનિટમાં ભેગા થઇ ગયા. અને બે-ત્રણ મીનીટ પછી પૂ. સૂરિદેવની તબિયત ઠીક લાગી. પણ તે કયાં સુધી....પાછલા પહોરનો ૪-૪૦ મીનીટનો સમય થયો અને પૂજ્ય સૂરિદેવના આત્માએ ચિરવિદાય લીધી.

પૂ. સૂરિદેવના કાળધર્મના સમાચાર તરત જ ટ્રંકકોલ દ્વારા તથા રેડિયો દ્વારા આખા હિન્દુસ્તાનમાં પ્રસારિત કરવામાં આવ્યા. મુંબઇમાં જૈન સમાજ આખો પૂ. સૂરિદેવના અંતિમ દર્શને ઉમેટવા લાગ્યો.

બરોબર શુદ છઠ્ઠને દિવસે બપોરના ૧૨ વાગ્યા, પૂ. સૂરિદેવના દેહને પાલખીમાં પધરા-

વવામાં આવ્યો. 'જય જય નંદા' અને 'જય જય ભદ્દા'ના ઘોષનાદો વચ્ચે પૂ. સૂરિદેવની યાત્રા લગભગ ૧૦,૦૦૦ માણસોના મહેરામણ સાથે નીકળી. મુંબઈમાં બજારો, મારકીટો, નિશાળો બંધ રાખવામાં આવ્યા હતા. યાત્રા ધીરે ધીરે આગળ ચાલી અને બરોબર ૧૨-૫૦ મીનીટે યાત્રા ઝવેરી બજારમાં આવી કે જ્યાં પૂ. દાનસાગરસૂરીશ્વરજી મ. સાહેબની પણ અંતિમ યાત્રા ભાત બજારેથી નીકળી ઝવેરી બજાર આવી પહોંચી, પછી બન્ને સૂરિદેવોની યાત્રા સાથે આગળ ચાલી. પ્રીન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, પાયધુની, ગુલાલવાડી, વી. પી. રોડ, ચોપાટી, વાલકેશ્વર થઇ અંતિમ યાત્રા બરોબર ૩-૪૦ મિનિટે બાણુ-ગંગા સ્મશાન ગૃહમાં પહોંચી.

લગભગ ૧૦,૦૦૦ના માનવ મહેરામણથી શરૂ થયેલ યાત્રા જ્યારે બાણુ-ગંગા પહોંચી ત્યારે ૧ લાખ માનવ મહેરામણની સંખ્યા હતી અને આખે રસ્તે 'જય જય નંદા' અને 'જય જય ભદ્દા' તથા પૂ. સૂરિદેવ 'અમર રહો'ની ઘોષણા ચાલુ રાખી હતી.

સ્મશાન ગૃહમાં બન્ને આચાર્યોની અંતિમ વિધિ માટે બોલી બોલાઇ અને પૂ. સૂરિદેવની અંતિમ વિધિનો લાભ રૂા. ૧૩૦૦૧)ની બોલી બોલીને શેઠશ્રી કાંતિલાલ કેશવલાલ વજેચંદ સંઘવીએ લીધો. પૂ. સૂરિદેવનો દેહ ચંદનની ચિત્તામાં પધરાવવામાં આવ્યો, અગ્નિએ અગ્નિનું કામ કર્યું અને હજારો નયનોમાંથી વેદનાના આંસુ ટપકી પડયા.

આજે પણ પૂ. સૂરિદેવના ગુણો યાદ કરીએ છીએ અને આપણને હૈયામાં તેમના પ્રત્યે સદ્‌ભાવના પ્રગટ થયા વગર રહેતી જ નથી. પૂ. સૂરિદેવ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા પણ સાથે ઘણો બોધપાઠ મૂકતા ગયા છે. જો તેનું આપણે મનન અને ચિંતન કરી આચરણમાં મૂકીએ તો જ આપણે તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલી સમર્પિત કરી એમ કહી શકાય.

પૂ. સૂરિદેવમાં એક મહાનગુણ હતો સહનશીલતાનો. આટલી સખત માંદગી અને આટલી શારિરીક વેદના હોવા છતાં તેઓશ્રીએ એક પણ દિવસ ફરિયાદ કરી નથી બલ્કે પૂછવામાં આવે તો પણ નકારમાં જ જવાબ આપતા હતા. આ ઉપરાંત શાસન સેવા, સ્વ-પર કલ્યાણની ભાવના, નીખાલસતા, નીડરતા આદિ અનેક ગુણોથી અલંકૃત એવા પૂ. સૂરિદેવને ભૂરી ભૂરી વંદના હો!


**શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન ઉપકરણ ભંડાર.**

**[અમદાવાદ. ૭]**

જૈન જનતાને ધર્મસાધનામાં ઉપયોગી એવી તમામ વસ્તુઓ અમારા ત્યાંથી કીફાયત ભાવે મળશે. વસ્તુઓ સારી અને સસ્તી ખરીદવા માટે અમારી સાથે પત્ર વ્યવહાર કરો. અથવા રૂબરૂ મળો.

**વસ્તુઓનાં નામ:** કેસર, સુખડ, સોના-ચંદીના વરખ, બાદલો, અગરબત્તી, કટાસણાં, ચરવળા, સુંવાળી સાવરણીઓ...વગેરે.

સરનામું : **જૈન ઉપકરણ ભંડાર,** 'મુક્તિદ્વાર' દશાપોરવાડ જૈન સોસાયટી. : **અમદાવાદ ૭**

**તા. ક:-વિ. સં. ૨૦૧૮ ની સાલના જૈન ડાયરી-પંચાંગ અમારા ત્યાંથી મળશે. કિંમત ચાર આના. પંચાગ ઘણીજ માહિતીથી ભરપૂર છે.**

# સ્નેહ સંભારણું :

## વૈદરાજ કાંતિલાલ દેવચંદ શાહ. ઝીંઝુવાડા

'કલ્યાણ'ના આરોગ્ય વિભાગના લેખક વૈદરાજ અહિં પૂ. સૂરીશ્વરજીના સ્નેહ સંભારણા વ્યક્ત કરે છે.

કવિકુલકિરિટ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ, વર્તમાન હિંસક, યાંત્રિક યુગમાં દુઃખથી ભીંસાએલા પ્રાણિઓને સુખ શાંતિના સમર્પક હતા.

શાસ્ત્રમાં: કાવ્ય સુધારસ મધુરા અર્થ ભર્યા,
ધર્મ હેતુ કહે જેહ,
નિજ ઉપદેશે રે રંજે લોકને,
ભાંજે દ્રવ્ય સંદેહ,
ધન ધન શાસન મંડન મુનિવરા.

સંગીત સુધારસનું અમીપાન કરાવનાર સ્વર્ગીય સૂરીશ્વરજી મીઠી મધુરી, મોહક સ્વરાવલી દ્વારા રંગ રેલ રેલાવવા દ્વારા, રોગ, શોક, શ્રમ, આધિ, વ્યાધિ ઉપાધીનું સમન કરાવનાર મહાન્ વૈદરાજ હતા.

પરમાત્માના ભક્તિ રસરૂપી ગંગા યમુનાના શીતળ જળમાં ઝીલાવતાં તેઓશ્રીના ચોવીશ ભગવાનનાં સ્તવનો અને સજ્ઝાયો, ધુન અને ગીતો, દુહા અને પૂજાઓ અને ભક્તિ રસમાં ભરપૂર લયલીન બનાવતી બીજી અનેક સંગિતની અનુપમ કૃતિઓ આજે પણ આબાલ વૃદ્ધ નરનારીઓ ગાય છે, ગવરાવે છે અને સુમધુર કંઠો દ્વારા જુદા જુદા વાજીંત્રોમાં સાંભળે છે, છાતી ફુલે છે. હૃદય પ્રફુલ્લિત થાય છે. રોમ રોમ વિકસ્વર થાય છે, અને શાંતિ શાંતિ ફેલાય છે.

આવા પરમ ઉપકારી પરંમ હિતકારી પરમ સુખકારી સૂરીશ્વરજીનો ઉપકાર યાદ કરાવતો એક નાનકડો પ્રસંગ વરસો વીતી ગયા છતાં એ આંખો સામે તરવરી રહ્યો છે.

વીસ વરસ પહેલાંની આ વાત છે, તેઓશ્રીએ પોતાના વિશાળ વિદ્વાન, પરિવાર સાથે ઝીંઝુવાડા પધારી અમારા ગામની ભૂમિને પાવન કરી હતી, પ્રખર વક્તૃત્વ કળાથી એટલો આનંદ ઉદ્દભવ્યો હતો કે ઉપાશ્રયનો વિશાળ હોલ ખીચોખીચ ભરાઇ જતો હતો અને અમારા ઉપર કૃપા કરી પંદર દિવસ રોકાઇ દેશનાનાં અમૃત પાણી ધરાઇ ધરાઇને પાયા હતા. દરમ્યાનમાં ઝીંઝુવાડામાં સાઠ (૬૦) વરસથી ચાલતી પાઠશાળા અને તેમાં શ્રુતજ્ઞાન મેળવતાં બાલક બાલિકાઓ, સ્ત્રી અને પુરુષોની સંખ્યા દોઢસોની જાણી, ભણનારનો વિવેક અને વિનય જોઇને અતિ પ્રસન્નતા અનુભવી હતી. પાઠશાળાનું સંચાલન પ્રજ્ઞાચક્ષુ સુખલાલભાઇ કરતા હતા કે જેઓનો જ્ઞાનનો અભ્યાસ ઘણો જ પ્રશંસનીય હતો ઉપરાંત કવિત્વ શક્તિ પણ શીઘ્ર હતી. અહિંથી વિહાર કરી સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું હતું.

રાગ અને દ્વેષના ઝેરને ઉતારનાર ભવની ભાવઠને ભાંગી નાંખનાર, દુઃખના સમુહને ટાળી નાંખનાર, સમરતાં સુખ અને સંપત્તિ આપનાર, સઘળા સંત, મહંતો જેના ગુણ ગાન ગાઇ રહ્યા છે, શિવ સુંદરીને વશ કરવાનુ અનુપમ તંત્ર, પાપના સમુહને પીલી નાંખનાર યંત્ર સમાન, આવા પરમ પાવનકારી મહા ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થની શિતળ છાયામાં સ્વર્ગિય ગુરૂદેવશ્રીનું ચાતુર્માસ થયુ હતું.

હું અને સુખલાલભાઇ ચાતુર્માસમાં પાલીતાણા ગયા. પાઠશાળાની આર્થિક સ્થિતિ અંગે સુખલાલભાઇએ સૂરિપુરંદરને વાત કરી. બીજા દિવસે વ્યાખ્યાનમાં આંખોમાંથી અમી વરસતું હતું. મુખમાંથી ભવ્ય દેશના વહેતી હતી. પ્રભાવક સંગીતની સરિતા નિર્મળતા ફેલાવતી હતી. દિવ્ય શરીરમાંથી સૌરભ મ્હેકતી હતી. આવા મહાન પુણ્યશાળી આત્માએ વ્યાખ્યાનની સમાપ્તિનાં સમયે વિશાળ શ્રોતાજનો સમક્ષ ઝીંઝુવાડાની જૈન ધર્મોત્તેજક પાઠશાળા અંગે અને ભણનારના વિનય વિવેક અંગે હૃદય સ્પર્શીવ્યાખ્યાન કર્યું. થોડી જ ક્ષણોમાં ધનનો વરસાદ વરસ્યો. પાઠશાળાને પડેલો તોટો પુરાઇ ગયો. આજે આવા મહાન સૂરીશ્વરજી મહારાજોની અંતરની શુભાશિષથી પાઠશાળા સુંદર કાર્ય કરી રહી છે.

આવા ઉપકારી. અજોડ વિદ્વાન અજ્ઞાનરૂપી કુતર્કના અંધકારને ભેદનાર દીપક સમાન, સહૃદયી સૌજન્ય મૂર્તિ શિરોમણી શાસન સુભટનો વિરહ થતાં ન પૂરી શકાય તેવી ખોટ પડી ગઇ છે.

# છાણીસંઘ પર પૂ. શ્રીનો ઉપકાર

**શ્રી લબ્ધિશિશુ છાણી.**

પૂ. પાદ સ્વર્ગીય પરમગુરૂદેવશ્રીનો છાણીગામ પર જે અનહદ ઉપકાર છે, ને ત્યાંના સંઘપર તેઓશ્રીની જે કૃપા-વૃષ્ટિ ફરી છે તે હકીકત લેખક અહિં દર્શાવે છે.

શાસન પ્રભાવક પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ વિશ્વપરના સંઘોપર અગણિત ઉપકારો ઉગ્રવિહારો કરીને કરેલ છે. જે સંઘે કરેલા તેઓની પાછળની સ્મૃતિ શ્રદ્ધાંજલિ મહોત્સવોથી સિધ્ધ થઈ આવે છે.

વિ. સં. ૧૯૭૮ની પુણ્ય સંવતમાં અમારા છાણી–છાયાપુરી ગામના પટાંગણમાં પૂ. પા, સ્વ. સધ્ધર્મસંરક્ષક આચાર્યદેવ શ્રીમદ્વિજય કમલસૂરીશ્વરજી મહારાજાની સાથે વ્યા. વા. મુનિવર શ્રી લબ્ધિવિજયજી ચાતુર્માસ રહેલા. જેઓની વ્યાખ્યાન છટાથી અમારો સંઘ મંત્રમુગ્ધ બન્યો હતો. વ્યાખ્યાનમાંય પોતે સંઘાગ્રહથી આવશ્યક સૂત્રમાં આવતો ગણધર-વાદ તર્કપૂર્ણ લાક્ષણિક શૈલિથી વાંચતા હતા. આ પ્રસંગે પોતે કોઈ પદારૂઢ ન જ હતા પણ એવી આકર્ષક મીઠી મધુરી વ્યાખ્યાન કલા કોવિદ્દતા હતી. જેમાં જૈન અને અજૈનો ધર્મરંગથી રંગાઈ ગયા હતા. કેટલાક કાછિયા જાતિના લોકોએ અને સોની વગેરે વ્યાખ્યાન વાચસ્પતિજીની સમીપ આવીને ધર્મચર્ચાઓ કરીને જૈન-ધર્મ પાલનમાં ચૂસ્ત અને આદર્શ બન્યા. તેમજ જૈનસંઘ તો ધર્મ–મોસમની લખ-લૂટ મચાવતો હર્ષઘેલો બની ચૂકયો હતો, એક ગંગાબાઇ સ્કુલના માસ્તર માધવલાલે જેઓ દાક્ષિણાત્ય હતા, મત્સ્યાહારી હતા ગુરુ દેવના એક જાહેર ભાષણમાં આવતા માંસાહારનો ત્યાગ કરવા ઉલ્લાસિત થયા હતા, અને ત્યાગ કર્યો હતો.

આ છાણીગામમાં પૂ. ગુરુદેવની પ્રેરક વૈરાગ્યવર્ધક વાણીથી ભીંજાઇને શેઠ ખામચંદભાઈના સુપુત્ર છબીલદાસે તેઓશ્રીની પાસે સંસાર ત્યાગ કર્યો અને સંયમ સ્વીકાર્યું, જેઓ હાલ આચાર્ય શ્રી વિજય ભુવનતિલકસૂરિજી મહારાજ શ્રી શાસન સેવા બજાવી રહ્યા છે. સ્વ ગુરુનામને દીપાવી રહ્યા છે. આ એક ધર્મ-બંધુએ સંસાર ત્યાગ્યો અને અન્ય અનેકોના હૈયામાં સંયમાંકુરો આરોપિત થયા. અન્ય પૂજા પ્રભાવના તથા અન્ય ધર્મ પ્રવૃત્તિયોની તો ધુન જ મચી હતી. વડોદરા શહેર સમીપ હોવાથી રાજ્ય કર્મચારી વર્ગ પણ ધાર્મિક ચર્ચા કરવા મોટી સંખ્યામાં આવતો. પૂ. ગુરુદેવ સર્વને સંતોષજનક ઉત્તરો આપી જૈન શાસનનું ગૌરવ વધારતા.

વિ. સં. ૧૯૮૦ની સાલમાં પુનઃ સ્વગુરુદેવની સાથે દ્વિતીય ચાતુર્માસ વ્યાખ્યાન વાચસ્પતિ લબ્ધિવિજયજી મહારાજનું થયું. આ વર્ષે પણ વ્યાખ્યાનો જાહેર ભાષણોથી તો અખિલ નગરમાં ધર્મ પ્રભાવનાની રેલ જ જામી હતી. પંન્યાસજી દાનવિજયજી મહારાજ પણ સ્વ પરિવાર સાથે સધ્ધર્મસંરક્ષકની સેવામાં આવેલ હતા. પૂ. પંન્યાસજી મહારાજ પાસે શ્રી ભગવતી સૂત્રના યોગનું મંગલ કાર્ય વ્યાખ્યાન વાચસ્પતિજીએ પ્રારંભ્યું હતું. અને વિ. સં. ૧૯૮૧ ના માગશર શુદ પંચમીના વિજય કમલસૂરીશ્વરજી મહારાજે પ્રસન્ન વદને વરદ હસ્તે આચાર્યપદાર્પણ કરીને સ્વપદ્દધર વિજયદાનસૂરિજી અને વ્યા. વા. વિજયલબ્ધિસૂરિજી નામથી સ્થાપન કર્યા. આ પ્રસંગે છાણી સંઘે અષ્ટાહ્નિકા મહોત્સવ, શાન્તિસ્નાત્ર તેમજ નવકારશી જમણો કરીને સ્વ ચંચલ દ્રવ્યનો અઢળક વ્યય કરીને સાર્થકતા મેળવી. અહીં ચાતુર્માસમાં વિપુલ તપશ્ચર્યા થઇ હતી. ઉપધાનતપ આરાધકો કરી રહ્યા હતા. સર્વની માલા પરિધાનવિધિ પણ આ મંગલ પ્રસંગે થઈ હતી.

છાણી ગામમાં જન્મેલા અનેક મુમુક્ષુ વર્ગને સૂરિસાર્વભૌમે સંયમપ્રદાન સ્વહસ્તે કરીને ભાવુકવર્ગના

આત્માનો ઉદ્ધાર કર્યો છે. જેઓની નામાવલી આ પ્રમાણે છે. અને જે સંયમીઓ પૂ. ગુરુદેવનો અનંતોપકાર માનીને સ્વજીવનને ધન્ય પુણ્ય બનાવી રહ્યા છે. પૂ. તારક ગુરુદેવે વિ. સં. ૧૯૮૧ માં સુરત ચાતુર્માસ કરેલ. જ્યાં છાણી નિવાસી શા. નગીનભાઇ છોટાભાઇ ઉપધાન કરવા ગુરુનિશ્રામાં આવેલા. જેઓ ગુરુવાણીથી વૈરાગ્યવંતા બન્યા અને સંયમ સ્વીકાર્યું. જેઓ હાલ પંન્યાસજી શ્રી નવીનવિજયજી ગણિવરના શુભ નામથી પ્રસિધ્ધ છે. વિ. સં. ૧૯૮૬ માં (ઉગ્ર) પાટણ શહેરમાં ચાતુર્માસ કરેલું જ્યાં ધર્મરંગની અજબ છટા જામી હતી. પૂ. સૂરિસાર્વભૌમ પાસે છાણીવાસી શા. છોટાલાલ હરગોવનદાસ પોતાના પુત્ર બાલુભાઇની સાથે ગુરુદેવના વંદનાર્થે આવેલા. જેઓ પૂ ગુરુદેવની ધર્મદેશના શ્રવણ કરીને ત્યાગાભિમૂખ બન્યા. અને પૂ. ગુરુદેવના વરદ હસ્તે દીક્ષા લીધી મુનિ શ્રી મુક્તિવિજયજી જે હાલ કાળધર્મ પામ્યા છે. બીજા હાલ વ્યાખ્યાન વિશારદ પંન્યાસજી શ્રી વિક્રમવિજયજીના નામથી આજે જગ પ્રસિદ્ધ છે. તેમજ છાણી નિવાસી શા. પ્રેમચંદ ખીમચંદભાઇએ પણ પાટણમાં ગુરુદેવની નિશ્રામાં દીક્ષા સ્વીકારીને મુનિ શ્રી પ્રભાવવિજયજી નામ રાખેલ છે. તેઓશ્રી કાળધર્મ પામેલ છે. આ ત્રણેય દીક્ષાઓ પાટણમાં ઘણાજ મોટા મહોત્સવપૂર્વક થઇ હતી. વિ. સં. ૧૯૮૯ માં છાણીવાળા શા. શીવલાલ હીરાચંદના સુપુત્ર ભીખાભાઇ સંયમની ભાવના હોવાથી અત્રે આવ્યા હતા. તેઓની પૂ. ગુરુદેવના વરદ હસ્તે દીક્ષા થઇ. તેઓનું શુભ નામ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી છે. તેઓ હાલ પંન્યાસપદથી અલંકૃત થયેલા છે. વિ. સં. ૧૯૯૬ નું ચાતુર્માસ સૂરિશેખરે ફલોદી (રાજસ્થાન) શહેરમાં કરેલું. જ્યાં નૂતન જિનમંદિરમાં શ્રી મહાવીર સ્વામી ભગવાનની પ્રતિષ્ઠા પ્રસંગે વિધિ વિધાનવાળાની સાથે શા. જયંતીલાલ ચંદુલાલ છાણીવાળા આવેલા. જેઓએ ગુરુદેવના મંગલ હાથે દીક્ષા લીધી. અને જેઓનું નામ જિનભદ્રવિજયજી પ્રસિધ્ધ કર્યું. પૂ. ગુરુદેવની પવિત્ર નિશ્રામાં ખંભાતમાં વિ. સં. ૨૦૦૦ ના ચાતુર્માસ ઉપધાન તપના આરાધકોની માલા પરિધાપન પ્રસંગે ૨૦૦૧ માં છાણીવાળા શા. ચુનીલાલ જમનાદાસના સુપુત્ર નરેન્દ્રભાઈને પ્રવજ્યા પ્રદાન કરીને અરૂણપ્રભવિજયજી તરીકે જાહેર કર્યા. ત્યારબાદ ખંભાતથી પૂ. ગુરુદેવની નિશ્રામાં શેઠ કેશવલાલ વજેચંદભાઈએ વિશાળ રૂપથી ઉદાર દિલથી છરી પાલતો સંઘ કાઢેલો. જે એક ઇતિહાસ આદર્શ પ્રસંગ ચિરસ્મરણીય બન્યો તે પ્રસંગે શા. જયંતીલાલ ચંદુલાલ સરકાર અને શા. જયંતીલાલ મણીલાલ ખાનદાનને છાણી રહેવાસીને શત્રુંજયની છાયામાં દીક્ષા સમર્પિત કરી અને અનુક્રમે અશોકવિજયજી તથા અભયવિજયજીના નામથી જાહેર કર્યા. ૨૦૦૩માં છાણી વડોદરા નિવાસી શા. ચીમનલાલ ડાહ્યાભાઇએ પૂ. ગુરુદેવના સમુદાયમાં સંયમ ગ્રહણ કર્યું છે જેઓનું શુભ નામ હેમપ્રભવિજયજી રાખેલ છે ૨૦૦૪ ની સાલમાં શા. મધુભાઇ ચુનીલાલે પૂ. ગુરુદેવના સમુદાયમાં પ્રવજ્યા ગ્રહણ કરી. જેઓનું નામ પુણ્યવિજયજી તરીકે સુવિખ્યાત છે. વિ. સં. ૨૦૧૩ ની સાલમાં છાણીવાલા શા. શશીકાન્ત ચંદુલાલે પૂ ગુરુદેવના સમુદાયમાં પ્રવજ્યા ગ્રહણ કરી. જેઓનું શુભ નામ અમરસેનવિજયજી છે.

વિ. સં. ૨૦૧૩નું ચાતુર્માસ છાણી ગામમાં પૂ. ગુરુદેવનું એકાવન ઠાણા સાથે થયેલું જે ચાતુર્માસ છાણી ગામના ઇતિહાસ ખાતે અભૂતપૂર્વ જેવું શાસન પ્રભાવનામય પસાર થયું. જે લોકજીભે કાયમ લખાઇ ગયું. ચતુર્માસમાં શા. ચુનીલાલ માણેકલાલ તરફથી સુંદર સગવડતાભર્યું ઉપધાન તપ થયેલ. આરાધકોની ભક્તિ અને સગવડ પ્રસંશનીય સચવાઈ હતી. છાણી ગામમાં પૂર્વાવસ્થામાં જન્મેલા મુનિ શ્રી ભદ્રંકરવિજયજીનાં શ્રી ભગવતી યોગનું આરાધન આચાર્યદેવેશની પુણ્ય નિશ્રામાં ચાલતું હતું. ચાતુર્માસ બાદ પૂ. ગુરુદેવની નિશ્રામાં મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ. મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજ, અને મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને છાણીની પવિત્ર ભૂમિપર હજારો માનવોની મેદની વચ્ચે પૂ. ગુરુદેવેશે પંન્યાસપદાર્પણ કર્યું. આ પ્રસંગે શા. નગીનભાઈ મોતીલાલ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ શાન્તિસ્નાત્ર સહિત કરાયો

# પૂ. સૂરીશ્વરજીની સાહિત્ય સાધના

**શ્રી ફતેહચંદ ઝવેરભાઈ, મુંબઈ.**

જૈનસમાજમાં અભ્યાસી તથા વિચારક તરીકે સુપ્રસિદ્ધ લેખકશ્રી પોતાની સરલ તથા સ્પષ્ટ ભાષામાં પૂ. પાદશ્રીની સાહિત્યસાધનાને અહિં બિરદાવે છે. ને પૂ. પાદશ્રીના વિશિષ્ટ વ્યકિતત્વનો આપણને પરિચય આપે છે.

**वदनं प्रसाद सदनं सदयंहृदयं सुधामुचोवाचः।**
**करणं परोपकरणं-येषां केषां न ते वंद्याः?॥**

'જેમનું મુખ આનંદનું સ્થાન છે, જેમનું હૃદય દયાથી નિગળતું છે, જેમની વાણીમાંથી અમૃત ઝરે છે અને જેમનાં કાર્યો પરોપકારને માટે નીવડે છે તે ગુણી પુરુષો કોને વંદન કરવા લાયક ન હોય? અર્થાત્ સર્વને હોય.' **સુભાષિત**

**પૂ.** પૂ. આચાર્યશ્રીનું જીવન આધ્યાત્મિક દૃષ્ટિએ વિવિધરંગી હતું. દશવૈકાલિ સૂત્રની ગાથાના રહસ્ય મુજબ અહિંસા, સંયમ અને તપોમય દીર્ઘકાલીન સંયમી જીવન હતું. વિનય, કૃતજ્ઞતા, જ્ઞાનપ્રીતિ, સહનશીલતા અને માનસિક ઉદારતા વગેરે અનેક ગુણોને લીધે તેઓશ્રી સંયમમાર્ગમાં પ્રગતિ કરતા ગયા અને અન્ય અનેક મનુષ્યોને ઉપકારી થઇ પડયા. એમની આત્મકલ્યાણની સર્વ પ્રવૃત્તિઓ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ ભાવનાઓથી ઓતપ્રોત હતી. સર્વ જીવોને મિત્ર માની તેમનું કલ્યાણ ચાહતા અને તમામ જીવો સર્વજ્ઞનું શાસન પામી પોતાનું માનવજીવન સફળ કરે એમ અંતરથી ઇચ્છતા-આ તેમના જીવનના સમગ્ર અવલોકનથી સ્પષ્ટ થાય છે.

એમણે જ્ઞાન દર્શન ચારિત્ર તપના અનેક સત્રો ઊપજાવ્યા છે, એમની પુણ્ય નિશ્રામાં અનેક દીક્ષાઓ, ઉપધાનો, મંદિર-મૂર્તિ પ્રતિષ્ઠાઓ, તથા પદપ્રદાનો વગેરેનાં મંગલકારી ઉત્સવો વારંવાર ઉજવાયા છે તેમજ છરી પાળતા સંઘો પણ અનેકવાર નીકળ્યા છે.

તેમની શ્રુત-ભકિત અતિ જ્વલંત છે, તેઓશ્રીએ આગમોની વાચનાઓ આપી શિષ્ય સમુદાય તેમજ અન્ય મુમુક્ષુ વર્ગને શ્રુતજ્ઞાનનો ભવ્ય વારસો આપ્યો છે.

સ્વરચિત સંસ્કૃત ગ્રંથો--સંકલન અને સંપાદન સાથે 'વૈરાગ્ય રસમંજરી' વગેરે બાર ગ્રંથો રચ્યા છે. ન્યાય અને વ્યાકરણના પ્રખર અભ્યાસનું આ પરિણામ હતું. હિંદી સ્વરચિત ગ્રંથો 'વેદાંત વિચાર' વગેરે સાત ગ્રંથો છે, તથા ગુજરાતી સ્વરચિતના 'દેવદ્રવ્યાદિ સિદ્ધિ' અને 'ભગવતીસૂત્રનાં વ્યાખ્યાનો' વગેરે ત્રણ ગ્રંથો છે. પરંતુ આટલી સ્વરચિત ગ્રંથ સમૃધ્ધિ હોવા સાથે એમનામાં શીઘ્ર કવિત્વશકિતના અપૂર્વ ગુણોનો વિકાસ હતો, જે વડે એઓશ્રીએ પંચકલ્યાણક પૂજા, પંચ જ્ઞાનપૂજા, નવતત્ત્વપૂજા, શ્રી શાંતિનાથ કલ્યાણકપૂજા, શ્રી પાર્શ્વનાથ કલ્યાણકપૂજા વગેરે સોળ પૂજાઓ ભિન્ન ભિન્ન મધુર રાગરાગિણીથી ગેય થાય તેવી બનાવેલી છે તેમજ સ્તવનો, સજ્ઝાયો, વગેરે પણ પુષ્કળ બનાવેલાં છે. આ રીતે સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, વ્યાકરણ વગેરેની અનેક વિકાસમય શકિત સાથે કવિત્વ શકિતનો વિકાસ એમના વિભૂતિમય આત્માએ કર્યો હતો, આ બન્ને સાહિત્ય વિષયક

---

હતો. અને એક ઉદ્યાપન સુંદર થયું હતું. જુદા જુદા ગૃહસ્થો તરફથી ચાર નવકારશી જમણો પણ થયાં હતાં. આ પ્રસંગે શા. સુમનભાઇ સોમચંદભાઇ ઉમેટાવાળાને શા. મહેશકુમાર સોમચંદભાઈ છાણીવાળાને પૂ. ગુરુદેવના મંગલકરથી દીક્ષા પ્રદાન થયું, જેઓના અનુક્રમે મુનિશ્રી અશ્વસેનવિજયજી તથા મુનિશ્રી વારિષેણવિજયજી નામો જાહેર કરાયાં. તેમજ શા. રજનીકાન્ત મોહનલાલ છાણીવાળાએ પણ પૂ. ગુરુદેવના સમુદાયમાં સંયમ સ્વીકાર્યું છે. જેઓનું નામ મુનિશ્રી વીરસેનવિજયજી છે. હાલના પૂ. આચાર્યદેવ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજની પંન્યાસ પદવી પણ પૂ. ગુરુદેવના હાથે અત્રે ૧૯૯૩ સાલમાં મોટા સમારોહપૂર્વક થયેલી છે. અમારા છાણી ગામના સંઘ પર કવિકુલકિરીટના થયેલા ઉપકારો સવિસ્તર લખીએ તો એક નાનો ગ્રંથ તૈયાર થઇ જાય. આતો ટુંકમાં તેઓશ્રીના પુણ્યોપકારોનું જે હું સ્મરણ કરીને તેઓના પવિત્રાત્માને શાન્તિ પ્રાર્થું છું. પુણ્ય શ્રદ્ધાંજલિ અર્પું છું. તેથી વાચક વર્ગને અનુમોદનાનો પ્રબલ લાભ મળે!

શક્તિઓનો સુયોગ અન્યમાં વિરલ હોય છે. આથી વિરલ શક્તિઓનો પ્રાદુર્ભાવ પૂર્વજન્મમાં મેળવેલી તૈયારી સાથે આવેલા આત્માઓને જ પ્રાપ્ત થાય છે, આ જન્મમાં તો શુભનિમિત્તો મેળવી અલ્પ પ્રયાસ વડે સાધ્ય થાય છે. તેથી જ એમણે કવિકુલકિરીટનું બિરુદ મેળવ્યું હતું.

ખાસ કરીને અઢાર હજાર શ્લોકવાળા વાદિ ચૂડામણી શ્રી મલ્લવાદિક્ષમાશ્રમણ વિરચિત પ્રાચીન દ્વાદશારનયચક્ર નામના મહાન ન્યાય ગ્રંથનું સંપાદન કે જેમને માટે તેઓશ્રીએ લગભગ ચૌદ વર્ષનો પરિશ્રમ સેવ્યો હતો તે ઇ. સ. ૧૯૬૦માં ભારતના ઉપરાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના હાથે હાદરમ—ચારવિભાગોમાં—ઉદ્ઘાટન થયું હતુ. તે માટે સમસ્ત સંઘે એમના જ્ઞાનની અદ્ભૂતિ શક્તિમાટે ગૌરવ અનુભવ્યું હતું.

તેઓશ્રી સીત્તોતેર વર્ષની વયે અદ્ભૂત સ્મરણ શક્તિ ધરાવતા હતા. એક વખત થોડા માસ અગાઉ અમો તથા શ્રીયુત કાંતિલાલ કેશવલાલ એમની તબીયતની ખબર કાઢવા હાજર ગયેલા ત્યારે તેમણે અમોને જૂના સંઘવી અને શ્રી કાંતિલાલભાઇને નૂતન સંઘવી તરીકે સંબોધ્યા હતા. કેમકે સં. ૧૯૭૧ માં ભાવનગરથી સિદ્ધગિરિજીનો છ'રી પાળતો સંઘ સ્વ. પૂ. આત્મારામજી મહારાજના પટ્ટધર સ્વ. પૂ. ઉ. શ્રી વીરવિજયજીની નિશ્રામાં અમારા કુંટુબ તરફથી નીકળેલો તે હકીકતની યાદ તાજી કરાવી હતી અને ભાઈશ્રી કાંતિલાલના પૂ. પિતાશ્રી કેશવલાલ ભાઈએ સોલ વર્ષ અગાઉ ખંભાતથી સિદ્ધગિરિજીનો તેમની જ નિશ્રામાં કાઢેલા સંઘની યાદી તો તાજી હતી.

અમારી સાથેનો એ પૂજ્યશ્રીનો પરિચય ભાવનગર જૈન આત્માનંદ સભાને અંગે લગભગ ચાલીશ વર્ષ પહેલાંનો હતો અને જ્યારે જ્યારે એઓશ્રીના દર્શન-વંદન કરવા જઇએ ત્યારે લઘુસ્મિત સાથે અમોને આશીર્વાદ આપતા રહેતા એ અમારૂં સદ્ભાગ્ય હતું.

એમણે એમના સ્વર્ગવાસ અગાઉ ત્રણ મહિના પહેલાં અમોને કહ્યું હતું કે 'તિથિચર્ચાના વિવાદનો અંત મારૂં જીવન સમાપ્ત થાય તે પહેલાં નાબૂદ થયેલો જોવાની મારી અંતઃકરણની ઇચ્છા છે. જેથી સંગઠિત થઇ જૈન શાસનની સર્વાંગિણ ઉન્નતિ થઇ શકે' આ એમની સરળતાનો વિશિષ્ટ પુરાવો છે. પરંતુ ભવિતવ્યતાના પરિપાક વગર બની શક્યું નથી; જેથી સમયનો પરિપાક હજી અપૂર્ણ હશે.

એમનો વિશાળ વિદ્વાન શિષ્યવર્ગ છે. તેમાં પણ ખાસ કરીને પૂ. આ. મ. શ્રી વિજયલક્ષ્મણસૂરિજી પૂ આ મ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી પૂ. ઉ. મ. શ્રી જયંતવિજયજી પૂ પં. મ. શ્રી નવિનવિજયજી પૂ. પં. મ. શ્રી પ્રવિણવિજયજી પૂ. પં. મ. શ્રી વિક્રમવિજયજી પૂ. પં. મ. શ્રી મહિમાવિજયજી અને પૂ. પં. મ શ્રી ભદ્રંકરવિજયજી પૂ. પં. શ્રી કીર્તિવિજયજી વગેરે વગેરે છે.

આધ્યાત્મિક ઉન્નતિ કરે તે જ સાચું સાહિત્ય. એટલે કે આ સંસારની અનેક ભૌતિક મુંઝવણોનો ઉકેલ લાવી માનવ હૃદયને વધારે ઉન્નત બનાવે, માનવીની માનસિક ઉપાધિઓ ઓછી કરે, સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું સાચું શિક્ષણ આપી આત્માને ઊર્ધ્વગામી બનાવે એવા સાહિત્યનું પ્રકટન કરનાર વિરલ વ્યક્તિઓ હોય છે. આધ્યાત્મિક સાહિત્ય સર્જન એ સ્વ પર ઉપકાર માટે લેખકની સહાનુભૂતિના ઊંડાણ અને અભિવ્યક્તિના સૌંદર્યની ગુંથણી છે. આવું જ કાંઇક નિદર્શન એમના ગ્રંથોમાં તથા મધુર કાવ્યોમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે; જેથી તેનો લાભ લેનાર વ્યક્તિઓ સંસારની ઉપાધિઓથી મુક્ત થવા વિચાર અને આચારપૂર્વક આ જન્મમાં શુભ સંસ્કારો લઇ અન્ય જન્મમાં પ્રયાણ કરે છે અને કરશે.

આવી એક મહાન વિભૂતિ કે જેમનું આધ્યાત્મિક જીવન વિવિધ દૃષ્ટિબિંદુઓવાળું અને સ્વ-પર ઉપકારક હતું તેમના સંબંધમાં આપણી અલ્પ વિવેક શક્તિ શું ન્યાય આપી શકે? એમણે સંયમી જીવનની સાર્થકતા કરી છે; છેલ્લા દિવસોમાં નમસ્કાર મંત્રના નવસ્મરણોના, ચતુઃશરણ પયન્ના વગેરે પયોનું સાધુજનો અને ગૃહસ્થોદ્વારા વિવિધ સંગીતના ધ્વનિઓ પૂર્વક શ્રવણ કરી, આત્મામાં સાધ્યદૃષ્ટિ અને તન્મયપણું સાધી, પંડિત મરણ રૂપે કહેવાતા સમાધિ મૃત્યુપૂર્વક સ્વર્ગવાસી થયા. એમને ભાવવંદન સાદર અર્પવા સાથે ઉચ્ચરીએ કે એમના અમર આત્માને અપૂર્વ શાંતિ હો.

# અમૂલ્ય બે ભેટ :

## પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ

પૂ. પાદ સૂરીશ્વરજીના અંતિમ સમયે તેઓશ્રીએ ફરમાવેલ બે શિક્ષા વચનોને અંગે મનનીય વક્તવ્ય રજૂ થાય છે.

⊙

**પ**રલોકની મુસાફરીએ જતાં જતાં બે શબ્દ પાછળ રહેલાઓને સંભળાવવાનો રિવાજ છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુએ પણ આસો વદ ૧૪ અમાસના દિવસે સોળ પહોરની સુપ્રસિદ્ધ દેશના આપી ચતુર્વિધ શ્રી સંઘ ઉપર અમાપ ઉપકાર કર્યો હતો. અંતિમ સંદેશ રુપ અનુભવની વાણી સુખી થવાની નિશાની ગણાય છે, એનુ પાલન કરનાર જરૂર સુખી જ થાય।

તેવી જ રીતે છેલ્લા શ્રાવણ સુદ પાંચમ લગભગની વાત છે. આ દિવસ પણ વર્તમાન ભારત અને ચતુર્વિધ શ્રી સંઘ માટે ખૂબ નોંધપાત્ર છે. ગચ્છસ્તંભ પૂજ્ય પાદ આચાર્યદેવેશની છત્રછાયા હેઠળ સમુદાયમાં આનંદ આનંદ વર્તાતો હતો. શ્રુતઉપાસકો, તપસ્વીઓ ધ્યાનીઓ, જ્ઞાનીઓ પોતાના સમયનો સદ્વ્યય આરાધકના નાતે કરતા જ હતા. સૂરિપુંગવ આમ તો છેલ્લા ત્રણેક વર્ષથી નશ્વર એવા શરીરથી થાકી જ ગયા હતા. માની જ લ્યો કે શરીર ઉપરનો મોહ તેઓશ્રીએ દૂર જ કર્યો હતો. એવા અધ્યાત્મરંગથી રંગાયેલ ધર્મધુરંધરની છેલ્લી આરાધના શ્રમણ સમુદાયને ખૂબ જ પ્રેરણા વારંવાર આપતી હતી. સમતા એ એઓશ્રીના જીવનનો મંત્ર હતો. એનું વર્ણન ટૂંકમાં કેમ જ કરી શકાય? પણ ફક્ત અમારા શ્રમણ સમુદાયના કલ્યાણ માટે સમજી લઇએ કે માનવમાત્ર માટે જે બે ટૂંકા પણ અતિ મહત્વના તેઓશ્રીએ સંદેશાઓ ભેટ આપ્યા, તે ખૂબજ ચિંતન –મનન ને વિચારણીય છે. આ રહ્યા એ અમુલ્ય વિચાર રત્નો...

હે સધુઓ! **જો સુખી થવું હોય, તો વધુ નહીં પણ આટલું તો જરૂર યાદ રાખજો, કે......(૧) કોઈની નિંદા કરશો નહીં. તેમ (૨) કોઈના દુર્ગુણ દેખશો નહીં.**

આ ટૂંકા વાક્યો પોતાની તરફથી ભેટ આપી તેઓશ્રી અમારી નજરથી દૂર થયા. અમારા આધાર તથા આશ્રય રૂપ પૂજ્યશ્રી ગયા. રહ્યા ફક્ત અમે અને બે વિચાર રત્નો! જરૂર એ અમારી જિંદગીને ઉજ્વળ બનાવવા ખરા બોધપાઠ રૂપ છે. સમગ્ર સંસાર કલેશ-કંકાસ તથા ઇર્ષા-અદેખાઇથી ભરેલો છે. તેથી અસાર એવી વસ્તુનો ત્યાગ કરવા આપેલો સંદેશ જો અમે અપનાવીશું ને તે માર્ગે ચાલીશું, તો અવશ્ય અમે દુઃખી નહીં થઇએ ને એઓશ્રીના પછી પણ એઓશ્રીની કીર્તિ જાળવી શકીશું, એવી અમને ખાત્રી છે. આજે જો કાંઇ બગડતું હોય, વેર-ઝેર વધતા હોય તો આ બે દુર્ગુણનો જ પ્રતાપ છે. ટીકા એ તીર છે, એના દ્વારા સામી વ્યક્તિનું કોમળ હૃદય તીરના પ્રહારથી વિંધાય છે. ને પ્રગતિનું રોધક શસ્ત્ર બને છે.

પ્રસંગે પ્રસંગે થયેલી ભૂલો ના જોઇ તથા અવિનય પણ ના જોયો, ફક્ત દીર્ઘ દ્રષ્ટિથી કુટેવોને ન બતાડતા આવા બે વિચાર રત્નો સંદેશામાં આપ્યા. સામુદાયિક રૂપે અને સમષ્ટિગત દ્રષ્ટિએ જતાં જતાં પડતાને ઉગારવા પાણી પહેલાં પાળ બાંધવા બોધ વાક્યો વેરતા ગયા. 'વચનામૃતમાંથી ઝરેલા એ પુષ્પોને વિણવા પ્રેરણા આપતા ગયા. ગમે તે કહો પણ એ ઉપકારી કવિવર્યે 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ'ની દંતકથા સાર્થક કરી લહાણી આપતા ગયા. હીનભાગી એવા અમે હવે જેટલી એ કીંમતી સલાહને જીવનમાં ઉતારીશું એટલી ઓછી જ છે!

શિખામણના શબ્દે શબ્દનું તોલ કરવું અમારી શક્તિ-બુદ્ધિ ને યુક્તિ બહાર છે. તો પણ એઓશ્રીના ચીંધેલા સુમાર્ગે અમે ચાલીએ, ને જયવંતા શાસનને દીપાવીએ, સંગઠિત રહી આટલા સમૂહ બળને ઉજ્વળ રાખીએ અને શાસનસેવાના સૂત્રને અપનાવીએ એજ શ્રદ્ધાંજલી સહિત મહેચ્છા!

# કહિયે ન ભૂલાય તેવું ઋણ :

શ્રી ગુણવંતરાય આચાર્ય મુંબઈ

મહા ગૂજરાતના સુપ્રસિદ્ધ લેખક તથા ઐતિહાસિક વાર્તાકાર શ્રી આચાર્ય અત્રે પોતાની ટુંકી છતાં વેધકવાણીમાં પૂ. પાદ પરમગુરૂદેવશ્રીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં પૂ. પાદશ્રીની સાહિત્યસેવાને બિરદાવતાં તેઓ જણાવે છે કે, 'ગુજરાતી સાહિત્ય ઉપર એમનું કહિયે ન ભૂલાય તેવું ઋણ છે.'

પૂ. આચાર્યદેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. નો મને પ્રત્યક્ષ રીતે પરિચય નહોતો પરંતુ પરોક્ષ રીતે મને એમનો પરિચય ઘણો છે.

થોડા સમયે પહેલાં પૂનામાં મેં 'ધર્મયુગ' નામના સાપ્તાહિકમાં 'સ્યાદ્વાદ' ઉપર એક મનનીય લેખ વાંચ્યો હતો. એના લેખક કોણ હતા તે તો આજ મને યાદ નથી. પરંતુ 'સ્યાદ્વાદ' ની અંદર જે વિચારસરણી એમણે રજુ કરી હતી તેની ગહરી છાપ તે આજ પણ મારા મન ઉપર છે. ત્યારથી મને લાગ્યું હતું કે જૈન સંપ્રદાયનો 'સ્યાદ્વાદ' ખરેખર કંઇ ઓર છે.

ત્યારથી મને જૈનધર્મ સંબંધે જાણવાની જીજ્ઞાસા થઈ. મેં કેટલાય મારા જૈનમિત્રોને કહ્યું : જૈનસંપ્રદાયના કર્મકાંડમાં મને રસ નથી. અને નીતિશાસ્ત્ર તો તમામે તમામ મતપંથ સંપ્રદાય ને આમ્નાયન સર્વ સામાન્ય છે. મારે તો જૈનધર્મ માનવીના માનવજીવનને કેમ મૂલવે છે, માનવજીવન સંબંધે એનો શો ખ્યાલ છે એ વિષે મને કાંઇ સુઝ સમજ આપે એવાં પુસ્તકો વાંચવા છે. તમે કોઈ બતાવી શકો છો ?

એમાંથી એક મિત્રે મને શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીજીનાં વ્યાખ્યાનો ને સ્તવનાવલિ વાંચવાની ભલામણ કરી. મને એમણે થોડાં વ્યાખ્યાનો ને થોડાંક સ્તવનો મેળવી આપ્યાં.

એ પછી મને લાગ્યું કે સદ્ગત શાસન પ્રભાવક એક માત્ર જૈન સંપ્રદાયનાજ અલાયદો માનવી નથી. પરંતુ અમારા હિન્દુઓમાં જેમને 'સૂરિવર મુનિવર' ના નામથી સંબોધવામાં આવે છે એવા કોઇ લોકોત્તર પુરૂષ છે.

પંડિત, વિદ્વાન, વિચારક, ચિંતક એ બધા આત્મલક્ષી માનવીઓ છે. એ પોતે સમર્થ હોય છે. દૃષ્ટા હોય છે. પરંતુ એમની વિદ્યા મહાન પણ મીઠા પાણીના સરોવર જેવી હોય છે.

પૂ. આ. વિજય લબ્ધિસૂરિજીની વાણી એથી જુદી છે. એમની વિદ્વત્તા પણ જુદા પ્રકારની છે. એમના વ્યાખ્યાનોમાં 'હું આમ કહુ છું ને હું કહું છું એ સત્ય છે' એવો સૂર ના હતો. 'હું આમ વિચારૂં છું તમે પણ વિચારી જુઓ ને પછી તમે સત્ય ગ્રહણ કરો' એમના વ્યાખ્યાનોમાં કાયમ મને પ્રધાનસૂર આ લાગ્યો છે. હું જે કહું છું તે પરમાત્માની વાણી છે.

એટલે એમનાં વ્યાખ્યાનો એ કેવળ જૈનધર્મના સમર્થ ધોતક છે એમ નથી. ચિરંજીવ સાહિત્ય કૃતિઓ છે. કોઇપણ વ્યાખ્યાનને, કોઇપણ પ્રચારકને, પાઠય પુસ્તક તરીકે ઉપયોગમાં આવે એવાં છે.

ઘણી સાદી ભાષામાં ઘણી સચોટ વાત કહી શકાય છે અને કહેવી જોઇએ, એ યુગે યુગે સાહિત્ય અને ધર્મ પ્રચારની અનિવાર્ય જરૂર હોવા છતાં એવી રીતે એવી વાત કહેનારો માંડ પચીસ પચાસ વર્ષે એકવાર મળે છે. એમના લખાણોમાં ક્યાંય દ્વિધા નથી ક્યાંય ઘણા જડબાતોડ શબ્દોમાં ઘણું ઓછું કહેનારી પાંડિત્યની ભભક નથી. નકામા શબ્દોની રમઝટ નથી.

એમની સાહિત્યકીય ઉપયોગિતા માટે એકજ વાત બસ થશે. એમના કોઇ પણ લખાણમાંથી એક પણ શબ્દ તમે વધારે પડતો માનીને કાઢી શકશો નહિ. ને એમણે જે વાત કહી હોય એ વાત કહેવાને માટે ભાષામાંથી એમણે વાપર્યા છે એના કરતાં બીજા કોઇ શબ્દો મૂકી શકાશે નહિ એટલેજ એમની વાણી રામબાણ જેવી છે.

એમણે જૈનધર્મની અનન્ય સેવા કરી છે. એનું મૂલ્યાંકન કરવાને તો હું અશક્ત છું પરંતુ ગુજરાતી સાહિત્યની એમણે કહિયે નહિ ભૂલાય એવી સેવા કરી છે. ગુજરાતી સાહિત્ય ઉપર એમનું કહિયે ના ભૂલાય એવું ઋણ છે.

# श्रद्धांजलि के सुगन्धीपुष्प

श्री रिषभदासजी जैन, मद्रास

पू. पाद सूरीदेवश्रीकी विश्व पर जो उपकारकी परंपरा है। वह सौम्य और मधुर भाषामें यहां पर लेखक दर्शाते है।

:❀:

जैन शासन रूपी साइकिलके दो पहिये (चक्र) हैं, एक आराधनाका दूसरा प्रभावनाका। इस स्थान पर मैं शासनको रथकी उपमा न देते हुए साइकिलकी उपमा विशेष उपयुक्त मानता हुँ, क्योंकि साइकिलका आगेका पहिया पीछे के पहिये के प्रतापसे चलता है, उसी तरहसे जैन शासन की जयवंता वर्तती है वह प्रभावना के प्रताप से है। इसलिये प्रभावक पुरषों को श्री तीर्थंकर प्रभु के प्रधान प्रतिनिधि माने हैं और वे तीर्थंकर भगवंतो के तीर्थ के आधार स्तम्भ समझे जाते हैं। इतिहाससे पता चलता है कि प्रभु श्री महावीर समयके जैन धर्मानुयायी प्रायः आज बहुत ही कम नजर आते हैं, आज जैन धर्मानुयायी ओसवाल, पोरवाल, श्रीमाल, अग्रवाल, पल्लीवालादि जितने भी भारतवर्षमें नजर आते हैं, वे सब के सब श्री तीर्थंकर महावीर प्रभुके बाद के सदियों में प्रभावक धर्माचार्योंके उपदेश एवं प्रतिबोधसे जैन धर्मानुयायी बने हैं। श्री महावीर प्रभुके समय में अंग, बंग, कलिंग, मगध, विदेह, काशी कौशलादि देशोंमें करोडोंकी संख्यामें जैन अवश्य थे, परन्तु उनकी संततिका पूरा पता लगाना कठिन समस्या है।

कहनेका आशय यह है कि आज भी जैन धर्म अक्षीणधारा प्रवाही गंगाके स्रोतके समान भूमंडल पर जो जयवंता नजर आ रहा है, वह प्रायः प्रभावक आचार्य भगवंतोके परिश्रम का परिणाम है। जैन समाजका बडा ही सद्भाग्य है कि जिस जिस कालमें और जिस जिस क्षेत्रमें जिस प्रकारके योग्य प्रभावक महापुरुषकी आवश्यकता होती है वैसे वैसे महापुरुष आज तक उत्पन्न होते आते हैं। शास्त्रोमें आठ प्रकारके प्रभावक पुरुषोंका वर्णन है कभी किस प्रकारके प्रभावक पुरुषकी और कभी किस प्रकारके प्रभावक पुरुषकी आवश्यकता रहती है, उसी प्रकार उसकी पूर्तिभी होती आइ है।

वर्तमान द्रव्य क्षेत्र काल और भावकी परिस्थितिमें भिन्न भिन्न प्रकारके प्रभावक पुरुषोंका होना अनिवार्य था, उसी प्रकारके इस युगमें भी कई एक प्रभावक पुरुष प्राप्त हुए हैं। उनमें से पूज्यवर आचार्य भगवंत श्री विजय लब्धिसूरीश्वरजी भी एक हैं जो इस युगके महान् प्रवचनकार और कविकुल किरीट थे। उनकी कवित्व शक्ति और प्रवचन शक्तिके बारेमें जितनाभी कहा जावे उतना थोडा है। उनके जीवनसे पता चलता है कि उनके प्रवचन शक्तिसे हजारों क्रूर हृदय करुणा हृदयमें परिवर्तन हुए हैं और पंजाबादि देशोंमें विहार करके अनेक मांसाहारीयोंको मांस, मदिराका त्याग करा कर अहिंसा उपासक बनाये हैं। उनके व्याख्यानमें जैन जैनेतरोंकी बडी संख्या उपस्थित होती थी और उनके अमृतवाणीका पान कर अपने जीवन शुद्धिमें प्रगति साधते थे। यहाँ तक सुना है कि मुलतान जैसे शहरमें तो उनके व्याख्यानका ऐसा प्रभाव पडा था कि मांसका भाव (Rate) बजारमें इतना नीचे आगया था कि मांसके व्यापारियोंकी ऐसी छाती घबड़ा गई थी कि अब जीवननिर्वाहका दूसरा धंदा ही शोधना चाहिए। तुलनात्मक दर्शन

शास्त्रोंका अध्ययन भी उनका इतना गहरा और गम्भीर था कि सैकडों युक्तियों और शास्त्रीय प्रमाणों द्वारा सामने के वादि का पराजय किये बिना रहेते नहीं थे। इसलिये उनके नाम से वादी लोग घबड़ाते थे और उनके विद्वत्ताकी मुक्त कंठसे तारिफ करते थे।

संस्कृत भाषा पर इनका इतना आधिपत्य था कि गद्यमें तो क्या परन्तु पद्यमें भी प्रवचन कर सकते थे। बात की बातमें श्लोक बनाना तो उनके हाथका सामान्य खेल था। इस प्रकारका संस्कृत भाषा पर आधिपत्य होते हुए जनकल्याणकी शुभ कामनामें वे सरलसे सरल हिन्दी और हिन्दुस्थानी (उर्दु मिश्रित) में सैकडों स्तवन लावणी और तर्जोके रचनेमें कोई त्रुटि नहीं रखी। वे स्वयं जन्म से गुर्जर देशके निवासी होते हुए भी उन्होंने स्तवनादिके रचना में विशेष प्रायः हिन्दी भाषाका उपयोग किया है, इससे प्रायः अनुमान होता है कि स्वराज्य प्राप्तिके कई वर्षो पूर्व उनके अंतरात्मामें यह भास हो गया होगा कि वो समय निकटमें आने वाला है, जबकि हिन्दी भाषा देश व्यापि बन जायगी। अर्थात् वे बड़े दूरदर्शी महात्मा थे, जिन्होंने ऐसे सरल भाषामें सुन्दर भावभरे और नूतन संगीतके शैलीके अनुसार ऐसे रोचक स्तवनादि बनाये कि सारे देशभरमें क्या पुरुष क्या स्त्रीयें और क्या बालक बालिकायें चारो और तान लगाते हुए ही नजर आरहे हैं। कहनेका तात्पर्य यह है कि एक प्रौढ विद्वानका हृदय कितना आर्जव और मार्दव गुणयुक्त था वरना सर्व साधारणोपयोगी लोकभाषामें अपने कवित्व शक्तिका इतना उपयोग कौन करता? उनकी श्रेणी के संस्कृत भाषाके उत्कृष्ट विद्वान् लोकभाषामें इतना परिश्रम उतने कम नजर आरहे हैं। इनका संस्कृत भाषा का कितना गहरा अध्ययन होगा, वरना नयचक्र जैसे कठिन ग्रन्थका संशोधन एवं संपादन वे कैसे कर सकते थे। नयचक्र भारतवर्षके संस्कृत भाषा, दर्शन, न्याय और तर्क परिपूर्ण प्रधान ग्रन्थों (Master Pieces) में से एक है।

मुझे भी आचार्य भगवंतका संस्कृत भाषामें एक प्रसंग पर प्रभावशाली प्रवचन सुननेका सौभाग्य प्राप्त हुआ है अर्थात् जिस वख्त बम्बइ शहरमें "नयचक्र" ग्रन्थका उद्घाटन समारोह भारतके उपप्रमुख डा० राधाकृष्ण के करकमलों से होनेवाला था और उनके साथ भारतीय विद्याभुवन के प्रसिद्ध प्रोफेसर दीक्षितारमहोदय जो आजके युगमें संस्कृत भाषाके महान् साक्षर माने जाते हैं, जिन्होंने इस प्रसंग पर बडी विद्वत्तापूर्ण संस्कृत भाषामें प्रवचन भी किया था। उक्त प्रसंग पर पूज्यवर आचार्य भगवंतने भी इतनी सुंदर शैली से धारावाही संस्कृत भाषामें बहुत देर तक जो व्याख्यान दिया था, उस अद्भुत वक्तृत्व शक्तिको देखकर स्वयं दीक्षितारमहोदय, डा० राधाकृष्ण (भारत उपप्रमुख) श्री प्रकाश (बम्बई के राज्यपाल) आदि जितने भी सभामें नामाङ्कित पुरुष थे, वे सब के सब मंत्रमुग्ध होकर उनके मुखारविन्दकी तरफ एक दृष्टिसे देखते रह गये। वह दृष्य तो ऐसा भास होता था कि ऐक तरफ तो उनकी वयोवृद्ध अवस्थासे बना हुआ शुद्ध और दुर्बल देह और सिर पर श्वेत चामर के बालोंकी भांति शिखा और सत्युग के वनवासी ऋषि महात्माओं जैसी चमकती हुई सफेद दाढी और प्रबोध भावात्मक हाथ के चेष्टाओंसे शोभायमान मुखसे बहती वाणी गंगा मेरे मनमें उसी कल्पनाके तरंगे उत्पन्न कर रही थी कि सरयू नदीके किनारे पर आश्रममें वसिष्ठ ऋषि के सामने रघुवीर राम लक्ष्मण अपने राज्याधिकारियोंके साथ बैठ कर उनकी मधुरध्वनि सुन रहे हो वैसे ही भारतके उपप्रमुख और राज्यपालादि दिखते थे। आज भी वह दृश्य स्मृतिमें आता है तब बड़ा आश्चर्य होता है कि

वृद्धावस्थामें उनके शरीरमें इतनी कमजोरी थी कि उनका देह तो अेक मुठीभर हाडपीन्जर जैसा दिखता था एसे संयोगोंमें किसीको भी आशा नहीं थी कि ऐसे दुर्बल देहमें भी ऐसो अखण्ड श्रुत ज्योति झगमगा रह सकती हैं। भौतिक विज्ञानके युगमें रक्त और मांसके पिन्डको ही स्मृति, प्रज्ञा और ज्ञानका मूलाधार माना जाता है उनके लिये ऐसे महान् विभूतिका धाराप्रवाही प्रवचन 'देह भिन्न स्वतंत्र आत्मतत्त्व'का प्रत्यक्ष प्रदर्शन करा रहा था। अनात्मवादियोंके भ्रान्ति, भ्रमणा और विपर्यासको विलय करनेवाला वह प्रसंग अेक आदर्श और ज्वलंत दृष्टान्त रूप था। आज जो केवल सीनेमा नाटक अथवा प्लेटफोर्म और प्रेसके जड साधनों द्वारा प्रजाके जीवनमें पलटा लानेका प्रयत्न चल रहा है उससे हजारो गुना अधिक प्रजा जीवन विकासके लिये पूज्यावर आचार्य भगवंतका ज्ञान और संयमका प्रत्यक्ष दृष्टान्त रूप आदर्श जीवन लाभकारी एवं श्रेयस्कर था। इसलिये ऐसे महापुरुषको केवल भारतके ही महापुरुष मानना इससे अखिल मानवसंसार के महापुरुष माननेमें कोई अत्युक्ति नजर नहीं आती। उनके स्वर्गवाससे रूषिप्रधान भारतभूमि के आर्य संस्कृतिके खजानेमें बड़ी खोट पडी है जिसकी पूर्ति होना बहुत ही दुष्कर है। वे तो खिले हुए पुष्पकी भांति अपने पवित्र सम्यग् दर्शन ज्ञान चारित्र की सुगन्ध इस विश्वके वायु मण्डलमें व्यापक बनाकर अन्तर्धान हो गये अर्थात् जैसे लोग ईक्षुमें रस चूस कर निरस पदार्थको फैंक देते हैं, वैसे ही महापुरुष इस मानवदेहमेंसे अमृतको स्वपर कल्याणके लीये अर्पण करके इस नश्वर देहको छोड़कर स्वर्गधाम पहुँच जाते हैं, परंतु हमे तो समय समय पर उनकी आवश्यकता उनको श्रद्धांञ्जली अर्पण करानेमें प्रेरणा करती रहती है, तदनुसार मैंने भी श्रद्धाञ्जली रूप यह पुष्पके पांखडियोंके समान ये शब्द अर्पण करके अपना कर्त्तव्य बजाता हूँ, बाकी सत्पुरुषोंके गुणगान करनेकी मुझमें कोई योग्यता नहीं है, उनका गुणगान तो वास्तविक गुणीजन ही करने के अधिकारी है– सुज्ञेषु किं बहुना।

⊙


# શ્રદ્ધાંજલિ

વયોવૃદ્ધ બહુશ્રુત પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્‌વિજય

## લબ્ધિસૂરીશ્વરજી મહારાજ

જેઓશ્રીએ વાપીમાં ચાતુર્માસ કરી અમારા શ્રી સંઘ ઉપર અથાગ ઉપકાર કર્યો છે. અમને ધર્મમાર્ગમાં સ્થિર કર્યા છે. એમના-સરળતા, નિસ્પૃહતા સ્વાધ્યાયરતતા, નિખાલસતા અને નિરભિમાનતા આદિ ગુણો સ્મરણ કરતાં હૈયું તેમનાં ચરણોમાં ઝુકી પડે છે.

**આવા એક મહાન ગુરૂદેવને અમારા**

**લાખ લાખ વંદન હો.**

સેવક– **ગુલાબચંદ મુળચંદ : વાપી**

# જ્ઞાનામૃતની પ્રપા :

પ્રો. શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી—મુંબઈ

ભૂતપૂર્વ પોદાર હાઈસ્કુલના પ્રીન્સીપાલ અને પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી બક્ષીજી અહિં પૂ. પાદ સુરિદેવશ્રીના સંસ્કૃત વાઙ્મયના રચયિતા પ્રકાંડ વિદ્વાન તરીકે બિરદાવીને તેઓશ્રીને જ્ઞાન અમૃતની વાવ તરીકે સંબોધે છે જે સુયોગ્ય છે.

❋

श्रेयस्कृत् प्राणभाजां तिमिरभरहरं
सेवितं सत्तमैर्यत्
यस्मात्सत्त्वव्रजोगात्
परमसुखचयं कर्मवृन्दं विजित्य ।
पापध्वान्तोष्णगरोचि :
परमसुखकरं कर्मदन्तावले यत्
कण्ठास्यास्योपमाभृज् जगति
विजयते ज्ञानरत्नं सदा तत् ॥

જે ઉત્તમ પ્રકારનું જ્ઞાન સર્વે પ્રાણીઓનું શ્રેય કરનારૂં છે, તિમિરના સંઘાતને તે હરનારૂં છે, ઉત્તમોથી જે સેવાયલું છે, જેના વડે સકલ સત્ત્વગણ, કર્મવૃન્દને જીતીને પરમ સુખના રાશિને પામ્યો છે, જે પાપરૂપી અન્ધકારનો (સંહારક) સૂર્ય છે, જે પરમ સુખ કરનારૂં છે, જે કર્મરૂપ ગજના (ઘાતક) સિંહના વદન જેવું છે, તે ઉત્તમ જ્ઞાન-જ્ઞાનરત્ન-જગતમાં વિજયી છે.

પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ રચિત સ્તુતિચતુર્વિંશિકામાંની શ્રી વર્ધમાન જિન સ્તુતિમાંથી આ શ્લોકને અવતરણ રૂપે અહીં ટાંકું છું—અવતરણ શબ્દના બંને (ઉતારો અને પ્રવેશક) અર્થમાં.

આચાર્યદેવ એ જ્ઞાનને સેવનારા સત્તમોના એક હતા, અને જ્ઞાનનો પ્રકાશ વધારનારા તથા ફેલાવનાર હતા એ તો એમની જ્ઞાનકથાનો લાભ લેનારા સર્વ સજ્જનોને સુવિદિત છે. મને પણ એમનાં દર્શનનો અને પ્રવચનનાં શ્રવણનો લાભ મળ્યો હતો.

આવા, જ્ઞાનની ઉદારભાવે લહાણી કરનારા, જૈન મુનિમહારાજોની જ્ઞાન સંપાદનની તપશ્ચર્યા સમયમાં સુદીર્ઘ હોય છે અને વિષયમાં વિસ્તીર્ણ હોય છે. ન્યાય, કાવ્ય, વ્યાકરણાદિ વિષયોના ઉપકારક અધ્યયન ઉપરાંત તેઓ જૈનદર્શનેતર ભારતીય દર્શનોનો જ ઊંડો અભ્યાસ કરે છે. આચાર્યશ્રીએ પણ એ પ્રમાણે ઊંડો અને વિશાળ અભ્યાસ કર્યો હતો અને વિશેષમાં સંગીતનું પ્રેમપૂર્ણ પરિશીલન કર્યું હતું એ લક્ષયોગ્ય છે. એમણે રચેલાં સ્તવનોમાં એમનો સંગીતપ્રેમ પ્રત્યક્ષ થાય છે. એ સ્તવનપદો લોકકંઠમાં ત્વરિત સ્થાન પામે એ હેતુથી એમણે લોકપ્રિય તર્જોનો–નાટક સિનેમાની તર્જોનો પણ ઉપયોગ કર્યો છે. એમનાં આ સ્તવનોમાં સુગેયતા અને અસ્ખલિત લયવાહિતા એમણે સારી સાધી છે, આ ગીતોનો વિષય ધર્મ અને તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં મર્યાદિત થતો હોવાથી એમાં નિજ કે પર સંવેદનોને વ્યક્ત કરવાનો અને કલ્પનાવિહાર કરવાનો અવકાશ સ્વાભાવિક રીતે ઓછો રહે; અને જે ઉદ્દેશથી અને જે જનતાને માટે એ રચના કરી હોય એને સતત લક્ષમાં રાખવાની આવશ્યકતા પણ મર્યાદાકારણ બને એ પણ એટલું જ સ્વાભાવિક છે.

એમની કૃતિની રચનાને આ પ્રમાણે લોકના ગ્રહણવિભવની સીમા સાચવવી પડે એ બંધન એમની સંસ્કૃત રચનાઓમાં નડ્યું નથી. સંસ્કૃત કાવ્યો અધિકારી સંસ્કૃતજ્ઞોને લક્ષમાં રચાયાં હોવાથી પૂજ્ય આચાર્યશ્રીનું રચનાપ્રભુત્વ

# ઓ અશરણ શરણ દયાળુ ગુરૂદેવ !

શ્રી લબ્ધિશિશુ

પરમોપકારી સ્વ. ગુરૂદેવનાં અસહ્ય વિરહથી તરફડતા ભકત હૃદયના અંતરના વિરહનો પોકાર અહિં શબ્દ દેહ પામે છે. પરમોપકારી અશરણ શરણ દયાળુ ગુરૂદેવને ઉદ્દેશીને વિરહી હૃદયની વ્યથા અહિં વ્યકત થાય છે.

ઓ ગુરૂદેવ! આપનાં જન્મ સમયે કુટુંબને હસાવ્યું. ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરીને ગુરૂદેવનાં મુખારવિંદને મલકાવ્યું, શાસનની સેવા કરીને જૈન સમાજને અને વિશ્વને હરખાવ્યું, આપ જ્યારે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ્યા ત્યારે શિષ્યગણ ગભરાયો, આપ જ્યારે રોગે ઘેરાયા ત્યારે જૈન સમાજ હાંફળો ફાંફળો બની ગયો અને... જ્યારે મૃત્યુને ભેટયા ત્યારે તો હાહાકાર મચી ગયો. કુદરતમાં પણ જાણે શૂન્યતા પૂરાઇ હોય તેમ વાતાવરણ પણ ગમગીન બની ગયું. ધરતી

---

એમાં મુકત અને પૂર્ણ આવિર્ભાવ પામે છે. સંસ્કૃતવાઙ્મયના આધુનિક સર્જકોનાં નામો ગણીએ તો તેમાં, સદી બે સદી પહેલાં થતું તેમ. આજે પણ જૈનમુનિમહારાજોનાં અનેક નામો આદરપૂર્વક મૂકવાં પડે. અને એવા જૈન-ધર્મીય સંસ્કૃતવાઙ્મયના વિધાયકોની નામાવલિમાં આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરનું નામ ઉચ્ચ પદનું અધિકારી બને.

એમની સંસ્કૃત કાવ્યકલામાં ઉચિત પદાવલિ, પદોનો લલિત સંનિવેશ, પદ્યની અનવદ્ય રચના, કિલષ્ટતામાં ગૂંચવાયા વિના વિશદ્ અર્થનું સમર્પણ કરતી સમાસઘટના અને ઉપમારૂપકાદિનો ઉચિત અને અર્થસંસ્કારક ઉપયોગ એ ગુણો દૃષ્ટિએ પડે છે.

દર્શનોનો અને શાસ્ત્રોનો અભ્યાસ સંસ્કૃતના અસાધારણ જ્ઞાનની અપેક્ષા રાખે છે અને એ અભ્યાસના વિસ્તારની સાથે સંસ્કૃતવાણીના કૌશલમાં ક્રમશઃ વૃદ્ધિ થાય છે. પણ સંસ્કૃતના શાસ્ત્રસંબદ્ધ જ્ઞાનથી પણ વિશિષ્ટ અને ઉચ્ચતર એવી શકિતની આરાધના અને સાધના ન હોય તો પ્રસાદ અને ચમત્કૃતિ એ ઉભય તત્ત્વોનો સમન્વય કરતી સંસ્કૃત કાવ્યરચનાની કલા સિદ્ધ ન થાય. આચાર્યદેવની કૃતિઓમાં એ શકિત એની સાધનાની અને કલાની સિદ્ધિનો પરિચય થાય છે.

એમણે રચેલી સંસ્કૃત કાવ્યમય સ્તુતિઓમાં એમણે અનેક છંદોનો સુભગ પ્રયોગ કર્યો છે એ હકીકત પણ ધ્યાન ખેંચનારી બની છે-અને બને એ સ્વાભાવિક છે.

ભાષા, વ્યાકરણ, કોશ અને છંદ ઉપરનું પ્રભુત્વ વિચારની અને ભાવની કાવ્યસ્વરૂપે અભિવ્યકિત શકય બનાવે છે. એથી આચાર્યશ્રીના એવા પ્રભુત્વના ફલરૂપે અનેક સંસ્કૃત કૃતિઓ સાંપડી છે—એમના ટુંક જીવનપરિચયના વિદ્વાન લેખકે મેરુત્રયોદશી કથા, શુકરાજ કથા, વૈરાગ્યરસમંજરી એ કૃતિઓનાં નામ આપ્યાં છે, તથા એ નામાવલીને અંતે "વગેરે" શબ્દનો ઉપયોગ કર્યો છે જે આ કૃતિઓ ઉપરાંત અન્ય સંસ્કૃત કૃતિઓ પૂજ્ય આચાર્યશ્રીએ રચી હશે એનું સૂચન કરે છે. આ બતાવે છે કે આચાર્યશ્રીએ "સૂરિદેવ"ની અભિખ્યાને એક નહિ, બે અર્થમાં યથાર્થ કરી છે.

આવા વિરલ આચાર્યશ્રીને માનભરી સ્મરણાંજલિનાં આ અલ્પ કુસુમો અર્પું છું અને જ્ઞાનામૃતની પ્રપા માંડનારા એમના પુણ્ય–પાવન આત્માને મારાં વંદનો નિવેદિત કરૂં છું.

અને વૃક્ષો પણ પોતાનો સુર તેમાં પૂરાવવા લાગ્યા.

એ જૈન સમાજના પિતા! એ વિશ્વનાં રક્ષક! એ ચમકતા સિતારા! એ જ્ઞાનદાનનાં દાતા! એ મારા નયનોના તારલા! એ તાત્! આપ દૂર સુદૂર વિહરી ગયા. આપનું અજબ-ગજબનું વાત્સલ્ય પૃથ્વી પટ પર પડઘા પાડી રહ્યું છે. ઘણા કાળથી અતિશય અંધેરા બનેલા એવા કાળશત્રુએ વિશ્વને કારમી ચીસ પડાવી.

માતાપિતાનાં પ્રેમના કટોરાને ત્યજીને ગુરૂ વાણીનું અમૃતપાન કરવા માટે ડગ ભર્યા અને એવાજ અમૃતનું બીજાને પાન કરાવવાનો વિચાર કર્યો હતો તો એને અર્ધ મંઝીલે મૂકીને કઇ બાજુ પ્રયાણ કરી ગયા? હવે આ બાળકોને અમૃતપાન કોણ કરાવશે? માતાપિતાની મમતા ભુલાવનાર કોણ મળશે?

કાળશત્રુએ બે વર્ષનાં મહાન પરિશ્રમને અંતે ફાળ મારી. એ કાળરાજા! કર્મની આળ ઉતારનારને પણ તેં ફાળ મારી? માટે જ અમારો અનાથ બનવાનો એ કારમો દિવસ આવ્યો.

ગુરૂદેવ! આપનાં અંતિમ દશ્યો જોઇને મારૂં દિલ દુઃખ મિશ્રિત આનંદ અનુભવે છે. આપનો અજબ ગજબનો સ્વાધ્યાય પ્રેમ દિલને હસાવે છે; અને આપનું મૃત્યુ દિલને ધડકાવે છે. ભાગ્ય પલટાયેલો જ્યાં જાય ત્યાં તેને માટે દુઃખ જ સર્જાયું હોય. શ્રાવણ સુદી શુકલ પંચમીની રાત્રિએ ચંદ્રે કલંકને ધારણ કર્યું.

સર્વનું શિરછત્ર ક્ષણવારમાં ઝડપાઇ ગયું. ચારે ગતિને ચૂરનાર આત્માને લઇને કાળરાજા ચારને ચુમાલિસે પોતાનાં પ્રવાસે નીકળી પડયો. ચમકતો સિતારો ક્ષણવારમાં ખરી પડયો. ઝળહળતો દીપક બુઝાઇ ગયો. એને કોની ઝાપટ લાગી હશે? એને બુઝાવનાર કોણ હશે?

એ દયાના સાગર! આપે દયાની સરિતાને નગરે, નગરે, ગૃહે, ગૃહે, વહાવી. દયાનો ધોધ વરસાવ્યો. પણ.... આપ દયાને દૂર મુકીને કયાં ગયા? એ ગુરૂદેવ! આપ તો દ્રવ્ય દયા અને ભાવ બંનેનાં ભેદ જાણનાર હતા. એ સર્વજ્ઞનાં પુત્ર! આપ શું અમારા દુઃખને ન પીછાની શકયા? મનનાં મકકમ બનીને જન્મદાત્રી એવી માતાનાં દિલને તરછોડી અમે આપની પાસે અખુટ, અમાપ, અતુલ, અતુટ એવા વાત્સલ્યમય પ્રેમને જીવનભર પાશું; એવી ભાવનાથી આપના ચરણે અમારૂં જીવન સમર્પિત કર્યું, તો પણ અમારા પર દયાની અમીધારા કેમ ન વરસાવી? અમને જ્ઞાનસભર બનાવ્યા સિવાય કેમ ચાલ્યા ગયા? અમે તન, મન અને ધન એ ત્રણે આપનાં ચરણે સમર્પિત કર્યું છતાં આપને શું ઓછું આવ્યું કે અમને તરછોડી મેલ્યા? એકલા અટુલાને દુઃખમાં ગરકાવ કર્યા.

એ જ્યોતિર્ધર! આપે દિપક બની અનોખી જ્યોતને પ્રગટાવી અને આપની જ્યોતને શા માટે સમેટી લીધી? એ ગુરૂદેવ મારા હૃદયની ભાવનાને વેગ આપવા માટે દર્શન તો આપો. જેની માનસિક હિંમત તૂટી ગઇ છે એવા નિરાધાર બાળકનું શું થશે?

એ કૃપાવતાર! જગતના રખેવાળ, આપે સંસારમાંથી સાધુ જીવન તરફ પ્રયાણ આદર્યું ત્યારે રગેરગમાં સર્વ જીવોને સુખી કરવાની ભાવના રમી રહી હતી. એ ભાવનાને લઇને આપ પૂ. આ. મ. કમલસૂરીશ્વરજી મહારાજ શ્રીના ચરણે આવ્યા. તે ભાવનાને જીવન પર્યંત ટકાવી અને ચાલી પણ નીકળ્યા. આપનાં ગુણો અનેક છે. તે ગુણોનું વર્ણન કરવા માટે અલ્પ શકિતમાન હું શકિતવંત નથી. માટે હું મૂક છું

મૃત્યુ સમયની અંતિમ પળો મુજ મનને વ્યગ્ર બનાવે છે. આપની ઉપર આવેલા અનેક રોગોને આપે હસતે મુખે સહન કર્યા. શરીર અને આત્માની ભિન્નતાનો સચોટ પુરાવો પુરો

પાઠતા ગયા; અને સમજાવી ગયા કે આપણો મુકતવિહારી આત્મા ફસાઈ રહ્યો છે. તેને ઉગારનાર, તેને ગુલામીમાંથી સ્વતંત્રતા અર્પનાર જો કોઈ હોય તો તે સુદેવ, સુગુરૂ અને સુધર્મ જ છે. દુઃખમાં પણ સુખ માનીને પણ ધર્મક્રિયામાં પ્રવૃત્ત રહેવું તે જ આત્માની ઉન્નત દશા છે તે સૂચવતા ગયા.

છેલ્લાં પંદર દિવસથી ગુરૂદેવ સ્વજીએ "અરિહંત અરિહંત"ની ધૂનને લગાવી રહ્યા હતા. એ દૃષ્ય એવું હતું કે દવાને, ઉપચારને પણ તિલાંજલિ આપ્યા પછી સ્વમુખે "અરિહંત અરિહંતની" સૂરીલી શરણાઇ બજાવી એના નાદે દુનિયાને ઘેલી બનાવી.

ભકત સમુદાય વિનથી શિષ્યો પૂછે છે, 'હે ગુરૂદેવ આપને કેમ છે?' તો તે સમયે હસતાં વદને કહે કે, 'મને કાંઇ જ દુઃખ નથી. મારા દર્દમાં તમે શું ગભરાવ છો? પૂર્વના અનેક મહાન આત્માનો ચિતાર મારી નજર સમક્ષ ખડો છે. તો મારા દર્દનું મને શું દુઃખ લાગે?' આવા આવા અનેક શબ્દો દ્વારા અમારા અધીરા બનેલા આત્માને સાંત્વન અર્પતા.

ઉતરાધ્યયન સૂત્રનો સ્વાધ્યાય આર્યા છંદમાં સુમધુર કંઠે સંભળાવી શિષ્યોનાં કાનને પવિત્ર બનાવતા આ અમારા જ્યોતિર્ધર કેમ ચાલ્યા? એક વાર તો પ્રત્યુત્તર આપો. હવે અમને એ સ્વાધ્યાયની મસ્ત બનાવનારી સૂરીલી શરણાઇ ક્યાં સાંભળવા મળશે?

શું મિલનનો આનંદ વિરહનાં અશ્રુઓથી જ અદૃશ્ય થવા સર્જાયો હતો. આજે ચાર ચાર માસ પૂર્ણ થવા છતાં પણ સોણલામાં આપનું સોહામણું મુખારવિંદ પ્રદર્શિત કર્યું નથી? શું આપને એવી બીક લાગી કે મારા પાલવનો છેડલો પકડીને આ લોકો મારી સાથે આવશે.

ગુરૂદેવ અમારે તો વારંવાર એક જ માંગણી કરવાની રહે છે કે શાસનને આપે જેવું સોહામણું, નિર્મળ અને સુંદર બનાવ્યું છે એવી અમને પણ શકિત બક્ષજો આપ દુન્યવી દૃષ્ટિથી કાંઈ અજાણ ન હતા કે આપનાં વિરહમાં અમારૂં જીવન કેવું દુઃખદાયક બનશે. કોઈ પણ જાતની ચિંતા કર્યા વિના નીલગગનનાં પ્રવાસી બની ગયા. આપની પાસે અમે એવી શકિત માંગીએ છીએ કે આપની શકિતનો વારસો અમને આપજો.

આપનાં શિષ્ય શિષ્યાઓ ઘણા, દરેકને કાંઇને કાંઇ તો આપવું જ જોઇએ. ફૂલ નહિ તો ફૂલની પાંખડી. વીર પ્રભુના શાસનનો ઝગમગતો દીવડો દેદીપ્યમાન વધુ તેજસ્વી બનાવ્યો તેને અમર રાખવાની અમને શક્તિ અને માનસિક બળ અર્પણ કરજો. કારણ કે વધુ પ્રકાશને પૃથ્વી પર પાથરવાની અમારામાં શકિત નથી, પણ પિતાની વારસામાં મળેલી મિલકતને સાચવી રાખવી એ સુપુત્ર કે સુપુત્રીની ફરજ છે. તેને વેડફી નાંખે એ તો કુલાંગાર જ ગણાય માટે આપ અમને નૈતિક હિંમત અને અનુકુળ પ્રેરણા આપતા રહેજો. આપનાં દિવ્ય પાવરની આજે વિશ્વમાં ખુબ જ જરૂર છે.

ગયા નયનોથી દૂર કિંતુ સ્મરણો ના ખસે,
ઝબકી જતા ઘડી ઘડી મુજ અંતરને બારણે

---


## ભારત સરકાર દ્વારા રજીસ્ટર્ડ

આ કોઢની દવા હજારો માણસોએ
વાપરી સંતોષ વ્યકત કરેલ છે.

## સફેદ દાગ : મૂલ્ય રૂા. ૫–૦૦

માહિતી મફત મંગાવો. નકલથી સાવધાન !
સૂચના : પત્રવ્યવહાર હિંદી તથા અંગ્રેજીમાં કરવો.

**શ્રી વૈદ કે. આર. બોરકર,**
૪૦૩, આયુર્વેદ ભવન,
મુ. પો. મંગરૂલપીર. (જી. આકોલા મહારાષ્ટ્ર)

# પૂ. સૂરિદેવની મૃત્યુંજયી વિજય યાત્રા

શ્રી 'લબ્ધિબાળ'

પૂ. પરમારાધ્યપાદ શાસનસ્થંભ સૂરિદેવશ્રીના અંતિમ સમયની આરાધના તથા તેઓશ્રીની અપૂર્વ જાગૃતિ અને સ્વર્ગારોહણ બાદ તેઓશ્રીને મુંબઇ તથા ભારતના ભક્તજનોએ આપેલું અદ્વિતીય સન્માન ઇત્યાદિ પ્રસંગોનું આલેખન કરતો આ મનનીય લેખ સર્વ કોઇએ વાંચી જવા જેવો છે. જેથી પૂ. પાદ આચાર્યદેવે આચાર્યદેવશ્રીનાં અલૌકિક વ્યકિતત્વનો ખ્યાલ સર્વ કોઇને આવી શકે!

★

જેઠ શુકલ એકાદશીના શુભ મુહુર્તે શારિરીક અશક્તિ વગેરેનો હુમલો હોવાછતાં આત્મિક જોમ પ્રબળ હોવાથી પૂજ્ય પરમ જ્ઞાનસિન્ધુ આચાર્ય ભગવંત લાલબાગ સંઘના અત્યાગ્રહથી લાલબાગ પધાર્યા. બાદ મુંબઈના અગ્રગણ્ય ડોકટરો અને વૈદ્યોના ઉપચારથી "હૃદયરોગ" "લીવરનું દર્દ" "કીડનીનું દર્દ" વગેરેનું નિદાન થયું તે દર્દો ઉપર ચાંપતા ઈલાજો લેવાથી વ્યાધિ જેવો જોઈએ તેવો સંતોષકારક નહીં પરંતુ કાંઈક હસ્તગત થયો. તે અવસરે પણ પૂજ્યશ્રીનો સ્વાધ્યાય મગ્નતામાંથી સર્જાયેલો અપ્રમત્તભાવ આજના સશક્તોને પણ શરમાવે તેવો હતો. અઠ્ઠોતેર વર્ષની વાર્ધક્ય અવસ્થામાં પણ વગર ટેકે સૂરીશ્વરજીની જ્ઞાનાભ્યાસમાં તરવરતી યુવાવસ્થા સમયની ધગશ, ગીતાર્થ ગુરૂવર્યની દિવ્ય અનંત શકિતઓનું દર્શન દર્શનેચ્છુઓને આશ્ચર્યચકિત બનાવતું હતું. પરંતુ કર્મને કાંઇ શરમ છે! વળી એ જ વ્યાધિઓ પોતાનું ઉગ્ર સ્વરૂપ ધારણ કરી એ પુણ્ય પુરુષના સમસ્ત દેહને પોતાને સ્વાધીન બનાવી એમની સ્વાધ્યાયની ધૂનમાં મહા દિવાલ થઈને રહ્યા પણ વજ્રસમ કઠીન મન બનાવી પૂ. ગુરૂદેવે બીજાના મુખથી પણ ઉત્તરાધ્યયનના પાઠને શ્રવણ અને મનન કરી જગતમાં સ્વાધ્યાય પ્રેમના આદર્શને મૂર્તિમંત બનાવ્યો.

પૂજ્ય ગુરૂદેવનો વ્યાધિ જો સામાન્ય મનુષ્યના દેહે હોત તો તો કયારનો ય આ જગતથી વિદાય થયો હોત. કીડની ફેઈલ્યોર, લીવર ફેઈલ્યોર, કન્જેશન સ્ટોમેટાઈટીસ, સીવીયર એનીમીક કન્ડીશન કોન્જેસ્ટીવ કાર્ડીયેક ફેઈલ્યોર, ટેકી કાર્ડીયા, તથા મુખનું અકથ્ય દર્દ, આદિ રોગોથી ઘેરાયેલા, જેમાં પૂજ્ય શ્રી પોતેજ કહે છે કે "આજે જો મને જૈન સિધ્ધાંતનું જ્ઞાન ન હોત તો હું પોકે પોકે રડતો હોત" અત્યંત અશકિત, એક જ સ્થાન પર રહેવાથી પીઠ ઉપર પડેલા ચાંદા, આ વેદનામાં પણ સમભાવ, સહનશીલતા, મધ્યસ્થતા, સમદ્રષ્ટિતા, મૃદુતા, વગેરે જેણે જોયેલ છે તેના મુખમ થી તેમની પ્રશંસાના પુષ્પો સર્યા વગર રહ્યા નહીં હોય.

સઘળા ઉપચારો ઉંધા પડયા, વ્યાધિ વધી ગયો, ડોકટરી અને વૈદ્યની હીલચલ ઘણી કરી પણ પૂજ્ય ગુરૂદેવે સાફ ના પાડી, અને અનેક ઉપચારોએ પણ જયારે એના પર વિજય પ્રાપ્ત ન કર્યો ત્યારે ડોકટરો અને વૈદ્યોએ હાથ ખંખેર્યા.

દ્રવ્ય ઓસડ હવે કામ આપે તેવું ન હતું, ભાવ ઓસડની મહત્તા વધી પરિણામે દિનરાત અહર્નીશ શ્રી અરિહંત પરમાત્માની ધૂન, પૂર્વ મહર્ષિ અને પૂજ્ય ગુરૂદેવ રચિત ભાવવાહી વૈરાગ્ય પ્રબોધક સજ્ઝાય અને સ્તવનોની રમઝટ જામી.

આવી પરિસ્થિતિમાં પણ એમની જે સ્મરણશકિત, શુદ્ધ, અને આત્મ જાગ્રતિ અખિલ મુંબઇની તો શું પરંતુ ગામોગામથી ઉમટેલી

પ્રજાએ જે અનુભવી તેથી તેમના મસ્તક ડોલ્યા વગર રહ્યા નથી.

આમ અપૂર્વ આરાધના કરતાં કરતાં પંદર પંદર દિવસના વ્હાણાં વીત્યા અને એ દિવસ આવી લાગ્યો કે જૈન સમાજના મધ્યમણિ સમ મહાપુરુષનું આજનું પ્રભાત અંતિમ હતું, સુરાલયમાં આ ભવ્ય પુરુષની રાહ જોવાઈ રહી હતી, જ્યારે મર્ત્યલોકમાં માનવસંઘ આ પુન્ય-પુરુષને વસુંધરા પર અમર રાખવા તનતોડ પ્રયત્ન કરી રહ્યો હતો.

આમ તો પૂજ્યશ્રી બે ત્રણ કલાકના અંતર સુધી આહાર, ઓસડ વગેરેના હંમેશા પ્રત્યા ખ્યાન કરતાં, પરંતુ આજે તો વિશેષથી આહાર ઓસડનો ત્યાગ, અરિહંતાદિ ચારનાં શરણુ અંગીકાર કર્યા, દુષ્કૃત્યોનો ભારોભાર પશ્ચાતાપ, સુકૃત્યોની અનુમોદના સંભારી સંભારીને કરી, જાણે કે કાયાની અસ્વસ્થતાને બીલકુલ વિસારી મૂકી હોય તેમ સમાધિભાવની સુરમ્યતા તેમના વદન પર સ્પષ્ટ દષ્ટિગોચર થતી હતી.

શ્રાવણ શુદી પંચમીની વિભાવરીની શાન્તિ કાળમુખી બની. વ્યાધિનું તાંડવ વધ્યું, પરંતુ ગુરૂવર્યનાં વદન પ્રદેશ પર એની એ જ ભવ્યતા, એની એ જ પ્રફુલિતતા, એની એ જ તેજસ્વીતા, આત્મપ્રદેશોએ નિશ્ચિત સ્થાનનો આશ્રય લીધો, શ્વાસની ગતિની માત્રા સ્થંભી, અક્ષય અવ્યાબાધ પદ તરફ મીટ મંડાઈ, ચારના ટકોરા થયા ન થયા, ઉપર પાંત્રીસ ચાલીસ મીનીટ વીતી ન વીતી ત્યાં તો અમર ધામના પથિક તેઓશ્રી પોતાની જીવન લીલાને સંકેલી મૃત્યુ ઉપર વિજય મેળવી નિર્વાણ પામ્યા... અને દૂર સુદૂર અમરોના ધામ તરફ ચાલ્યા ગયા...

હવે તો દર્શન અને વંદનાર્થે સાગરસમ ઉછળેલાં જનસમુહે જે એમની અજોડ અંને ભવ્ય અંતિમ યાત્રાને દીપાવી.

દેહોત્સર્ગ થયા પછી સ્નાન અને મૂંડનની ક્રિયા કરી શ્રાવકોએ તે મહાપુરુષને વ્યાખ્યાન હોલની મધ્યમાં પાટ ઉપર બિરાજમાન કર્યા. વાસક્ષેપ પૂજનની પાંચ બોલીમાં પ્રથમ લાભ પોતાના ઉપર સ્વર્ગસ્થ પૂજ્યશ્રીનો અનંત અમાપ ઉપકાર યાદ કરી રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસિંહે રૂા. ૩૦૦૧) માં લીધો. ત્યારબાદ દ્વીતીય વાસક્ષેપ પૂજનનો લાભ રૂા. ૨૦૦૧) માં શેઠ શ્રી કાન્તિલાલ કેશવલાલ સંઘવીએ, તૃતીય પૂજનનો લાભ રૂા. ૧૬૦૧) માં શેઠ શ્રી છગનલાલ કસ્તુરચંદે, ચતુર્થ પૂજનનો લાભ રૂા. ૧૧૦૧) માં શેઠ શ્રી સોમચંદ પાનાચંદે, અને પંચમ પૂજનનો લાભ રૂા. ૯૦૧) માં શેઠ શ્રી જયંતીલાલ રતનચંદે લઈ લક્ષ્મીનો મોહ ઉતાર્યો. વંદનાર્થે અને પૂજનાર્થે ઉમટેલી માનવમેદનીએ પણ પોતાની યથાશકિત પૂજન કરવામાં પાછી પાની કરી ન હતી. એટલામાં તો પૂજ્ય ગુરૂદેવ માટે ભવ્ય જરીયાન તાસથી જડેલ પંચમગતિની જાણે સૂચક ન હોય તેમ પંચશિખરોપેત પાલખી તૈયાર કરી વ્યાખ્યાન હોલમાં લાવવામાં આવી પૂજ્ય ગુરૂદેવનો પુન્ય-પ્રભાવ જ એવો અનોખો અવર્ણનીય હતો કે પાલખી બનાવનાર કારીગરોએ ન તો પોતાનું મહેનતાણું લીધું કે ન તો લાકડાવાળાએ લાકડાના પૈસા લીધા. પૂ. ગુરૂદેવને પાલખીમાં પધરાવવાના રૂા. રૂા. ૨૦૦૧) બોલી શેઠ શ્રી છગનલાલ કસ્તુરચંદે લાભ લીધો અને પૂજ્ય-શ્રીને અશ્રુભીના નયને પાલખીમાં પધરાવવામાં આવ્યા. બાદ આગળની જમણી બાજુએ ખભે ઉપાડવાના રૂા. ૨૦૦૧) શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, આગળની ડાબી બાજુએ ખભે ઉપાડવાના રૂા. ૧૦૦૧) શેઠ શ્રી કેશવલાલ વજેચંદ, પાછળની જમણી બાજુએ ખભે ઉપાડવાના રૂા. ૬૦૧) શેઠ શ્રી જેસુખલાલ ચુનીલાલ, પાછળથી ડાબી બાજુએ ખભે ઉપાડવાના રૂા. ૮૫૧) શેઠ શ્રી પોપટલાલ પરશોતમભાઇ વગેરેએ બોલી લાભ લીધો હતો. પૂજ્યશ્રીના નજીકના કુટુંબી

શેઠ શ્રી આશારામ ગોરધનદાસે (માણસાવાળા) રૂા. ૧૨૫૧ માં દૂર્ણુંનો લાભ લઇ પોતાના કર્મની ધૂણી ધખાવી.

આ સર્વ કાર્યની સમાપ્તિ બાદ બરાબર ૧૨-૧૦ મિનિટે ઉપાશ્રયમાંથી અંતિમ યાત્રાની ભવ્ય શરૂઆત થઈ. પાલખી ઉપાશ્રયની બહાર આવતાંની સાથે જ મેઘરાજે અમૃતવર્ષા દ્વારા પોતાનાં અશ્રુપાતનું દર્શન સકળસંઘને કરાવ્યું અને પોતાનો અપાર શોક શ્યામ વાદળ દ્વારા દર્શાવ્યો અરે! સૂર્યનારાયણ પણ આ દૃશ્ય જોવાને જાણે અસમર્થ બન્યો હોય તેમ તેણે પોતાના મુખને વાદળ પાછળ છૂપાવી દીધું.

અબીલગુલાલના છંટકાવ કરતી અને જય જય નંદા, જય જય ભદ્દાના ગર્જારવ કરતી સ્મશાનયાત્રા આગળ વધી, ભૂલેશ્વર થઈ ઝવેરી-બઝારમાં પ્રવેશ કર્યો. ત્યાં સ્વર્ગસ્થ અંચળ-ગચ્છી પૂ. આચાર્ય મ. શ્રી દાનસાગરસૂરીશ્વરજી મહારાજાની પણ સ્મશાનયાત્રાનું મિલન થતાં સમાજમાં એકતાનું મોજું ફેલાયું.

સ્મશાનયાત્રામાં મુંબઈના અગ્રગણ્ય શ્રીમંતો જેમાં શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠ શ્રી ગોવિંદજી જેવત ખોના, શેઠ શ્રી રમણલાલ દલસુખભાઇ શ્રોફ, શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, શેઠ શ્રી કાન્તિ-લાલ કેશવલાલ સંઘવી, શેઠ શ્રી જીવરાજ ભાણજી શાહ, શેઠ શ્રી હીરાલાલ ગીરધરલાલ, શેઠ શ્રી કેશવલાલ બુલાખીદાસ, શેઠ શ્રી મુક્તિ-લાલ વીરવાડિયા, શેઠ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, મુંબઈના મેયર શ્રી વરલીકર, મુંબઈ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી ભાનુશંકર યાજ્ઞિક, મ્યુ. કોંગ્રેસપક્ષના નેતા શ્રી ઇશાકભાઇ બંદૂકવાલા, શ્રી મગનલાલ મગદાણી, ડોકટર નાનુભાઇ મસાલીયા, ડોકટર મોહનલાલ પોપટ-લાલ, શ્રી વૃજલાલ ઓધવજી શાહ વગેરે આગે-વાનોની હાજરી ધ્યાન ખેંચતી હતી.

નગરના મુખ્ય મુખ્ય રસ્તાઓ જેવા કે પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી, પાયધુની, ગુલાલ-વાડી, સી. પી. ટેન્ક, સરદાર વિઠ્ઠલભાઇ પટેલ રોડ, વગેરે ઉપરથી પસાર થતી આ ભવ્ય યાત્રા નગરજનોને આશ્ચર્યમગ્ન કરતી ચોપાટી સમુદ્ર કિનારે આવી તેવારે પાથોધિએ પણ પોતાની શ્રદ્ધાંજલી ભરતી દ્વારા દર્શાવી. એમ કરતાં યાત્રા વાલકેશ્વરના ચઢાણે પહોંચી ત્યારનું દર્શન ભવ્ય હતું. અબીલ ગુલાલથી છંટકયેલી માનવમેદની સંધ્યાના સ્વરૂપનો આભાસ કરા-વતી હતી, રતાળી બનેલી પૃથ્વીમાતાએ લાલ પછેડો ઓઢી પોતાની ગૌરવ્યતાનું ભાન સકળ જનસમુહને કરાવ્યું હતું.

સાગરની પાળને અને સામા ધસી આવતા રાહને પાછળ મૂકતો અંતિમયાત્રાનો માનવસ-મુહ પૂ. ગુરૂદેવના ગુણોનું કીર્તન કરતો સ્મ-શાનભૂમિ બાણગંગા ઉપર બરાબર ૩-૪૦ મિનિટે આવી પહોંચ્યા. બાકીનાં જનસમૂહ જૈનજૈનેતરો એ મહાપુરુષની અંતિમ સમાધિના દર્શનથી વંચિત રહી ન જવાય તેવા ધ્યેયથી પ્રથમથી જ બાણગંગાના ભૂમિને ભરચક કરી દીધી હતી.

આ ભવ્ય અંતિમ યાત્રાનું નિરિક્ષણ કરતાં પત્રકારો પણ કહે છે કે, 'સ્મશાનયાત્રામાં આવો માનવમહેરામણ તો સ્વર્ગસ્થ લોકમાન્ય તિલક, વલ્લભભાઈ પટેલ તથા પૂ. આચાર્ય શ્રી વલ્લભ-સૂરીશ્વરજી મહારાજમાં પણ નહોતો જણાતો. એ બાણગંગાના તટ ઉપર પોતાનાથી પણ અધિક ગંભીર એવા દિવ્યપુરુષનું દર્શન કરવા, સ્પર્શ કરવા જલનિધિ વારંવાર ભરતી દ્વારા ઉછળી ઉછળીને નજીક આવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.'

લાખો માનવોના સમુહ વચ્ચે પૂજ્ય ગુરુદે-વને ચંદનકાષ્ટ વડે તૈયાર કરેલી બેઠક પર સ્થા-પિત કર્યા. સાચે જ આ અવસરે સકળ જનગણનું મુખારવિન્દ કરમાયા વગર રહ્યું નહીં. હૈયું રડયા વગર, અશ્રુઓ ટપકયાં વગર રહ્યા નહીં.

( અનુસંધાન પાન-૮૨૯ )

## પૂ. સૂરિદેવના સ્વર્ગારોહણ
## નિમિત્તે મુંબઈના આંગણે

# ઉજવાયેલ ભવ્ય મહોત્સવ

**પૂ. પાદ પરમશાસનપ્રભાવક સમર્થ ધર્મધુરંધર સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌નાં સ્વર્ગારોહણ પ્રસંગને અનુલક્ષીને તેઓશ્રીની નિર્મલ આરધના તથા પ્રભાવનાની અનુમોદના નિમિત્તે તથા તેઓશ્રીના અનેક અદ્‌ભુત ગુણોને અંજલિ અર્પણ કરવા કાજે ઉદારદિલ ધર્માનુરાગી શાસનપ્રેમી સુશ્રાવકોએ તન, મન, તથા ધનનો સદ્‌વ્યય કરી, મુંબઈ–લાલબાગ ખાતે કાર્તિક વદિ ૪થી એક ભવ્ય–અતિ ભવ્ય અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઇ મહોત્સવનું જે આયોજન કરેલ, ને તેમાં પૂ. સ્વ. સૂરિદેવનાં જીવનપ્રસંગોને સ્પર્શતી રચનાઓએ જનતાનું ખૂબ આકર્ષણ કરેલ, તે મહોત્સવનો ટુંકો છતાં રસમય અહેવાલ અહિં રજુ થાય છે.**

❀

પૂ. જૈન શાસનના મહાન જ્યોતિર્ધર શાસન સ્થંભ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણ નિમિત્તે ભુલેશ્વર, લાલબાગ જૈન ઉપાશ્રયમાં–કાર્તિક વદ ૪થી એક ભવ્ય મહોત્સવની શરૂઆત થઇ હતી. મહોત્સવ દરમ્યાન હંમેશા વિવિધ પૂજાઓ ભણાવાતી હતી. પ્રસિદ્ધ સંગીતકારો અને સંગીતમંડળો પૂજા–ભાવનામાં આવવાથી ભક્તિરસની ભારે રમઝટ જામતી હતી. ભવ્ય–આકર્ષક અને ભારે અંગરચનાઓ હંમેશા પ્રભુજીની રચાતી હતી.

### આકર્ષક પાંચ રચનાઓ

લાલબાગ જૈન ઉપાશ્રયના વિશાળ હોલમાં હાલતી ચાલતી અત્યંત–મનોહર–હુબહુ અને અત્યંત આકર્ષક પાંચ રચનાઓ રચાવાઈ હતી.

**પ્રથમ રચના :** પૂ સ્વ. આચાર્યદેવના દીક્ષા પ્રસંગની હતી. પૂ. આચાર્યદેવ દીક્ષિત થતાં અનેરાં ઉલ્લાસથી ઓઘો લઇ નૃત્ય કરી રહ્યા છે આ ભવ્ય દૃશ્ય અત્યંત રમણીય હતું.

**બીજી રચના :** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમળસૂરીશ્વરજી મહારાજે છાયાપુરીમાં હજારોની જનમેદની સમક્ષ ભારે મહોત્સવપૂર્વક પૂ. સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાન–સૂરીશ્વરજી મહારાજ તથા સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ આ બન્ને મહાપુરુષોને સૂરિપદ સમર્પણ કર્યું હતું. બન્ને આચાર્યદેવો–ગુરુદેવનો વાસક્ષેપ લઈ નાણ સમક્ષ પ્રદક્ષિણા આપતા અને જનતા આ બન્ને મહાન આચાર્યોને અક્ષતોથી વધાવતી હતી. આ રચના પણ એટલી જ ભવ્ય અને આકર્ષક હતી.

**ત્રીજી રચના :** અંતિમ આરાધનાનું ભવ્ય દૃશ્ય આબેહુબ ખડું કરતી આ રચનાએ તો ભારે કમાલ કરી હતી. આબેહુબ જાણે પૂ. આચાર્યદેવ સંથારામાં સૂતા. અંતિમ આરાધના કરી રહ્યા છે. પૂ. આચાર્યદેવ શ્રી વિજય લક્ષ્મણ-સૂરીશ્વરજી મ. પૂ. ઉપાધ્યાયજી શ્રી જયંત-વિજયજી ગણિવર પૂ. પં. શ્રી વિક્રમવિજયજી ગણિવર તથા જૈન આગેવાનોમાં શેઠ રમણભાઇ હસસુખભાઇ, શેઠ જીવાભાઈ પ્રતાપસી, શેઠ માણેકલાલ ચુનીલાલ ઈ. સેવામાં હાજર છે. કનુ-નટુ પણ ખડે પગે ઉભા છે. એક તરફ નવકાર મંત્રની મધુરી ધૂન ચાલી રહી છે. કળાકારે આ રચનામાં પોતાની અનોખી કળા અને કૌશલ્યતા

દર્શાવી છે. હજારોના ધન્યવાદને પાત્ર બન્યા છે. અરે કેટલીક ડોસીઓ તો ગુરુદેવને સુખશાતા પુછતી હતી એવો જીવંત ભાસ કરાવતી આ રચનાએ લાખો લોકોના હૃદયને ડોલાવી મૂકયા હતા. પૂ. સ્વ. ગુરુદેવનું અંતિમ દષ્ય સ્મરણ થતાં કેંક ભાવુક આત્માઓના ચક્ષુઓ અશ્રૂ-ભીના બની જતાં હતા. લોકો ત્યાં ને ત્યાં જમા થતા હતાં. રચના શું કમાલ છે. શાબાશ! ધન્ય વાદ! આ શબ્દો સૌના કંઠમાંથી સ્હેજે સરી પડતાં હતાં.

**ચોથી રચના :** પૂ. સ્વ. ગુરુદેવની અંતિમ યાત્રાનું હતું, તે પ્રસંગે ઉમટેલી વિરાટ માનવ-મેદની ગમગીન બનીને એક બાજુ ઊભી છે. અને બાણગંગા ઉપર અગ્નિદાહ થઇ રહ્યો છે. ગુરુભકત શેઠ કાંતિલાલ કેશવલાલ સંઘવીએ રૂ. ૧૩૦૦૧)ની ઉછામણીથી અગ્નિસંસ્કાર કર્યો હતો. બાજુમાં સ્વ. આચાર્ય દાનસાગર સૂરિજીની પાલખી પણ છે.

આ બન્ને આચાર્યદેવોનો અગ્નિસંસ્કાર થતાં ચંદનની ચિતા રચાતા ભડભડ અગ્નિ જવાળાઓ ઉછળી રહી છે. એવી તો અદ્દભૂત અને અપૂર્વ આ રચના હતી કે જાણે આપણી નજર સમક્ષ આ ચિતાર બની રહ્યો છે.

**પાંચમી રચના :** મહાસતી સીતાજીની અગ્નિ પરિક્ષાની હતી. મહાસતી સીતાજી શિયળના પ્રભાવે ચિતામાં પડે છે, પણ એ અગ્નિ જળ રૂપ બની જાય છે. બાજુમાં શ્રી રામચંદ્રજી લક્ષ્મણજી લવ-કુશ અને જનતા ટગર ટગર જોઇ રહી હતી. આશ્ચર્ય અનુભવતી હતી કે ગજબ ગજબ અરે આ મહાસતીના શિયળના પ્રભાવે અગ્નિ પણ જળરૂપ થઇ ગયો હતો. લોકો જયજયકાર કરતાં હતાં. દષ્ય પણ એટલું જ આકર્ષક અનુપમ અને અદ્દભૂત હતું.

આ પાંચ હાલતી ચાલતી અને અનેરી ભાત પાડતી આકર્ષક રચનાઓ નિહાળવા-મુંબઇ તથા ઉપનગરોની જૈન-જૈનેતર જનતા કીડીયારાની જેમ ઊભરાઇ હતી. કેટલીકવાર સ્વયંસેવકો પણ વ્યવસ્થા સાચવવામાં નિષ્ફળ જતા હતાં. એટલો જબર જનતાનો ધસારો હતો. સૌ એકીઅવાજે મુક્તકંઠે પ્રશંસાના પુષ્પો વેરતાં હતાં. સૌ ભૂરિભૂરિ અનુમોદના કરતાં હતાં. અને પુણ્યના ભાગી-બનતા હતાં.

પાંજરાપોળના નાકા સુધ્ધી-ધજાપતાકા સોનેરી બોર્ડ, તોરણો અને રંગબેરંગી હજારો વિદ્યુત લાઈટોથી સર્વત્ર ઝગમગાટ થઈ રહ્યો હતો. શ્રી મહાવીર સ્વામીના જિનમંદિરના શિખરો વિદ્યુત લાઇટોથી ચમકી રહ્યા હતાં. અપૂર્વ રોશની હતી, અપૂર્વ ઉત્સાહ હતો, અદ્દભૂત વાતાવરણ હતું. અને અસાધારણ માનવ મહેરામણ ઉમટયો હતો.

## પ્રભાવક પ્રવચનો

આ મહોત્સવ ઉપર સ્વ. પૂ. પાદ ગુરુદેવના પટ્ટપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી વિજયલક્ષ્મણ-સૂરિજી મહારાજ, પૂ. નવીનવિજયજી ગણિ. તેમજ અત્રે બિરાજતા પૂ. ઉપાધ્યાયજી જયંત વિજયજી ગણિ. પં શ્રી વિક્રમવિજયજી ગણિ. તથા પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિ. પં. શ્રી કિર્તિવિજયજી ગણિ. આદિ ૩૧ સાધુભગવંતો એકત્રિત થયા હતાં.

દરરોજ લાલબાગની ચાલીના નીચેની વિશાળ જગ્યામાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્દ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના પ્રભાવક પ્રવચનો થતા હતાં. જનમેદનીની જબ્બર ભીડ જામતી હતી.

કાર્તિક વદ ૧૧ની બપોરે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવતાં પૂ. આચાર્ય શ્રી વિજય ધર્મસૂરિશ્વરજી આદિ મુનિવરો પણ પધાર્યા હતાં. શેઠશ્રી જીવાભાઇ પ્રતાપશી, શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ રમણભાઈ દલસુખભાઇ, શેઠ ગોવંદજી જેવત ખોના, શેઠ બાબુભાઇ છગનલાલ શ્રોફ, શેઠ કાંતિલાલ કેશવલાલ સંઘવી,

શેઠ જેઠાભાઈ થીઆ, શેઠ બકેશ્વરભાઈ હરીચંદ, શેઠ ગુલાબચંદ ગફુલભાઇ, શેઠ શાંતિલાલ શ્રોફ, આદિ આગેવાન ગ્રહસ્થોની હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી. છેલ્લે લાડુની પ્રભાવના થઇ હતી. દેવદ્રવ્યાદિમાં ઘણી સારી ઉપજ થઈ હતી. સ્વયંસેવકો તથા કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી ક્રિયા કરાવવા છાણીથી મોહનભાઈ ચીનુભાઇ પધાર્યા હતા.

પૂજ્યપાદ સ્વ. ગુરુદેવનો પુણ્ય પ્રભાવ કોઈ ગજબનો હતો. અંતિમ યાત્રાની વિરાટ મેદની અને આ ઉત્સવ પ્રસંગે ઉમટેલી વિરાટ જન-મેદની ખરેખર લોક હૃદયમાં તેઓશ્રીનું કેવુ અનોખું સ્થાન હતું તેના પ્રતિકરૂપ હતી.

બહારગામથી પણ કેંક ભાગ્યશાળી ભાવિકો આ ઉત્સવમાં પધાર્યા હતાં.

એકંદર મુંબઇ ખાતે આ મહોત્સવે જનતાને ખૂબ જ આકર્ષેલ હતી. પૂ. સ્વ. સૂરિદેવની સ્મૃતિ તાજી થતી હતી. અને આ મહોત્સવ અનુમોદનીય બન્યો હતો. જે મુંબઇના ઈતિહાસમાં ચિરસ્મરણીય રહેશે.

---

## —[ વિજય યાત્રા— અનુસંધાન પાન ૮૮૬ થી ચાલુ ]—

ચોમેર ઘેરૂં વાતાવરણ સર્જાયું હતું. કાળનું કૃપાણ કોમળ કાળજે ભોંકાઇ રહ્યું હતું. ચંદ્ર-વિકસિત કમળ ચંદ્ર જતાં જેમ બીડાઈ જાય તેમ ભૂમિ પર અપ્રમત્તપણે વિહરતા અને ચંદ્રની ચાંદની જેવી શીતળ વાણીનું પાન કરાવતાં પૂજ્ય પાદને જતાં નિહાળી દરેક વ્યકિતની હૃદયરૂપ કમળની કલિકાઓ સંકોચાયા વગર રહી નહીં. આવા હૃદયવેધક દૃશ્યથી સર્જાયેલી ભૂમિ પર અગ્નિસંસ્કાર કરવાની બોલી બોલાવા લાગી, પોતાના સમસ્ત કુટુંબ ઉપર પૂજ્યશ્રીનો અસીમ ઉપકાર યાદ કરી સ્વર્ગસ્થ પિતાશ્રીના વચનને જાણે સ્મૃતિપટમાં લાવતા ન હોય તેમ તેમના સુપુત્ર શેઠ શ્રી કાન્તિલાલ કેશવલાલ સંઘવીએ રૂા. ૧૭૦૦૧) માં આદેશ લઇ પોતાના પિતાનાં ઋણને અદા કરી પોતાના જીવનને કૃતકૃત્ય કર્યું.

અગ્નિસંસ્કારની વિધિ થઈ. ભડભડ કરતી જ્વાળાઓ જાણે ગગનને ચૂમવા લાગી. અને સાથોસાથ ચંદનની સુવાસ દશે દિશાએ ક્ષણભરમાં પ્રસરી, પ્રાન્તે પૂજ્ય ગુરૂદેવનો દેહ તેમાં વિલીન થઇ ગયો. આવી ભવ્ય અને અજોડ સ્મશાનયાત્રા—અંતિમયાત્રા મુંબાપુરી તો શું પરંતુ સમસ્ત ભારતવર્ષના ઇતિહાસમાં અજર અને અમર બની ગઈ. જીવન જીવતા ગયા અને જીવવાનું શીખવાડતા ગયા. દેહોત્સર્ગ કરતા ગયા. દેહોત્સર્ગ કરવાનું અનેરૂં શિક્ષણ આપતા ગયા. અનુપમ આરાધના કરતા ગયા અને અનેક આત્માઓને કરોડો નમસ્કારનો જાપ, કરોડોનો સ્વાધ્યાય, હજારો ઉપવાસો, આયંબિલો, એકાસણા, બેસણા, તથા છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ, માસક્ષમણ, બેમાસી, ચારમાસી, વર્ષીતપ, ઓળી, સામાયિક, લાખો નવી ગાથાઓ વગેરેની સુંદર આરાધના કરાવતા ગયા.

એ પ્રશમરસપયોનિધિની પુણ્યસ્મૃતિ મહાકાલના સુદીર્ઘ પ્રવાહમાં પણ ડુબે તેમ નથી.

એ શાસન મહારથીની શાસન રક્ષાનો થનગનાટ રગેરગમાં પ્રત્યક્ષ થતો હતો.

એ પુણ્યપુરુષનો પુન્યપ્રભાવ પાપાત્માઓને પણ પરમપદે પહોંચાડવા પ્રયત્નશીલ રહેતો

**ધન્ય હો એ મહાપુરુષને.**

**વંદન હો કોટિશઃ કોટિશઃ એ મહાપુરૂષને.**

★

# પૂ. આરાધ્યપાદની અમૃતવાણી

સંગ્રાહક : પૂ. મુનિરાજ શ્રી ગુણાકરવિજયજી મહારાજ

પૂ. પાદ પરમકૃપાળુ સૂરિદેવશ્રી જ્ઞાનના ભંડાર અને અનુભવના નિરવધિ સાગર હતા. તેઓશ્રીની વાણીમાં શ્રી જિનાગમોનું રહસ્ય સમાઈ જતું, સાંભળનાર સાંભળતા થાકે નહિ તેવી મનોરંજક તથા સારાસારનું ભાન કરાવનારી તેઓશ્રીની વાણીમાં શબ્દોનો પ્રાસ, ભાષાની મધુરતા તથા ભાવનું વૈવિધ્ય સમાયેલું રહેતું. તેઓશ્રીની વાણીને અક્ષરશઃ અહિં પ્રગટ કરવી શક્ય નથી. પણ તેઓશ્રીના વ્યાખ્યાનમાંથી વીણેલી ચિંતન કણિકાઓ અહિં રજુ થાય છે. તેઓશ્રીના આશયને જાળવીને સંગ્રહિત થયેલ આ વિચાર રત્નો અવશ્ય સર્વને પ્રેરક તથા ઉદ્બોધક બનશે એ નિઃશંક છે.

⊙

હે ભવ્યજનો રાગદ્વેષરૂપી સર્પનું વિષ ઉતારવા તમે વિવેકરૂપી મંત્રનું સેવન કરો. વિવેકમાં એવું સામર્થ્ય છે.

વિવેક બીજો સૂર્ય અને ત્રીજું લોચન.છે. તેજોમય પ્રકાશે છે. માટે વિવેક ને પકડો.

ક્ષમા, મૃદુતા, સરલતા અને સંતોષનું સેવન કરી ક્રોધાદિક કષાયોને પરિહરો.

જ્યાં સુધી રાગદ્વેષ છે ત્યાંસુધી સંસારનો અંત નથી. એટલે કે ત્યારે જ આત્મા પરમ પદને—મુક્તિને પામે છે; જ્યારે રાગદ્વેષ જાય છે.

ભવ્ય કલ્પિત અમૃતમાં મૂંઝાવો નહિ. સમતા અમૃતનું સેવન કરો. સમતારૂપી અમૃત મેળવી અનુભવ રસનું પાન કરો.

જેનાથી કષાય તાપ ઉપશમે અને આત્મામાં સહેજ શાંતિ પ્રસરે એજ અભ્યાસ સદ્કર્તવ્ય છે.

## શરીરને શિક્ષા

૧. શરીરને પોષવું તે નિરૂપકારી પર ઉપકાર કરવા જેવો છે.

૨. શરીર તારૂં પોતાનું નથી પણ મોહ-રાજાએ બનાવેલું બંદીખાનું છે.

૩. શરીર તારી નોકરીમાં નથી પણ તે તો મોહરાજાની સેવામાં છે.

૪. શરીરરૂપી કેદખાનામાંથી છુટવા માટે તારે અસાધારણ પ્રયાસ [પુરુષાર્થ] કરવો ઘટે છે.

૫. શરીરરૂપી કેદખાનામાંથી છુટવાનો ઉપાય પુણ્યરૂપી પ્રકૃતિનો સંચય કરવો તે છે.

૬. શરીરને ઓછું પંપાળવું અને ઈન્દ્રિયોનો સંયમ કરવો.

૭. શરીરથી આત્મહિત કરવા ધર્મધ્યાન કરવું.

૮. શરીર એ ભાડાનું ઘર છે.

૯. શરીરને છોડતી વખતે જરાપણ દુઃખ લાગે નહિ એવી વૃત્તિઓ રાખવી.

૧૦. શરીરની અશુચિ પર વિચાર કરવો.

જેનું મૂળ વ્રત ગયું તેનું ચારિત્ર ગુમ થયું.

જેનું મન સ્થિર હોય તેનું સર્વ સ્થિર હોય, જેનું મન અસ્થિર હોય તેનું સર્વ અસ્થિર હોય.

જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમ્યું ન હોય અને આગળ વધે તો અભિમાન આવે.

તીર્થંકરદેવને ગુરુ હોય તો લાંછન અને બીજાને ગુરુ ન હોય તો લાંછન.

દારૂ એ દુર્ગતીનો નારૂ છે.

જેમને સંસારની ઈચ્છાઓ પ્રબળ હોય તેને જન્મ-મરણ વધારે હોય.

જ્યાં હનન છે ત્યાં પ્રભુના શાસનનું મનન નથી.

તપનું અજીરણ કષાય છે. ક્રિયાનું અજીરણ નિંદા છે. જ્ઞાનનું અજીરણ અભિમાન છે. અને ક્ષુધાનું અજીરણ વમન છે.

સમકિત દૃષ્ટિનું જ્ઞાયક જ્ઞાન અને ચારિત્રવાળાનું જ્ઞાન તે પ્રેરક જ્ઞાન. જે જ્ઞાનથી સમજવાપણું મળે તે જ્ઞાયક જ્ઞાન અને જે જ્ઞાન થાય અને તે તરત અમલમાં મુકે તે પ્રેરક જ્ઞાન.

જ્યાં મઝા છે ત્યાં કજા છે ને ત્યાં જ કર્મ રાજાની સજા છે.

જે આઠ કર્મરૂપી ઈંધન સંસારના ચુલામાં બાળ્યા કરે છે તે આઠ કર્મને શુકલ ધ્યાનની અગ્નિથી જેણે બાળી નાખ્યા છે. તે સિદ્ધ ભગવાનને મારો નમસ્કાર થાવ.

જ્ઞાન-દર્શનને ચારિત્ર આધેય છે ને આત્મા આધાર છે. વસ્ત્રદાન, ધનદાન ને અન્નદાનની સાથે જ્ઞાનદાન હોય તો ગેર ઉપયોગ ન થાય.

જેનામાં જ્ઞાન આબાદ છે, ચારિત્રની રમણુતા છે, ને દર્શનમાં ખ્યાલ છે, તે ત્રીજે ભવે મોક્ષમાં જાય છે.

સંસારમાં દંડ છે ને દંડ છે ત્યાં દુઃખનું ફંડ છે. દુઃખનું ફંડ છે ત્યાં કર્મનું ઝુંડ છે.

જેનામાં વિનય ન હોય તે શિષ્ય નહિ. ને જેનામાં રણમાં ઝઝુમવાની તાકાત નહિ તે સુભટ નહિ. આપત્તિમાં કામ ન આવે તે મિત્ર નહિ. પતિનું કહેલું માને નહિ તે પત્ની નહિ. તીર્થંકરોની આજ્ઞાનું પાલન ન કરે તે જૈન નહિ.

આશા અનંતી છે. જે અનંતી આશામાં ફરે છે તે અનંતો સંસાર ભમે છે.

જ્ઞાનનો દરીયો ક્રિયાનો ભરીયો તે ભવસાગરથી તરીયો અને સંસારનો હરીયો.

ચાંદની રાતથી વધારે સુખ આપનારૂં શું? અને ગગનથી મોટી વસ્તુ શું? ચાંદનીથી વધારે સુખ આપનાર જિનેશ્વર ભગવાનની વાણી છે, અને ગગનથી મોટી સજ્જનોની બુદ્ધિ. ચાંદની આ લોકને તથા કામીઓને આનંદ આપનારી છે, પણ જિનેશ્વરદેવની વાણી તો ભવોભવ સુખ આપનારી છે. સજ્જનોની બુદ્ધિ અનેક સંકટોમાંથી ટાળનારી છે. સજ્જનો કોઈને પણ બગાડે નહિ. અને તેની પાસે વસવું એ આત્માનુ શ્રેય કરનાર છે, જ્યારે દુર્જનોનો સંગ મારનાર છે, અગ્નિ તો એક વાર મારે પણ દુર્જનોની સોબતથી અનતાભવ હારી જાય છે.

સમકિત એ ઉત્તર ધ્રુવનો તારો છે અને મિથ્યાત્વ એ આગીયો તારો છે. સમકિત મુકિતને પંથે લઈ જનાર છે. અને મિથ્યાત્વ એ દુર્ગતિમાં લઈ જનાર છે.

# શ્રદ્ધાંજલિ સભા

પૂ. પાદ જૈનરત્ન વ્યા. વા. આચાર્યદેવશ્રીના સ્વર્ગારોહણથી મુંબઈનગરીમાં તથા દેશ–પરદેશના ભાવિક હૃદયોમાં અપાર શોકની લાગણી પ્રસરી હતી. તે પૂ. પાદશ્રી પ્રત્યેની ભક્તિભાવભરી લાગણીને શબ્દદેહ આપી શ્રદ્ધાંજલિ સમર્પિત કરવા મુંબઈ ખાતે તા. ૨૦–૮–૬૧ના દિવસે જે વિરાટ સભા યોજાઈ હતી. તેનો અહેવાલ મુંબઈના સ્થાનિક પત્રો મુંબઈ સમાચાર, જનશક્તિ, જન્મભૂમિ આદિમાં જે પ્રસિદ્ધ થયેલ તથા બહારગામના દૈનિકપત્રોમાં તેમજ જૈનસમાજના સાપ્તાહિક, પાક્ષિક અને માસિક પત્રોમાં જે અહેવાલ પ્રસિદ્ધ થયેલ તે પરથી તારવીને અહિં પૂ. પાદશ્રીને અર્પિત થયેલ શ્રદ્ધાંજલિ અંગેનું સવિસ્તર વૃત્તાંત રજૂ થયું છે.

'કલ્યાણે' પણ તે અવસરે પૂ. પાદ સ્વ. સૂરિદેવશ્રીને પોતાની લાગણીભરી શ્રદ્ધાંજલિ સમર્પિત કરી હતી.

⊙

તા. ૨૦–૮–૬૧ના રોજ બપોરના ત્રણ વાગે પૂ. આચાર્ય મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. તથા આ. શ્રી દાનસાગર સૂ. મ. ના સ્વર્ગવાસ નિમિત્તે મુંબઈની સીત્તેર ઉપર સંસ્થાઓના ઉપક્રમે શ્રી ગોડીજી મહારાજ જૈન ઉપાશ્રયમાં પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. મ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સ્વર્ગસ્થ આચાર્ય મહારાજોને ૩ હજાર ઉપરની મળેલી વિરાટ સભામાં હાજર રહેલા વક્તાઓએ ભવ્ય અંજલી આપી હતી.

પ્રાધ્યાપક શ્રી ઘનશ્યામ જોષીએ શ્રદ્ધાંજલી અષ્ટક ભાવવાહી સ્વરે ગાયું. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજીએ સ્વરચિત સ્તુત્યાષ્ટકથી પૂજ્યશ્રીને પોતાની અંજલિ અર્પી.

શ્રી ધીરજલાલ ટો. શાહે દેશવિદેશથી આવેલા તારની નોંધ તથા મહોત્સવના સમાચાર આપ્યા હતા. પૂ. આ. શ્રી વિજયોદયસૂરિજી મ. પૂ. આ. શ્રી વિનયસૂરિજી મ. પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરિજી મ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરિજી મ. પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરિજી મ. પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મ. પૂ. આ. શ્રી. કીર્તિસાગરસૂરિજી મ. પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજી મ. (પૂ. આ. શ્રી ભક્તિસૂરિજી મ.ના) ઇત્યાદિના તાર સંદેશાઓ વિશિષ્ટ નોંધનીય હતા. પીંડવાડા, રાજકોટ, આકોલા, ઈત્યાદિ સ્થળોએ શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થઇ ગયા છે. તદુપરાંત ગામેગામથી મહોત્સવો શરૂ થવાના છે, તેવા સમાચાર સતત મળતા રહે છે.

પૂ. આ. ભગવંતના પરમ ભક્ત રાવબહાદુર શ્રી. જીવતલાલ પ્રતાપશીએ પૂ. શ્રીને પોતાની ભાવભરી હાર્દિક શ્રદ્ધાંજલી ગદ્‌ગદ કંઠે આપતાં કહ્યું કે, 'ધર્મની મને જે થોડી ઘણી લાગણી થઈ હોય અથવા તો સમજ્યો હોઉં તો તે આ પરમપૂજ્ય ગુરુ–ભગવંતની પરમ કૃપાના યોગેજ.' પૂજ્યશ્રીના અનેકાનેક ગુણો સંબંધી બોલતાં તેમણે જણાવ્યું કે, 'એમના બધા ગુણોનું વર્ણન અશક્ય છે. છતાં પણ ફક્ત બે ગુણો મને અત્યારે ખાસ યાદ આવે છે. એક તો પૂજ્યશ્રીની અનુગ્રહવૃત્તિ, **મારા સંઘ સમયે પૂજ્યશ્રી અતિઉગ્ર વિહાર કરીને પધાર્યા** અને વચવચમાં અનેક ગામોમાં દિવસો સુધીના 'અ–મારી' 'પડહ' વગડાવીને મારા ઉપર તેમજ મૂક જીવો ઉપર અતિ અનુગ્રહ કર્યો હતો.

છેલ્લા પંદર દિવસથી પૂજ્યશ્રી અનેકાનેક રોગોથી ઘેરાયેલાં હોવા છતાં પણ જે ભવ્ય રીતે નવકારમંત્ર તથા અરિહંતની ધૂન સાથે તન્મય બનતા હતા, અને અપૂર્વ સમાધિ તથા આત્મમગ્નતા સાચવી રહ્યા હતા, તે એક ઉદાત્ત ઉદાહરણ આપણને પુરૂં પાડી દે છે. આગળ હું શું કહું ?' એટલું બોલતાં એમની આંખો પૂજ્યશ્રીની ગૌરવ ભરેલી મહાન યાદમાં અશ્રુભીની બની ગઈ હતી.

ભારતની રાજ્યસભાના માનનીય સભ્ય શ્રી કે. કે. શાહે પૂજ્યશ્રીને અંજલિ આપતાં જણાવ્યું હતું કે, 'જ્ઞાન અને વિજ્ઞાનનો ઉપયોગ જો વિરાગ માટે ન થાય તો વિનાશ ઉભો થાય. **જ્ઞાન અને વિજ્ઞાનના સંઘર્ષથી તો મહાભારતનું યુદ્ધ થયું અને વિનાશ સર્જ્યો.** માટે પ્રાચીન મહર્ષિઓ જણાવે છે કે અધિકારીઓના હાથમાંજ જ્ઞાન જવું જોઇએ. **આજે આપણે એટમબોમ્બ બનાવીને બધાને બતાવ્યો ને બધાને માટે વિનાશનો ભય સર્જ્યો. અનધિકારીના હાથમાં જ્ઞાન આવ્યું એના કારણે જ આ પરિણામ આવ્યું.**

વિરાગની સાથે ન્યાયની આવશ્યકતા છે. મને એક વાત યાદ આવે છે. કુંતા માતા મહાભારતના યુદ્ધની શરૂઆતની આગલી રાત્રે મહારથી કર્ણની પાસે પંડુ પક્ષમાં ભળવાની દરખાસ્ત લઇને ગયા. તે વારે કર્ણે કહ્યું 'માતા, હવે પુત્ર તરીકે હું તને યાદ આવુ છું ? અને તે પણ વળી દુઃખના દિવસોમાં ? તમારા સુખના દિવસોમાં લોકોએ મને દાસીપુત્ર દાસીપુત્ર કહીને વગોવ્યો. છતાંપણ તમારૂં માતૃહૃદય છાનું બેસી રહ્યું. મા એ વિશ્વાસઘાત ન બની શકે. અન્યાયનો બદલો લેવોજ રહ્યો.' તે વખતે કૃષ્ણે કહ્યું કે, 'કર્ણ ! માતાએ અન્યાય કર્યો છે જરૂર, **પણ અન્યાયનો બદલો અન્યાયના પડખે રહીને ન લેવાય.** અન્યાયના પડખે રહીને જો અન્યાયનો બદલો લેવાય તો ન્યાય આવતાં પહેલાં અન્યાયની વૃધ્ધિજ આપણે કરી રહ્યા છીએ એમ માનવું રહ્યું,' તેથી જ જ્ઞાન, વિજ્ઞાન, વિરાગ, સત્ય અને અહિંસા આ પાંચે ચીજનો સંગમ જોઈએ જ, અને એ પાંચેનો સંગમ મહાપુરુષોમાં દેખાય છે. આ બે જે મહાપુરુષો સ્વર્ગે સિધાવ્યા તેમને મારી ભાવભરી અંજલી આપું છું.'

શ્રી ગોવિંદજી જેવત ખોનાએ પોતાના તથા સ્વકુટુંબ ઉપરના પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ના મહાન અનુગ્રહને અંજલી આપી.

પૂ. આ. શ્રી. વિજયલબ્ધિસૂરિશ્વરજી મ.ના અતિ નિકટના ભકત અને પૂજ્યશ્રીના દેહનો અગ્નિસંસ્કાર કરનાર સુશ્રાવક શ્રી કાન્તિલાલ કેશવલાલ સંઘવી (કાપડીયા)એ ભરાયેલાં હૈયે બોલતાં જણાવ્યું હતું કે, 'પ. પૂ. આ. મ.ના મારા નિકટતમ પરિચયમાં એ પૂ. શ્રી માં અનેકાનેક ગુણો જોવામાં આવ્યા હતા, કે જેનું વર્ણન અશકય છે. છતાં પણ એક ગુણનું વર્ણન આ તકે કરવું હું ઉચિત ધારૂં છું. તે સર્વ **પ્રતિ અપ્રતિમ સમભાવ;** નાનો હોય કે મોટો હોય, રાય હોય કે રંક હોય. બાકી તો એમને ગુમાવવાથી આપણે ઘણું ઘણું ગુમાવ્યું છે, અને વિશેષ કરીને મારા કુટુંબે ધર્મ વડીલ માર્ગદર્શક અને ઉધ્ધારક ગુમાવ્યા છે. હવે એમના આદર્શ ઉપર ચાલવાનો નમ્ર પ્રયત્ન કરી તેમનું ઋણ ચુકવવાનો આપણે પ્રયત્ન કરીયે.'

ધાર્મિક શિક્ષક શ્રી વેલજીભાઇ દામજીભાઇએ સુમધુર સ્વરે દર્દજનક ને કરૂણાપ્રેરક ભાવભીના કંઠે પ. પૂ. ગુરુભગવંતોનું ગીત ગાઇને સારી યે સભાને અશ્રુભીની કરી દીધી હતી.

ફ્રાન્સથી ભારતીય યોગના અભ્યાસ કરવા આવેલને પાછળથી જૈન ધર્મમાં બહુજ ઉંડો રસ લેતા તથા શક્તિ અનુસાર આચરણ પણ કરનાર પેરીસ યુનીવર્સીટીના પ્રો૦ ડો. ગીલ્બર્ટે ઇંગલીશમાં બોલતા જણાવ્યું હતું કે 'આ સભામાં મને બોલવાનું મળ્યું છે તેને મારૂં સદ્ભાગ્ય

સમજું છું. ફ્રાન્સની આમ જનતા વતી આ પૂજ્ય મહાપુરૂષોને હું ફ્રેન્ચ નાગરિક, મારા દેશ-બાંધવોનાં પ્રતિનિધિ તરીકે હજારો સલામો ભરૂં છું. પૂ. આ. વિજય લબ્ધિસૂરિજી મ.ને થોડો વખત પહેલાં તેઓ બિમાર હતા ત્યારે મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. **પૂ. આચાર્યશ્રીએ તે વખતે જણાવ્યું હતું કે, યુરોપમાં જૈન ધર્મનો ખૂબ પ્રચાર થવો જોઈએ. ફરી એકવાર મારા દેશ-બંધુઓ તરફથી તેમને અસીમ માન સાથે સલામ ભરૂં છું. બોલો ભાઈઓ ઓમ્ નમો અરિહંતાણં.'**

ત્યાર બાદ શ્રી ગોડિજી જૈન દેરાસરના ટ્રસ્ટી શ્રી. ભાઈચંદભાઈએ પૂ. આચાર્ય ભગવંતનો સવિસ્તાર માહિતીપૂર્ણ પરિચય આપ્યો હતો.

કોંગ્રેસના જાણીતા કાર્યકર અને બી. પી. સી. સી.ના ઉપાધ્યક્ષ શ્રી રામસહાય પાંડેએ પૂ. આ. ભ. ને ભાવભરી અંજલિ અર્પ્યા બાદ જણાવ્યું હતું કે 'હમારે ભારત વર્ષમેં મુનિવરોં કા સ્થાન અગત્ય કા હૈ. વે પૂજ્ય ભારતીય સંસ્કૃતિકા ઝડપસે ઉદ્ધાર કર સકેંગે. ઔર હમ સબ ભારતીય પ્રજાજન અભી ઉનકી ઔર નજર ડાલતે હૈ. અંતમે ફીરસે મેં દોનોં મહાત્માઓંકો અંજલિ સમર્પિત કરતા હું.'

મુનિ શ્રી હરિભદ્રવિજયજીએ કહ્યું હતું કે, 'જનતા, પ. પૂ. શ્રીની એક યા બીજી રીતે ઋણી છે કારણ કે એમની અંદરથી નીકળતા ધર્મપ્રવાહો ભારતીય પ્રજાને ધર્મરુચિ પેદા કરનારા હતા.'

પૂ. પં. શ્રી. કીર્તિવિજયજી મહારાજે પૂ. આ. શ્રી નો સતત્ સ્વાધ્યાય-પ્રેમ વર્ણવ્યો, ને તેઓશ્રીની સમાધિ અર્થે જે અરિહંતની ધૂનનો મહાયજ્ઞ ચલાવ્યો હતો, તેનો ચિતાર રજુ કર્યો હતો.

પ. પૂ. આ. શ્રી. વિજયલબ્ધિસૂરિજી મ ના નિકટતમ શિષ્યરત્ન પૂ. પં. શ્રી વિક્રમ વિજયજી મહારાજે જણાવ્યું કે, 'શાસન શિરતાજ સ્વર્ગે સીધાવ્યા, શાસનના રક્ષક આપણને છોડી ચાલ્યા ગયા. પૂ. ગુરુ ભગવંત અંતિમ સંદેશા તરીકે જણાવી ગયા છે, **'ગુણાનુરાગ શીખજો, નિંદા સર્વથા ત્યાજય છે.'** પૂ. શ્રી. ને દાન સાથે અણકલ્પ્યો સંબંધ છે. પૂ. શ્રી. ની આચાર્ય પદવી પણ પ. પૂ આ. ભ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ ની સાથે થઇ, અને પૂ. શ્રીની સ્મશાન યાત્રા પણ જોગાનુજોગ આ શ્રી. દાનસાગરજી સૂરિજી મ. ની સાથે નીકળી આનાથી વધારે દાન જોડે સંબંધ જીંદગી પર્યંતનો છે, **કારણ કે તેમણે આ જીવન જ્ઞાન દાન કર્યાજ કર્યું છે.** પૂ. શ્રી ને ખંભાતમાં આંખે મોતિયો આવ્યો ત્યારે આંખે દેખાતું લગભગ બંધ થઇ ગયું હતું છતાં પણ ઉત્કટ સ્વાધ્યાય પ્રેમનાં કારણે મોટા ટાઈપની ઉત્તરાધ્યયન સૂત્રની પ્રતિ મંગાવીને એક એક અક્ષર વાંચીને ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીસ અધ્યયનો મૂળ યાદ કર્યા હતા. એ અધ્યયનનો પાઠ છેલ્લી માંદગીમાં પણ કરતાજ રહયા હતા. પૂ શ્રી નાં એ અજોડ પ્રેમ હતા, શાસન પ્રેમ, અને સત્ય-પ્રેમ.'

પૂ. મુનિશ્રી યશોવિજયજીએ બોલતા જણાવ્યું હતું કે 'પૂ. આ. ભ. શ્રી. વિજયલબ્ધિસૂરિજી મ.ના જીવનને એક કિતાબ માનીને જોઇએ તો તે સુવાસથી મહેકતું છે, **તેઓશ્રીની છેલ્લી બીમારીમાં તે વખતની પૂ. શ્રીની અપૂર્વ સમાધિ જોઇને દિલ હર્ષથી નાચી ઉઠયું હતું.'**

પૂ. આ. મ. શ્રી. વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે બોલતા જણાવ્યું હતું કે 'જનમ-મરણ એ તો સંસારનો નિયમ છે. ફૂલ કરમાઈ જાય છે તો તે પણ સુગંધ મૂકી જાય છે, તો પછી પૂ. મુનિ ભગવંતો મૂકી જાય તેમાં શું નવાઇ છે, અંતમાં તે સુવાસને આપણા જીવનમાં ઉતારવી જોઇએ' એવી અપીલ કરી હતી.

પ્રમુખસ્થાનેથી પ. પૂ. આ. મ. શ્રી. વિજય લક્ષ્મણસૂરીજી મહારાજે બોલતા જણાવ્યું હતું કે,–

આજે પૂ. શ્રીને શ્રધ્ધાંજલી આપવાનાં જે શુભ પ્રયત્નો થયા છે તે પ્રશંસનીય છે. **પૂ. શ્રીનાં** શિષ્ય તરીકે તેમનાં પરિચયમાં હું ૪૮ વર્ષ સુધી ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છું. પૂ. શ્રીના ગુણો વર્ણવી શકાય એમ નથી. પૂ. શ્રીની પ્રસાદીક કૃતિઓ દ્વાદશારનયચક્ર, તત્ત્વન્યાયવિભાકર, વૈરાગ્યરસ-મંજરી, સંમત્તિતત્ત્વસોપાન ઈત્યાદિ જોતાં હૃદય થનગની ઉઠે છે. પૂજ્યશ્રીની શીઘ્ર કવિત્વની શકિત તો અવર્ણનીય હતી. પૂ. **શ્રીએ મુલતાન વિસ્તારમાં એટલી જોરદાર રીતે અહિંસાનો પ્રચાર કર્યો હતો કે જેનાં કારણે એક એક સભામાં ૫૦૦-૫૦૦ માણસો માંસાહારનો ત્યાગ કરીને શુધ્ધ શાકાહારી બની ગયા હતા.** શારીરિક અસ્વસ્થતામાં પૂ. શ્રીની અંતરની પરમ સમાધિ આપણને ભવ્ય માર્ગદર્શન આપી જાય છે. પૂ. શ્રી તો પંડિત મરણને પામી ગયા ને આપણે સૌએ એ માટે પ્રયત્ન કરવો રહ્યો. જે ભાઈઓએ એકતાની વાતો કરી છે એ સંબંધમાં જણાવવાનું કે 'સંઘમાં એકતા નથી,' કરીને સંઘને બદનામ ન કરો. સાથે બેસો છો, સાથે ખાવ છો, સાથે પીવો છો. મતભેદો છે એ હકિકત છે. તો તેનાં નિવારણાર્થે સક્રિય કાર્ય કરો. પ્લેટફોર્મ મળે એટલે આવી વાતો ન કરો. પણ મૂંગા મોઢે કાર્ય કરીને બતાવો. અમારે એકતા જોઇએ છે. **મારૂં-તારૂં છોડી દો. સિધ્ધાંત અને શાસ્ત્રને વચમાં રાખીને એકતાનો પ્રયત્ન કરો, પોતાના ધંધા છોડીને આ કરો તો એકતા ટુંકમાં આવે. સિદ્ધાંત તો આપણા માર્ગદર્શક છે. એ ન છોડાય. સહુ પોતાની ખામી દૂર કરો** કોઈ કોઈનામાં માથુ ન મારો. **સુલેહ સમિતિ નીમો. આપણા ૨૫ લાખ જૈનો જો એકત્ર થાય તો તે ૨૫ ક્રોડ કરતાં પણ વધારે છે.**

શ્રી વાડિલાલ ચત્રભુજ ગાંધીએ આ સભા બોલાવવામાં સહકાર આપનાર ૭૦ (સીત્તેર) ઉપર સંસ્થાઓનો તથા એક યા બીજી રીતે મદદ રૂપ નીવડનાર દરેકનો આભાર માન્યો હતો.

અંતમાં શ્રી. કેશવલાલ મોહનલાલે સ્વ. પૂ. શ્રી. ને અતિપ્રિય નવકારમંત્રની ધૂન બહુજ ભાવવાહિ રીતે ગવડાવી હતી.


## શ્રી શત્રુંજય તિર્થપટ

અમો શત્રુંજય આદિ કોઇ પણ તિર્થના પટો ઉંચી જાતના કેનવાસ પર પાકા રંગથી પાણીથી ધોઇ શકાય તેવા, સાચા સોનાના વરખવાળા, રચનાત્મક અને દર્શનીય પટો બનાવીએ છીએ.

વિશેષ માહિતી અને ભાવ તથા સાઇઝ માટે આજે જ લખો : જુના અને જાણીતા

**હરિભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

**શત્રુંજય પટ બનાવનાર**

**તળાવમાં, પાલીતાણા (સૌરાષ્ટ્ર)**

## શ્રી જિનપ્રતિમાના લેપ માટે

**વિખ્યાત કલાકાર**

પ્રતિમાજીના ખંડિત થએલ અંગ મસાલાથી બનાવીને **પ્રભુને સુંદર ચકચકિત મનોહર મજબૂત લેપ** કરી આપનાર.

મુંબઇ, સૌરાષ્ટ્ર, મારવાડ, કચ્છ, વાગડ, તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણભારતમાં પ્રતિમાજીને લેપ કરી સંતોષપત્રો મળેલા છે, જૈનશાસન સમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર લેપ કરી આપનાર.

**પેઇન્ટર શામજી ઝવેરભાઇ** તથા

**„ ઝવેરભાઇ ગોવીંદ**

**ઠે૦ જગુમીસ્ત્રીની શેરી—પાલીતાણા**

# અહિંસાના મહાન ઉપદેશક

શ્રી મગનલાલ પી. દોશી
માનદ મંત્રી, 'મુંબઈની શ્રી જીવદયા મંડળી' મુંબઇ.

જૈન રત્ન વ્યાખ્યાન વાચસ્પતિ, શાસનદીપક, સાહિત્ય શિરોમણી, બાળ બ્રહ્મચારી પરમપૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ જેવા સંત મહાત્માનો આપણા દેશમાં જન્મ થયો. આપણા અહો-ભાગ્ય કે એમની અપૂર્વ સેવાનો લાભ સમાજ અને રાષ્ટ્રને ઘણો મળ્યો.

જૈન સાધુ સંસ્થાઓની તો અનેક વિશિ-ષ્ટતાઓ છે. તેમાંની કેટલીક તો અજોડ છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુની વ્યાપક અહિંસાનું સંપૂર્ણ પાલન, ઘણું કઠીન એવું સંપૂર્ણ અપરિગ્રહવ્રત, પાંચ મહાવ્રતોનો અંગિકાર, અનેક જાતના કડક યમનિયમો હસ્તે મુખે પાળવા, આચરણમાં લેવા, આ બધું જગતના લોકોને વિસ્મય પમાડે તેવું છે.

અનેક પરિષહો પ્રેમથી, આનંદથી સહન કરી, ટાઢ તડકો, ભૂખ અને તરસ તરફ દુર્લક્ષ સેવી, આત્મામાં સદા મશગુલ બની, ઉઘાડે પગે અને કોઇ પણ જાતના વાહન વગર દેશના શહેરો, ગામડાઓ, જંગલો, ભયંકર માર્ગમાં, ભારતના ખૂણે ખૂણે પ્રવાસ કરી પહોંચવું, જનતાને સત્ય, અહિંસા, ધર્મનો સાચો રાહ બતાવી, આધ્યાત્મિક જ્ઞાનદ્વારા, આત્મભાન કરાવવું અને ઉપદેશની અમૃત-ધારાથી, મુગ્ધ કરવા એજ પરમપૂજ્ય આચાર્ય-દેવનું મુખ્ય ધ્યેય અને હંમેશનું નિયમિત કાર્ય હતું. ભારતના કેટલાક ગામો તો એવા હતા કે જ્યાં આજ દિવસ સુધી જૈન મુનિ-વરો જઇ શકેલા નહીં, ત્યાં તેઓ રસ્તાના અનેક કષ્ટો વેઠીને પણ પહોંચી જતા.

આ ભૌતિકવાદના યુગમાં, વિજ્ઞાનમાં મશગુલ બનેલા વિશ્વના મહાન રાષ્ટ્રોમ, આપણે જોઇ શકીએ છીએ કે, સૌ કોઇ જેમાં પ્રગતિ માની બેઠા છે, એવા સરક્ષણ અને સંહારના સાધનો પાછળ ગાંડા ઘેલા બની ગયા છે. સમય અને અબજો રૂપીઆની, ડોલરની, પૌંડની, સંપત્તિનો વ્યય કરી રહેલા છે. કોઇપણ રાષ્ટ્રે વિશ્વને વિનાશમાંથી કેમ ઉગારી શકાય, તેવા માર્ગ સુચવ્યા નથી. જગતને તેવો ઉપદેશ આપ્યો નથી.

પરમપૂજ્ય આચાર્યદેવને પૂર્વના કોઈ પુણ્યોદયે, અને પૂર્વના મહાન સંસ્કારને લઇ બાલ્યાવસ્થામાં જ, એમનામાં કોઇ ઉત્કૃષ્ટ સંસ્કારોનો ઉદય થયો. જગતના તુચ્છ વૈભવો એમને લલચાવી શકયા નહીં. કોઇ પ્રલોભનો એમને સસારમાં ઘસડી શકયા નહીં. આત્મ-કલ્યાણની અને વૈરાગ્યની મહાન ભાવના જાગી, સંસાર છોડી, સંયમ ગ્રહણ કર્યો, સમાજના અહોભાગ્ય કે, એક મહાન પ્રભાવ-શાળી તારક મહાપુરૂષના જેવી, એમની અનેક સેવાઓ સમાજ અને શાસનને સાંપડી.

એમના ઉપદેશોનો લાભ જૈનો ઉપરાંત પારસીઓ, ખ્રીસ્તીઓ, વેશ્નવો, લીંગાયતો, અને અન્ય જૈનેતર જનતા અને અન્ય ધર્મના ઘણા કુટુંબોએ લીધો, તેઓએ દારૂ માંસ છોડયા, સદાચારી બન્યા, પૂજ્યશ્રીએ આ રીતે, રાષ્ટ્ર, શાસન, અને સમાજ ઉપર મહાન ઉપકારો કર્યા, જે ઉપકારો સમાજ કદી ભૂલી શકશે નહીં.

# નિઃસ્પૃહી ગુરૂદેવ

**શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, મુંબઇ.**

મુંબઇના સુપ્રસિદ્ધ શાહસોદાગર, ઉદારદિલ શેઠ શ્રી માણેકલાલભાઇ પૂ. પાદ પરમગુરૂદેવના ગુણગણને અંજલિ અર્પતાં તેઓશ્રીના સ્વાધ્યાય પ્રેમ તથા ગુણને અહિં બિરદાવે છે.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય ગુરુદેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસથી સમગ્ર જૈનસમાજને ભારે ખોટ પડી છે.

પૂ. મહારાજશ્રીનાં દર્શનાર્થે જ્યારે જ્યારે હું જતો હતો ત્યારે તેમની સ્વાધ્યાય પરાયણતા જોઇ હું મુગ્ધ બની જતો હતો. પલાંઠીવાળી અડગ બેઠક જોતાં મને ખૂબ ખૂબ આનંદ થતો અને એમ થતું કે, 'અહીંનો અહીં ઊભો રહું!' એમની નિસ્પૃહાએ તો મને ખૂબજ આકર્ષ્યો હતો. એઓશ્રીના અંતિમ દિવસોમાં ઘણીવાર એમનાં દર્શનાર્થે જતો હતો, તેઓશ્રી સખત બિમાર હોવા છતાં તેમની સ્મૃતિ તથા પ્રસન્ન મુખમુદ્રા અને મધુરતાથી છલકતાં ધર્મલાભની શુભ આશિષ મેળવતાં મારુ હૈયું નાચી ઉઠતું હતું. આવી સખત બિમારીમાં મેં એક દિવસ કામકાજ પૂછ્યું ત્યારે તેઓશ્રીએ કહ્યું કે '**શાસનની ખૂબ સેવા કરો**' મેં કહ્યુ કે 'મેં આટલા જીવ આજે છોડાવ્યા છે' આ સાંભળી ખૂબ હર્ષથી તેઓશ્રી અનુમોદના કરતા હતા. આ બધું જોતાં મારા હૃદયમાં કંઇક ઓરજ પ્રભાવ પડયો હતો, તેઓશ્રી છેલ્લી ઘડીએ પણ અપૂર્વ સમાધિમાં હતા. નમસ્કાર મહામંત્રનું સ્મરણ અવિરત ચાલુ જ હતું.

એઓશ્રીએ જૈનશાસનની મહાન પ્રભાવના કરી છે. આવા એક જૈનશાસનના મહાન-જ્યોતિર્ધર-પરમોકારી ગુરુદેવને અમારા

**ભાવભર્યા લાખખો વંદન હો.**

( અનુસંધાન પાન ૮૯ ચાલુ )

એમના સ્વર્ગવાસથી એકલા જૈન સમાજને નહીં પણ, એમના જૈનેતર હજારો ભકતોને અને રાષ્ટ્રને મહાન ખોટ પડી છે. ભારતમાં આજે જ્યારે હિંસાનુ તાંડવ ચાલી રહ્યું છે, ત્યારે પરમપૂજ્ય આચાર્યદેવ જેવા, અહિંસાના મહાન ઉપાસક, અને તત્વચિંતક ઉપદેશકની ઘણી જ જરૂર હતી, પણ દેશના કમભાગ્યે તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા. સમાજ આજે એટલી શાંત્વના લે છે કે, તેઓ પોતાની પાછળ આદર્શ, ચારિત્રશાળી અને વિદ્વાનોનો મોટો શિષ્ય સમુદાય આપણા માટે, તૈયાર કરી મૂકતા ગયા છે, એટલા આપણા અહોભાગ્ય. અમારા—આપણા લાખો વંદન હોજો, પરમ પવિત્ર આચાર્યદેવના પુણ્યાત્માને.

એમના પૂનિત પગલે ચાલી, એમના સુશિષ્યો પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયલક્ષ્મણ સૂરિશ્વરજી મહારાજ, શતાવધાનિ પૂજ્ય કીર્તિવિજયજી મહારાજ તથા વિશાળ શિષ્ય સમુદાય આજે ધર્મ પ્રભાવના દ્વારા સદાચાર, સત્ય અને અહિંસાનો પ્રચાર કરી શાસન, સમાજ અને રાષ્ટ્રની સંગીન સેવા કરી રહેલા છે. શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુની વ્યાપક અહિંસાના પ્રચાર કાર્યમાં, દેશમાં વધી રહેલા માંસાહારના પ્રતિકારમાં અમારા આ સંતો જે ઉપદેશધારા વહાવી રહ્યા છે, ધર્મ પ્રચારમાં સેવા આપી રહ્યા છે, તેમના પ્રત્યેની અમારી ભક્તિ, પૂજ્યભાવ અને સેવા હંમેશાં વધતી રહો, એવી હે! પરમકૃપાળુ શાસનદેવ અમને સદ્બુદ્ધિ અને શક્તિ આપો.

# શ્રદ્ધાંજલિ પુષ્પો

શ્રી શિવાનંદ

ગુલાબ પરિમલ મહેકાવે છે. એની પાંખડીઓ મુલાયમ સ્પર્શ કરાવે છે. એનું અત્તર તાજગીનું બલિદાન આપે છે. અને એનું જલ શીતલભાવ અર્પણ કરે છે.

ભલેને માનવી એને પગતળે છુંદી નાખે! છતાં એની પ્રકૃતિમાં જરાએ વિકૃતિ આવતી નથી. અત્રે મહર્ષિનો એક શ્લોક યાદ આવે છે.

" उदेति सविता ताम्रस्ताम्र एवास्तामेति च ।
संपत्तौ विपत्तौ च महतामेकरुपता "

સ્વર્ગસ્થ આચાર્યદેવ વિજયલબ્ધિસૂરીશ્વરજીએ સ્વ અંતર પટ પર આ શ્લોકને સજીવન કર્યો હતો.

એમનું સ્વાસ્થ્ય આબાદ હતું ત્યારે પ્રસન્નચિત્તે ઉત્તરાધ્યયનનું અધ્યયન કરતા. આરોગ્યમાં ગાબડું પડયું તોયે એટલાં જ પ્રસન્ન ચિત્તે અધ્યયન કરતા.

રોગમાં સમાધિ જાળવી રાખવાની અજબ કોટીની કલા તેઓશ્રીએ હસ્તગત કરી હતી.

વ્યાધિ અસાધ્ય બનવા છતાં શોકની રેખા એમના મુખપરથી અદૃષ્ય થઇ ગઈ હતી.

મુખપર ગ્લાનિની છાયા સરખી નજરે પડતી ન હતી.

જિનેશ્વર ભગવંતના શાસનને પામી, એની આજ્ઞામાં જીવન સમપર્ણ કરનારને વ્યાધિ એટલે શું? એ જાણવાની ચિંતા મરી પરવારી હોય; એને વ્યાધિ શું કરી શકે?

જેનાં દિલમાં તારક પરમાત્માની અહોનિશ ભક્તિ વસી હોય એનું મન વ્યાધિમાં અપ્રસન્નતાની યાતનાઓ શા માટે ભોગવે?

જ્યારે જ્યારે લઘુ શાંતિ અને મોટી શાંતિ સંભાળીયે છીએ ત્યારે ત્યારે

" उपसर्गा: क्षयं यान्ति
छिद्यंते विघ्न वल्लयः
मनः प्रसन्नतामेति
पूज्यमाने जिनेश्वरे "

ઉપર પ્રમાણે હર્ષનાદપૂર્વક મંગલમય ધ્વનિ ગુંજાવીએ છીએ.

સ્વર્ગસ્થ આચાર્યદેવ વ્યાધિમાં સપડાયા અને રોગે પગદંડો જમાવ્યો ત્યારે તેમના આત્માએ સાધનાની પગદંડીએ અણનમ પગદંડો જમાવ્યો. અને સહનશીલતાનું બલ અનુપમ પ્રાપ્ત કર્યું હતું

અસાધ્ય વ્યાધિમાં નવકારમંત્રની ધૂનને એમણે અંતર પટ પર મૂર્તિવંત બનાવી હતી.

અરે! ડોકટર જ્યારે જ્યારે એમનું હાર્ટ તપાસતા ત્યારે અચંબો પામતા અને કહેતા Stethoscopeમાં નવકારમંત્રના ધ્વનીનાં દર્શન થાય છે, 'અને મૃત્યુ સામે બહાદુર અને શૂરવીરપણે બળવો પુકારી, આત્માની સાધનામાં લયલીનતાનું સામ્રાજ્ય પ્રાપ્ત કરતા.'

નૈસિર્ગક આગળ માનવીનું ચાલતું નથી એ ન્યાયે મૃત્યુ આગળ માનવીનું કેટલુ ચાલે?

આખરે શ્રાવણ સુદી ૫ ની પાછલી રાત્રીએ મૃત્યુએ છેવટનો દાવ અજમાવી નશ્વર દેહનું બલિદાન લીધું.

સ્વર્ગસ્થ આચાર્યદેવને અંતઃકરણથી શ્રદ્ધાંજલીનાં પુષ્પો પાથરું છું અને સૌ કોઇ આત્મ સાધના ભણી કુચ કરી અનંત સુખના ભોક્તા બને એવી અભિલાષા રાખું છું

# પૂ. સૂરિદેવનાં ચરણે અર્ઘ્ય

પૂ. પાદ પરમોપકારી શાસનમંડન સૂરિદેવશ્રીનાં ચરણે અતિવિનમ્ર ભાવે અનેક ગુણાનુરાગી ભક્તહૃદયોની ભક્તિ ભાવનાભરી વાણી અહિં શબ્દદેહ પામે છે. પૂ. સૂરિદેવના ગુણગણને હૃદયના પૂર્ણ બહુમાનપૂર્વક અહિં અર્ઘ્યાંજલિ અર્પિત થાય છે. જુદા-જુદા લેખકોના પૂ. સૂરિદેવશ્રી પ્રત્યેના ભક્તીભર્યા ભાવનાપુષ્પોની ફૂલમાળ અહીં રજૂ થઇ છે.

⊙

## હાર્દિક વંદન !

### પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ
### કલકત્તા

પૂ. આચાર્યદેવ શ્રીમદ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, ન્યાયાંભોનિધિ-આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી-શ્રી આત્મારામજી મહારાજની પરંપરાના આત્માર્થી મહાત્મા હતા. સદ્ધર્મરક્ષક પૂ. આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની પાટે આવેલા આચાર્ય હતા. તેઓશ્રીની વ્યાખ્યાન શૈલી, દલિલો, દૃષ્ટાંતો અને શાસ્ત્રીય તથા તાત્વિક નિરૂપણોથી ઓતપ્રોત હતી. તેથી મોટી સંખ્યામાં શ્રોતાવર્ગ આકર્ષિત રહેતો હતો. તેઓશ્રીની અનેક કૃતિઓ અને તેઓશ્રીએ રચેલા અનેક નવ્ય ગ્રન્થો પ્રસિદ્ધિ પામેલા છે, તેના ઉપરથી તેઓશ્રીની શાસ્ત્રાભ્યાસ, મનન, ચિંતન અને લેખન શક્તિ વગેરેનું માપ સારી રીતે નીકળી શકે છે.

શ્રી તીર્થંકર દેવના શાસન તરફની સદ્ભાવના, કર્તવ્યનિષ્ઠા વગેરે બાબતોમાં સદા જાગૃત રહેતા હતા. તેથી તેમનો શિષ્ય પરિવાર પણ સારા વિસ્તૃત પ્રમાણમાં પરમાત્માના શાસનને અર્પિત થાય છે. અંગત અલ્પ વખતના પરિચયના આધાર ઉપર એટલું તો ચોકકસ કહી શકાય તેમ છે; કે તેઓના સ્વભાવમાં સહજ સરળતા અને શાંતિપ્રિયતા હતા, જે કાંઈ પરિચય થયો તે પણ પાછળના દશકામાં જ, તેથી વિશેષ પરિચય ન આપી શકાય એ સ્વાભાવિક છે.

એ જ તેઓશ્રીને મારા હાર્દિક વંદન.

⊙

## શાસન રક્ષક સૂરીશ્વરજી—

### સંઘવી નગીનદાસ કરમચંદ અંધેરી

પૂજ્ય પાદ ગીતાર્થ આચાર્ય મહારાજ શ્રી વિજય લબ્ધિસૂરિશ્વરજી મહારાજનો મને વર્ષોનો પરિચય છે, તેઓ અત્યંત શાંતિપ્રિય હતા, સ્વધ્યાયપ્રેમી હતા, ગીતાર્થ હતા, તેમના હસ્તે શાસનના મહાન કાર્યો થયા હતા, તેઓશ્રી તેટલા જ સરળ અને નિખાલસ હતા, નિડરતા પણ અજોડ હતી વિ. સં. ૧૯૮૬ નો પ્રસંગ છે કે જ્યારે દીક્ષાના વિરુદ્ધમાં જોરદાર આંદોલન ચાલતું હતું. અમારા પાટણમાં કેટ-

લોકોએ અજ્ઞાનતાથી એવો કાયદો કર્યો હતો કે, 'સંઘની આજ્ઞા વગર દીક્ષા નહિ અપાય.' આ માટે તેઓશ્રી લીમડી મુકામે બિરાજતા હતા, તેમણે ઉપરનો ઠરાવ સાંભળી ઘણું દુઃખ થયું હતું. જેથી હું અને જીવાભાઇ તેમની પાસે ગયા અને આ હકીકતથી વાકેફ કર્યા અને પાટણ પધારવા વિનંતિ કરી. તેઓશ્રી પાટણ પધાર્યા અને અનેક મુમુક્ષુઓને વાજતે-ગાજતે હાથીની અંબાડી ઉપર બેસાડી વરઘોડો કાઢી ધામધૂમથી નિડરતાથી તેઓશ્રીએ દીક્ષા આપી અને અમારા પાટણમાં ધર્મનું ગૌરવ વધાર્યું.

વિ. સં. ૧૯૮૯ માં અમારા બનેવી શા મોહનભાઈને પ્રતિબોધ કર્યો અને સંયમના માર્ગે વાળ્યા. સદ્ધર્મરક્ષક પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠાનો ભવ્ય ઉત્સવ પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીનાં નેતૃત્વમાં પાટણમાં અમારા તરફથી વિ. સં. ૧૯૯૧ માં ઉજવાયો હતો. ઉજમણું પણ થયું હતું. પૂ. પા. આચાર્ય મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પૂ. પા. આચાર્ય મ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ (તે વખતે તેઓ-ઉપાધ્યાય તથા પંન્યાસ પદે હતા) આદિ ૧૦૦-૧૨૫ સાધુ મહારાજ એકત્રિત થયા હતા, એઓશ્રીનો અમારા ઉપર મહાન ઉપકાર છે.

આવા એક સમર્થ આચાર્ય દેવને હું કોટિ-કોટિ વંદન કરું છું. અને મારી શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું.

❀

## જૈન શાસનના રત્ન:

### શ્રી કેશવલાલ બુલાખીદાસ-મુંબઇ

પૂજ્ય આચાર્યશ્રી અપૂર્વ પ્રતિભાસંપન્ન નિખાલસ અને વાત્સલ્યપૂર્ણ હતા.

પૂજ્ય આચાર્યશ્રીનો ગામડામાં જન્મ થવા છતાં વિકાસ ઘણો બહોળા પ્રમાણમાં થયો હતો. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, માળવા, મારવાડ, પંજાબ વગેરે દેશોમાં એક મહાન કવિ, જ્યોતિર્ધર અને વ્યાખ્યાન વાચસ્પતિ તરીકે તેઓ મશહુર હતા. સાધુ સંમેલનમાં એકતા માટે નિમાયેલા નવ આચાર્યરત્નો પૈકીના તેઓ મુખ્ય હતા. અને આઠેય જતાં છેલ્લા રત્નરૂપે રહ્યા હતા.

પૂજ્ય આચાર્યશ્રી સ્વભાવમાં એટલા પ્રેમાળ હતા કે—

નાનું બાળક હોય કે ગમે તેવો અદનામાં અદનો માણસ આવ્યો હોય તેને પણ અતિ વાત્સલ્યપૂર્વક બોલાવે, બેસાડે અને અમીરસનાં સિંચન કરતા હોય તેમ કલાકો સુધી વાતો કરતા હતા.

પૂજ્ય આચાર્યશ્રીને જ્યારે જોઇએ ત્યારે હસતા મુખે જ જોવામાં આવતા હતા. અને આવનાર ગમે તેને પણ તેના સુખદુઃખની વાતો પૂછી દુઃખ ભૂલાવી દે તેવા હતા અને ગમે તે માણસને જાણે પૂર્વના પરિચિત જ હોય તેમ તેને જ અનુરૂપ સુંદર શબ્દોથી ઉદ્બોધન કરતા હતા. પૂજ્ય આચાર્યશ્રી જો કે શરીરથી આપણી સામેથી અલગ થયા છે પણ ગુણોથી તો આપણી સામે ને સામે જ છે. અંતમાં એમના જીવનનો એકયતાનો નાદ જૈન જનતા અને અનુયાયી વર્ગ ઉપાડી લે એવી આશા સાથે વિરમું છું.

卐

## મહાપ્રભાવશાલી સૂરીશ્વરજી

### પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજ

(પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિ-શિષ્ય રત્ન)

મહા પ્રભાવશાલી કવિકુલ કીરિટ આચાર્ય

દેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા પોતાનાં જીવનને ધન્ય બનાવી ગયા. તેઓશ્રીનો જન્મ બોયણી ગામની બાજુમાં બાલશાસન ગામમાં વિ. સં. ૧૯૪૦માં સંસ્કારી કુટુંબને ત્યાં થયો હતો, તેમના પિતાશ્રીનું નામ પીતામ્બરભાઈ, માતુશ્રીનું નામ મોતીબાઇ, તેમની કુક્ષીએ પનોતા પુત્ર લાલચંદનો જન્મ થયો. ૧૯૫૯ માં ૧૯ વર્ષની વયે સદ્ધર્મરક્ષક નિસ્પૃહ શિરોમણિ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરી ત્યારથી મુનિશ્રી લબ્ધિવિજયજી થયા તેઓશ્રી વિનય વૈયાવચ્ચાદિ અનેક ગુણો સાથે વ્યાકરણ, ન્યાય, તર્ક, કાવ્યો આદિ અભ્યાસમાં થોડા જ સમયમાં આગળ વધતા જ ગયા. ક્રમે કરી ૧૯૮૧માં છાણી મુકામે મહોત્સવ સહ ખુબ જ ધામધૂમથી તેઓશ્રીને તેઓના ગુરૂદેવે આચાર્ય પદવી પર આરૂઢ કર્યા. તેઓશ્રીનાં વરદ હસ્તે અનેક સંઘો નીકળ્યા છે. ઉપધાન, ઉદ્યાપન પ્રતિષ્ઠાઓ આદિ અનેક સુંદર કાર્યો થયા છે, તેમ જ પંજાબ, મારવાડ, માલવા, ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્રમાં વિચરી વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો દ્વારા તેઓશ્રીએ જૈન શાસનનો ડંકો વગાડયો છે. તેઓશ્રીનાં હસ્તે સેંકડો દીક્ષા થઇ છે. એ રીતે તેઓશ્રીનો ઉપકાર અમાપ છે. એ મહાપુરૂષના જવાથી શ્રી જૈન શાસનને ન પૂરાય તેવી ખોટ પડી છે. શાસનના વિરોધીઓને સત્ય સમજાવવામાં તેઓ રસીયા હતા. તેઓશ્રી શાસ્ત્રોના જ્ઞાતા હતા અને તર્કશાસ્ત્રના સૂક્ષ્મ જૈનાગમ સિદ્ધાંતોના ગ્રંથો નિર્માણ કરવામાં સતત ઉદ્યમશીલ હતા. શાસ્ત્રાભ્યાસ ચિંતન મનન કરવા કરાવવામાં ખુબ જ ખંતીલા હતા. વૃદ્ધ વય હોવા છતાં સ્વાધ્યાયમાં જ મસ્ત માણતા હતા. આપણે એ સૂરીશ્વરજીના કેટલા ગુણ ગાઇએ ? આટલા સમર્થ મહાપુરૂષ હોવા છતાં સ્વભાવે સરળ, હસમુખા, માયાળુ, વાત્સલ્યનિધિ, ગુણાનુરાગી હતા તેઓશ્રી શાસન રક્ત સુવિહિત, સમુદાય મૂકી ગયા છે જે આજે પણ જૈન શાસનની પ્રભાવના કરી રહેલ છે, તેમજ સાધ્વી સમુદાય પણ વિશાળ મુકી ગયા છે. આવા મહા ઉપકારી ગુણનિધિ શાસનના સ્થંભ સૂરીશ્વરજીને કોટીશઃ વંદન દ્વારા એમને પગલે પગલે ચાલવા બળ પ્રાપ્ત કરી જન્મને સફળ બનાવીએ એજ. શિવમસ્તુ.

## જીવન નૈયાના સુકાની

**શા કસ્તુરચંદ નાનાલાલ ખંભાતવાલા,**
**ઉજ્જૈન**

મારૂં નિવાસ સ્થાન નાનકડા ગામડામાં હતું, અને ધાર્મિક અભ્યાસ નહી જેવો હતો. સંવત ૧૯૭૨ માં પૂજ્ય પાદ આચાર્ય દેવેશ કવિકુલ કીરિટ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. સાહેબના પરિચયમાં આવતાં તેમની પ્રેરણાથી અને તેઓશ્રીની અસીમ કૃપાથી મુનિરાજ શ્રી લક્ષ્મણવિજયજી હાલ પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. સાહેબ પાસે પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્વનો અભ્યાસ કર્યો અને તેથીજ મારા જીવનનો પલટો લાવનાર તેઓ છે. એટલે જ્યારે જ્યારે મેળાપ થાય ત્યારે ત્યારે કેટલા હેતથી બોલાવતા અને તે વખતે મને અવર્ણનીય આનંદ થતો તેવા સૂરીશ્વરજીને મારા કોટિશઃ વંદના સાથે ભવો ભવના તારણહાર અને અનંતા જીવોના ઉપકારીની અસીમ કૃપાનો બદલો ના વાળી શકાય તે સ્વર્ગસ્થ સૂરીશ્વરજીના આત્માને ચિરશાંતિ મળો !

જીવન નૈયાના સુકાની સૂરિદેવને મારા વંદન !

## લાખો વંદન :

**શ્રી એન. બી. શાહ-ભરૂચ**

પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનો જન્મ બોયણી

(ગુજરાત) તીર્થ નજીક આવેલા બાલશાસન નામનાં એક નાના ગામડામાં થએલો હતો.

ગામડામાં જન્મેલો આ બાળક જૈન શાસનનો મહાન આચાર્ય બનશે એવી ધારણા તેના માતા પિતાને ભાગ્યે જ હોઇ શકે ?

પણ પૂર્વ ભવના પુન્યનો ઉદય ખીલતાં નરમાંથી નારાયણ બનતાં વાર કેટલી? માટેજ ખૂબ ખૂબ પૂન્ય કમાઈ માટે મળેલા આ માનવ ભવની જેમ બને તેમ સહુ ભાઈ બ્હેનોએ સફલતા કરી લેવાની અમુલ્ય તકને ગુમાવી બેસવાની મુર્ખતા આચરવી નહિં જોઈએ.

માતાપિતાના ધર્મસંસ્કાર અને સાધુસંતોના સમાગમથી વીસવર્ષની ભરયુવાનીમાં પ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજીએ આ સંસારનો ત્યાગ કરીને દીક્ષા લીધી હતી.

પ. પૂ. આચાર્ય મહારાજશ્રી અનેક શાસ્ત્રોના વેત્તા બન્યા હતા. તેમજ કાવ્યશક્તિ પણ તેઓની પ્રચૂર હતી જેથી તેઓશ્રી "કવિકૂલ કીરિટ"ના બીરૂદને પામ્યા હતા.

તેમની વ્યાખ્યાન શક્તિ પણ અજોડ હતી. તેમના વ્યાખ્યાનો સાંભળીને શ્રોતાઓ મોહ મુગ્ધ બની જતા. શ્રીસંઘે તેઓશ્રીને 'વ્યાખ્યાન વાચસ્પતિનું' બીરૂદ આપેલું. બાળબ્રહ્મચારી અને પ્રખર વિદ્વાન સ્વ. ગુરુદેવશ્રીને મારી લાખો વંદના હોજો.

⊙

## શંકા-સમાધાનકાર સૂરિદેવશ્રી

### પ્રભુલાલ એસ. મહેતા-સિકંદ્રાબાદ

ખરેખર ગુરૂદેવ ભવ્યજીવોને પ્રતિબોધ પમાડનારા અને તારનારા હતા. તેઓ શ્રીની વાણી ભલભલા નાસ્તિકોને પણ પીગળાવે તેવી હતી. છેલ્લા કેટલાક સમયથી કલ્યાણ માસિકમાં શંકા અને સમાધાન તેઓશ્રીના નામથી દીપતું હતું. ગુરૂદેવ અનેક સવાલોના સંતોષપૂર્વક સંપૂર્ણ ઉત્તરો આપાં સર્વ જીવોને બોધ પમાડતા હતા. તેઓશ્રી શાંત અને સરળ હતા. તેઓ ખરેખર એક જ્ઞાનની ગંગા સમાન હતા. સંગીતની સરિતા હતા. આજે પણ ઘણે ઠેકાણે તેઓશ્રીના બનાવેલા ગીતો ગવાય છે. તેઓશ્રી તપશ્ચર્યામાં પ્રેરણાં અને વેગ આપનારા હતા. ઉપધાન તપના રસીયા હતા પણ ગોઝારા કાળ આગળ કોનું ચાલે ? છેલ્લા કેટલાય સમયથી ગુરૂવર્યની તબિયત બરોબર રહેતી ન હતી. છતાં પણ તેઓ દરેક આવશ્યક ક્રિયાઓમાં મશગુલ હતા. ગુરૂદેવે ૭૮ વર્ષની ઉમરે આ પવિત્ર દેહનો ત્યાગ કરી પરલોકના પથિક થઇ ચાલી નિકળ્યા. પાછળ શિષ્ય પરિવાર શ્રી ચતુર્વિધ સંઘ નિરાધાર થયું. પણ તેઓશ્રી પોતાના શુભ પરમાણુઓ આ વિશાળ પૃથ્વી ઉપર ખૂણે ખૂણે પાથરતા ગયા છે જેથી આપણે પણ આજે તેમની સ્મૃતિ યાદ કરવા સાથે જય જય બોલતા થઈએ.

ખરેખર તેઓશ્રીનું જીવન ચરિત્ર લખવા બેસીએ તો પણ લખી શકાય તેમ નથી. કારણ કે તેઓશ્રી એક મહાન વિભૂતિ, જ્ઞાનવંત અને શકિતશાળી હતા. ખરેખર આપણે એક કિંમતી રત્ન ગુમાવ્યું છે. તેમની ભારે ખોટ પડી છે. તેઓશ્રી તો સદ્ગામી બન્યા છે અને જ્યાં હોય ત્યાંથી આપણને સુંદર આરાધનામાં પ્રેરણા આપે.

❋

## શાસન સ્થંભ તૂટી પડયો :

### પૂ. મુનિરાજ શ્રી જિનચંદ્રવિજયજી મ.

(પૂ. આ. મ. શ્રી વિજયભુવનસૂરિ-શિષ્યરત્ન)

પરમ પૂજ્ય ધર્મધુરંધર શાસનરત્ન કવિકુલકીરિટ પ્રાતઃસ્મરણીય-આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા સાહેબની અંદર અગણિત ગુણો હતા, કે જે ગુણોનું વર્ણન કલમથી તો શું પણ વાચા દ્વારા પણ થઈ શકે તેમ નથી.

તેઓશ્રીની કવિત્વ શકિત અને વ્યાખ્યાનશક્તિ તો ખૂબ જ પ્રશંસનીય હતી. તે મહાપુરૂષનાં

કાલધર્મના સમાચાર તાર દ્વારા મલતાં જ હૃદય ગમગીન બની ગયું, જાણે વજ્રઘાત ન થયો! તેની જેમ અકથ્ય વેદના થવા પામેલ. ત્યાગ અને ચારિત્રનાં આરાધક, સત્યના ઉપાસક તે પરમ પૂજનીય મહાપુરૂષના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે.

શ્રાવણ સુદ છઠ્ઠ (૬) ની રાત્રે નમસ્કાર મહામંત્રના ધ્યાનપૂર્વક જીવનયાત્રાની સાથે સંયમ યાત્રાને પરીપૂર્ણ કરી, આ નાશવંત દેહના ત્યાગની સાથે સકલ સંઘને રડતો મૂકી તે મહાપુરૂષનો અમર આત્મા અમર પંથની મહા યાત્રાયે ચાલ્યો ગયો.

શાસનનો સ્તંભ અણધાર્યો તૂટી ગયો,
ભવ્યોના હૃદયની આશા ભાંગી ગઇ,
ભકતોના હૃદય રડી ઉઠયા,

તે મહાપુરૂષના ત્યાગ અને સંયમને કોટી કોટી વંદન હો.

⊙

## સૂરિદેવશ્રી યાદ આવે છે:

### શ્રી પ્રકાશપૂંજ

એ સૂરિદેવને યાદ કરતાં તેમનું વાત્સલ્ય યાદ આવે છે. કવિકુલ કીરિટ પૂજ્યશ્રીને યાદ કરતા તેમની કાવ્ય રચનાની રમઝટ યાદ આવે છે, મૈત્રી ભાવનાના પવિત્ર ઝરણારૂપ પૂ. સૂરિદેવને યાદ કરતાં તેમનો અખૂટ અતૂટ અપૂર્વ અથાગ ગુણાનુરાગ યાદ આવે છે. સંઘ સ્થવિર સૂરિદેવને યાદ કરતાં શાસનના પ્રશ્નો હલ કરવા કોની આગળ જઇશું તેમ થાય છે. જ્ઞાની સૂરિદેવને યાદ કરતાં તેમના શંકાના સમાધાનો યાદ આવે છે. એ સૂરિદેવના ચાલ્યા જવાથી આપણે સુના જેવા બની ગયા છીએ.

સૂરિદેવ! આપશ્રીના વિના રાતના અગ્યાર વાગ્યા સુધી સ્વાધ્યાયની અપ્રમત્ત દશા કોણ બતાવશે? ૭૮ વર્ષની ઉમરે નવા શ્લોકો કંઠસ્થ કરવાનું કોણ સમજાવશે? આપશ્રીના જેવો ગુણાનુરાગ કોણ શીખવાડશે?

પૂ. આચાર્યદેવ લબ્ધિસૂરિ મહારાજના ગુણ ગાવા માટે દિવસો, માસો અને વર્ષો પણ ઓછા પડશે, ગ્રંથો પણ ઓછા થશે તેમના સંપૂર્ણ ઉપકારોનું ઋણ વાળવા માટે સેંકડો સ્મારકો પણ ઓછા છે, ઓછા થશે અને ઓછા રહેશે.

## પૂજ્યશ્રીને કોટિશઃ વંદન

### શ્રી ભોગીલાલ ઇ. વોરા, દાંતા-ભવાનગઢ

પૂજ્યશ્રીએ પોતાનું જીવન શ્રી તીર્થંકર દેવનાં ચરણે ધરી દીધું હતું. આજીવન જૈન ધર્મની સેવા અને જ્ઞાનની ઉપાસના કરી જૈન સમાજમાં માનવંતું સ્થાન મેળવી શકયા હતા. જૈન સમાજના અજોડ શાસન પ્રભાવક અને આદર્શ જૈન શ્રમણ સંસ્થાના નાયક હતા.

જેમ સુગંધિત પુષ્પ ખીલતાંની સાથેજ વાતાવરણને સુગંધથી ભરી દે છે અને વાતાવરણને સુગંધમય મૂકીને કરમાય છે, તેમ પૂજ્યશ્રીનું જીવનસુગંધથી સુવાસિત હતું. અને કાળધર્મ પામ્યા પછી પણ આપણા માટે તેઓશ્રી સુવિહીત શિષ્યો અને અમૃતમય સાહિત્યની સુવાસ મૂકી ગયા છે.

૧૬ ઓગષ્ટ, '૬૧ ના રોજ પૂજ્યશ્રીનું દુઃખદ દેહાવસાન મુંબઇ ખાતે થયું, તેથી જૈન સમાજને જબ્બર આંચકો લાગ્યો છે. એ નરરત્ન આચાર્યદેવશ્રીની ખોટ હંમેશ આપણને સાલશે. પૂજ્યશ્રી જીવનના છેલ્લા શ્વાસ સુધી ધર્મ માટે અને સમાજ માટે પ્રયત્નશીલ રહ્યા છે. છેલ્લા સંદેશમાં પણ શિષ્યોને એજ શિખ આપી છે કે, 'આ વિકટ સમયમાં સંપીને રહી શાસનને ઉજાળજો!' આમ આ મહાન ધર્મધોરીનું કાળધર્મ પામવું એ એક દુઃખદાયક હકીકત છે. પૂજ્યશ્રી કલ્યાણનો શંકા-સમાધાન વિભાગ સંભાળતા હતા.

આમ પૂજ્યશ્રીનું જીવન એક આદર્શ ત્યાગી અને જૈન ધર્મને ઉજાળતું આચરણીય પવિત્ર સાધુ જીવન હતું. પૂજ્યશ્રીને કોટિશઃ વંદન.

# કવિ કુલકીરિટ પૂ. આચાર્ય પ્રવર

## પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

પૂ. પાદ સૂરિદેવશ્રીના જીવન પ્રસંગોને વર્ણવવાપૂર્વક તેઓશ્રીની સાધનાને બિરદાવતો આ લેખ ભક્તહૃદયની શ્રદ્ધાંજલી રૂપે લખાયો છે, લેખક પૂ. મુનિરાજશ્રી 'કલ્યાણ' પ્રત્યે આત્મીયતા ધરાવે છે, કલ્યાણમાં તેઓના લેખો અવારનવાર પ્રસિદ્ધ થતા રહે છે.

❀

'અનાદિ, અનંતકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે, તેનું કારણ જીવનું મિથ્યાત્વ અને અજ્ઞાન છે. મિથ્યાત્વના યોગે શ્રી જિનેશ્વર ભગવંતના વચન ઉપર શ્રદ્ધા થાય નહિ અને અજ્ઞાનના યોગે મોહમાં મૂંઝાયા કરે. મોહથી સાંયોગિક લાભ બહુ ગમે, કેમકે મોહને લીધે સનાતન વિશ્વવ્યાપી વસ્તુસ્થિતિ ઉપર આંખમિંચામણા કરાવી અફળને વિષે ફળની બુદ્ધિ કરાવે પછી એ બુદ્ધિભ્રમને લીધે અંત વિનાના અનર્થો ઉભા થાય છે.'

આ વાત બાલસાસણ ગામમાં વસતા લાલચંદભાઈને પૂજ્યપાદ આચાર્યદેવ વિજય કમલસૂરીશ્વરજી મહારાજના પરિચયથી સચોટ જણાઈ આવી, અને મિથ્યાત્વ, અજ્ઞાન અને મોહના અંચલાને દૂર કરવા ત્રણ ત્રણ વાર પ્રયાસ નિષ્ફળ ગયો હતો, જ્યારે ચોથીવાર સફળ બન્યા ત્યારે લાલચંદભાઈમાંથી મુનિશ્રી લબ્ધિવિજયજી થયા.

લાલચંદભાઈનો જન્મ ભોયણીતીર્થની નજીક બાલસાસણ નામના ગામમાં મોતીબાઈની કુક્ષીએ સંવત ૧૯૪૦ના પોષ સુદ ૧૨ની રાત્રે થયો હતો, તેમના પિતાનું નામ પીતામ્બરદાસ હતું.

માતા-પિતાના ધર્મસંસ્કારો લાડકા લાલચંદભાઈમાં ઉતર્યા હતા. નિત્ય ભગવાનનાં દર્શન, પૂજા, સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરતા, અનુક્રમે ગુણોમાં આગળ વધતા, સંવત ૧૯૫૮માં માલાસા ગામમાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજના પરિચયમાં આવ્યા. પૂજ્યપાદ આચાર્યદેવ મહાન વ્યાખ્યાતા એવા નિસ્પૃહ ચૂડામણિ હતાં. બંગાળમાં તેઓ વિચરતા હતા ત્યારે તેમના પ્રત્યે અનુરાગને લઈને વ્યાખ્યાનમાં એક બાજુએ સોનામહોરની પ્રભાવના કરી હતી. આવા મહાત્યાગીના પરિચયથી લાલચંદભાઈ તે ચોમાસામાં દીક્ષાગ્રહણ કરવા માટે ખૂબ સમુત્સુક બની ગયા અને પોતાને દીક્ષા આપવા વિનંતિ કરી સાથે સાથે ત્રણ ત્રણ વાર માતપિતા પાછા ઘેર લઈ ગયા હતા તે વાત પણ જણાવી દીધી.

પૂજ્યપાદ આચાર્યદેવે ૧૯૫૯ના કારતક વદ ૬ના દિવસે બોરૂ સંઘના આગેવાનોની સંમતિથી લાલચંદભાઈને દીક્ષા આપી. મુનિશ્રી લબ્ધિવિજયજી નામ રાખી પોતાના શિષ્ય બનાવ્યા હતા. લાલચંદભાઈ વદ ૫ ની રાત્રે ઘેરથી ઊંટ ઉપર નીકળી વદ ૬ની સવારે બોરૂ ગામ આવી પહોંચ્યા હતા.

લાલચંદભાઈ સંયમી બન્યાના સમાચાર તેમના માત-પિતાને મળતાં કુટુંબ સાથે બોરૂ આવી પહોંચ્યા અને મુનિશ્રી લબ્ધિવિજયને પુનઃ ઘેર

લઈ જવા અનેક પ્રકારના પ્રલોભનો આપવા માંડયા તેમાં જરાયે લોભાયા નહિ, પણ બધાને સમજાવતા કહ્યું કે 'જગતમાં કોઈ કોઈનું નથી, સૌ મોહને લીધે મારૂં મારૂં કરે છે. કોઈ કોઈની સાથે જઈ શકતું નથી. મેં બધો વિચાર કરીને મારા કલ્યાણ માટે દીક્ષાધર્મ સ્વીકાર્યો છે.'

મુનિશ્રીના આવા મકકમ વચનો સાંભળતા સમસ્ત કુટુંબ ભક્તિથી વંદન કરી સૌ પોતપોતાના સ્થાને ગયા.

નૂતન મુનિશ્રી લબ્ધિવિજયજીએ પોતાની પ્રતિભા અને વિનયના બળે થોડા જ ટાઈમમાં સાધુક્રિયા ઉપરાંત પ્રકરણગ્રંથો, વ્યાકરણ, કોષ, ન્યાય, આદિ ગ્રન્થોનું સુંદર પ્રકારે અધ્યયન કરી લીધું. તથા પીંગલશાસ્ત્ર, અલંકાર, ચમ્પુ, પાતંજલ યોગદર્શન, જ્યોતિષ આદિ શાસ્ત્રોના રહસ્ય પામી જૈન સિદ્ધાંતોનું સારી રીતે અવગાહન કરી જગતમાં મહાન વિદ્વાન થયા.

જેવા વિદ્વાન હતા તેવા જ ક્રિયાકાંડમાં અપ્રમત્ત હતાં. ગુરુદેવની વૈયાવચ્ચ કરવામાં અને આજ્ઞા ઉઠાવવામાં હંમેશાં તૈયાર રહેતાં.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કમલસૂરીશ્વરજી મહારાજનું સ્વાસ્થ્ય બગડતાં વ્યાખ્યાન પીઠ પૂજ્ય મુનિવર શ્રી લબ્ધિવિજયજી મહારાજને સોંપવામાં આવી. તેઓશ્રીએ ગુરુકૃપાથી વ્યાખ્યાન પીઠ આબાદ દીપાવી. તેમનું વ્યાખ્યાન સાંભળી સૌ પ્રશંસા કરવા લાગ્યા.

ગુરુદેવની આજ્ઞાથી પંજાબ જવાનું થયું. ત્યાં પોતાની દેશના શક્તિથી અનેક માણસોને ધર્મમાં જોડયા. તેમનો અવાજ મધુર અને બુલંદ હતો. ઉપરાંત ભાષા ઉપર જબ્બર કાબુ હતો આથી અનેક આત્માઓ વ્યાખ્યાન સાંભળવા ખેંચાતા હતા, વાદવિવાદમાં પણ કદી પાછા પડતા નહિ. આવી અનેક સિદ્ધિઓ થોડા જ વખતમાં મેળવી લીધી હતી. આથી પંજાબીભાઈઓ પુજ્ય મુનિ રાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજને 'છોટા આત્મારામજી' તરીકે કહેતા હતા. તેઓશ્રીમાં ત્યાગ ભાવના, સહિષ્ણુતા, અપ્રમત્તતા, શાસનની પ્રભાવના કરવાની ધગશ વગેરે અનેક ગુણો ઝગહળતા હતાં.

મુલતાન શહેરમાં દિગમ્બરો સાથે વાદવિવાદમા અનેક શાસ્ત્રીય પુરાવા આપી દિગમ્બરોને હરાવ્યા હતા, ત્યાંની મ્લેચ્છ પ્રજાને પણ દયાવાન બનાવ્યા હતા. કેટલાકોએ જીંદગી પર્યંત હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા પણ કરી હતી અને હિંસા-વધ કરવા માટે લાવેલા મરઘા-પક્ષી વગેરેને છુટા મુકી દીધાં હતાં. ઉપદેશધારાની અસર એવી થઈ કે છ આને શેર વેચાતુ માંસ ત્રણ આને શેર થયું હતું.

બીજા કેટલાક ગામોમાં આર્યસમાજીસ્ટોના વાદવિવાદોમાં પૂજ્ય મુનિવર શાંતચિત્તે નીડરતાથી યુક્તિઓપૂર્વક મૂર્તિમંડન, મોક્ષ, ઇશ્વરકર્તા હોઈ શકે નહિ વગેરે વસ્તુઓની સિદ્ધિ કરી, જૈન-મતનું સ્થાપન કરતા હતા. સ્થાનકવાસીઓ સાથે પણ વિવાદમાં પ્રશંસા અને જય મેળવતા.

કેટલાક વર્ષો પંજાબમાં વિચરી પૂજ્ય મુનિવર ગુજરાતમાં પધાર્યા, સંવત ૧૯૭૧ના આસો વદી ૧ના દિવસે સદ્ધર્મરક્ષક નિસ્પૃહચૂડામણી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કમલસુરીશ્વરજી મહારાજે પૂજ્ય મુનિવર શ્રી લબ્ધિવિજયજી મહારાજને 'જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ'નું બિરૂદ મહોત્સવપૂર્વક આપ્યું હતું.

ખંભાત ચાતુર્માસમાં ફરી નરસંડામાં પધાર્યા હતાં ત્યાં આર્યસમાજીઓ સાથે શાસ્ત્રાર્થ ગોઠવવામાં આવ્યો હતો, તેમના તરફથી અનંત કૃષ્ણ નામના પોતાના પંડિતને બોલાવવામાં આવ્યા હતા. નિયત સમયે જાહેરમાં શાસ્ત્રાર્થ શરૂ કરવામાં આવ્યો, તેમાં મૂર્તિપૂજા, શાસ્ત્રોક્ત રીતે તથા યુક્તિથી પણ સિદ્ધ થઈ. પંડિત અનંતકૃષ્ણ હારી ગયા. જૈનશાસનનો જય ડંકો વાગ્યો.

વટાદરામાં પૂજ્ય મુનિવરની દેશના શ્રવણથી અનેક રજપુતો જૈનધર્મી બન્યા હતા આથી બ્રાહ્મણો મુનિશ્રીના વિરોધી થયા હતા. સંવત ૧૯૭૪માં પૂજય મુનિવર વટાદરામાં પધારતાં બ્રાહ્મણોએ સંન્યાસી મુકુંદાશ્રમને બોલાવી પૂ. મુનિવર સાથે જાહેર શાસ્ત્રાર્થ કરાવ્યો. વૈદિકધર્મ અને જૈનધર્મના મુકાબલા ઉપર ત્રણ દિવસ વાદ ચાલ્યો હતો. તેમાં સંન્યાસીએ પોતાની હાર કબુલ કરી હતી. જૈન ધર્મનો વિજય થયો હતો. આ રીતે અનેક સ્થળોએ વાદમાં વિજય મેળવતા હતાં.

પૂજય મુનિવરની યોગ્યતા ધ્યાનમાં લઇ પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કમલસૂરીશ્વરજી મહારાજે છાણી મુકામે ઉપધાનતપના માળારોપણ મહોત્સવમાં સંવત ૧૯૮૧ ના માગસર સુદ પના મંગળ મૂહુર્તે પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી ગણિવરની સાથે તેઓશ્રીને આચાર્યપદ ઉપર સ્થાપન કર્યા હતાં. ત્યારથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ વિજય દાનસૂરીશ્વરજી મહારાજ અને પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તરીકે ઓળખાવા લાગ્યા.

તેઓશ્રીના ત્યાગ સંયમથી પ્રગટેલી સુવાસથી અનેક આત્માઓએ ખેંચાઈને તેમની પાસે પોતાનું જીવન સમર્પણ કરી દીધું. તેઓશ્રીના પ્રથમ શિષ્ય તે પૂજ્ય આચાર્ય શ્રીમદ વિજય ગંભીરસૂરીશ્વરજી મહારાજ, અને ત્યાર પછી પણ અનેક શિષ્યો થયા. જેમાં પૂજય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી જયંતવિજયજી ગણિવર, પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી નવિનવિજયજી ગણિવર આદિ છ પંન્યાસજી મહારાજ તથા લગભગ પોણોસો જેટલા મુનિવરો સુંદર પ્રકારે સંયમ સાધના કરી રહ્યા છે.

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજમાં વિનય, કૃતજ્ઞતા જ્ઞાનપ્રીતિ, સહનશીલતા, ઉદારતા, ગુણાનુરાગ, વૈરાગ્ય, સત્યપ્રેમ વગેરે અનેક ગુણો હતાં.

સ્વાધ્યાયપ્રેમ એટલો અનુપમ હતો કે,– આંખનું તેજ ક્ષીણ થવા છતાં તેઓશ્રી મોટા અક્ષરોવાળી પ્રતના પાના સાથે રાખીને વાંચન કરતાં. વળી હંમેશાં પોતાના હૃદયમાં સ્ફુરેલી, સ્ફુરણાઓ પણ નોટ કરાવતાં; તેઓશ્રી એક અજય કવિ હતા. ગુજરાતી, હિન્દી, ઉર્દુ વગેરે ભાષામાં તેઓએ અનેક સ્તવનો આદિ બનાવ્યા છે. તેમજ સંસ્કૃત વગેરે ભાષામાં અનેક ગ્રન્થોની રચના પણ કરેલી છે.

તેઓશ્રીના સાન્નિધ્યમાં અનેક ગામોમાં ઉજમણા મહોત્સવ, પ્રતિષ્ઠામહોત્સવ, દીક્ષામહોત્સવ, પદાર્પણમહોત્સવ, ઉપધાનો વગેરે થયા હતાં, તેમજ નાના–મોટા અનેક તીર્થોમાં છ'રી પાળતા સંઘો પણ નીકળ્યા હતાં. અનેક આત્માઓને ધર્મસન્મુખ બનાવ્યા છે.

જૈનશાસનની પવિત્ર ફરજ બજાવતાં બજાવતાં જ્યારે શરીર અત્યંત જરાવસ્થામાં અને રોગાક્રાંત થઇ ગયું, ત્યારે છેવટે દવા વગેરે લેવાનું પણ બંધ કરી દીધું અને ભાવઔષધ શ્રી નમસ્કાર મહામંત્રના ધ્યાનની સાથે મુંબઈ લાલબાગ જૈન ઉપાશ્રયમાં સંવત ૨૦૧૭ ના શ્રાવણ સુદ ૬ ની સવારે ૪–૪૦ મિનિટે ૭૭ વર્ષનું આયુષ્ય ભોગવી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. કાળધર્મના સમાચાર સાંભળતાં સો કોઇ ગમગીન બની ગયા. ભાવિકોએ શોકમગ્ન રીતે ભવ્ય અંતિમયાત્રા કાઢી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. કોટિ કોટિ વંદન હો મહાપ્રભાવશાળી કવિકુલકોટિ આચાર્યવર્ય શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાને.

★

# પૂ. પાદ પરમગુરૂદેવનાં સુવાસિત જીવન પુષ્પો

પૂ. પાદ પંન્યાસજી મહારાજ
શ્રી કીર્તિવિજયજી ગણિવર

પૂ. પાદ પરમોપકારી પરમગુરુદેવના જીવન પ્રસંગોનાં મધુરાં સંસ્મરણોનું વિહંગાવલોકન કરવા દ્વારા લેખક પૂ. મહારાજ શ્રી અહિં પૂ. પાદ સૂરિદેવ પ્રત્યેના ભક્તિભાવભર્યા હૈયે તેઓશ્રીના જીવન પુષ્પોની સુવાસ ફેલાવી રહ્યા છે.

વિવિધગ્રન્થકર્તારં કવિરત્નં વચારવનં,
લબ્ધિસૂરિં, ગુરૂં વંદે, ગુણજ્ઞં સમદર્શિનં
અનેકવાદિ જેતારં, ત્રાતારં ભવકાનનાત્.
લબ્ધિસૂરીશ્વરં વંદે, સ્વાધ્યાયરસિકં ગુરૂમ્

બહુશ્રુત વ્યાખ્યાન વાચસ્પતિ પરમ શાસન પ્રભાવક જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના નામથી કોણ અજાણ્યું છે?



ગરવી ગુજરાતના બાલશાસનમાં જેઓ જન્મ્યા હતા, જેમનું નામ લાલચંદ હતું. પિતા પિતાંબર અને માતા મોતીની કૂખ ખરેજ એમને અજવાળી હતી.

યુવાનીમાં પ્રવેશતાં જ જેમણે સંસાર અસાર ભાસ્યો, ભોગો એ રોગોનું ઘર છે, અને જગતની આ માયા એ મિથ્યા છે, જન્મ મરણની બેડીમાં અનાદિ કાળથી આ આત્મા જકડાયલો છે, કર્મના એ બંધનોને તોડવા અને સર્વથા મુક્ત થવા અનંતજ્ઞાની શ્રી જીનેશ્વર દેવોએ પ્રરૂપેલો અને સ્વયં આચરેલો માર્ગજ સ્વીકારવો રહ્યો.

બાલબ્રહ્મચારી નિસ્પૃહ શિરોમણી પ્રાતઃપ્રાર્થ્ય જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજનો લાલચંદને શુભ સમાગમ થાય છે. પરિણામે ૧૯ વર્ષની ભર યુવાવસ્થામાં તેમણે સંસારનો ત્યાગ કરી આત્મસાધના માટે ચારિત્રને અંગિકાર કર્યું. અને મુનિશ્રી લબ્ધિવિજયજીના નામથી પ્રસિદ્ધ થયા. દીક્ષા લીધા પછી સતત સ્વાધ્યાય પરાયણતા, શુભ નિષ્ઠા, અપૂર્વ તમન્ના, અવિરત પુરુષાર્થ, ગુરુશુશ્રૂષા, અને સ્વ-પર કલ્યાણની ભાવના. આ બધા કારણે તેઓશ્રી બહુશ્રુત અને ખ્યાત-

નામ બન્યા, પ્રભાવક પ્રવચનશક્તિ, અતુલ વાદ શક્તિ, અનોખી કાવ્યશક્તિ, અપૂર્વ ગ્રન્થ-ગુંથનકળા, આ બધા ઉપરાંત તેઓશ્રીની ખરી વિશેષતા તેમના જીવનની ઉચ્ચતા, શાંતસ્વભાવ મીઠીવાણી, હૃદયની કોમળતા, ઉદારતા, નિસ્પૃહતા અને સરળતામાં હતી. તેઓશ્રીના કેટલાક સંસ્મરણો અત્રે હું રજૂ કરું છું.

**વિદ્યાભ્યાસ:-**

મુનિશ્રી લબ્ધિવિજયજીએ (સ્વ. પરમ ગુરુદેવે) પ્રકરણો, કર્મગ્રન્થ, ભાષ્ય, વ્યાકરણ, કાવ્ય, કોષ, જ્યોતિષ, છંદ, અલંકાર, ષડ્દર્શન, આગમ શાસ્ત્ર, નવ્યન્યાય, પ્રાચીનન્યાય અનેક પ્રકીર્ણ ગ્રન્થોનું-અવલોકન અને નિરીક્ષણ કર્યું હતું. બહુ થોડા જ સમયમાં તેઓ બહુશ્રુત અને ઉચ્ચ કોટિના વિદ્વાન બન્યા હતા.

**વ્યાખ્યાન વાચસ્પતિ :-**

પૂ. સૂરિદેવની વકતૃત્વકળા સોળેકળાએ ખીલેલી હતી, નાની વયથી જ તેઓશ્રી વક્તા તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા, એ તો મુલતાન જેવા અનાર્ય પ્રદેશમાં જ્યારે તેઓ વિચરતા હતા તે વખતના પ્રસંગથી જાણી શકાય છે. ૨૭-૨૮ વર્ષની ભરયુવાવસ્થામાં હિન્દી ભાષામાં સુંદર છટાથી બુલંદ સ્વરે મુલતાનમાં જ્યારે તેઓશ્રીનાં પ્રવચનો થતા હતા ત્યારે એક-એક વ્યાખ્યાનમાં સેંકડો જૈનેતરો માંસાહારનો ત્યાગ કરતા હતા, હજારો માઇલના પ્રવાસમાં ઠેર-ઠેર તેમણે જાહેર વ્યાખ્યાનો આપ્યા છે, જે વ્યાખ્યાનો શ્રોતાજનોના હૃદયમાં ભારે અસર ઉપજાવતા હતા. રાજા-મહારાજાઓએ, રાજ્યકર્મચારીઓએ, દેશનેતાઓએ, શ્રીમંતોએ ને ધીમંતોએ, ઓફીસરોએ અને પ્રોફેસરોએ અને આબાલવૃદ્ધોએ તેઓશ્રીની વૈરાગ્ય નીતરતી દેશનાના અમીપાન કરી જીવનને ધન્ય બનાવ્યું છે, સેંકડો-હજારો નહીં પણ લાખો માણસો તેઓશ્રીનાં ઉપદેશામૃતનું પાન કરી પાવન બન્યા હતા. માંસાહારીઓ માંસાહારનો ત્યાગ કરતા હતા, મદિરાપાન કરનારા સદંતર મદિરાનો ત્યાગ કરતા હતા, ક્રૂર-હિંસક અને શિકારીઓ પણ હિંસાનો ત્યાગ કરી અહિંસક બનતા હતા. અનેક આત્માઓ સદાચાર-સત્ય-નીતિ અને અહિંસા ધર્મના ઉપાસક બનતા હતા. સેંકડો આત્માઓ જેમની દેશનાને ઝીલી સંસારના રંગ-રાગનો ત્યાગ કરી દીક્ષાના પુનિત પંથે પ્રયાણ કરનારા બન્યા છે. આવા એક પ્રભાવક પ્રવચનકારને ઇડરના જૈન સંઘ વિ. સં. ૧૯૭૧ આસો વદ ૧ ના શનીવારે પૂ. પા. ગુરુદેવ વિજય-કમલસૂરીશ્વરજી મહારાજની છત્ર છાયામાં જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિની ગૌરવભરી પદવીથી અલંકૃત કર્યા હતા. ગીર્વાણગિરામાં પણ પ્રવાહબધ્ધ સુંદર છટાથી તેઓશ્રી ભાષણ આપી શકતા હતા.

તેઓશ્રીની વકતૃત્વકળા વૈવિધ્યપૂર્ણ હતી, દષ્ટાંત-દલીલોથી સભર હતી, યુક્તિ-પ્રયુક્તિથી પ્રદીપ્ત હતી, શાસ્ત્રોના પાઠથી શોભતી હતી, દુહા-છપ્પા અને સંસ્કૃત શ્લોકોની રોનકથી ઝળકતી હતી, અનુભવની એરણથી ઘડાયલી હતી. ઉક્તિઓથી ચમકતી હતી, પ્રાસ-અનુપ્રાસ અને અલંકારોથી અલંકૃત હતી. બાલભોગ્ય હતી અને વિદ્વદભોગ્ય પણ હતી. સરળ સાદી અને સચોટ હતી.

ગુજરાતી, હિન્દી, ઉર્દૂ તથા સંસ્કૃત ભાષા ઉપર તેઓશ્રી સારું પ્રભુત્વ ધરાવતા હતા.

આવી અપૂર્વ વકતૃત્વ શક્તિ નિહાળી

પંજાબીઓ તો તેમને ' છોટે આત્મારામ ' એવા ગૌરવભર્યા ઉપનામથી સંબોધતા હતા.

ધર્મકથીને-યાને આવા પ્રવચનકારને પણ પ્રભાવક કોટિમાં ગણવામાં આવ્યા છે. એ વાતની વાંચકો નોંધ લે.

### ચોરોને ઉપદેશ :

આજથી લગભગ પચ્ચીસેક વર્ષ પૂર્વે સ્વ. પરમ ગુરુદેવ પોતાના શિષ્યવૃંદ સાથે ગુજરાતના મહેસાણા પ્રાંતમાં આજુબાજુના ગામડાઓમાં વિચરી રહ્યા હતા, ત્યારનો આ પ્રસંગ છે. તેઓશ્રીના પટ્ટધર પૂ. આચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ જનતાની વિનંતી સ્વીકારી રામપુરા પધાર્યા, જ્યાં ચોરોના ૧૨૫ ઘર હતા, અને સુણસર પધાર્યા જ્યાં ચોરોના ૪૦૦ ઘર હતા. બન્ને સ્થળે પધારી ચોરોને ધર્મોપદેશ આપ્યો પરિણામે મહાન લાભ થયો, આ ચોરોએ ડાભેડાના ચોરોને જણાવી દીધું કે, ' હવે અમે ગુરૂ મહારાજના ઉપદેશથી સુધરી ગયા છીએ અને જીવહિંસા કરવાનું તથા ચોરી કરવાનું છોડી દીધું છે માટે તમે પણ જીવહિંસાનો ત્યાગ કરો અને ચોરીને તિલાંજલી આપો, નહિ તો તમારો અને અમારો સંબંધ તૂટી જશે.' આ અરસામાં પૂ. સ્વ. પરમ ગુરુદેવ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ ત્યાંની ખાસ વિનંતીથી ત્યાં પધાર્યા હતા, જ્યાં ૨૫૦ ઘર ચોરોના હતા. એ ચોરોને તેઓશ્રીએ ધર્મોપદેશ આપ્યો, તેઓશ્રીની વાણીથી ચોરોનાં હૃદયમાં ભારે અસર થઇ પરિણામે આ ચોરો પણ સુધરી ગયા અને એ બધા જતે દહાડે ચોરીનો સદંતર ત્યાગ કરી, જીવહિંસા અને શિકારનો ત્યાગ કરી વ્યાપાર વણજ કરી રહ્યા છે. ગુરુદેવ પરોપકારના માટે સતત તૈયાર હતા. ખરેખરે આવા મહાપુરુષોનું જીવન પરોપકારાર્થેજ સર્જાયેલું હોય છે.

' પરોપકારાય સતાં વિભૂતયઃ '

### નિર્દોષ-નિખાલસ

પરમ ગુરુદેવનું જીવન અતિ નિર્મળ અને ઉચ્ચકોટિનું હતું. જેને સ્ફટિકરત્નની ઉપમા આપી શકાય. સ્ફટિકરત્ન પાસે જેવાં રંગની વસ્તુ ધરશો તેવો તેમાં પ્રતિભાસ થાય છે, તેવાજ સ્વ. ગુરુદેવ-નિર્દોષ અને નિખાલસ હતા. નાના બાળક પાસે નાના બાળક બની જતાં હતાં. નાનામાં નાની વ્યક્તિ સાથે પણ તેઓશ્રીને વાત કરતા જરાય નાનપ નહોતી લાગતી, સૌ સાથે હળી મળીને આનંદપૂર્વક વાત કરતા હતા. એમને મન નાના મોટાનો ભેદ નહોતો. નાનામાં નાના, નાનામાં નાની વ્યક્તિના ગુણની મુક્ત કંઠે પ્રશંસા કરવા લાગી જતા હતા, ખટપટ-લટપટ જેવાં તુચ્છ તત્ત્વોથી સદાકાળ તેઓ દૂર રહેતા હતા. એટલુંજ નહીં પણ આવા નિંદ્ય તત્ત્વોથી તેઓ શ્રીમદ્‌ને ભારે સૂગ હતી. અંદર કંઈ ને બહાર કંઇ, બતાવવાના જુદા અને ચાવવાના જુદા, બોલવું કંઈને કરવું કંઇ. આ બધી વસ્તુ પ્રત્યે તેઓશ્રીને ભારે નફરત હતી. સાગર જેવા ગંભીર અને હૃદયના વિશાળ હતા. સ્વભાવે શાંત, બીલકુલ નિસ્પૃહ, વિરોધી પ્રત્યે કદી વિરોધ ભાવ નહોતા દાખવતા. ગમેતેવા વિરોધને તેઓ ભૂલી જતા હતા. એ તેઓશ્રીનો સહજ ગુણ હતો.

### સ્વાધ્યાય પ્રેમ

તેઓશ્રીનો સ્વાધ્યાય પ્રેમ કોઇ ગજબનો હતો. ૩૦ વર્ષથી તો હું જોઉં છું કે તેઓશ્રી

સતત સ્વધ્યાયમાં રક્ત રહેતા હતા, ક્યારે પોતે વાંચતા હોય, ક્યારે કોઈની જિજ્ઞાસાને સંતોષતા હોય, ક્યારે આગમની વાંચના આપતા હોય, ક્યારે શંકા સમાધાન કરતા હોય. જ્યારે જુઓ ત્યારે તેઓશ્રી આ રીતે જ્ઞાન-ધ્યાનમાં મસ્ત હતા. સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા દ્વારા શિષ્યોને પ્રેરણા આપતા હતા, ભણનાર થાકે પણ પોતે કદી જ ભણાવતા નહોતા થાકતા. અંતિમ દિવસોમાં પણ જરાક ઠીક લાગે કે બેઠા થઈ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનો પાઠ કરવા લાગી જતા હતા. અધ્યયનોના અધ્યયનો તેઓશ્રીએ કંઠસ્થ કર્યા હતા. રાતના ઘણીવાર મોટા ભાગે સંથારામાં બેઠા થઈ પાઠ કરતા હતા, ઘડીભર અમારા જેવા યુવાન સાધુઓને પણ શરમાવે તેવો તેઓશ્રીનો સ્વાધ્યાય પ્રેમ હતો. મોટા-મોટા શ્રીમંતો દર્શનાર્થે આવતા હતા તેમની સાથે પણ ૨-૩ મિનિટ ઉચિત વાર્તાલાપ કરી તરત જ પુસ્તક હાથમાં લેતા હતા. આ ઉત્તમ સંસ્કારો તેઓશ્રીને વારસામાં મળ્યા હતા. કેમકે સ્વ. પરમ ગુરુદેવેશ ચારિત્ર ચૂડામણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમળસૂરીશ્વરજી મહારાજા પણ છેલ્લી ઘડી સુધી સ્વાધ્યાયમાં લીન રહેતા હતા.

"सज्झाय समो णत्थि धम्मो"

## કવિકુલ કીરિટ

પૂ. પરમ ગુરુદેવ એક ખ્યાત નામ કવિ હતા. પૂજ્યશ્રીએ આધુનિક યુવક સમાજ ઉપર આધુનિક ઢબે સ્તવનોની રચના કરીને મહાન ઉપકાર કર્યો છે. શાસ્ત્રોમાં આઠ પ્રભાવક ગણાવ્યા છે. આઠ પ્રભાવકમાં કવિ પણ પ્રભાવક ગણાય છે. તાર્કિક શિરોમણિ પૂ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીએ શ્રી વિક્રમાદિત્યની રાજસભામાં જે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું એ પ્રભાવ હતો કવિત્વ શક્તિનો. પૂ. શ્રી બપ્પભટ્ટસૂરીશ્વરજી-શ્રી આમરાજાને પ્રભાવિત કર્યો હતો કવિત્વ શક્તિથી.

કવિને શાસન પ્રભાવક ગણવાનું કારણ એ કે તે પોતાની અનોખી કાવ્યશક્તિ દ્વારા હજારો હૈયાને ડોલાવી શકે છે અને શાસનના અનુરાગી બનાવે છે.

જે જનતા સીનેમાના અશ્લીલ અને શ્રૃંગારિક ગીતો જ્યાં ત્યાં લલકારતી હતી, એ જનતાને પ્રભુભક્તિમાં તન્મય બનાવવા અને આ માર્ગે ચઢાવવા આધુનિક શૈલિએ તેઓશ્રીએ સેંકડોની સંખ્યામાં સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ અને ચૈત્યવંદનોની રચના કરી છે. તેઓશ્રીની કવિત્વ કળા કોઈ અનોખી હતી. સાદી-સરળ અને ભાવવાહી શબ્દોની ગુંથણી થવાથી વારંવાર ગાવાનું મન થાય તેવી આકર્ષક હતી. આબાલવૃદ્ધ સૌ કોઈ તેનાં ભાવ સારી રીતે સમજી શકે છે અને તેથી પ્રભુભક્તિમાં તન્મય બને છે. બોધક રોચક, પ્રેરક અને વૈરાગ્યવાહી પદો હોવાથી આ સ્તવનો ગાતા ભક્તિરસમાં તરબોળ બની જાય છે. શાસ્ત્રકારો કહે છે કે. अणं तं गीय वाइयें।

જ્યારે આત્મા ભાવપૂજા યાને પ્રભુભક્તિમાં મીઠા-મધુરા ગીતો દ્વારા તલ્લીન બની જાય તો તે આત્મા અનંત પુણ્યનું ઉપાર્જન કરે છે, અરે યુગ જૂનાં કર્મોનાં બંધનોને તોડી નાંખે છે, અને નિર્મળ બને છે અને એ વાત ક્યાં અજાણી છે કે, રાવણ જેવો જ્યારે શ્રી અષ્ટાપદતીર્થ ઉપર પ્રભુભક્તિમાં-તન્મય બની જાય છે. વીણાનો તાર તૂટે છે પણ ભક્તિનો તાર તૂટતો નથી ત્યારે શ્રી રાવણ તીર્થંકર

નામકર્મ ઉપાર્જન કરે છે.

ત્યારે પરમગુરુદેવે આધુનિક ઢબે સ્તવનોની રચના કરી ખરેખર મહાન ઉપકાર કર્યો છે. હિંદભરમાં શહેરે શહેરે અને ગામડે ગામડે તેઓશ્રીનાં સ્તવનો હોંસે-હોંસે ગવાઈ રહ્યા છે. 'આહા કેવું ભાગ્ય જાગ્યું' 'સિદ્ધાચળના વાસી જિનને ક્રોડો પ્રણામ' 'જનારૂં જાય છે જીવન' આત્મ-કમલ-લબ્ધિ આ શબ્દો આપણે ઠેર ઠેર જિનમંદિરોમાં ભાવુક હૈયાના કંઠમાંથી ગવાતા સાંભળવામાં આવે છે, અરે જ્યાં જૂનાનો આગ્રહ રાખનારા હતા, ત્યાં તેઓએ જ્યારે આ સ્તવનો-સજ્ઝાયો સાંભળી ત્યારે તેઓ પણ કહેવા લાગ્યા, 'સાહેબજી! પેલી નવી સજ્ઝાય સંભળાવો.' અરે એમનાં રચેલા કાવ્યો કેવી સચોટ અસર કરતા હતા તે તો ખંભાતમાં વિ. સં. ૨૦૦૦ ની સાલમાં તેઓશ્રીની નિશ્રામાં અમારુ ચાતુર્માસ હતું ત્યારે સાંજે સજ્ઝાય તેઓશ્રી બનાવતા હતા અને તેજ દિવસે પ્રતિક્રમણમાં જ્યારે હું ગાતો હતો. ત્યારે સજ્ઝાય પૂરી થતાંની સાથે જ ત્યાંના બે ભાઈઓએ દીક્ષા લેવાની પ્રતિજ્ઞા લીધી હતી. સ્તવનો ઇ. ના પુસ્તકોની એક લાખથી પણ વધુ નકલો બહાર પડી ચૂકી છે છતાં માંગણી ચાલુ જ રહે છે એ એઓશ્રીનાં કાવ્યોની લોકપ્રિયતાનો સચોટ પૂરાવો છે. ત્યારે જ તેઓશ્રીને કવિકુલ કીરિટના માનવંતા બિરુદથી સૌ પીછાણે છે અને સાચે જ તેઓશ્રી કવિકુલકીરિટ હતા કારણ કે એમનો વારસો એમના શિષ્યોમાં પણ ઉતર્યો છે અને કેટલાક સારા કવિ તરીકેની ખ્યાતિને પણ વર્યા છે. કેવળ ગુજરાતી ભાષામાં જ કાવ્યોની રચના કરી છે એવું નથી પણ ઊર્દૂ હિન્દી તથા સંસ્કૃત ભાષામાં પણ તેમણે ઘણી સુંદર રચનાઓ કરી છે, ચૈત્યવંદન ચતુર્વિંશતિ વૈરાગ્યરસમંજરી, મેરુત્રયોદશી કથા વગેરે અનેક ગ્રન્થોમાં તેઓશ્રીનું કાવ્ય કૌશલ્ય ઝળકી ઊઠે છે.

કવિત્વ શક્તિદ્વારા પણ તેઓશ્રીએ શાસનની અનેરી પ્રભાવના કરી છે

**વાદવિવાદ-**

પૂ. સ્વ. ગુરુદેવેશને અનેકવાર અન્ય દર્શનીઓ સાથે વાદ-વિવાદ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે, તેમાં તેઓશ્રીએ હરેકે હરેક સ્થળે વિજય મેળવી જૈનશાસનની જય પતાકા ફરકાવી છે, તેઓશ્રીની બુદ્ધિ કુશાગ્ર હતી. તીક્ષ્ણ તર્ક શક્તિ હતી, તેઓશ્રી સ્વ-પર શાસ્ત્રોના પરમ અભ્યાસી હતા, દર્શન શાસ્ત્રોમાં નિષ્ણાત હતા, બોલવાની છટા પણ સામાને આંજી દે તેવી અનોખી હતી, સ્વર બુલંદ અને પહાડી હતો અને તેઓશ્રીનું વ્યક્તિત્વ પણ પ્રભાવસંપન્ન હતું.

નરસંડામાં તેઓશ્રીનાં જાહેર વ્યાખ્યાનોની ઝડી જામી હતી, આ વ્યાખ્યાનોનો જૈનો-ઉપરાંત જૈનેતરો પણ વિપુલ પ્રમાણમાં લાભ ઉઠાવતા હતા, તેમાં કેટલાક આર્ય સમાજીઓ પણ હતા. મૂર્તિપૂજા શાસ્ત્રોક્ત છે કે કેમ? એમ તેઓ તરફથી વારંવાર અટપટા પ્રશ્નો પૂછાતા હતા પણ પૂ. મહારાજશ્રી ખૂબજ શાંતિપૂર્વક યુક્તિ પ્રયુક્તિથી, સચોટ પ્રત્યુત્તરો આપતા હતા, તેઓશ્રીએ યુક્તિ, અનુભૂતિ અને આગમ શાસ્ત્રોથી સિદ્ધ કરી બતાવ્યું કે મૂર્તિપૂજા શાસ્ત્રોક્ત છે. છતાં તેમને ગળે આ વાત ઉતરી નહિ અને એ તો પોતાનોજ કક્કો ખરો કરવા યેન-કેન મથી રહ્યા હતા, ત્યારે પોતાની વાત સિદ્ધ કરવા માટે આર્ય

સમાજીઓએ શ્રી અનંતકૃષ્ણ નામના પંડિતને બોલાવ્યો, તેની સાથે વાદ શરૂ થયો, તેમાં પૂ. સ્વ. ગુરુદેવે યુક્તિ–પ્રયુક્તિથી દષ્ટાંત–દલીલોથી અને વેદના પાઠોથી એ સિદ્ધ કરી બતાવ્યું કે મૂર્તિ અને મૂર્તિપૂજા શાસ્ત્ર સિદ્ધ છે, પરિણામે અનંતકૃષ્ણ શાસ્ત્રી હારી ગયા અને પૂ. મહારાજશ્રીનો વિજય થયો યાને પૂ. ગુરુદેવે જૈનશાસનની વિજય પતાકા ફરકાવી.

આવોજ બીજો પ્રસંગ. ખંભાતની પાસે વટાદરા ગામ છે, ત્યાં શાસ્ત્રાર્થનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, ત્યાંના સનાતનીઓ મુકુન્દ્રાશ્રમ નામના એક વિદ્વાન સંન્યાસીને વેદ વિષયક ચર્ચા કરવા માટે બોલાવ્યો, ત્રણ દિવસ લગાતાર શાસ્ત્રાર્થ ચાલુ રહ્યો, તેમાં પૂ. પાદ મહારાજશ્રીએ એ સિદ્ધ કરી બતાવ્યું કે, 'વેદો હિંસાથી ભરેલા છે અને જૈનધર્મ એ દયામય ધર્મ છે.' પ્રમાણો આપવામાં પૂ. મહારાજશ્રી એક્કા હતા, જડબાતોડ જવાબથી મુકુન્દ્રાશ્રમે પોતાની હાર કબૂલી અને વિજય ગુરુદેવને વર્યો, આથી જૈન ધર્મની અપૂર્વ પ્રભાવના થવા પામી હતી.

પંજાબમાં પણ વાદ–વિવાદનો પ્રસંગ ઊભો થતાં ત્યાં પણ વાદ–વિવાદમાં વિજય મેળવ્યો હતો, ખરેખર તેઓશ્રી વાદી વિજેતા હતા. વાદી ને પણ આઠ પ્રભાવકોમાં ગણાવ્યા છે. એ વાત વાંચકો ન ભૂલે.

**ગ્રન્થ રચના–**

સ્વ. સૂરીશ્વરજીએ પોતાના ૫૮ વર્ષના દીર્ઘ દીક્ષા પર્યાયમાં ૩૮ જેટલા અનુપમ ગ્રન્થોની રચના, સંકલના, અને સંપાદન કર્યું છે. ગુજરાતી, હિન્દી, ઊર્દૂ અને સંસ્કૃત ભાષામાં પણ તેમણે વિવિધ વિષય પર વિવિધ ગ્રન્થો રચ્યા છે પૂર્વાચાર્યના દાર્શનિક ગ્રન્થોનું મહાન ભગીરથ પ્રયત્નથી સંપાદન કર્યું છે અને અનેક ગ્રન્થોનું સંકલન કર્યું છે. આટ આટલા વિશાળકાય ગ્રન્થોનો સંપાદન, સંકલન અને નવ્યરચના કરવામાં કેટ–કેટલો પુરૂષાર્થ આદર્યો હશે! સમયનો કેટલો ભોગ આપ્યો હશે! કેટ કેટલા શાસ્ત્રોનું અધ્યયન અને નિરક્ષણ કર્યું હશે! અને ગુરુકૃપા પણ કેવી ઉતરી હશે! સરસ્વતી પણ કેટલી પ્રસન્ન હશે! આળસ એમનાં અંગમાં નહોતી, પ્રમાદને તેઓ જાણતા નહોતા, આવી અનુપમ અપ્રમત્તતા હતી, અવિરત–ભગીરથ પુરુષાર્થ હતો, શાસન સેવાની અપૂર્વ લગની હતી, અને ભવ્ય જીવોના કલ્યાણની ભવ્ય ભાવના જેમની રગ રગમાં ભરી હતી ત્યારે જ તેઓશ્રી આવા ઉત્તમ કોટિના ગ્રન્થોની રચના કરી શક્યા છે. તેમાંના કેટલાક ગ્રન્થો લોકભોગ્ય છે, કેટલાક વિદ્વદ ભોગ્ય છે અને કેટલાક તો કાશીના દિગ્ગજ પંડિતોને પણ લગાડવા કઠીન પડે તેવા ઉચ્ચ કોટિના છે. સાહિત્ય જગતમાં પણ તેઓશ્રીએ પોતાનો નોંધપાત્ર ફાળો આપ્યો છે અને અવનવા ગ્રન્થોની રચના અને સંપાદન દ્વારા જૈનશાસનની અપૂર્વ સેવા બજાવી છે.


## જૈન દહેરાસર માટે જરૂરી

અમો ચક્ષુટીકા, આંગીયા શ્રીવત્સ, બપૈયા વગેરે બનાવી આપીએ છીએ. તેમજ જુના રીપેર કરીએ છીએ. મળો યા લખો

**રમણલાલ નાથાલાલ**

**(નાથાલાલ કેવળદાસ ચક્ષુટીકાવાળા)**

ડોશીવાડાની પોળ–**અમદાવાદ.**

# પૂ. સૂરિદેવનાં ચરણે શ્રદ્ધાંજલિ

પૂ. પાદ પરમગુરુદેવશ્રીનાં ગુણાનુરાગી ભક્ત જનોએ પોતાની ભક્તિ તથા ભાવભરી વાણીમાં તેઓ શ્રીમદ્ પ્રત્યે હૃદયનો જે અહોભાવ વ્યક્ત કર્યો છે તે અહિં રજૂ થાય છે.

## એક આદર્શ જૈનાચાર્ય

**શ્રી વિષ્ણુપ્રસાદ જી. દેસાઈ**
ભૂતપૂર્વ નગરપતિ, મુંબઈ

પરમ પૂજ્ય સ્વર્ગસ્થ ગુરુદેવ આ. મ. શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનો પુણ્યસ્મૃતિ અંક બહાર પાડવામાં આવે છે, તે જાણીને ઘણો આનંદ થયો છે. મહારાજશ્રીએ તેમનાં જીવન દરમ્યાન જૈન સમાજ તથા જૈનેતર સમાજને યોગ્ય માર્ગદર્શન આપી ઘણી જ સેવા બજાવી છે. નાની ઉંમરથી જ તેમને ધર્મ અને સદાચાર વિષે પ્રેમ હતો, અને ત્યારથી દીક્ષા અંગીકાર કરીને સાધુ તરીકે જીવન જીવીને એક મહાન આદર્શ, સમાજ સમક્ષ તેમણે રજૂ કર્યો હતો. અને તેમણે તેમની વાણીની છટાથી લાખો લોકોને ઉન્નત જીવન જીવવા સારુ પ્રેરણા આપી હતી. તેમનું જીવન એક ખૂલ્લા પુસ્તક જેવું હતું. તેમણે સમગ્ર દેશમાં પર્યટન કરીને ધાર્મિક જીવન જીવવા માટે જનતાને ઉપદેશ આપ્યો. અને આ રીતે સમાજમાં એક આદર્શ સાધુ તરીકે તેમણે ખ્યાતિ મેળવી હતી. આવા એક મહાન ગુરુદેવના સ્વર્ગવાસથી સારાય દેશને એક મોટી ખોટ પડી છે, તેમણે આદર્શ જીવન જીવી જે આદર્શ રજૂ કર્યો, તેને પગલે જનતા ચાલે તો હું માનું છું કે આપણે તેમની સ્મૃતિ આપણા હૃદયમાં હંમેશને માટે રાખી શકીએ.

## ગુરુદેવનો ટુંક પરિચય

**શ્રી નાનજી કેશવજી**
મેનેજીંગ ટ્રસ્ટી, જૈનસંઘ, શાંતાક્રુઝ.

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. કે જેમની સાથેનો મારો પરિચય ઘણોજ અલ્પ છે. સંવત ૨૦૧૬ના ચાતુર્માસ માટે પૂજ્ય આચાર્ય મ. શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજીના શતાવધાની શિષ્ય પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરની ચાતુર્માસ માટેની માંગણી કરવા શ્રી શાન્તાક્રુઝ જૈન તપગચ્છ સંઘના ટ્રસ્ટીઓ સાથે હું તેમને મળવા ગયો હતો. પ્રથમ મુલાકાતે મારા મન પર એવી સુંદર છાપ પડી કે એમના જીવન માટે મને બે શબ્દ લખવાની પ્રેરણા જાગી.

પૂજ્ય આચાર્યશ્રીનો જન્મ ગુજરાતના એક ગામડામાં સંવત ૧૯૪૦માં થયો હતો. એમનું બાલપણનું નામ લાલચંદ હતું. કોઈ પૂર્વજન્મના સંકેત હોય એ રીતે પૂ. પાદ આ. મ. શ્રીમદ્ આત્મારામજી મહારાજના પટ્ટાલંકાર પૂ. આ. મ. શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજની એમના ગામમાં પધરામણી થઈ. સંઘે તેમનો ભારે સત્કાર કર્યો ને થોડાં દિવસ સ્થિરતા કરવાની વિનંતિ કરી. પ્રતિદિન વૈરાગ્ય રસભીની વાણીનો પ્રવાહ ગામલોકોની સાથે લાલચંદ પણ લેવા લાગ્યાં. તેઓ આ મહાપુરુષના અતિ પ્રભાવશાળી વ્યક્તિત્વથી ખૂબ આકર્ષિત થયાં ને એકલાં જઈને તેમના દર્શનનો લાભ લેવા લાગ્યાં. આ સંતસમાગમના પરિણામે સંસારની અસારતા

મનમાં વસી અને વૈરાગ્યનાં બીજ વવાયાં. ખરેખર થોડા વખતનો સંતસમાગમ પણ અદ્ભુત કામ કરી જાય છે તેથી જ સંત તુલસીદાસે કહ્યું છે કે,

'આધિસેં આધિ ઘડી, આધિસેં પુનિ આધિ
તુલસી સંગત સાધુકી કટે કોટી અપરાધ.'

સંવત ૧૯૫૬ની સાલમાં પૂજ્ય આ. મ. શ્રી આત્મારામજી મ. ના પંજાબી શિષ્ય પૂ. મુનિરાજશ્રી ઉદ્યોતવિજયજી મહારાજે માણસામાં ચાતુર્માસ કર્યું. તેમના સતસંગથી લાલચંદના હૃદયક્ષેત્રમાં પડેલાં વૈરાગ્ય બીજો નવપલ્લવિત થતાં આખરે એમણે સંવત ૧૯૫૯માં દીક્ષા લીધી. પૂ. મુનિશ્રી લબ્ધિવિજયજી એમનું નામ પડ્યું, દીક્ષા લીધા પછી મુનિશ્રી બે વર્ષ ગુજરાતમાં રહ્યાં. સંવત ૧૯૭૨માં 'જૈન-રત્ન વ્યાખ્યાન વાચસ્પતિ'ની પદવી આપવામાં આવી. તેઓશ્રીની વાણીમાં અપૂર્વ બળ હતું. એકજ વ્યાખ્યાન આપે અને કાળમીંઢ હૈયાં પણ પીગળી જાય ભક્તોને તો તેઓ ભગવાન સમ ભાસ્યા છે. તેઓશ્રીએ દર્શાવેલી શુભેચ્છા કદી ખાલી ગઈ નથી. પુરી સત્ય-નિષ્ઠા વિના આ શી રીતે સંભવે? એક મહાન સમુદાયના ગુરુપદે હોવાં છતાં તેઓશ્રીનું મન બાળક જેવું નિખાલસ હતું.

તેઓશ્રીની શ્રુતભક્તિ અતિ જ્વલંત હતી. તેઓશ્રીએ આગમોની વાચના આપી શિષ્ય સમુદાય તેમજ અન્ય ભાવુકવર્ગને શ્રુતજ્ઞાનનો ભવ્ય વારસો આપ્યો છે. તેઓશ્રી સીત્તોતેર વર્ષની વયે પણ અદ્ભુત સ્મરણશક્તિ ધરાવનાર એક વિરલ કોટિના મહાપુરુષ હતાં ત્રીશ ચાલીશ વર્ષ પૂર્વે પોતાના સમાગમમાં આવેલાં આબાલવૃદ્ધનાં નામો તેમજ તે વખતે બનેલા પ્રસંગોની યાદ બરાબર આવી શકતા હતા. એવા ભવસાગરના પ્રબળ ભયને હણનારાં મહાપુરુષને કોટી કોટી વંદન હજો.

⊙

## ઉપકારી સૂરિદેવ

**સંઘવી ગણપતચંદ પદમચંદ**
પ્રમુખ : જૈનસંઘ, વિજાપુર (કર્ણાટક)

પરમ પૂજ્ય આચાર્યદેવ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનો પ્રથમ પરિચય—દક્ષિણમાં કરાડ—ચાતુર્માસ વખતે થયો. તેઓશ્રીની વ્યાખ્યાન આપવાની શૈલિ જોઇ અમને આ એક ક્રાંતિકારી મહાત્મા છે એવું લાગ્યું. એમની વિષયને સમજાવવાની શક્તિ બહુ અગાધ હતી. ગમે તેવી મોટી મેદની પણ તેમનુ વ્યાખ્યાન સાંભળી શકે તેવો પહાડી અવાજ અને દરેકના હૃદયને સ્પર્શી શકે એવી વિશિષ્ઠ શક્તિ નિહાળી તેથી મેં ખૂબ આનંદ અનુભવ્યો. જૈનોમાં આવા મહાન આચાર્ય આજે છે તેમ તેમનાં દર્શનથી અને વ્યાખ્યાનથી અમારી સાથે આવેલા સહુ હર્ષઘેલા બની ગયા. ત્યારે તેઓશ્રીનાં દર્શનનો લાભ લેવા મન વધારે ઉત્સુક થવાથી ચાર-પાંચ ચાતુર્માસમાં દર્શન કરવાનો લાભ લીધો. તેમની વૃદ્ધાવસ્થામાં પણ વ્યાખ્યાન શક્તિ એવી ને એવી રહી એ આશ્ચર્યની વાત છે. તેમનો સ્વભાવ શાંત અને ગંભીર હતો. તેઓ હંમેશા ધર્મનાં અવતાર જેવા દેખાતા—તેમના લખેલા સ્તવનો, સજઝાયો વગેરે ગાતા ને સાંભળતાં એવો આનંદ આવે છે કે આત્મા તલ્લીન થઇ જાય છે. આવા મહાત્માઓની સંઘને બહુ જરૂર છે. એમના અવસાનથી શ્રી સંઘને ન પૂરાય એવી ખોટ પડી છે. એમનાં માનમાં કેટ કેટલે ઠેકાણે અઠ્ઠાઇ મહોત્સવો તથા શાંતિ સ્નાત્રો ઉજવાયા છે, તેમ અમારા ગામમાં પણ ઉત્સવ યોજાયો હતો. તેમનાં અવસાનના સમાચાર સાંભળતાં દેવ વંદનાદિ કરવામાં આવ્યા હતા, તેમની સ્મૃતિ દરેકને શાસનના માટે તાજી જ રહેશે. ઇતીશમ્.

⊙

## યોગીશ્વર ગુરૂદેવ :

**શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધી**
તપ-જૈન સંઘના પ્રમુખ ઘાટકોપર-મુંબઇ

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. પા. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ અકાળે સ્વર્ગવાસ થતાં જૈનસમાજ તેમજ જૈનેતર સમાજને ન પૂરી શકાય તેવી મહાન ખોટ પડી છે. તેઓશ્રીનાં ટુંક પરિચયમાં આવ્યા પછી, અને એમનાં માટે જે માન અને લાગણી ઉત્પન્ન થઇ છે તે હું જીવનભર ભૂલી

શકું તેમ નથી. દિવસમાં ૨૧૬૦૦ શ્વાસોશ્વાસમાં અરિહંતનાં ધ્યાનનો ઉપયોગ હર-હંમેશ પ્રભુસ્મરણ અને સ્વાધ્યાયના રટનમાં તેઓશ્રી જોવામાં આવતા હતા. તેઓશ્રીનું વ્યક્તિત્વ મહાન યોગિરાજસમું અદ્દભુત હતું

એક મહાન પુરૂષની સમાજને મોટી ખોટ પડી છે. શાસનદેવ તેઓશ્રીના આત્માને જ્યાં હોય ત્યાં સંપૂર્ણ શાંતિ આપશે જ અને અમોને જૈન સમાજના ઉત્કર્ષના કાર્યમાં પ્રેરણા આપશે.

પૂ. પા. આચાર્ય મહારાજ શ્રી વિજય લક્ષ્મણ-સૂરીશ્વરજી મ. ની છત્રછાયામાં તેઓશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે અત્રે-અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. તેમજ પૂ. પાદ આચાર્ય-દેવની અધ્યક્ષતામાં સકળ જૈનસંઘની એક વિરાટ સભા તેઓશ્રીને શ્રદ્ધાંજલિ અર્પવા એકત્રિત થઇ હતી.

⊙

# અમારા ઉપકારી:

## શ્રી ચતુરદાસ નગીનદાસ શાહ

બેલગામ (કર્ણાટક)

પૂજ્ય ગુરૂદેવ સાથે મારા કુટુંબનો પરિચય ઘણા લાંબા સમયથી હતો. તેમની મુખમુદ્રા, મૃદુવાણી, સમજાવવાની કળા, આગમ પ્રત્યેની દૃઢ માન્યતા અને અભ્યાસ સંપર્કમાં આવનાર વ્યક્તિ ઉપર અજબ છાપ પડતી. અમારા કુટુંબમાં ઉપર કરેલો તેમનો ઉપકાર પણ ભૂલાય તેમ નથી.

વિશેષ પરિચય કરાડમાં પૂજ્ય ગુરૂદેવના સાન્નિધ્યમાં પર્યુષણ પર્વની આરાધના સં. ૨૦૦૫ માં થતાં તેમનાં પ્રભાવથી ઉપધાન તપ કરવા કરાવવાની ભાવના મને જાગ્રત થતાં બીજા ભાઇઓ સંઘવી ખધર્સ વ.ના સહકારથી અમોને યોગ સાંપડેલ, જે ૨૦૧૬માં કરાડમાં થયેલા ઉપધાન તપ મહોત્સવમાં લગભગ ૩૦૦ની સંખ્યામાં ઉપધાન થયાં હતાં.

સિવાય સાંગલીની પ્રતિષ્ઠા, કુંભોજગિરિની પ્રતિષ્ઠા ઇત્યાદિ પણ ગુરૂદેવના સાન્નિધ્યમાં થયેલ. કુંભોજગિરિમાં નવીન ધર્મશાળા માટેનું ફંડ તેમના ઉપદેશથી શરૂ થયેલ જે ધર્મશાળા તૈયાર થયેલ છે.

મહારાષ્ટ્ર પ્રદેશમાં સં. ૧૯૯૪માં પૂ. આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજે પધારી જૈન ધર્મના આચાર વિચારોમાં પાછળ પડેલા અનેક જીવોને ધર્મ માર્ગે દોરેલા તે પછી પૂ. ગુરૂદેવ અને તેઓશ્રીના વિદ્વાન પટ્ટધર પૂ. આચાર્યદેવ શ્રીમદ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિના મહારાષ્ટ્ર પ્રદેશના વિહારથી જૈન જૈનેતરોમાં જૈન ધર્મને દીપાવનારા અનેક કાર્યો થયા. કેટલાક જૈન બન્યા વ્યસન છોડ્યાં. મહોત્સવો થયા. જૈન ધર્મની મહત્તા વધારી.

પૂજ્ય ગુરૂદેવના બુદ્ધિ વૈભવથી અનેક ધર્મગ્રંથોનું સંશોધન કરી હીતકારી એવા સંસ્કૃત, હીંદી, ગુજરાતી વગેરે ભાષામાં અનેક ગ્રંથ રચ્યા. જે જ્ઞાનવૃદ્ધિ માટે જૈન ધર્મના રક્ષણ માટે, અને પ્રભુભક્તિમાં અનેક પ્રકારે ઉપયોગી, હંમેશ માટે રણમાં જળ સરોવર મળે અને તૃષ્ણા શાંત થાય તેમ પંચમકાળમાં પણ તેમના જ્ઞાનરૂપી ગ્રંથ દીપકથી અનેક આત્માઓ આત્મ-કલ્યાણ સાધી રહ્યા છે, ને સાધશે.

પૂજ્ય આચાર્ય દેવની જીવન ઝરમર તેમના અનેક ગુણોનું વર્ણન કરવા બેસીએ તો એક મહાન ગ્રંથ બની જાય છતાંય પૂર્ણ ન થાય. જે ગુરૂદેવે દૂરદૂર પ્રદેશમાં ઉગ્ર વિહાર કરી અનેક ગામોમાં ચાતુર્માસો કરી અનેક જીવોને સર્વવિરતિ અને દેશવિરતિમય બનાવી પોતે મોક્ષ માર્ગના રસ્તે પ્રયાણ કર્યું એવા પૂજ્ય ગુરૂદેવને અમારી શ્રદ્ધાંજલી.

⊙

# સૂરીશ્વરજી અને મારો પરિચય

## શેઠ ભાઇચંદ નગીનચંદ ઝવેરી-મુંબઇ

પરમ પૂજ્ય વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનો પ્રથમ પરિચય મને વિ. સં. ૧૯૮૧માં સુરતના ચાતુ-ર્માસમાં થયો. તે વર્ષે સુરતમાં શાસન પ્રભાવનાના ઘણા સુંદર કાર્યો થયા હતાં.

૧. પૂ. પાદ આ. મ. શ્રીમદ્વિજય કમળસૂરીશ્વરજી પ્રાચીન હસ્તલિખિત જૈન પુસ્તકોદ્ધાર ફંડની સ્થાપના કરવામાં આવી, જેમાં રૂા. ૨૫૦૦૦) પચીસ હજાર ભરાયા હતા.

૨. સ્થાનિક પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે ગુરુદેવોનાં દર્શનથી પ્રતિબોધ પામી નદીમ–એક માઇલ જેટલા વિસ્તારમાં માછલીની જાળ નહિ નાંખવાનો હુકમ બહાર પાડયો અને આ મહાત્માઓની હાજરી સુધી કુતરાઓને ઝેરનાં પડીકાં આપવા ઉપર પ્રતિબંધ મૂકયો.

૩. સદ્ધર્મરક્ષક પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કમળસૂરીશ્વરજી મહારાજ પરમ ગીતાર્થ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ વિશાળ મુનિવૃંદસહ એમ ત્રણ મહાન આચાર્યો આ વર્ષે ચાતુર્માસ પધાર્યા હતા.

૪. ઉપધાન તપની સુંદર આરાધના થઇ. આ લેખકને તેઓશ્રીનો એક મહામૂલો લાભ મળ્યો હતો અને તે એક સુરતથી બે માઇલ દૂર આવેલા લાઇન્સના જિન મંદિર પાસે જ્યાં નગીનભાઇ મંછુભાઇ જૈન આરોગ્ય ભુવન બાંધવામાં આવ્યું છે ત્યાં ચાર દિવસ સ્થિરતા કરી આભારી કર્યો હતો. હજી એ ભવ્ય દૃશ્ય મારી નજર સમક્ષ તરવરી રહ્યું છે.

૫. સ્વ. આચાર્યદેવ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજે જૈન શાસનની અપૂર્વ પ્રભાવના કરી હતી. સ્વભાવે શાંત સરળ અને ગંભીર હતા. સ્વાધ્યાય પરાયણ હતા. સંગઠનના ચાહક હતા. અનેક ગ્રન્થોનું તેમણે નવસર્જન કર્યું છે, તેમની રચેલી કવિતાઓ ખૂબ જ લોકપ્રિય નીવડી છે, અનેક સ્થળે તેમણે વાદોમાં વિજય મેળવ્યો છે. એમનાં વિષે ઘણું ઘણું લખી શકાય તેમ છે.

વીસમી સદીના આ મહાન ગુર્જર કવિ, સાહિત્યરત્ન, પ્રખર વિદ્વાન, ગીતાર્થ આચાર્યદેવ વિજય લબ્ધિસૂરીશ્વરજીની આછી જીવન ઝાંખી રજૂ કરી ભૂરિ ભૂરિ વંદના કરી વિરમું છું.

⊙

# પૂ. સૂરિદેવનું અનોખું વ્યકિતત્વ :

**શ્રી રતીલાલ મણીલાલ નાણાવટી–મુંબઈ**

**આજથી** આશરે છ માસ પહેલાં હું પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની તબિયતની ખબર કાઢવા ગયેલો, ત્યારે તેમના પ્રથમ પરિચયમાં આવ્યો. આ સમયથી તેમનું પ્રતિભાશાળી વ્યકિતત્વ મારા પર ઘેરી અસર કરી રહેલું.

સંવત ૨૦૧૭ના અસાડ માસમાં પૂજ્યશ્રીની માંદગીના સમાચાર સાંભળી હું ભૂલેશ્વર માધવબાગમાં આવેલાં જૈન ઉપાશ્રયમાં ગયો, ઉપાશ્રયના પગથીઆ ચડતાંજ મહામંત્ર નવકારના મધુર સંગીતમય સૂરોથી ગુંજતું આલ્હાદક વાતાવરણ મેં અનુભવ્યુ. ઉપર પૂજ્યશ્રીના ઓરડામાં જતાં તેઓશ્રીના શિષ્યો તથા શ્રાવકો તેઓશ્રીની સેવા કરતાં જોયાં. આ બધામાં સૌથી વિશિષ્ટ વસ્તુ એ હતી કે અગણિત શારિરીક વ્યાધિઓથી ઘેરાયલા હોવા છતાં આ મહાપુરુષ અતિ ઉન્નત કોટીની ચિત્તપ્રસન્નતા અનુભવી રહ્યાં હતાં. આ એક દિવ્યદર્શન હતું.

તેઓશ્રીની પાસે જતાં તેઓએ મારી સામે જોતા વેંત 'વિલેપારલેના નાણાવટી' ના સંબોધનથી મને ઓળખી કાઢયો. પૂર્વે હું તેઓશ્રીને એકજ વાર મળ્યો હોવા છતાં અંતિમ અવસ્થામાં પણ તેઓશ્રીની આવી તીવ્ર યાદશક્તિ જોઇ મને આશ્ચર્ય થયું. તુર્તજ તેઓશ્રી આત્મધ્યાનમાં લીન થયાં. દશેક મીનીટ બાદ તેઓશ્રી આંખ ખોલી બોલ્યા 'પેલા નાણાવટી છે કે ગયા?' મારા સદ્ભાગ્યે હું હજુ ત્યાંજ હતો તેમની પાસે જતાં એઓશ્રીએ મારા માથા પર હાથ મૂકી સૂચન કર્યું કે, 'શાસનની સેવા કરજો.' અંતિમ સમયે પણ આ મહાપુરુષનાં હૈયામાં કેવળ શાસનનું હિત જ વસેલું હતું. જે શાસનમાં આવા અણમોલ રત્નો હોય તે શાસનનું ભાવિ હમેશાં ઉજ્જવળ હોય.

થોડાક દિવસબાદ તેઓશ્રીના સમાધિ મરણના સમાચાર સાંભળી મને ક્ષોભ થયો.

ધન્ય હો! આવા યુગ પુરુષને કે જેઓશ્રીએ આદર્શ જીવન જીવી વિદ્વાન શિષ્ય રત્નોની અને અનેક ગ્રંથોની શાસનને ભેટ આપી.

શાસનદેવને પ્રાર્થના કે, તેઓશ્રીના આત્માને મોક્ષ પ્રતિ પ્રયાણ કરવા અનંત શકિત આપો!

⊙

# પ્રભાવશાળી સૂરિદેવ

## શ્રી રામજી મેઘજી, ગુઢકા

જ્યારે જ્યારે શ્રી શત્રુંજય તીર્થ યાદ આવે છે, ત્યારે તરતજ પૂ. આચાર્યદેવ વિરચિત 'શ્રી સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ' એ સ્તવન યાદ આવ્યા વગર રહેતું નથી. દેલવાડાના જિનમંદિરના ભવ્ય રંગમંડપમાં રાત્રે ભાવનામાં ભાવુક હૈયાના કંઠમાંથી ગવાતું આ સ્તવન સાંભળવાની સુંદર તક મને મળી હતી. બચપણથીજ આ સ્તવન મને અતિશય ગમતું.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનાં પ્રથમ દર્શન—દાદર શ્રી આત્મકમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરમાં થયા હતાં. પ્રથમ દર્શનેજ મારા હૈયામાં તેમનાં પ્રત્યે ઊંડી છાપ પડી હતી. પ્રથમથીજ તેઓશ્રીના ગુણોથી આકર્ષાઇ મને ખૂબ આદર હતો. તેઓશ્રીના સાક્ષાત્ દર્શન થવા પછી ખૂબજ વધારો થયો. મને તેઓ એક યોગીપુરૂષ જેવા પ્રભાવશાળી લાગ્યા.

તેઓશ્રીના સ્વર્ગવાસથી સમસ્ત જૈન—સમાજને ભારે ખોટ પડી છે. પૂ. આચાર્યદેવના આદર્શ જીવનના જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. તેમના જીવનની વેરાયલી કણીઓમાંથી એકાદ કણી પણ પ્રાપ્ત થાય તો પણ આપણી જીવન નૌકા જરૂર એક દિવસ ભવસાગરના કિનારે પહોંચી જાય... એજ પૂ. આચાર્યદેવને હાર્દિક અંજલી સમર્પી કિંચિત્ કૃતાર્થતા અનુભવું છું.

⊙

# સૂરિદેવ અને ઈડર

## શ્રી સોમાલાલ મણિલાલ શાહ ઈડર

'જબ જન્મ લીયા, જગ હસે તું રોય
અબ કરણી એસી કરલે, તું હસે જગ રોય.'

અનાદિ અનંત કાળથી જીવ માત્રને જન્મવું જીવવું અને જવું એ શાશ્વત નિયમ ચાલ્યો આવે છે. જેમાં રડતા જન્મવું—રડતા જીવવું—અને રડતા જવું એ પ્રમાણે મોટે ભાગે હોય છે જ જ્યારે પુન્યશાળીઓ જન્મે છે છતાં પોતાનું જીવન દેવગુરુધર્મ શ્રદ્ધાના બળથી અને શાસનની સેવાથી આત્મિક આનંદમાં પસાર કરી આનંદપૂર્વક જાય છે. અને પોતાના જીવનની સુવાસ પાછળ મૂકતા જાય છે. જેથી તેઓના ગુણોને યાદ કરતાં તેમની વિરહવેદના દરેકને લાગે છે. એવા એક મહાપુરુષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ આપણા વચ્ચેથી આપણને રડતા મુકી દેહરૂપે સં. ૨૦૧૭ ના શ્રાવણ સુદી ૬ ના પ્રાતઃ કાળે વિદાય થયા છે.

પૂજ્યશ્રીનો ઈડર ઉપર અનંત ઉપકાર છે. પૂ. શ્રી એ વીસ વરસની ભરયુવાન વયે સંવત ૧૯૪૯માં ચારિત્ર માર્ગ ગ્રહણ કરી તુરતજ પ્રથમ ચાર્તુમાસ ઇડરમાં જ કરેલ જેથી ઈડર ક્ષેત્ર પર તેમની અમી નજર હતી. પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય શ્રી કમળસૂરીશ્વરજી મહારાજ સાહેબે ઇડરમાં ધર્મબીજ સં. ૧૯૫૯ ના ચાર્તુમાસમાં વાવ્યું તેને પૂજ્યશ્રીએ સીંચન કરી નવપલ્લવીત કર્યું અને અમોને ઇડરને ધર્મશ્રદ્ધા અને સંસ્કારો મળ્યા. પૂ. શ્રીને ઇડરમાં સંઘ તરફથી 'જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ' નું બીરૂદ સંવત ૧૯૭૧માં આપવામાં આવ્યું. પૂ. શ્રીએ ઇડરમાંજ 'મેરૂ ત્રયોદશી કથા, પુસ્તક સંસ્કૃત સં. ૧૯૭૧ માં ઇડરમાંજ લખ્યું. ઇડર પાંજરાપોળની જીવદયાની સંસ્થાની સ્થાપના ગુરુદેવશ્રીના ઉપદેશથી થઇ. તેને તેઓશ્રીનો સહકાર હંમેશા મળતો રહ્યો છે. શ્રી ઇડરગઢના જીર્ણોધ્ધારનું શરૂ થયેલ કાર્ય પણ તેઓશ્રીના પ્રયત્નોથી પુરુ થયું છે. ઇડરમા ઉપાશ્રયની ભવ્ય ઈમારત પણ પૂ. શ્રીની પ્રેરણાને આભારો છે. શ્રી પોશીનાજીતીર્થનો જીર્ણોદ્ધાર

પણ પૂ. શ્રીના ઉપદેશથી થયો છે, અને તેઓશ્રીએ ઇડરમાં પાંચ ચાતુર્માસ અનુક્રમે સં. ૧૯૫૯ સં. ૧૯૭૧ સં. ૧૯૯૪ સં. ૨૦૦૭ અને સં. ૨૦૧૧માં કરી અનેક શાસન પ્રભાવના કરી છે. ત્યાગી મહાત્માઓને ક્ષેત્ર પ્રત્યે મમતા ન હોય છતાં પૂ. શ્રીએ ઈડરક્ષેત્ર ઉપર અમીદૃષ્ટિ રાખી છે. અને તેઓશ્રી પ્રત્યેની અમારી અચળ શ્રદ્ધાએ ઈડરને તેઓશ્રી તરફથી અને તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યો તરફથી હંમેશા પ્રેરણા મળતી રહી છે. અને હવે પછી પણ તેજ પ્રમાણે તેઓશ્રીના સમુદાય તરફથી માર્ગદર્શન, ધર્મ પ્રેરણા મળતી જ રહેશે તેવી શ્રધ્ધા સાથે વિરમું છું.

⊙

# જ્યોતિ સિતારા

## શ્રી પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી, મુંબઈ

આજનાં શિક્ષણના યુગમાં બુદ્ધિનો વિકાસ ઘણો વધ્યો છે, અને તેના પરિણામે વિચાર અને વાણીમાં પણ તેજસ્વીતા અને તીવ્રતા આવ્યા છે, જ્ઞાનથી બુદ્ધિ અવશ્ય ખીલે છે, બુદ્ધિની ચપળતા, વિચારોનું સંકલન અને વાણીનો એકધારો પ્રવાહ એ જેનામાં હોય તે વકતા કે વ્યાખ્યાનકાર શ્રોતાજનો ઉપર બહુજ સારી છાપ પાડી શકે છે. ઉત્તમ વકતૃત્વ એ આજના જમાનાની એક ઉત્તમ કળા લેખાય છે. વ્યવહાર અને ધર્મના ક્ષેત્રે સારા વકતાનું વકતૃત્વ સામાન્ય જનતા ઉપર એવી મોહક અસર કરે છે કે લોકો તેની પાછળ ગાંડા થઇ જાય છે. આ પણ લોકપ્રિયતા મેળવવાનું સરળ સાધન છે. દરેક માણસ માત્ર શ્રોતા જ બને તેને બદલે થોડા ઘણા અંશે વકતા પણ જો બને તો તેનાથી બુદ્ધિ વધુ ખીલશે, વિચારો સ્પષ્ટ થશે અને ભાષાજ્ઞાન કેળવાશે. સારા વિચારોમાંથી સારી ભાષા ઉત્પન્ન થાય છે.

બુદ્ધિશાળી મનુષ્યો બુદ્ધિના પૂજારી હોય છે. બુદ્ધિની વાતો અને બુદ્ધિપૂર્વકના વિચારો અને વાણીનું વશીકરણ તેમને બહુ જ ગમે છે. લોકપ્રિયતાના ઉપાસકોને વાક્પટુતા અને વાક્ચાતુર્ય એ એવાં સાધનો છે કે જેની પાછળ જનતા પાગલ બને છે. જગત આજે છીછરું બની ગયું છે. એટલે તેને બહારનો ડાકડમાળ અને ઠઠારો વધુ ગમે છે; અને તેના પ્રત્યે તે વધુ ખેંચાય છે. મનુષ્યજીવન આજે બાહ્ય દૃષ્ટિવાળું બની ગયું છે. અંતરનું ઊંડાણ કે સ્થિરતા આજે કોઇને ગમતાય નથી કે જોઇતાય નથી. રોજની નવીનતામાં જ માણસ આનંદ માણે છે. આવી નવીનતા એ તો ક્ષણિક કે ક્ષણભંગુર જ હોઇ શકે. તે પળે પળે બદલાતી રહે એટલે તેમાંથી મળતો આનંદ પણ ક્ષણિક જ હોય, આને લઇને કોઈ માણસને સાચી શાંતિ, સાચું સુખ કે સાચો આનંદ આજના જીવનમાં જણાતો નથી.

જગત જેને પ્રગતિ, વિકાસ કે ઉન્નતિ કહે છે અથવા માને છે તે માત્ર કલ્પનાના તરંગોમાં છે. મુસાફરને સવારથી રાત સુધી મજલ જ કાપવાની હોય; અને વિસામો, આરામ કે વિશ્રાંતિને માટે જરા જેટલી પણ તક ન હોય; તો તેને મુસાફરીનો આનંદ ક્યાંથી હોય? તેવી રીતે જીવનમાં કશીપણ સ્થિરતા ન હોય અને સવાર પડે ને કંઇ ને કંઇ નવીનતાની ઝંખના જ કર્યા કરીએ તો શાંતિ કે સુખ શી રીતે મળે? માણસ એટલુંજ બરાબર સમજે કે સ્થિરતા ઉપર જ નવીનતા નિર્ભર છે સ્થિરતા હોય તો જ પ્રગતિ થઇ શકે અને સ્થિરતામાં જ સ્વસ્થતા છે, તો તેના જીવનના ઉન્માદ મહદંશે શાંત થશે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ સિધ્ધાંતનો સાચો અર્થ એ છે કે ઉત્પાદ અને વ્યય એ ધ્રૌવ્યને આશ્રીને છે.

જૈનધર્મમાં જ્ઞાન તથા ક્રિયા ઉપર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ જ્ઞાનનો અર્થ એ કે જ્ઞાન અનુભવથી સિધ્ધ કરેલું હોય તે જ સાચું જ્ઞાન છે, અનુભવનુ જ્ઞાન ત્યારે જ થાય કે જ્યારે તેને આચારમાં મુકીએ. એટલે આચરણ એ જ જ્ઞાનનું મૂળ છે. બુદ્ધિથી જાણવું તે જ્ઞાન નથી, બુધ્ધિથી તો માત્ર શબ્દજ્ઞાન અને અર્થજ્ઞાન અને કદાચ તત્ત્વનું જ્ઞાન થાય. જ્ઞાન એ બુધ્ધિનો ગુણ નથી, પણ આત્માનો ગુણ છે. આપણે વ્યાખ્યાનમાં રોજ આ સાંભળીએ છીએ છતાં હજુ પણ જ્ઞાનનો સાચો અર્થ આપણે જાણતા શીખ્યા નથી. આજે વિચાર, વાણી અને

વર્તનમાં એકવાક્યતા જોવા નથી મળતી. તેનું ખાસ કારણ એ છે કે આપણને હજુ સાચું જ્ઞાન જ પ્રાપ્ત થયું નથી. છતાં જ્ઞાની તરીકે ઓળખાવા આપણે પ્રયત્ન કરીએ તો તે ખરેખર આત્મવંચના સીવાય બીજું શું ગણાય? ધર્મના અભ્યાસી એ જ્ઞાની ન કહેવાય; તે માત્ર અભ્યાસી જ કહેવાય. ખરો જ્ઞાની તે જ કે જે સતશાસ્ત્ર જાણે, તે પ્રમાણે આચરણ કરે અને ક્રમે ક્રમે આત્મ કલ્યાણ સાધી આત્મરમણતામાં લય પામે. જેની બહુ બહિર્દૃષ્ટિ રહે છે તેની અંતર્દૃષ્ટિ જલદી ખુલતી નથી. મુક્તિને માટે જે ગુણસ્થાનકો કહ્યા છે તે આત્માના શુભ પરિણામોને ઉદ્દેશીને કહ્યા છે. જગતની સાથે તેને કશો સંબંધ નથી. બહિરાત્મભાવ ટાળવો અને અંતરાત્મભાવ પ્રગટ કરવો અને તેમાં ક્રમેક્રમે આગળ વધવું એ જ માર્ગ શાસ્ત્રમાં બતાવ્યો છે.

જે જે મહાપુરુષો કે આચાર્ય ભગવંતો થઇ ગયા છે તેમની મહત્તાનું માપ એ રીતે નીકળે છે અને નીકળવું જોઇએ કે તેઓએ પોતાનું કલ્યાણ સાધવાની સાથો સાથ જગતનું કલ્યાણ કરવા માટે શું શું કર્યું? અને કેટલું કેટલું કર્યું? પોતે તો સંસારનો ત્યાગ કરીને સર્વવિરતિપણું સ્વીકારીને જ્ઞાન ધ્યાન અને આત્મકલ્યાણને પંથે આગળ વધ્યા. તે માટે તો તે પૂજનીય અને વંદનીય છે. પરંતુ જગતના બાળજીવોને ધર્મના માર્ગે દોરવા માટે અને તે માર્ગમાં તેઓને સ્થિર કરવા માટે શું શું અને કેવા કેવા પ્રયત્નો કર્યા છે? અને તેમાં તેમણે કેટલી સફળતા પ્રાપ્ત કરી છે? એ દૃષ્ટિએ જગત તેઓનાં મૂલ્ય આંકે છે.

અનેક સ્થળે પાઠશાળાઓ સ્થાપી, જ્ઞાનમંદિર બનાવ્યા, ઉપાશ્રયો અને જિનાલયો કરાવ્યાં કે જુનાના જીર્ણોદ્ધાર કરાવ્યા; ધાર્મિક અનુષ્ઠાનો અને ધર્મક્રિયાઓ કરાવ્યા; ધર્મનો પ્રચાર કર્યો અને ઉપદેશ આપ્યો. આ બધા શાસનોન્નતિ અને શાસનપ્રભાવનાના કાર્યો ઓછાવત્તા પ્રમાણમાં સાધુમુનિવરો જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં સૌ કોઇ કરે છે. પરંતુ તે બધું કરવા છતાંય જેઓ સરળ સ્વભાવી હોય છે, તેઓ નિર્મમત્વપણે બધું કરે છે અને સ્વકર્તવ્ય સમજી સહજ ભાવે કરે છે, તેમના પ્રત્યે સહજ ભાવે સૌ કોઇને પૂજ્યભાવ ઉત્પન્ન થાય છે. સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી પ્રત્યે આવો પૂજ્યભાવ ધરાવનારાઓની સાથે હું પણ ભક્તિભાવથી નિવાપાંજલિ અર્પણ કરું છું. જગતમાં જ્યોત ઘણે સ્થળે પ્રકાશતી હોય છે. પણ કોઇની દૃષ્ટિ કોઇ સિતારા તરફ પણ હોય છે. તેઓ પણ ખરેખર એક જ્યોત સિતારા જ હતા.

⊙

# પૂ. પરમગુરૂદેવનું સાહિત્ય સર્જન

## પૂ. બાલમુનિરાજશ્રી પ્રસન્નચંદ્રવિજયજી મહારાજ

(પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિ શિષ્યરત્ન)

**પૂ** પાદ પ્રાતઃ સ્મરણીય પરમોપકારી ગુરુદેવ વિજય લબ્ધિસૂરિશ્વરજી મહારાજે જૈન શાસનની અનુપમ પ્રભાવના કરી છે, એમનાં જીવન-કવન અંગે ઘણું ઘણું લખી શકાય તેમ છે. પણ અહીં તેઓશ્રીની સાહિત્ય સેવાની ટૂંકી નોંધ રજૂ કરવામાં આવે છે.

તેઓશ્રીએ ગુજરાતી, હિન્દી, ઊર્દૂ તથા સંસ્કૃત ભાષામાં મહામૂલ્ય ૩૮ જેટલા ગ્રન્થોની સંકલના, સંપાદન અને રચના કરી છે.

ગધ-પધમાં રચેલી તેઓશ્રીની

### સંસ્કૃત કૃતિઓ

૧. મેરૂ ત્રયોદશી કથા (પધ)
૨. વૈરાગ્ય રસ મંજરી (પધ)
૩. તત્વન્યાય વિભાકર (ગધ)
૪. તત્વન્યાય વિભાકર–સ્વોપજ્ઞટીકા
૫. ચૈત્યવંદન સ્તુતિ ચતુર્વિંશતિ.
૬. સ્તુતિ ચતુર્વિંશિકા
૭. શુકરાજ કથા
૮. દ્વાદશાર નયચક્રના ટિપ્પણો

(નીચેના ત્રણ ગ્રન્થોની સંકલના કરી છે.)

૯. સમ્મતિતત્વ સોપાન
૧૦. સમ્મતિતર્ક અને તત્વબોધિનીવૃત્તિનું સંક્ષિપ્ત-કરણ
૧૧. સૂત્રાર્થ મુક્તાવલી ( આગમ સાહિત્ય )

## હિન્દી ભાષામાં રચેલા ગ્રંથો

૧૨. દયાનંદ કુતર્ક તિમિર તરણિ
૧૩. મૂર્તિમંડન
૧૪. અવિધાંધકાર માર્તંડ
૧૫. હી ઔર ભી ( સ્યાદવાદ વિષયક નિબંધ )
૧૬. વેદાંત વિચાર

## ગુર્જર ભાષામાં રચેલા ગ્રન્થો

૧૭. દેવ દ્રવ્યાદિ સિદ્ધિ
૧૮. પ્રગતિની દિશા. જાહેર વ્યાખ્યાનો
૧૯. ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો ભા. ૧-૨

## હિન્દી

૨૦. વ્યાખ્યાન લુધિયાના હિન્દી
૨ . વ્યાખ્યાન દેહલી હિન્દી

## પૂજાઓ

૨૨. પંચજ્ઞાન પૂજા
૨૩. તત્વત્રયી પૂજા
૨૪. નવતત્વ પૂજા
૨૫. પંચ મહાવ્રત પૂજા
૨૬. અષ્ટ પ્રકારી પૂજા
૨૭. મહાવીર સ્નાત્ર પૂજા
૨૮. દ્વાદશ ભાવના પૂજા
૨૯. નવપદ પૂજા
૩૦. એકવીશ પ્રકારી પૂજા
૩૧. પંચ પરમેષ્ઠિ પૂજા
૩૨. મહાવીર કલ્યાણક પૂજા
૩૩. શ્રી શાંતિનાથ પંચ કલ્યાણક પૂજા
૩૪. નવાણું પ્રકારની પૂજા
૩૫. વીશસ્થાનક પૂજા
૩૬. સત્તર ભેદી પૂજા
૩૭. પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા
૩૮. નૂતન સ્તવનાવલી
(સ્તવન-સજ્ઝાય સંગ્રહનો દળદાર ગ્રન્થ)

**કોટિશઃ વંદન હો સૂરીશ્વરજીને**

⊙

# પરમતારક ગુરૂદેવ

## પૂ. મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજ

( પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિ શિષ્યરત્ન )

જેમ એક ઉધાનમાં રંગ બેરંગી કુસુમો ખીલે છે, અને પોતાની સુવાસ સર્વત્ર પાથરી કરમાઇ જાય છે, તેમ આ સંસારમાં અનંતાનંત આત્માઓ જન્મે છે, જીવે છે અને આખરે મૃત્યુની ગોદમાં છૂપાઈ જાય છે. પણ તેઓનું જ જીવન ધન્ય બને છે કે જેમણે પોતાનાં જીવન દરમ્યાન ઉજ્વલ અને યશસ્વી જીવન જીવી જગત ઉપર અનોખો પ્રકાશ પાથરી ઉર્ધ્વગામી બન્યા છે.

પરમોપકારી પ્રાતઃસ્મરણીય ગુરુદેવ આ. મ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા પણ આ મહાન તેજસ્વી રત્નોમાંના એક મહામૂલ્યવાન રત્નસમા હતા. જૈન કુળમાં જન્મ લઇ બાલ્યવયમાં ચારિત્ર અંગીકાર કરી પ્રખર વિદ્વાન બની આચાર્યપદ જેવા મહાપદે આરૂઢ થઇ દેશ-વિદેશ પરિભ્રમણ કરી હજારો-લાખો જનો ઉપર જેમણે અથાગ ઉપકાર કરી, અનેક ગ્રન્થોની રચના કરી, સેંકડો કવિતાઓ રચી. મારા જેવા સેંકડો આત્માઓને, સાધુતાના પુનિત પંથે ચઢાવી અથાગ ઉપકાર કર્યો છે. અંતે સમાધિ મરણ પામી ઉંચ ગતીએ સીધાવી ગયા.

એમનાં ઉપકારો ભૂલ્યા ભૂલાય તેમ નથી. મારા કુટુંબ ઉપર તેમનો મોટો ઉપકાર છે, મને ચારિત્રમાર્ગે ચઢાવનાર તેઓશ્રી છે. એટલે હું એમના ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી એવા મહાન ઉપકારી ગુરુદેવના ચરણે મારા લાખ્ખો વંદન હો.

⊙

# પ્રભુભકિતનો વારસો આપનાર

## શ્રી ચંદુલાલ જેઠાલાલ ખંભાત

પ્રભુ ભક્તિના વિષય પર સ્તવનો માટે આપણે જેટલું લખીએ તેટલું ઓછું છે, કારણ કે આચાર્ય મહારાજશ્રીના રચેલા સ્તવનો આપણા અમલમાં આવતા જ અંતરના અજવાળા પ્રગટે છે ને તેનું રહસ્ય સમજતા ચડતી શ્રેણીએ આપણા કર્મના બંધનો તુટી મનુષ્ય અક્ષય સુખને પામે છે.

રાવણે તીર્થંકર ગોત્ર બાંધ્યુ તે પણ એ સંગીતનો પ્રભાવ છે.

શ્રીમદ કલીકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે સંગીતને પાંચમા વેદની ઉપમા આપી છે. સંગીત સાથે ભાવ-

નામય સ્તવનોથી મનુષ્ય પોતાના આત્માનું કલ્યાણ સાધી શકે છે તેમજ પરના આત્માનું કલ્યાણ પણ થાય છે.

સુંદર, સરલ, અને રસમય નવીન ભાવવાહી ભાષા અને ભાવથી પરિપૂર્ણ સ્તવનાદિ સંગ્રહની રચના કરી કવિકુલ કીરિટ આચાર્ય ભગવંત સરસ્વતીના અવતાર સમા આપણા ઉપર અનહદ ઉપકાર કરી ગયા છે, તેઓશ્રીના રચેલા સ્તવનો. પૂજાઓ, ભજનો, સ્તુતિઓ વગેરે સર્વ માન્ય હોવાથી લોકો સારા પ્રમાણમાં ગાઇને પ્રભુભક્તિનો લાભ ઉઠાવે છે અને પોતાના આત્માને પવિત્ર બનાવે છે. આજ સુધીમાં તેઓશ્રીના રચેલા સ્તવનોનો લાભ અમોને મળતો હતો ને અમારા તરફથી પ્રકાશિત થયેલ દરેક સ્તવનમાળાના પુસ્તકો ઘરે-ઘરે વંચાતા ને ગવાતા હતા, તે પણ તેઓશ્રીનો ઉપકાર હતો. અંતમાં તેઓશ્રી જૈન સમાજને અપૂર્વ વારસો આત્મ કલ્યાણને માટે આપી ગયા છે ને તે માર્ગે આપણે જઇશું તો જરૂર આપણા આત્માનું કલ્યાણ થશે.

⊙

## પૂ. સૂરિદેવશ્રીની સિધ્ધાંત નિષ્ઠા

### પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજ

(પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિ-શિષ્યરત્ન)

**પૂ.** પાદ પરમોપકારી શાસનપ્રભાવક આચાર્યદેવશ્રીનો જૈનસમાજ પર મહાન ઉપકાર છે. તેઓશ્રીનું વ્યક્તિત્વ ખરેખર કોઇ અદ્ભુત હતું. સ્વ-શાસનનાં રહસ્યોના પારગામી તેઓશ્રી ગંભીર હતા. બાલક જેવું નિખાલસ તેઓનું હૃદય જેટલું સરળ, સ્વચ્છ તથા નિર્મલ હતું, તેટલાજ તેઓશ્રી સિદ્ધાંત પ્રત્યે પૂર્ણ નિષ્ઠાવાન હતા. કોઇની શેહમાં તેઓશ્રી દબાતા નહિ. જૈનશાસનની વફાદારીને તેઓશ્રી ચુસ્તપણે વળગીને રહેતા. મારી સ્મૃતિમાં આજે પણ તેઓશ્રીની સિદ્ધાંતનિષ્ઠા માટેનો એ પ્રસંગ તાજો છે.

તેઓશ્રી સપરિવાર વિ. સં. ૧૯૮૬માં પાટણ પધારેલા; પ્રૌઢવયના ભાઇઓની ભાગવતી દીક્ષાનો શુભપ્રસંગ; શાસ્ત્રીય વિધિવિધાનપૂર્વક થતી આ દીક્ષાઓ માટે કેટલાક ભાઇઓનો મક્કમ વિરોધ. ખૂબ પ્રબલ આંદોલનો વિરૂદ્ધમાં ચાલે. બહુમતિ પણ લગભગ એ સમયે વિરૂધ્ધમાં છતાં પૂ. પાદ સૂરિદેવશ્રી સિદ્ધાંતરક્ષા અને તેના પ્રત્યેની નિષ્ઠામાં ચુસ્તઃ તેઓશ્રી કહે; 'જો શાસ્ત્ર વિરૂદ્ધનું આ કાર્ય હોય તો તમે મને સમજાવો. ને શાસ્ત્રો જો ના પાડે તો તે કાર્ય હું કદિયે નહિ કરૂં, બાકી અજ્ઞાન ગાડરીયા ટોળાના વિરોધને હું મહત્ત્વ આપું તો મારી શાસન તથા સિદ્ધાંત પ્રત્યેની વફાદારી લાજે!' આ રીતે મક્કમદિલે ઠેઠ સુધી અડગ રહી તેઓશ્રીએ ખૂબ જોરશોરનો વિરોધ હોવા છતાં અજ્ઞાન લોકોના એ વિરોધને અવગણી મુમુક્ષુ આત્માઓના આત્મકલ્યાણના માર્ગને અખંડપણે જાળવી રાખ્યો.

પૂ. પાદ સૂરિદેવશ્રીની એ સિદ્ધાંતનિષ્ઠા શાસન તથા સિદ્ધાંતોને ભૂલી લોકૈષણામાં પડેલા આત્માઓને અવશ્ય માર્ગદર્શક છે. ભલે પૂ. સૂરિદેવશ્રી સ્થૂલદેહે આપણી આસપાસમાંથી વિદાય થયા પણ તેઓશ્રીનો યશોદેહ તો અમર છે!

જુગ જુગ જીવો એ સૂરિદેવ!

⊙

## સ્વપ્નામાં પણ ન ભૂલાય!

### પૂ. મુનિરાજ શ્રી જયવિજયજી મહારાજ

**પૂ.** પાદ પરમોપકારી સૂરિદેવશ્રીએ જૈનશાસનની અવિરત સેવા કરીને ભવ્ય આત્માઓનાં હૃદયમાં જે સ્થાન પ્રાપ્ત કર્યું છે; તેઓશ્રીની સ્મૃતિ કદિ ભૂલાય તેમ નથી. ભવ્ય આત્માઓ પર તેઓશ્રીનો ઉપકાર અમાપ છે. જૈનશાસનનો વિજય ધ્વજ ફરકાવવામાં તેઓશ્રીએ અડગપણે પુરૂષાર્થ ફોરવ્યો હતો. જૈનશાસનના તથા સમાજના લાડીલા તેઓશ્રી સ્વપ્નામાં પણ ભૂલ્યા ભૂલાય નહિ. તેઓશ્રીનાં હૈયામાં કરૂણાનો ધોધ વહેતો હતો. તેઓની શીતલ છત્રછાયામાં ગમે તેવા સંતપ્ત આત્માઓ પણ ઠંડક મેળવતા હતા. તેઓશ્રીએ અનેક આત્માઓને સંયમના માર્ગે ચઢાવ્યા

છે, મને તેઓશ્રીની વ્યાખ્યાન વાણીનો અમૃતસ્વાદ પ્રાપ્ત કરવાનું સદભાગ્ય મળેલ.

ચલોડા, ખંભાત, ઉમેટા, આદિ અનેક સ્થળોએ તેઓ શ્રીમદની વૈરાગ્ય રસઝરતી તત્ત્વગર્ભિત વાણી સાંભળવાનો મને લાભ મળેલ હતો. તેઓશ્રીની સાહિત્ય કૃતિઓ બાલભોગ્ય, તથા વિદ્વદભોગ્ય બંને પ્રકારે છે તેઓશ્રીના સ્તવનો, સજ્ઝાયો પદો ખરેખર લોકજાગૃતિનું અદ્દભુત કાર્ય કરે છે. આવા મહાન ઉપકારી સૂરિદેવનાં ચરણોમાં કોટિ કોટિ વંદના!

⊙

# ચિરંજીવ સ્મૃતિ:

## શ્રી મુક્તિલાલ વરધીલાલ વીરવાડીયા મુંબઈ

ધર્મને ચિરંજીવ અને ઉજ્જવળ રાખવો હોય તો એના અનુયાયીઓની ભાવનાને ધર્મમય બનાવવી જોઇએ. એ સત્યને નજર સમક્ષ રાખીને સ્વ. આચાર્યદેવશ્રીએ અત્યારના યુવક-યુવતીઓને ગમતી સૂરાવલીઓમાં જૈન સ્તવનાવલીઓની રચના કરી આજના યુગની એક આવશ્યકતા પૂરી પાડી છે.

છેલ્લામાં છેલ્લી ઢબના નાટક સીનેમાની કંઠસ્થ થયેલી લોકભોગ્ય રચનાઓને વ્રત-તપ-સંયમ-ત્યાગ અને પ્રભુસ્તુતિ સાથે જીવનશુદ્ધિ, વ્યવહારશુદ્ધિ તેમજ આચાર અને નિયમોના પાલનનો વ્યાપક સંદેશો આ સ્તવનાવલીઓમાં સ્વર્ગસ્થ આચાર્યદેવશ્રીએ આપેલ હતો.

સંકુચિત દૃષ્ટિને ફગાવીને પૂ. આચાર્યદેવ શ્રીએ નૈતિક હિંમતના બળે આવું લોકભોગ્ય જન-ઉપયોગી આવકારદાયક કાવ્ય સાહિત્ય સર્જીને કરાવ્યું.

તેઓશ્રી ભારતના શહેરો અને ગામડાઓમાં વસતા ૪૦ લાખ જૈનોનાં હૃદયમાં, વાણીમાં, ભાવનામાં સ્વ. આચાર્યદેવશ્રી આ રચનાઓ દ્વારા વસ્યા હતા અને જૈન ધર્મને જૈન સંસ્કૃતિની જાહોજલાલીના તેમજ ધર્મ ધ્વજાના ધ્વજગરાઓ આ કાવ્ય રચનાઓ વડે ભારતભરના જૈન સમાજના પ્રત્યેક ઘરે લહેરાવ્યાં હતા. કુટેવો, કુવ્યસનો અને દુર્ગુણોમાંથી ઉગારી લેવાનો પ્રયત્ન તેમજ સાચા માનવી બનવાની પ્રેરણા અને જીવન જીવવાની મહત્તા આપવી એ ધર્મ ગુરુઓ અને ધર્મ ઉપદેશકોનું પ્રથમ કર્તવ્ય ગણી નાટક સીનેમાના ગાયનોની રાગ-રાગણીઓની રચના દ્વારા લાખોના હૃદયમાં ધર્મ પ્રચારની પ્રવૃત્તિ કરી સ્વ. પૂ. પાદ આચાર્યદેવશ્રીએ જીવનભર અનેક અમુલા રત્નો સમા મહાન ગ્રંથોની રચના સાથે આ નવિ વિચાર સરણીને હાથ ધરી તેઓશ્રી લોકવાણીના અધિષ્ઠાતા બન્યા હતા.

ધર્મસંસ્કારના સિંચન સાથે મનનું પરિવર્તન કરવામાં આ નાની પુસ્તિકાઓએ અનેરો ઇતિહાસ કાવ્ય સ્તુતિ, સ્તનાવલી દ્વારા રચેલો હતો.

સ્વ. પૂ. પાદ આચાર્યદેવશ્રીનું જીવન કડક આચાર વિચારોના પાલનમય હતું. વિઘાતક વ્યક્તિત્વ, ઇર્ષાખોર વૃત્તિ અને નીંદાપ્રિયતા તેમજ કદા-ગ્રહવૃત્તિની 'મારૂં તે જ સાચું'ની વાણીથી આચાર્યદેવશ્રી અલગ રહેતા અને 'સાચું તે જ મારૂં'ની ગુણગ્રાહક દૃષ્ટિ અને સત્ય શોધક વૃત્તિના મહાયોગી મહર્ષિ આચાર્યદેવશ્રી ખરેખર મહાન હતા.

આવા ઉચ્ચ કોટિના વિદ્વાન આચાર્યની સાહિત્ય કૃતિઓની સ્મૃતિ જળવાઇ રહે અને ભવિષ્યની પ્રજા આગળ વધી શકે એવું મૂલ્યાંકન કરીને, પૂ. આચાર્યદેવશ્રીનું સંભારણું સ્મૃતિરૂપ પૂજા, જ્ઞાન અને ભક્તિનું ચિરંજીવ જે મંગળ તત્ત્વ અને સત્વ આ રચનાઓમાં સંઘરાયેલુ છે. તે જળવાઇ રહે એવા શુભ પ્રયત્નો કરીને ચતુર્વિધ જૈન સંઘ આ નાના છતાં ચિરસ્થાયી કાર્યને વિકસાવે એ અભ્યર્થના.

---


## શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ-મુંબઈ

# ⊙⊙ સ્નાત્ર-મહોત્સવ ⊙⊙

મુંબઇમાં પાયધુની પર આવેલ શ્રી મહાવીર સ્વામીના દેરાસરજીમાં હંમેશા સંગીત સાથે સવારના સાડા સાત વાગે સામુદાયિક સ્નાત્રપૂજા ભણાવવામાં આવે છે, તો દરેક ભાઇઓને લાભ લેવા વિનંતિ છે.

લી૦ સંઘસેવકો -

**મણિલાલ રામચંદ** * **ચંદુલાલ જેઠાલાલ**

પ્રભાસપાટણવાળા ખંભાતવાળા

# સંગ્રામે ચઢેલો શૂર

પૂ. મુનિરાજ શ્રી ભદ્રાનંદવિજયજી મહારાજ

( પૂ. પં. શ્રી રંજનવિજયજી ગણિ—શિષ્યરત્ન )

પૂ. સ્વ. આચાર્યદેવશ્રી દીક્ષા ગ્રહણ કરવા માટે ૧૯ વર્ષની વયે ઘરમાંથી કેવી મક્કમતાપૂર્વક નીકળી પૂ. સદ્ધર્મરક્ષક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીની પુનિત સેવામાં સમર્પિત થાય છે, તે પ્રસંગનું આલેખન અહિં સરળ સૈલીમાં થયું છે. લેખક પૂ. પાદ સૂરિદેવશ્રીને હૃદયના સદ્ભાવપૂર્વક અહિં શ્રદ્ધાંજલિ સમર્પે છે.

કાર્તિક કૃષ્ણા પંચમી રયણી શીતળ ચમત્કારને વેરી રહી હતી. રાતની કાળાશ ઉદિત ચંદ્રથી ભેદાઇ રહી હતી. સમગ્ર લોક મહીગોદની મૌન મસ્તી માણી રહ્યું હતું.

જ્યારે પલંગમાં પોઢેલ એક યુવાનને કોણ જાણે તે મધુરી મસ્તી પ્રતિ અણગમો હતો. એનાં નયણ સ્ફાર હતાં. દિમાગ કાંઇક અગાધ વિચાર વમળમાં ખૂંચેલું હતું. ક્ષણે ક્ષણે દૃષ્ટિ ચોતરફ દોડી રહી હતી.

ઘણા ભાગે યુવાનની ચકોર દૃષ્ટિ નિદ્રાધીન અન્ય વ્યક્તિ પર તેમ દ્વાર પર મંડાઇ રહી હતી.

ગમે તેમ હો પરંતુ યુવાનનું અંતર આજે સજાગ થઇ પોતાની જાતને ગુપ્ત રાખવા મથી રહ્યું જણાતું હતું.

"લાલચંદ ! આજે તને નિદ્રા કેમ નથી આવતી. તબીયત તો બરાબર છે ને ?" ખંડ બહાર આવી ફોઈબાએ પૂછ્યું.

અચાનક શબ્દો કાને પડવાથી યુવાનનું હૃદય જરા થરથરી ગયું. શરીરે પ્રસ્વેદ પણ તરવરી આવ્યો. છતાં જાણે કશુંજ નથી બન્યું એ રૂવાબે પ્રત્યુત્તર કર્યો.

"ફોઇબા ! મારી તબીયત સલામત છે. એ તો જરા મસ્તક મને પરેશાન કરી રહ્યું છે. પણ તમો સૂઇ જાવ. હવે મારૂં મસ્તક ઠીક છે. નિદ્રા આવી જશે." યુવાને કીધું.

ફોઈબા કહે, 'પણ લાવ જરા તારૂં મસ્તક દાબી દઉં અને અમૃતાંજન પણ ચોપડી દઉં.'

યુવાન ગભરાયો. રખે રચાયેલ બાજી રસાતલમાં......

'ફોઇબા ! તમે નિરાંતે સૂઇ જાવ મને નિદ્રા આવવાની તૈયારી છે.'

ફોઈબા પોતાના ખંડમાં જતા રહ્યા.

યુવાને છૂટયાનો નિઃસાસો નાખ્યો હાંસસસ.... અને પગથી મસ્તક પર્યંત ચાદર ઓઢી નિદ્રા લેવાનો આબેહૂબ ડોળ કર્યો.

શરીરને ચાદરથી ઢાંકી લીધું હોવા છતાં એક કાન ખુલ્લો મૂકી યુવાન સંકેત શબ્દને પકડી લેવા તલપાપડ થઇ રહ્યો માલુમ પડતો હતો.

ફોઇબાએ પુનઃ પણ એકવાર ખંડ દ્વાર ખોલી નિરક્ષણ કર્યું. પરંતુ યુવાન લાલચંદને નિદ્રાધીન જોઈ દ્વાર અટકાવી દીધું.

ચાર વાગવાની તૈયારી હતી. એક કાળો પડછાયો, યુવાન જે આવાસમાં શય્યા પર સૂતો હતો તે આવાસ તરફ જઈ રહ્યો હતો. અને થોડી જ પળોમાં દ્વાર પર ત્રણ ટકોરા પડયા.

યુવાને મુખ પરથી આસ્તે આસ્તે ચાદર ખસેડી ચોફેર નિરક્ષણ કર્યું. અન્ય સૂતેલ વ્યકિત તરફ જોયું અને ફોઇબાના ખંડ તરફ પણ જોયું.

ચોતરફ નિરવ શાન્તિ હતી. સર્વે વહેલા-પરોઢીયાની મીઠી નિદ્રા માણી રહ્યાં હતા.

યુવાન તુરત બેઠો થઈ દ્વાર પાસે જઈ કાંઈક સંકેત શબ્દ કરી પલંગ પાસે આવી ઉભો.

સામાન્ય નજર કરનારને એમ લાગ્યા વિના રહે નહી કે પલંગમાં કોઈ સૂતૂં નથી એવી મજેની ગોઠવણ કરી યુવાન એક નાજુક પોટલી બગલમાં મારી દ્વાર પાસે જઈ પહોંચ્યો.

અને આસ્તે આસ્તે દ્વાર ઉઘાડી યુવાન બહાર નીકળી આવ્યો. દ્વારને પુનઃ બંધ કરી દીધું.

બહાર નિકળી ગયા બાદ યુવાન અને યુવાનના સંકેત શબ્દાનુસારે એક તરફ ખડી રહેલ પેલી કાળા પડછાયાવાળી વ્યકિત એમ બન્ને શબ્દ કર્યા વિના કેવલ અકેકના હાથ ઇસારે ગામગોંદરાની દિશાએ ચાલ્યા.

બસો ત્રણસો કદમ આગળ બઢયા પછી આગંતુક વ્યકિત યુવાનના કાનમાં કાંઇક ફૂંક મારી જૂદી પડી.

યુવાન ઉતાવળી ચાલે ગામ બહાર એક વૃક્ષ નીચે આવી ઉભો.

થોડીવારમાં જૂદી પડેલ વ્યકિત પણ એક અલમસ્ત ઊંટને લઈ આવી.

પેલી વ્યકિતએ ઊંટને ઝેંકારો આપ્યો. (બેસાડયો) એટલે યુવાન ફલાંગ ભરી પાછળની સીટ ઉપર જઇ બેઠો. યુવાનને બરાબર બેઠેલો જોઇ પેલી વ્યકિત પણ એક જ ફલાંગે આગળની સીટ ઉપર જઈ બેઠો. ત્યાં તો ઊંટ સડપ કરતો બેઠો થઈ દોડવા મંડયો.

સુર્યોદયની દેર હતી પરંતુ ઉષાએ પોતાની સોનેરી ચાદર ધરતી પર વિસ્તારી દીધી હતી. બન્ને ઊંટ સવારો સોનેરી ચાદરને ચીરી આગળ ધપી રહ્યા હતા.

અત્યારે ચોકખી રીતે અનુમાન થઇ રહ્યું હતું કે આગળનો સવાર ઊંટ માલિક હોવો જોઇએ જ્યારે પાછળ ઊંટ સવારી કરતો યુવાન કોઇ સદ્‌ગૃહસ્થ હોવો જોઇએ.

યુવાનનાં નયણ ચમકદાર હતાં. મુખમુદ્રા આકર્ષક હતી. ભૂજા, છાતી ક્ષત્રિયતાને સૂચવી રહી હતી. મૂછનો દોરો ફૂટયાને જાઝો સમય થયો જણાતો નહોતો. એ ઉપરથી જણાતું હતુ કે યુવાન પ્રાયઃ ઓગણીશ વર્ષ વયની હદમાં પ્રવેશેલો હોવો જોઇએ.

ગમે તે હો પરંતુ યુવાન ઉગતી વયનો એક નવજવાન હતો. એટલું જ નહી પણ ચિત્તાકર્ષક માધુરીભર્યો એક નવજવાન હતો. એની બોલવાની છટા અને આંખના ભવાની છટા કોઇ નિરાલી હતી.

ઊંટ વણથંભી ગતિએ ચાલી રહ્યો હતો. વનરસ્તામાં અનેક પ્રાકૃત રમણીય વનદ્રશ્યો નજરે પડતાં હતાં. છતાં તે રમણીય વનદ્રશ્યો યુવાનનાં ચિત્તને આકર્ષી શકયાં નહોતાં. બલ્કે યુવાનની મુખમુદ્રાથી નીરસભાવ નિતરી રહ્યો જણાતો હતો.

એ ઉપરથી એ સિદ્ધ થતું હતું કે યુવાને સંસાર મોહજાળને છેદી નાખી હોવી જોઈએ. યુવાનનું અંતર અધ્યાત્મિકતા યાને અનાશવંત વસ્તુ પ્રતિ ઝૂકયું હોવું જોઇએ.

"દો દિન કી ચાંદની ફીર અંધેરી રાત"

જગતના દરેક પદાર્થોનું તત્ત્વ ઉપરોકત કહેવતથી સહજ રીતે મેળવી શકાય એમ છે.

જેમ પ્રાકૃત વનદ્રશ્યો થોડા સમયને માટે વનને નંદનવન સમ કરી દેતાં હોય છે મનોહર શોભામયતા અને આહ્લાદનીયતા પ્રગટાવતાં હોય છે. જ્યારે એજ વનદ્રશ્યો થોડીવાર પછી નંદનસમ વનને સ્મશાનવત ઉજ્જડ કરી દેતાં હોય છે. વિરૂપ-કદરૂપ કરી દેતાં હોય છે.

તેમ સંસાર પદાર્થો પણ થોડા સમયને માટે જીવનને ખીલેલ પુષ્પ જેમ તાજગીભર્યું કરી દેતાં હોય છે. અને એજ પદાર્થોના પ્રયોજને જીવન વેરણ ઝેરણ પણ થઇ જતું હોય છે.

સંસારનો એવો એક પણ પદાર્થ અસ્તિત્વ ધરાવતો નથી કે જે જીવનને એક સ્થિતિમાં રાખી શકવા સમર્થ હોય.

"સૂર્યોદય થતાં થતાં તો આપણે મોરૂ પહોંચી જઈશું ને ?" યુવાને ઊંટ માલિકને પૂછયું.

"મોરૂ ગામ અહીંથી ખાસું દૂર છે. છતાં ઊંટને વેગ ગતિએ કરી દઉં એટલે ધારેલ સમયે ઘણું કરીને પહોંચી જઇશું." ઊંટ માલિકે કીધું.

"તો પછી ઊંટને ચારે પગે......"

યુવાને કીધું.

વળતી પળે જ ઊંટ માલિકે ઊંટને ઝપાટાભેર દોડાવી મૂકયો. અને સૂર્યોદય થતાં થતાં તો ઊંટ મોરૂ જઇ પહોંચ્યો.

યુવાન ઊંટ ઉપરથી ઉતરી જરા આગળ ચાલી એક ભવન (ઉપાશ્રય) માં દાખલ થયો.

ભવનમાં મહાત્માપુરૂષો બિરાજમાન હતા. વચ્ચે બિરાજમાન એક પ્રૌઢ પ્રતાપી મહાત્માને વંદન-નમસ્કાર કરી યુવાને મહાત્માના ચરણ પાસે બેઠક લીધી.

મહાત્માએ કીધું, "લાલચંદ ! બરાબર સમયસર આવી પહોંચ્યો હો."

યુવાન કહે-પ્રભુ ! આપ જેવા ઉપકારી અને પ્રતાપી પુરૂષની સેવામાં આળસુ બને એવો કોણ હોઈ શકે !

"પણ મારી સેવામાં જોડાતાં તારે તારા સ્નેહીઓ તરફથી ઘણું વેઠવું પડશે. તે ટાણે તારે મનને ઘણું નકકર રાખવું પડશે." મહાત્માએ કીધું.

'પ્રભુ ! સ્નેહીઓ તરફથી મોહ તાંડવ ઉભું થાય એમાં હું જરીકે ગભરાઈ જાઉં એમ નથી. આપશ્રીના પ્રભાવે મારી પાસે આત્મતાંડવ મજબુત શસ્ત્ર હયાત છે. આત્મતાંડવ આગળ મોહતાંડવ કયાં લગી ટકી રહેવાનુ !'

સર્વ સંયોગો વિચારી મહાત્માએ યુવાન લાલચંદને એ જ દિવસે પોતાની સેવામાં જોડી દીધો.

એ યુવાન અન્ય કોઈ નહી પરંતુ વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલ કીરિટ શાસન મહાપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા જેઓ શાસનશણગાર નિઃસ્પૃહ ચૂડામણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર તરીકે પ્રખ્યાત છે.

એઓશ્રીએ વિષય, કષાય, મોહ, મમતાદિ આત્મ રીપુઓને લંગડા બનાવવાની શૂરવીરતા પ્રગટાવી જૈન શાસનના મહાન પ્રભાવક બન્યા.

વંદન કોટિ-કોટિ એ શાસનસ્થંભ મહાપુરૂષને !

---

સુધારોઃ- આ અંકના પે[illegible]ર લેખકના નામ જોડે (પં શ્રીં कनकविजयजी शिष्यरत्न) એ રીતે છપાયું છે તેમાં આ રીતે સુધારો સમજવો. ( पं. श्री तिलकविजयजी गणि. शिष्यरत्न)

# महान ज्योतिर्धर आचार्य देवश्री

श्री शिखरचंद्रजी कोचर B.A.L L B.-R.J.S.
एडीशनल जड्ज, उदयपुर.

कवि-कुल-कीरिट जैनाचार्य श्रीमद्विजय लब्धिसूरीश्वरजी महाराज जैन-समाज के एक महान् ज्योतिर्धर आचार्य थे। जैन श्वेतांबर मूर्तिपूजक संप्रदाय के अग्र-गण्य आचार्य श्रीमद्विजयानंदसूरिश्वरजी (प्रसिद्ध नाम श्री आत्मारामजी) महाराज के पट्टधर आचार्य श्रीमद्विजय कमलसूरीश्वरजी महाराज के आप पट्टधर शिष्य थे। अपने ५९ वर्ष के लंबे साधु-जीवन में आपने जैन-शासन एवं जनता की जो महान् सेवा की, वह चिर स्मरणीय रहेगी। आपके समस्त कार्य कलापों का यदि वर्णन किया जाय तो एक विशाल-ग्रंथ बन जायगा। आपने अनेक लोकोपकारी संस्थाओंका निर्माण किया, और अनेक मृत-प्राय संस्थाओं में नव-जीवन-संचार किया। लगभग ३७ वर्षो के लंबे आचार्यत्व काल में आपने केवल अपने आज्ञानुवर्ती मुनि मंडल का ही नहीं, किन्तु समस्त जैन श्वेतांबर मूर्तिपूजक समाज का सुचारुरूप से संचालन किया। आपकी सम्मति केवल जैन-समाज में ही नहीं, अपितु जैनेतर समाज में भी महान् आदर से ग्रहण की जाती थी।

जैन-दर्शन एवं साहित्य के उद्‌भट विद्वान् होने के साथ साथ आप अन्यान्य दर्शनों के भी प्रकांड पंडित थे। आपकी वक्तृत्व शैली अत्यंत विद्वत्तापूर्ण, सुललित एवं हृदय-ग्राहिणी थी, जिसके कारण समस्त श्रोतृ-वर्ग मन्त्र-मुग्ध होजाता था, और आपकी पीयूष-वर्षिणी वाणी का रस-पान करने के लिए समस्त वर्गों के लोग लालायित रहते थे। जो व्यक्ति एकवार भी आपका व्याख्यान श्रवण करता, उस पर आपके महान् व्यक्तित्व, अगाध पंडित्य उच्च विचारों की अमिट छाप पड़ती थी, और उसकी बार बार यही इच्छा होती थी कि वह आपके सान्निध्य में अपना समय अधिकाधिक व्यतीत करे।

आपने अपनी विलक्षण काव्य प्रतिभा द्वारा अनेक सुमधुर गायन एवं भाव-पूर्ण कविताओं की रचना की थी, जिनका प्रचार जैन-समाज के घर घर में है। धार्मिक, सामाजिक एवं शैक्षणिक क्षेत्रों में आपके महान् कार्य-कलाप को अलग भी रखदिया जाय, तब भी आप अपनी भक्तिपूर्ण मंजुल रचनाओं के द्वारा जनता में सदैव लोक-प्रिय बने रहेंगे।

समाज के मार्ग-दर्शन एवं सद्धर्म के प्रचार की उत्कट कामना से प्रेरित होकर आपने अनेक विद्वत्ता पूर्ण ग्रंथों की रचना के साथ साथ पूर्वाचार्यों द्वारा रचित महान् कृतियों का पुनरुद्धार एवं प्रकाशन किया, जिसके, कारण समाज आपका सदैव ऋणी रहेगा।

बहुमुखी प्रतिभा, प्रखर पांडित्य एवं उच्चकोटि के व्यक्तित्व के धारक होते हुए भी आप अत्यंत सरल-स्वभाव एवं निरभिमान व्यक्ति थे। आपके शील-सौजन्य एवं सौहार्दपूर्ण व्यवहार के कारण आबाल-वृद्ध आप के सन्निकट निस्संकोच आकर अपनी शंकाओं का समाधान करते थे। आप सदा जीवन एवं उच्च विचार के मूर्त्तिमान उदाहरण थे।

बीकानेर-चातुर्मास के समय में मुझे अनेकबार आचार्यश्री के प्रवचन श्रवण करने तथा उनसे वार्तालाप करने का सुअवसर प्राप्त हुआ था, और उनके सान्निध्य में व्यतीत किया हुआ समय मेरे जीवन की बहु मूल्य निधि है।

आपका विशाल शिष्य समुदाय एवं आपके अगणित भक्त एवं प्रशंसक आपकी स्मृति में नाना प्रकार के स्मारक बनाएंगे, परंतु आपका सच्चा स्मारक तो तभी बनेगा, जब हम आपके

# सूरिदेव की साहित्य सेवा

**श्री अगरचन्दजी नाहटा**

जैन धर्म में पंच-परमेष्ठि का बड़ा महत्व है। अरिहन्त और सिद्ध ये दो देव तत्त्व हैं और आचार्य, उपाध्याय एवं साधु गुरु तत्त्व हैं। सिद्ध तो समस्त कर्मो से मुक्त होकर मोक्ष में विराजमान हो जाते हैं अतः उनसे तो हम प्रेरणा ही ले सकते हैं, सीधा सम्पर्क स्थापित नहीं कर सकते क्योंकि देह और वाणीका उनके सर्वथा अभाव है। अरिहन्त धर्म प्रवर्तक होते है पर वे सब समय विद्यमान नहीं रहते इसलिए अपने समय के लोगोंको ही धर्मोपदेश दे सकते हैं। हां उनकी वाणी से अवश्य दीर्घकाल तक लाभ उठाया जा सकता है। पर उस वाणी को सुरक्षित रखने और प्रचारित करने का काम आचार्यों का है इसलिए आचार्यों का उपकार बहुत ही महान् हैं। साथ संघ के वे नेता होते हैं अतः संघ की सार-सम्हाल उन्हीं के द्वारा होती है। उपाध्याय और साधु उन्हीं के शिष्य और आज्ञानुवर्ती होते हैं। समय समय पर अनेक आचार्यादिने जैन धर्म और साहित्य को महान् सेवा की है। और वर्तमान में भी बहुत कुछ शासन सेवा उन्हीं के द्वारा हो रही है। आचार्य विजय लब्धिसूरि इस युग के ऐसेही एक विशिष्ठ आचार्य थे जिनका स्वर्गवास हाल ही में हुआ है।

आचार्य श्री से मेरा कईबार मिलना हुआ है और मैं उनके व्यक्तित्व से बहुत प्रभावित हुआ हूं। बीकानेर में जब आपका चातुर्मास हुआ तो व्याख्यान आदि में बराबर मेरा जाना हुआ करता था। फिर पूना, बम्बई में भी उनके दर्शन का सुअवसर मिला। वे बड़े सरल प्रकृति के और गुणानुरागी विद्वान थे। उनके अनेक ग्रन्थ उनके विशिष्ट पांडित्य के परिचायक हैं। जैन दर्शक के साथ साथ न्याय आदि अनेक विषयों के आप प्रखर विद्वान् थे। आपकी व्याख्यान शैली भी बड़ी आकर्षक थी। मेरे पर आपकी विशेष कृपा दृष्टि थी परन्तु पुना और बम्बई में मिलने पर आपने बहुत ही हर्षानुभव किया। इतने बडे आचार्य का ऐसा धर्म स्नेह देखकर मेरा हृदय गद्‌गद् हो गया। वास्तव में वे एक बिरल विभूति थे।

आपका शिष्य समुदाय भी विशाल है और उनमें कई योग्य विद्वान् और सच्चारित्र पात्र आचार्य एवं मुनि गण हैं। उनके द्वारा भी यथेष्ट धर्म प्रचार और शासन प्रभावना हुई है। और हो रही है। इस दृष्टि से आचार्य श्री बडे पुण्यवान थे कि जिन्हें इतने शिष्यप्रशिष्यों का समुदाय मिला और उनकी सद्प्रवृतियों को चालू रखने और आगे बढ़ाने का सुयोग प्राप्त हो रहा है।

आपके रचित ग्रन्थ कई भाषाओं और विषयो के हैं उसमें-कई विद्वद्‌भोग्य हैं। तो कई जन साधारण के लिए उपयोगी। आपकी काव्य प्रतिभा विशेष रूप से उल्लेखनीय है। नई राग-रागनियों में आपने बहुत से स्तवन-भजन बनाये हैं। और वे इतने लोकप्रिय हुए हैं कि हजारों स्त्रियां व बच्चे तक उन्हें मंदिरों में गाकर आनन्द विभोर होते हैं। वास्तव में ही उनकी कविताने बहुत लोकप्रियता प्राप्त की। इस तरह हम देखते हैं कि उनकी प्रतिभा अनेक क्षेत्रों में असाधारण थी और उनकी शासन-सेवाएं भी अनेकविध हैं। गतवर्ष मैं बम्बई गया तो आप लालबाग के उपाश्रय में थे। शरीर बहुत जीर्ण-शीर्ण हो गया थी पर आत्मबल में कमी नहीं थी। ऐसे महान् आचार्य की पवित्र स्मृति में अपनी श्रद्धान्जली व्यक्त करते हुए लेखनी को विराम देता हूं।

---

अधूरे छोडे हुए कार्यों को पूरा करने में कटिबद्ध होंगे, और आपके सदुपदेशों का अनुसरण कर अपना पार्थिव जीवन सफल बनाएंगे।

# આત્મ-કમલની પાંખડીઓમાં લબ્ધિ-સુવાસ સમાઇ !

સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી શાંતિલાલ બી. શાહ—મુંબઇ

⊙

ગરવી આ ગુજરાતમાં, બાલશાસન છે ગામ,
અમૂલખ રત્ન પ્રગટ થયું, લાલચંદ શુભ નામ
બાળકવયમાં લાલચંદ, સહુના લાડકવાયા;
માતપિતાને કુટુંબની, પામે મમતા-માયા.

❀

જનમ જનમના સંચિત પુણ્યે, પ્રગટયા અવતારે,
લાલચંદ થઈ **લબ્ધિસૂરીશ્વર**, શાસનને સોહાવે,

❀

શૈશવના સંસ્કારો એનાં, વૈરાગી જીવનના
ઊંચે ઊડવા માટે થાતાં, આવાહન આતમના !
પંખી કયાંથી ઉડી શકે, પગમાં જેના બંધન ?
દીક્ષા લેવા દિલડું તલસે કરતું છાના ક્રંદન !
રંગરાગની આ દુનિયામાં અંતર ત્યાગને ઝંખે
સંસારીની મમતા-માયા લાલચંદને ડંખે

❀

રજા મળી નહિ, ના રે'વાયું ત્યારે ઘરથી ભાગે
કીંતુ સમય ન પાકયો હજીયે એવું કિસ્મત લાગે!

❀

ઘર ને અપાસરાની વચ્ચે લાલચંદ અટવાય
મુક્તિની મંઝીલનો મુસાફર રોકયો ના રોકાય.
અને એક દી' ગુરૂદેવને ચરણે શીષ ઝુકાવે
કમલવિજયજી કરી કરુણા એને દીક્ષા આપે.
ક્રોધ-વિરોધ કરી કુટુંબી દાખવતાં કંઇ રોષ!
આખર સૌવે શાંત થયાં ને પામ્યા અતિ સંતોષ.

❀

લાલચંદના લબ્ધિવિજયજી નામ રૂપ પલટાતાં
નિરખો તમન્ના ધર્મ-કર્મમાં ગુરૂદેવ હરખાતાં
જ્ઞાન-ધ્યાનમાં લબ્ધિવિજયજી આગે આગે ધપતાં
ધર્મ-શાસ્ત્રના સૂક્ષ્મ રહસ્યો જીવનમાં આચરતાં.

❀

ચંદ્રની માફક નિશદિન જેની કલા અનોખી ચમકે
પગલે પગલે પ્રકાશવંતી રેખાઓ ઝબકે.
એની વાણી સુણવા માટે લોક અધીરા થાતાં
ચાતક સમ તરસ્યાં હૈયાને ધર્મના અમૃત પાતાં.
સોળ કળાએ ખીલી ઉઠયાં ને પામ્યા અનુપમ માન
આચાર્યપદે સ્થાપીને સંઘે કર્યું અતિ સન્માન.

❀

ગામ ગામ વિચરતાં થતાં ભુમિને પાવન કરતાં
લબ્ધિસૂરીશ્વર જિનશાસનની સેવા અહોનિશ કરતાં
કાવ્ય-કલાથી પ્રભુભકિતના ગીત અનોખા સરજે
પૂજાઓ-સજ્ઝાય-કથાઓ વિધવિધ રૂપે પ્રગટે.

❀

શિષ્યવૃંદથી સોહે સૂરીશ્વર વિશાળ છે સમુદાય
અગણિત ભકત જનોનાં અંતર આદરથી ઉભરાય
અખંડ જ્ઞાન-તપસ્યા જેની ક્ષણનો નહિ પ્રમાદ
એનાં દર્શન થાતાં દિલમાં ઉભરાતો આલ્હાદ.

❀

શાસન કેરા સ્થંભ સૂરીશ્વર અનંત છે ઉપકાર
જેના અગણિત ગુણનો કહીએ ગાતાં નાવે પાર.
જીવન-યાત્રા પૂરી થઈ ને દીપક-જ્યોત બૂઝાઈ
આત્મ-કમલની પાંખડીઓમાં લબ્ધિ-સુવાસ સમાઈ!

❀

જેઓશ્રીની પ્રકાંડ વિદ્વત્તાએ ભારતભરમાં કીર્તિ સુવાસ ફેલાવી છે, જેઓશ્રી સ્વ-પર શાસ્ત્રના નિષ્ણાત્ તથા સમર્થ સંયમી મહાપુરૂષ હતા; જેઓએ જૈન શાસનની અદ્વિતીય પ્રભાવના કરી અનેક ભવ્ય જીવો પર ઉપકારની અનંત અમીવૃષ્ટિ કરી છે.

⊙

જેઓશ્રીએ સમર્થપ્રભાવક, વિદ્વાન, ચારિત્રશીલ શિષ્યપરિવારની જૈન શાસનનાં ચરણે ભેટ કરેલ છે; જેઓશ્રી શાંત છતાં સિદ્ધાંતનિષ્ઠ, સરલ છતાં સત્યવ્રત, જ્ઞાની છતાં ગંભીર અને સૌમ્ય છતાં અડગ હતાઃ

⊙

તે સૂરિસાર્વભૌમ સમયશાસ્ત્રવેત્તા પ્રકાંડ પંડિત ચારિત્ર ચૂડામણિ કવિકુલકીરિટ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. પાદ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીનાં**

પુનિત ચરણોમાં

કોટિ કોટિ વંદના નિત્ય હોજો !

⊙

: નિવેદક :

## ચુનીલાલ મુલચંદ એન્ડ કુાં.

કાપડના વ્યોપારી

ગવર્નમેન્ટ, રેલ્વે, શિપીંગ કોન્ટ્રાકટર

વોટરલુ મેન્શન

મ્યુઝીયમ મેયોરોડ — મુંબઇ-૧.



વિ. સં. ૧૯૯૦, પાલીતાણા



પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય
કમલસૂરીશ્વરજી મહારાજ



વિ. સં. ૧૯૬૬, જીરા (પંજાબ) માં લેવાયેલો ફોટો.



મુંબઇના રાજમાર્ગોને રવાવતું અંતિમ યાત્રાનું ભવ્ય દૃશ્ય. પૂ. ગુરુદેવના મૃતદેહને વહન કરતી પાલખી



પૂ. આ. દેવનો વિનશ્વર દેહ બાણગંગાના સાગરતટે અગ્નિજ્વાળામાં લપેટાઈ રહ્યો છે.

# પૂ. સૂરિદેવના સમાગમમાં

પ્રો. શ્રી હીરાલાલ ર. કાપડીયા એમ. એ. સુરત.

પૂ. પાદ આચાર્યદેવશ્રીના પરિચયમાં આવતાં, તેઓશ્રીના જીવન–કવનને અંગે પોતાના માનસ પર જે છાપ પડી છે, એને અંગે ટુંકમાં લેખક અહિં આલેખન કરે છે. લેખક અનેક ભાષાના વિદ્વાન તથા જૈન સાહિત્યના અભ્યાસી છે. પ્રસ્તુત લેખમાં તેમણે ટીપ્પણો મૂકેલ પણ સ્થળ સંકોચના કારણે તે અમે મૂકી શકયા નથી. પૂ. પાદ સ્વ. સૂરિદેવશ્રીના ગ્રંથો પરનાં અવલોકન દ્વારા તેઓ સ્વ. સૂરિદેવશ્રીને ભાવભરી અંજલિ અહિં અર્પણ કરે છે.

⊙

વિવિધ વિદેહી અને વિદ્યમાન જૈન સૂરિઓનો અને એમના શિષ્યાદિ પરિવારનો સાક્ષાત્ અને તે પણ નિકટ સમાગમ સાધવાનો મને આજે પચાસેક વર્ષથી તો સુયોગ મળતો રહ્યો છે. એમાં પંજાબોદ્ધારક પૂ. જૈનાચાર્ય શ્રી વિજયાનંદસૂરિજીનો ઉર્ફે શ્રી આત્મારામજી મહારાજશ્રીનો સંઘાડો (સમુદાય) મહત્ત્વનું સ્થાન ભોગવે છે. એ સૂરિજીનાં દર્શનવંદનનો લાભ તો મને મળ્યો નથી, પરંતુ એમનો તેમજ એમના શિષ્ય પ્રશિષ્યોનો મારા સ્વ. પિતામહ વરજદાસ હરકીસનદાસ ઉપર તેમજ મારા સ્વ. પિતા રસિકદાસ ઉપર ધાર્મિક સંસ્કારના સિંચનરૂપ અપ્રતિમ ઉપકાર વિચારતાં આ સંઘાડો અગ્રિમતમાં અગ્રેસર પદવી ભોગવે છે.

એ જૈનાચાર્યના પ્રશિષ્ય અને પટ્ટ પ્રભાવક પૂ. આ. મ. શ્રી વિજયકમલસૂરિજી ઈ. સ. ૧૯૦૭ ના અરસામાં અહીં–સુરતમાં બિરાજતા હતા. એ વેળા ધાર્મિક પરિક્ષા અહીંના ગોપીપુરાના ઉપાશ્રયમાં એમના પ્રમુખપદે યોજાઈ હતી. એ સમયે એક પરીક્ષાર્થી તરીકે હાજરી આપવાનો સુઅવસર મને પ્રાપ્ત થયો હતો. અનેક મુનિવરો ઉપસ્થિત થયા હતા. પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ થવાથી મને પારિતોષિક તરીકે પુસ્તકો મળ્યાં હતાં. વિશેષ લાભ તો એ સમયના શ્રમણવર્યના દર્શનાદિથી થયો હતો.

સ્વ. બાબુસાહેબ જીવનલાલ પન્નાલાલે આર્હત જીવનજ્યોતિ તૈયાર કરવાનું કાર્ય મને સોંપ્યું હોવાથી એની વિગતવાર રચના કરવા પૂર્વે એમની ઇચ્છા અનુસાર હું વિદ્વદ્વલ્લભ મુનિશ્રી પુણ્યવિજયજીને મળવા ઈ. સ. ૧૯૩૧–૩૨ માં પાટણ ગયો ત્યારે પૂ. શ્રી વિજયકમલસૂરિજી ના શિષ્યરત્ન પૂ. શ્રી વિજયલબ્ધિસૂરિજી ચાતુર્માસાર્થે ત્યાં રહેલા હતા એટલે વૈરાગ્યરસમંજરી તૈયાર કરી આપ્યાથી જેમને હસમુખી મુદ્રાથી વિભૂષિત અને સ્વભાવે આનંદી તેમજ પ્રભાવશાળી દેહના ધારક એવા આ આચાર્યનો ગાઢ પરિચય થયેલો હોવાથી એમને મળવાનું મન થયું. એક દિવસ એઓ દેવસિક પ્રતિક્રમણ કરતા હતા તેવામાં હું એમના ઉપાશ્રયે જઇ ચડયો. થોડી વારે એમણે વાતચીત શરૂ કરી અને વિનોદી વાતાવરણ જામ્યું.

**વૈરાગ્યરસમંજરી**— ઇ. સ. ૧૯૨૭ માં મારે અમદાવાદ જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

એ વેળા હું મારી આ જન્મભૂમિ સુરતમાં સહજ રોકાયો. એ સમયે શ્રી વિજયલબ્ધિસૂરિજી અહીં બિરાજતા હતા, એમની સાથે પ્રથમ પરિચયમાં આવતાં એમણે સ્વરચિત **વૈરાગ્ય-રસમંજરી**ની એક નકલ મને ભેટ આપી હતી. આ પુસ્તક ટૂંક સમયમાં વિષમ પરિસ્થિતિમાં એમણે બુહારીમાં સંસ્કૃતમાં ૬૪૧ પદ્યોમાં રચ્યું હતું. એ શ્રી મોહનલાલ પીતાંબરદાસે પત્રાકારે વિ. સં. ૧૯૮૨ માં પ્રકાશિત કર્યું હતું. એમાં હાંસિયાઓમાં વિષયોનો સ્થૂળ પરિચય અપાયો હતો, પરંતુ આ પદ્યાત્મક કૃતિને કોઇ પ્રકારના વિભાગોમાં વિભકત કરાઇ ન હતી.

ઇ. સ. ૧૯૨૯ માં સૂરિજીનું મુંબઇ જેવી મોહમયી નગરી માટે પ્રયાણ થતાં એઓ અંધેરી આવી પહોંચ્યા ત્યારે એમના દર્શનાર્થે હું ત્યાં ગયો હતો. એ વેળા મારા હાથમાં શ્રી શોભન મુનિવર્યકૃત **સ્તુતિચતુર્વિંશતિકાનું** ટીકા, અનુવાદ ઇત્યાદિથી અલંકૃત દળદાર પુસ્તક હતું. એ મારા સંપાદનને જોઇને સૂરિજીને આ રીતે **વૈરાગ્યરસમંજરી** મારી પાસે તૈયાર કરાવવાની અભિલાષા ઉદ્ભવી. વખત જતાં એઓ મુંબઇ પધાર્યા ત્યારે એમની સંમતિથી "શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ"ના સંચાલક શ્રી ભાઇચંદ નગીનભાઇએ આ કાર્ય મને સોંપ્યું.

સ્પષ્ટીકરણને ગૌણ રાખી મેં **વૈરાગ્ય-રસમંજરી** નો ગુર્જર ગિરામાં અનુવાદ તૈયાર કરવા માંડ્યો. રોજ થોડાં થોડાં પદ્યોનો અનુવાદ કરી હું સૂરિજી પાસે નમતે પહોરે ચારેક વાગ્યે જતો, કેમકે એઓ બપોરના પ્રાયઃ એક વાગ્યાથી ચાર વાગ્યા સુધી મૌન સેવતા હતા. અનુવાદ કરતી વેળા જ્યાં જ્યાં મૂળ પદ્યોમાં પરિવર્તન કરવું મને આવશ્યક જણાયું તે તે તરફ મેં સૂરિજીનું સાદર લક્ષ ખેંચતાં એમણે એનું સમુચિત પ્રમાર્જન કર્યું. આથી આ મૂળ કૃતિ વિશેષ આદરણીય બની.

મેં યથામતિ ૬૪૧ પદ્યોને અધિકારસૂચક પાંચ ગુચ્છકોમાં વિભકત કર્યાં. એના નામ અને પદ્ય સંખ્યા વગેરે નીચે મુજબ છેઃ—

| ગુચ્છાંક | શીર્ષક | પદ્યસંખ્યા | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | મનઃપ્રબોધ | ૧–૪૮ | ૧–૪૧ |
| ૨ | આત્મવિવેક | ૧–૬૪ | ૪૨–૭૭ |
| ૩ | નરકવર્ણન | ૧–૨૩ | ૭૮–૮૪ |
| ૪ | તત્ત્વત્રયી | ૧–૩૪૦ | ૮૫–૨૯૧ |
| ૫ | ધર્મચર્યા | ૧–૧૬૬ | ૨૯૨–૪૪૮ |

આ સંસ્કરણમાં મેં પ્રાયઃ પ્રત્યેક પદ્યના વિષયનો ઉલ્લેખ કર્યો છે. એથી વિષયની વિપુલતા તરી આવે છે. સમ્યક્ત્વના ૬૭ પ્રકારો ઉપર પ્રકાશ પાડનારી કથાઓ પૈકી જેનો ગ્રંથકારે નામનિર્દેશ મૂળ પદ્યમાં કર્યો હતો તેમાંની ઘણીખરી સંક્ષેપમાં મેં અહીં આપી છે. એથી કરીને વૈરાગ્યના વિષયની કે તાત્ત્વિક–દાર્શનિક બાબતોના પ્રતિપાદનથી કોઇને શુષ્કતા ઉદ્ભવે તો એ કથાઓ દ્વારા એના ચિત્તના રંજનની વાનગી એને મળી રહે. સામાન્ય જનતા—સ્ત્રી વર્ગ પણ આ પુસ્તકનો લાભ લઇ શકે એવી ગ્રંથકારની ઉત્કટ ઇચ્છાને માન આપી મેં બને તેટલી સાદી અને સરળ ભાષામાં અનુવાદ અને સ્પષ્ટીકરણ ગુજરાતીમાં રજૂ કર્યાં છે. સ્પષ્ટીકરણાર્થે મેં કેટલાક જૈન તેમજ અજૈન પ્રૌઢ ગ્રંથોનો ઉપયોગ કર્યો છે તેમજ પ્રસંગવશાત્ ટિપ્પણો પણ આપ્યાં છે.

આ પ્રમાણે તૈયાર કરાયેલું આ પુસ્તક ઉપર્યુકત "ફંડ" તરફથી ઈ. સ. ૧૯૩૦ માં પ્રસિદ્ધ કરાયું છે. આજે એ અપ્રાપ્ય હોય એમ જણાય છે. જો તેમ જ હોય તો એનું પુનર્મુદ્રણ થવું ઘટે.

હી ઔર ભી—સૂરિજી તરફથી મને જે વિવિધ પુસ્તકો ભેટ મળ્યાં છે તેમાંનું એક પુસ્તક તે હી ઔર ભી છે. આ હિંદીમાં રચ

ચેલું નાનકડું પુસ્તક છે, પરંતુ વિષયની દૃષ્ટિએ એ ઘણું મહત્ત્વનું છે 'હી' અર્થ 'જ' થાય છે, જ્યારે 'ભી' નો 'પણ' થાય છે. સર્વથા એકાન્તવાદના અનુરાગીઓ–દાર્શનિકો પોતાના વક્તવ્યમાં સર્વાંશે 'જ' નો ઉપયોગ કરે છે, જ્યારે અનેકાન્તવાદને–સ્યાદ્વાદને જૈન દર્શનનો પ્રાણ માનનારા જૈનો–જૈન ગ્રંથકારો 'પણ' નો ઉપયોગ કરે છે અને એ રીતે પરસ્પર વિરૂદ્ધ જણાતી બાબતોનો સુંદર અને સચોટ સમન્વય સાધે છે અને દુનિયામાં આશયો નહિ સમજાયાથી કે એ વિપરિત રૂપે રજૂ થયાથી ઉપસ્થિત આપત્તિઓનું જડમૂળથી ઉન્મૂલન કરે છે

આ પુસ્તક મુલતાનમાં વિ. સં. ૧૯૫૮ માં રચાઇ પ્રસિદ્ધ કરાયું છે.

**મૂર્તિમંડન**—આ પણ ઉપર્યુક્ત પુસ્તકની પેઠે પ્રતિપાદન શૈલીથી યોજાયું છે. એમાં મૂર્તિને સર્વથા અનાદરણીય ગણનારને મિત્ર ભાવે ઉપદેશ અપાયો છે, ધ્વજવંદન વગેરે ક્રિયાઓમાં ભાગ લેનારને રાગ–દ્વેષથી સર્વથા વિમુક્ત સિદ્ધ પરમાત્માઓનો યથાશક્ય પરિચય કરાવનારી જિનમૂર્તિઓની ઉપયોગિતા વિષે કહેવાનું શું હોય?

**સૂત્રાર્થ મુક્તાવલી** (સટીક)— એ 'ચૂલિકાસૂત્ર' પૈકી અણુઓગદારના તેમજ ઉપલબ્ધ ૧૧ અંગો પૈકી આચાર, સૂયગડ, ઠાણું અને સમવાય એ ચાર અંગોના એમ પાંચ જૈન આગમોના સારના સંકલનરૂપે પ્રસ્તુત કૃતિ ૫૨+૮૮+૮૨+૨૩૮+૧૦૦=૫૬૦ સૂત્રમાં યોજાઇ છે. અર્દ્ધમાગધી (અર્ધમાગધી)માં રચાયેલા આચાર વગેરે આગમોમાં જે જૈન આચારવિચારનું મનનીય નિરૂપણ છે એનો એક યા બીજા કારણે લાભ લઇ નહિ શકનારા અને સંસ્કૃત દ્વારા એથી પરિચિત થવા ઇચ્છનારાને આ સૂત્રો ઉપયોગી નીવડે તેમ છે. વિશેષમાં એ સૂત્રોની સંસ્કૃત ટીકા જે સાથે સાથે અપાઈ છે તેથી અભીષ્ટ કાર્ય સાધવામાં સાનુકૂળતા થાય તેમ છે. સંસ્કૃત–પ્રાકૃતના અનભ્યાસીઓ તો આ સમગ્ર લખાણ ગુજરાતીમાં હોય એમ ઇચ્છે તો તેમના માટે યોગ્ય પ્રબંધ થવો ઘટે. પ્રસ્તુત સટીક કૃતિ ઈ. સ. ૧૯૪૬ માં છપાઈ છે એમાં વિસ્તૃત વિષય સૂચી છે.

**તત્ત્વન્યાયવિભાકર**— (સટીક) સૂરિજીએ વિદ્યાવારિધિ ઉમાસ્વાતિજી મ. ના મહા મૂલ્યશાળી તત્ત્વાર્થસૂત્રની સૂત્રાત્મક શૈલી અને પદાર્થ વિચારણાને લક્ષમાં રાખી તત્ત્વન્યાયવિભાકર નામની સૂત્રબદ્ધ સંસ્કૃત કૃતિ વિ. સં. ૧૯૯૫ માં રચી હતી. એ, એ વર્ષમાં પ્રકાશિત થતાં એના વિવરણની આવશ્યકતા જણાતાં સૂરિજીએ આ કૃતિની ન્યાયપ્રકાશ નામની વિસ્તૃત વ્યાખ્યા સંસ્કૃતમાં રચી કાલાંતરે મને એની એક નકલ સૂરિજી તરફથી ભેટ મળતાં એનો ગુજરાતીમાં અનુવાદ કરવાની મને અભિલાષા જાગી. એક વેળા પંદરેક વર્ષ ઉપર પૂ. સૂરિજી દાદરમાં હતા. તે વેળા સ્વ. બાબુસાહેબ ભગવાનલાલજીની સાથે હું સાયંકાળે પૂ. સૂરીજીને મળવા ગયો હતો. એ સમયે આ અનુવાદની વાત નીકળી હતી. આવો પ્રસંગ મુંબઇ જતી વેળા પૂ. સુરિજીએ અહીંની નેમુભાઈની વાડીમાં થોડા દિવસ માટે સ્થિરતા કરી ત્યારે ફરીથી બન્યો હતો. એ માટે મુંબઇ જઇ વિચાર કરાશે એમ મુનિશ્રી ભાસ્કરવિજયજીએ જણાવ્યું અને ખરેખર તા. ૧૦–૮–૬૦ ને રોજ આ અનુવાદ તૈયાર કરી આપવાનો એમણે મને પત્ર લખ્યો. મેં અનુવાદ માટે હા પાડી અને કોઇ કોઇ સ્થળે જરૂર જણાય તો આચાર્યશ્રીની પાસેથી ખુલાસો મેળવી આપવા મેં એમને વિજ્ઞપ્તિ કરી. આ સૂરિજીની સંમતિથી સોંપાયેલા કાર્યને અંગે થોડુંક લખાણ તૈયાર થતાં મેં ઉપર્યુક્ત મુનિશ્રી ઉપર એમની ઇચ્છા અનુસાર મોકલાવ્યું. એને અંગેની એમની સુચના ધ્યાનમાં લઇ એ લખાણ મેં પં. શ્રી વિક્રમવિજયજી જોઇ જાય તે માટે એમને દાદરમાં

મુદ્રિત કર્યું છે. એ કાર્ય અત્યારે તો સ્થગિત થયું હોય એમ લાગે છે. ગમે તેમ પણ સટીક તત્ત્વન્યાયવિભાકરનો પૂરેપૂરો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થવો ઘટે એમ આચાર્યશ્રીએ મને સાક્ષાત્ કહ્યું હતું તો એનો અમલ કરવા માટે મારે એમના શિષ્યાદિ પરિવારને વિજ્ઞપ્તિ કરવાની હોય ખરી?

આ અનુવાદને પૂર્ણ કરવામાં અને એ તૈયાર થયે એને પ્રકાશિત કરવામાં ઘણો સમય નીકળી જશે એ નિર્વિવાદ છે. આથી એ દરમ્યાનમાં મૂળ પૂરતી કૃતિ કે જે આજે વર્ષો થયાં અપ્રાપ્ય છે તે ગુજરાતી અનુવાદ સહિત પ્રસિદ્ધ થવી જોઈએ. જૈન દર્શનના અનુપમ સિદ્ધાંતોના વિશેષ પ્રચાર માટે તો અંગ્રેજી અનુવાદ પણ અપાવો જોઈએ.

**ન્યાયપ્રકાશનો** અનુવાદ અક્ષરશઃ અપાય તો તે આ વ્યાખ્યા જે ન્યાયની શૈલીમાં અને નવ્ય ન્યાયની છાંટપૂર્વક રચાયેલી છે તેમાં યુક્તિઓ દર્શાવતી વેળા જે હેતુઓ જણાવાયા છે તેનો સ્પષ્ટ બોધ સુગમતાથી થવો દુઃશકય છે.

આ **ન્યાયપ્રકાશ** વ્યાખ્યા અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથોના આધારે યોજાઇ છે એટલે એના અનુવાદમાં તે તે ગ્રંથોનો સ્થળના નિર્દેશપૂર્વક ઉલ્લેખ આવશ્યક છે એમ હું શરૂઆતથી જ કહેતો આવ્યો છું અને આજે ફરીથી કહું છું, કેમકે એ કાર્ય (જો કે હવે પૂ. સુરિજીના સ્વર્ગવાસને લઇને પરિપૂર્ણ સ્વરૂપે થવુ મુશ્કેલ છે) થવાથી પ્રસ્તુત વ્યાખ્યાની પ્રમાણિકતાની પ્રતીતિ થશે અને વિશેષમાં પ્રાચીન ગ્રંથોના અભ્યાસ માટેની જિજ્ઞાસા ઉદ્‌ભવશે.

**ન્યાયપ્રકાશ**ના અંતમાં પ્રશસ્તિરૂપે ગ્રંથકારની પરંપરાનો પરિચય કરાવનારાં ૧૦૬ રોચક પદ્યો સંસ્કૃતમાં અપાયાં છે. એટલો વિભાગ, આ પ્રશસ્તિમાં જે જે મહાનુભાવોનાં નામોનો ઉલ્લેખ છે તેમના સંક્ષિપ્ત પરિચયપૂર્વક ગુજરાતી અનુવાદ સાથે પૃથક્ છપાવવા જેવો છે.

**દ્વાદશારનયચક્ર**—આ મહા તાર્કિક ક્ષમાશ્રમણ શ્રી મલ્લવાદીએ નિમ્ન લિખિત અર્થઘન સંસ્કૃત પદ્યમાં રચેલા મનનીય ભાષ્યનું નામ છેઃ—

"विधिनियमभङ्गवृत्ति-
व्यतिरिक्तत्वादनर्थकवचोवत् ।
जैनादन्यच्छासन मनृतं
भवतीति वैधर्म्यम् ॥"

આ મૂળ પદ્યને જ કેટલાક નયચક્ર કે દ્વાદશારનયચક્ર કહે છે, પરંતુ એ એનું વાસ્તવિક નામ નથી. ઉપર્યુક્ત પદ્ય મલ્લવાદીએ જાતે સ્વતંત્ર રીતે રચ્યું છે કે નીચે મુજબની કોઈ કૃતિમાંથી ઉધ્ધૃત કર્યું છે કે એ કૃતિ પૈકી કોઈના ભાવાર્થને લક્ષીને એ પદ્ય રચ્યું છે. તેનો અંતિમ નિર્ણય કરવો બાકી છેઃ—

**પમાણપ્પવાય** (પ્રમાણપ્રવાદ), નયપ્રાભૃત અને સપ્તશતારનયચક્ર.

જૈન સાહિત્યને અંગે તો મૂળ કરતાં એનું વિવરણ વધારે વિખ્યાત બન્યાનાં જે કેટલાંક ઉદાહરણો મળે છે તેવું એક ઉદાહરણ તે પ્રસ્તુત દ્વાદશારનયચક્ર નામનુ ભાષ્ય છે. અન્ય ઉદાહરણો તરીકે સ્યાદ્વાદમંજરી અને આર્હત્‌દર્શન દીપિકાનો ઉલ્લેખ બસ થશે.

**દ્વાદશારનયચક્ર**નું પરિમાણ આઠથી દસ હજાર શ્લોક જેવડું દર્શાવાય છે. એ ભાષ્ય હજી સુધી તો મળી આવ્યું નથી, પરંતુ સદ્‌ભાગ્યે એનું આદ્ય પદ્ય તો અખંડ સ્વરૂપે ઉપલબ્ધ છે, અને બાકીનું લખાણ ઉધ્ધૃત કરવા માટેનું ઉત્તમ સાધન પણ મોજુદ છે. એ સાધન તો સિંહસુર કે સિંહસુરિ ગણિના નામથી ઓળખાતા પૂ. મુનિવરે આ ભાષ્યને અંગે ૧૮૦૦૦ શ્લોક જેવડી સંસ્કૃતમાં જે ન્યાયાગમાનુસારિણી કિંવા નયચક્રવાલને નામે ઓળખાવાતી વ્યાખ્યા છે.

આ વ્યાખ્યા જટિલ છે. એનું પઠન પાઠન સૈકાઓ થયા વિસારે પડયું હતું. એની આદર્શ પ્રતિ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ગણિએ કેટલાક શ્રમણોની સહાયતાથી તૈયાર કરી હતી તે પણ હવે તો મળી આવી છે એટલે એનું સમાલોચનાત્મક સંપાદન લુપ્ત ભાષ્યના વિશ્વસનીય ઉદ્ધરણપૂર્વક અને વિશિષ્ટ ઉપોદ્ઘાતાદિ મનનીય સામગ્રી સહિત જોવા ભાગ્યશાળી થવાય તેમ છે.

ઉપર્યુક્ત આદર્શ પ્રતિના અભાવમાં કાર્ય કરવાનું હતું ત્યારે એક વિદ્વાને એક લાખ રૂપિયાના ખર્ચે એ તૈયાર થઈ શકે એમ કહ્યું હતું. કોઈ ધનાઢ્ય જૈન વ્યક્તિએ કે કોઈ સમૃદ્ધ જૈન સંસ્થાએ એ બાબત હાથ ધરી નહિ એટલે દક્ષિણવિહારી મુનિરાજ શ્રી અમરવિજયજીના શિષ્યરત્ન મુનિ શ્રી ચતુરવિજયજીએ આ કાર્ય ઉપાડયું અને "ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા"માં એને સ્થાન અપાયું. બાર આરા પૈકીના ચાર આરા પુરતું લખાણ આ "ગ્રંથમાલા"માં ઈ. સ ૧૯૫૨ માં પ્રકાશિત થયું છે. મુનિરાજ શ્રી ચતુરવિજયજી પ્રથમ ભાગ પૂર્ણ કરી ન શકયા હોવાથી બાકીનું સંપાદન કાર્ય તેમજ એની પ્રસ્તાવનાનું કાર્ય પં. લાલચન્દ્ર ભ. ગાંધીએ કરેલ છે. એમાં એમણે મલ્લવાદીના બાહ્ય જીવન ઉપર પ્રકાશ પાડનારી વિવિધ સામગ્રી રજૂ કરી છે. આ પ્રકાશન દ્વાદશારનયચક્રના બાર આરાનો બોધ કરાવનારા ચક્રથી વિભૂષિત છે.

**દ્વાદશારનયચક્ર**ના ઉદ્ધરણપૂર્વક ન્યાયાગમાનુસારિણી ટીકાના સાંગોપાંગ દર્શનનો એના અભિલાષીઓને લાભ મળે તે માટેનો સ્તુત્ય પ્રયાસ ~~પૂ. આ.~~ મ. શ્રી વિજયલબ્ધિસૂરિ મહારાજાએ કર્યો છે. વિશેષમાં પૂ. આચાર્ય મહારાજે આ ટીકાનાં દુર્ગમ સ્થળો ઉપર પ્રકાશ પાડનારી વિષયપદવિવેચન નામની વ્યાખ્યા સંસ્કૃતમાં રચી છે.

આ કાર્ય ચાર વિભાગમાં વિભક્ત કરાયું છે. એ ભાગો અનુક્રમે ઈ. સ. ૧૯૪૮, ૧૯૫૧, ૧૯૫૭ અને ૧૯૬૦ માં પ્રકાશિત કરાયા છે. એમાં પહેલા બે, પછીના ચાર, બીજા બે અને છેલ્લા ચાર આરા પૂરતા લખાણને સ્થાન અપાયું છે.

ચતુર્થ-અંતિમ ભાગના પ્રકાશનનું ઉદ્ઘાટન આપણા આ દેશના-ભારત વર્ષના માનનીય ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનને શુભ હસ્તે કરાવવાનો નિર્ણય થતાં, પં. શ્રી વિક્રમવિજયજીએ એ ભાગ માટે ગુજરાતીમાં લખેલ વિસ્તૃત "પ્રાક્કથન"ના અંગ્રેજી અનુવાદ માટે મને મુનિ શ્રી ભાસ્કરવિજયજીએ આમંત્રણ આપ્યું હતું. આ પ્રાક્કથન જેમ જેમ છપાતું ગયું તેમ તેમ એ મને મોકલાવાતું ગયું. સમયાદિનો સંકોચ હોવા છતાં એમના તરફના સદ્ભાવથી પ્રેરાઈને અને પૂ. શ્રી મલ્લવાદીની કૃતિ પ્રત્યેના મારા આદરભાવને લઈને મેં તાબડતોબ અનુવાદનું કાર્ય કરવા માંડયું. અને બબ્બે દિવસને અંતરે હું એ મોકલતો ગયો. ઘણા ટૂંક સમયમાં મારો અનુવાદ છપાવવો પડે તેમ હોવાથી એના મુદ્રણપત્રો એક પણ વાર મને જોવા મોકલાવાયાં નહિ અને મારૂં લખાણ પૂરેપૂરૂં સમજી શકે અને અક્ષરોને લગતાં ચિહ્નો પૂરાં પાડી શકે એવા મુદ્રણાલયનો સુયોગ નહિ સાંપડવાથી એ અનુવાદ યથેષ્ટ સ્વરૂપે પ્રસિદ્ધ થઈ શકયો નથી. આ વર્ષે બે માસમાં મારૂં મુંબઈ જવાનું થયું ત્યારે હું સૂરિજીના દર્શનાર્થે બે વાર દાદર ગયો હતો. પહેલી વાર મળવાનું થતાં મેં મારા અનુવાદના મુદ્રણ વિષે વાત કરી હતી સાથે સાથે પૂ. વિક્રમવિજયજી મ. ના પ્રાક્કથનની મહત્તા અને વિચારપ્રેરકતા તેમજ એને સાંગોપાંગ બનાવવા માટે રજૂ કરાવવી જોઈતી બાબતો પ્રત્યે મેં સૂરિજીનું સાદર લક્ષ્ય ખેંચ્યું હતું. તેમ થતાં એમણે દ્વાદશારનયચક્રને અંગે મારો અમુદ્રિત વિસ્તૃત લેખ, ઉપર્યુક્ત પ્રાક્-

કથન અને એનો મારો અંગ્રેજી અનુવાદ એક સાથે છપાવવા ઘટે એવી ભવ્ય ભાવના ભારપૂર્વક સાનંદ દર્શાવી હતી. એમણે એ કથન ઉમેર્યું હતું કે આમ થવાથી શ્રી મલ્લવાદીજીની વિદ્વત્તાની અને એ દ્વારા જૈન સાહિત્યના એક મહત્ત્વપૂર્ણ અંશની સારી અને સાચી પ્રભાવના થશે. મારે સખેદ કહેવું પડે છે કે આ ભાવનાને મૂર્ત સ્વરૂપ અપાયેલું જોવા જેટલું પૂ. સૂરિજી મહારાજ જીવ્યા નહિ. એમના ભક્તજનો હવે પણ આને માટે યોગ્ય પ્રબંધ સત્વર કરવા કૃપા કરશે તો પૂ. સૂરિજીને અંગે જે સ્મારકો કરવાના વિચારો સેવાય છે તેના પ્રતીકની તો આ ગરજ સારશે.

**દ્વાદશારનયચક્ર**નો દ્વિતીય વિભાગ પ્રકાશિત થયા બાદ કે તે પહેલાં પૂ. સૂરિજીનું અહીં ચાતુર્માસાર્થે રહેવાનું થયું હતું. એ સમયે મેં એમને કહ્યું કે મુનિશ્રી જંબૂવિજયજી આ અમૂલ્ય ગ્રંથનું સંપાદન કરનાર છે અને "જૈન આત્માનંદ સભા" એનું પ્રકાશન કરનાર છે તો આ કાર્ય માંડી વાળે તો કેમ એવી એક બહુશ્રુત શ્રમણવર્ગની સૂચના છે. સૂરિજીએ પોતે આ કાર્ય જતું કરી શકે તેમ નથી એમ સકારણ જણાવ્યું. એમના આ નિર્ણયનું શુભ ફળ એ આવ્યું કે પ્રસ્તુત ગ્રંથ પૂરેપૂરો આજે આપણને પ્રાપ્ત થયો છે, જ્યારે જંબૂવિજયજીનું સંપાદન હજી સુધી તો પ્રસિદ્ધ થયું નથી અને ટૂંક સમયમાં હવે થાય તો પણ સાંભળવા મુજબ એ સમગ્ર ગ્રંથ પૂરતું નહિ હશે.

અંતમાં ગુર્જર ગિરામાં પૂજાઓ અને સ્તવનો રચીને ભક્તિરસને પુષ્ટ કરનારા, 'પંજાબ' જેવા દૂર દેશમાં કુશળ વક્તૃત્વકળાથી વિભૂષિત, ગુજરાતી ઉપરાંત ઉર્દૂ તેમજ સંસ્કૃત ભાષાના જ્ઞાતા તેમજ શ્રુતોપાસનામાં આસક્ત, વિ. સં. ૧૯૪૦ માં જન્મી ૧૯૫૯ માં દીક્ષા લઇ વિ. સં. ૧૯૮૧ માં આચાર્ય 'પદવીથી અલંકૃત' થનારા તથા વિ. સ. ૨૦૧૭ માં સ્વર્ગે સંચરનારા શ્રી વિજયલબ્ધિસૂરિજી પ્રત્યેનો મારો ધાર્મિક અને સાહિત્યિક અનુરાગ વ્યક્ત કરવા માટે આ લેખ એક પ્રતીક રૂપ હોઈ, આ તૈયાર કરી આપવાનો જે શુભ અવસર મને મુનિ શ્રી ભાસ્કરવિજયજીના સૌજન્યથી પ્રાપ્ત થયો છે તે બદલ હું એમનો આભાર માનું છું.

પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રને અવલંબીને

**પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્વિજય**

**લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ**

આપેલાં પ્રવચનોનું સારભૂત અવતરણ

# ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો

**ભાગ ૧—૨**

'મુંબઇ સમાચાર' દૈનિક તેના તા. ૨૯—૯—૫૨ ના અંકમાં લખે છે કે—"આ વ્યાખ્યાનો આચાર્યદેવના શબ્દો રૂપે, એવી તો સુંદર ભાષામાં રજુ કર્યાં છે, કે એ પુસ્તક એક વખત વાંચવા માટે હાથમાં લીધા પછી પૂર્ણ વાંચ્યા વગર તે મૂકી દેવાનું મન થાય જ નહિ."

ક્રાઉન સોળપેજી સાઇઝ ૦ મજબુત બાઇન્ડીંગ ૦ સુંદર પ્રિન્ટીંગ ૦ બે રંગી કવર ચિત્ર

**દરેક ભાગમાં ૫૦૦ ઉપરાંત પાનાં — મૂલ્ય બન્ને ભાગનું : છ રૂપિયા**

**શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા :** મુ. છાણી (જી. વડોદરા)

# જૈનશાસનના દીપક

અધ્યાપક : શ્રી કનૈયાલાલ વલાણી, ચાણસ્મા

( તર્જ :- જેણે રાષ્ટ્ર તણાં કીધા કામ ઘણાં )

જૈનશાસનતણા એક દીપ હતા ગુરુજી પ્યારા.
લબ્ધિસૂરિને વંદન અમારા....

દેશમાંહિ ગુજરાત દેશ જાણો.
તેમાં વળી બાલશાસન ભૂમિ માનો.
પુન્યશાળીનો જ્યાં જન્મ થયો-ગુરુજી પ્યારા...
લબ્ધિ...૧

પિતાંબરભાઈના સુપુત્ર સોહે.
માતા મોતીબેનનાં મનડાં મોહે.
બાળપણથી વૈરાગ્ય હૃદયમાં રમે-ગુરુજી પ્યારા....
લબ્ધિ...૨

પુન્યયોગે કમલસૂરિ ગુરુ મળીયા.
મનમાં રહેલા તેમના મનોભાવ ફળીયા.
લીધું સંયમ ઉમંગ ઘણો ધારી-ગુરુજી પ્યારા....
લબ્ધિ...૩

ગુરુ ત્રીજે પદે બિરાજતા હતા.
શિષ્ય સમુદાયને સંઘના છત્ર હતા.
ભિન્ન ભિન્ન ભાષાના રસીયા ભારે ગુરુજી પ્યારા...
લબ્ધિ...૪

જ્ઞાન ધ્યાન ક્રિયામાં મસ્ત હતા.
વૃદ્ધાવસ્થાએ પણ અપ્રમત્ત હતા.
સ્વર્ગદિને અતિ ઉલ્લાસ હતો-ગુરુજી પ્યારા...
લબ્ધિ...૫

ગુરુ હાથે શાસન કાર્યો ઘણાં થયાં.
વળી અનેક પુન્યશાળી ચારિત્ર પામ્યાં.
વિહરતા ત્યાં ઉછરંગ બહુ થતા-ગુરુજી પ્યારા...
લબ્ધિ....૬

સંવત દોય સહસ સત્તરની સાલે.
શ્રાવણ શુકલા પંચમી દિન બુધવારે.
મુંબઇનગરીમાં કાળ કર્યો-ગુરુજી પ્યારા...
લબ્ધિ....૭

ગુરુ લબ્ધિસૂરિદીપ અસ્ત થયા.
જૈન જૈનેતર સહુ ભેગા થયા.
સ્મશાન યાત્રા નીકળી બહુ ભારે-ગુરુજી પ્યારા...
લબ્ધિ...૮

જરીપાલખીમાં ગુરુ બેસારી.
બાણુ ગંગાએ અગ્નિ દાહ થયો ભારી.
નયને અશ્રુ વહાવી ચાલ્યા આજે ગુરુજી પ્યારા....
લબ્ધિ...૯

શાસન રત્ન કયાં ચાલ્યું ગયું.
અહા...હા...હા. દૈવ તેં આ શું કર્યું.
ગોઝારો તે આ કાળ કયાંથી હતો-ગુરુજી પ્યારા....
લબ્ધિ...૧૦

ગુરુ લબ્ધિસૂરિ કયાં સીધાવી ગયા.
સઘળા શિષ્ય-સંઘ નિરાધાર થયા.
અસહ્ય વિરહ કેમ ખમાય હવે-ગુરુજી પ્યારા....
લબ્ધિ...૧૧

ગુરુરાજની પુણ્યસ્મૃતિ કાજે.
કલ્યાણ વિશેષાંક પ્રસિદ્ધ થાશે.
વિશ્વભરમાં ગુરુ ગુણ ગવાશે-ગુરુજી પ્યારા....
લબ્ધિ...૧૨

શ્રી જ્ઞાનપંથી યુવક મંડળ.
અલ્પ બુદ્ધિથી કરે છે અરજ.
"કનુ"ને સ્હાય કરજો હવે-ગુરુજી પ્યારા...
લબ્ધિ...૧૩

# શ્રદ્ધાંજલિ

(અનુસંધાન પાન ૯૨૪થી ચાલુ)

## અનેક ગુણોના નિધાન:

### શ્રી દામજીભાઈ જેઠાભાઇ, દાદર મુંબઇ

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ એક વિરલ વિભૂતિ સમા મહાપુરુષ હતા, વર્ષોથી હું એઓશ્રીના પરિચયમાં આવ્યો છું. તેઓશ્રી પઠનપાઠનમાં અવિરત રકત રહેતા હતા. નાના બાળક જેવી એમનામાં નિર્દોષ નિખાલસતા હતી, ખટપટ, નિંદા, કુથલી વગેરે નિંધ તત્વોથી સદા દૂર રહેતા હતા. ભયંકર વેદનામાં પણ ખૂબ સહનશીલતા રાખી નવકાર મંત્ર અને આરાધનામાં જ લીન હતા. તેઓશ્રી અજોડ કવિ હતા, અસાધારણ વિદ્વાન હતા. એમનું જીવન ઘણું ઊંચુ હતું. અનેકવિધ ગ્રન્થોના સર્જનહાર હતા, સ્વભાવે શાંતિપ્રિય હતા. તીવ્ર સ્મરણશકિત ધરાવનારા મહાપુરુષ હતા. જૈન શાસનને ખૂબ ખૂબ વફાદાર હતા, વ્યાખ્યાન વાચસ્પતિ હતા. અનેકાનેક ગુણોના નિધાન સમા એવા આ મહાન સૂરીશ્વરજીના સ્વર્ગવાસથી શ્રી સંઘને ભારે ખોટ પડી છે કે જે ન પૂરી શકાય તેવી છે. એઓશ્રીને મારા કોટિ કોટિ વંદન હો.

⊙

## ગુણાનુરાગી મહાપુરૂષ

### પં. શ્રી લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, વડોદરા.

પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની શાસનભકિત અસાધારણ હતી. સ્વ. પૂ. આ. મ. શ્રી વિજયાનંદસૂરિજી મહારાજે પરમત વિપક્ષખંડન માટે અજ્ઞાનતિમિર ભાસ્કર, તત્ત્વનિર્ણય પ્રાસાદ વગેરે દ્વારા જે પ્રયત્ન કર્યો હતો અને તેમના પટ્ટધર સ્વ. પૂ. આ. મ. શ્રી વિજય કમલસૂરિશ્વરજીએ ઝંખના સાથે જે પરિશ્રમ સેવ્યો હતો, તેનો વારસો પૂ. આ. મ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજીમાં ઉતરી આવ્યો હોય તેમ તેમના 'મતમીમાંસા' વગેરે ગ્રંથોથી, પ્રવચનોથી અને લેખોથી પણ જણાય છે. છેલ્લે 'દ્વાદશારનયચક્ર' જેવા મહાન ગ્રંથને સંશોધિત–પ્રકાશિત કરવા–કરાવવામાં તેમનો અને તેમના વિદ્વદ્‌વર્ય શિષ્યરત્નોનો સંસ્મરણીય ફાળો છે. તેઓશ્રીની સાથે મારો પરિચય વડોદરાના વસવાટ જેટલો લગભગ ૪૦ વર્ષ જૂનો છે. તેઓશ્રીની આચાર્યપદવી સમયે છાણીમાં મારી હાજરી હતી. તેમનું સાંસારિક નામ મારા જેવું હોઈ અમે એક રાશિના હોઇ પરસ્પર સદ્‌ભાવ હતો. છેલ્લે ત્રણ વર્ષ પહેલાં મારે દાદર (મુંબઇ)માં તેમને મળવાનું થયું ત્યારે અનેક ચર્ચાઓ થયેલી. જૈનશાસનની ઉન્નતિ માટે તેઓ જે કાંઇ ઉત્તમ કર્તવ્ય જીવનમાં કરી ગયા તે સંસ્મરણીય–પ્રશંસનીય કહી શકાય. આપણે પણ ગુણાનુરાગી થઇ તેમનાં જીવનમાંથી સદ્‌ગુણો ગ્રહણ કરવા જોઇએ.

⊙

## મોક્ષપુરીના સાર્થવાહ:

### પૂ. પંન્યાસજી મહારાજશ્રી ચરણવિજયજી ગણિવર

(પૂ. પાદ આ. મ. શ્રી વિજય ભદ્રસૂરીશ્વર શિષ્યરત્ન)

જગતના બધા દર્શનોમાં જૈન દર્શન ત્યાગ પ્રધાન દર્શન છે ગુણાનુરાગ, ગુણની ઓળખાણ અને ગુણનો આદર આ ત્રણ ચીજોને વીતરાગ શાસનમાં [સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ] રત્નત્રયીના નામે ઓળખાવવામાં આવી છે. ગુણાનુરાગ એજ સમ્યગ્‌ દર્શન છે, ગુણોની ઓળખાણ તેજ સમ્યગ્‌ જ્ઞાન છે અને ગુણોનો સ્વીકાર, આચારોનું પાલન તેજ સમ્યગ્‌ચારિત્ર છે.

ગુણોને જોઇને આનંદ થયા વિના રહે નહી. ગુણોને શોધવા સમયનો સદુપયોગ ચાલુ હોય અને ગુણી બનવાના બધા પ્રયાસો ચાલુ રખાય તેજ વીતરાગ શાસનની અજોડ મહત્તા છે.

આ રત્નત્રયીની પ્રાપ્તિવાળો આત્માજ સુસાધુ ગણાય છે. રત્નત્રયીનાં અભ્યાસી અને અધ્યાપક હોય તેજ મહાપુરુષ ઉપાધ્યાય બની શકે છે અને તેજ રત્નત્રયીની સેંકડો, હજારો લાખો કે ક્રોડો આત્માઓમાં પ્રભાવના કરવાની તાકાતવાળો આત્મા જ આચાર્ય પદવી પામી શકે, શોભાવી શકે.

# એ સૂરિપુરંદરને કોટિ કોટિશ: વન્દન

**પૂ. ઉ. શ્રી ચારિત્રવિજયજી ગણિ.**

સંસાર અને મોક્ષ અનાદિ સિદ્ધ છે. એવી રીતે સંસાર માર્ગ અને મોક્ષ માર્ગ એ બન્ને પણ અનાદિ સિદ્ધ છે. ભરતાદિ ક્ષેત્રોમાં વિલય થએલા મોક્ષમાર્ગને એટલે ધર્મતીર્થને શ્રી તીર્થંકરદેવો પુનઃ પ્રકાશમાં આણે છે. પ્રકાશિત થએલા ધર્મતીર્થદ્વારા કેઇ આત્માઓ સાચા સુખના માર્ગની રૂચિવાળા અને પ્રવૃત્તિવન્ત બને છે. ધર્મતીર્થના સ્થાપક શ્રી જીનેશ્વર દેવોની ગેરહાજરીમાં એ તારકતીર્થના રક્ષક અને પ્રચારક ધર્માચાર્યો હોય છે. ધર્માચાર્યોએ શ્રી જિનશાસનની રક્ષામાં આત્મસમર્પણ કર્યું હોય છે. એ આત્મસમર્પણ આત્માના સાચા સુખનું પ્રતિક છે. શ્રી જિનેશ્વરની આજ્ઞાને સમર્પિત એ મહાપુરુષો શાસનની રક્ષા ખાતર સર્વસ્વનો ચાહોમ કરનાર હોય છે. એ મહાપુરુષોને શાસન પ્રચાર અને રક્ષામાં કોઇ પણ ભૌતીક આકાંક્ષાઓ પ્રતિબંધક બનતી નથી. એવા ધર્માચાર્યોના આધારે શાસનની ધૂરા પાંચમા આરાના અન્ત સુધી અવિરત વહન થનાર છે.

એ રીતે શ્રી જિનશાસન ધૂરાના વાહક આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ હતા. તેઓ ગત સાલ વિ. સં. ૨૦૧૭ના શ્રાવણ સુદ ૫ ના રોજ સ્વર્ગવાસી બન્યા એ વાતથી કોણ અજ્ઞાત છે? તેઓ ગયા પણ તેમનો યશોદેહ આ જગતમાં સુસ્થિર રહ્યો છે. મૃત્યુ જન્મેલા માટે પ્રકૃતિ છે, પણ એ મૃત્યુ જન્મની પરંપરામાંથી મુકિત અપાવનાર બને એ રીતે બુધ માણસે જીવન જીવવું જોઇએ. ઉપરોકત આચાર્ય ભગવન્ત એ રીતે જીવ્યા. શાસનની સેવાઓ કરી ચારેકોરના અસ્થિર વાતાવરણમાં પણ એ પૂ. આચાર્યદેવે શાસનની રક્ષા કરી પોતાના શિષ્ય પ્રશિષ્યની પરંપરામાં સત્યરક્ષાનો એક અપૂર્વ આદર્શ સ્થાપિત કર્યો છે. સત્યની રક્ષામાં અપયશના કડવાં ઘુંટડા પણ અમૃતની જેમ પી ગયા. સંયોગવશ અનુકૂલ પણ પ્રતિકૂલ બન્યા એની પણ પરવા ન કરી. એવા શાસનરક્ષક સૂરિપુરંદરનો આત્મા સુંદર પ્રકારની જીવન પરંપરા પ્રાપ્ત કરી શીઘ્રાતિશીઘ્ર આત્મિક સુખના ભોકતા બને એવું સૌ કોઇ ઇચ્છે એ સ્વાભાવિક છે. અન્તે એ પુણ્ય પુરુષનો જ્ઞાનપ્રકાશ મારા જીવનમાં પથરાય અને પ્રભુમાર્ગની આરાધનામાં ખૂબ જ પ્રગતિશીલતા આવે એવી અભિલાષા સાથે એ મહાપુરુષને કોટિ કોટિશઃ વન્દન કરૂં છું.

---

દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ અનુસારે શ્રી વીતરાગ શાસનમાં પ્રાયઃ આચાર્યાદિ મહાપુરુષો સ્વ–પરની આરાધના કરી કરાવીને પોતાને તથા આશ્રિતોને મોક્ષપુરીની સમીપ લઇ જવામાં સાર્થવાહનું કાર્ય બજાવે છે.

આપણા આચાર્યદેવ શ્રીમાન્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ પણ આવા ભીષણ કલિકાલના સામ્રાજ્યમાં પણ શ્રી વીતરાગ શાસનની વિજયપતાકા ધારણ કરીને વિદ્વદ્ભોગ્ય અને બાળભોગ્ય અનેક ગ્રન્થરત્નો બનાવીને, સંપાદન કરીને તેમજ હિંદી–અને ગુજરાતી ભાષામાં આકર્ષક શૈલિએ હજારો ગામોમાં અને હજારોની જૈન જૈનેતર સભાઓમાં પ્રવચનોથી અનેક આત્માઓને શ્રી વીતરાગ શાસનના રસિઆ બનાવી ગયા છે. પરમપૂજ્ય આચાર્યદેવને ઓળખનાર ભાગ્યશાલિ જીવો પાસે આચાર્ય દેવના ગુણોનું વર્ણન પુનરૂકિત સમાન ન થઇ જાય માટે જ આટલું જણાવી મારું લખાણ આટોપી લઉં છું

⊙

# પૂ. સૂરિદેવશ્રીના સ્વર્ગારોહણ નિમિત્તે ભારતભરમાં

# યોજાયેલા ભવ્ય મહોત્સવો

પૂ. પાદ આચાર્યદેવશ્રીના સ્વર્ગારોહણ નિમિત્તે તેઓશ્રીની નિર્મલ આરાધનાની અનુમોદનાર્થે તથા તેઓશ્રીના અમાપ ઉપકારોને શ્રદ્ધાંજલિ સમર્પણ નિમિત્તે ભારતના શહેરે શહેર તથા ગામેગામ જે મહોત્સવો યોજાયેલા તેની નોંધ અહિં રજૂ થાય છે.

⊙

**પીંડવાડા** : પૂ. આ. શ્રી. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**રાજકોટ** : પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**ઘાટકોપર** : પૂ. આ. વિજયલક્ષ્મણ સૂરિશ્વરજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**આકોલા** : પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**મુંબઈ : લાલબાગ** : પૂ. આ. શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર.

**મુંબઈ દેવકરણ મેનસન** : પૂ. ઉપાધ્યાય શ્રી જયન્તવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટા ન્હકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર.

**મુંબઈ : દાદર** : પૂ. આ. શ્રી. વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**મુંબઈ મુલુંડ** : પૂ. પં. શ્રી નવીનવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**પાલીતાણા** : પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**મુંબઇ : લાલબાગ** : પૂ. ઉપાધ્યાય શ્રી જયન્તવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને સિધ્ધચક્ર પૂજન

**વાંકલી** : પૂ. પં. શ્રી મુકિતવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**વાપી** : પૂ. પં. શ્રી ચરણવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**ખંભાત** . પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી (પૂ. બાપજી મ. ના) ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**પૂનાસીટી** : પૂ. પં. શ્રી રંજનવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને સિધ્ધચક્રપૂજન.

**પૂનાકેમ્પ** : પૂ. મુનિરાજ શ્રી કૈલાસવિજયજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**અમલનેર** : પૂ. મુનિરાજ શ્રી ચંદ્રવિજયજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**અંધેરી** (ઇર્લાબ્રીજ) : પૂ. મુનિરાજ શ્રી કરૂણાવિજયજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**અંધેરી** : પૂ. મુનિરાજ શ્રી શશીપ્રભવિજયજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**વંથલી** [સોરઠ] : પૂ. મુનિરાજ શ્રી ગુણભદ્રવિજયજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**માંડાણી :** (રાજસ્થાન) પૂ. આ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**વીલાપારલા :** પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**પાટણ :** પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**મનફરા** (કચ્છ-વાગડ) : પૂ. પં. શ્રી દીપવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ.

**ઝીંઝુવાડા :** પૂ મુનિરાજ શ્રી જયવિજયજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**નોંઘણવદર :** પૂ. પં. શ્રી માનતુંગવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**રાધનપુર :** પૂ. આ.શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**વાંકાનેર :** પૂ. મુનિરાજ શ્રી માણેકવિજયજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ શ્રી સિદ્ધચક્રબૃહદ્ પૂજન

**જામનગર :** પૂ. પં. જયન્તવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**બોરસદ :** (કાશીપુરા) પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**સંગમનેર :** પૂ. મુનિરાજ શ્રી રંગવિજયજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**સાણંદ :** પૂ. પં. હિમાંશુવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**ભાયખલા :** પૂ. પં. શ્રી નિપુણવિજયજી ગણિવરની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**ભાંડુપ :** પૂ. શ્રી મુનિરાજ નિરંજનવિજયજી મ. ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**અમદાવાદ** (દશાપોરવાડ સોસાયટી) : પૂ. મુનિરાજ શ્રી ધર્મગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ અને સિધ્ધચક્રપૂજન

**સાદડી :** પૂ. મુનિરાજ શ્રી ધનપાલવિજયજી મ.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ

**જોધપુર :** પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી મ. ની નિશ્રામાં પંચકલ્યાણક મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**ઈડર :** અષ્ટાન્હિકા મહોત્સવ, શાન્તિસ્નાત્ર અને સંઘ જમણ

**છાણી** (વડોદરા) અષ્ટાન્હિકા મહોત્સવ

**કરાડ :** અષ્ટાન્હિકા મહોત્સવ અને શાન્તિસ્નાત્ર

**બોરસદ :** (શ્રીમાલીવાગો) અષ્ટાન્હિકા મહોત્સવ

**ભરૂચ :** અષ્ટાન્હિકા મહોત્સવ

**સુરબાડ :** અષ્ટાન્હિકા મહોત્સવ

**પારડી :** અષ્ટાન્હિકા મહોત્સવ

**મદ્રાસ :** અષ્ટાન્હિકા મહોત્સવ

**વલસાડ :** અષ્ટાન્હિકા મહોત્સવ

**નવસારી :** અષ્ટાન્હિકા મહોત્સવ

**અમદાવાદ :** (જ્ઞાનમંદિર) અષ્ટાન્હિકા મહોત્સવ

**અમદાવાદ :** (જૈનવિદ્યાશાલા) અષ્ટાન્હિકા મહોત્સવ

**ઉદયપુર :** અષ્ટાન્હિકા મહોત્સવ

**આધોઇ** (કચ્છ-વાગડ) : અષ્ટાન્હિકા મહોત્સવ

**શાહપુર** (જિ. થાણા) : અષ્ટાન્હિકા મહોત્સવ

**બેંગલોર** (ગાંધીનગર) : એકાદશાન્હિકા મહોત્સવ

**ઉમેટા :** અષ્ટાન્હિકા મહોત્સવ

**સુરત** (નવાપુરા) : અષ્ટાન્હિકા મહોત્સવ

**બીજાપુર** (કર્ણાટક) : શ્રી પંચકલ્યાણ પૂજા

**દમણ :** શ્રી પંચકલ્યાણક મહોત્સવ અને સાધર્મિક વાત્સલ્ય

**સુરત** (સગરામપુરા) : શ્રી પંચકલ્યાણક મહોત્સવ

# પૂ. સૂરિદેવશ્રીનો સદુપકાર

પૂ. પાદ સૂરિદેવશ્રીના સદુપદેશથી અનેક રાજા-મહારાજાઓ પણ જીવદયા ધર્મ પ્રત્યે આકર્ષાયા હતા. પૂ. સૂરિદેવશ્રીના પરિચયમાં આવીને તેઓશ્રીના સદુપદેશથી તેઓશ્રી પ્રત્યે સદ્‌ભાવ ધરાવનારા અનેક રાજાઓએ તેઓશ્રીને પોતાનાં હૃદયમાં સદ્‌ભાવભર્યું સ્થાન આપ્યું છે; તેમાંના બે દરબારોનો પત્રવ્યવહાર અને પૂ. પાદશ્રીના સદુપદેશથી પોતાનાં રાજ્યમાં જીવદયાના પાલન માટે બહાર પાડેલ ફરમાન અહિં રજૂ થાય છે.

⊙

धणी (स्टे. रानी) (राजस्थान) २-१-४३
परमपूज्य लब्धिसूरिजी महाराज.

आपसे मैंने शंका-समाधानके लिये कहाथा लेकिन समय न्यून होनेके व विशेष कार्यवस नहीं आसकुंगा जिसको क्षमा ।

आपका आजका भाषण गूढ एवं भक्तिरस पूर्ण सुनकर मेरा हृदय आनन्द विभोर हो गया; मेरी हार्दिक इच्छाथी कि आप जैसे विद्वानोंसे तर्क वितर्क करनेसे कुच्छ ज्ञान हांसिल होगा। परन्तु भाग्यवस कुच्छ कार्य हो जानेसे हाजर नही हो सकता।

उम्मेद है कि फिर कभी आप यहां पधारेंगे जब वार्तालाप होगी. आपका दर्शनाभिलाषी-

Sd विजयसिंह

पत्रमें त्रुटि हो तो क्षमा।

## જાહેરનામું

જાવક નં. ૧૬૨૮

આ ઉપરથી આ તાલુકાના સર્વે લોકોને આ જાહેરનામાથી ખબર આપવામાં આવે છે કે શ્રી મુનિરાજ સા. **શ્રી લબ્ધિવિજયસૂરી** મહારાજના ઉપદેશથી અને અમારી અંતઃકરણની

---

**સુરત** (ગોપીપુરા) : પૂ. આ. શ્રી વિજય વિજ્ઞાનસૂરિજી મ.ની નિશ્રામાં શ્રી પંચકલ્યાણક મહોત્સવ

**મરીન ડ્રાઈવ મુંબઇ** : શ્રી પંચકલ્યાણક મહોત્સવ

**મુંબઈ** લાલબાગ : પૂ ઉપાધ્યાય શ્રી જયંતવિજયજી ગણિવરની નિશ્રામાં શ્રી પંચકલ્યાણક મહોત્સવ

**બોરીવલી** દેવચંદનગર : પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવરની નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર પૂજન

**ચાણસ્મા** : પંચકલ્યાણક મહોત્સવ

**ઇસ્લામપુરા** : (કરાડ) અષ્ટાન્હિકા મહોત્સવ

**અમદાવાદ** : (નવરંગપુરા) : પૂ મુનિશ્રી જયપ્રભવિજયજી મ. ની નિશ્રામાં શ્રી સિદ્ધચક્રપૂજન

**શાંતાક્રૂઝ** પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવરની નિશ્રામાં પંચકલ્યાણક મહોત્સવ

**મલાડ** : પૂ. પં. શ્રી સુબોધસાગરજી ગણિવરની નિશ્રામાં પંચકલ્યાણક મહોત્સવ

**સુરત** (છાપરીઆ શેરી) : પૂ. મુનિરાજ શ્રી હેમચન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં શ્રી પંચકલ્યાણક મહોત્સવ

**પાલીતાણા** (આરીસા ભુવન) : પૂ પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવરની નિશ્રામાં પંચકલ્યાણક મહોત્સવ શાંતિસ્નાત્ર

**અંજાર** : પૂ. પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ નવાણુ અભિષેકની મહાપૂજા

**વડાલી** (સાબરકાંઠા) : પૂ. મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજની શુભ નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ શાંતિસ્નાત્ર

આ ઉપરાંત ઘણાયે શહેરો ગામો આદિના સંઘોમાં પૂજા, તપ, જપ, વ્રત, નિયમો, પ્રભાવના આદિ અનેકવિધ આરાધનાઓ થઇ હતી.

પુરી લાગણી થી જણાવીએ છીએ કે દરેક સાલના **ચઈતર સુદી ૭ થી તે ચઈતર સુદી ૧૫ સુધી** જૈનોની ઓળી બેસે છે. તે ઓળી પુરી થતાં સુધી કોઈપણ જાતની હિંસા નાના મોટા પ્રાણીઓની કોઈએ કરવી નહિ. અગર તે દિવસોમાં કોઈપણ જાતનો કોઈએ બકાર સીમમાં અગર વગડામાં જઈ શિકાર કરવો નહિ અને જે કોઈ જાહેરનામા વિરૂદ્ધ વર્તન કરશે. તેને શ્રી સરકારથી નસીયત કરવામાં આવશે.

તા. ૫-૧૨-૧૯૪૪ **Sd. Kirtisinh**
જા. નં. ૧૬૨૯ ઠા. શ્રી તા. કટોસણ

**સદર નકલ શ્રી મુનીરાજ સા. લબ્ધિવિજય સા. તરફ.**

તા. સદર મુ. ખંભાત
C/o તપગચ્છ અમર જૈનશાલા, ટેકરી
મુ. ખંભાત (જિ. ખેડા) તા. ૧૧-૫-૧૯૪૪

પરમ પૂજ્ય આરાધ્યપાદ ગુણરત્નમહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાની તરફથી.

તત્ર દયાપ્રેમી, સંત સમાગમાકાંક્ષિ કટોસણ નરેશ **કીર્તિસિંહજી,**

યોગ્ય ધર્મલાભ સાથ માલમ થાય કે દેવગુરુ પસાયે સુખશાતા છે. તમોએ મોકલેલ જાહેરનામું મલ્યું વાંચી ઘણી ખુશી થઈ છે.

વિશેષ તમોએ સ્વસત્તાના પરગણામાં પ્રસારેલા દયા પ્રચારમય જાહેરનામાએ તમારૂં ખંભાત આવવું તેમજ મારા ઉપદેશની અસર થવી એ તમારૂં અહોભાગ્ય ગણાય. કારણ કે આર્યાવર્તના પ્રત્યેક ધર્મશાસ્ત્રોનું મૂલ રહસ્ય પર જીવોની દયા જ છે. જ્યાં જીવોની દયા હોય છે ત્યાંજ ધર્મ છે એમ સંસારી જીવોને સંબોધીને ઉપદેશે છે.

તમારા પૂજ્ય પિતાજી તખ્તસિંહજી પણ મારા પરિચયમાં આવતાં પોતાના શ્વાસની જેમ ઘર કરી બેઠેલી અનેક માયામય સંસાર-વ્યસનોની વૃત્તિઓનો પરિત્યાગ કર્યો હતો. પોતાનાં જીવનને નિર્દોષ અને પવિત્ર બનાવવા ધર્મદિશામાં સવેગ દોટ મુકી હતી. જેના પ્રતાપે જૈનોનાં પર્વ શ્રી પર્યૂષણા પર્વમાં પોતાની સત્તાના પરગણામાં કોઈ પણ સખ્સ કોઈ પણ જીવને મારે તેને સજા ફરમાવી હિંસાની આસુરી વૃત્તિના મૂલમાં કુઠારા ઘા કર્યો હતો. તેમ તમોએ પણ ખંભાતમાં આવી મારા ઉપદેશની ઉંડી અસરથી ધાર્મિકવૃત્તિઓથી પ્રેરાઈને જે જૈનોનું પર્વ શ્રી નવપદજીની ચૈત્ર માસની ઓળીમાં કોઈપણ જીવને કોઈએ પણ ન મારવો એવા હુકમની જાહેરાત કરીને સ્વજીવનને ધન્ય બનાવ્યું છે. દયાપ્રેમી પ્રત્યેક રાજવીઓ તમારા આ આદર્શ કાર્યનું પ્રતિદિન માટે અનુકરણ કરે તો અહિંસા સિદ્ધાંતનું સામ્રાજ્ય જરૂરથી વ્યાપે અને આર્ય ધર્મની વિજય પતાકાઓ ફરકે!

પ્રાચીન કાલમાં ચૌલુક્યવંશ ભૂષણ પાટણ ગુજરાતના ગાદીપતિ કુમારપાલ મહારાજાએ જેમ સ્વદેશના ખૂણેખૂણામાં જીવદયાની નોબત વગાડી હતી તેમ તમારા જેવા રાજવીઓ પણ તેવા આપ્ત નરેશોનું આચરણ કરતા થાય તો તે સુવર્ણ યુગ જોવાનો પ્રત્યેક માનવીઓને સુઅવસર સહેલાઈથી સાંપડે.

તમારા જીવનને ઉજમાળ બનાવવા માટે દિનપ્રતિદિન ધર્મના ઉત્તમ સાહિત્યને વાંચશો અને દેવદુર્લભ માનવજન્મને સફલ કરશો.

**દ. મુનિ નેમવિજયના ધર્મલાભ**

# પૂ. આચાર્યદેવશ્રી અને બાળકો

શ્રી રજનીકાંત એફ. વોરા, પુનાકેમ્પ

સંવત ૨૦૦૪-૬ દરમિયાન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ પૂના લશ્કરમાં ચાતુર્માસ અંગે સ્થિરતા અનુભવી રહ્યા હતા. તે સમયે મારી ઉંમર ૧૦ વરસની હતી. આચાર્યશ્રી બાળકો ઉપર અગાધ પ્રેમ દર્શાવતા. હું હંમેશા તેમને વંદન કરવા જતો. તેઓશ્રી સસ્મિત વાતો કરી ઉપદેશ આપતા. બાળકો સાથે પોતે પણ બાળક બની સરળ ભાષામાં જ વાત કરતા. તેમને સંગીતનો શોખ હોવાથી અવારનવાર મારી પાસે સ્તવનો ગવડાવી ખૂબ જ આનંદ અનુભવતા. આમ અમારા જેવા બાળકોને આપોઆપ ધર્મ પ્રત્યે પ્રેરણા મળતી. તેમનું હૃદય બાળક જેવું નિખાલસ હોવાને કારણે બાળકો અમુક–નિયમિતપણે દહેરાસર દર્શનાર્થે તેમ જ તેમના વંદનાર્થે આવતા. મને પણ જો કોઇ દિવસ તેમના વંદન ન થયા હોય તો ચેન ન પડે. તેમના વિહાર સમયે અમે બાળકોએ ખૂબ જ દુઃખ અનુભવ્યું હતું.

ત્યાર પછી જ્યાં જ્યાં આચાર્યશ્રી ચાતુર્માસ કરી રહ્યા હોય ત્યાં જવાની ભાવના થતી. અને કોઇક વાર એ ભાવના ફળતી ત્યારે ખરેખર ફરીવાર એ બાળપણનાં સંસ્મરણો તાજાં થતાં.

છેલ્લે છેલ્લે જ્યારે આચાર્યશ્રીની તબિયત અતિશય નાદુરસ્ત હતી ત્યારે હું ૧૯૬૧ના મે મહિનાના અંતે મારા માતુશ્રી સાથે દાદર મુકામે તેઓશ્રીના વંદનાર્થે ગયો હતો. તેમની અસ્વસ્થ તબિયતના કારણે પાસે જવાની મનાઇ હતી. તેમના શુભહસ્તે વાસક્ષેપ નંખાવી આશિર્વાદ મેળવવાની તીવ્ર ઇચ્છા હતી પણ ઇચ્છા પૂર્ણ થવાની શકયતા નહોતી. તેમને વંદન કર્યાં બાદ અમે અન્ય મુનિમહારાજને વંદન કરી રહ્યા હતા; એટલામાં તેમની સુશ્રુષા અર્થે નિકટ રહેલ પૂ. ઉપાધ્યાયજી શ્રી જયંતવિજયજી મ. તેમને ઔષધ આપી રહ્યા હતા ત્યારે તેમણે પૂછપરછ કરી, અને તરત મને પાસે બોલાવ્યો અને અમે સૌ તેમના છેલ્લા આશિર્વાદ મેળવવા ભાગ્યશાળી બન્યા. તેમણે અમારા મસ્તકે વાસક્ષેપ પણ નાંખ્યો. અમારી ઇચ્છા પૂર્ણ થવાનો અમને આનંદ થયો.

આવા સરળ અને નિખાલસ હૃદયી આચાર્યદેવ કાળધર્મ પામવાથી સમસ્ત જૈન સમાજને મહાન ખોટ પડી છે એવા સ્વર્ગસ્થ આચાર્યશ્રીને મારી કોટીશઃ વંદના! તેઓશ્રીના મહાન આત્માને ચીર શાંતિ પ્રાપ્ત થાઓ એવી નમ્ર પ્રાર્થના!!


## पवित्र सुगंधी अगरबत्ती, जैन बाइओना हाथे बणेली.

मंदिरमां ने घेर वापरवा लायक तेमज घणा वरसोथी जाती देखरेख नीचे ऊत्तम चीजोथी बनावेली ज अगरबत्ती दक्षिण, महाराष्ट्र, सौराष्ट्र, गुजरात, मारवाड, मुंबई, कच्छ, खानदेश. कलकत्ता, मद्रास, मध्यप्रदेश, मध्यभारत वगेरेना मोटा शहेरोमां कायम अमारी अगरबत्ती, वासक्षेप अने धुप वपराय छे.

अढार अभिषेकनी पुडीओ, गंगाजल, शत्रुंजयनदीनुं, सुरजकुंडनुं जल तथा भगवान प्रवेशनो तथा शान्तिस्नात्रने लगतो सामान, केसर–सुखड–बरास–वाळाकुंची–वरख–बादला (सोनेरी–रूपेरी) वगेरे मळे छेः

जयेन्द्रकुमार रमणिकलाल, जैन सुगंधी भंडार ६८/७१ गुरुवार पेठ, पुना २.

'હંસલો ગયો ને પિંજર પડી રે રહ્યું'



કાલધર્મ પામ્યા પછીનું સ્વર્ગસ્થ
પૂ. આચાર્યદેવનું અંતિમ દર્શન.



વેદના અને અસ્વસ્થતાના અંતિમ દિનોમાં પણ
સમાધિલીન – ચિત્તપ્રસન્નતાનું સુભગ દર્શન.



સભા પૂ. સૂરિદેવને શ્રદ્ધાંજલિ અર્પે છે.

# ગુરૂ ગુણ ગીતાંજલિ

પૂ. પાદ શાસનસ્થંભ ધર્મધુરંધર સૂરીશ્વરજીને ભક્તિભાવભર્યા હૈયે પદ્યમય શૈલીયે કવિતા દ્વારા જે શ્રદ્ધાંજલિ ગુણાનુરાગી શ્રી ચતુર્વિધ સંઘે આપી છે, તે અહિં રજૂ થાય છે.

## ગુરૂ વિરહ વેદના ગીત

**પૂ. પં. મ. શ્રી પદ્મવિજયજી ગણિવર-**

(પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી-શિષ્યરત્ન)

(પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશુ-એ રાગ).

ધર્મધુરંધર શાસન સ્થંભ સિધાવીયા,
મહા ઉપકારી લબ્ધિસૂરિ ગુરૂરાય જો;
સંઘ ચતુર્વિધ શોક સમુદ્રે ડુબીયો,
ખોટ પડી શાસનમાં, કેમ પૂરાય જો.
ધર્મધુરંધર. ૧

દર્શન માટે દિલ તલશે બહુ માહરૂં,
પણ ગુરૂ ચાલ્યા છોડીને નિરાધાર જો;
અદ્‌ભૂત ગુણ સંભારૂં જ્યારે આપના,
દિલમાં દુઃખને આંખે આંસુ ચોધાર જો.
ધર્મધુરંધર. ૨

સંગીતમય પ્રભુ ભક્તિ હૃદયે બહુ રૂચિ,
જિનગુણ ગાવા સ્તવન રચ્યાં મનોહાર જો;
દિન દિન પ્રત્યે નવનવા શ્લોકોને રચી,
ભાવ હૃદયના દર્શાવ્યા તે મોઝાર જો.
ધર્મધુરંધર. ૩

મહા જ્ઞાની પણ બાલ સમા સરલાશયી,
સાગરસમ ગંભીરતાના ધરનાર જો;
દિલ દુઃખદાયી કડક વચન કદી ના કહે,
પરમ દયાળુ, સમતા રસ ભંડાર જો.
ધર્મધુરંધર. ૪

ચિંતન ઉંડુ કરતા છોડી પ્રમાદને,
બિમારીમાં પણ, લેતા નહિ આરામ જો,
સ્વપર ગચ્છના સાધુ એક અવાજથી,
મહાવિભૂતિના ગાવે ગુણ અભિરામ જો.
ધર્મધુરંધર. ૫

મરૂધર ગુર્જર સોરઠ ને મહારાષ્ટ્રમાં,
વિચર્યા દૂર પંજાબ અને મુલતાન જો;
વીર આજ્ઞાનો ઝંડો જગ ફરકાવીયો,
ગણ્યાં નહિ જ્યાં માન અને અપમાન જો.
ધર્મધુરંધર. ૬

વિજયાનંદસૂરિ ને કમલસૂરીશ્વર,
તેમની પાટે લબ્ધિસૂરિ ગુરૂરાજ જો;
તત્વ ન્યાય વિભાકર આદિ બહુ રચ્યા,
વિવિધ વિષયના ગ્રન્થો પરહિત કાજ જો.
ધર્મધુરંધર. ૭

તપગચ્છ ગગને દિનકર સમ જે દીપતા,
જેઓ આશ્રિત જનના પરમ આધાર જો;
વીરની વાણી નસ નસમાં વ્યાપી હતી,
દત્તચિત્ત-જે ઉત્તરાધ્યયન મોઝાર જો.
ધર્મધુરંધર. ૮

કર્મઉદયથી રોગ પીડા બહુ આકરી,
ખૂબ સમતાથી સહન કરી દિનરાત જો;
પંડિત મરણે અજબ સમાધિને ધરી,
અંતરદષ્ટિ જાગી, દેખું સાક્ષાત્ જો.
ધર્મધુરંધર. ૯

ત્યાગ તપસ્યા ને સુંદર આરાધના,
સાંભળી હૃદયે ધરતા હર્ષ અપાર જો;
અનુમોદન કરતા બે કરજોડી સદા,
ગુણગ્રાહી ગુરૂ ગુણગણના આગાર જો.
ધર્મધુરંધર. ૧૦

પ્રબલ પુણ્ય પ્રભાવ હતો ગુરૂદેવનો,
માસક્ષમણાદિ તપ ક્રોડો નવકાર જો;
હજારો રૂપીઆ શુભ માર્ગે લખાવીયા,
અગ્નિ દાહે પણ થયા, એકવીશ હજાર જો.
ધર્મધુરંધર. ૧૧

બે હજાર ને સત્તર શ્રાવણ માસની,
સુદી પાંચમ બુધ પાછલી રાત મોઝાર જો;
વરસ અઠ્ઠાવન ઉજ્જવળ સંયમ પાળીને,
ગયા દેવલોકે પદ્મના પ્રાણ આધાર જો.
ધર્મધુરંધર. ૧૨

# કરોડો વંદન હો....

## પૂ૦ મુનિરાજ શ્રી જિનેંદ્રવિજયજી મહારાજ

(પૂ. આ. મ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી—શિષ્યરત્ન)

-શિખરિણી છંદ-

અહા ! શોભે કેવું પ્રવચન મહાવીર જિનનું,
યથા માર્તંડજ્યોતિ ગગન તલે શ્રીમહિનની;
પ્રબોધે ભવ્યો કાળ વિષમ મહીં જ્ઞાન કિરણે,
કરોડો ભાવોથી નમન મુજ હો લબ્ધિ ચરણે ૧

મહાધર્મે જેણે મન વચન કાયા નિજ ધરી,
નમું શ્રી આત્મારામ જ કમલસૂરીશ્વર ફરી;
રુડા પટ્ટાચાર્ય વર વિજયલબ્ધિ પ્રવચને,
કરોડો ભાવોથી નમન મુજ હો લબ્ધિ ચરણે ૨

સ્તવું ભાવે સૂરીશ્વર સુકવિચિંતામણિ ભલા,
પ્રભા પૂંજે જેના સતત ઝરતાં જ્ઞાન ઝરણાં;
સદા વસ્યા પૂજ્ય સુરચક સુસિદ્ધાન્ત શરણે,
કરોડો ભાવોથી નમન મુજ હો લબ્ધિ ચરણે ૨

પ્રકાન્ડ-વ્યાખ્યાતા પ્રશમરસ પાંડિત્ય વરતા,
પ્રદાતા પ્રશ્નોનાં જિન વચન વિદ્વાન્ વિચરતા;
કરી સેવા શ્રી શાસન જિન તણી નિત્ય નમણી,
કરોડો ભાવોથી નમન હો લબ્ધિ ચરણે ૩

થયા ગંભીરા લક્ષ્મણ ભુવન સૂરીશ્વર તથા,
જયંતોપાધ્યાયા ગણિવર તથા વિક્રમ નવા;
પ્રવીણ શ્રી ભદ્રંકર સુમહિમા કીર્તિ કમલા,
કરોડો ભાવોથી નમન મુજ હો લબ્ધિ ચરણે ૪

હતા હીરા શ્રી જૈન જગત તણા સિદ્ધિ ધરતા,
પનોતા પ્રેમે જે પ્રશમવિધુ રામે મન હરા;
પ્રજંપે કર્પૂરામૃત લઘુ જિનેન્દ્ર ત્રિકરણે,
કરોડો ભાવોથી નમન મુજ હો લબ્ધિ ચરણે. ૫

# આદર્શ જીવન કહાની

**પૂ. સાધ્વીજી શ્રી જ્યોતિપ્રભાશ્રીજી**

(રાગ—તેરે દ્વાર ખડા ભગવાન...)

સૂરિજી સ્વર્ગપુરીમાં જાય...
અમારા હૈયા કંપી જાય...
જ્ઞાનદીપક બૂઝાય, અંધારું થઈ જાય,
દિલડું દુભાય....અમારાં (૧)
પિતા પીતામ્બર માતા મોતી,
પુત્ર નામે લાલચંદ;
બાલપણમાં સંયમ લઈને,
બન્યા છે સાચા સંત રે...(૨)
સુરિ કમલની પાટ દીપાવી મુક્તિ વાટ,
ગયા શાસનસમ્રાટ....અમારાં (૨)
જન્મભૂમિ છે બાલશાસનમાં,
દીક્ષા છે બોરૂ ગામમાં;
છાયાપુરીમાં આચાર્ય બનતાં,
સંઘ જનો હરખાતાં રે (૨)
સ્વર્ગે સિધાય, મુંબઈ મોઝાર,
શ્રાવણ સુદ પાંચમ બુધવાર....અમારાં (૩)
સૌરાષ્ટ્રગુર્જર દક્ષિણ પ્રદેશે,
ઉગ્ર વિહારો કરતાં;
પંજાબ ને મારવાડ વિચરતાં,
અનેક કષ્ટો સહતાં રે....(૨)
જ્ઞાનગુલતાન, શાસન સુલતાન,
વિચર્યા મુલતાન....અમારાં (૪)
શાસન નેતા શાસ્ત્રના વેત્તા,
શંકા-સમાધાન કરતાં;
અનેક ગ્રંથોના રચયિતા,
સદા અપ્રમત્ત રહેતાં રે....(૨)
કવિકુલ કિરીટ વિખ્યાત, જગત્ પ્રખ્યાત,
શાસન શિરતાજ...અમારાં (૫)
મહા વિદેહમાં જાવા કાજે,
ધર્મ સંદેશા આવ્યા,
ઘોર અશાતા ઉદયે આવતાં,
સર્વે જીવોને ખમાવ્યા રે....(૨)
ત્યાગી મમતા ધારી સમતા,
મૈત્ર્યાદિ ભાવ ચિંતવતા....અમારાં (૬)
નવકાર મંત્રનો જાપ જપંતા,
પંડિત મરણે સોહાયા;
જડ-ચેતનની જાણી ભિન્નતા,
ઉતારી કાયાની માયા રે... (૨)
જિનનું શરણ, સિદ્ધનું સ્મરણ,
કરે આત્મામાં રમણ...અમારાં (૭)
ચાર ને ચાલીસ રાત્રી સમયે,
નીકળ્યા દેહથી પ્રાણ;
શિષ્ય જનોનાં હૃદયે ત્યારે,
થયો છે વજ્રાઘાત રે... (૨)
મનડું મૂંઝાય, દિલ ગભરાય,
આંખે આંસુ ન સમાય....અમારાં (૮)
વીરશાસનમાં જ્ઞાની પુરૂષની,
ખોટ નહિ પૂરાય;
ઉપકારી ગુરૂ લબ્ધિસૂરિનું
નામ કદિ ન ભૂલાય રે...(૨)
શાસન સીતાર! જીવન આધાર!
બન્યા અમે નિરાધાર...અમારાં (૯)
આ દુનિયાની માયા છોડી,
સ્વર્ગે કીધું પ્રયાણ,
આપ વીના આ શાસનની,
લેશે કોણ સંભાળ...(૨)
ગયા ગુણના ભંડાર દુઃખ છે પારાવાર,
નથી કોઈનો આધાર....અમારાં (૧૦)
શાસનનાં મહાન કાર્યો કરીને,
આદર્શ જીવન બનાવી;
જૈન શાસનનો ધ્વજ ફરકાવી,
આત્મિક જ્યોત જગાવી રે....(૨)
સંયમ પંથે સહાય, દેજો દર્શન મહારાય,
વિનતિ ગુરુરાય (૨)
બાળની ગુરૂ લેજો સંભાળ...
સૂરિજી સ્વર્ગપુરીમાં જાય...
અમારા હૈયા કંપી જાય. (૧૧)

# ગુરૂરાજને વંદન હો !

**પૂ. પન્યાસજી મહારાજ શ્રી**
**કીર્તિવિજયજી ગણિવર**

[ ચાલ–આવો આવો દેવ મારા સુના સુના દ્વાર ]
ચાલ્યા ચાલ્યા આજ શાસનના શિરતાજ,
દાદા લબ્ધિસુરિ મહારાજ

ગુર્જરદેશે બાલશાસનમાં જન્મ્યા શ્રી ગુરૂરાજ,
બાલ વયે સંયમ સ્વીકારી; તાર્યો જૈન સમાજ
....દાદા

વિજયાનંદ સુરીશ્વર રાજે, કમળસુરીશ્વર રાજ,
તસ પટધર શ્રી લબ્ધિસુરીશ્વર, શાસનના શિરતાજ
....દાદા

અગણિત છે ઉપકારો જેના, ભૂલ્યા ના ભૂલાય,
ઘડી ઘડી પળ પળ સ્મરણ કરૂં છું,
વિસર્યા ના વિસરાય....દાદા

અસહ્ય વેદના હતી છતાંયે, અપૂર્વ સમતા ભાવ,
ગણ્યા ગણાય નહિ ગુણ જેનાં, અતુલ જાસ પ્રભાવ
...દાદા

અરિહંત અરિહંત કેરી ધૂનમાં, સદા રહ્યા મસ્તાન,
સંયમ શુદ્ધ આરાધી જેણે, સાધ્યું નિજ કલ્યાણ
...દાદા

શ્રાવણ શુદ પાંચમની રાત્રે, લઈ અંતિમ વિદાય,
રડતા મૂકી સર્વ જનોને, ગયા સ્વર્ગ સિધાય
...દાદા

ગ્રંથ રચ્યા વિધવિધ ભાષામાં, જીત્યા વાદ અનેક
શાસન રક્ષા કાજે જેણે જરી ન મૂકી ટેક
...દાદા

જિનશાસનના મહાન જ્યોતિર્ધર, કરૂણાનાં ભંડાર,
જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહીને, કર્યો સફળ અવતાર
....દાદા

વ્યાખ્યાને વાચસ્પતિ સમ, કવિ કુલકિરીટ કહાય,
સરળ સ્વભાવી મહા પ્રભાવી, ધન્ય જીવન સુરિરાય
...દાદા

આત્મ કમલમાં લબ્ધિ લક્ષ્મણ, કીર્તિ ગુરૂ-ગુણ ગાય,
કોટિ કોટિ વંદન હોજો, ચરણ કમળ સુખદાય
...દાદા

---

# ગુરૂ વિરહ ગીત

**શ્રી અમૃતલાલ મોહનલાલ ‘બંધુ’, ધીણોજવાળા**

લબ્ધિ સૂરીશ્વરનુ અવસાન સુણ્યું ત્યાં
હૃદય અમારૂં રડી રહ્યું.
હા ! હા ! હીરો કોહિનૂર ગયો કયાં ?
હૃદય અમારૂં રડી રહ્યું. ૧

શાર્દૂલ સિંહસમ એહ સૂરીશ્વર,
શાસનના સ્તંભ હતા સૂરીશ્વર.
વિષમ સમયે વિયોગ થયો ત્યાં....હૃદય ૨

વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકીરિટ હતા એ,
જડબાતોડ જવાબ પ્રશ્નોના દેતા એ
હા....હા...એ તો હડતાઇ ગયા કયાં....હૃદય ૩

શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વર
તેમની પાટે એ શોભે સૂરીશ્વર
પટધર થઈ એ પાટ દીપાવે
અમૃતનું હૃદય એ કહી રહ્યું...હૃદય ૪

# ગુરૂ પ્રાર્થના-શ્રધ્ધાંજલિ

## પૂ. સાધ્વિજી શ્રી હંસાશ્રીજી

(રાગ-સેવો પાસ શંખેશ્વરા મનશુધ્ધે)

સૂરિરાજને હું સ્મરૂં રાતદિને,
પ્રભાતે કરું પ્રાર્થના ભાવભીને,
રટું નામને રોજ હું સુખકારી,
વંદુ લબ્ધિસૂરિ ગુરૂ કોટિ વારી ॥ ૧ ॥
ગુરુ કમલસૂરિજીના અન્તેવાસી,
બન્યા તન્મય ભક્તિમાંહે ઉલ્લાસી;
પરમ જ્ઞાનીને શુધ્ધચારિત્રધારી,
વંદુ હે ગુરુ! બાલથી બ્રહ્મચારી, ॥ ૨ ॥
સ્વપરશાસ્ત્રના સુરિજી પૂર્ણજ્ઞાતા,
કવિકુલમાંહિ વલી અગ્રનેતા,
રચ્યા ગ્રન્થ ગુરૂએ ઘણાહિતકારી,
વંદુ લબ્ધિસૂરિ ગુરૂ લબ્ધિધારી, ॥ ૩ ॥
દીધું મુજને બ્રહ્મવ્રત આપહસ્તે,
તીર્થમાળ રોપી દોરી મોક્ષરસ્તે,
શીહોર આવી દીક્ષા દીધી સુખકારી,
વંદુ લબ્ધિસૂરી ગુરૂ ઉપકારી ॥ ૪ ॥
નથી આપની મેં કરી કાંઈ ભક્તિ
નથી આપના ગુણ ગાવાની શક્તિ
મારી શ્રધ્ધાની અંજલિ આ સ્વીકારી
દેજો આપ "હંસાશ્રીને" બુધ્ધિસારી ॥ ૫ ॥

# સૂરીશ્વરજી વિરહ ગીત

## કુ. દેવાનંદા કેશવલાલ શાહ

(રાગ-એક પરદેશી મેરા દિલ લે ગયા)

આજ મારા નયનોથી અશ્રુ વરસે
સૂરીશ્વર દર્શન કાજ નયનો તરસે
ઉપકારી ગુરુદેવ હવે ક્યાં મલશે!
દર્શનની આશ મારી હવે ક્યાં ફળશે?
આજ મારા [૧]

તપગચ્છ નાયક સૂરીશ્વર રાજા
ભકતોનાં દિલડાંને કરતા તાજા કરતા તાજા
દીવડો એ શાસનનો ગયો બુઝાઈ
મનડું મારૂં આજ ગયુ ખૂબ મુંઝાઈ
આજ મારા [૨]

શાસનની સેવા એણે ખૂબ બજાવી
ભવ્યોને સત્યતણો પંથ બતાવી, પંથ બતાવી
ધર્મતણો વિજયડંકો એણે જગાડયો.
આજ મારા [૩]

શાસનના સત્ય કાજ માનપાનની
પરવા છંડી'તી એણે નિજના ગાનની (૨)
વીરના શાસનની એને હૃદયે ખેવના
જીવન-ભર કરી એણે ધર્મ સેવના
આજ મારા [૪]

ગુર્જર પંજાબ મરૂધરમાં વિચર્યા
મહારાષ્ટ્રની ભૂમિમાંહે સંચરી (૨)
શાહપુર શહેરમાં આવી પધારે
છેલ્લી પ્રતિષ્ઠા છેલ્લા ભજનની કરે
આજ મારા [૫]

ચરમ ચોમાસું મુંબાપુરીયે કરે
દેવલોક કેરૂં તેડું કાને ધરે (૨)
શ્રાવણની પાંચમના ગયા સિધાવી
ભારતમાં ઠેર ઠેર અશ્રુ વહાવી
આજ મારા [૬]

જીવતરને ધન્ય કરી સૂરિજી સિધાવે
માર્ગ ભૂલ્યા અમને કોણ પંથ બતાવે (૨)
ગુરૂ વિણ સુન્ય બની સર્વ દિશાઓ
કૃપા કરી ગુરૂદેવ દર્શ દિખાઓ
આજ મારા [૭]

લબ્ધિ સૂરીશ્વર લબ્ધિ ખજાના
વ્હાલા એ પ્રીતમ સ્વર્ગ રમાના (૨)
ગુરુદેવ લબ્ધિ સાથે લઇને સિધાવે
ભકતજનો આજ એનાં ગીતો ગાવે.
આજ મારા [૮]

વિનવું ઓ ગુરુજી કરુણા ધરો
સ્વર્ગ લોકથી જરા દ્દષ્ટિને કરો (૨)
જીવનની નાવ આ અમારી ઉધ્ધરે
પ્રેમે ગાય દેવાનંદા આપ સાંભળો
આજ મારા [૯]

# ભાવભરી અંજલિ

## પૂ. સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી [ સુધાવર્ષી ]

(રાગ—ખોવાયાને ખોળવા પ્રભુ......)

પરમ ઉપકારી શાસન નેતા, સ્વર્ગધામે સંચર્યા,
જૈનશાસન ગગનાંગણેથી, સૂરિદેવ ચાલ્યા ગયા,
શોકસાગરે સંઘને મૂકી, એકીલા આપ ક્યાં ગયા ?
કોડ કોડ વંદન સૂરિજી સ્વર્ગમાં સિધાવ્યા... ૧

સુરમ્યભૂમિ ગુજરાત દેશે, બાલશાસન ગામમાં,
સંવત ઓગણીસો ઓગણચાલીસે, પિતાંબરભાઇ કુલમાં,
જન્મ થયો મોતીબહેન કૂખે, હર્ષ વ્યાપ્યો વિશ્વમાં.... કોડ કોડ ૨

બાલ્યવયથી ધર્મનાં સંસ્કાર, જીવનમાં લાગતાં,
સંયમી જીવન સોપાન પર, ચઢવાને કોડો જાગતાં.
ઓગણીસો ઓગણસાઠ બોરૂ ગામે, સંયમ પંથ સ્વીકારતાં... કોડ કોડ ૩

શાસનપ્રભાવક શાસનધોરી, કમલસૂરીશ્વર રાજતાં,
તસ પુનિત ચરણામ્બુજે લબ્ધિ-વિજય નામે છાજતાં,
જ્ઞાન ધ્યાન તપ ત્યાગથી આ, અવનીતલમાં ગાજતાં... કોડ કોડ ૪

દર્શન શાસ્ત્રના પ્રકાંડ હોઈ, અનેક વાદીઓ આવતાં,
પ્રખર વક્તૃત્વ શક્તિ દ્વારા, સહુના મન ભિંજાવતા,
સાહિત્યકૃતિઓ અનેક બનાવી, કવિરત્ન બિરૂદ ધરાવતાં... કોડ કોડ ૫

વ્યાખ્યાન શૈલી અજબ સુણાવી, ભવિજન મુગ્ધ બનાવતા,
અનુપમ શાસન પ્રભાવના કરી, વિજય ધ્વજ ફરકાવતાં,
જિન આણા એક જ શિર ધરીને, આદર્શ જીવન જીવતાં.... કોડ કોડ ૬

ઓગણીસો એકાસી માગસર સુદિ પાંચમનો દિન આવતાં,
છાયાપુરી ગામે શુભ ચોઘડીયે, સૂર્ય વિકસ્વર થતા,
ગુરુદેવનાં શુભ વરદ હસ્તે, ત્રીજે પદ વિરાજતા... કોડ કોડ ૭

અનુપમ ગુણ-પુષ્પો જીવનમાં, ગંભીરતા ને સરલતા,
ગુણાનુરાગ વાત્સલ્યતા, સૌજન્યતા અપ્રમત્તતા,
સિદ્ધાંતપાલનમાં અનેરી, ભાસતી એક નિષ્ઠતા.... કોડ કોડ ૮

વીર વિભુના પગલે પગલે, અવિરત વિહરતાં,
વિષમ કહાણી ભવની બતાવી, કેઈ જીવ પ્રતિબોધતા,
મુંબઇ શહેરે આરાધનામય, અંતિમ ચોમાસુ જતાં... કોડ કોડ ૯

કર્મોદયથી આવી રોગ પીડા, આકરી બહુ એ હતી,
પ્રભુ માર્ગમાં તલ્લીન બની, સહતા એ સમતાભાવથી,
પંડિત મરણ દિલમાં સમાધિ, ન જરાએ અરતિ.... કોડ કોડ ૧૦

તપગચ્છ ગગને દિનકર સરિખા, સૂરિજી એ દીપતાં,
બેહજાર સત્તર શ્રાવણ માસે, સુદિ પાંચમ નિશિ થતાં,
પ્રહર ચોથે અરિહંત રટણે, સૂર્ય એ અસ્ત થતાં... કોડ કોડ ૧૧

મધ્ય દરિયામાં જહાજ મૂકી. હા! સુકાની ચાલ્યા ગયાં,
નોંધારા ટળવળતા મૂકીને, આપ સ્વર્ગે સિધાવીયા,
શાસનપિતા આ બાળને, ભૂલશો નહિં આપ જ્યાં રહ્યા... કોડ કોડ ૧૨

અઠાવન વર્ષ સંયમ પાળી, સાધી આત્મ સાધના,
પૃથ્વીતલે વિચરી ફેલાવી, જૈનધર્મની ઘોષણા,
અઠ્યોતેર વર્ષનું આયુ પાળી, કરી ઉચ્ચ આરાધના... કોડ કોડ ૧૩

ગાવાતણી શક્તિ નથી, અગણિત ગુણો છે આપના,
પણ ભક્તિથી પ્રેરાઈને, આ કંઈક કરી ગુણ સ્તવના,
અદ્‌ભુત સામર્થ્ય આપોને, કે દુ:ખ જાય ભવોભવના.... કોડ કોડ ૧૪

ભક્ત હૃદયની છેલ્લી અરજી, જીગરમાં અવધારજો,
દર્શન દેજો અમને સદાયે, આ ભવ પાર ઉતારજો,
ભાવભીની અંજલિ, આ હર્ષની સ્વીકારજો... કોડ કોડ ૧૫

★

## ગુરુગુણ સ્મૃતિ

### પૂ. સાધ્વીજી શ્રી મંજુલાશ્રીજી

(રાગ— તેરી શહનાઇ બોલે)

સંયમસિદ્ધિ સાધી, મુક્તિ વાટ લીધી, ત્યાગી મમતા, અંતસમયે અપૂર્વ સમતા.
માસ ત્રણના દિવસ વહ્યા, ગુરુવિણ નોધારા અમે રહ્યા.
નથી કોઈનો આધાર, મૂકી ગયા નિરાધાર.... તારણહારા....
અંતસમયે અપૂર્વ સમતા. ૧

સ્વર્ગે ચાલ્યા શાસન સીતાર, આ! શું રે કર્યું કીરતાર;
રડતો શિષ્ય પરિવાર, દુ:ખ છે પારાવાર.... તારણહારા અંત૦ ૨
સાલ હતી હજાર બે સત્તર, માસ શ્રાવણ પંચમી શુકલ;
બુધવાર અતિ ભારી, બુઝાઈ ગયો દીપક લબ્ધિ.... તારણહારા અંત૦ ૩
જીવન વૃક્ષ કરમાઈ જાય, ગુણ પુષ્પો અતિ મહેંકાય
ગુરુગુણ સ્મૃતિ, નવિ પામે વિસ્મૃતિ... તારણહારા અંત૦ ૪
નથી ઉપકારની સીમા, ઉપકારીની ખોટ શાસનમાં,
પ્રત્યુપકારની શકિત, નહિ કરી મેં ભક્તિ... તારણહારા અંત૦ ૫
સૂરિજીના સ્વર્ગવાસ નિમિત્તે, પંચકલ્યાણક ઓચ્છવ મંડાયે;
આરિસાભુવન દ્વારે, શાંતિનાથ દરબારે....... તારણહારા અંત૦ ૬
મંજુલ મહેન્દ્ર શશી કીધા અળગા, જીવનભરમાં પ્રકીર્ણ ન જોયા;
આશા પૂરી કરજો, અમને દર્શન દેજો.......................... તારણહારા અંત૦ ૭

# વંદન હો સૂરીશ્વરજી !

## સાધ્વીજી શ્રી રતિપ્રભાશ્રીજી મ.

મુક્તિ માર્ગદર્શક હે સૂરીશ્વર, આપના દર્શન થતાં
ભવ્ય જનોના ત્રિવિધ તાપો, ક્ષણ માંહે દૂરે થતાં,
મુખ કાન્તિ ઉજ્વલ દીપે, પૂર્ણ ચંદ્ર સમ નિરખતાં
વંદન હોજો હે સૂરીશ્વર કોટિ કોટિ માહરા. ૧

જિનશાસન રાગની ધગશ જેનાં હૃદયમાં ને નસેનસમાં,
રાત-દિન સમર્પણ રહેતી, શ્રદ્ધા લીનતા તે ગુણમાં,
પલ પલ શ્વાસે શ્વાસે, શાસન રક્ષા સ્ફૂર્તિ જેનામાં,
વંદન હોજો હે સૂરીશ્વર કોટિ કોટિ માહરા. ૨

નમસ્કાર મંત્રોના જાપ સાથે, સંગીતના રણકાર છાજે,
અનેકવિધ તપશ્ચર્યાની, અનુમોદના સહૃદયે કરે,
અંતિમ આવશ્યક કરીને નવકાર મંત્રમાં લીન બને,
વંદન હોજો હે સૂરીશ્વર કોટિ કોટિ માહરા. ૩

શાસન બગીચાને રડવડતો મૂકી, ક્યાં એકાએક ચાલ્યા ગયા,
ભવ્ય જનોને નિરાધાર મૂકી જોત જોતામાં ક્યાં છૂપી ગયા,
દિવ્ય તેજસ્વી એ આપની મૂર્તિ, સ્મરણમાં અશ્રુ આવી ગયા,
વંદન હોજો હે સૂરીશ્વર કોટિ કોટિ માહરા. ૪

ભક્તોનાં હૈયા વિરહાનલથી, ક્ષણે ક્ષણે બળી રહ્યાં,
પણ આપના ગુણ સ્મરણથી, વારિ સીંચનથી ઠરી રહ્યા,
વાણી ગંભીર પીયૂષ સહોદરી, મીઠી સ્મરણમાં રમી રહ્યા.
વંદન હોજો હે સૂરીશ્વર કોટિ કોટિ મહારા. ૫

આપનાં દર્શન કરવાને, મનડું મારૂં આતુર બને,
ઉપકારી સૂરીશ્વર સ્મરણમાં આવે, અશ્રુથી નેત્રો જાય ભરી,
કૃત કૃત્ય થાયે જન્મ માહરો, આપના વંદન કરી,
વંદન હોજો હે સૂરીશ્વર કોટિ કોટિ માહરા. ૬

જ્યાં જ્યાં નજર મારી ઠરે ત્યાં, યાદિ આવે દિવ્ય મૂર્તિની,
લાગી લગન હે સૂરીશ્વર, પુનઃ આપનાં દર્શન તણી,
નેહ ભર્યાનયનોથી નિરખું વંદનમાં લયલીન બની,
વંદન હોજો હે સુરીવર કોટિ કોટિ માહરા. ૭

હે કવિ કુલ કિરીટ શાસનના વિનતિ માહરી સ્વીકારશો,
સંયમ પંથે સહાય કરશો, સ્વપ્નમાં દર્શન સદા દેશો,
ચરણોપાસક ભવ્ય જનોને, વેગે ભવ પાર ઉતારશો
વંદન હોજો હે સૂરીશ્વર કોટિ માહરા. ૮

# ભાગ્યવાનો! સાંભળો!

**શ્રી વિજયભદ્ર**

શરીર થાકેલું હતુ.
પણ...મુખ ઉપર તેજ હતું.
કાયા–જ્વરથી થરથરતી હતી
તો પણ....વાણીમાં
મધુરતા હતી. ગંભીરતા હતી.
આવા એ સંત !
ત્યાગી, વૈરાગી, મહાવ્રતધારી.

[૨]

ઘણાં વિચાર કરી...ઘણી હિંમત કરી.... મનથી મક્કમ નિર્ધાર કરી  મેં વિનમ્રભાવે વિનતિ કરી....

'ગુરુદેવ !
આપે ઘણું સાધ્યું.
ઘણું સાહિત્ય સર્જ્યું.
ઘણાં શ્લોકો–કાવ્યો રચ્યા.
હવે જરૂર છે, આપને
વિ...શ્રા....મ...ની.
શાં....તિ...ની.
એના વિના આ કાયા કામ નહીં આપે.
સારું થયે ડબલ વેગે, પૂર ઝડપે પ્રગતિ સાધીશું.
ઉપકાર કરતાં...અપકાર થાય તો ?
અશક્તિ, અશાતા વધે તો ?
ઘણું ખેંચવાથી આપનેજ દુઃખ થશે વિઘ્ન નડશે.
ડૉકટરો પણ ' ના ' પાડે છે.
વૈદ્યો ' શાંતિ ' આપવા કહે છે.
શ્રાવકો ઘણા મુંઝાય છે.
કાંઇક શાંતિ લ્યો.
સ્વીકાર કરો, કૃતજ્ઞ કરો. આભારી કરો.'

[૩]

વત્સ ! તારી વાત સાચી.
પણ...
કાલ કોણે દીઠી છે ?
આ શરીર નાશવંત છે. દગાબાજ છે.
પાણીમાનું પતાસું છે.
આરાધ્યું તેટલું આપણું.
કમાણી કરી તેટલી આપણી.
' એક પળ પ્રમાદ ન કર !'
પ્રભુએ ગૌતમ સ્વામીને ક્યાં નથી કહ્યું ?
શું વિનયી ગણધર પ્રમાદી હતા ?
અજ્ઞાન હતા ?
ના...ના...

આ તો એ નિમિત્તે આપણને હિતોપદેશ આપ્યો છે, ઉંઘતને જાગતા રહેવાની નોટીસ છે. લાલબત્તી છે.

જ્ઞાનની આરાધના, ભક્તિ માનવીની મુક્તિ છે.
સાહિત્યનું સર્જન દુઃખનું વિસર્જન છે.
આર્તધ્યાનનું નિવારણ છે.
જીવ–કર્માધીન છે.

હંમેશાં...ચેતતા રહેવું અત્યંત જરૂરી છે. સમજ્યો !

[૪]

ગુરુદેવ !
આપની આગળ હું બાળક !
મારી ફરજ છે સેવા કરવાની.
હું અંતરાય કરવા નથી ઈચ્છતો.
હું પ્રમાદનો પક્ષ નથી કરતો.
હું સ્વાર્થી, અસાર સંસારને નથી જોતો.
પણ....
ઘણાં દિવસથી હું જોઉં છું...
આપ અવિરત પણે સુખમાં કે દુઃખમાં
જ્ઞાનસાધનામાં મગ્ન છો.
સાહિત્ય સર્જનમાં એકાગ્ર છો.
કવિ–કલ્પનામાં પ્રવીણ છો.
પરંતુ...એથી શરીર શ્રમિત થાય છે.
મનની અસર તન પર પડે છે.
મનને મોકળુ કરવા
તનને નિરોગી બનાવવા
ઘણી હિંમતથી
મેં મારી અલ્પ બુધ્ધિથી વાત કરી છે.
આપ જ્ઞાની છો. હું અજ્ઞાની !
વધુ શું કહું ?
અ...રિ...હં...ત...
અ...રિ...હં...ત...

શું થયું આપને ?
શ્રાવકો, ડોક્ટરના મારે...

[૫]

આમ એક દિવસ નહીં.
એક મહિનો નહીં,
ત્રણ ત્રણ વરસ ચાલ્યું.
રોજ એ સંત સાધના સાધે, ધ્યાન ધરે,
સાહિત્ય, શ્લોક સર્જે
ને કાયાને વિસર્જે, ભૂલે.
અં...તે...
દીપક બુઝાવાનો,
કર્મસત્તાના દૂતને આવવાનો
છત્ર વિહોણા થવાનો...
એક અણમાગેલો વિણબોલાવેલો
અવસર આવ્યો.
ઘનઘોર વાદળ લાવ્યો.
અંધકારનું પડલ લાવ્યો.
આવતા વેંત એણે....
કાળ–નું કામ કર્યું.
અંતે...
એ અમારા ગુરુદેવ કાળધર્મ પામ્યા !
અમોને છોડી ગયા ! છેવટ સુધી એઓશ્રીએ
પોતાની કાયાને, માયાને ન જોઇ,
પોતાના આપ્તજનોને પણ ન જોયા ..
શિષ્ય–પ્રશિષ્યાદિને ન સંભાર્યા.
ફક્ત જોઇ, સાંભળી....

વીતરાગની આજ્ઞા !
અરિહંતનું શરણું !
સાહિત્યની ઉપાસના !
કવિત્વની કલ્પના!
શાસનની પ્રભાવના!
નિષ્કપટ ચારિત્ર !
અપ્રમાદી જીવન !

[૬]

જરૂર....
જતાં પહેલાં હિત શિખામણ આપી...
ભાગ્યવાન ! કુળવાન !
મારી જેમ સેવાઓ ખૂબ કરજો.
કોની ?
વીતરાગના શાસનની.
ભણજો–ભણાવજો,
વિદ્યાના વ્યસને રહેજો,
જ્ઞાનની–પીઠ રચજો,
હજારોને જ્ઞાન દાન દેજો,
લાખોને સન્માર્ગ આપજો,
ખમજો, ખમાવજો,
રાગ દ્વેષ દૂર કરી,
'સાચું તે મારૂં માનજો,'
શાસનદેવ વ્હારે ધાશે !
તમને !
તમારા કામને
તમારી શુભનિષ્ઠાને !
આના જેવું ઉત્તમ કામ નથી.
વીતરાગ જેવું ઉત્તમ નામ નથી
અભયદાન જેવું ઉત્તમ દાન નથી
મુક્તિ જેવું ઉત્તમ સ્થાન નથી.
ભવો ભવના ફેરાથી તરજો, તારજો
જઉં છું જતાં જતાં...
મીઠી નજરથી,
અમી દષ્ટિથી આપ્યા મીઠા આશાર્વાદ !
સૌને ક્ષમાપના છે !
ગુણવંતોની અનુમોદના છે !

[૭]

એવા એ સંત ! મહંત,
એટલેજ–
સ્મૃતિ ગ્રંથ નાયક...
કવિકુલ કિરીટ....
સૂરિસાર્વભૌમ...
વ્યાખ્યાન વાચસ્પતિ...
સ્વર્ગીય આચાર્યદેવેશ ૧૦૦૮ શ્રીમદ્ વિજય
શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ !

**વંદન હો ! નમન હો !**

# વાત્સલ્યનું વહેતું વહેણ

**શ્રીકાન્ત**

જૈન પ્રવચનના સંપાદક તથા સુપ્રસિદ્ધ લેખક શ્રી શ્રીકાંત (ચમનલાલ નાથાલાલ શાહ અમદાવાદ) અહીં પોતાની આગવી શૈલીમાં આચાર્યશ્રી પ્રત્યેનો ભાવ વ્યક્ત કરે છે.

અનેકાનેકની જેમ મારા ઉપર પણ જેઓશ્રીએ પરમ ઉપકાર કરવાનો પુરુષાર્થ કર્યો હતો, તે પૂ. જૈનરત્ન, વ્યાખ્યાન વાચસ્પતિ, કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાનો મુંબઇમાં સં. ૨૦૧૭ના શ્રાવણ સુદી પાંચમની રાત્રિએ સમાધિપૂર્ણ સ્વર્ગવાસ થતાં તેઓશ્રીની પુણ્ય સ્મૃતિને શબ્દદેહ આપવાની તક મળે એ હેતુથી, 'કલ્યાણ' માસિક ખાસ અંક પ્રગટ કરવાની જાહેરાત કરી, ત્યારથી મારા અન્તરમાં એ સ્વર્ગત પુણ્યપુરુષની સંખ્યાબંધ પુણ્યસ્મૃતિઓએ રમણ કરવા માંડયું. એ બધીય પુણ્યસ્મૃતિઓને શબ્દદેહ દેવાવો શકય નહિ, એટલે પસંદગીનો પ્રશ્ન ઉપસ્થિત થયો. સ્વ. પુણ્યપુરુષના પરિચયમાં, તેઓશ્રીના બહારના. નિકટના અને અન્તરના સેવક તરીકે વર્ષો પર્યન્ત આવવાનું બનેલું અને એથી પુણ્યસ્મૃતિઓની પસંદગી કરવાને માટે એ સ્વ. પુણ્યપુરુષના સારાય જીવન ઉપર—જીવનના વિવિધ પ્રસંગો ઉપર દૃષ્ટિપાત કર્યા કરતાં, કયાંક એ પુણ્ય પુરુષની શાસનસેવાની તમન્ના જણાઇ, તો કયાંક શાસન રક્ષાની તમન્ના જણાઇ; કયાંક સફળતા જણાઈ, તો કયાંક વિનમ્રતા જણાઇ; કયાંક શીઘ્ર કવિત્વશકિતનાં દર્શન થયાં, તો કયાંક પ્રાચીન તત્ત્વગ્રન્થોના સંશોધનની તાલાવેલી જણાઇ; કયાંક—શ્રી જિનભક્તિમાં લીનતા જણાઈ, તો કયાંક સ્વાધ્યાયમાં રમણતા જણાઈ! આમ ઘણું ઘણું સ્મૃતિપટ ઉપર તાજું થયું, પણ હું તો એ સ્વ. પુણ્યપુરુષના જીવન અને કવન અંગે એવું સ્મૃતિદર્શન કરાવવાને ઇચ્છતો હતો, કે જે ઘણાઓએ અનુભવેલું હોય અને જે દ્વારા એ પુણ્યપુરુષે પોતાના જીવનમાં અનેકાનેક જનો ઉપર ઉપકાર સાધવાની સાથે, પોતાના આત્માને પણ સુન્દર પ્રકારે ઉજાળ્યો હોય. એ વિચાર કરતાં મેં નિર્ણય કર્યો કે એ પુણ્યપુરુષને મારે 'વાત્સલ્યનું વહેતું વહેણ' તરીકે આલેખવા, જેનો મને પણ અનેકશઃ અનુભવ થયેલો છે.

અનન્ત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું શાસન, એ પોતે જ એવી વસ્તુ છે કે જે કોઇ એના પરિચયમાં આવે, એને પિછાને, એને પોતાનું બનાવે અને પછી પોતે એનો જ બની જવાને માટે જે પુરુષાર્થશીલ બને, એ આત્મા અનેકવિધ ગુણોને ઓછે વધતે અંશે પ્રગટાવ્યા વિના રહેજ નહિ; અને તેમાંય આ મહાત્માએ તો શાસનના બની જઇને મુનિપણાને સ્વીકાર્યું અને મુનિપણાને ઉજાળતે ઉજાળતે પોતાના પરમ ઉપકારી ગુરુદેવશ્રીના વરદ હસ્તે આચાર્યપદ—ત્રીજું પરમેષ્ઠિપદ પ્રાપ્ત કર્યું હતું. એટલે આવા મહાત્માઓનું જીવન વિવિધ ગુણોથી મહેંકતું હોય એમાં નવાઇ પામવા જેવું કાંઇ છે જ નહિ; પરન્તુ એ સ્વ. પુણ્યપુરુષના જીવનવહેણ સાથે જડએલલાક બની ગયેલું વાત્સલ્યનું વહેતું વહેણ તો કોઈ અનોખું જ હતું.

એ પુણ્યપુરુષના પરમ ઉપકારી ગુરૂદેવ પૂ. સદ્ધર્મસંરક્ષક, પ્રૌઢ પ્રતાપી, આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજા જલાલપુરમાં અન્તિમ અવસ્થાની બિમારી, અત્યન્ત પ્રશાન્ત ચિત્તે અને તે સાથે શાસનની શુભ ચિન્તાને વહતા રહીને, ભોગવી રહ્યા

હતા તે સમયે સુરતથી હું ત્યાં વારંવાર ગયેલો. પૂ. સ્વ. પુણ્યપુરુષ પણ પોતાના પરમ ઉપકારી ગુરૂદેવશ્રીની સેવામાં જ હતા. બન્નેય પુણ્યપુરૂષોનો મને એ પહેલ-વહેલો જ પરિચય હતો, પરન્તુ પ્રથમ પરિચયે જ એ પુણ્યપુરુષોના ગુણદર્શનથી મારા અન્તઃકરણનું જે આવર્જન થયું હતું, તેમાં પછીથી ઉમેરો જ થતો ગયો હતો. જીવન સમર્પણનું જાણે એક સુન્દર સ્થાન મળી ગયું, એમ મને તે વખતે લાગ્યું હતું અને એ પુણ્યપુરુષોએ પણ મને એજ સમયથી પોતાનો કરી લીધો હતો.

એ પરિચય વધતો ચાલ્યો. સ્વ. પુણ્યપુરૂષના ગુરૂદેવશ્રી જલાલપુરમાં સ્વર્ગવાસી થતાં, એ નિમિત્ત પરિચયને ખૂબજ સુદૃઢ બનાવનારૂં નીવડયું. એજ દિવસોમાં પરમ ઉપકારી શાસનને ચરણે ત્રિયોગનું સમર્પણ કરવાની ભાવના જોર કરવા લાગી અને એ માટે, જે પુણ્યપુરૂષના વાત્સલ્યના વહેતા વહેણુનો પરિચય કરાવવાને હું પ્રયત્નશીલ બન્યો છું, એ પુણ્યપુરૂષના શિષ્યભાવને સ્વીકારવાનો મેં નિર્ણય લીધો.

સ્વ. પુણ્યપુરૂષના વાત્સલ્યના વહેતા વહેણુનો મને મુનિજીવનમાં એટલો બધો વિશાળ અનુભવ થયો, મારે માટે અને અન્ય પૂ. સાધુ–સાધ્વી માટે તેમજ શ્રાવક–શ્રાવિકા માટે, કે જેનું યથાતથ્ય વર્ણન કરવું પણ મારે માટે અશકય જેવું છે. આમ છતાં પણ મારે એ વિષે કાંઇક કહેવું જ છે. એટલે ટૂંકમાં મારી કથની રજૂ કરૂં છું.

મુનિપણાના પાલનની તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ હું અનેકવિધ માનસિક નબળાઇ સાથે શારીરિક નબળાઈ અનુભવવા લાગ્યો. મને લાગ્યું કે–અનન્ત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ મુનિપણાના જેવા પાલનને ઉપદેશ્યું છે તેવું પાલન હું કાળાનુસાર પણ કરી શકું તેમ નથી. મને મારી આ નબળાઈનું ભાન થયું અને તે સાથે જ મને લાગ્યું કે–તો પછી મારે આ વેષમાં જીવવાની વંચના તો નહિ જ કરવી જોઇએ. મારૂં આ મનોમન્થન મેં મારા ગુરૂદેવ–સ્વ. પુણ્યપુરૂષને નિવેદિત કર્યું. તેઓશ્રીના વાત્સલ્યના વહેતા વહેણનો હું એટલો બધો અનુભવ કરતો આવ્યો હતો કે આવું પણ નિવેદન સરળભાવે તેઓશ્રી સમક્ષ કરતાં મેં જરાય સંકોચ અનુભવ્યો નહોતો અને મારો નિર્ણય હું તજી શકું તેમ નથી એ જાણ્યા પછી પણ એ પુણ્યપુરૂષનું વાત્સલ્યનું વહેતું વહેણ જોસથી વહેવા માંડયું હતું. મારી માનસિક નિર્બળતાઓને ખંખેરી નાંખવાને માટે અને શારીરિક નિર્બળતાઓના નિવારણાર્થે યથોચિત કરવાને માટે તેઓશ્રીએ ભારે પુરુષાર્થ કર્યો હતો. એ માટે એકાંતમાં વાત કરવી જરૂરી માનીને તેઓશ્રીએ પોતાના રાત્રિના આરામનો પણ ભોગ આપ્યો હતો. તેઓશ્રીનો અથાગ પુરૂષાર્થ છતાં હું મારા નિર્ણયને ફેરવી શકયો નહિ, ત્યારે એ વિષે મેં મારા એક મિત્ર ઉપર પત્ર લખ્યો. એ પત્ર પણ મેં એ પુણ્યપુરૂષને વંચાવીને તેઓશ્રીની જાણમાં જ ટપાલમાં રવાના કરેલો. કમનસીબે બન્યું એવું કે, એ પત્ર મારા મિત્ર પાસેથી, તેની જાણ બહાર જ, યુવક સંઘના એક ભાઈના હાથમાં ગયો. મારા મિત્રે જે પુસ્તકમાં એ પત્ર રાખેલો, તે પુસ્તક વાંચવાને એ ભાઇ મારા મિત્ર પાસેથી લઇ ગયા અને એમ એ પત્ર એમના હાથમાં આવતાં એમણે ઉચાપત કરીને મુંબઇ જૈન યુવક સંઘ ઉપર

મોકલી આપ્યો. મારા ગુરૂદેવ-સ્વ. પુણ્યપુરૂષનો જે શુભ દિને મુંબઇમાં પ્રવેશ હતો, તે દિવસે એ પત્રનો બ્લોક વચ્ચે છાપીને હેન્ડબીલો છપાવાયાં અને વહેંચાયાં. આવું બનવા છતાં પણ, એ પુણ્યપુરૂષના વાત્સલ્યનું વહેતું વહેણુ એવું ને એવું જ વહેતું રહ્યું. મારા નિમિત્તે તેઓશ્રીની ફજેતી કરાઇ, એ વિષે તેઓશ્રીએ કદી લેશમાત્રેય દુઃખ વ્યક્ત કર્યું નહિ. એ પછી મેં વેષ ત્યાગની તૈયારી કરવા માંડી એય તેઓશ્રીને જણાવીને અને જે દિવસે વેષ ત્યાગ કર્યો તે દિવસે પણ તેઓશ્રીની સેવામાં મેં નિવેદન કરેલું જ! એ વખતે પણ તેઓશ્રીના વાત્સલ્યનું વહેતું વહેણુ નિરાબાધપણે વહ્યે જ જતું હતું. વેષ ત્યાગ કર્યા બાદ પણ જ્યારે એ પુણ્યપુરૂષની પાસે હું પહેલવહેલો ગયો ત્યારે પણ તેઓશ્રીએ મને પોતાના વત્સલભાવમાં જ નવડાવ્યો હતો. એ વાતને વર્ષો વીતી ગયાં, પણ તેઓશ્રીના જીવનના અન્ત પર્યન્ત તેઓશ્રીએ મને વાત્સલ્યના વહેતાં વહેણુનો જ અનુભવ કરાવ્યો હતો. તેઓશ્રી મુંબઇમાં જ્યારે અન્તિમ અવસ્થાની સમીપે પહોંચાડનારી ઉથલા ખાતી બિમારી ભોગવી રહ્યા હતા, ત્યારે પણ બે વાર હું મુંબઇ ગયેલો અને એ વખતે પણ તેઓશ્રીના વાત્સલ્યનું એ વહેતું વહેણુ મેં નિહાળેલું અને અનુભવેલું.

સ્વ. પુણ્યપુરુષના વાત્સલ્યના વહેતા વહેણુનો અનુભવ માત્ર મને જ થયો છે એવું નથી. તેઓશ્રીના સર્વ શિષ્યોપ્રશિષ્યોને અને તેઓશ્રીની આજ્ઞાવર્તી સાધ્વીજીઓને પણ વારે વારે અને ભિન્ન ભિન્ન પ્રસંગોએ તો ખાસ કરીને તેઓશ્રીના વાત્સલ્યના વહેતા વહેણુનો અનુભવ થયો છે. અન્ય સમુદાયનાં પણ સંખ્યાબંધ સાધુ-સાધ્વીએ એ સ્વ. પુણ્યપુરુષના વાત્સલ્યના વહેતા વહેણુને અનુભવ્યું છે. એ બધાના પ્રસંગોને આલેખી શકાય નહિ. એમાં ઔચિત્યનો ભંગ થાય અને અનર્થ કરવાની વૃત્તિવાળાઓને દુરૂપયોગ કરવાનું સાધન મળે. એટલા માટે જ હું કોઇના પણ વ્યક્તિગત પ્રસંગોને ટાંકતો નથી. બાકી પુણ્યપુરુષના શિષ્ય-પ્રશિષ્યાદિ અને એ પુણ્યપુરુષનાં આજ્ઞાવર્તી સાધ્વીજીઓ, એ પુણ્યપુરુષે દરેક સારા-નરસા પ્રસંગે જે વાત્સલ્યના વહેતા વહેણુનો અનુભવ કરાવ્યો છે. તેને કદી પણ વિસરી શકે તેમ નથી. અત્રે એ નોંધવું જોઇએ કે સ્વ. પુણ્યપુરુષનું વાત્સલ્ય વ્યક્તિગત સંબંધે જ નહિ હતું. પણ એમાં શાસન ઉપરના તેઓશ્રીના દૃઢ પ્રેમનું પરિબળ હતું. આથી જ, એ પુણ્યપુરુષના વાત્સલભાવનો અનુભવ કરનારાઓમાંના એક પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના સંબંધે તેઓશ્રી વારંવાર મુક્ત મને કહેતા અને લખતા કે અમારી વચ્ચે અંગાંગીભાવ પ્રગટેલો છે અને વિકસેલો છે. પોતાના અંગની આબાદીમાં અંગપ્રેમી જેવો આનંદ અનુભવે, એથી પણ અધિક આનન્દ પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની આબાદીમાં એ સ્વ. પુણ્યપુરુષ અનુભવતા હતા.

સ્વ. પુણ્યપુરુષના વાત્સલ્યના વહેતા વહેણુથી શ્રાવક શ્રાવિકાઓ અને પરિચયમાં આવનારા ઇતરો પણ બકાત રહ્યા નહોતા જે ચીજ જેમના સ્વભાવમાં જ વણાઇ ગયેલી હોય, તે ચીજનો અનુભવ પરિચયમાં આવનાર સૌ કોઇને થાય તે સ્વાભાવિક

છે. એક ધર્માચાર્યને છાજે એવી રીતિએ શ્રાવક–શ્રાવિકાઓના આત્મહિતની ચિન્તા પણ સ્વ. મહાપુરુષ કરતા અને કોઇ પણ શ્રાવક–શ્રાવિકા આદિ તરફથી ધર્મહિતાર્થે સહાયક બનવાની વિનંતિ આવે, તો પોતાને કેટલી તકલીફ વેઠવી પડશે એની ગણતરી કર્યા વિના તેઓશ્રી એ વિનંતિને યથાશક્ય સ્વીકારતા. મેં તો એવા પ્રસંગોય જોયા છે કે કોઈ આચાર્યાદિ તરફથી આપણને અપમાનજનક લાગે તેવું વર્તન પણ તેઓશ્રી પ્રત્યે આચારાયું હોય, છતાં પણ એ વ્યક્તિ પ્રત્યેય એ સ્વ. પુણ્યપુરુષનું વાત્સલ્યનું વહેતું વહેણુ વહેતું જ રહ્યું હોય.

આમ ચતુર્વિધ શ્રી સંઘ પ્રત્યેના એ સ્વ. પુણ્યપુરુષના વાત્સલ્યના વહેતા વહેણને મેં ડગલે ને પગલે જોયું છે અને બહુ ગંવાયેલા તિથિચર્ચાના પ્રશ્ન અંગે પણ શ્રીસંઘ પ્રત્યેના વાત્સલ્યનું વહેણ તેઓશ્રીએ જીવનના અન્ત પર્યન્ત વહેતું રાખ્યું હતું. વિ. સં. ૧૯૯૨માં ચણ્ડાંશુચણ્ડૂ પંચાંગમાં ભાદરવા સુદી પાંચમ બે આવતાં, કેટલાકોએ બે ચોથ જાહેર કરીને, ઉદયાત્ ભાદરવા સુદિ ચોથે શ્રી સંવત્સરી નહિ કરતાં, ઉદયાત્ ભાદરવા સુદિ પહેલી પાંચમે સંવત્સરી કરવાની જાહેરાત કરી, ત્યારે શ્રીસંઘ પ્રત્યેના વાત્સલ્યથીજ પ્રેરાઇને શાસ્ત્રાજ્ઞા, શાસ્ત્રમાન્ય પરમ્પરાના આધારે તેઓશ્રીએ ઉદયાત્ ભાદરવા સુદિ ચોથે શ્રી સંવત્સરી કરવાની જાહેરાત કરી હતી અને આજ્ઞા ફરમાવી હતી.

આ પછી તો શ્રીસંઘમાં તિથિદિન અને પર્વારાધન સંબંધી મન્તવ્યભેદે ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું અને એથી શ્રીસંઘમાં અનેકવિધ વિક્ષેપો પ્રાદુર્ભૂત થતા ગયા. સ્વ. પુણ્યપુરુષ જેવા શ્રીસંઘ વત્સલથી આ કેમ સહાય? તેઓશ્રી મનમાં ભારે ચિન્તા સેવવા લાગ્યા. શાસ્ત્રશુદ્ધ અને પરમ્પરા શુદ્ધ માર્ગનો ત્યાગ કરવામાંય શ્રીસંઘનું વાત્સલ્ય ઘવાતું હતું અને શ્રીસંઘ અસમાધિ ભોગવે એ પણ એ પુણ્યપુરુષના વાત્સલભાવથી સહાતું નહોતું. આથી જ્યારે જ્યારે તક સાંપડી ત્યારે ત્યારે આ પ્રશ્નનું કોઈ પણ વ્યાજબી શાસ્ત્રીય પદ્ધતિએ નિરાકરણ થાય અને શ્રીસંઘ આ પ્રશ્નને અંગેના વિક્ષેપોથી મુક્ત બને એ ધ્યેયથી તેઓશ્રીએ શક્ય પ્રયત્નો કર્યા કર્યા હતા.

બીજી વારના વિ. સં. ૨૦૧૪ ના સાધુસમ્મેલનમાં હાજરી આપવાનો નિર્ણય પણ તેઓશ્રીએ આજ હેતુથી કર્યો હતો. સાધુસમ્મેલનમાં હાજરી આપવાને માટે તેઓશ્રી અમદાવાદ આવી રહ્યા હતા અને પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા પણ અમદાવાદ એ માટે જ આવી રહ્યા હતા. માર્ગે, શ્રી માતરતીર્થમાં એ અંગ અને અંગી પુણ્યપુરુષો જ્યારે મળ્યા, ત્યારે અમદાવાદમાં મળનારા સાધુસમ્મેલનમાં આ પ્રશ્નનું નિરાકરણ કેમ લાવવું, તેનો માર્ગ શોધવા માંડયો. શાસ્ત્રાજ્ઞા આદિનો સૌ વિચાર કરે અને એ વિચારણાને અન્તે સૌ એક જ નિર્ણય ઉપર આવે તો સારૂં, પણ ભવિતવ્યતાવશ તેમ ન બને તો શું કરવું, એ વિષે તે બન્નેય પુણ્યપુરુષોએ વિવિધ વિચારણા કરી. એમાં તેઓએ એવો નિર્ણય કર્યો કે–શાસ્ત્રાજ્ઞા આદિનો વિચાર કર્યા બાદ સર્વસમ્મત નિર્ણય ન થઇ શકે તો આપણે એમ સૂચવવું કે–ક્ષયે પૂર્વા તિથિઃકાર્યા (ગ્રાહ્યા) અને વૃદ્ધૌ કાર્યા (ગ્રાહ્યા)

તથત્તોરા આ બેના અર્થને આશ્રિત મન્તવ્ય-ભેદ છે, પણ આપણે પરસ્પરને પોતપોતાનો કરેલો અર્થ સમજાવી શકતા નથી; માટે આપણે હાલ તત્ત્વ કેવલિગમ્ય રાખીને બન્નેય જુદા જુદા અર્થો ઉભા રહે તેવી આચરણા કરવાનું નક્કી કરો! અર્થાત્ એક પક્ષ ક્ષયે પૂર્વા....નો જે અર્થ કરે છે તે મુજબ આચરણા નક્કી કરી આપે અને બીજો પક્ષ વૃદ્ધૌ કાર્યા....નો જે અર્થ કરે છે તે મુજબ આચરણા નક્કી કરી આપે આમ જે આચરણા નક્કી થાય તે બન્નેય પક્ષે હવેથી આચરવી અને તેને સકલ શ્રીસંઘની આચરણા માનવી અને કહેવી. આ બાબતનો સૌની સહીથી એક પટ્ટક તૈયાર કરવો આમ કરવાથી, શાસ્ત્રીય રીતિએ નિર્ણય કર્યો ઠરે, કોઇ સાચું-ખોટું ઠરે નહિ અને આ પ્રશ્ન અંગે શ્રીસંઘમાં જે અસમાધિભાવ પ્રગટયો છે તે દૂર થઈ જવા પામે. શ્રી માતર તીર્થમાં આવો નિર્ણય કર્યા પછીથી જ એ પુણ્યપુરુષોએ અમદાવાદ તરફ વિહાર લંબાવ્યો હતો અને તેઓશ્રીના મનમાં એમ જ હતું કે છેવટ આવી યોજના અપનાવીને પણ શ્રીસંઘને આ પ્રશ્નના વાવંટોળથી મુક્ત બનાવી શકાશે. પરન્તુ સાધુસમ્મેલનમાં સામા પક્ષે તો બાર તિથિની ક્ષય-વૃદ્ધિની વિચારણા કરવાની વાતને પણ આગ્રહપૂર્વક નકારી કાઢી અને એથી એ સાધુસમ્મેલનનું જે કમનસીબ અને કરૂણ પરિણામ આવ્યું તે સૌ જાણે છે.

બીજા સાધુસમ્મેલનમાં કોઈ નિર્ણય નહિ થવાથી પણ સ્વ. પુણ્યપુરુષને ભારે આઘાત લાગ્યો અને તેઓશ્રીએ એજ વર્ષમાં એક સત્તાવાર જાહેરાત કરી, કે જે વાંચીને જો સામો પક્ષ સમાધાન માટે હાથ લંબાવે, તો ફરીથી પણ પ્રયત્ન થાય અને તિથિદિન અને પર્વારાધન સંબંધી પ્રશ્નનું નિરાકરણ આવી જવા પામે. સ્વ. પુણ્યપુરુષનો આ પ્રયત્નેય કારગત થયો નહિ.

આ પછી, તેઓશ્રી જ્યારે અન્તિમ અવસ્થા તરફ ખેંચી જનારી માંદગી ભોગવી રહ્યા હતા, ત્યારે પણ તેઓશ્રીએ એક નિવેદન તૈયાર કરાવ્યું અને તે જાહેર કરવાનો નિર્ણય કર્યો; પણ કેટલાકોને તે કવખતનું લાગ્યું અને એથી એ નિવેદન જાહેરની જાણમાં આવ્યું નહિ.

છેવટે તેઓશ્રીએ મુંબઈ લાલબાગમાં પોતાના જે શિષ્ય-પ્રશિષ્યો હતા, તેમની સાથે ખમતખામણાં કરતી વેળાએ પણ આ પ્રશ્ન છેડયો અને સમાધાનમાં છેવટમાં છેવટ કયાં સુધી જવું એ જણાવ્યું અને જો કોઇ પણ નિર્ણય સર્વસમ્મતિથી થતો હોય તો તેમાં મજકુર સૂચનને આડે નહિ લાવવું એમેય જણાવ્યું.

આ ઉપરથી વાંચકોને ખ્યાલ આવશે કે સ્વ. પુણ્યપુરુષના અન્તઃકરણમાં શ્રીસંઘ પ્રત્યેના વાત્સલ્યનું પણ કેવું વહેણ વહી રહ્યું હતું, સ્વ. પુણ્યપુરુષ જે જે ગામોમાં જતા, ત્યાં ત્યાં પણ જો કાંઈ કલેશકારી હોય તો તેને નાબૂદ કરવાનો યથાશકય પ્રયત્ન કર્યા વિના રહેતા નહિ. એટલે, સ્વ. પુણ્યપુરુષના વાત્સલ્યનું વહેતું વહેણ, એ એક આપણ સૌ માટે મોટામાં મોટું અને મીઠામાં મીઠું સંભારણું છે. મને તો લાગે છે કે એ પુણ્યપુરુષ જ્યાં હશે ત્યાંથી પણ આપણા ઉપર આશીર્વાદની વૃષ્ટિજ વરસાવતા હશે.

# જય હો! વાત્સલ્ય મૂર્તિ પૂ. સુરિદેવશ્રીનો !

પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

પૂ. પાદ સમર્થ શાસનપ્રભાવક ધર્મધુરંધર આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનાં જીવનમાં રહેલા અપૂર્વ વાત્સલ્યભાવ, અમીત ઔદાર્ય, ક્ષમા, સરલતા, નિખાલસ દિલ, મૈત્રી, પ્રમોદ તથા કરુણા અને મધ્યસ્થ ભાવનાં નિર્મલ ઝરણાં ઇત્યાદિ, ગુણગણને દર્શાવતા આ લેખમાં લેખક, પૂ. મહારાજશ્રીના પોતાના જીવનનાં તેઓ શ્રીમદના પરિચયના મધુર સંસ્મરણો રજુ કરે છે. સર્વ કોઇને પૂ. સૂરીશ્વરજીના અદ્ભુત વ્યકિતત્વની તથા મહત્તાની ઓળખ આપનારો આ લેખ પૂ. પાદ સૂરીશ્વરજીની ગુણાનુરાગી પ્રકૃતિની પિછાણ કરાવે છે.

⊙

વિ. સં. ૧૯૮૪ની સાલની વાત છે. જલાલપુર મુકામે પહેલ-વહેલાં મને પૂ. પાદ સૂરિદેવશ્રીનાં પુણ્ય દર્શન થયાં. તે વેળા મારી વય લગભગ ૧૨ વર્ષની હતી. દીક્ષા ગ્રહણ કરે મને ફકત તે સમયે સાત મહિના થયેલા. પૂ પાદ સદ્ધર્મરક્ષક નિઃસ્પૃહ ચૂડામણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીની મૂર્તિનો પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ રહ્યો હતો. મારા પૂ. પાદ પરમગુરૂદેવોની સાથે તેઓશ્રીની શુભ નિશ્રામાં ખંભાતથી વિહાર કરીને તે દરમ્યાન હું આવેલ.

પૂ. પાદ સૂરિદેવશ્રીની ભવ્ય સુપ્રસન્ન મુખમુદ્રા, તેજસ્વી વિશાળ લલાટ, સૌમ્ય શાંત મુખાકૃતિ, ભવ્ય તથા પડછંદ પ્રતિભા પાડે તેવું સુંદર ગૌરવર્ણું શરીર અને મેઘગર્જસ્વ જેવી ધીર ગંભીર બુલંદ વાણી. આ બધી પૂ. પાદ સૂરિદેવશ્રીના વ્યકિતત્વની વિશિષ્ટતા એ મારા બાલ હૃદય પર તે વેળા કોઈ અવર્ણનીય પ્રભાવ પાડયો હતો, કે જેનું વર્ણન કરવાને આજે પણ મારી પાસે શબ્દો નથી. પૂ. પાદ વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનાં એ પ્રથમ દર્શને મારા જીવનમાં તેવી છાપ પાડી, કે જેના યોગે છેલ્લી ક્ષણ સુધી તેમના પ્રત્યે સદ્ભાવ દિનપ્રતિદિન વધતો જ રહ્યો.

બાર વર્ષની વયના મારા જેવા બાળ સાધુ સાથે પણ તેઓશ્રી પ્રેમપૂર્વક સ્નેહાર્દ્ર હૃદયે વાતો કરતા: શિખામણો આપતા, ને જીવનના ઉત્કર્ષ માટે પ્રેરણા આપતાઃ સામાન્યમાં સામાન્ય માનવ પ્રત્યે પણ તેઓશ્રીનું હૃદય વાત્સલ્ય ભાવે પ્રેમાળ રહેતું. ગમે તેવી પરિસ્થિતિમાં આપણે તેમની પાસે ગયા હોઇએ તો પણ તેઓશ્રી કદિ અકડડ કે અતડા આપણને જણાય નહિ. સાધુ ચરિત પૂ સૂરિદેવશ્રીએ આજથી ૩૪ વર્ષ પહેલાં મારા જીવનમાં જે અમીભરી દયાવૃષ્ટિ કરેલી, તેથી આજે પણ એ પ્રસંગ યાદ આવતા મારો આત્મા કૃતકૃત્યતા અનુભવે છે.

ત્યાર બાદ વિ. સં. ૧૯૮૮ માં ખંભાત મુકામે તેઓશ્રીનાં પુણ્ય દર્શન થયા, તેઓશ્રીએ તે જ કૃપાર્દ્ર દષ્ટિએ મને નવાજયો, હું ધન્ય બની ગયો. મને અનેક પ્રસંગોએ તેઓશ્રીએ મારા ઉત્કર્ષ માટે શિક્ષા વચનો કહ્યાં છે, જે પ્રસંગો યાદ આવતાં આજે પણ મારો આત્મા પ્રસન્નતાથી નાચી ઉઠે છે. શું પોતાના કે શું પારકા?

સર્વ કોઈ પ્રત્યે તેઓશ્રીની દૃષ્ટિ અમીભરી રહેતી. તેઓશ્રીનો આત્મા કરૂણાના તરંગોથી તરબોળ રહેતો. તેઓશ્રીનાં હૃદયમાં નિખાલસતા તથા નિર્મળતા કોઈ અદ્ભુત હતી. જ્ઞાનના મહાસાગર તેઓશ્રી જેટલા ગંભીર હતા એટલા જ સરળ હતા. નિરભિમાન તેઓશ્રીની પ્રકૃતિમાં તાણા-વાણાની જેમ વણાઇને રહ્યું હતું. છતાં તેઓશ્રી પ્રખર સિદ્ધાંતનિષ્ઠ હતા.

વિ. સં. ૧૯૮૯ માં વડોદરા ખાતે પૂ. પરમગુરૂદેવોની શુભનિશ્રામાં વિહાર કરતા જ્યારે હું પહોંચ્યો, ત્યારે પૂ. પાદ સૂરિદેવશ્રીનાં પુણ્ય દર્શન ફરી મને થયેલ. વર્ષોના વર્ષો વહી જવા છતાં તેઓશ્રીનું હૃદય એટલું જ વાત્સલ્યપૂર્ણ અને પ્રેમાળ હતું. મારા ઉત્કર્ષ માટે તેઓશ્રીને રસ હતો. ને તેઓશ્રી કોઇપણ અવસરે મને પાસે બેસાડિને શાંત મધુર સ્વરે શિખામણ આપતા. વિ. સં. ૧૯૯૦ માં તેઓશ્રી અમદાવાદ ખાતે રાજનગર શ્રમણ સંમેલન સમયે પધાર્યા, ત્યારે તેઓશ્રીનાં પુણ્યદર્શન મને ફરી થયા. એજ અમીદષ્ટિ એજ પ્રેમાળ વાર્તાલાપઃ ને એજ સહૃદય સરળતા.

તેઓશ્રીનો સિદ્ધાંત પ્રેમ, શાસન રાગ તથા વડિલ પ્રત્યેનો પૂર્ણ વિનય ઇત્યાદિનું તે સમયે મને દર્શન થયું. મારા પરમોપકારી પરમગુરૂદેવ ગચ્છાધિપતિ સકલાગમ રહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ, પૂ. પાદ સૂરિદેવશ્રીના વડિલ હતા, પૂ. સૂરિદેવશ્રીએ મુનિસંમેલનમાં તેઓશ્રી પ્રત્યેનો પોતાનો આજ્ઞાંકિતભાવ પરમવિનેયની જેમ દર્શાવેલ, જે તેઓશ્રીમાં રહેલ પોતાના વડિલ પ્રત્યેનો સહજ બહુમાનભાવ વ્યકત કરતો હતો.

પૂ. સૂરિદેવશ્રીનું વ્યકિતત્વ જેમ અસાધારણ હતું, તે રીતે તેઓશ્રીની ક્ષમા, ઔદાર્ય, સરલતા, સ્ફટિકસમ ખેલદિલી, નિરભિમાનિતા ઈત્યાદિ ગુણો પણ અસાધારણ હતા. તેઓશ્રીમાં મૈત્રીભાવનાનો નિર્મળ ગંગાપ્રવાહ નિરંતર વહેતો હતો. અજાતશત્રુ તેઓશ્રીને કોઈના પ્રત્યે રોષ, દ્વેષ, વૈમનસ્ય કે વૈરવિરોધનો ડંખ મારા જાણવામાં આવેલ નથી. સાથે ન્હાનામાં ન્હાની વ્યક્તિના સુયોગ્ય ગુણો પ્રત્યે તેઓશ્રી પરમ પ્રમોદ અનુભવતા હતા. મને યાદ છે કે, વિ. સં. ૧૯૯૫ની સાલમાં પૂ. પાદ પરમગુરૂદેવોની આજ્ઞાનુસાર મારૂં ચાતુર્માસ મુંબઇ-લાલબાગ જૈન ઉપાશ્રયમાં હતું, મારી વય તે વખતે લગભગ ૨૩ વર્ષની હશે, મેં છઠ્ઠના પારણે છઠ્ઠથી તે વર્ષે વર્ષીતપ શરૂ કરેલો. મુંબઈ જેવા શહેરમાં, લાલબાગની પાટ તથા ત્યાંની ધર્મપ્રવૃત્તિઓની જવાબદારી સ્વીકારી, અન્યાન્ય અનેકવિધ વાંચવા, વંચાવવા પઠન-પાઠનાદિની પ્રવૃત્તિઓમાં રહેવું, તે પૂ. પાદ પરમ દયાલુ પરમગુરૂદેવની પુણ્યકૃપાથી એ બધાયના ભારને હું પ્રસન્ન દિલે ઉપાડી શકતો. ને ચાતુર્માસમાં જે કાંઈ આરાધના આદિ થયેલ, તેના સમાચાર પૂ. સૂરિદેવશ્રી રાજસ્થાન બાજુ વિહારમાં હતા ત્યાં મલતા. મુંબઇ ચોરાથી બંદરનો વાવટો, એટલે મુંબઈમાં વ્યાપારાર્થે વસતા જૈન ભાઇઓ રાજસ્થાનમાં જતા, ત્યાં પાલી મુકામે તેઓશ્રીનું ચાતુર્માસ હતું, તેઓશ્રીમદ્‌ને અતિશયોક્તિપૂર્વક પણ લાલબાગ-મુંબઇ ખાતે થતી ધર્મારાધનાના સમાચારો આવતા, તે સાંભળતાં પૂ. પાદ સૂરિદેવશ્રી અતિશય આનંદ પામતા, પરમ પ્રમોદ અનુભવતા, ને ખુબ ખુબ પ્રસન્નતા પૂર્વક સમાચારો લઇ આવનારને વધાવતાઃ મારા પરના તેઓશ્રીમદ્‌ના પત્રો આવતાં તેમાં પણ તેઓશ્રી મને એજ હકીકતનો ઉલ્લેખ કરતા કે 'ત્યાંની આરાધના વ્યાખ્યાન-વાણી તથા તપશ્ચર્યાના સમાચારથી ખૂબ આનંદ થાય છે,' તેઓશ્રી વારંવાર મને જણાવતા કે, 'જલાલપુર મુકામે જે આશિષ આપેલ તે ફલીભૂત થતી જાય છે જાણી ખૂબ આનંદ.'

ક્યાં તેઓશ્રી જેવા મહાન સમર્થ શાસન-

પ્રભાવક ધર્મધુરંધર સૂરીશ્વરજી ને કયાં મારા જેવો સામાન્ય સાધુ ? છતાં ન્હાની વ્યકિતના પણ શાસન પ્રત્યેની ભકિત તથા આરાધના ઈત્યાદિ જૂએ, સાંભળે કે તેઓશ્રી હૃદયના નિખાલસ ભાવે પ્રસન્નતાપૂર્વક તેની અનુમોદના-પ્રશંસા કરતાં સ્હેજ પણ સંકોચ કે ક્ષોભ અનુભવતા ન હતા.

વિ. સં. ૨૦૦૦ નો આ પ્રસંગ છે. ભાવનગરથી પ્રગટ થતાં એક માસિકમાં પૂ. પાદ સૂરિદેવશ્રીના 'તત્ત્વન્યાયવિભાકર' સર્વોપરી ગ્રંથ ઉપર એક ભાઇએ વિકૃત સમાલોચના લખેલી હશે. પૂ. પાદશ્રીએ મને યાદ કરીને તે સમાલોચનાનું પાનું મોકલ્યું, મને લાગ્યું કે, આ સમાલોચના પૂ. પાદશ્રીના અનુપમ ગ્રંથરત્નની અવહીલના કરનારી છે, એટલે પૂ. પાદશ્રીના ગ્રન્થરત્નનો મેં અભ્યાસ કર્યો; તેનું મનન કર્યું, ને તે સમાલોચના ઉપર લગભગ ૪ ફર્મા જેટલું અવલોકન મેં લખ્યું; તે લખીને તેનું પરિમાર્જન-સંશોધન કરવા તેઓ શ્રીમદ્ ઉપર મોકલાવ્યું, મારૂં લખાણ તેઓશ્રીએ અક્ષરશઃ વાંચ્યું; તેઓશ્રી ખૂબ પ્રસન્ન થયા. મારા પરના પત્રમાં તેઓશ્રીએ મને ફરમાવ્યું કે 'ખરેખર અવલોકન સચોટ તથા મારા ગ્રન્થનું મહત્ત્વ યથાર્થ રીતે દર્શાવે છે' ત્યાર બાદ તેઓશ્રીએ મને મારા પ્રયત્ન માટે ખૂબ આશિર્વાદ ને પોતાની પ્રસન્નતા મારા જેવા સામાન્ય સાધુ ઉપર પાઠવીને મને ધન્ય બનાવ્યો.

વિ. સં. ૧૯૯૦ના મુનિસંમેલન પછી તેઓશ્રીનાં પુનિતદર્શનને પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય હું નહતો પામી શકયો તે કારણે વિ. સ. ૨૦૦૦નું ચાતુર્માસ જામનગરમાં કરીને અમદાવાદ પૂ. પાદ ગચ્છાધિપતિ પરમગુરુદેવશ્રીની છત્રછાયામાં જવા મેં જામનગરથી વિહાર કર્યો, ત્યારે પૂ. પાદ સૂરિદેવશ્રીનાં પુણ્યદર્શનની શુભ અભિલાષાથી હું ખંભાત આવ્યો. પૂ પાદ પરોપકારી સૂરિદેવશ્રી સપરિવાર વિ. સં ૨૦૦૧ના પોષ મહિનામાં ખંભાત ખાતે બિરાજમાન હતા. દશ વર્ષ બાદ મને તેઓશ્રીના પુણ્યદર્શનનો મહામૂલ્ય લાભ મલ્યો. મારો આત્મા આનંદ વિભોર બન્યો. મારાં હૈયામાં હર્ષ માતો ન હતો. પૂ. પાદ સૂરિદેવશ્રીએ એટલા જ આનંદના ઉમળકાભેર મને પોતાની વાત્સલ્યભરી અમીદષ્ટિથી નિહાળ્યો, ને અમૃતના ઉદ્‌ગારોથી 'કેમ શાતા છે ને ?' એ રીતે મને શાતા પૂછી. તેઓશ્રીના હૈયામાં તેવો જ પ્રેમાળ ભાવ તેવી જ સ્નેહાર્દ્ર મમતા અને તેવો જ પ્રમોદ દશ વર્ષ બાદ મલવા છતાં જોઇ જાણી મારો આત્મા વધુ પ્રસન્નતાને પામ્યો.

પોતે દરરોજ વ્યાખ્યાનની પાટ પર વ્યાખ્યાન વાંચતા હતા, છતાં મને આદેશ કરીને આજ્ઞા કરીને વ્યાખ્યાનપાટ પર બેસવા કહ્યું. કેટકેટલા સંકોચ, સંક્ષોભ તથા ગ્લાનિપૂર્વક મારે તેઓ શ્રીમદ્‌ની આજ્ઞાને માથે ચઢાવીને બેસવું પડયું. ખરેખર તેઓશ્રીમાં પ્રમોદભાવની પરાકાષ્ઠા હતી. આ જ રીતે કરુણાભાવ તો તેઓશ્રીમાં અનહદ હતો. સંસારીજનો કે આશ્રિત જનો સર્વ કોઇના હિત પ્રત્યે, તેઓશ્રી અતિશય જાગ્રત હતા. ગુણાનુરાગની જેમ સ્હામાના દોષો પ્રત્યે તેઓ ઔદાસિન્યભાવ રાખતા. યોગ્ય વ્યક્તિને મધુર, સ્નિગ્ધ તથા કરૂણાપૂર્ણ વાણીથી પ્રેરણા કરતા, ને જ્યારે કોઇપણ વ્યક્તિના દોષો ઉપેક્ષણીય બની જતા કે વ્યક્તિ સુધારણાને અપાત્ર જણાતી ત્યારે તેઓશ્રીમદ્ પરમ ઉદાસીન ભાવને ધારણ કરી લેતા.

તેઓશ્રી સતત સ્વાધ્યાયશીલ રહેતા. પ્રમાદ, વિકથા કે નિંદા તેઓશ્રીનાં જીવનને સ્પર્શતી નહતી. અડગપણે સંયમની સાધનાના સતત સાધક તેઓશ્રી ખરેખર મહાન પુરુષ હતા. સહિષ્ણુતા તથા ગંભીરતા તેઓશ્રીમાં કોઇ અનુપમ તથા અદ્વિતીય હતી. છેલ્લા કેટલાયે વર્ષોથી વ્યાધિ એક પછી એક વધતી હોવા છતાં દેહ પર મમત્વ કે વ્યાધિથી વ્યગ્રપણું તેઓશ્રીમાં

જણાતું ન હતું. શરીર કથળતું હતું, છતાં આત્માની પ્રસન્નતા તો ઓર જ રહેતી.

વિ. સં. ૨૦૦૧ પછી, ૨૦૦૩માં મુંબઈ બાજુ વિહાર કરતાં અમને તેઓશ્રીનાં દર્શન બોઈસર મુકામે થયેલાં; તેઓશ્રી વિ. સ. ૨૦૦૧ ૨૦૦૨ એ રીતે બે ચાતુર્માસ મુંબઈ ખાતે કરી ગુજરાત બાજુ પધારી રહ્યા હતા, અમને તેઓશ્રીનાં પુણ્યદર્શનનો આમ અચાનક અમૂલ્યલાભ મલી ગયો તે વેળા પૂ પાદશ્રીને પગે ઢીંચણ પર વા હતો છતાં મુખની પ્રસન્નતા, ચિત્તની સ્વસ્થતા તેઓશ્રીમાં કોઈ અનન્ય હતી. ગમે તેવી ગંભીર માંદગીમાં તેઓશ્રીએ વ્યગ્રતા, ઉકળાટ, રોષ કે અકળામણ દર્શાવ્યા નથી. જ્ઞાનની પરિણતિ, સમતાભાવ તથા આત્મ રમણતા તેઓના જીવનમાં સ્વાભાવિક રીતે રહેલા હતા.

ત્યારબાદ તેઓશ્રી વાપીનું ચાતુર્માસ પૂર્ણ કરી, મુંબઈ થઈ પુના ખાતે પ્રતિષ્ઠા પ્રસંગે પધારવાના હતા; અમે મુંબઈથી વિહાર કરી ગુજરાત બાજુ જઈ રહ્યા હતા, સંજાણમાં તેઓશ્રીનાં પુણ્યદર્શનનો અણમોલ લાભ મને મલ્યો. તેઓશ્રીની શાંત સૌમ્ય મુખમુદ્રાનાં દર્શન કરી, જીવનનો અલભ્ય લાભ મેળવ્યો. ગમે ત્યારે ગમે તે સ્થિતિમાં તેઓશ્રી આત્મ રમણતા તથા સ્વાધ્યાય નિષ્ઠામાં જ રમતા વિચરતા હોય; તેઓશ્રીને દુનિયાની બાહ્ય પ્રવૃત્તિમાં રસ નહતો. એકાંત આત્મધ્યાનમાં સદા મસ્ત તેઓશ્રી નિરપેક્ષ યોગી પુરુષ હતા.

તેઓશ્રીએ ન્હાની વયમાં દીક્ષા ગ્રહણ કરી, પૂ. પાદ નિઃસ્પૃહશિરોમણિ આચાર્યદેવ શ્રીમદ વિજયકમલસૂરીશ્વરજી મહારાજની મંગલમયી શીતલ છાયાને આજીવન સેવી છે. જ્ઞાનાભ્યાસ સાથે સંયમી જીવનની સાધના, ઉગ્રવિહાર અને જૈનશાસનની પ્રભાવના ઈત્યાદિ દ્વારા નિજનાં જીવનને તેઓશ્રીએ અજવાળીને ખૂબ ખૂબ રીતે ચતુર્વિધસંઘ પર તેઓશ્રીએ ઉપકારોની અમીવૃષ્ટિ કરી છે.

પંજાબ, મુલતાન, પૂર્વદેશ, ઉત્તરદેશ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, ગુજરાત ઈત્યાદિ દેશ-પ્રદેશ પર વિચરીને તેઓશ્રીએ સંઘ, સમાજ અને દેશ પર મહાન ઉપકારો કર્યા છે.

વિ. સં ૨૦૧૪ના તેઓશ્રીનાં પુણ્યદર્શન બોરસદ મુકામે મહા વદિમાં થયા, ત્યારે તેઓશ્રીની શરીરપ્રકૃતિ તાજેતરમાં છાણી મુકામે ગંભીર માંદગીમાંથી પસાર થયેલી હોવાથી નરમ હતી, છતાં તેઓશ્રીના આત્માનો અદમ્ય ઉત્સાહ અવર્ણનીય હતો. આંખે ઓછું દેખાતું હોવા છતાં ઉત્તરાધ્યયનસૂત્રની ગાથાઓનાં સ્વાધ્યાય, તેમજ નવી નવી ગાથાઓનું, શ્લોકોનું સર્જન તેઓશ્રી અપ્રમત્તભાવે કરતા રહેતા. તેઓશ્રીનો સાહિત્યરસિક અને સ્વાધ્યાય પ્રેમી આત્મા ગમે તેવી પ્રવૃત્તિઓમાં પણ પોતાનો પ્રિય વિષય કેમે મૂકી શકે તેમ નહતું.

ત્યારબાદ તેઓશ્રીનું તે ચાતુર્માસ (૨૦૧૪નું) અમદાવાદ ખાતે થયું, મારૂં તે ચાતુર્માસ પૂ. પાદ પરમગુરુદેવ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીમદ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાથી મુંબઈ-લાલબાગ ખાતે થયું.તે ચાતુર્માસમાં મારી શારીરિક પ્રકૃતિ અસ્વસ્થ થયેલી. તે દરમ્યાન પણ પૂ. પાદ સૂરીશ્વરજીનો શાંત્વન તથા સમાધિપ્રેરક સંદેશો મારા પર આવતો હતો. મુંબઈથી વિહાર કરી વાપી, વલસાડ થઈ અમે નવસારીમાં ૨૦૧૫ના ફાગણ વદિમાં આવ્યાં, ત્યારે તેઓશ્રી સુરતથી વિહાર કરી જલાલપુર પધારતાં તેઓ શ્રીમદ્‌નાં પુણ્યદર્શનનો અંતિમલાભ મને પ્રાપ્ત થયો. તેઓશ્રીમદનું પ્રેમાળ હૃદય, સ્નેહાર્દ્ર દિલ તથા વાત્સલ્યભરી અમીદષ્ટિ તેવીને તેવી જ મારા પર હતી.

જે જલાલપુર મુકામે વિ. સં. ૧૯૮૪ ના સર્વ પ્રથમ તેઓશ્રીનું પુણ્યદર્શન મને થયું, તે

જ જલાલપુર મુકામે વિ. સં. ૨૦૧૫ના તેઓશ્રીનું અંતિમ પુનિત દર્શન મને થયું. કોને ખબર હતી કે આ દર્શન બસ હવે અંતિમ હશે? એ જ નિખાલસ દિલ, સરલ સ્વભાવ, એ જ સ્ફટિકસમ ઉજ્વલ આત્મા; એ જ સૌમ્ય મધુર મુખમુદ્રા; મને તે અવસરે પ્રેમાળ દિલે આજ્ઞા ફરમાવી કે, 'આજે તારે વ્યાખ્યાન વાંચવું જ પડશે' મારી ના છતાં, સંકોચ તથા ક્ષોભ છતાં, ને તેઓશ્રીનાં શ્રીમુખેથી જ મારે સાંભળવાની પૂર્ણ ઈચ્છા છતાં તે પરમકરૂણા સિંધુની આજ્ઞાને હું ન ઉત્થાપી શક્યો, મેં વ્યાખ્યાન વાંચ્યું, બાદ તેઓશ્રીએ વ્યાખ્યાન ફરમાવ્યું; જે સાંભળીને મારો આત્મા પ્રસન્ન થયો. તેઓશ્રીની વાણી ગંભીર, મધુર, ભવ્ય તથા આત્માના ઉંડાણમાંથી અનેક શાસ્ત્રોનાં મંથનના પરિણામે નીકળતી સૌમ્ય અને શાંત હતી. ભાષાનો ભવ્ય વૈભવ શબ્દોનો ચમત્કાર તેઓશ્રીની વાણીમાં સાહજિક હતો. તેઓશ્રીનો કવિ આત્મા, વ્યાખ્યાનમાં દર્શન દેતો; વાણીમાં કવિત્વનો પ્રકાશ તથા શબ્દોનું સૌંદર્ય તેમજ શૈલીની વિશિષ્ટતા ઝળકતી હતી.

વિ. સં. ૨૦૧૦ની સાલમાં શ્રી સિદ્ધગિરિજીની પુનિત છત્રછાયામાં આરિસાભુવન ખાતે લગભગ ૨૦ દિવસ સુધી સતત તેઓ શ્રીમદનાં વ્યાખ્યાનો સાંભળવાનો સુયોગ ભાગ્યોદયે મને પ્રાપ્ત થએલો તેઓ શ્રીમદની વાણીમાં મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ તથા કરૂણાભાવનાં ઝરણાંઓ શાંત ગંભીર રીતે વહેતા હતા. તેઓ શ્રીમદની સમગ્ર જીવન સાધના કોઈ લોકોત્તર હતી. વાણીની શક્તિ તેઓશ્રીનાં વ્યક્તિત્વને પામવા સમર્થ નથી. ભાષાનો ભંડોળ તેઓશ્રીની ભવ્યતાની પીછાણુ કરવા અસમર્થ છે; અનેક ગુણગણોના મહાસિંધુ તે પૂજ્યપાદ સૂરિદેવશ્રી જીવનની છેલ્લી ક્ષણુ સુધી નિજના જીવનને સાધના સાથે અનેકાનેક ભવ્ય જીવો પર અપાર કરૂણા કરી શ્રેયના માર્ગે તેઓને વાળીને આપણા આસપાસમાંથી પ્રસ્થાન કરી ગયા. છેલ્લી ક્ષણુ સુધી પણ તેઓશ્રીનાં નિર્મલ અંતરમાં જૈનશાસન પ્રત્યેનો અનુરાગ વ્યક્ત થતો હતો તેઓશ્રીએ છેલ્લે છેલ્લે પણ એ મુજબ ફરમાવ્યું કે 'ખરેખર હું ધન્ય છું, કે મને જૈનશાસન મળ્યું છે. આવી ઉગ્ર વ્યાધિઓની વચ્ચે મારૂં શું થાત? જો જૈનશાસન હું પામ્યો ન હોત તો?' આ તેઓ શ્રીમદની અપૂર્વ આત્મ જાગ્રતિ!

અનન્ય સિદ્ધાંતનિષ્ઠ, વિશુદ્ધ ચારિત્રશાલી, અપૂર્વ સહિષ્ણુ. ધોર વીર ગંભીર સમર્થ શાસન પ્રભાવક પ્રકાંડવિદ્વાન તથા પરમવાત્સલ્યસિંધુ એ સૂરીશ્વરજીને આપણા કોટિ કોટિ વંદન હો!

જયાં હો ત્યાં તેઓ શ્રીમદ અમ પામર જીવોને જૈનશાસન પ્રત્યે અનુરાગ દૃઢ બને ને તેની પ્રાપ્તિ ભવોભવ થાય તે રીતે પ્રેરણા આપતા રહો!

જય હો વાત્સલ્યમૂર્તિ પૂ. સૂરિદેવશ્રીનો!


## શુભ સંદેશ

અમારે ત્યાં દરેક પ્રકારનું ઓઈલ પેન્ટીંગ તથા વૉટર કલર પેન્ટીંગ આધુનીક ઢબથી કરવામાં આવે છે.

આરસ પહાણ તથા પટ ઉપર જૈનતીર્થ વ.નું સુંદર, કલામય, આકર્ષક, તથા નયનરમ્ય કુદરતી દશ્યોમાં સોનાના વરખથી ચિત્રકામ કરી આપશું.

અમો બાહોશ કારીગર દ્વારા શ્રી શત્રુંજય, શ્રી ગીરનાર, શ્રી મહાવીર સ્વામિ તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનના ભવોનું ચિત્રકામ સુંદર રીતે કરી આપશું.

દરેક કાર્ય સંતોષપૂર્વક કરી આપવામાં આવે છે. ઓર્ડર આપી ખાત્રી કરો.

પત્ર વ્યવહારનું સરનામું :
**શ્રી પેન્ટર નારાયણલાલ બી. શર્મા,**
ચાણક્ય માર્ગ–જયપુર (રાજસ્થાન)

# પૂ. પાદ સૂરીશ્વરની જીવન ઝરમર

સંગ્રાહક: મોદી જયંતિલાલ નાગરદાસ-રાધનપુર

પૂજ્ય પાદ સૂરિદેવશ્રીનાં જીવનને સ્પર્શતી ટુંક નોંધ અહિં સિંહાવલોકન શૈલીયે રજૂ થઇ છે.

આ મહાપુરુષનો જન્મ ઉત્તર ગુજરાતમાં આવેલ મલ્લીનાથ ભગવાનના તીર્થ ભોયણી ગામ પાસે બાલશાસન ગામમાં થયો હતો. આ ગામમાં પંદરસો માણસની વસ્તી હતી. તેમાં મોટો ભાગ ખેડુત તથા ઠાકરડાઓનો હતો તથા વણિક જાતીના માત્ર દશ બાર ઘરો હતાં તે ધીરધાર તથા અનાજ કાપડનો ધંધો કરનારા હતા. તેથી જિન પ્રરૂપિત દયાધર્મનું પાલન હતું. અને યથાશક્તિ આરાધના થતી. વણિક વસ્તીમાં દશા શ્રીમાલી જ્ઞાતીય શેઠ પીતાંબર ઉગરચંદ પોતાના નિખાલસ સ્વભાવથી આગળ પડતા હતા. અને રાજપુર ગામના ઠાકુરનું કામકાજ સંભાળતા હતા. તેઓ ઝાલાવાડના કારોલ ગામની મોતી નામની શુશીલ કન્યાથી વિવાહીત થયા હતા. તેમના ઘરની સામે એક પદ્મપ્રભુનું જિનમંદિર હતું. બેત્રણ પુત્રીઓ બાદ એક ભોડીદાસ નામના પુત્રનો જન્મ થયો હતો. ત્યાર બાદ વિક્રમ સંવત ૧૯૪૦ના પ્રથમ પોસ સુદી ૧૨ ના દીવસે થયો હતો. અને લાલચંદ એવું નામ આપવામાં આવ્યું હતું. તેઓ માતાની સાથે કાયમ જિનમંદિર દર્શન કરવા જતા હતા. અઢી વર્ષની ઉમરે તેમણે માતપિતા સાથે ભોયણી તીર્થની જાત્રા કરી. અને તેમની સ્મરણશક્તિ ખૂબ તેજ હતી. લાલચંદ જ્યારે નવ વર્ષની ઉમરના થયા ત્યારે તેમના પિતા મરણ પામ્યા હતા. આ વખતે બાલશાસનમાં નિશાળ ખુલ્લી ન હતી. એટલે તેઓ પોતાના પિતાજીની પાસે ભણ્યા હતા. માત્ર આઠ મહિનામાં ત્રણ ચોપડીનો અભ્યાસ કરી લીધો હતો. અને એક વખત તેમને સ્વપ્નું આવેલ કે 'તીર્થંકર ભગવાન સમવસરણમાં બેઠા દેશના આપે છે અને તેમની સાનિધ્યમાં બેઠો છું. અને વંદન પૂજન સ્તવન કરી રહ્યો છું.' સંવત ૧૯૫૪માં પૂ. આ. મ. શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજે ભોયણી તીર્થની જાત્રા કર્યા બાદ બાલશાસન ગામને પાવન કર્યું અને પ્રતિદિન વૈરાગ્યરસભીની વાણીનો પ્રવાહ વહેવરાવ્યો. લાલચંદને આ વાણીએ ખૂબ અસર કરી. અને વૈરાગ્યનાં બીજ વવાયાં ૧૯૫૬માં પૂજ્ય આત્મારામજી મહારાજ અથવા પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજસુર ઉદ્યોતવિજયજી મહારાજે માણસામાં ચાતુર્માસ કર્યું. તેમના સત્સંગે લાલચંદની વૈરાગ્ય ભાવના જગાવી. સં. ૧૯૫૨ ના જેઠ વદિ સાતમના પૂ. આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા. અને તે સમયે કમળવિજયજી તરીકે વિચરતા મહામુનિને ૧૯૫૭ ના મહા સુદી ૧૫ ના રોજ પાટણમાં આચાર્ય પદવી આપવામાં આવી અને પૂ પાદ આ. મ. શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજ તરીકે તેઓ પ્રસિદ્ધ થયા. સં. ૧૯૫૯ ના કાર્તિક વદી ૬ના દીવસે ઘેરથી છાનામાના નીકળી જઈને બોરૂ ગામમાં લાલચંદભાઈએ સંઘ સમસ્ત ભગવતી દીક્ષા અંગીકાર કરી. તેમનું શુભ નામ મુનીશ્રી લબ્ધિવિજયજી રાખવામાં આવ્યું. અને લાલચંદને ઘેર ન જોતાં ચારે બાજુ તપાસ કરતાં બધા સમાચારાલાં બોરૂમાં આવી ગયાં

ત્યાં ગુરુમહારાજે કહ્યું, 'દીક્ષા લેવા માટે તમારી રજા પણ માંગી હતી. હવે અંતરાય કરવાથી શું ફાયદો. અને ધાંધલ ધમાલ કરવાને બદલે તમો આશીર્વાદ કેમ આપતા નથી ?' બોરૂથી વિહાર કરીને તારંગાતીર્થની યાત્ર કરીને ઊંઝા પધાર્યા ત્યાં ૧૯૫૯ ના મહાસુદી ૫ ના રોજ દશ સાધુઓને વડી દીક્ષા આપવામાં આવી. જેમાં પૂ. મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મ. પણ સાથે હતા. સંવત ૧૯૫૭નું પ્રથમ ચાતુર્માસ ઈડરમાં થયું. ત્યાં પાંજરાપોલ તથા પાઠશાલા સ્થાપન કરી. અને પ્રથમ આવશ્યક સૂત્રો અને પ્રકરણનો અભ્યાસ કર્યો. ૧૯૬૦ ના વડોદરાના ચોમાસામાં પ્રકરણનો અભ્યાસ પૂરો કર્યો માત્ર. અહીંથી ત્રણ વર્ષમાં તેમને પહેલીજ વાર વ્યાખ્યાનની પાટ ઉપર ભરૂચમાં બેસાડવામાં આવ્યા. ત્યાંથી માળવા જતા રતલામથી લુણીયા શેઠ ડુંગરસીને માંડવગઢનો સંઘ કાઢવાની ભાવના થઇ. તેથી પૂ. સુરીશ્વરજી પોતાના શિષ્ય સમુદાય સાથે સંઘમાં પધાર્યા. ઉજ્જૈન મક્ષીજીની જાત્રા કરી ૧૯૬૧નું ચોમાસું મહીદપુરમાં કર્યું ત્યાંથી વિહાર બંગાળ ભણી કર્યો આ વિહાર કઠીન હતો. તેથી વડોદરા નિવાસી કોઠારી જમનાદાસ તથા ઘીયા સંઘ કાઢીને તેમની સાથે રહ્યા. આ વિહારમાં સિંહપુરી, ચંદ્રપુરી, પાવાપુરી, ગુણીયાજી, રાજગૃહી, કાકંદી, સમેતશિખરજી વગેરે પ્રાચીન તીર્થોની જાત્રા કરતાં પૂ મુનીશ્રી લબ્ધિવિજયજીને ખૂબ જ આનંદ થયો. ૧૯૬૨નું ચોમાસું અજીમગંજમાં કર્યું હતું. ત્યાં બાબુ ધનપતસિંહજીનાં ઘરમાંથી માસખમણની તપશ્ચર્યા થતાં ગીનીની પ્રભાવના કરી હતી. ત્યાંથી શ્રીમતી રાણી મેનાકુમારીએ ચંપાપુરીનો ભવ્ય સંઘ કાઢતાં સૂરીશ્વરજી સાધુ સમુદાય સહિત તેમની સાથે ગયા. સં. ૧૯૬૩ નું ચાતુર્માસ ગ્વાલીયરમાં લશ્કરખાતે કર્યું. ૧૯૬૪નું ગુજરાનવાલા (પંજાબ) માં ત્યાં વૈશાખ સુદી ૧૦ ના આત્મારામજી મહારાજની પાદુકાની પ્રતિષ્ઠા મહોત્સવ કરેલો. (વિજયવલ્લભસૂરી) ૧૯૬૫નું કસુરમાં પહેલવેલું સ્વતંત્ર ચાતુર્માસ કર્યું હતું. અહિં તેમણે મૂર્તિમંડન નામનો ગ્રંથ બનાવ્યો. સં. ૧૯૬૮નું મુલતાનમાં ચાતુર્માસ કર્યું ત્યાં પ્રતિષ્ઠા તથા પાઠશાળાઓની સ્થાપના કરી. અહીંના મુસલમાનોએ માંસનો ત્યાગ કરેલો. સં. ૧૯૭૦નું દિલ્હીમાં કર્યું સં. ૧૯૭૧માં સિકંદ્રાબાદ ( આગ્રા ) મુકામે દોલતરામભાઈને દીક્ષા આપવામાં આવી અને લક્ષ્મણવિજયજી નામ રાખવામાં આવ્યું. જેઓ આજે દક્ષિણ દીપક શાસન પ્રભાવક પૂ. પાદ આ. મ. શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરિજી તરીકે પ્રસિદ્ધ છે. ૧૯૭૧ માં ઇડરમાં આસો વદી ૧ શનીવારે જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિની પદવી પૂ. ગુરુદેવે તેઓશ્રીને આપી. ૧૯૭૧નું ચાતુર્માસ ઇડરમાં કરેલું અને મેરૂત્રયોદશી કથાની સંસ્કૃતમાં કાવ્યમય રચના કીધી. ૧૯૭૨નું ખંભાત, ૧૯૭૩ કપડવંજ, ૧૯૭૪ બોરસદમાં ૧૯૭૫માં ડભોઇ, ૧૯૭૬ ખંભાતમાં, ૧૯૭૭ વડોદરા ત્યાર બાદ છાણી પાસે ઉમેટામાં છબીલદાસ નામના ભાઇને દિક્ષા આપી મુનીશ્રી ભુવનવિજયજી નામ રાખવામાં આવ્યું. જેઓ આજે પરમ પૂજ્ય આચાર્ય મ. શ્રીમદ્ વિજય ભુવન તિલકસૂરિજી તરીકે વિખ્યાત છે. ૧૯૭૮ છાણીમાં ચાતુર્માસ કર્યું. ડભોઈમાં શ્રી જીવણભાઈને દીક્ષા આપી ને પૂ. મુનિશ્રી જયંતવિજયજી નામ રાખવામાં આવ્યું. હિંમતપુરના ઠાકોરે હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

૧૯૭૯ રાધનપુરમાં તંબોલી શેરીમાં ઉપાશ્રયમાં મહાનિશીથ સૂત્રના યોગ વહન કરેલા. ૧૯૮૦માં છાણીમાં ભગવતી સૂત્રના યોગ વહન કરેલા. ૧૯૮૧માં છાણીમાં મહા સુદી ૫, પૂ આચાર્ય દેવે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી મહારાજને તથા પૂ. પાદ મુનીશ્રી લબ્ધિવિજયજી મહારાજને પૂ. આચાર્ય પદનો વાસક્ષેપ નાંખી ને સૂરિમંત્ર સંભળાવી આચાર્ય પદ અર્પણ કરેલ. અને ત્યારથી તેઓશ્રી પૂ. પાદ આ. મ. વિજય લબ્ધિસૂરીજીના નામથી સુપ્રસિદ્ધ થયા. પૂ. પાદ સકલાગામ રહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી તથા પૂ. પાદ આ. મ. શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી બન્ને પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજકયમલસૂરીશ્વરજી મહારાજશ્રીના પદ પર બિરાજમાન થયા અને તે દરમ્યાન છાણીના નગીનભાઈને દીક્ષા આપીને પૂ. મુનિરાજશ્રી નવીનવિજયજી નામ રાખવામાં આવ્યું, બુહારીમાં સાતસો શ્લોક પ્રમાણ વૈરાગ્યરસમંજરી નામનો ગ્રંથ માત્ર પંદર દિવસમાં રચ્યો. ૧૯૮૨નું બુહારીમાં ચાતુર્માસ, ત્યાંથી જલાલપુર તરફ ગયા. ૧૯૮૩ના મહાવદિ ૬ની રાતના આઠ-વાગે પૂ. ગુરુદેવ આચાર્ય દેવશ્રીમદ્ વિજય-કમળસૂરિજી મહારાજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા, તેમણે ૧૯૩૨માં દીક્ષા લીધી હતી તેઓ પંજાબના સરસા ગામના હતા. ૧૯૮૩ સુરતમાં ૧૯૮૪ ગોડીજી (મુંબઈ), ૧૯૮૫ સાવર-કુંડલા, ૧૯૮૬ પાટણ, ૧૯૮૭ કપડવંજ ત્યાંથી ૧૦૮ મુનીવરો સાથે ચૈત્ર માસની ઓળીનું આરાધન કરાવવા ભોયણી ગામમાં આવ્યા ૧૯૮૮ ખંભાત ત્યાં પંદર દીક્ષાઓ થઈ હતી.

૧૯૯૦નું પાલીતાણા ૧૯૯૧–૧૯૯૨ મરૂભૂમીમાં ૧૯૯૩માં ચૈત્ર વદિ ૫ શીહોર મુકામે પૂ. ઉપાધ્યાય ગંભીરવિજયજી મ. ને તથા પૂ. લક્ષ્મણવિજયજી મ. ને આચાર્ય પદવી આપી, પૂ. આ. મ. શ્રી વિજયગંભીરસૂરિજી તથા પૂ. આ. મ. શ્રી લક્ષ્મણસૂરિજી તરીકે પાટ પર સ્થાપ્યા. ૧૯૯૩ ખંભાત ૧૯૯૪ ઇડર ૧૯૯૫ પાલી, ત્યાંથી ફલોધી તરફ પધારતાં જેસલમેરનો સંઘ કાઢયો આ વખતે ત્રણ વર્ષનો દુકાળ પડયો હોવાથી અને પાણીનો છાંટો પણ ન હોવા છતાં પૂન્ય પ્રતાપે અકાળે વરસાદ થયો ને પાણી ભરાઇ ગયાં. ૧૯૯૬ ફલોધીમાં, ૧૯૯૭–૧૯૯૮નું બીકાનેર, ૧૯૯૯ પડાલી; ૨૦૦૦ ખંભાતમાં ત્યાં સંઘવી શેઠ કેશવલાલ ભાઈએ ઉપધાન તથા ઉજમણું કરાવેલ. સિદ્ધ-ગિરિજીનો સંઘ કાઢેલ. ૨૦૦૧–૨૦૦૨ મુંબઇ, ૨૦૦૩ વાપી ૨૦૦૪ પૂના, ૨૦૦૫ કરાડ ૨૦૦૬ પૂના, ૨૦૦૭ ઇડર, ૨૦૦૮ ખંભાત, ૨૦૦૯ ઇડર, ૨૦૧૦ પાલીતાણા, ૨૦૧૧ ઇડર, ૨૦૧૨ ખંભાત, ૨૦૧૩ છાણી, ૨૦૧૪ અમદાવાદ, ૨૦૧૫ આંખના ઓપરેશન માટે મુંબઇ આવેલ તેઓશ્રીની ૭૭ વર્ષની વયે પણ અદ્‌ભુત સ્મરણશક્તિ હતી. તેઓશ્રીએ સખત માંદગી ભોગવી હતી પરંતુ સ્વાધ્યાય તો ચાલુ જ હતો તેમનો સમુદાય લગભગ વિશાલ છે. તેમણે પ્રથમ દીક્ષા પૂ. આ. મ. શ્રી વિજયગંભીરસૂરીશ્વરજી મ. ને આપી ને છેલ્લી દીક્ષા સાધ્વીજી નયપદ્માશ્રીજી (ખંભાતના નીલાબેન દાદરવાલાને) આપી છે તેઓશ્રી સવંત્ ૨૦૧૭ ના શ્રાવણ સુદિ ૫ ના મુંબઇ લાલબાગ ઉપાશ્રયમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. જૈનશાસનના સમર્થ પ્રભાવિક તેઓશ્રી અમર રહો!

# પૂ. પાદ આચાર્યદેવશ્રીનો શિષ્ય પરિવાર

## સંયોજક :- પૂ. મુનિરાજશ્રી નેમવિજયજી મહારાજ

પૂ. આરાધ્યપાદ આચાર્યદેવશ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય-પ્રશિષ્ય પરિવારની વિશેષ વિગતો સાથેની નોંધ અહિં રજૂ થાય છે. પૂ. પાદ સૂરિદેવશ્રીનો એ મહાન ઉપકાર છે, કે તેઓશ્રીએ જૈનશાસનના ચરણે સમર્થ પ્રભાવક, વિદ્વાન, ત્યાગી તથા સંયમી મુનિવરોની ભેટ ધરી છે. ખરેખર પૂ. સૂરિદેવશ્રી મહાન ઉપકારી તથા સમર્થ શાસનપ્રભાવક સત્પુરૂષ હતા.

| નામ | જન્મ સંવત | દીક્ષા સંવત | મૂલ ગામ | ગુરૂનું નામ |
|---|---|---|---|---|
| ૧ પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરિ મ. | ૧૯૫૩ | ૧૯૭૨ | બીકાનેર | પૂ. આચાર્યદેવ શ્રી મદ્ વિજયલબ્ધિસૂરિશ્વરજી મ. |
| ૨ પૂ. આ. શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ | ૧૯૬૨ | ૧૯૭૮ | છાણી | ,, |
| ૩ ,, ઉપાધ્યાય શ્રી જયંતવિજયજી ગણિવર | ૧૯૫૭ મા. શ. ૧૪ | ૧૯૭૯ મા. વ. ૧૧ | ડભોઇ | ,, |
| ૪ ,, પંન્યાસજી શ્રી નવીનવિજયજી ,, | ૧૯૬૨ ફા શુ. ૧૫ | ૧૯૮૨ મા. વ. ૨ | છાણી | ,, |
| ૫ ,, ,, શ્રી પ્રવીણવિજયજી ,, | ૧૯૫૩ | ૧૯૮૩ વૈ. શુ. ૩ | નરોડા સુરત | ,, |
| ૬ ,, ,, શ્રી વિક્રમવિજયજી ,, | ૧૯૭૨ જે. શુ. ૫ | ૧૯૮૬ જે. વ. ૩ | છાણી | ,, |
| ૭ ,, ,, શ્રી પદ્મવિજયજી ,, | ૧૯૫૯ જે. શુ. ૧૧ | ૧૯૮૫ મા. વ. ૧૩ | વડાસણ | ,, |
| ૮ ,, ,, શ્રી મહિમાવિજયજી ,, | ૧૯૬૫ ભા. વ. ૧૨ | ૧૯૮૬ વૈ. શુ. ૬ | સુરત | પૂ. પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી ગણિવર |
| ૯ ,, ,, શ્રી ભદ્રંકરવિજયજી ,, | ૧૯૭૩ | ૧૯૮૯ અ. શુ. ૧૧ | છાણી | પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરી. મ. |
| ૧૦ ,, ,, શ્રી કીર્તિવિજયજી ,, | ૧૯૭૨ ચૈ. વ. ૦)) | ૧૯૮૯ પો. શુ. ૬ | ખંભાત | પૂ. આ. શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. |
| ૧૧ પૂ. મુનિરાજ શ્રી શુભવિજયજી મહારાજ | ૧૯૪૫ | ૧૯૭૬ | માણસા | પૂ. આ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. |
| ૧૨ ,, ,, શ્રી યોગીન્દ્રવિજયજી ,, | ૧૯૪૦ | ૧૯૮૫ ફા. વ. ૫ | ભાવનગર | |
| ૧૩ ,, ,, શ્રી હેમેન્દ્રવિજયજી ,, | ૧૯૬૫ જે. વ. ૧૧ | ૧૯૮૫ પો. શુ. ૬ | અથામા (જિ. સુરત) | પૂ. આ. શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. |
| ૧૪ ,, ,, શ્રી અમરેન્દ્રવિજયજી ,, | | ૧૯૮૫ પો. વ. ૫ | ઘોઘા | પૂ. આ. શ્રી વિજયગંભીરસૂરીશ્વરજી મ. |
| ૧૫ ,, ,, શ્રી કલ્યાણવિજયજી ,, | ૧૯૬૬ | ૧૯૮૭ ફા. વ. ૭ | પાટણ | પૂ આ વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ. |
| ૧૬ ,, ,, શ્રી ભાસ્કરવિજયજી ,, | ૧૯૭૮ ચૈ. વ. ૬ | ૧૯૮૭ જે. વ. ૧૪ | વલભીપુર | પૂ મુનિરાજ શ્રી રત્નાકરવિજયજી મહારાજ |
| ૧૭ ,, ,, શ્રી રસિકવિજયજી ,, | ૧૯૭૫ જે. શુ. ૪ | ૧૯૮૮ મા. શુ. ૫ | દમણ | પૂ આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. |
| ૧૮ ,, ,, શ્રી કૈલાસવિજયજી ,, | ૧૯૫૬ મ્હા | ૧૯૮૮ જે. શુ. ૧૪ | પાલીતાણા | ,, |
| ૧૯ ,, ,, શ્રી લલિતાંગવિજયજી ,, | ૧૯૬૫ ફા. શુ. ૬ | ૧૯૮૯ મા. શુ. ૧૧ | સુરત | ,, |
| ૨૦ પૂ. મુનિ શ્રી નેમવિજયજી ,, | ૧૯૭૦ મ વ. ૧૦ | ૧૯૮૯ વૈ. શુ. ૬ | ,, | ,, |
| ૨૧ પૂ. મુનિશ્રી જિનેન્દ્રવિજયજી ,, | ૧૯૬૫ મ. વ. ૧૩ | ૧૯૯૦ મા. વ. ૮ | ,, | પૂ. પંન્યાસજી શ્રી મહિમાવિજયજી ગણિવર |
| ૨૨ ,, ,, નાગેન્દ્રવિજયજી ,, | ૧૯૪૪ મા. શુ. ૩ | ૧૯૯૨ જે. શુ. ૭ | ધાણોજ | પૂ. આ. શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ. |

| | નામ | જન્મ સંવત | દીક્ષા સંવત | મુલ ગામ | ગુરુનું નામ |
|---|---|---|---|---|---|
| ૨૩ | ,, ,, સુશીલવિજયજી ,, | ૧૯૬૮ ભા. શુ. ૧૫ | ૧૯૯૪ મા. શુ. ૧૦ | ભરૂચ | પૂ. પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી ગણિવર |
| ૨૪ | ,, ,, જિનભદ્રવિજયજી ,, | ૧૯૭૮ મ. વ. ૧૨ | ૧૯૯૭ મ. વ. ૬ | છાણી | પૂ. પંન્યાસજી શ્રી વિક્રમવિજયજી ગણિવર |
| ૨૫ | ,, ,, ચારિત્રવિજયજી ,, | ૧૯૭૨ મ. શુ. ૯ | ૧૯૯૮ અ. શુ. ૬ | ડુંગરપુર | પૂ. આ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ |
| ૨૬ | ,, ,, અરૂણપ્રભવિજયજી ,, | ૧૯૭૮ | ૨૦૦૧ મા. શુ. ૭ | છાણી | પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મ. |
| ૨૭ | ,, ,, ગુણાકરવિજયજી ,, | ૧૯૮૧ કા. વ. ૦)) | ૨૦૦૧ મ. વ ૧૦ | દમણ | પૂ. મુનિરાજ શ્રી રસિકવિજયજી મ. |
| ૨૮ | ,, ,, સુધાકરવિજયજી ,, | ૧૯૭૮ આ. વ. ૧ | ,, ,, | ખંભાત | પૂ. મુનિરાજ શ્રી અજિતવિજયજી મ. |
| ૨૯ | ,, ,, અશોકવિજયજી ,, | ૧૯૮૨ | ૨૦૦૧ ચૈ. શુ ૪ | છાણી | પૂ. આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. |
| ૩૦ | પૂ. મુનિરાજ શ્રી અભયવિજયજી મહારાજ | ૧૯૮૪ | ૨૦૦૧ ચ. વ. ૫ | છાણી | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. |
| ૩૧ | ,, ,, શ્રી હેમપ્રભવિજયજી મ. | ૧૯૫૩ | ૨૦૦૩ મા. શુ. ૧૦ | વડોદરા | ,, |
| ૩૨ | ,, ,, શ્રી ગુણભદ્રવિજયજી મ. | ૧૯૫૧ મા. શુ. ૬ | ૨૦૦૩ જે. વ. ૭ | માંગરોળ | પૂ. ઉપાધ્યાય શ્રી જયન્તવિજયજી ગણિવર |
| ૩૩ | ,, ,, શ્રી પુણ્યવિજયજી મ. | ૧૯૮૭ | ૨૦૦૪ | છાણી | પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર |
| ૩૪ | ,, ,, શ્રી વિનયવિજયજી મ. | ૧૯૪૨ આ. શુ. ૧૦ | ૨૦૦૪ પો. વ. ૫ | જુના સાવર | પૂ. પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિવર |
| ૩૫ | ,, ,, શ્રી હરિશભદ્રવિજયજી મ. | ૧૯૯૦ | ૨૦૦૫ મ. વ. ૫ | સુરખાડ | પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી |
| ૩૬ | ,, ,, શ્રી કુસુમવિજયજી મા. | ૧૯૪૦ કારતક | ૨૦૦૫ જે. શુ. ૨ | વલસાડ | પૂ. મુનિરાજ શ્રી લલિતાંગવિજયજી મ. |
| ૩૭ | ,, ,, શ્રી હરિભદ્રવિજયજી મ. | ૧૯૯૯ ફા. વ. ૧૪ | ૨૦૦૬ વૈ. વ. ૬ | ધોલેરા | પૂ. પંન્યાસજી શ્રી વિક્રમવિજયજી ગણિવર |
| ૩૮ | ,, ,, શ્રી હિરણ્યપ્રભવિજયજી મ. | ૧૯૮૫ ભા. શુ. ૧૦ | ૨૦૦૭ કા. વ. ૬ | માણસા | પૂ. પંન્યાસજી શ્રી નવિનવિજયજી ગણિવર |
| ૩૯ | ,, ,, શ્રી સ્થુલભદ્રવિજયજી મ. | ૧૯૯૦ ફા. શુ. ૧૫ | ૨૦૦૭ વૈ. શુ. ૬ | રાધનપુર | પૂ. પંન્યાસજી શ્રી વિક્રમવિજયજી ગણિવર |
| ૪૦ | ,, ,, શ્રી ગુણરત્નવિજયજી મ. | ૧૯૬૯ ફા. શુ. ૧ | ૨૦૦૭ વૈ. શુ. ૬ | ધોળાસન | પૂ. મુનિરાજ શ્રી જશવિજયજી મ. |
| ૪૧ | ,, ,, શ્રી પુર્ણભદ્રવિજયજી મ. | ૧૯૮૪ ચૈ. વ. ૯ | ૨૦૦૭ વૈ. શુ ૩ | સુરત | પૂ. પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિવર |
| ૪૨ | ,, ,, શ્રી માણેકવિજયજી મ. | ૧૯૮૪ ફા. વ. ૬ | ૨૦૧૦ મ. શુ. ૪ | ગોંડલ | પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર |
| ૪૩ | ,, ,, શ્રી ભરતવિજયજી મ. | ૧૯૭૧ ભા. શુ. ૨ | ૨૦૧૧ | સોજીત્રા | પૂ. પં. કીર્તિવિજયજી ગણિવર |
| ૪૪ | ,, ,, શ્રી રાજવિજયજી મ. | ૧૯૬૭ | ૨૦૧૧ વૈ. શુ. ૩ | રામાણી | પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર |
| ૪૫ | ,, ,, શ્રી પ્રભાકરવિજયજી મ. | | ૨૦૧૧ | પેઢામલી | પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર |
| ૪૬ | ,, ,, શ્રી અમરસેનવિજયજી મ. | ૧૯૯૩ | ૨૦૧૩ | છાણી | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. |
| ૪૭ | ,, ,, શ્રી વારીષેણવિજયજી મ. | ૨૦૦૦ | ૨૦૧૪ | ,, | મુનિરાજ શ્રી પુન્યવિજયજી |
| ૪૮ | ,, ,, શ્રી અશ્વસેનવિજયજી મ. | ૧૯૯૮ | ૨૦૧૪ | ઉમેટા | પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. |
| ૪૯ | ,, ,, શ્રી પ્રસન્નચંદ્રવિજયજી મ. | | ૨૦૧૪ મ. શુ. ૫ | બેંગ્લોર | પૂ. પં. શ્રી કીર્તિવિજયજી ગણિવર |
| ૫૦ | ,, ,, શ્રી વીરસેનવિજયજી મ. | ૧૯૯૯ | ૨૦૧૪ | છાણી | મુનિરાજ શ્રી પુણ્યવિજયજી |
| ૫૧ | ,, ,, શ્રી ચંદ્રસેનવિજયજી મ. | | ૨૦૧૫ | બોધાન | મુનિરાજ શ્રી અરૂણપ્રભવિજયજી |
| ૫૨ | ,, ,, શ્રી હરિશ્ચંદ્રવિજયજી મ. | ૧૯૯૪ ભાદરવો | ૨૦૧૬ કા. વ. ૫ | લાડોલ | પૂ. પંન્યાસજી શ્રી નવિનવિજયજી ગણિવર |
| ૫૩ | ,, ,, શ્રી નયભદ્રવિજયજી મ. | ૧૯૮૦ શ્રા. શુ. ૯ | ૨૦૧૭ વ. શુ. ૧૪ | રાધનપુર | પૂ. પંન્યાસજી શ્રી વિક્રમવિજયજી ગણિવર |

## સ્વ. પૂ. આ. દેવશ્રીના કાળધર્મ પામેલ શિષ્ય-પ્રશિષ્યાદિની શુભ નામાવલી

| નામ | દીક્ષા સંવત | ગુરૂનું નામ | સ્વર્ગગમન |
|---|---|---|---|
| પૂ. આ. શ્રી વિજય ગંભીરસૂરીશ્વરજી મ. | | પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. | ૨૦૦૦ |
| પૂ. મુનિરાજ શ્રી નિપુણવિજયજી મ. | ૧૯૭૪ અ. શુ. ૧૩ | ,, | ૧૯૮૯ |
| પૂ. ,, શ્રી સુરેન્દ્રવિજયજી મ. | ૧૯૮૫ | પૂ. આ. શ્રી વિજય ગંભીરસૂરિશ્વરજી મ. | ૨૦૦૯ |
| પૂ. ,, શ્રી સત્યવિજયજી મ. | ૧૯૮૫ | પૂ. ,, શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ | ૧૯૯૬ |
| પૂ. ,, શ્રી નંદનવિજયજી મ. | ૧૯૮૬ | પૂ. ,, શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ | ૨૦૧૭ |
| પૂ. ,, શ્રી મહોદયવિજયજી મ. | ૧૯૮૬ | પૂ. ,, શ્રી વિજયભુવનતિલકસૂ. મ | ૨૦૦૭ |
| પૂ. ,, શ્રી મુક્તિવિજયજી મ. | ૧૯૮૬ | પૂ. ,, શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ | ૧૯૮૯ |
| પૂ. ,, શ્રી પ્રભાવવિજયજી મ | ૧૯૮૬ | ,, | ૨૦૧૩ |
| પૂ. ,, શ્રી મહેન્દ્રવિજયજી મ. | ૧૯૮૭ | પૂ. ,, શ્રી વિજયગંભીરસૂરીશ્વરજી મ. | ૨૦૦૬ |
| પૂ. ,, શ્રી રત્નાકરવિજયજી મ. | ૧૯૮૭ | પૂ. ,, શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. | ૧૯૯૭ |
| પૂ. ,, શ્રી જશવિજયજી મ. | ૧૯૮૮ | ,, | ૨૦૧૦ |
| પૂ. ,, શ્રી અજિતવિજયજી મ. | ૧૯૮૯ | પૂ. ઉપા૦ શ્રી જયંતવિજયજી ગણિવર | ૨૦૦૩ |
| પૂ. ,, શ્રી હર્ષવિજયજી મ | ૧૯૮૯ | પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. | — |
| પૂ. મુનિ શ્રી કલહંસવિજયજી | ૧૯૯૩ | ,, | ૧૯૯૩ |
| પૂ. ,, શ્રી સુમિત્રવિજયજી | ૧૯૯૩ | પૂ. ,, શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ | ૧૯૯૯ |
| પૂ. ,, શ્રી કુમુદવિજયજી | ૧૯૯૬ | પૂ. પંન્યાસ શ્રી કીર્તિવિજયજી ગણિવર | ૨૦૦૧ |
| પૂ. ,, શ્રી ગજેન્દ્રવિજયજી | ૨૦૦૦ | પૂ. ,, શ્રી પદ્મવિજયજી ગણિવર | ૨૦૧૫ |

શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમ : **આભાર પત્ર** શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમ :

### શ્રી ગોડીજી જૈન મિત્રમંડળ, મુંબઈ યોજીત શ્રી પાવાપુરીજી શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ યાત્રા સંઘ.

માનનીય યાત્રિક બંધુઓ તથા બહેનો;

આપ સર્વે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર વગેરે પ્રાંતોમાંથી પાંચસોની સંખ્યામાં અમારા મંડળ યોજીત યાત્રા સ્પેશ્યલ ટ્રેઈનમાં જોડાઈને યાત્રા સંઘને જે સફળતા પ્રાપ્ત કરાવી છે તે આપે આપેલા સહકારનેજ આભારી છે.

આપે કાર્યકરોની વિનંતિનો સ્વીકાર કરીને તપ, જપ, ક્રિયાકાંડ પ્રભુભક્તિ વિગેરે કાર્યોને સુંદર રીતે શોભાવ્યા છે, આપની લક્ષ્મીનો વ્યય દેવદ્રવ્ય તથા સાધારણ ખાતામાં છૂટથી કર્યો છે. દીન દુઃખીઓને અન્ન, વસ્ત્રનું દાન છૂટથી આપ્યું છે. પૂના મુકામે ત્યાંના સંઘે તથા ગોડીજીના ટ્રસ્ટી સાહેબોએ તથા આપ સર્વે યાત્રિકભાઈ બહેનોએ કાર્યકરોનું બહુમાન કર્યું છે તે બદલ મંડળ આપ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

સ્પેશ્યલ ટ્રેઈનમાં રૂપીઆ અઢાર હજારથી વધારે બચત થઇ છે તે શ્રી ગોડીજી જૈન પાઠશાળા માટે શ્રી વિજયદેવસુર સંઘ ગોડીજી મહારાજના ટ્રસ્ટીઓને સોંપવામાં આવશે.—જે કોઇ મંડળ યાત્રા સઘ યોજીને સંઘની સેવા કરવા ઇચ્છતા હોય તેમણે મંડળનો સંપર્ક સાધવો. તેમને બનતી દરેક સેવાઓ આપવામાં આવશે.

યાત્રાના સંસ્મરણોની પુસ્તિકાનું કાર્ય ચાલુ છે તૈયાર થયેથી યાત્રિક બંધુઓને મોકલી આપવામાં આવશે.

લી સંઘના સેવકો,

પ્રમુખ-**શ્રી ખુમચંદભાઇ રતનચંદ જોરાજી**

૧૨, પાયધુની
**મુંબઇ નં. ૩**

મંત્રી-**શ્રી બાબુલાલ સકરચંદ ટોપીવાલા**

,, **શ્રી ગીરધરલાલ દુર્લભજી મણીયાર**

# ચીર સ્મરણિય પૂ. સૂરિદેવ!

**શ્રી મણિલાલ વનમાળીદાસ શેઠ. કલકત્તા**

એક દીન જન્મ લેવો ઇન્દ્રિયોને ભોગવિલાસના સાધનો પુરા કરવા, એનો ભોગવટો કરી નવા બંધનો બાંધી પાછો એક દીન છેલ્લો શ્વાસ મુકવો એનુ નામ જીવન નહી પણ જીંદગીના ઢસરડા. વાસ્તવિક પોતાના આત્માને ઓળખી પોતાના સાચા સ્વરૂપમાં ઓળખાણ કરી તેનો વિકાસ સાધવા માટે પ્રયત્ન કરે છે અને એમ કરી પોતે બંધનમુકત થાય છે એવા માનવનું જીવન જીવ્યું ગણાય.

આવું સાર્થક કરી બતાવનાર મહાપુરૂષનું શુભ નામ છે જૈનરત્ન કવિકુલકિરીટ વ્યાખ્યાન વાચસ્પતિ શાસન પ્રભાવક શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજ. સંવત ૧૯૪૦ની સાલમાં માતા મોતી બ્હેનનો વ્હાલસોયો લાલચંદ જનમ્યો, બાલવયમાં સુંદર સંસ્કાર રેડાયા, યુવાવસ્થામાં ભાગ્યયોગે મહાત્માઆચાર્યદેવ કમલસૂરીશ્વરે હાથ પકડયો. દિનપ્રતિદિન આત્મ વિકાસ સાધતાં સાધુ સમુદાયમાં અતિ ઉન્નત સ્થાન પ્રાપ્ત કર્યું. સત્તાવન વર્ષની સંયમ યાત્રામાં પ્રૌઢ વિદ્વત્તા, ચમત્કારિક વકતૃત્વ આકર્ષક કાવ્યકલા, અજોડ યાદશક્તિ, અસાધારણ ઉપકારીપણું વગેરે ગુણોથી સાધુજીવન ઉજ્વળ બનાવ્યું. એકાંતે ઉપકારી જીવન દરમ્યાન સંસ્કૃતગીરામાં તથા ગુર્જરગીરામાં સંખ્યાબંધ ન્યાયના પુસ્તકો ઉપરાંત પૂજાઓ, સ્તવનો રચીને લોકોને રસના પાન કરાવ્યા. શ્રીમદ્દે દ્વાદશારનયચક્ર નામના મહાન ન્યાય ગ્રંથનું પ્રકાશન તા. ૨૭ માર્ચ ૧૯૬૦ ના ડૉ. રાધાકૃષ્ણનના હાથે કરાવી ભવિષ્યની પ્રજાને એક ચીરસ્મરણિય વારસો સોંપ્યો.

પૂ. સાધુ-સાધ્વીઓનો વિશાળ સમુદાય છોડી એ મહાત્મા સ્વર્ગે સંચર્યા. એ વ્યક્તિ નહોતી એક મહાન વિભુતિ હતી. છેલ્લા અઢીસો વર્ષમાં જે સૂરિપુંગવોએ જૈન શાસનનો ઉદ્યોત કર્યો છે તેમાંના આ એક મહાપ્રભાવકને મારી સામાન્ય ભાષામાં અંજલિ આપીને મારા આત્માને કૃતકૃત્ય માનું છું.


## હાથે તે સાથે

**શ્રી જિનાલયના જિર્ણોદ્ધારમાં આપની લક્ષ્મીનો સદુપયોગ કરો** શ્રી વર્ધમાન તિર્થ (વરમાણ) નામનું અતી પ્રાચીન તિર્થરાજ શ્રી જીરાવલા પાર્શ્વનાથજીથી ત્રણ ગાઉ દૂર મંડાર. આબુરોડના સડક ઉપર પૂ. આચાર્યદેવોના તથા મુનીરાજોની વીહાર ભૂમિમાં આવેલું, હજારો વર્ષથી જિર્ણાતીજીર્ણ બનેલું, આ તિર્થનો પુનઃ જિર્ણોધ્ધાર કરવા સારૂ અનેક આચાર્યો તથા મુનીરાજોના ઉપદેશથી જિર્ણોદ્ધાર વરમાણ મંડાર, રેવદર. મ્ટોણાના શ્રદ્ધાળુ સેવાભાવી સદ્‌ગૃહસ્થોની કમીટીની દેખરેખ નીચે ચાલુ છે જેમાં શીખર તદ્દન નવું હમણાંજ તૈયાર કરાવેલુ છે. બીજા પણ દેરાસરના અનેક ભાગોનો ઉધ્ધાર કરવો અત્યંત જરૂરી છે તેમાં ખર્ચ અઢીથી ત્રણ લાખ તો થવા શકયતા છે કારણ કે દેરાસર ૧૨૦ ફીટ લંબાઇ ૬૫ ફીટની પોહળાઇ લેવાઇ છે તથા મોંઘવારીના લીધે કાર્ય બહુજ મુશ્કેલીથી પૂર્ણ થાય તેમ છે. માટે શ્રી જૈન સંઘને અમારી કમીટીની નમ્ર વીનંતી છે કે આ મંદીરના જિર્ણોદ્ધારના ફાળામાં તથા સાધારણ તથા ધર્મશાળા વગેરેમાં યથાશકિત સહકાર આપી અમારા આ કાર્યને પુષ્ટી આપી અનંત પુણ્ય ઉપાર્જન કરશો.

**નોટ**:—અત્રે મુલનાયક ચરમતીર્થપતિ શ્રમણભગવાન શ્રી મહાવીર સ્વામીની પાંચ ફીટની વીશાળ પ્રતીમા અત્યંત પ્રાચીન છે. જેની ભવ્યતાનો અનુભવ દર્શન સીવાય થઈ શકે નહી તેથી દર્શનનો લાભ લેવા અમારી નમ્ર વીનતી છે.

સર્વીસ આબુરોડથી વરમાણ સવાર સાંજ બે ટાઇમ ચાલે છે.

અમારી ટીપ માટે અમારા મુનીમ સમરથમલ રેવદરવાળા ફરી રહ્યા છે તેમને યથાશકિત દરેક ખાતામાં મદદ આપવા તમામ સંઘને અમારી કમીટીની નમ્ર વિનંતી છે.

**શ્રી વર્ધમાન તીર્થોદ્ધારક જૈન પેઢી** વતી
પ્રમુખ : **શા ઉત્તમચંદ કેસરીમલ ભોગેતરીઆ**
**ઠે. શ્રી મંડાર** (વાયા માઉન્ટ આબુ)

समर्थविद्वद्वर्याचार्यशिरःसमर्चितशासनः स्थूलभद्र इव संनाशितसकलजगन्नाशककामदेवः; समुद्र इव सम्यक्दर्शनज्ञानचारित्रलक्ष्मीप्रसूतिः, जन्मभूः तत्त्वन्यायविभाकरादिग्रन्थानाम्, समुत्पत्तिः संमतिसोपानादिशासनप्रभावकग्रन्थानाम्, उदयशैल आराधकमित्रमंडलानाम्, धौरेयो धर्माराधनसंरक्षणप्रभावनादिकार्यरतधार्मिकाणाम्, अग्रणी न्यायादिषट्दर्शनशास्त्रपाठिनाम्, परास्तैदंयुगीनजाड्यान्धकारः. कृतानेकप्रभुप्रतिष्ठोपधानादिशासनप्रभावनाकार्यो, वर्तमानकालीनशासनप्रभावक आज्ञानिरपेक्ष द्रव्यक्षेत्रकालभावप्रभुत्वप्रतिपादकानां पुरः स्थापितशास्त्रमहत्त्वो लब्धिसूरि र्बभूव ।

आशैशवं पूज्यपादानां क्षयोपशमोऽसाधारण आसीत् । न्यायव्याकरणकाव्यकोशादिशास्त्राध्ययन साधुधर्मग्रहणानन्तरं सम्यक्तया सद्गुरुनिश्रायामेव तेन कृतम् । परमगुरुणा निस्पृहचुडामणिना कमलसूरिवर्येण व्याख्यानवाचस्पतिपदं तस्य वाग्लब्धिं दृष्ट्वा स्ववरदहस्तेन तस्मै दत्तम् । अनुष्ठानादिधर्मकार्यकरण तुंगिकानगरीसदृश्यां छायापुरीनगर्यां स्थापितः तृतीयपदे सूरिनाम्नि तेनैव परमगुरुणा महाडम्बरेणैकाशित्युत्तरैकोनविंशतिशततमे वर्षे प्रभावक एष महापुरुषः ।

स्वसम्यक्दर्शनशुद्धये भव्यजनप्रतिबोधार्थं परमपुरुषप्रणतप्रभुशासनप्रभावनायै च विहृतोयं सूरि र्महाराष्ट्र–सौराष्ट्र–गुर्जरमेवाड मारवाड पंजाबादिदेशेषु । वादिमतगजकेशरी सूरिसम्राड्यं शासनप्रभावक– पूज्यपादाभयदेवसूरिप्रतिष्ठितस्थंभनपार्श्वनाथप्रभावित त्रंबावटीनगरीसमीपवर्तिवटादरानगरे केनचिद् विदुषा पंडितप्रवरेण वेदशास्त्रविषये वादमकार्षीत् । शासनोन्नतिकारिणी भव्यजीवमिथ्यात्वांधकारविध्वंसिनी धृता विजयवरमाला बिजीगीषुणा तेनैव महात्मना ।

पंचविंशतिवर्षपुर्वं राजस्थाने विमानोत्तरणस्थलमधुनीकरम्यस्थानसुशोभिते लक्षाधिकमानव-

### पंन्यासप्रवर : श्री मुक्तिविजयजी गणिवरः

समुद्रविभूषिते योधपुरे नगरे पूज्यपादा द्विनवतियुतैकोनविंशतिशततमे वर्षे वर्षावासं बभूवुः । एकस्मिन् दिने न्यायनिपूणो व्याकरणविशारदः पंडितः कश्चित् तत्र समायातः । सूरिवर्यैः सप्रेम स आहूतः । तेन तत्कालं शास्त्रार्थाय गीर्वाणगिरा कतिपयवाक्यानि गम्भिरप्रश्नपुर्वकानि प्रोक्तानि । सूरिपुरंदरा आहुरधुना भीक्षाजेमनकालोवर्तते । पश्चादद्यैवापराह्णे वयं शास्त्रविषयिणीं न्यायपंचावयववाक्यपुर्विकां चर्चां करिष्यामः । विद्यामदमतांधः सः पण्डित उवाच । अधुनैवाहं शास्त्रार्थं करिष्यामि भवतामिच्छाभवेच्चेत्, नो चेद् गच्छाम्यहम् । तत्कालं पूज्यपादैः स्याद्वादसुधावर्षिणी सप्तनयसप्तभंगीगर्भितानेकान्तवादप्रतिवादिकैकान्त–मतोन्मूलिनी मेघधारासदृशी गीर्वाणवाग्धारा छोटिता । चतुरचेतःचमत्कारकारिणीं स्वमतखण्डिनीं गुरुवाग्धारां श्रुत्वा चकितः पण्डितः पूज्यपादाननमदकथयश्चाहो मयानुचितं कृतं । क्षमयाम्यहं भवतः । पूज्यपादाः किंचित् विहस्य जगुः । भवानपि समर्थः पण्डितः । जयपराजयविचारो मनसि न कर्तव्यः । गुरुवर्याणामिदृशमौदार्यमवलोक्य पूज्यपादगुणान् मनसि धारयन स्वस्थाने सप्रमं जगाम । कीदृशी हृदयविशालता । अद्यापि योधपुरनगरस्थाः शरबतमल्लादिसुश्रावका गुरुगुणान् गायन्तः सन्तः सुप्रसिद्धामेतत्कथां कथयन्ति । पंजाबदेशे मुलताननगरे स्थितानां पूज्यपादानां मांसाहारनिषेधकान्यपुर्वाणि प्रवचनानि बभूवुः । तस्मिन् प्रवचने बह्वो यवना अपि समाययुः । केचिद् यवनाः प्रतिबुद्धाः सन्त आजीवनं मांसाहारं तत्यजुः । केचिद् मांसविक्रेतारो यवनाः क्रुद्धाः सन्तः पूज्यपादानां प्राणनाशायागताः किन्तु पूज्यपादानां प्रसन्नं मुखं दृष्ट्वोपदेशं च श्रुत्वा भक्तिपुर्वकं नेमुः । एतयं व्यतिकरं कथयित्वा गुरुवर्यान् क्षमयित्वा च ते गताः ।

एतद्महापुरुषाणां जीवने वृथा मोहो नासीत्, मरणे च लेशमात्रमपि भयं नासीत् । अत एव प्रणान्तसमयेऽपि नमस्कारमंत्रमननवरतं ते गणयामासुः । अंत समये ते स्वशिष्येभ्यः कथितवन्तः । व्यर्थ क्लेशो न कर्तव्यः । प्राणनाशेऽपि शासनसेवा नमोक्तव्या यतः भव्यजीवतारकं मोहमारकं धाति कर्म दारकमात्मगुणधारकं संसारसागरपारगं दुर्गुणपिशाचधारकं प्रभुशासनं दुर्लभम्, प्राणास्तु भवे भवे ।

पूज्यपादानां चातुर्मासानि यत्र यत्राभूवन् तत्र तत्र धर्मबीजमौप्यत, अनुष्ठानांकुराण्युद्भूतानि, देशविरति पुष्पाणि समुद्गतानि सर्वविरतिफलं च संपन्नम् ।

आत्मगुणघातकपातकशातकानेकगुणविभूषिताः पूज्यपादाः श्रीलब्धिसूरिगुरवः सर्वेषां भव्यजीवानां कल्याणं कुर्वन्तु । उक्त च हीरसौभाग्यमहाकाव्ये

यत् चक्षुषा मातृमुखोऽव्यशेष,
विशेषविल्शेखरतानुसंगी, ।
गुरूं सुराणामधरी करोति
भवन्तु ते श्री गुरवः प्रसन्ना ।

एतादृशाः सूरिवर्याः सप्तदशोत्तरद्विसहस्रतमे वर्षे श्रावणशुक्लपंचम्यां ब्राह्मे मुहूर्ते स्वस्थूलशरीरं त्यक्त्वा दिवं गताः तद्यशोदेहस्तु चिरं स्थास्यति ।

★

# श्रद्धाञ्जलि :

प्रो. श्री घनश्याम जोषी एम. ए.

संसारपारकरणार्थसमर्थसेतो,
स्याद्‌वादकल्पलतिकां भुवि भावयन्तः ।
सर्वाग्रजैनमुनिमंडलकेन्द्रबिन्दो,
'अर्हत्'स्मरत्स्थगितप्राणप्रसारमात्र ॥ १ ॥

जैनार्ककोटिकिरणैः विनिवृत्तराग
मित्रं खलु स्वजनवत् हितयोजकस्त्वम् ।
सत्याय धर्मकरणाय प्रबुध्यचेता :
हे तात तात गुरुवर्य गतोऽसि कुत्र ॥ २ ॥

मोहारिदर्पदलनान्तरसुस्थचेता :
कंदर्पकार्यमथितान्तरलब्धसंज्ञ ।
क्रोधाग्निनष्टरचितांगविरक्तिरेख
हे तात तात गुरुवर्य गतोऽसि कुत्र ॥ ३ ॥

धन्योऽसि तात तव देहविलोपकाले
सास्राणि लक्षनयनानि विलापयन्ति ।
धन्योऽसि तात तव जन्मसुचारूकाले
सास्राणि मोहमहिम्नातुरमोहनानि ॥ ४ ॥

धन्योऽसि तात तव बोधविबोधकाले
हिंसार्तिभीतिसुविमुक्तप्रसन्नजीवाः ।
धन्योऽसि तात तव जीवविलीनकाले
भक्तौ स्मृतं निशिदिवं 'अरिहन्तनाम' ॥ ५ ॥

शास्त्रार्थगूढनवनीतरहस्यदोग्धः
गीर्वाणगीर्विरचितायमहाप्रबन्ध ।
वक्तर ! कवीश ! नरसिंह ! मुनींद्र ! देव !
वन्दे सहस्रमथवा प्रणमामि भूयः ॥ ६ ॥

धन्योऽसि आत्मकमलस्य विरक्तिरेणुम्
स्वादन रवन् भ्रमसि मंत्रनृपं च नाके ।
धन्योऽसि शिष्यमणिमौलिविराजमान
मार्तंडराट विजयलब्धिकवीश्वरेश ॥ ७ ॥

यत्रासि तात भवभूरिभीयापहन्ता ।
तत्रैव शुध्यमनसा प्रणमामि भूयः ॥ ८ ॥

# समर्थग्रन्थकार सूरिदेवाः

महान् प्रमोदावसरो मादृशां यदिदानीन्तनेऽपि करालकलिप्रभावविडम्बितेऽनेहसि सकलदर्शनाध्ययनाध्यापनचातुरीचञ्चिता अनुपमप्रतिभानिरस्त कतिपयाविद्वद्धृदयान्धतमसाः कर्कशतर्कविमर्शशालिशेमुषीजुषोऽपि सरसगम्भीरकाव्यनिर्माणकौशलसमञ्चिताः परमोपकारचिन्तनैकचित्ता जिनवचनाऽऽलोकविकासप्रयाससम्भास्वरा मधुरनिष्पक्षपातवचनजातबोधितसमुपस्थितकुतर्कवदिनो जैनाचार्यकुलकमलदिवाकरा जैनरत्न-व्याख्यान वाचस्पति-कविकुलकिरीट-सूरिसार्वभौम-श्रीमद्विजयलब्धिसूरीश्वरमहाशयाः प्रथितयशसः प्रोल्लसन्तीति ।

एतेषां विमलोदारचरितानां विशदपरिश्रमपरिणतफलानि जिनशासनानुरागप्रकाशनपराणि 'सम्मतितत्त्वसोपानप्रभृतीनि कतिपयानि विदुषां पुरतःसमुपतिष्ठन्त एव ।

अहमपि पुरा जिनशासनप्रचारणसंलग्नमानसानां यतिप्रवराणामन्तिके जिनदर्शनाध्यापनकर्म्येभारव्यग्रमना आसम् ।

तदानीं तर्कपञ्चाननश्रीमदभयदेवसूरिविरचितटीकाप्रोद्भासितस्य तर्कशिरोमणि श्रीसिद्धसेनदिवाकरप्रणीतस्य लघुकलेवरत्वेऽपिटीकया बृहत्कलेवरस्य सम्मतितर्कग्रन्थस्य पञ्चभागात्मकतया प्रकाशमानस्य बृहतीमाकृतिं बहुसमयसाध्याध्ययनाऽध्यापनकौशलं परितः समीक्ष्यैतस्य संक्षेपेण सर्वमपि सारं समभ्यस्य कञ्चन नूतननिबन्धनात्मकग्रन्थं विरचय्य तत्प्रकाशनस्यावश्यकतामुरीकुर्वाणस्तथा चिन्तयमानश्चासम् ।

किन्तु मदीयमानसचिन्तां प्रत्यक्षीकृत्येव इमे सूरिवर्याः मदीयसंकल्पानुरूपं सम्मतितत्त्वसोपानं विनिर्माय त्वरया बहुव्ययेनापि प्रकाश्य च सकलविद्वज्जनमनांसि समतूतुषन्नेव ।

ऐतेषां महाशयानामहोग्रन्थविलिखन शैली कियती सुन्दरी चकास्ति, यतो गम्भीरविषयोट्टङ्कने आलस्यमनाश्रयन्तोऽपि सुस्पष्ट सरल प्रसादगुणगरिममहिमशब्दकदम्बकेनैवाचार्याभिप्रायंस्वाशयं च स्वनिबन्धात्मक ग्रन्थे दर्पणकल्पे समुट्टङ्कयन्ति ।

अहं तु विश्वसिमि यदेतत्सम्मतितत्त्वसोपानं सटीकसम्मतितर्कस्य संक्षेपात्मकप्रबन्धं प्रागधीत्य निष्पक्षपातेन समेऽपि जैनसाधवोऽन्येचापि जैनदर्शनाध्ययनाध्यापनव्यग्रमनसो विद्वांसो बृहत्कलेवरकसम्मतितर्काध्ययनाध्यापन प्रावीण्यमन्वेयुरिति, यतः संक्षेपतः कस्यापि ग्रन्थस्य निबन्धः प्रागधीयते तदा तद्ग्रन्थविषय गाम्भीर्यस्य भूयिष्ठत्वेऽपि तत्सौकर्यं सञ्जायत एव ।

आशासेचेमे महाशया एतेषां शिष्यपरम्परा वाऽवश्यं सटीकसम्मतितर्कप्रकरणस्य विवृात विनिर्माय प्रकाश्यच लोकान् उपाकरिष्यस्तदाऽथापि सकलजैनदर्शनाध्ययनाध्यापनानुरागभाजो गृहस्था विद्वांसः साधवश्चैतदीय परमोपकारं निधारयन्तोऽद्यापि चिरमृणिनोऽभविष्यन्, यतः प्रस्तुतग्रन्थस्य तृतीयगाथाया अशुद्धेरिदानीमपि कोविदंमन्यैर्विद्वद्भिरनुद्धरणात् ।

एतेषां महानुभावानाञ्चोत्तरोत्तरामिनवां कृतिं समीक्ष्याथापि परःशतान् एव धन्यवादान् समुपहारिकुर्वन् निजमनोऽभिलाषं धारयामि, यतो 'द्वादशारनयचक्र'स्य तार्किकचूडामणि श्री मल्लवादि क्षमाश्रमणविरचितस्य सिंहसूरगणिवादि क्षमाश्रमणविरचितन्यायागमानुसारिणीसमुपबृंहितस्याध्ययनाध्यापन ह्रासमासादय शुद्धकलेवरतयाऽपि क्वापि पुस्तकालये लब्धुमशक्यस्य कियताऽऽयासेन निजप्रतिमाबलेन सर्वमपि सन्दिग्धाशुद्धपाठं गुर्वाज्ञया निजपाण्डित्यसदुपयोगाकाङ्क्षया वा संशोध्य समुचितपाठं च संयोज्य भावपूर्णविवृत्या स्वनि-

*मितया सनाथीकृत्य च सम्प्रकाश्याथापि परम-* धन्यवादास्पदमुपगताः सन्ति ।

कामये चैतद्ग्रन्थस्य सर्वमपि भागं शनैः शनैः स्वविवृत्त्या सनाथीकृत्येमे महानुभावाः जिन शासनानुरागं सवर्धयेयुरिति ।

'न्यायागमानुसारिणी'समुपबृंहित'द्वादशारनय-चक्र'विषयप्रशंसाभिधानस्य परमावश्यकता न तथा मुखरयति, यतो विधिविधिविध्यादिद्वादशारतया गृहीतयथार्थनामधेयत्वात्प्रकाशकमहाशयभूमिकात-श्च तद्विषयमाहात्म्यप्रकाशनात् ।

एतेषां महाशयानामपरापरग्रन्थविरचन प्रकाश-नादिकार्यमपिपरंश्लाघनीयमवशिष्यत एव ।

एतेषां शिष्यमणिगणशिरोमणि-तार्किकप्रवर-व्याख्यानवाचस्पति-श्रीमद्विजयलक्ष्मणसूरिमहा-शयस्य परमोदारस्वभावं तथा शास्त्रानुरागं जिन-शासनसत्प्रचारकार्यचातुर्यमालक्ष्य स्थालीपुलाक-न्यायेनैतेषां शिष्यपरम्पराऽपिसर्वागुरुप्रसादलब्धा-नुपमपाण्डित्यशालिन्येव समुद्भातीति मन्ये ।

*अथः-*

'किन्तेन हेमगिरिणा रजताद्रिणा वा,
*यत्राश्रितास्तु तरवस्तरवस्त एव ।*
मन्यामहे मलयमेव यदा श्रयेण
शाखोटनिम्बकुटजा अपि चन्दनानि'

इति पद्यं स्मारंस्मारं निश्चित निजप्रतिभापाण्डित्य-*श्रमविहितसकलयोग्यशिष्योपशिष्यमण्डलानामनव-*रतजिनशासनप्रचारणकार्यधौरेयाणां संस्कृतहिन्दी-गुर्जरीभाषाविलिखितानेकपुस्तकानां सरलस्वभाव-परममधुरीमद्भाषणवशीकृतजनसन्दोहस्वान्तानां दिग-न्तविश्रुतयशसां कारुण्यवैराग्यमूर्त्तिमतां परः सहस्रानेव धन्यवादानुपहरन् विरमामीति ।

निवेदकाः-

प्रधानाध्यापक-पण्डितश्रीशोभाकान्तशर्माणः
व्याकरणन्यायवेदान्ताचार्य-तर्कवेदान्ततीर्थाः
लब्धवेदान्ताचार्यतर्कतीर्थस्वर्णपदकाश्च
श्रीकाशीविश्वेश्वराध्यात्मिक. संस्कृतमहाविद्यालय
संन्यासाश्रम, बिलेपारला, बम्बई.

---


યાદ કર્તા રહેજો.

## ★ શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થાને ★

આ સંસ્થા. સ્વ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીના પૂજ્ય ગુરુશ્રી આચાર્યદેવ શ્રીમદ વિજયકમળસૂરિશ્વરજી મહારાજના સદ્ ઉપદેશથી સંવત ૧૯૭૫ ની સાલમાં સ્થાપન થયેલ છે. ત્યારથી હાલ સુધી સંસ્થાનો એકધારો વહીવટ ચાલુજ છે.

પૂજ્ય ગુરુશ્રીઓના પ્રતિક રૂપે ચાલતી આ સંસ્થામાં હાલ નાના મોટા ચારસો જીવોની સંખ્યા છે, હાલની ભીષણ મોંઘવારીમાં સંસ્થાના બહોળા ખર્ચને પહોંચી વળવું બહુજ મુશ્કેલ બને છે.

પ્રત્યેક વરસે સ્વ. પૂ આ. શ્રી વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજ સાહેબ તથા સમસ્ત સિષ્ય પરિવાર તરફથી યથા યોગ્ય દાન પૂણ્યનો પ્રવાહ ચાલુજ રહેલો છે અને રહેશે સંસ્થાની યોગ્ય વ્યવસ્થા અને ખ્યાતી ઉપરાંત સુભા-સુભતા પૂજ્ય ગુરુ દેવોની જીવન જ્યોત રૂપે પ્રકાશિત છે.

પૂજ્ય ગુરૂશ્રીની પુણ્ય સ્મૃત્તિ નિમિત્તે યથા યોગ્ય દાન મુંગા જીવો માટે મોકલાવી પુણ્ય પ્રાપ્ત કરવા સમસ્ત જૈન સમાજને અમારી નમ્ર ભાવે વિનંતિ છે. એજ

ઠે. જુની બજાર, ઈડર. | લી०
જી. સાબરકાંઠા એ. પી. રેલ્વે. | શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થા

# हृदयवेदना।

पण्डितप्रवर श्री नारायणाचार्य न्यायाचार्यः।

सुविदितमेतत्तावत् वैश्वजनीनानां दर्शनवृन्दानां भगवत्तीर्थकरमुखकमलविनिःसृतमार्हतं दर्शनं परमेश्वरायमाणं विश्वकल्याणैकसाधनमनवद्यं समुज्जृम्भत इति। तत्प्रचारकेष्वपि साम्प्रतकालीनेषु मुनिवरनिकरेषु श्रीमत्तपोगच्छाधिनायकः कविकुलकिरीटो व्याख्यानवाचस्पतिः आचार्य श्रीमत्कमलसूरीश्वरान्तेवासी आचार्यदेवः श्रीमद्विजयलब्धिसूरीश्वरो महामनाः परांकोटिमधिरूढ इत्यपि सर्वजनवेद्यमेव। यस्य हि ज्ञानं दर्शनं चारित्रयचैतत्त्रयमपि समुचिताश्रयलाभेन स्वर्णाभरणेषुरत्नमिव शोभमानं संवर्धते। सोऽयं सर्वेषां प्राणिनां सदासंसेव्य आसीत्। यस्य किमपि कर्म सर्वेषां प्राणिनां हितायैव, कामना चिन्तनञ्च निखिलानां जीवगणानां सुखायैव, शरीरं दुर्बलमपि हृदयमन्तःकरणञ्च सुविशालं भेदभावरहितं कृपारसमयञ्च, आबालब्रह्मचारी भगवदर्हच्चरणाम्भोजचञ्चरीकः सर्वतोऽहिंसाधर्मपरिपालकः कथं न निखिलानां माननीयो भवेत्?, यस्य च वैदुष्यं निखिलदर्शनेषु निरर्गलं प्रसरति, प्रभवति प्रखरवादिसन्दोह समुत्थापित कुमतातङ्क विध्वंसनाय, प्रवहति चासंख्य सामाजिक समलङ्कृतसमितिभूमिषु निरर्गलं विकिरद्धर्मकर्मादि हितसुधाबिन्दुनिकर परिभूषित व्याख्यानतरङ्गिणीरूपतया, प्रकाशते च निजनिर्मितेषु सङ्कलि षु च तत्त्वन्यायविभाकर सम्मतितत्त्वसोपानप्रभृतिषू ग्रन्थेषु। यस्य प्रशान्ता सुप्रसन्नाचमूर्तिः, दर्शनमात्रणैतस्याः प्रबलविरोधिनामपि स्वदर्शनानां परदर्शनानां वा मूर्द्धानो झटिति अवनताश्चरणकमलतलस्पर्शिनो भवन्ति स्म। अनवरतं शास्त्रचिन्तनव्यासक्तमनाः प्रबलतररुगर्दिततनुरपि प्रत्यहमुत्तराध्ययनादि सूत्र मुखस्थीकरण प्रवणः, दैनंदिनसाहजिक निजहृदयोल्लासिवैराग्यादि भावानां सरलसारवत्पदकदम्बैः श्लोकरूपतया कवननिरतः मृत्युशय्यामधिशयानो वातकफादि विकारैः प्रबलतयाऽऽक्रान्तोऽपि कायेन वाचा मनसा वा दैन्यमभजमानः शिष्यगणश्रावितनमस्कारमंत्रश्रवण भगवद्दिव्यगुणानुचिन्तन दत्त दृष्टिः अन्तकालंयावद्भगवदर्हन्नामग्रहण प्रवणः, प्रशान्तवर्चोस्विमुखारविन्दः श्रीमान् विजयलब्धिसूरिचक्रवर्त्ती यदस्मान् विहाय परमंलोकमगच्छत् त्यागस्स एवास्माकं मनांसिधूनयति। यद्वयमीदृश महनीय पुरुषसपर्यावञ्चिता निराधारा अभवाम। अहो दौर्भाग्यं तावदस्माकम् यदेवंविध पुरुषरत्न दर्शन वन्दन परिचर्या वञ्चिता अभवाम।

आन्ध्रप्रदेशे अनन्तपुरनगरे वास्तव्योऽहं काश्यां विहितन्यायादिदर्शनाध्ययनः मुनिश्री लक्ष्मणविजयानां (सम्प्रति आचार्य लक्ष्मणसूरीश्वराणां) मुनिश्री विक्रमविजयानां (पंन्यास विक्रमविजयानां) मुनिश्री कीर्तिविजयानां (पंन्यास कीर्तिविजयानां) अन्येषाञ्चमुनीनां शिष्यप्रशिष्याणां दर्शनादि शास्त्राध्ययनायाचार्यवर्यैराहूतो महदर्थ लाभाभावेऽपि अलौकिक चरितानामेषामाचार्याणां सेवैव महान् लाभो वास्तविक इति मन्वान आत्रिंशद्वर्षमेषां निकट एव वसन्नस्मि। परमत्रान्तरे कदापि कथमपि महर्षेरस्य क्रोधोदयो लोभोऽसत्यावाणीवा मया नावलोकिता। सदा सुप्रसन्नः प्रशान्तात्मा दिव्यगुणालङ्कारः ज्ञानध्यानैकनिरतोऽप्रमत्तो नैष्ठिक ब्रह्मचारी कृपापारावारः शासनशासनमनुवर्तमानोऽवर्त्तत। नमो भवतु सहस्रश एवंविधेभ्यो महात्मभ्य इति शून्यहृदयो विरमामि.

भवदीयः—

नारायणाचार्यः न्यायाचार्यः

# सद्गुरु स्तवनाष्टकम्।

पू. साध्वीजी श्री जयाश्रीजी
(साध्वीजी मङ्गलश्रीजी प्रशिष्यारत्ना)

तत्त्वातत्त्वविचारसारकलितां पीयूषसंवर्षिणी,
वाणीं यस्य सदा जनोऽभिलषते प्राप्नोति शैत्यं यतः।
वादिप्रोन्मदकुम्भांश्च तरितुं स्याद्वादसंस्थापकं,
पूज्यं तं प्रणमामि पावनकरं श्री लब्धिसूरीश्वरम् ॥१॥

यज्ज्ञानं तु जिनेन्द्रवाग्विरचनं शीघ्रं च देदीप्यते,
अज्ञानात्मतमोभराद्‌वति यः सूर्यातिशायिप्रभः।
जैनेन्द्रस्तवनादिकं रचयितुं योमूर्जवाचस्पतिः,
पूज्यं तं प्रभजे प्रभावकवरं श्री लब्धिसूरीश्वरम् ॥२॥

दृष्टि र्यस्य कृपामयी त्रिभुवने वात्सल्यपूर्णा शुभा,
यन्नामस्मरणेन मङ्गलततिः शान्तिर्जने व्याप्यते।
यश्चारित्रगुणे निमग्नमनसा साध्नोतिरत्नत्रयीं,
तं वन्दे कविरत्नमाशुसुखदं व्याख्यानवाचस्पतिम् ॥३॥

आत्मानन्दविकासनैकनिपुणः स्वाध्यायलीनश्चयः,
अर्हच्छासनधूर्वहः शुचियशाः सम्यक्त्वबीजं तथा।
हृद्‌भूम्यां भविनां तु येन सततं प्रोप्तं महामोदतः,
सूरेर्लब्धिगुरोश्च तस्य विधिवद् वन्देकमाब्जद्वयम् ॥४॥

यत्सौम्याकृतिदर्शनं सुभविनामाह्लादकं भासुरं,
क्षान्तिर्यस्यवरा च पुण्यमतुलं चित्रं विशिष्टा दया।
संसारानलदाहनाशनविधौ यो वारिदो नूतनः,
सूरेर्लब्धिगुरो श्च तस्य विरहे चित्तं परं मुह्यते ॥५॥

सिद्धान्तेऽविचलः परार्थरसिकस्तेजस्विनामग्रिमः,
यो नेतुः कमलाभिधस्य सुगुरोः पट्टाम्बरे भास्करः।
प्रत्यूहान् प्रविजित्य शासनमतिस्वीर्थोन्नतिंयोऽकरोत्,
सूरिर्लब्धिगुरोश्चतस्यविरहे शून्यंजगद्‌दृश्यते ॥६॥

मैत्रीभावमणिश्च यस्य विमलो विश्वातिशायीक्ष्यते,
दृष्ट्वा यं जनता प्रमोदलसितं चित्रीयते सर्वदा।
कीर्तिर्यस्य मनोहरा त्रिभुवनं व्याप्ता शशाङ्कोत्तरा,
सूरेर्लब्धिगुरोश्च तस्य विरहे विश्वं तु विच्छायते ॥७॥

यत्पादौ प्रणमन्ति सर्वविबुधा देवैर्यशो गीयते,
ध्याधौ यस्य समाधिमग्नमनसः कामद्वाराधना।
स्तोतुं यस्य गुणान्प्रभुर्नमघवा शक्नोम्यहंतान् कथम्,
सूरिर्लब्धिगुरुः कृपाजलनिधि र्दद्यात्स रत्नत्रयीम् ॥८॥

⊙

# श्रध्धाञ्जलि श्लोकाष्टकम्।

पंन्यास प्रवर श्री भद्रङ्करविजय गणिवर
(आ. श्री विजयभुवनतिलकसूरिवरान्तेवासी)

लब्धिर्लब्धिवरो नृणां सुखकरो लब्धिं भजे भावतः
संवृद्धं किललब्धिना जिनमतं नित्यं नमो लब्धये।
लब्धे र्लोकहितं प्रभूतमभवत्, लब्धेर्यशः सर्वगम्
लब्धौ सूरिवरातिशेषकगुणाः,
लब्धे ! विधेहि प्रियम् ॥१॥

मेरुर्धैर्यधनेन सौम्यगुणतश्चन्द्रः प्रतापाद्रविः,
सिंहः शूरतया चनिर्भयतया पृथ्वी तितिक्षांशतः।
दीपः सत्पथदीपनात्स्वरसतो निर्लेपता पङ्कजम्,
व्याख्यावाक्पति लब्धिसूरिभगवान्,
पायादपायाद्धिमाम् ॥२॥

विद्वन्मण्डलमण्डितोऽथ विदुषां मध्येसभं देशकः,
व्याख्यानं विदधत्सुरम्यगिरया भव्याङ्गिनां तारकः।
वादे लब्धजयोऽपि वादिविषये वात्सल्यसंग्राहकः,
सूरिर्लब्धिमुनीश्वरो विजयतां वादीन्द्र चूडामणिः ॥३॥

कुन्देन्दूज्ज्वलकीर्तिमान् सुमतिमान्
सत्कर्मसंस्फूर्तिमान्,
श्रीमान् नैष्ठिकशीलशालितिलको
दिव्यप्रभा भास्वरः।
स्फूर्जत्काव्यविनिर्मितेः कविकुलेख्यातः किरीटात्मना,
सर्वेषांवितनोतु मङ्गलवरं श्री लब्धिसूरीश्वरः ॥४॥

तत्त्वन्यायविभाकरप्रभृतिसद्ग्रन्थैकगुम्फे प्रभुम्,
अर्हच्छासनसम्प्रचारकरणे नित्योद्यतं संयतम्।
भावाध्यात्मसत्रं जिनस्मृतिमयं श्रद्धाक्रियाचिन्मयम्,
वन्दे पण्डितवन्दिताङ्घ्रियुगलं
श्री लब्धिसूरीश्वरम् ॥५॥

गम्भीरं गुणलक्ष्मणं गणिपतिं कामं जयन्तं सदा,
सत्कीर्तिं भुवने नवीन कवितागुम्फे प्रवीणं मुदा।
श्रीपूज्यं महिमाञ्चितं जिनपतेः श्री पादपद्मार्चकम्,
श्री भद्रङ्करविक्रमेण ललितं श्री लब्धिसूरिंस्तुवे॥६॥

चरमचतुर्मासान्त-
मुम्बइनगरे लालबागमध्ये।
मुनिविधुगगना क्षियुते,
विक्रमवर्षे समाधिस्थः॥७॥

श्रावणसितपञ्चम्यां,
स्वर्गतोऽरिहंतेति स्मरन् यश्च।
तं विजयलब्धिसूरिं
प्रणमामि प्राञ्जलिः प्रयतः॥८॥

आर्यागाथायुग्मम्।


અનેકમાં એક,
સ્વર્ગસ્થ મહાનવિભુતિ પૂજ્ય
આચાર્ય પ્રવર શ્રીમદ્ વિજય
લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સા. ને
ભાવે ભાવે વંદના !

: પ્રાર્થીક :

**રતિલાલ હ. શાહ**

"કલ્યાણ" પ્રચારક ઓન. એજન્ટ
ડોકટરની ચાલ, આરે રોડ,
ગોરેગાંવ, વેસ્ટ–મુંબઇ–૬૨

પૂ. શાસનસ્થંભ કવિકુલકીરિટ
સૂરિસાર્વભૌમ વ્યાખ્યાનવાચસ્પતિ
પરમોપકારી આચાર્યદેવ
શ્રીમદ્ વિજય
લબ્ધિસૂરિશ્વરજી
મહારાજને
અમારાં
કોટિ–કોટિ વંદના !

શુદ્ધ, સ્વચ્છ, આકર્ષક તથા મનોહર
**છાપકામ** માટે
અન્ય કોઇપણ સ્થળે જતાં પહેલાં અમને પૂછો !
ગુજરાતી * સંસ્કૃત * ઈંગ્લીશ
તમામ પ્રકારનું—તેમાંયે
જૈન સાહિત્ય અંગેનું દરેક
**છાપકામ**
સસ્તું અને સુઘડ કરાવવા માટે
—: વિશ્વાસપાત્ર સ્થળ :—



**શ્રી જશવંતસિંહજી પ્રી. વર્કસ**
ઠે. શીયાણી પોળ : વઢવાણ શહેર : સૌરાષ્ટ્ર

## આપણા માર્ગદર્શક સૂરિદેવશ્રી

### પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ.

પૂ. પાદ કવિકુલકિરીટ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના આપણા પર અપાર ઉપકારો છે. તેઓશ્રીનું વ્યકિતત્વ કોઇ અદ્દભુત તથા અનન્ય હતું. પૂ. પાદ સ્વ. પરમગુરૂદેવશ્રીને શ્રદ્ધાંજલિ આપવાને મુંબઈ–ગોડીજીના જૈન ઉપાશ્રયમાં તા. ૨૦–૮–૬૧ ના એક વિરાટ સભા મળી હતી. જેમાં માનવોનો મહાસાગર પૂ. પાદશ્રીને શ્રદ્ધાંજલિ આપવા ઉમટયો હતો. તે પ્રસંગે અનેક વકતાઓએ તથા ગુણાનુરાગી ગુરૂભકતોએ પોતાનાં હૃદયના અદ્વિતીય ભકિતભાવને પ્રદર્શિત કરેલ, તે પ્રસંગે કેટલાક વકતાઓએ જૈન સમાજની એકતા માટે પણ ભાર મૂકેલ. પૂ. પદ સ્વ. પરમગુરૂદેવના પ્રથમ પટ્ટધર શાસનપ્રભાવક પૂ. પાદ આચાર્યદેવે ત્યારબાદ પોતાના પરમગુરૂદેવશ્રીને ભકિતભાવભર્યા હૈયે જે શ્રદ્ધાંજલિ ટુંકમાં સદ્દભાવપૂર્વક સમર્પિત કરેલી ને એકતાને અંગે જે મનનીય પ્રવચન આપેલ તેનો ટુંક સાર અહિં રજૂ થાય છે.

'આજે પૂ. શ્રીને શ્રદ્ધાંજલી આપવાના જે શુભ પ્રયત્નો થયા છે તે પ્રશંસનીય છે. પૂ. શ્રીના શિષ્ય તરીકે તેમના પરિચયમાં ૪૮ વર્ષ સુધી ઘનિષ્ટ રીતે હું સંકળાયેલ છું. પૂ. શ્રીના એટલા બધા ગુણો છે કે એમના ગુણો વર્ણ-વવા બેસું તો દિવસોના દિવસો, વર્ષોના વર્ષ નીકળી જાય ૪૮ વર્ષના છેવટ ૪૮ દિવસ ગણું અને ૪૮ કલાક અને ૪૮ મીનીટ ગણું તો પણ સમયનો અભ વ છે. એમાં શુ કહુ ? પૂ શ્રીના પ્રસાદિક કૃતિઓ દ્વાદશારનયચક્ર, તત્ત્વન્યાય-વિભાકર, વૈરાગ્યરસમજરી, સંમતિ તત્ત્વ સોપાન, વ. જોતાં હૃદય થનગની ઉઠે છે પૂજ્ય શ્રીની શીઘ્ર કવિત્વની શક્તિ તો અવર્ણનીય હતી.

પૂ શ્રીએ મુલતાન વિસ્તારમાં એટલી જોરદાર રીતે, અહિંસાનો પ્રચાર કર્યો હતો કે જેના કારણે એક એક સભામાં ૫૦૦–૫૦૦ માણસો માંસાહારનો ત્યાગ કરીને શુદ્ધ શાકા-હારી બની ગયા હતા. શારીરિક અસામાધિમાં પણ પૂ શ્રીની અંતરની પરમ સમાધિ આપ-ણને માર્ગદર્શન આપી જાય છે. પૂ શ્રી તો પંડિત મરણને પામી ગયા, ને આપણે સૌએ એ માટે પ્રયત્ન કરવો રહ્યો

જે ભાઇઓએ એકતાની વાતો કરી છે એ સંબંધમાં જણાવવાનું કે સંઘમાં એકતા નથી, એકતા નથી કરીને સંઘને બદનામ ન કરો. સાથે બેસો છો. સાથે ઉઠો છો, સાથે ખાવ છો; સાથે પીવો છો, મતભેદો છે હકિકત છે, તો તેના નિવારણાર્થે સક્રિય કાર્ય કરો, પ્લેટફોર્મ મળે એટલે આવી વાતો ન કરો. પણ મૂંગા મોઢે કાર્ય કરીને બતાવો. અમારે એકતા જોઈએ છે. મારૂં તારૂં મમત છોડી દો, સિધ્ધાંતને, શાસ્ત્રને વચમાં રાખીને નિર્ણય કરો જે તેમાંથી નાકળે તે સાચું બાકી બધું છોડી દો, " સંઘના કામ માટે તમારા ધધા છોડીને એકચિત્ત થઇને મંડી પડો તો એકતા હમણાં ટૂંક સમયમાં આવી જશે. બાકી બણગા ફૂંકવાથી તો વાતા-વરણ બગડશે. જ્યાં સાધુ ભગવંતોનો ઉપયોગ કરવા જેવો હોય ત્યાં તેમનો કરો ને જ્યાં શ્રાવકોનો કરવા જેવો હોય ત્યાં તેમનો કરો. સહુ પોતપોતાની ખામી દૂર કરો. કોઇ કોઇનામાં માથું ન મારો."

આપણા ૨૫ લાખ જૈનો જો એકત્ર થાય તો તે ૨૫ કરોડ કરતાં પણ વધારે છે. ફરીથી કહું છું કે સિદ્ધાંતને વચમાં રાખીને જે નિર્ણય કરવામાં આવશે તે અમને સર્વથા માન્ય છે. તે જાતના નિર્ણય માટે બધા જ પ્રયત્નો કરી છૂટવા જોઈએ. સિદ્ધાંત તો આપણા માર્ગદર્શક છે એમને છોડીને કાંઇ ન થાય.

KALYAN Regd. No. G. 128

# શ્રદ્ધાંજલિ



જેઓશ્રીએ જૈન-જૈનેતર જગત પર મહાન ઉપકાર કર્યો છે, લોકભોગ્ય અને વિદ્વદ્-ભોગ્ય અનેક ગ્રંથ રત્નોની મહાન ભેટ આપી છે, તથા પૂ. શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્-વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ. તથા પૂ. કવિરત્ન આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ. જેવા સમર્થ ધર્મપ્રચારક તથા તપસ્વી, કવિ, લેખક, શતાવધાની, સાહિત્યપ્રેમી અને વિદ્વાન શિષ્યોનો વારસો મૂકતા ગયા છે.

તે પરમશાસનપ્રભાવક બહુશ્રુત પ્રાતઃ-સ્મરણીય પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય

**લબ્ધિસૂરીશ્વરજી મહારાજને....**

અમારી કોટિશઃ વંદના

—: સેવકો :—

**બિપિનચંદ્ર**

તથા

**સતીશચંદ્ર**

કે. કાંતિલાલ મગનલાલ ઝવેરી

ઝવેરી બજાર * મુંબઇ-૨

સંપાદક : કીરચંદ જગજીવન શેઠ : મુદ્રક અને પ્રકાશક : પ્રવીણચંદ્ર શાંતિલાલ દેસાઇ : મુદ્રણસ્થાન શ્રી જશવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.